॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૭ અંક : ૧ □ શ્રી વલ્લભાબ્દ ૫૨૦ □ એપ્રિલ ૧૯૯૮

વચનસુધા

"આપ સેવા કરી શિખવે શ્રી હરિ" આ શ્રી ગોપાળદાસના આખ્યાનમાં આરાધનાના અન્યોન્ય સંબંધ સ્પષ્ટ તરી આવે છે. આવી આરાધના જાહેર નથી. એક સીમામાં તેની ગરિમા અને ગૌરવ જળવાઈ શકે છે.

ઘરની દરેક વ્યક્તિ અને પરિવાર તેમજ શિષ્ય અને ગુરૂ સહુમળીને એક સમર્પિત સમાજના અંગ બની સ્વધર્મનું સેવન કરે તેવી ઉચ્ચ કક્ષાની વિદ્યાને શ્રી પ્રભુચરણે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતના આધારે રચનાત્મક સ્વરૂપ આપ્યું હતુ. મનોરથોનો મેળાવળો નહોતો પણ તે અકિંચન જનની ભેંસ વેચીને પ્રભુના સુખ માટે સમ્પદાનું સમર્પણ હતું. આમ આ મઠ કે દેવાલયની પરમ્પરા હતી જ નહી. આજે તો આવી સેવા વિધિને ટકાવવા માટે રોજમેળ તૈયાર કરવો પડે છે. અને તે અંગે અર્થ ઉપાર્જનની વિધિ શોધવી પડે છે. તે આચાર્યશ્રીને અભિમત નહોતું.

નિ.લી.ગો. શ્રી રણછોડલાલજી મહારાજ શ્રી પ્રથમેશજીના વચનામૃત પ્રથમેશવાક્સુધાઃ પૃષ્ઠ ૧૯૮

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠ્ઠન દ્રઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

ચૈત્ર સુદ ૧૨ તા. ૮–૪–૯૮ બુધવાર :– ગો.શ્રી શરદલાલજી (ચાંપાનેસી)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૧૦–૪–૯૮ શુક્રવાર :– ગો.શ્રી પુરૂષોત્તમબાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૧૧–૪–૯૮ શનિવાર :– ચૈત્રી પુનમ, વૈશાખ સ્નાનારંભ, ગો.શ્રી રઘુનાથલાલજી(કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૨ તા. ૧૪–૪–૯૮ મંગળવાર :– મેષ સંક્રાંતિ પૂણ્યકાલ સૂર્યોદય ૭–૧૩ થી ૧૨–૨૫ સુધી શ્રી પ્રભુને આજે સતુવા ધરવા. મંગલામાં અથવા શૃંગારમાં કે રાજભોગમાં. સેવાથી પહોંચી મધ્યાહન ૧૨–૨૫ સુધીમાં પુણ્યકાલમાં દાન પુણ્યાદિ કરવા. હરિદ્વાર–કુંભ પર્વ પર મુખ્ય શાહી સ્નાન આજે.

ચૈત્ર વદ ૪ તા. ૧૬–૪–૯૮ ગુરૂવાર :– ગો.શ્રી યોગેશકુમારજી (કાંદીવલી) તથા ગો.શ્રી યશોદાનંદનજી (બોરીવલી) નો જન્મદિન.

ચૈત્ર વદ ૬ તા. ૧૮–૪–૯૮ શનિવાર :– પ્રથમેશ ગો.શ્રી લાલમણીજી મહારાજ (કોટા–જતીપુરા–મુંબઈ) તથા ગો.શ્રી શિશિરકુમારજી મહારાજ (કાંકરોલી–વડોદરા) નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૧૯–૪–૯૮ રવિવાર :– શ્રીવિઠ્ઠલનાથપ્રભુ (નાથદ્વારા) નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૨૩–૪–૯૮ ગુરૂવાર :– વરુથિની એકાદશી વ્રત..જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજીનો પ્રાકટય મહોત્સવ. શ્રી વલ્લભાબ્દ–૫૨૧ આરંભ. ગો.શ્રીવ્રજપ્રિયજી મહારાજ (બોરીવલી) નો જન્મદિન અને દ્વાદશીનો ક્ષય હોવાથી ગો.શ્રીવલ્લભલાલજી (કડી–અમદાવાદ) નો જન્મદિન આજે.

ચૈત્ર વદ ૩૦ તા. ૨૬–૪–૯૮ રવિવાર :– દર્શ અમાવસ્યા. હરિદ્વાર કુંભમેળામાં આજે પર્વસ્નાન.

વૈશાખ સુદ ૩ તા. ૨૯–૪–૯૮ બુધવાર :– અક્ષય તૃતીયા, ચંદનયાત્રા, ત્રેતાયુગાદિ, જલ કુંભદાન. શ્રીપ્રભુને આજથી શીતોપચાર કરવા. ગો.શ્રી અક્ષયકુમારજી (પોરબંદર)નો જન્મદિન. શ્રી પરશુરામ જયંતિ, અષ્ટસખા પૈકી ભક્ત કવિ કૃષ્ણદાસજીનો જન્મદિન (સં.૧૫૫૩) ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઈ તે અષાડ સુદ ૫ સુધી. ચતુર્થિ તિથિનો ક્ષય હોવાથી ગો.શ્રી પીતાંબરજી મહારાજ (કાંકરોલી) નો જન્મદિન આજે.

વૈશાખ સુદ ૫ તા. ૩૦–૪–૯૮ ગુરૂવાર :– અષ્ટસખા પૈકી ભક્તકવિ સુરદાસજીનો જન્મદિન. (સંવત ૧૫૩૫) શ્રીનટવરલાલજી (અમદાવાદ) નો પાટોત્સવ (સં. ૧૮૫૧)

વૈશાખ સુદ ૬ તા. ૧–૫–૯૮ શુક્રવાર :– ગો.શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી–જુનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૨–૫–૯૮ શનિવાર :– ગંગોત્પત્તિ, ગંગાસપ્તમી, ગંગાપૂજન ગો.શ્રી હરિરાયજી (પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૫–૫–૯૮ મંગળવાર :– ગો. શ્રી કૃષ્ણજીવન બાવાશ્રી (મુંબઈ–મદ્રાસ) તથા ગો.શ્રી મુરલીમનોહરલાલજી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૭–૫–૯૮ ગુરૂવાર :– મોહિની એકાદશી વ્રત. શ્રી હરિવંશજીનો જન્મદિન (સં.૧૫૫૯)

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૧ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૦ ☐ એપ્રિલ ૧૯૯૮

||શ્રી હરિઃ ||

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

પ્રથમ અપરાધથી બચવા :– સવારમાં જાગતા જ બધુ ઘર ભગવદ્ મંદિર રૂપી જાણી બુહારી–સોહનિ કરવી. (લૌકિક ભાષાના ઝાડું ફેરવવું કે સંજવારી કાઢવી) તેમજ માટી વિના શૌચ ન જવું. : પ્રાચીન આચાર મર્યાદા અનુસાર મલત્યાગ બાદ હાથમાં માટી લઈને જ પ્રક્ષાલન (પખાર લેવાનું) હોય છે. કેમ કે તેથી હાથને સીધો મળના અંશનો સ્પર્શ ન થઈ જાય. વચ્ચે માટી પાણી હોવાથી મળની દુર્ગંધ અને રોગ આદિના જંતુઓનો હાથને સીધો સ્પર્શ ન થવાથી સેવામાં શુદ્ધતા અને રસિક શિરોમણી પ્રભુને લૌકિક દુર્ગંધનો જરા જેટલો શૂક્ષ્મ અંશ પણ ન આવે તેની કાળજી લેવાની આ શીખામણ છે જેથી પ્રભુના અપરાધથી બચી શકીએ.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ – શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃત્તિ

ભાષાંતર– પ.ભ.શ્રી બાબુભાઈ પી.નાયક, કડી

ગતાંકથી ચાલુ : હવે બારમાં ભાવવાળા વકતાનું વર્ણન કરે છે.

શ્લોકઃ તપોજ્ઞાનાદિભાવેન સ્વેદજાસ્તુ પ્રકીર્તિતાઃ ॥૮॥

શબ્દાર્થ : તપોજ્ઞાનાદિભાવેન–તપ, જ્ઞાન વગેરેના ભાવવાળા, સ્વેદજાઃ – પરસેવાના જળ જેવા, પ્રકીર્તિતાઃ –કહેવાય છે. **શ્લોકાર્થઃ** કેવળ તપ અને જ્ઞાનના ભાવવાળા વકતાનો ભાવ પરસેવાના જળ જેવો છે.

વિવરણઃ તપ, જ્ઞાનાદિ ભાવથી બારમા ભાવનું નિરૂપણ કરે છે. પંચાગ્નિ સહન કરવા એ તપ કહેવાય છે. જીવ અને બ્રહ્મને એક જાણવા તે જ્ઞાન કહેવાય છે. શ્લોકમાં 'આદિ' પદ છે. તેથી વર્ણાશ્રમનો આચાર એ પરસેવાના જલ સમાન છે. અથવા તે તપ વડે અને વર્ણાશ્રમના આચારથી ભગવાનમાં જીવનો જે ભાવ હોય છે તે પરસેવાના જલ જેવો કહેવાય છે.

કેટલાક એમ માને છે કે તપ વડે જ ભગવાનની આરાધના થાય છે. પણ ખરી રીતે તો ભક્તિ વડે જ પ્રાપ્ત થાય છે. (શ્રીમદ્ ભાગવત્જીના સાતમા સ્કંધમાં ભક્ત પ્રહલાદજીએ નૃસિંહ ભગવાનને કહેલું છે કે) " *મન્યે ધનાભિજનરૂપ તપઃ શ્રુતૌજસ્તેજઃ પ્રભાવબલ પૌરૂષબુદ્ધિયોગાઃ । નારાધનાય હિ ભવંતિ પરસ્ય પુંસો ભક્ત્યા તુતોષ ભગવાન્ ગજયૂથપાય ॥*

"ધન, સારૂકુળ, રૂપ, તપ, શાસ્ત્રોનું જ્ઞાન, તેજ, ઓજસ, પ્રભાવ, બળ, પરાક્રમ અને બુદ્ધિયોગ પુરૂષોત્તમસ્વરૂપ એવા આપના આરાધન માટે ઉપયોગી થતા નથી, કારણ કે ગજેન્દ્રને કેવળ ભક્તિથી આપ પ્રસન્ન થયા છો," વગેરે વાકયોથી કેવળ ભક્તિથી જ ભગવાન પ્રાપ્ત થાય છે.

કેટલાક બીજાઓથી જુદી જ રીતે 'પોતાના આત્મજ્ઞાનથી જ મોક્ષ થાય તેવું માને છે, અને તે જ ભગવાનનું ભજન છે એમ માને છે, પણ ખરી રીતે તો " જે ભગવાનને જાણે તે મરણ રહિત થાય છે" એમ શ્રુતિમાં કહેલું છે. તેથી ભગવાનનું જ્ઞાન જ મોક્ષનું સાધન છે. (ભક્તિ સિવાય કેવળ જ્ઞાનની નિંદા શ્રીમદ્ ભાગવતજીના દશમસ્કંધમાં બ્રહ્માજીએ કરેલી છે.) " હે વિભો કલ્યાણના ઝરણા જેવી આપની ભક્તિ છોડી દઈને જે જીવો કેવળ જ્ઞાનની પ્રાપ્તિને માટે મહેનત કરે છે તેઓને (ફળમાં) કેવળ કલેશ જ મળે છે." વગેરે વાક્યોથી કેવળ આત્મજ્ઞાનવાળાની નિંદા કરી છે.

કેટલાક એમ માને છે કે વર્ણાશ્રમના આચારવાળા પુરૂષે જ પરમ પુરૂષ વિષ્ણુની આરાધના કરવી જોઈએ. વિષ્ણુને પ્રસન્ન કરવાવાળુ બીજું કોઈ સાધન નથી વગેરે વાક્યોથી કેટલાક વર્ણાશ્રમના આચારને જ ભગવદ્ ભજન માને છે, પરંતુ તે વિચાર યોગ્ય નથી. વર્ણાશ્રમનો આચારતો જીવના અધિકાર પ્રમાણેનો છે, જયારે શ્રવણ–કીર્તન વગેરેનું સ્વરૂપ તો ભગવાનના આરાધનથી તદ્દન ભિન્ન છે. "સત્ય અને દયાયુક્ત ધર્મ અથવા તપયુક્ત વિદ્યા, મારી ભક્તિ રહિત આત્માને સારી રીતે પવિત્ર કરે છે તેમ નથી."

"શમ, દમાદિક બાર ગુણયુક્ત બ્રાહ્મણ હોય, પણ ભગવાનના ચરણાવિંદથી વિમુખ હોય , તો તે બ્રાહ્મણ કરતાં મન, વચન, ક્રિયા, અર્થ અને પ્રાણ ભગવાનને અર્પણ કરનાર ચાંડાલ શ્રેષ્ઠ છે, કારણ કે તે (ચાંડાલ) પોતાના કુળને પવિત્ર કરે છે." વગેરે વાક્યોથી ભગવાનના ભજનના અભાવમાં, ભગવાનથી વિમુખતામાં ધર્મના પ્રયોજનના નિરૂપણથી સિદ્ધ થાય છે કે વર્ણાશ્રમધર્મ પાળવો એ જ આચારનું લક્ષણ છે.

વર્ણાશ્રમવાળો પુરૂષનો આચારલક્ષણવાળો જે આ ધર્મ છે, તે જ ધર્મ જો મારી ભક્તિયુક્ત હોય તો તે અત્યંત કલ્યાણ કરનારો છે ત્યાં વર્ણાશ્રમનો ધર્મ અને ભક્તિ જુદાં લખેલા છે.

બ્રાહ્મણ પત્નીઓ પર જયારે ભગવાને કૃપા કરી ત્યારે બ્રાહ્મણોએ કહેલું છે કે "અમે ભગવાનથી વિમુખ થયા તેથી અમારા ત્રણ પ્રકારના જન્મને ધિક્કાર છે. (ત્રણ પ્રકારના જન્મ આ પ્રમાણે છે. એક માતાપિતાથી જન્મ, બીજો યજ્ઞોપવિત થયા પછીનો જન્મ અને ત્રીજો જન્મ યજ્ઞમાં દીક્ષા લેવાય તે) તેવી રીતે સર્વ કર્મ કરનારાઓએ પણ ભગવાનથી વિમુક્ત થવાથી ધિક્કારપણું પોતે જ પ્રતિપાદન કરેલું છે.

આથી માધવાચાર્યે કાલમાધવીય નામના નિર્ણય ગ્રંથમાં વૈષ્ણવ અને સ્માર્તનો ભેદ આલેખ્યો છે કે : "જીવ મોટી આપત્તિમાં આવેલો હોય, અથવા ઘણા હર્ષનો સમય આવ્યો હોય, તો પણ જેણે વૈષ્ણવી દીક્ષા લીધી હોય તે જીવ કદી એકાદશીવ્રત છોડે નહિ. સર્વ જીવમાં સરખી બુદ્ધિ રાખનાર વર્ણાશ્રમના આચારથી ખસી ગયેલ સર્વ ક્રિયાઓ વિષ્ણુને અર્પણ કરનાર વૈષ્ણવ કહેવાય છે. આ રીતે વર્ણાશ્રમના ધર્મને ભક્તિમાર્ગથી ભિન્ન માધવાચાર્યે બતાવ્યો છે. વર્ણાશ્રમનો ધર્મ એ જ જો ભક્તિ હોય તો ઉપર લખેલા વાક્યમાં વિરોધ આવે છે. માટે વર્ણાશ્રમનો ધર્મ ઘણો જુદો છે. અને ભક્તિ જુદી છે. એ સર્વ શાસ્ત્રથી સિદ્ધ થાય છે. તેથી પરસેવાનું જળ શુદ્ધિ માટે સ્નાન કરવામાં કે આચમનમાં ઉપયોગી નથી. તેમ તૃષા છીપાવનાર કે તાપ નિવૃત્ત કરનાર પણ નથી. તેમ તપ વગેરે કરનારનો ભાવ પણ બીજાને ઉપયોગી નથી" (ભક્તિ વિનાના કેવળ તપ અને જ્ઞાનના ભાવવાળા વક્તાનો ભાવ પણ પરસેવાના ગંધાતા જળ સમાન નિરર્થક છે. પરસેવાનું જળ કશા કામનું તો નથી પણ ક્લેશ આપનારું છે.)

હવે તેરમા પ્રકારના વક્તાનો તેરમો ભાવ કહે છે :

શ્લોક : અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોક્તા હરેર્ગુણાઃ । કાદાચિત્કાઃ શબ્દગમ્યાઃ પતચ્છબ્દાઃ પ્રકીર્તિતાઃ ॥૯॥

શબ્દાર્થ : અલૌકિકેન –અલૌકિક, જ્ઞાનેન –જ્ઞાનથી, યે–જેઓ, તુ–પણ, પ્રોક્તાઃ– કહે છે, હરેઃ– હરિના, ગુણાઃ–ગુણો, કાદાચિત્કાઃ– કોઈક વખતે શબ્દગમ્યાઃ– શબ્દોથી સમજાય, પતચ્છબ્દાઃ– (પતત્ +શબ્દાઃ) ઊંચેથી પડતા જળના ધોધ જેવો અવાજ, પ્રકીર્તિતાઃ– કહેવાય છે. (૯)

શ્લોકાર્થ: કેટલાક વક્તાઓ વેદનું અલૌકિક જ્ઞાન ધરાવનારા હોય છે. તેઓ પોતાનો અનુભવ કોઈ કોઈ વખત શબ્દ દ્વારા શ્રીહરિના ગુણોનું ગાન કરી વ્યક્ત કરે છે. તેમનો ભાવ પર્વત પરથી પડતા ઝરાના જળ જેવો છે.

વિવરણ: હવે અલૌકિક જ્ઞાન ધરાવનાર વક્તાના તેરમા ભાવનું નિરૂપણ કરે છે. મોટાઓના અનુગ્રહથી પ્રાપ્ત થયેલ જ્ઞાન વડે સર્વ દુઃખને હરનાર ભગવાનના ગુણો ઐશ્વર્ય વગેરે ગણાય છે. તે કોઈ વખત વેદાદિથી જાણવામાં આવે છે. તે એવા હોય છે કે દૂરના પર્વતાદિકામાંથી જે જળ પડે છે તેનું જ્ઞાન (પડવાના) શબ્દથી થાય છે. તે શબ્દોના જેવા જ ભગવદ્ ગુણો કહેવામાં આવે છે. જેમ પર્વતાદિકમાંથી જલની ધારા પડતી હોય તો તેના શબ્દો (અવાજ) દૂરથી સંભળાય ત્યારે તે જળનું જ્ઞાન આપણને થાય છે કે કોઈ પર્વત પરથી જલધારા પડી રહી છે. તેવી જ રીતે જ્ઞાની પુરૂષોમાં રહેલા ભગવદ્ગુણો પણ ધારાના જલની જેમ તેઓના બોલેલા શબ્દોના ભાવથી જણાઈ આવે છે. જેમ ધારાનું જળ નિર્મળ, શીતળ, અને મધુર હોય છે. તેમજ તે જળથી સ્નાન, આચમન, પાન

વગેરેથી મનોહારી અને તાપને દૂર કરનારું તથા સર્વ રીતે સુખાકારી હોય છે. તે જ રીતે અલૌકિક જ્ઞાનયુક્ત વક્તાઓનો કાવ્યાદિકમાં જણાતો ભાવ શ્રોતાઓના મનના તાપ શાંત કરી, મનમાં મનોહર ભાવ જગાડી તેમના મનને પ્રસન્નતા આપે છે. ક્રમશઃ

ભક્તિપોષણ

વિવેચક :– પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

ભક્તિ નૌકા તારે સર્વને , જે કોઈ શરણે આવે શુચિપાપી, અન્ય સાધન દારુ તુંબિકા,ગ્રહે સભય તરેકો કદાપિ.
તરેકો કદાપિ, બચે કાયાદિ ગ્રાહથી, સામર્થ્ય નહી અણુ તારવા સાથી; વિબુધ વિચારી જુઓ નિજપંન ભક્તિ ભલીકે સાધન અન્ય ? સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૪૭)

શબ્દાર્થ: શુચિ–પવિત્ર, દારુ–તુંબડી, ગ્રહે–પકડે, સભય–ભય સાથે, ગ્રાહ–મગર, અણુ–જરાપણ, વિબુધ–પંડીત, બુદ્ધિમાન, નૌકા–નાવ

વિવેચનઃ સાગર પાર કરવા જેમ સાધનની જરૂર છે તે સાધન મજબૂત યોગ્ય હોય તોજ પાર કરી શકાય નહીંતર અધવચ ડુબાડે. આ કડીમાં સાગર પાર કરવા સાધનોની સમીક્ષા કરી છે. અગાઉના જમાનામાં નાવથી પાર જઈ શકાતું. નાવમાં બેસી આરામથી જઈ શકાતું તેમ અત્રે ભક્તિને નાવની ઉપમા આપી છે કે ભક્તિરૂપી નાવમાં બેસીને સંસારપાર કરવો.

અન્ય સાધનો તે જેમ કે તુંબડુ બાંધીને પાર થવું તે જોખમ ભરેલું છે. સમુદ્રમાં રહેતા મગરમચ્છનો ભય પુરો રહે છે. નાવમાં આરામથી બેસાય વળી નાવમાં બેસવાવાળાનો જાતિ અગર તો ગુણ દોષો જોવાતા નથી. માટેજ ભક્તિરૂપી નાવથી પાર થવાનું સુચવેલ છે. કોઈ લાકડાનાં પાટીયા ઉપર બેસી પાર કરવા ચાહે તો તે જોખમ ભરેલું છે. શરીર ભીંજાય, શ્રમ પણ પડે, કદાચ તુંબડુ કે લાકડાનો સહારો લઈ પાર થાય તો પણ તે બીજાને પાર કરી શકતો નથી. તેવી જ રીતે ભક્તિ છોડીને અન્ય સાધનો બધા હીણા છે. યોગી તરે કદી એકલો ભક્ત તારે અનેક. યોગી કદાચ પોતાનો ઉદ્ધાર કરી શકે પરંતુ ભક્ત તો અનેકને તારે છે. ભાવાર્થમાં ભક્તિ ઉત્તમ કે બીજા સાધનો ઉત્તમ તેનો વિચાર બુદ્ધિવાન પંડીતો કરી જુઓ.

મેહાઢીમર : તે ઢીમર જાતનો હતો. રોજ માછલાં પકડીને તેમાંથી નિર્વાહ કરતો. એકવાર શ્રીગુંસાઈજીનો મુકામ પડેલો ત્યાં પાસમાં જ નદીમાં તે જાળ નાંખવા ગયો ત્યારે સાથેનાં વૈષ્ણવે રોક્યો કે અમારા ગુરૂજી અત્રે બીરાજે છે આજનો દિવસ તું જાળ નાખીશ નહીં. ત્યારે મેહાએ કહ્યું તો મારે ખાવું શું ? મારે તો આ રોજનો ધંધો છે. ત્યારે તે વૈષ્ણવે તેને કહ્યું અમે તને ખાવા દેશું: આ સાંભળી મેહો જાળ લપેટી વૈષ્ણવની સાથે ચાલી નીકળ્યો જયાં શ્રીગુસાંઈજી બીરાજતા હતા. ત્યાં આવી દર્શન કર્યા તેને પ્રસાદી પાતળ આપી. આવું ભોજન તેણે જીંદગીમાં કરેલું નહોતું. તેની બુદ્ધિ નીર્મળ બની અને પોતાના કર્મોને યાદ કરતો પશ્ચાતાપ કરવા લાગ્યો. શ્રીગુંસાઈજીનો

સેવક થયો અને મુકામની સાથે સાથે ચાલે. મહાન ભક્ત બની ગયો. તેનાં બનાવેલા કીર્તનો મંદીરોમાં ગવાય છે. તેને નિવેદનમંત્ર આપતાંજ તેના હૃદયના કબાટ ખૂલી ગયા. તેણે કીર્તન ગાયું તે સાંભળીને સાથેના વૈષ્ણવો વિસ્મય પામ્યા કે સવારે તો મેહા જાળ નાંખતો સાંજે જ તેને લીલાની સ્ફુર્તિ થઈ તે પદ, બસો બાવન વૈષ્ણવોની વાર્તા ૫૪ મી–

રાગ ભૈરવ

શ્રી વિઠ્ઠલપ્રભુ પરમ ઉદાર મહાપતિત શરણાંગત લીને નિર્ધાર (૧)
વેદપુરાન સારજો કહીયે સો પુરૂષોત્તમ હાથ દીયે મહાપ્રભુ ગીરધર પ્રગટે પુષ્ટિમાર્ગ રસપ્રગટ કીયે (૨)

આ પદમાં તેણે શ્રીગુસાંઈજીની ઉદારતા બતાવી છે કે વેદપુરાણોનો સાર સમજવો કઠણ છે. મારા માટે તો આપ ભુતલ પ્રગટ થઈને પુષ્ટિરસ પ્રગટ કર્યો છે (અથવા તો પુષ્ટિરસ પ્રકટ કર્તા) આમ હું માનું છું, ઉપરાંત ***હમારો દેવ ગોવર્ધન પર્વત ગોધન જહાં સુખારો*** આ પદ ગોવર્ધનલીલાનું તેણે ગાયું છે.

બીજું પદઃ– ***સુનિયે તાત હમારો શ્રીગોવર્ધન પૂજા કીજે*** તેમાં છેલ્લે મેહા પ્રભુ ગીરધર લાડીલે માંગ માંગ સબ લીને. એક વૈષ્ણવના સંગથી તેનાં જીવનનો પલટો આવ્યો. મહાન ભક્ત બન્યો. આમ ભક્તિ સર્વથી શ્રેષ્ઠ છે તે અનેક પાપોમાંથી મુક્ત કરવા સમર્થ છે.

એક પારધી હતો. એક રાજાને કોઢ નીકળ્યો હતો. તેને કોઈએ હંસનું રૂધિર દવા માટે બતાવ્યું. હંસ લાવવા ક્યાંથી ? આ પારધીએ જોયું કે એક હંસહંસણીનું જોડું છે તે વૈષ્ણવ પાસે આવીને બેસે છે. તેથી પોતે વૈષ્ણવનો વેશ પહેરીને તળાવને કાંઠે ગયો. તેને જોઈને હંસહંસણી તેની પાસે આવ્યા. તેણે તુરત જ પકડીને રાજાને આપી ૧ લાખ રૂપીયા મેળવ્યા હતા. તેને ખબર પડી કે વૈદ્યને વેશે શ્રીઠાકુરજી આવી હંસહંસણીને છોડાવી ગયા ત્યારે તેને જ્ઞાન ઉત્પન્ન થયું અને શ્રીગુસાંઈજીનો સેવક થયો ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે હવે તું જીવ હિંસા કરીશ નહીં. ત્યારે તેણે કહ્યું કે વૈષ્ણવનો નકલી વેશ ધર્યો તો ૧ લાખ રૂપીયા મલ્યા સાચો પહેરીશ તો શું હું ભૂખ્યો મરીશ! બનશે તે કરીશ પણ જે ધંધો છોડયો તેને નહીંન પકડું. જુઓ ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ૧૮૨મી એક પારધીની વાર્તા છે.

શ્રી ગુસાંઈજી એકવાર પરદેશ પધાર્યા. રસ્તામાં એક ગામ આવ્યું ત્યાં મુકામ કર્યો. તે ગામમાં એકપણ વૈષ્ણવ ન હતા. તેથી શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે આ રસ્તેથી ચાચાજી નીકળ્યા નહીં હોય. ચાચાજીના સંગથી અનેકો વૈષ્ણવો થયા છે. તેઓ જયાં મુકામ કરતા ત્યાં સત્સંગ અવશ્ય કરતા. તેની પાસમાં બેસવાવાળા ભક્ત બની જતાં (વૈષ્ણવ બની જતાં). ભક્તિ નૌકા તારે સર્વને તે મુજબ ત્યાં નાત, કર્મ કાંઈ જોવાતું નથી. પાપીઓને પાપથી મુક્ત થતાં ઘણો સમય લાગે છે પરંતુ ભક્તિ વસ્તુ જ એવી છે કે રૂઈનો ઢગલો પડયો હોય તેમાં અગ્નિની ચિનગારી પડે તો બધું રૂ ભસ્મ થઈ જાય તેમ ભક્તના સંગે ભક્તિ પ્રાપ્ત થાય અને ભક્તિથી પાપોનો નાશ થાય. ભક્તો સાથે બેસીને કીર્તન કરે ભગવદ્ વાર્તા કરે. આમ એકના સંગથી અનેકોને ભક્તિ પ્રાપ્ત થાય છે "ભક્તિ તારે અનેક"

તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો
તારા સંગનો રંગ ન લાગે તહાં લગી તું કાચો

આ દોહરો બતાવે છે ભક્તના લક્ષણ કે ભક્તનાં સંગી ભક્ત જ બને.

કોઈ એક જંગલમાં જુનું પુરાણું મંદિર હતું. ત્યાં કોઈ સેવા પૂજા કરવા જતું નહીં. પાસમાં ભીલની વસ્તી હતી. કોઈ ત્યાં રાતવાસો રહે તેને લુંટી લેતા.

કોઈ એકવાર એક ભગવદ્‌ભક્ત આ રસ્તેથી નિકળ્યા. તે રાતવાસો આ મંદિરમાં રહ્યા. એકાદશી હોવાથી રાત્રે કીર્તન ગાવા બેઠા ત્યાં ભીલ આવીને બેઠો. તેણે વિચાર કર્યો કે સૂઈ જાશે ત્યારે લૂંટી લઈશ. પરંતુ ભક્તનો પ્રભાવ જુદો જ પડયો. ૨ કલાક સુધી કીર્તન સાંભળ્યા ત્યાં આ ભીલની બુદ્ધિ નિર્મળ બની. તુરત જ ભક્તના પગમાં પડી ગયો અને કહ્યું કે હું તો તમને લૂંટવા આવ્યો હતો અમે શું જાણીએ કે ભગવાન કેવા છે પરંતુ તમારું ગાન સાંભળતાજ રોમરોમ આનંદથી ઉછળી ઉઠયું છે. સવારો સવાર આ ભીલે કીર્તન સાંભળ્યા અને પોતાના સગાં વહાલાને બધાને તેડી લાવ્યો. ત્યારે તે ભગવદ્‌ભક્તે પાપ અને પૂણ્ય બંનેની વ્યાખ્યા કરી અને સમજાવ્યા કે ખેતી કરી મજુરી કરી પેટ ભરવું સારૂં. લોકો તો કાયાના કલ્યાણ અર્થે તીર્થ યાત્રાએ નીકળે અને તમે એને લૂંટી લ્યો આ મહાન પાપ છે. આ સાંભળી ભીલોએ ખેતી કરી પેટ ભરવું મંજુર કર્યુ. તેને સમજાઈ ગયું કે પાપો તો ઘણાં કર્યા છે તેની નીવૃત્તિ કેવળ ભક્તિથી જ થઈ શકે છે તેથી ભક્તિવાન બન્યા. તેજ ભીલો જેઓ પહેલાં યાત્રાળુઓને લૂંટી લેતા તેઓજ હવે આવતા જતાં યાત્રાળુની સેવા કરવા લાગ્યા. જંગલમાંથી ફળફુલ તોડીને સ્વાગત કરતા ભક્તિમાન બન્યા. બીજા સાધનોમાં જોખમ છે ત્યારે ભક્તિરૂપી સાધન સરળ છે. કાર્ય કરવાવાળો જાણે છે કે મેં આ કર્મ કર્યુ તેનું મને આ ફળ મળશે. દાન કરવાવાળાને પણ અભિમાન આવશે. જયાં અભિમાન આવ્યું ત્યાં ફળ નિષ્ફળ થયું સમજો. કોઈ યોગ ધારણ કરી શક્તિ પ્રાપ્ત કરે છે તેમાં પણ જોખમ છે તે પોતાની શક્તિનાં મદમાં શ્રાપ દઈને કંઈકને દુઃખી કરે છે. વિશ્વામિત્રે શકુંતલાને શ્રાપ વગર વાંકે દીધો ને પતિથી વિખુટી પડાવી યોગ શક્તિનો દુરઉપયોગ કર્યો કહેવાય. અન્ય સાધનોમાં દૂષણો છે. ભક્તિમાં દૈન્ય ભાવ છે. પ્રભુનું દાસપણું સ્વિકારી ભક્તિ કરે છે તેને અભિમાન આવતું નથી. તે કોઈથી કાંઈ અપેક્ષા રાખે જ નહીં તો કોઈનું બુરૂ તો કરે જ શાને ? તે જાણે છે કે પ્રભુનું સ્મરણ સાચું છે. અભિમાન કોઈનું ટકયું જ નથી. ભક્ત તો નિઃસાધન છે. કેવળ ભક્તિના પ્રતાપ બળથી સ્હેજે સાગર તરી જાય છે માટે ભક્તિ વિનાં બીજા સાધનો તો તુંબડા જેવા છે તેમ સમજવું. બીજા સાધનો પાર કરવા સમર્થનથી. માટે જ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૪૭

શ્રી યમુનાજીના પદ

રચયિતા– મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી. ભાવાર્થ– માધુરી, રાજકોટ.

પદ ૪૯

શ્રીયમુને દાસની ભય ભંજની
શરણાગત પાલનિ હરિ પ્યારી સાખિ ચલતિ બહુ છંદનિ. –૧–
અચલ સુહાગ ભાગ્યભરિ પૂરી કરુણામય દાસનિ ઉર ચંદનિ;
'વલ્લભ' દાસનિ કી યહ વિનતી ચરણ શરણ જગ બંદનિ. –૨–

ભાવાર્થ: શ્રી યમુનાજી આપ દાસીનાં દુ:ખોને નિવારણ કરવાવાળા તેમજ સંસારી આવાગમન મટાડવાવાળા હોઈ જે જીવ આપને શરણે આવે તેને પ્રભુનાં પ્યારા બનાવો છો. આવું આપના ભક્તોએ અનેક સ્તોત્રો, છંદો કરીને ગાન કરેલું છે.

આપનું અચલ સૌભાગ્ય છે એવો જ અતિ કરુણામય આપનો સ્વભાવ છે. જેથી દાસનાં હૃદયમાં જે અજ્ઞાન, ભય વગેરે તિમીર ભર્યા છે તેને માટે ચંદ્રરૂપી છો. ચંદ્ર જેમ ઠંડો પ્રકાશ આપી તાપનું હરણ કરે છે, તેમ આપ ભક્તોનાં હૃદયમાં પ્રકાશ કરવાવાળા છો. તે તો આપનું સહજ બિરદ છે.

આવું જાણીને વલ્લભદાસનિ આપનાં શરણે આવેલ છે. તેને હે જગતવંદની આપનું શરણ પ્રાપ્ત કરાવો. ૪૯

શ્રીમહાપ્રભુજીની વધાઈ

આજ્જુ ભયૌ સાંચો મંગલ, ભુવ પ્રગટે શ્રીવલ્લભ સુખધામ;
કરૂના સિન્ધુ સકલ–રસપોષક, પતિત ઉધારન જાકો નામ. –૧–
દૈવીજીવન અભયદાન હૈ, રસિક જનન કે પૂરે કામ;
‘હરિશ્ચંદ્ર’ પ્રભુ મંગલ મૂરતિ, ગૌર–શ્યામ તન એક લલામ –૨–

–ભારતેન્દુ બાબૂ હરિશ્ચંદ્ર

ભાવાર્થ: આ પૃથ્વીનું આજે સાચેજ મંગલ થયું છે. આજે તો શ્રીવલ્લભ પ્રભુનું ભૂતલ પધારવાનું બન્યું છે તેથી દિશાઓ બધી દેદીપ્યમાન બનીને મંગલ સામ્રાજયનું સૂચન છે. શ્રીવલ્લભ સર્વના હિતકારી–સુખાકારી છે. સર્વ રસનું પોષણ કરવાવાળા, દયાસાગર અને પતિતોદ્ધારક હોઈ ખાસ કરીને દૈવી જીવોને તો અભયદાન દેવાવાળા રસિક જનોની ઈચ્છા પૂર્ણ કરવાવાળા છે. કવિશ્રી હરિશ્ચંદ્ર કહે છે કે આપશ્રી ગૌર–શ્યામ બંન્ને વર્ણથી સુંદર સ્વરૂપે બિરાજમાન પ્રભુ મંગલમય છે.

–માધુરી

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

કાવ્ય કુંજ

જય શ્રી વલ્લભ

રચયિતા– જયંત જી. ગાંધી 'કુસુમાયુધ', જુનાગઢ.

[લાકડી લઈ લાલન પર દોડયાં, રીસભર્યા નંદરાણી રે... એ ઢાળમાં]

જય શ્રી વલ્લભ, સર્વોત્તમજી; મહાપ્રભુજી આપ રે, કળિયુગમાં તો, પ્રગટયા ગુરૂજી; દૈવી જીવોને કાજ રે...
જય શ્રી વલ્લભ, સર્વોત્તમજી, (ટેક)
ઈલમ્માગારૂજીની કુખે જન્મ્યા; લક્ષ્મણભટ્ટજી પુત્ર રે...હે જી રે...
ચંપારણ્યજીના શુભ સ્થાને; અગ્નિકુંડથી આપ રે...જય શ્રી(૧)
સંવત્ પંદરસોને પાંત્રીસ; ચૈત્ર વદી અગિયારસ રે...હે જી રે...
શુભ દિન શુભ ઘડી શુભ નક્ષત્રે; ભાનુવાર પવિત્ર રે...જય શ્રી (૨)
શાસ્ત્રો વેદ પુરાણ ભણ્યા સહુ; અલ્પ સમયમાં આપ રે...હે જી રે
સર્વ શાસ્ત્રનો સાર તારવ્યો; શુદ્ધાદ્વૈત સિદ્ધાંત રે...જય શ્રી (૩)
વિજયનગરમાં આપ પધાર્યા; પંડિત વાદે હરાવ્યા રે...હે જી રે
કનકાભિષેક તો ભવ્ય થયો ત્યાં; શ્રી વલ્લભનો જયકાર રે...જય શ્રી (૪)
દેવકીપુત્ર શ્રી કૃષ્ણ પ્રભુ છે; એક જ સાચો સાર રે...હે જી રે
સેવા–ભક્તિ શ્રીકૃષ્ણ તણીનો; સ્થ્યાપ્યો પુષ્ટિ માર્ગ રે...જય શ્રી (૫)
શ્રી નાથજીને શ્રી યમુનાજી; વ્રજભૂમિ, ગિરિરાજ રે...હે જી રે
શ્રી વલ્લભકુળ પાંચે તત્વો; પુષ્ટિમાર્ગનાં દિવ્ય રે... જય શ્રી (૬)
ખૂલ્લા ચરણે ભારત ભૂમિની; પરિક્રમા ત્રણ કીધી રે...હે જી રે
વ્રજભૂમિનો મહિમા વધાર્યો; નિજ સેવક સુખ કાજ રે...જય શ્રી (૭)
અષ્ટાક્ષર સમ મહામંત્ર તો; પુષ્ટિજનોને આપ્યા રે...હે જી રે
ગદ્યમંત્રથી દૈવી જીવોને; શ્રીજી શરણે સ્થાપ્યા રે...જય શ્રી (૮)
ચોરાસી વૈષ્ણવને આપે; શરણે લીધા કીધા નિજ સેવક રે...હે જી રે
ચોરાસી બેઠકજી રૂડાં; કૃષ્ણકથા કહી ત્યાં જ રે...જય શ્રી (૯)
કોટિ–**કુસુમાયુધ** લાવણ્યે; શ્રી વપુ સુંદર સોહે રે...હે જી રે
નીરખી નયનો તૃપ્ત ન થાતાં; વલ્લભી વૈષ્ણવ મોહે રે...જય શ્રી (૧૦)
મ્લેચ્છ તણાં સામ્રાજયે જયારે; ધર્મ તણિ થઈ ગ્લાનિ રે...હે જી રે
હિન્દુ ધર્મ–ધ્વજાને ત્યારે; શ્રી વલ્લભ ઊંચી રાખે રે...જય શ્રી (૧૧)
શ્રી વલ્લભનું ભજન મધુર આ; જે કોઈ ભાવે ગાશે રે...હે જી રે
શ્રી કૃષ્ણચરણમાં પ્રીત વધેને, વ્રજમાં વાસ જ થાશે રે...જય શ્રી (૧૨)

––: શ્રી વલ્લભાધીશ કી જય :––

॥ શ્રી કૃષ્ણઃશરણં મમ ॥

વ્રજલીલાના પદ

રચયિતા– શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ) બી. ઈ. (સીવીલ), બીરપુર

૩૫. શ્રી બાંકે બિહારીજી પ્રાગટય રાગ સારંગ

લલીતાજી અવતાર લીયો
લીલા રસકો, શબ્દ રૂપસે, સ્વરમેં ગૂંથ દિયો. ૧
બનકર સ્વામી, હરિદાસજી, કલિમેં જન્મ ધર્યો;
તુલસી–વૃંદાવન સેવાનિધિ, હરિ સંગ બાસ કિયો. ૨
ચેલા બૈજુ વ તાનસેન કો, સંગીત જ્ઞાન દીયો;
વૃન્દાવનકી, કુંજગલિનમેં, સુર રાધે ભરિયો. ૩
શોભા બઢાવન, વૃંદાવનકી, બાંકે બિહારી પ્રગટયો;
નિજ સિંગાર, ધરી લલિતાજી, માધુરી રસ ભરિયો. ૪
ક્ષણ ક્ષણમેં આવત હૈ ટેરા, રત્નન ઝાંકી દિયો;
'ચરનદાસ' બાંકે બિહારી, નિરખત મોહ ભયો. ૫

સ્વામી હરિદાસજી : કલિયુગમાં તેઓ શ્રીલલિતા સખીના અવતારરૂપ મનાય છે. તેમને સેવાનિધિ– વૃંદાવનમાં શ્રીઠાકોરજીની આરાધના કરી છે. તેમણે શાસ્ત્રીય સંગીતના તથા શ્રીકૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિના ભજનો રચી ગુરૂપદ દીપાવ્યું છે. બૈજુ બાવરા તથા તાનસેન જેવા ચેલાઓને આ ભૂમિમાં સૂરસમ્રાટ બનાવ્યા તેટલું અગાધ જ્ઞાન તેમની પાસે હતું.

બાંકે બિહારીજી : સ્વામી હરિદાસજીની સેવા અને ભક્તિ સંગીતથી પ્રસન્ન થઈ શ્રી ઠાકોરજીએ, શ્રી બાંકેબિહારીના સ્વરૂપે, સેવાનિધિમાં પ્રગટ થઈ દર્શન આપ્યાં છે. સ્વામી હરિદાસજી નિત્ય શ્રીલલિતા સખીના ભાવના સિંગાર ધરતા અને પ્રભુના માધુર્ય રસમાં કેલિ કરતા. તેથી શ્રીબાંકેબિહારીજીનું સ્વરૂપ પણ એટલું જ મધુરું તેજોમય અને રસમય છે. જેથી નજર ન લાગે તે હેતુથી આજે પણ મંદિરમાં ક્ષણે ક્ષણે ટેરો–પડદો આવે છે.

ગયા વર્ષનું ભેટ પુસ્તક "શ્રી મદ્ વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર" મોટા શહેરોમાં સેવાભાવી વૈષ્ણવો દ્વારા વિતરણ થાય છે. નીચેના ત્રણ શહેરોમાં જેમને પુસ્તક ન મલ્યું હોય તેમણે નીચેના સરનામે તપાસ કરવી.
મુંબઈ : આં.પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય, વૈદ ભુવન, અનંત વાડી, કાલબાદેવી રોડ ફોન. ૨૦૮૩૭૬૪
વડોદરાઃ પ.ભ.શ્રી ચીમનભાઈ શેઠ, બી–૧૬૨,શ્રેણીક પાર્ક સોસા., અકોટા સ્ટેડીયમ ફોન. ૩૩૩૧૦૮.
અમદાવાદઃ પ.ભ.શ્રી અશ્વીનભાઈ નવનીતલાલ દેસાઈ, ૩૪–સરદારપટેલ નગર, એલીસબ્રીજ, ફોન.૬૪૪૯૯૮૨

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટીત સહસ્ત્ર શ્લોકી

સેવાભાવના

હિન્દીમાં પદ્યરચના, રચયિતા– પ.ભ. રૂપચંદ ખંડેલવાલ "ભૂપ" જબલપુર

ગતાંકથી ચાલુ

અહો કૃષ્ણ તવ ગૌરાંગ બારીં, સબવિધિ તૃપ્ત અહૈં જે ભારી;
ખાવે માંહિ અરુચિ દરસાવે, ઘાસ ન ખાયં ન મુખહું ચલાવૈ. ૮૩૨
અહો મિત્ર સોઈ કાનન માંહી, હમ કછું વિશેષ કરિબો ચાહીં;
અઈ હો પાસ બતૈ હોં તોહીં, અતિહિ ગુપ્ત કરિ રાખ્યો ઓહીં. ૮૩૩
પી હૈ તહાં દૂધ કો ધૈયા, કરૈ કર્ણ પ્રિય બાત કન્હૈયા; ૮૩૪
સોને કે પાત્ર મેં દુહાયો, પી હૈં કરિ સીત્કાર સુહાયો;
હમ સબ અંતરંગ હૈ તુમ્હરે, બાત માની જુ ખહુ દિય હમ્હે. ૮૩૫
સુનહુ કૃષ્ણ અબ બીના તુમ્હારે, હમેં ન ભાવેં ઘરહુ હમારે;
છિન કહં સહ્યો ન જાય વિયોગા, હોત હમારે મન ઉદ્વેગા. ૮૩૬
તુમ સંગ બિન ખેલે હમ કાહીં, યુગ સમાન પલ એક બિતાહીં. ૮૩૭
કૃપા સિંધુ બ્રજરાજ દુલારે, નિજજન શોક નિવારન હારે. ૮૩૮
હે ગજરાજ સરિસ બલવાના, ચાહિં અકરન અબ હમહિં વયાના. ૮૩૯
દો. નિજાનંદ ઘન મહાપ્રભુ , સુન હુ સખનકી બાત.
અન્તર્વિયોગી હમદુઃખી, આનંદ દેવહુ તાત. ૮૪૦

ગ્વાલો ગાય દોહવાને માટે બોલાવે છે, એમ કહીને પ્રભુ માતાની ગોદમાંથી ઉઠયા, તે બે શ્લોકથી કહે છે. (શ્લોક ૮૪૧–૮૪૨)

છં. આનંદ દેવહુ તાત સુનિકે બાત આપ સખાન કી,
મન ખેલિબે જિનકો લગ્યો, સો યુક્તિ સોચે જાન કી;
મુખકમલ દેખહિં માતા કો, ગોદીન ઉઠિ તે ધાવ હીં. ૮૪૧
દુહિનો પિતાકી ગાય, આંગન મોહિં સખા બુલાવહીં. ૮૪૨

માતા પોતાનો વાત્સલ્યભાવ પ્રગટ કરતાં પ્રભુને વારે છે તે શ્રીયશોદાજીનાં વાક્યો સોળ શ્લોકમાંથી વર્ણન કરે છે. (શ્લોક ૮૪૩–૮૫૮)

સો. કહત યશોદામાય, આનંદનિધિ મમ બાત સુંનું;
ખડયો ગોપસમુદાય, દુહિ દૈ હે ગૈ યેં સકલ. ૮૪૩

હે સુત બ્રજ કી ગઈયેં સારી, હોવત પૈને સીંગનવારી,
હે બ્રજ પ્રિય હે કૃષ્ણ અહો હરિ, કમ્પિત મો મન તો હિં ભેજ કરિ. ૮૪૪
મમ કર્તવ્ય સુરક્ષણ તેરો, મૈં બલ જાઉં માન કહાવો મેરો,
બહુત જનમ કે પુન્ય પ્રભાવન, પ્રાપ્ત ભયો તૂ સુત મનભાવન,
અહો ગોપકુલભૂષણ, મોહના તવ અધીન પ્રાણ અસજીવન;
હે સુત સદા મહાત્મા પુરૂષન, ને કીન્હોં હે મેરો રક્ષણ. ૮૪૫
તોર્યો શકટ પૂતના મારી, તૃણાવર્ત દીનો સંહારી. ૮૪૬
ચુપ કે કરત નામ સંસ્કારા, યમલાર્જુન જડ સહિત ઉખારા;
પુનિધેનુકાસુરહિં સંહાર્યો, દુષ્ટ બકાસુર કહં હૂ માર્યો. ૮૪૭
ઘુસે આપ કાલીદહ માંહી, નાથિ ભગાયો કાલિય કાહીં;
દાવાનલકો પાન કરાઈ, ભષ્મ હોત બ્રજ જનન્હ બરાઈ. ૮૪૮
ગૈ યેં મુંજાટવી પ્રવિષ્ઠહીં, જરત બચીં તવ કૃપા સુદષ્ટહીં;
દુષ્ટ અઘાસુર મુખ ફૈલાયો, કરિ પ્રવેશ તિસુ નાશ કરાયો. ૮૪૯
ગ્રાસન સર્પ સુદર્શન કેરે, વૃષભા સુરહિં મારિ રક્ષે.
સો. સુનહુવત્સ, હેતાત, મોરિ માનિ તુમ રહહુ ઈત;
બહુત દુઃખી તવ માત, ભય ભીતી અતિ કંસ–ભાવ ૮૫૦
બહુત કષ્ટ કો તૂ જન્માયો, મેરો એકહિ પૂત કહાયો;
હોં બિસ્વાસ કરોં નહિં કોઉ, દૂર ન મમ આંખિન તે હોઉ. ૮૫૧
ગોપબાલકન લે હુ બુલાઈ, ખેલ હુ અપની હી અંગનાઈ;
જો ખેલૌ ઈહિ આંગન માંહીં, દેખન–સુખ મિષૈ મો કાહીં. ૮૫૨
તો બિન મોહિં ન રુચૈ મનોહર, મમજીવન આધારિત તો પર. ૮૫૩
પૂરો બ્રજ યહ તોહ કન્હૈયા, સબ અઈ હૈં ઈત ઘર રહું ભૈયા;
મેરો ઘર પૂરો ભર જઈ હૈ, ચિત્તમેં ભારી ઉત્સવ હુઈ હૈ. ૮૫૪
જહાં રહૈગો તૂ મમ બારે, સારે લોગ વિરહ કે મારે,
તો કહં દેખન અતિ ઉત્કંઠન, ચંહઈ આઈ કરિ હૈં મુખદર્શન ૮૫૫
હે બ્રજકે આનંદ સ્વરૂપા, મો પ્રાણન કે પ્રાણ અનુપા,
કામદેવ સોં હૂ અતિ સુન્દર, સબ જન કહં આલ્હાદી સુખકર;
નિત પ્રતિ ઉત્સવ હોવત આહીં, જબ તૂ રહત લાલ ઘર માંહી. ૮૫૬
જબતેં નંદરાયજીકે ઘર, તૂ જન્માયો હે સુન્દર વર,
તબતેં હી યા ઘર કે માહી, હમ "કુલદીપ" પ્રકાશિત પાહીં;

દો. જાદિન તે તૂ આઈયો, બેટા યા ઘરમાંહી,
સકલ સમૃદ્ધિ નિરન્તર, મિલી આઈ હમ કહિં. ૮૫૭
સો. ભે જે જે કલ્યાન, તબ બ્રજ આવન કારને;
તૂ હરિ, જીવન–પ્રાન, સર્વસ્વ લૌકિક અલૌકિક ૮૫૮

માતાના વચન સાંભળીને પ્રભુ પોતાનું નિડરપણું બતાવે છે અને માતાની આજ્ઞા લઈને ગોષ્ઠમાં (ખિરકમાં) જવા નીકળ્યા, તેનું વર્ણન સાત શ્લોકથી કરે છે. (શ્લોક ૮૫૮–૮૬૫)

સ્નેહ મમત્વ ધર્મ ભય સાનેં, માતુ બચન સુનિ પરમ સુહાને;
બોલે હરિ યા ગોકુલ માંહી, ખેલત મેં હમ કહું ડર નાહીં. ૮૫૯
માતુ ! હમાર પિતા હૈં બ્રજપતિ, બ્રજ મેં તૂ કાહે ભય માનતિ ??
બ્રજજનકો જે દ્રોહ કરે હૈં, તે ઈ અસૂર બ્રજ મારે જઈ હૈં. ૮૬૦
કિમિ ઘબરાવત દૂર ન જઈ હૌં, સાંઝ હિ ખિરક સંગ ઘર આઈ હૌં;
ગોષ્ઠ ભરેગો યોં ગોપન સોં, તબ હિં ખેલિ હૌંઈત મોહન સોં. ૮૬૧
પૈને સીંગન કી મમ ગૈયા, મારેં નહિં કાહુહિં સુનુ મૈયા ૮૬૨
મો લગિ ચિંતા કાહે કરાઈ, બ્રજ તજિ અનત ન જાઉં માઈ. ૮૬૩
હૌં અપનો સમઝહું બ્રજ કાહીં, છિનહૂ છોડિ સકહું એ હિ નાહીં;
બ્રજ મમ પ્રિય, મૈં પ્રિય બ્રજ કેરો, યો સિદ્ધાંત સત્ય સુનુ મેરો. ૮૬૪
સો. ઈમિ કહી આજ્ઞા પાઈ, ચલન લગે પ્રભુ સખન સંગ;
હાથન ગાલ ઉઠાઈ, મુખ ચુમ્બત માતા મુદિત. ૮૬૫

ગોપથી વીંટળાયેલા પ્રભુ ખિરકમાં પધારીને ગોદોહનનો ઉદ્યોગ કરીને ગાયોને દુહે છે, તેનું વર્ણન સત્તર શ્લોકથી કરે છે (શ્લોક ૮૬૬–૮૮૨)

ઘેરત કમલ કાહિં જિમિ ભૌંર, તિમિ પ્રભુ કહં ગોપન ચહું ઓર;
વેણુ વેત્ર લે અપને હાથા, ખિરક ઓર જાવત બ્રજનાથા. ૮૬૬
માથે ફેંટા કટિ પિતાંબર, બાંધન કી ડોરી લીન્હેં કર,
ગોપ વેશ ધરી કૃપા નિધાના, ગોપન સંગ નાચત ભગવાના;
ચરન નુપૂર શબ્દ સુહાયે, વેણુ બજાત દાઉસંગ ધાયે. ૮૬૭–૮૬૮
કમલનયન પ્રભુ સહજ સુભાયે,ગોપનસંગ બછરન–ગૃહઆયે;

અપને હાથન ખોલ્યો દ્વારા, બછરન કેહિ હર્ષે અપારા. ૮૬૯
ગૈયન ઢીંગ જાવે ઉત્કંઠિત, ચકિત નેત્ર જિનકે ઉત્ફુલ્લિત;
પૂંછ ઉઠાયે કાન ઉઠાયે, આપ હિં ખિરક કહં દોર લગાયે. ૮૭૦
ગૈયન બિના સાંઝ હો આઈ, વિરહ વિકલ પુનિ ભૂખ સતાઈ;
કૂદત આયે ગૈયન પાસા, થનન્હ લગે પૂરી મન આશા. ૮૭૧
ઐસે મોદ ભરે બછરન કહં, કૃપાયતન પ્રભુ પ્રમુદિત મનમહં;
દો. ગોપ વેશ શોભિત પ્રભો, દેખહિં બછરન ધેનુ;
ઈક–ઈક છિન્દન ભરિ સુધા, લગે બજાવન બેનુ. ૮૭૨

શ્રી ગુરુચરણકમલેભ્ય નમઃ

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારજશ્રી (પોરબંદર)ના વચનામૃત

વૈષ્ણવી જીવન આગળ કેમ વધે ?

પૂ.પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી ગોવિંદપ્રભુ (પોરબંદર) રાજકોટમાં પ.ભ.ભાઈશ્રી પુરૂષોત્તમદાસ ભુરાભાઈ નાગવદરવાળાને ત્યાં તા. ૪–૭–૯૪ થી ૨૭–૭–૯૪ સુધી બિરાજયા હતા. આપશ્રી દરરોજ સાંજના સાડાચારથી ૬ વાગ્યા સુધી વિવિધ વિષયોપર વચનામૃત કરતા હતા. આપના વચનામૃતનો લાભ ૫૦ થી ૬૦ વૈષ્ણવો નિયમિત રીતે લેતા હતા. જેમાં પ.ભ. જમનાદાસ ભુરાભાઈ નાગવદરવાળા, તથા 'વલ્લભસુધા' ના તંત્રી શ્રી રવજીભાઈ પ. પટેલ, શ્રી ગોરધનભાઈ શનિશ્ચરા, શ્રી વિઠ્ઠલભાઈ પુરોહિત ઉપલેટાવાળા, શ્રી જયકીશનભાઈ શાહ તથા તેમના પત્ની હંસાબેન તથા બેન જમનાબેન, તૃપ્તીબેન વગેરે મુખ્ય હતા. આવનાર વૈષ્ણવો સિદ્ધાંત જાણવાની ઈચ્છાથી પ્રશ્નો પણ પૂછતા, અને આપશ્રી તેનો ઉત્તર બહુ જ સંતોષકારક આપતા હતા.

એક દિવસ 'તૃપ્તીબહેને' આપશ્રીને પૂછ્યું કે જે જે કૃપાનાથ ? "વૈષ્ણવી જીવન આગળ વધારવા માટે શું કરવું જોઈએ ?"

ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કેઃ– આ વિષયમાં મેં ઘણાં ચિંતન અને મનનને અંતે એક પદ્ધતિ નક્કી કરી છે. તે પ્રમાણે જો જીવન જીવવામાં આવે તો ક્રમે ક્રમે આનંદથી ભક્તિમાર્ગીય જીવનમાં આગળ વધી શકાય અને જીવન પર્યંત તે નભી શકે અને તેમાંથી પાછું ન પડવું પડે.

અમે જે પદ્ધતિ નક્કી કરી છે તેના સાત સ્ટેજ છે તે ક્રમ પ્રમાણે તમોને સમજાવું.

(૧) સર્વ પ્રથમ વૈષ્ણવોએ શરણમંત્ર અને બ્રહ્મસંબંધ મંત્ર, આ બે મંત્રની દીક્ષા સાત ઘરના કોઈપણ ગુંસાઈબાલક પાસેથી લેવી જોઈએ. અને તેનાં પ્રતિકરૂપે બે માળા (તુલશીની કંઠી) અવશ્ય કંઠમાં ધારણ કરવી

જોઈએ.

(૨) બ્રહ્મસંબંધ લીધા પછી વૈષ્ણવોએ ભગવદ્ સ્વરૂપની સેવા અને સ્મરણ કરવા જોઈએ. અને અસમર્પિતનો ત્યાગ કરવો જોઈએ. પણ બધાની સ્થિતિ એક સરખી હોતી નથી. શારીરિક, આર્થીક અને માનસિક સ્થિતિ દરેકની અલગ અલગ હોય છે. તેથી બધા સેવા કરી શકતા નથી. તેથી તેવાઓએ પણ શ્રીઠાકોરજીના ચિત્રજીની સન્મુખ સવારમાં નાહીને અષ્ટાક્ષરની એક માળા, શ્રીસર્વોત્તમસ્તોત્રનો એક પાઠ, અને એક શ્રીયમુનાષ્ટકનો પાઠ આટલું નિત્ય નિયમ પૂર્વક કરે અને સાથે સાથે એવું નક્કી કરે કે આજથી બજારનું ખાન–પાન નહીં કરૂ. બજારનું ભ્રષ્ટ ખાન–પાન કરવાથી બુદ્ધિ બગડે છે.તેથી સેવા–સ્મરણમાં ચિત્ત લાગતું નથી. આ રીતે કરવાથી જીવનમાં થોડો ઘણો સંયમ આવે છે. અને આગળ વધવાની ઈચ્છા જાગૃત થાય છે.

(૩) ઉપર પ્રમાણે ચિત્રજી સન્મુખ જપ–પાઠ કરવાથી અને બજારનું ખાન–પાન તજવાથી શ્રીઠાકોરજીની કૃપા વધે છે. તેથી શ્રીઠાકોરજી પુષ્ટાવીને સેવા કરવાની અનુકુળતા શ્રીઠાકોરજી કરી આપે છે. તેથી પ્રથમ સૂક્ષ્મ સેવા માટે શ્રીનાથજી અથવા શ્રીયમુનાજીના ચિત્રજી પોતાના બ્રહ્મસંબંધ દાતા શ્રીગુરૂદેવ પાસેથી જ પુષ્ટાવી ને પ્રથમ સેવા–મીશ્રી ભોગ ધરવાની આજ્ઞા લેવી. અને સાથે સાથે એવો નિશ્ચય કરવો કે આજથી વૈષ્ણવના ઘરનું જ ખાન–પાન કરીશ. અવૈષ્ણવના ઘરનું નહીં લઉં. તથા પોતાના ઈષ્ટદેવ એવા શ્રીપૂર્ણપુરૂષોત્તમનો દઢ આશ્રય રાખે અને અન્યાશ્રયનો ત્યાગ કરે. આ રીતે સેવા કરવાથી સંયમ દઢ થશે અને સેવા–સ્મરણમાં રૂચી વધશે.

(૪) ઉપર પ્રમાણે સેવા કરવાથી, અને અવૈષ્ણવોના ઘરનું ન લેવાથી માર્ગ નિષ્ઠા દઢ થાય છે. ત્યાર પછી નાગરી–દુધગર ધરવાની આજ્ઞા લેવી જોઈએ. અને સાથે સાથે જપ–પાઠનો નિયમ પણ વધારતા જવું જોઈએ. અષ્ટાક્ષરનો જપ, શ્રીસર્વોત્તમજી, શ્રીયમુનાષ્ટક ઉપરાંત શોડષગ્રંથમાંથી એક ગ્રંથનો પાઠ, શ્રી પુરૂષોત્તમ સહસ્ત્ર નામનો એક સ્કંધનો પાઠ કરવાથી તથા જમવાની રસોઈમાં શ્રીઠાકોરજીનો પ્રસાદ મિલાવીને લેવાનો ક્રમ રાખવાથી અન્નદોષની નિવૃત્તિ થાય છે.

(૫) આ રીતે સેવા અને સ્મરણ નિષ્ઠાપૂર્વક કરતા રહેવાથી શ્રીઠાકોરજીની કૃપાથી અનુકુળતા પ્રાપ્ત થતી જાય છે. અને અનુકુળતા વધે તો આગળ વધવા માટે અનસખડી ભોગ ધરવાની આજ્ઞા લેવી જોઈએ. અનસખડી ધરવામાં ખાસા–સેવકી, અપરસ, જુઠણ, પ્રસાદી વગેરે પુષ્ટિમાર્ગીય આચાર પ્રણાલિનું જ્ઞાન, જે સેવા કરતા હોય તેની પાસેથી મેળવીને જ ઝારીજી પણ ભરવા જોઈએ. તેથી જલની પણ સુવિધા હોવી જરૂરી છે. આ રીતે અનસખડી ભોગ ધરવાની આજ્ઞાની સાથે સાથે જયાં સત્સંગ થતો હોય ત્યાં અવશ્ય જવું જોઈએ. પુષ્ટિમાર્ગીય ગ્રંથોનું પણ વાંચન મનન કરવું જોઈએ. જેથી કરીને માર્ગના સિદ્ધાંતોનું જ્ઞાન થાય અને ભાવ વધે.

(૬) ઉપર પ્રમાણે અનસખડી સુધી પહોંચ્યા પછી શ્રીઠાકોરજીની કૃપાથી ભાવના વધે તો સખડી ભોગ ધરવાની આજ્ઞા લેવી. સખડી ધરવાની આજ્ઞા એટલે 'મન–મરજાદ' પાકી મરજાદ અને મનમરજાદમાં ફેર એ છે કે મનમરજાદમાં કારણવશાત બહાર જવું પડે અને સગા–સંબંધીઓમાં કયાંક ખાન–પાન કરવું પડે તો ખાઈ શકાય છે અને ઘરે આવી એક ઉપવાસ કરી સેવામાં નહાય શકાય છે. જયારે પાકી મરજાદમાં મરજાદી સિવાય કોઈના ઘરનું ન લેવાય.

(૭) આ રીતે ક્રમથી ધીમે ધીમે આગળ વધવાથી આપણું વૈષ્ણવી જીવન દઢ બને છે. અને આપણને આત્મવિશ્વાસ થઈ જાય છે કે હવે આપણે પાછા નહીં પડીએ. આવી દઢતા થયા પછી પાકી મરજાદ લેવી જોઈએ. અને શ્રીઠાકોરજીની મંગળાથી શયન પર્યંતની સેવા કરવી જોઈએ. અને સાથે સાથે કથા–કીર્તન અને સ્મરણ પણ કરતા રહેવું જોઈએ. કથામાં ચોરાસી–બસોબાવન વૈષ્ણવની વાર્તા, શીક્ષાપત્રોનું વાંચન, શોડષ ગ્રંથો, શ્રીમદ્ ભાગવત વગેરે ગ્રંથોનું વાંચન કરવું જોઈએ.

કીર્તનમાં દીનતા, વિરહ, અને માહાત્મ્યના પદોનું ગાન ખાસ કરીને કરવાથી દાસભાવ, દીનતા અને શ્રીઠાકોરજીનું માહાત્મ્ય જ્ઞાન થાય છે. અને સ્મરણમાં અષ્ટાક્ષર, પંચાક્ષરનો જપ, અને શ્રીયમુનાષ્ટકજી અને શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીના સ્તોત્રોનો પાઠ વગેરે કરવા જોઈએ.

આ રીતે સેવા અને કથા કરનારના ભાવનો નાશ ક્યારે પણ થતો નથી એવી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.આ રીતે સેવા સ્મરણ કરવાથી ક્રમે કરીને પ્રેમ, આસક્તિ અને વ્યસન સુધી ભાવની સ્થિતિ શ્રીમહાપ્રભુજીની કૃપાથી વધે છે. અને કદાચ આ જન્મમાં પ્રેમાવસ્થા સુધી પહોંચ્યા જોઈએ અને દેહપાત થાય તો બીજા જન્મમાં પ્રેમ જન્મથી જ હોય છે અને આસક્તિ અને વ્યસન આ બે જ અવસ્થા પ્રાપ્ત કરવાની રહે છે.

આ રીતે આપશ્રીએ તૃપ્તિબહેનના પ્રશ્નના જવાબમાં વિસ્તૃત રીતે સમજાવેલ. જે સાંભળી વૈષ્ણવો અતિ આનંદિત થયા હતા.

સંગ્રાહક– લાલજી ગો. પટેલ, ગણોદ

પ.ભ.ઝવેરમાનો ગૌલોકવાસ

શ્રીજીના કૃપાપાત્ર લાડીલા વૈષ્ણવ પરમ ભગવદીય શ્રી ઝવેરમા તા. ૨–૧–૯૮ ના શ્રીઠાકોરજીની લીલામાં પહોંચી ગયા. નાથદ્વારામાં શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરના મેડા પર ૪૦ વર્ષ ઉપરાંતથી રહેતા હતા. અને નિત્ય વહેલી સવારથી શ્રીજીના શાકઘરની સેવામાં પ્રવૃત્ત રહેતા હતા. કદી ભગવદ્ નામ સિવાય અન્ય બોલવું નહિ, નાથદ્વારા છોડી ક્યાંય જવું નહિ અને શ્રીવલ્લભ , સર્વોત્તમસ્તોત્રનું સતત રટણ કરવું એ જ એમનું જીવનકાર્ય હતું. ૧૦૭ વર્ષ સુધીનું આયુષ્ય સેવામાં અને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો પ્રમાણે જીવવામાં પુરૂ કર્યુ. આવા એક મહાનુભાવી વૈષ્ણવ મહીલા ભગવદીયને આં.પુ.વૈ.પરિષદ મહિલા શાખાની હાર્દિક શ્રદ્ધાંજલિ. : પ્રેષક– વીણાબેન શેઠ, મણીનગર.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૧. પ.ભ. કાન્તાબેન તથા પ.ભ. શ્રીજગમોહનદાસ હરજીવન દાસ પારેખ મોરબી–અમદાવાદના જય શ્રી કૃષ્ણ
૨. પ.ભ. ગંગાબેન ડી.પારેખના સવિનય ભગવદ્ સ્મરણ, હ. ઈન્દુબેનના જય શ્રી કૃષ્ણ.

◻ કંઠાભરણમ્ ◻

ઈશ્વરપરાયણતા

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ। નિર્મમો નિરહંકારઃ સમદુઃખ સૂખઃ ક્ષમી ॥
સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દઢનિશ્ચયઃ। મય્યર્પિત મનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥

પ્રાણીમાત્રનો દ્વેષ ન કરનાર, સૌનો મિત્ર તથા કરુણાવાળો, મમતા રહિત, અહંકાર રહિત, સુખદુઃખમાં સમભાવવાળો અને ક્ષમાવાળો, નિરંતર (લાભ કે હાનિમાં) સંતુષ્ટ, મન અને ઈન્દ્રિયો સહિત શરીરને વશ રાખનારો, યોગી, (મારામાં) દઢનિશ્ચયવાળો, મારામાં મન, બુદ્ધિ અર્પણ કરનારો જે મારો ભક્ત છે એ મને પ્રિય છે.

અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ। સર્વારંભ પરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥

અપેક્ષાઓથી રહિત તથા બહારથી અને અંદરથી પવિત્ર (સત્યતાપૂર્વક શુદ્ધ વ્યવહારથી પ્રાપ્ત દ્રવ્યની અને એવા અન્નથી આહારની તથા યથાયોગ્ય વર્તાવથી આચરણની અને જળ, માટી વગેરેથી શરીરની શુદ્ધિને બહારની પવિત્રતા કહે છે.) ચતુર (જે કામ માટે આવેલો તે કામ પુરૂ કર્યુ છે એવો), પક્ષપાતથી રહિત, દુઃખોથી છૂટેલો,સર્વ આરંભોનો ત્યાગ કરનારો (અર્થાત્ મન, વાણી અને શરીર દ્વારા પ્રારબ્ધથી થવાવાળા સંપૂર્ણ સ્વાભાવિક કર્મોમાં કર્તાપણાના અભિમાન વગરનો), એવો જે મારો ભક્ત છે એ મને પ્રિય છે.

યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ। શુભા શુભ પરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ ॥

જે (શુભ પ્રાપ્તિમાં) હર્ષ પામતો નથી, (અશુભ પ્રાપ્તિમાં દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, કામના કરતો નથી તથા જે ભક્ત શુભ—અશુભ બધાં જ કર્મોનાં ફળનો ત્યાગ કરે છે (શુભ અશુભમાં સ્પૃહારહિત છે) તે મને પ્રિય છે.

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ। મા મે વૈષ્યસિ યુક્ત્વૈ વ માત્માનં મત્પરાયણઃ ॥

મારામાં ચિત્ત રાખનારો, મારું પુજન કરનારો, મારો ભક્ત થા, મને નમસ્કાર કર. એ પ્રમાણે ચિત્તને એકાગ્ર કરીને મારામાં પરાયણ થઈ તું મને જ પામીશ.

યો માં પશ્યતિ સર્વત્ર સર્વ ચ મયિ પશ્યતિ। તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥

જે પુરૂષ સર્વ ભૂતોને મને (પરમાત્માને) જ જુએ છે તથા સર્વ ભૂતોને મારામાં જુએ છે, એ હંમેશા મારો બનીને જ રહે છે. અને હું એનો બનીને રહું છું. અમે એક બીજાને કદી છોડતા નથી. [**'કંઠાભરણમ્'** કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રી વ્યાસદાસજી

[મનુષ્ય કે દશ ધર્મ]

સંપાદક :— શ્રી હનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર :—ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

ગતાંકથી ચાલુ

મનુ મહારાજ કહે છેઃ

ઈન્દ્રિયાણાં તુ સર્વેષાં યદ્યેકં ક્ષરતીન્દ્રિયમ્ । તેનાસ્ય ક્ષરતિ પ્રજ્ઞા દતેઃ પાદાદિવોદકમ્ ॥ મનુ. ૨/૯૯

પાણીની પખાલમાંથી જેવી રીતે એક કાંણુ થવાથી પાણી નીકળી જાય છે તેવી રીતે બધી ઈન્દ્રિયોમાંથી જો એક ઈન્દ્રિય પણ વિષયમાં આસક્ત થઈ જાય તેના દ્વારા બુદ્ધિ નષ્ટ થઈ જાય છે.

તેથી વિષય– ભોગોમાં દુઃખ અને દોષ જોઈ જોઈને ઈન્દ્રિયોને તેમાંથી હટાવવી અને તેમને ઉત્તમ આવશ્યક તથા કલ્યાણમય કર્તવ્ય કર્મોમાં હંમેશા લગાવવી જોઈએ. આને ઈન્દ્રિયોને વશ કરવાનું કહેવાય છે. ભગવાન કહે છે :

વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥

જે પુરૂષની ઈન્દ્રિયો વશમાં હોય છે તેની બુદ્ધિ સ્થિર હોય છે. પરંતુ યાદ રાખવું જોઈએ કે કેવળ જબરજસ્તીથી વિષયોમાંથી રોકવાથી જ ઈન્દ્રિયો વશમાં નથી આવતી. મનુ મહારાજ કહે છે :

ન તથૈતાનિ શક્યન્તે સંનિયન્તુમ સેવયા । વિષયેષુ પ્રભુષ્ટાનિ યથા જ્ઞાને નિત્યશઃ ॥ મનુ. ૨/૯૬

વિષયાસક્ત ઈન્દ્રિયો (વિષય અને શરીર નાશવંત અને ક્ષણભંગુર છે, એક પરમાત્મા નિત્ય સત્ય છે) આ પ્રકારના હંમેશના વિવેકથી જેટલી વશમાં થાય છે, તેટલી ફક્ત ત્યાગથી વશમાં નથી આવતી.

ઈન્દ્રિય નિગ્રહના બાર ઉપાય

૧. ભોગોની ક્ષણભંગુરતાનો નિત્ય વિચાર કરવો.
૨. ભોગોના દોષ અને દુઃખોને જોતા રહેવું.
૩. પરમાત્માની નિત્યતાનું નિત્ય મનન કરવું.
૪. પરમાત્માની પ્રાપ્તિના પરમ સુખની સદા કલ્પના કરવી.
૫. ભગવન્નામનો જપ કરવો.
૬. સર્વદા સારા કામમાં લાગી રહેવું.
૭. નકામા એકાંતમાં ન રહેવું.
૮. સત્પુરૂષોનો સંગ અને સત્ શાસ્ત્રોનું અધ્યયન કરવુ.
૯. સાત્વિક પદાર્થ ખાવા.
૧૦. જયારે ઈન્દ્રિય કોઈ આકસ્મિક વિષય તરફ ઝુકે ત્યારે તેમાં આકસ્મિક રીતે ન ચાલુ થવું. થોડું રોકાઈ જવું તેના પરિણામનો વિચાર કરવો.
૧૧. વ્યાયામ અને યોગના આસનોનો અભ્યાસ કરવો.
૧૨. પરમાત્માની નિત્ય સ્તુતિ કરવી.

આ પ્રયત્નોથી ઈન્દ્રિય નિગ્રહમાં ઘણી સહાયતા મળે છે. અંતમાં તે જીતેન્દ્રિય થઈ જાય છે. જીતેન્દ્રિય પુરૂષના લક્ષણ એ છે :

શ્રુત્વા સ્પૃષ્ટવા ચ દષ્ટવા ચ ભુક્તવા ઘ્રાત્વા ચ યો નરઃ । ન દષ્યતિ ગ્લાયતિ વા સ વિજ્ઞેયો જિતેન્દ્રિયઃ ॥ મનુ. ૨/૯૮

જે પુરૂષ (સ્ત્રીઓના સુંદર ગાયન, પોતાની મોટાઈ તથા કઠોર વચન અને નિંદા) સાંભળી, (કોમળ અંગ, પુષ્પ, નરમા નરમ ગાદી કે કઠોર પહાડી પથરા, મોટો કામળો કે ખાલી જમીનનો) સ્પર્શ કરી, (સ્ત્રી, સુંદર દશ્ય, બાગ બગીચા કે દુઃખદાયી કરુણ દશ્ય) જોઈને, (મધુર મેવા મિઠાઈ કે રૂખો–સુખો પદાર્થ) ખાઈને અને (સુગંધ કે દુર્ગંધયુક્ત પદાર્થોને) સૂંઘીને હર્ષ અને ગ્લાનિ ન અનુભવે તે જિતેન્દ્રિય છે.

પુસ્તક પરિચય

૧. હરિ કરે સો હિત

લેખક– પ્રા. રમેશભાઈ વિ. પરીખ પ્રકાશક– શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં–૨, બી. કે. સીનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨.

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૧૬ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ . પુસ્તક પ્રકાશન સહાય રૂ.૧૦૦

પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા પુષ્ટિ સિદ્ધાંતોને પોતાની આગવી શૈલીમાં યુવાવર્ગને અનુરૂપ નવલકથા દ્વારા સુંદર રીતે રજું કર્યા છે. સત્ય હકીકતો અને થોડી કલ્પનનો સહારો લઈને સુંદર નવલકથા રજું કરી છે.પુષ્ટિ સંપ્રદાયને આવી સરળ રીતે યુવાજન સમાજ સામે રજુ કરવાનો સરળ અને સ્તુત્ય પ્રયાસ છે.

યુવા વર્ગે તથા દરેક વૈષ્ણવજનોએ વાંચવા વસાવવા લાયક પુસ્તક.

૨. સુખ દુઃખ પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ

લેખક–પ્રકાશક ઉપર ક્રમ ૧ મુજબ

આઠ પેઈજી ડેમી સાઈજ પાના ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ. પુસ્તક પ્રકાશન સહાય રૂ.૫

ફાસ્ટ અને ઈન્સ્ટન્ટ યુગમાં પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણની સુખ દુઃખને સરળતાથી થોડા સમયમાં સમજવા માટે ખૂબજ ઉપયોગી પુસ્તિકા. પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધહસ્ત લેખક દ્વારા પુષ્ટિ પરિચય શ્રેણીનું બીજું પુષ્પ છે.

સંપૂર્ણ શ્રેણી વાંચવા વંચાવવા અને માણવા લાયક છે. પુષ્ટિ સંપ્રદાયને સરળતાથી સમજવા માટે આથી સહેલો અને સરળ ઉપાય બીજો કયો હોઈ શકે ?દરેક વૈષ્ણવ પરિવારે, પુષ્ટિસાહિત્ય પ્રેમી એ આ શ્રેણીના દરેક પુષ્પને વસાવવા જ રહ્યા.

૩. આજ બિરજમેં હોરી રે રસીયા

સંપાદક– શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ પ્રકાશક–શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ
મર્શીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ– ૪૦૦૧૦૧

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂ.૧૦ પોસ્ટેજ પેકીંગ રૂ.૩

શ્રી પુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા ૨૧ મી છે.તેમાં હોરીના સમયમાં ગવાતા રસિયા ૧૦૦ નો ઉમદા સંગ્રહ છે. રસીયા ઉત્તરપ્રદેશના પારંપારિક લોકગીતો છે. વસંત પંચમીથી રસીયા ગવાય છે. ખેલના ૪૧ દિવસમાં એટલે કે ડોલોત્સવ સુધી મહિલામંડળો અને કીર્તન મંડળીઓ દ્વારા વૈષ્ણવોના ઘરે કે અન્ય અનુકુળ સ્થળે પણ રસીયા ગાવા સમાજ બેસે છે. તેમને માટે આ ઉપયોગી પુસ્તિકા છે. રસીયામાં અલૌકિક શૃંગાર છે. સચ્ચિદાનંદ શ્રીનંદનંદનને સર્વાત્મભાવે આત્મસમર્પણ છે. આ કોઈ વ્યક્તિ વિશેષ માટેની કામના નથી. આમાં કોઈ દૈહિક શૃંગારની ભાવના નથી. માટે અલૌકિક ભાવના પૂર્વક ગાવા અને માણવા જેવી આ પુસ્તિકા છે.

૪. નમો ભગવતે કૃષ્ણાયાદ્ભુતકર્મણે–૩

સંપાદક– પ્રકાશક ઉપર મુજબ

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૦ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ. ન્યોછાવર રૂ.૧૦ પોસ્ટેજ રૂ.૩

શ્રીમદ્ ભાગવદમાંની સ્તુતિઓમાં પરમ તત્વની બહુમુખ પહેચાન છે. ''નમો ભગવતે કૃષ્ણાયાદ્ ભુત કર્મણે'' ની પ્રથમ બે પુસ્તિકાઓમાં ૧ થી ૯ માં સ્કંધ સુધીની મુખ્ય સ્તુતિઓનો સમાવેશ મૂળ શ્લોકના ભાવાર્થ સાથે કરવામાં આવેલ છે.

આ ત્રણેય પુસ્તિકાઓમાં પ્રસ્તુત થયેલ સ્તુતિઓમાં સમગ્ર ભાગવતજીનો સાર આવી જાય છે. વૈષ્ણવોએ આ ત્રણેય પુસ્તિકાઓ વાંચવા–વસાવવા યોગ્ય છે. પુસ્તિકામાં અનુક્રમણિકા આપવામાં આવે તો પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવેલ વિષયની જાણકારી મળી રહે.

૫. પુષ્ટિમાર્ગીય નિત્ય સ્મરણ સ્તોત્ર પાઠાવલી

નાની સાઈઝ ૧૨૬ પૃષ્ઠ ૧ બહુરંગી ચિત્રજી ન્યોછાવર રૂ.૧૨ પોસ્ટેજ રૂ.૨

આ પુસ્તિકામાં પુષ્ટિમાર્ગના મુખ્ય સિદ્ધાંત – પ્રાતઃસ્મરણમ– શ્રીસર્વોત્તમ સ્તોત્ર– શ્રીસપ્તશ્લોકી– શ્રીવલ્લભાષ્ટક શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર– શોડષ ગ્રંથમૂલ– શ્રીગોપીગીત– બ્રહ્મસંબંધનો ભાવાર્થ– શ્રીસર્વોત્તમજીનું ધોળ– શ્રીયમુનાજીના ૪૧ પદ– શ્રીયમુનાજીની આરતી– શ્રી વલ્લભાખ્યાન અને મૂલપુરૂષ– શ્રી ચોરાશી વૈષ્ણવનું ધોળ– તેમજ અન્ય ધોળ પદનો સંગ્રહ છે. આ પુસ્તક મનોરથ તેમજ સ્વજનોની સ્મૃતિરૂપે વિતરણ કરવા ઉપયોગી છે.

પ્રાપ્તિસ્થાન :– પ્લસ કોમ્યુનીકેશન્સ, પબ્લીકેશન ડીવીઝન, અમૃત નિવાસ, ઘેલારામજીની શેરી, રાજકોટ.

સમાચાર

મદ્રાસમાં પૂ.પા.ગો.શ્રી મથુરેશ્વરજી મહોદયનો ષષ્ઠીપૂર્તિ અભિવાદન સમારંભ

શ્રી શુદ્ધાદ્વૈત મહાસભા, શ્રીવલ્લભાચાર્ય વિદ્યાસભા તથા મદ્રાસ વૈષ્ણવ સમાજ તરફથી પૂ.પા.ગો. શ્રીમથુરેશ્વરજી મહોદય (સૂરત–વડોદરા)નો ષષ્ઠીપૂર્તિ અભીવાદન તથા કોલીપેરૂમલ ચેટ્ટી વૈષ્ણવ હાયર સેકન્ડરી સ્કૂલનો રજત જયંતિ મહોત્સવ તા. ૧૯–૨૦ જાન્યુ. ના રોજ શ્રીનારદગાન સભા ઓડીટોરીયમમાં પૂ.પા.ગો. શ્રી અજયકુમારજી મહોદય (પૂના–મદ્રાસ) ના સાંનિધ્યમાં ઉજવાયેલ.

તા.૧૯ મી ના ઉપરોક્ત સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા મંગલાચરણ, શ્રી ગોકુલાષ્ટક, શ્રીગોપીગીત વગેરે સુંદર નૃત્ય વાદ્ય સાથે પ્રસ્તુત થયેલ તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ થયેલ.પૂ. શ્રી મથુરેશ્વરજી મહોદયે આશિર્વચન આપેલ. દક્ષિણ કાંચીકામ કોટી પીઠના શ્રીશંકરાચાર્ય દ્વારા પૂ. શ્રીનું શાલ, પુષ્પ માલા દ્વારા સ્વાગત થયેલ.અતીથી વિશેષ તરીકે પ્રો.બી.પી. ખંડેલવાલ (સેન્ટ્રલ બોર્ડ ઓફ એજયુકેશન–દિલ્હી) ઉપસ્થિત રહેલ.

તા.૨૦–૧ ના સ્કૂલના બાળકો દ્વારા મંગલાચરણ, સમૂહ નૃત્ય અને જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જીવન ચરિત્ર ઉપર તામીલ ભાષામાં નાટીકા પ્રસ્તૂત કરવામાં આવેલ.તમીલ ભાષી લોકોને શ્રીમહાપ્રભુજી વિશે ઘણી જ જાણકારી મલેલ. ડો. કે.સુબ્રમણયમ (માજી ચેરમેન પોંડીચોરી સેન્ટ્રલ યુની.)ના હસ્તે સ્કૂલનું સોવેનીયર ખુલ્લું મકાયેલ. પૂ.પા. શ્રીમથુરેશ્વરજી મહોદયનું વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન થયેલ. તેમજ આપશ્રીના તથા પૂ. પા.શ્રી અજયકુમારજીના આશીર્વચન – વધાઈ કીર્તન દ્વારા કાર્યક્રમ સંપન્ન થયેલ.

રાજકોટમાં શુભ લગ્ન પ્રસ્તાવ

“પૂ.પા. ગો.૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (બોરીવલી, શ્રીમદ્ ગોકુલ રાજકોટ)ના દ્વિતીય આત્મજ પૂ.પા.ગો.શ્રીગોવિંદરાયજી બાવાશ્રીના મોટા બેટીજી ચિ. શ્રીનિલમરાજાના શુભ વિવાહ પ્રસ્તાવ દિ. ૨૫–૧–૯૮ના દિવસે પૂ.પા.ગો.૧૦૮ નિ.લી.શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી (કોટા) ના દોહિત્ર ચિ. શ્રી ભૂપેશકુમારજી રેહી (શ્રી દિનેશકુમાર રેહી એવં પૂ. શ્યામલતા બેટીજીના સુપુત્ર) સાથે નિરધારેલ. જે અતિ આનંદ એવં અતિ સુખરૂપ સંપન્ન થયેલ. વિવાહ પ્રસ્તાવમાં પૂ.ગોસ્વામી બાલકો એવં સજાતીય ભટ્ટ વર્ગે ઉપસ્થિત રહી નવ યુગલને શુભાશિર્વાદ આપેલ. ઉપસ્થિત પૂ.વલ્લભકુલ બાલકોમાં પૂ.પા.ગો.શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી, શ્રી રાજીવલોચન જી, શ્રી ગોવિંદરાયજી, શ્રી ગોપિકાલંકારથી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી રસિકરાયજી (જુનાગઢ–જામનગર), શ્રી હરિરાયજી, શ્રી વલ્લભબાવા, (જામનગર), શ્રી શ્યામ બાવા (કાશી–બનારસ),શ્રી પુરૂષોત્તમલાલજી (જુનાગઢ), શ્રી શ્યામબાવા શ્રી (બોરીવલી), શ્રી મટુબાવાશ્રી (વિરમગામ), શ્રી કિશોરચંદ્રજી, (જુનાગઢ), શ્રી અનુ બાવાશ્રી (માંડવી) શ્રી ભૂષણબાવાશ્રી (માંડવી–ગોકુલ) , શ્રી પ્રબોધકુમારજી, શ્રી રમેશકુમારજી(મુલુંડ), શ્રીપ્રશાંતકુમારજી (મુંબઈ), શ્રીમુરલીમનોહરજી, શ્રી કમલેશ કુમારજી (મુંબઈ), શ્રી કૃષ્ણકુમારજી, શ્રી ગોપાલલાલજી, શ્રી રાજેષકુમારજી એવં ચિ.બાલકો, શ્રીદ્વારકેશલાલજી(કાંકરોલી–વડોદરા), શ્રી નિરજકુમારજી એવં ચિ.બાળકો(મુંબઈ), શ્રી વલ્લભલાલજી(કડી–અમદાવાદ), શ્રી રવિન્દ્રબાવાશ્રી (રાજકોટ), શ્રી પુરૂષોત્તમલાલજી એવં શ્રી પ્રણવબાવાશ્રી, શ્રી ઘનશ્યામલાલજી(મુંબઈ), શ્રી અનુબાવા (રાજકોટ–લક્ષ્મીવાડી), શ્રી રસિકરાયજી (પોરબંદર), શ્રી શિલુ બાવાશ્રી(પોરબંદર–વેરાવળ), શ્રી ભાગવતકુમારજી, શ્રી કુંજરાયજી, શ્રી ગિરધરલાલજી, શ્રી પરાગ બાવાશ્રી, શ્રી રુચિરકુમારજી. પ્રસ્તાવમાં બિરાજી ઉપસ્થિત વૈષ્ણવોને દર્શન સુખ આપેલ. પસ્તાવ પ્રારંભ દિ.૨૩–૧–૯૮થી થયેલ.તે દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો –વધાઈ કીર્તન–ઢાઢી લીલા–વૈષ્ણવ બાળકોના રાસ –નૃત્ય ઈત્યાદીનું આયોજન થયેલ. વિવાહ પ્રસ્તાવ દરમિયાન નિત્ય શ્રીવિવાહ પ્રસ્તાવ સમિતિ દ્વારા મહાપ્રસાદ લેવરાવવાની વ્યવસ્થા રાખેલ. બડી પઠોની (૨૬–૧–૯૮) ના દિવસે પૂ.શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી એ સેવાભાવી કાર્યકરોને ઉપરણાં ઓઢાડી આશિર્વાદ આપેલ.પ્રસ્તાવનો અલૌકિક આનંદ સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોએ અવિસ્મરણીય રીતે મેળવેલ.

ડાકોરમાં ચિ.ગો. શ્રી વ્રજાભરણજી બાવાશ્રી (રાજનગર) તો મુંડન પ્રસ્તાવ

અખંડ ભૂમંડલાચાર્ય જગદ્ગુરૂ શ્રીમહાપ્રભુ અનંત શ્રી વિભૂષિત શ્રીવલ્લભાચાર્ય ચરણાવતંસ ગોબ્રાહમણ પ્રતિપાલ શ્રી ગોપીનાથાચાર્ય દીપક પીઠાધીશ્વર શ્રીમદ્ ગોસ્વામી શ્રીવૃજનાથજી મહારાજ(રાજનગર) નાં દ્વિતીય લાલજી ચિ. ગો. શ્રીવ્રજાભરણ બાવા(શ્રી રણછોડલાલજી) તો શુભ મુંડન પ્રસ્તાવ તા.૩૦–૧–૯૮ને શુક્રવાર સંવત્૨૦૫૪ મહા સુદ –૩ ના રોજ ડાકોર મુકામે ઉજવાઈ ગયો.

આ પ્રસંગે તા.૨૪–૧–૯૮ને શનિવારે ‘હવેલી’ દોશીવાડાની પોળથી શોભાયાત્રા નીકળી હતી. તા. ૨૫–૧–૯૮ ને રવિવારે અસારવા બેઠકે ‘શ્રી’ ના પલનાં અને નંદમહોત્સવનો મનોરથ ભવ્યરીતે ઉજવાયો.સાંજે ‘શ્રી’

ના હટડીના દર્શન કરાવવામાં આવ્યા હતા. તા.૨૬–૧–૯૮ ને સોમવારે સવારે ૧૦–૩૦ વાગે 'શ્રી' સહિત શ્રીમાનોનું પરિવાર અને અનેક વૈષ્ણવો ડાકોર જવા રવાના થયા હતા.મહેમદાવાદ શ્રી ગોવર્ધનનાથજીના મંદીરમાં તપેલી કરી બપોર પછી સૌ અલીણા–શ્રી ગુંસાઈજીની બેઠક જવા રવાના થયા હતા.અલીણામાં રાત્રિ મુકામ કર્યો હતો.તા.૨૭–૧–૯૮ સવારે સૌએ ઝારી–ચરણસ્પર્શ–ભેટ ધરી સૌ પદયાત્રા ડાકોર જવા રવાના થયા હતા. માર્ગમાં સૌએ ધોળપદ–કિર્તન ગાયા હતા. રસ્તો કયાં પસાર થઈ ગયો તેની કોઈને ખબર જ ન પડી.

ડાકોર ટેમ્પલ બોર્ડ, વેપારી મહાજન વગેરેએ આપશ્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યુ હતુ.ગોમતી કાંઠે શ્રી બેઠકે તપેલી કરી સૌએ મહાપ્રસાદ લીધો હતો.

તા.૨૮–૧–૯૮ ને બુધવારે પોષ વદ–૩૦ આપશ્રી તરફથી રણછોડરાયનો મહાભોગનો મનોરથ કરવામાં આવ્યો હતો. તેમજ બેઠકે પલના –નંદમહોત્સવનો મનોરથ રાખવામાં આવ્યો હતો.વૈષ્ણવોએ અલૌકિક દર્શન કરી ધન્યતા અનુભવી.સાંજે ભારતનાટયમનો કાર્યક્રમ અમદાવાદની કલાકાર બહેનો દ્વારા રજુ થયો.

તા.૨૮–૧–૯૮ ને ગુરૂવાર મહાસુદ–૧ સવારે રાજાધિરાજ શ્રીરણછોડરાયની પરિક્રમા તેમજ શ્રી વ્રજાભરણબાવાની તુલાદાન માટે પુનિત આશ્રમથી શોભાયાત્રાના રૂપે નીકળ્યા.સૌરાષ્ટ્રના કેસરિયા મંડળીના વૈષ્ણવોએ ધોળપદ કિર્તન ગાયા.સર્વે એ રણછોડરાયજીની પરિક્રમા કરી.ગોમતી કાંઠે ચિ.વ્રજાભરણ બાવાની તુલાદાન વિધિ કરાવવામાં આવી. જે સમગ્ર પ્રસંગ અવિસ્મરણીય બની રહ્યો.

ત્યારબાદ પુનિત આશ્રમમાં 'શ્રી'નો છાકનો મનોરથ હતો. આજ દિવસે ડાકોર ગામનાં સમસ્ત બ્રાહ્મણોને આપશ્રી તરફથી ભોજન કરાવવામાં આવ્યું. લગભગ ૪૦૦૦ બ્રાહ્મણોએ આંબાવાડીમાં ભોજન કર્યુ.સૌને દક્ષિણા આપવામાં આવી.

તા.૩૦–૧–૯૮ ને શુક્રવાર મહાસુદ–૩નાં ગો.ચિ.વ્રજાભારણબાવાનો મુંડન પ્રસ્તાવ વહેલી સવારથી જ લોકોમાં અનેરો આનંદ ઉત્સાહ હતો.મુકામ પાસે સૌ વૈષ્ણવો ધોળપદ કિર્તન ગાતાં હતાં નાચતાં હતા.

આ પ્રસંગે કામવનથી ગો.શ્રી વલ્લભલાલજી મહારાજ (પંચમ પીઠાધીશ્વર) ગો.શ્રી દ્વારકેશલાલજી મહારાજ.ગો.શ્રી નવનીતજી મહારાજ (કામવન) ગો.શ્રી ગોપાલબાવા (વડોદરા–કામવન) ગો.શ્રી રાજેશકુમારજી મહારાજ (કડી–અમદાવાદ) ગો.શ્રી જયદેવલાલજી (કડી–અમદાવાદ) ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ (કડી–અમદાવાદ) વગેરે ગોસ્વામી બાળકો તથા શ્રી વિદૂરભૂષણ ગોષ્ટિલાલ, શ્રી વત્સાંક ચક્રવર્તી, પૂ. શ્રીપદ્મનાભ ચક્રવર્તી વગેરે લાલાજી ભટ્ટજીઓ અને શ્રીનવનીતપ્રિયા શાસ્ત્રી, શ્રી ઘનશંકર વૈદ્ય, શ્રી મધુભાઈ ઉપાધ્યાય વેગેરે શાસ્ત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.શોભાયાત્રા રૂપે સૌ નાચતાં ગાતાં રાજાધિરાજ શ્રી રણછોડરાયના સભામંડપમાં પહોંચ્યા હતા. ત્યાં ગો.ચિ. શ્રીવ્રજાભરણબાવાનું મુંડન કરાવવામાં આવ્યું હતું. ડાકોર મંદિરના સૌને પહેરામણી આપવામાં આવી.

ડાકોર પુનિત આશ્રમમાં સૌએ ભોજન કર્યા. ત્યારબાદ સૌ અમદાવાદ જવા રવાના થયા.અમદાવાદમાં ચિ.શ્રી વ્રજાભરણબાવાનો ગૃહ પ્રવેશ ધામધૂમથી ઉજવાયો.

શ્રી દામોદરદાસજી હરસાનીજીના ગામમાં અલૌકિક મહોત્સવ

વિદર્ભ મહારાષ્ટ્રના નાગપુરથી ૮૦ કિ.મી. દુર શ્રીદામોદરદાસજી હરસાનીજીની જન્મભૂમિ એવી વર્ધાનગરી આવેલી છે. તેમાં કાંકરોલી નરેશ તૃતીય પીઠાધીશ્વર પૂજયપાદ ગો.શ્રી.૧૦૮ શ્રી વ્રજેશકુમારજીના માથે બીરાજતું શ્રી ગોવર્ધનનાથજીના મંદિરમાં શ્રી ગોવર્ધનનાથજીનું અલૌકિક સ્વરૂપ બીરાજમાન છે. શ્રીગોવર્ધનનાથજીને તૃતીય ગૃહ યુવરાજ પૂ.પા.ગો.૧૦૮ શ્રીવાગીશકુમારજીની પ્રેરણા અને અધ્યક્ષતાથી અને કૃપાથી છપ્પનભોગ અને શ્રી રમેશભાઈ ઓઝાની શ્રીમદ્ ભાગવત ૧૦૮ કથાનું આયોજન પણ કરવામાં આવ્યુ હતું. આ સમગ્ર આયોજન આટલા મોટા પાયા પર વિદર્ભ મહારાષ્ટ્રમાં છેલ્લા ૮૦ વર્ષમાં સૌપ્રથમ વખત યોજવામાં આવેલ હતું. તેનો નગરવાસીઓને અને વૈષ્ણવ સમુદાયને અનેરો આનંદ અને થનગનાટ હતો.

શ્રી રમેશભાઈ ઓઝાની શ્રીમદ્ ભાગવત કથામાં દૂર દૂરથી દરરોજ લગભગ ૮૦ ૦૦૦ થી ૧૦૦૦૦૦ (એંશી હજારથી એક લાખ) વૈષ્ણવો ઉમટતા હતા. કથા પૂર્ણાહુતિના દિવસે લગભગ રાત્રીના દશ કલાકે કથા વિરામે પહોંચી હતી. રાત્રીના સમયે મુશળધાર વર્ષા થયેલ હોવા છતાંયે બીજા દિવસે શ્રી નો છપ્પનભોગ મહોત્સવ ખુબજ ધામધૂમથી ઉજવાયો હતો. શ્રીજીને શુખ પાલમાં પધરાવી મંદિરેથી શોભાયાત્રાની શરૂઆત થઈ ત્યાંથી છપ્પનભોગના સ્થાને પધરાવવામાં આવ્યા હતા. સમગ્ર શોભાયાત્રા દરમ્યાન પૂ.પા. ૧૦૮ શ્રી વાગીશકુમારજી લગભગ ૩–૦૦ કલાક સુધી શ્રીજીની સુખપાલ સાથે છપ્પનભોગ સ્થાન સુધી પગે ચાલીને પધાર્યા હતા.સાંજે ૫ થી રાત્રીના ૧૨ સુધી શ્રી છપ્પનભોગના દર્શન થયેલ. શ્રીને ભોગ આપ્યા પછી સાંજના ૫ વાગ્યાથી રાત્રીના ૧૨ વાગ્યા સુધી શ્રીના છપ્પનભોગના દર્શનનો લાભ લગભગ ૪૦ હજારથી ૫૦ હજાર જેટલા વૈષ્ણવોએ લીધો હતો. રાત્રીના ૧૨–૦૦ વાગ્યે શ્રીને પાછાં સુખપાલમાં પધરાવી પૂ.પા.ગો.૧૦૮શ્રી વાગીશબાવાશ્રીએ રાત્રીના ૧૨ વાગ્યે પગે ચાલીને શ્રીને પરત મંદિરે પધરાવ્યા હતા. છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન અનેક વૈષ્ણવોને પૂ.પા.ગો.૧૦૮ શ્રી વાગીશકુમારજીએ “બ્રહ્મસંબંધ” આપી કૃતાર્થ કરી શરણે લીધા હતા.

શ્રી મહાપ્રભુજીના પ્રથમ સેવક એવા શ્રી દામોદરદાસજી હરસાનીજીની સ્મૃતિમાં શ્રીગોવર્ધનનાથજી મંદિરમાં “શ્રીદામોદરનાથજી સ્મૃતિ સ્થળ” ને વિધિવત ઉદ્ઘાટન કરતા સમગ્ર વૈષ્ણવ સમુદાયે શ્રીવલ્લભાધીશ કી જયઘોષ સાથે વધાવી લઈને ધન્યતાનો અનુભવ કર્યો હતો.

॥ શ્રી હરિઃ ॥

કુંભ મહાપર્વના અવસરપર ગંગાતટવર્તી પવિત્ર તીર્થ હરિદ્વારમાં અનન્ત શ્રી વિભૂષિત જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય સંપ્રદાય વૈષ્ણવાચાર્ય સોમયાજી ગોસ્વામી શ્રી વલ્લભરાયજી મહારાજશ્રી, સુરતની આજ્ઞાઅનુસાર જગદ્‌ગુરૂ શ્રીમદ્ વિષ્ણુસ્વામી વલ્લભાર્ય નગરનું ભવ્ય આયોજન.

ફાગણ વદ ૩૦/ ચૈત્ર સુદ ૧ તા. ૨૮ માર્ચ ૧૯૯૮ ચૈત્ર વદ ૩૦ અમાસ તા. ૨૯ એપ્રિલ ૧૯૯૮ સુધી

મહાકુંભ મેળામાં શ્રી વલ્લભાચાર્ય નગરમાં વિશિષ્ટ આકર્ષણ

• આજના અશાન્ત જીવનમાં એક માસ સુધી સંપૂર્ણ આધ્યાત્મિક વાતાવરણમાં જીવવાનો લાભ. • પધારેલા આચાર્ય ચરણોના પાવન સન્નિધાન–દર્શન– વચનામૃત. • શ્રીમદ્ ભાગવત–કથામૃત– રસપાન • ભગવદીયો સાથે સત્સંગ • સોમયજ્ઞનનું વિરાટ આયોજન • શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભાનું આયોજન • આં.પુ.મા. વૈષ્ણવ પરિષદ અધિવેશન • નાગરિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા સેવા • રાસલીલા

આ અપૂર્વ સમારોહનો લાભ લેવા આજ્ઞાનુવર્તિની કુંભ મહાપર્વ સમિતી, હરિદ્વારનું આપ સર્વે વૈષ્ણવોને / સનાતન ધર્મપ્રેમી જનોને હાર્દિક નિમંત્રણ છે.

વલ્લભ વૈષ્ણવ સમાજ અને કુંભપર્વ :

શ્રી મહાપ્રભુના ઉપદેશ અનુસાર કૃષ્ણભક્તિ આપણું સર્વોત્તમ પ્રથમ કર્તવ્ય છે. વૈદિક અને લૌકિક બધા કાર્ય ભક્તિ માટે જ કરવાના હોય છે. શ્રી મહાપ્રભુજીએ ભારતવર્ષના બધા તીર્થોને પાવન કર્યા. તેથી આપણે વૈષ્ણવીજનોએ શ્રી મહાપ્રભુના સંબંધનું ભાવન કરીને તીર્થમાં પ્રવેશ– સ્નાન–દર્શન વિગેરે કરવા જોઈએ. શ્રી મહાપ્રભુજીની સાથે આપશ્રીના સંબંધનું ભાવન કરતાં શ્રી દામોદરદાસજી વિગેરે ભગવદીયોએ કુંભસ્નાન કર્યુ હતુ. આથી આ પર્વ વૈષ્ણવ જનો માટે તો વિશિષ્ટ સૌભાગ્યનો અવસર બને છે. આથી જ આ કલ્પવાસનો દિવ્ય લાભ પણ વૈષ્ણવજનોએ કદિ ન ચુકવો જોઈએ.

પ્રિય વૈષ્ણવ ભગવદીયજનો ! યાદ રાખો, જીવનમાં અલૌકિક આનંદના અવસરોનો લાભ ફક્ત ભગવત્કૃપાથીજ અને તે પણ ક્યારેક જ મળે છે. આથી જો હરિદ્વારનું આવું કુંભપર્વ ચુકી ગયા તો ફરી બાર વર્ષ સુધી રાહ જોવી પડશે. તેથી મિત્ર મંડળી–પરિવાર સાથે જ આજે જ તમારો કાર્યક્રમ બનાવો.

મહાકુંભ પર્વમાં સ્નાનના પવિત્ર મુહુર્ત :

૧. શનિવાર ફાગણ વદ ૩૦ – ચૈત્ર સુદ ૧ તા. ૨૮–૩–૯૮ અમાસનું સ્નાન
૨. ગુરૂવાર ચૈત્ર સુદ ૬ શ્રી યમુના મહારાણી પ્રાકટયોત્સવ તથા શ્રી યદુનાથ મહાપ્રભુ પ્રાકટોત્સવ તા. ૨–૪–૯૮
૩. રવિવાર ચૈત્ર સુદ ૮ રામનવમી તા. ૫–૪–૯૮
૪. શનિવાર ચૈત્ર સુદ ૧૫ પૂનમ તા.૧૧–૪–૯૮
૫. રવિવાર ચૈત્ર વદ ૧ સોમયજ્ઞનું અવભૃત સ્નાન તા. ૧૨–૪–૧૯૯૮
૬. મંગળવાર ચૈત્ર વદ ૨ મેષસંક્રાંતિ પર્વ તા. ૧૪–૪–૧૯૯૮.
૭. ગુરૂવાર ચૈત્ર વદ ૧૧ જગદ્‌ગુરૂ મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રાકયોત્સવ તા. ૨૩–૪–૧૯૯૮
૮. રવિવાર ચૈત્ર વદ ૩૦ અમાસ પર્વ સ્નાન તા. ૨૬–૪–૧૯૯૮

વિશેષ જાણકારી :

આ દિવ્ય પર્વ પર હરિદ્વારમાં શ્રી વિષ્ણુસ્વામી વલ્લભચાર્ય નગર વસાવાશે. જેમાં પધારેલા પૂ.પા. આચાર્ય

ચરણો તેમજ શાસ્ત્રીય વિદ્વાન તથા વૈષ્ણવ જનો માટે રહેવાની વ્યવસ્થા વ્રજયાત્રાની જેમ પાલોમાં કરાશે. આઠ વ્યક્તિ રહી શકે તેવા મોટા પાલ–ઈ.પી.ટેન્ટ તથા ચાર વ્યક્તિ રહી શકે તેવા નાના પાલ–છોલદારીની વ્યવસ્થા રહેશે. વૈષ્ણવજન તથા સનાતન ધર્મપ્રેમી જન કાર્યાલયનો સંપર્ક કરી એક માસ માટે પાલનું બુકીંગ કરાવી શકશે. ન્યોછાવરની જાણકારી કાર્યાલય દ્વારા મળશે. બુકીંગ અગ્રતાક્રમે થશે. તેથી તુરત જ સંપર્ક કરો. સનાતન ધર્મપ્રેમી તેમજ વૈષ્ણવ જનો માટે મહાપ્રસાદ વિગેરેની વ્યવસ્થા પણ કરાશે.

કૃતાર્થો સુખી ભવ

કુંભ મહાપર્વ પર શ્રી વિષ્ણુસ્વામી વલ્લભાચાર્ય નગરમાં તન–મન–ધનથી સેવા સમર્પિત કરી ધન્ય બનીએ.

યાદ રાખો : પ્રભુ રાઈ જેટલી સેવા મેરુ પર્વત સમાન માની જીવને કૃતાર્થ–સુખી કરે છે.

નિવેદન : આજ્ઞાનુવર્તિની કુંભ મહાપર્વ સમિતી, હરિદ્વાર

સંપર્ક : ૧૦/૧૩૭, ષષ્ઠપીઠ, મોટા મંદિર, ચૌટા બજાર, સુરત. ૩૯૫ ૦૦૩ (ગુજરાત) ફોન : ૪૨૬૧૮૨

કુંભપર્વમાં શ્રી વિષ્ણુસ્વામી વલ્લભાચાર્ય નગર, વૈરાગી કેમ્પ સેક્ટર નં.૭, પી.એ.સી. પ્લોટ કે પાસ, કનખલ (હરદ્વાર)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ

કારોબારી કાર્યકરોનો સંકલ્પપત્ર

વૈષ્ણવ પરિષદને ભગવદ્ સેવા માની મારો/ અમારો નિષ્ઠાપૂર્વક– નિષ્કામ ભાવથી , વફાદારીથી, શિસ્તબદ્ધ રીતે કાર્ય કરવાનો નમ્ર પ્રયાસ છે. વૈષ્ણવ પરિષદના કાર્યને ગતિમાન કરવાનો મારો/ અમારો આ સંકલ્પ છે.

૧. સદસ્યતા અભિયાન શરૂ કરીને હું અને અમે ઓછામાં ઓછા એકસો નવા સદસ્યો '૯૮ ઓગસ્ટ સુધીમાં બનાવીશું.

૨. શાખાની સમિતિની પુનઃરચના '૯૮ ઓક્ટોબર સુધીમાં ગુજરાત પ્રદેશ ના હોદ્દેદારની ઉપસ્થિતિમાં અમે અવશ્ય કરીશું.

૩. સાપ્તાહિક કે પાક્ષિક દરમિયાન 'સત્સંગ–સ્વાધ્યાય' ની પ્રવૃત્તિને અમે વધુ વ્યવસ્થિત અને સમયસર કરીશું જ.

૪. પુષ્ટિમાર્ગીય ઉત્સવોમાંથી અમે ઓછામાં ઓછા બે ઉત્સવોના આયોજનમાં પ્રભાત ફેરી, શોભાયાત્રા, સત્સંગ સભાનો કાર્યક્રમ કરીશું જ.

૫. પરિષદની શાખાનું વાર્ષિક સંમેલન ઉપરાંત બેઠક યાત્રા અને પ્રવાસનું એક આયોજન તથા મેડીકલ કેમ્પ વર્ષ દરમિયાન અમે ગોઠવીશું.

૬. "શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રાકટ્ય દિન" પહેલાં એક સપ્તાહ અને પછી એક સપ્તાહ દરમિયાન વૈષ્ણવોનો સંપર્ક કરવા માટે અમે સ્ટીકર્સ અભિયાનમાં લગાવવાનો ચોક્કસ આગ્રહ રાખીશું.

૭. વૈષ્ણવ પરિષદની શતાબ્દી નિમિત્તે ગામમાં / શહેરમાં પ્રવેશ કરતા સૌના સ્વાગત માટે અમે સ્વાગત બોર્ડ મુકવાની વ્યવસ્થા કરીશું. તેના માટેની અરજી અને તેની સાઈઝ પ્રદેશ તરફથી નક્કી થયા પ્રમાણે અમે ડીસે. ૯૮ સુધીમાં સંપન્ન કરીશું જ. શાખાના કાર્યકરોને સાથે રાખીને ઉપરોક્ત કાર્યો સંપન્ન કરવા હું / અમે સંકલ્પ કરીએ છીએ.

॥શ્રી બાલકૃષ્ણ વિજયતે તમામ ॥

॥શ્રી નાગદમન શ્રીનાથો જયતિ ॥

પૂ.પા.ગો.શ્રી મથુરેશ્વરજી મહોદય (સૂરત–વડોદરા)નો ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ, નથા આપશ્રીના પૌત્ર ચિ.ગો.શ્રી વ્રજરાજકુમારજીનો શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ, તથા શ્રીનો છપ્પનભોગ–બડો મનોરથ મહામહોત્સવ.

પૂ.પા.ગો.શ્રી મથુરેશ્વર મહોદયના ૬૧ માં શુભ જન્મદિવસ (ષષ્ટયબ્દ પૂર્તિ) સમારંભ તથા આપશ્રીના પૌત્ર તથા પૂ.પા.ગો.શ્રી દ્રુમીલકુમારજી મહોદયના લાલન ચિ.ગો.શ્રી વ્રજરાજકુમારજીનો યજ્ઞોપવિત પ્રસ્તાવ તથા અનન્ત શ્રી વિભૂષિત ગો.શ્રી૧૦૮ શ્રી મધુસુદનલાલજી મહારાજ તથા પૂ.અ.સૌ. શ્રી ચંદ્રપ્રભાવહૂજી (ભાભીજી)ના અલૌકિક મનોરથ સ્વરૂપ નિજ સેવ્ય શ્રીમહાપ્રભુજીના નિધિ સ્વરૂપ શ્રી બાલકૃષ્ણલાલજી (રાણાવ્યાસવાળા) તથા શ્રીનાગદમન શ્રીનાથજીનો બડો મનોરથ–છપ્પનભોગ તથા તેના અંગભૂત વિવિધ મનોરથોનું આયોજન શ્રીમદ્ ભાગવત કથા પારાયણ–શ્રીમદ્ વલ્લભકુળના બાળકોનાં વચનામૃત આદિનું સુંદર આયોજન કરવામાં આવે છે.

કાર્યક્રમ

ચૈત્ર સુદ ૫ બુધવાર તા. ૧–૪–૯૮ : ચિ.ગો.શ્રી વ્રજરાજકુમારજીનો યજ્ઞોપવિત પ્રસ્તાવ

ચૈત્ર સુદ ૬ ગુરૂવાર તા. ૨–૪–૯૮ થી તા. ૮–૪–૯૮ બુધવાર : શ્રીમદ્ ભાગવત કથા પારાયણ. વક્તા : વે.શાં.સં.શ્રી ભાગવતભાઈ શાસ્ત્રીજી

ચૈત્ર સુદ ૧૦ સોમવાર તા. ૬–૪–૯૮ : શ્રી છપ્પનભોગ મહોત્સવ

ચૈત્ર સુદ ૧૧ મંગળવાર તા. ૭–૪–૯૮ : પૂ.પા.ગો.શ્રી મથુરેશ્વરજી મહોદયનો ૬૧ મો શુભ જન્મદિન ષષ્ઠિપૂર્તિ પ્રસ્તાવ માર્કંડેય પૂજન અને ષષ્ઠિપૂર્તિ વિધિ સવારે ૧૧ વાગે કેશરસ્નાન વધાઈ કીર્તન સાંજે ૭ વાગે.

ચૈત્ર સુદ ૧૨ બુધવાર તા. ૮–૪–૯૮ : પૂ.પા.શ્રી મથુરેશ્વર મહોદયનો જાહેર સન્માન સમારંભ સાંજે ૫ વાગે.

ઉપરોક્ત બધા કાર્યક્રમોનું શુભ સ્થળ : શ્રી ગોવર્ધનનાથજી હવેલી પ્રાંગણ, અંબાલાલ પાર્ક, ટેલીફોન એક્ષચેન્જની સામે,પાણી ટાંકી રોડ, કારેલી બાગ, વડોદરા. ૩૯૦૦૧૮ (ગુજરાત) ફોન. (૦૨૬૫) ૪૩૩૪૪૩, ૪૩૧૮૦૪.

શ્રી દ્વારકેશો જયતિ

વધાઈ **વધાઈ**

શ્રી દ્વારકાધીશ પ્રભુ (કાંકરોલી)નો બડો મનોરથ–છપ્પનભોગ તથા તૃતિય પીઠાધીશ પૂ.પા.ગો.શ્રી વ્રજેશકુમારજી મહારાજના પૌત્રો ચિ.ગો.શ્રી વેદાન્તલાલજી તથા ચિ.ગો.શ્રી સિદ્ધાંતલાલજીનો શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ

પરમ ભાગ્યવાન વૈષ્ણવોને આમંત્રિત કરતાં અત્યંત પ્રસન્નતા થાય છે કે કાંકરોલી મુકામે શ્રી દ્વારકાધીશ પ્રભુના દિવ્ય અલૌકિક છપ્પનભોગ મનોરથનું આયોજન તા. ૩૦–૪–૯૮ ને ગુરૂવારના શુભ દિવસે રાખવામાં આવેલ છે. આ અલૌકિક પ્રસંગે, તૃતિય પીઠાધીશ્વર ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી) ના જ્યેષ્ઠ લાલજી પુ.પા.ગો.શ્રી વાગીશકુમારજી બાવાના લાલજી પુ.પા.ગો.શ્રી વેદાન્તલાલજી (શ્રી વ્રજભૂષણલાલજી) તથા પુ.પા.ગો.શ્રી સિદ્ધાંતલાલજી (શ્રી વિઠ્ઠલનાથજી) નો યજ્ઞોપવિત પ્રસ્તાવ વૈશાખ સુદ–૬, શુક્રવાર તા. ૧–૫–૯૮ ના શુભ મંગલ દિવસે નિર્ધારેલ છે. તમો શ્રી દ્વારકાધીશ પ્રભુના વિવિધ મનોરથ, છપ્પનભોગ મનોરથ તથા મંગલ યજ્ઞોપવિત પ્રસ્તાવના શુભ અવસરે અવશ્ય સપરિવાર કાંકરોલી ઉપસ્થિત થઈ, દિવ્ય દર્શનનો લાભ પ્રાપ્ન કરશો એ જ અભિલાષા છે. શ્રી દ્વારકાધીશપ્રભુ (કાંકરોલી) ના વિવિધ મનોરથો તા. ૨૩–૪–૯૮ થી તા. ૨–૫–૯૮ ના શુભ દિવસોએ થશે.

યજ્ઞોપવિત પ્રસ્તાવ કાર્યક્રમ

તા. ૨૯–૪–૯૮ બુધવાર : ચિ. શ્રી વેદાન્તલાલજી (શ્રી વ્રજભુષણલાલજી) અને ચિ. સિદ્ધાંતલાલજી (શ્રી વિઠ્ઠલનાથજી)નો વરઘોડો સાંજે ચાર વાગે શ્રી દ્વારકાધીશ મંદિરેથી નીકળશે.

તા. ૧–૫–૯૮ શુક્રવાર : શુભયજ્ઞોપવિત પ્રસ્તાવ સવારે ૯ થી ૧૨ શ્રી વિઠ્ઠલવિલાસ બાગ કાંકરોલી

સંપર્ક પત્રવ્યવહાર :– શ્રી દ્વારકાધીશપ્રભુ છપ્પનભોગ–પ્રસ્તાવ સમિતિ, શ્રીં દ્વારકાધીશ મંદિર, કાંકરોલી,
જી.રાજસમંદ (રાજસ્થાન) – ૩૧૩ ૩૨૪. ફોન : (૦૨૯૫૨) ૨૨૨૫૬, ૨૦૦૦૧

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

શ્રી વલ્લભ કહો

શ્રી વલ્લભ કહો, શ્રી વલ્લભ કહો.
વલ્લભ નામ વિના ભવ પાર નહિ;
વલ્લભ નામ વિના ઉદ્ધાર નહિ —શ્રીવલ્લભ . ૧
વલ્લભ નામ વિના બેડો પાર નહિ;
વિઠ્ઠલનાથ વિના વિશ્રામ નહિ —શ્રીવલ્લભ . ૨
શ્રીયમુનાજી વિના કોઈ દયાળ નહિ;
શ્રીગોવર્ધનનાથજી વિના બીજું શરણ નહિં —શ્રીવલ્લભ . ૩
નવનીતલાલ વિના નવધા ભક્તિ નહિં;
વિઠ્ઠલેશ વિના વિશ્રામ નહિં —શ્રીવલ્લભ . ૪
મથુરેશ વિના મન માને નહિં;
દ્વારકાધીશ વિનાની કુંજ નહિં —શ્રીવલ્લભ . ૫
ગોકુલનાથ વિના ગિરિરાજ નહિં;
ગોકુલચંદ્ર વિના રાસ નહિં —શ્રીવલ્લભ . ૬
બાલકૃષ્ણ વિના કોઈ પ્રબલ નહિં;
મદન મોહન વિના વેણુનાદ નહિં —શ્રીવલ્લભ . ૭
મુકુંદરાય વિના મન ગમતું નથી;
નટવરલાલ નિરખ્યા વિના નેણ નહિં —શ્રીવલ્લભ . ૮
કલ્યાણરાય વિના કલ્યાણ નહિં;
વલ્લભદાસના 'દાસ' ની વિનતિ રે —શ્રીવલ્લભ . ૯
તમારા ગુણલાનો કોઈ પાર નહિં;
વલ્લભનામ વિના ભવપાર નહિં —શ્રીવલ્લભ. ૧૦

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા શ્રી વલ્લભસુધા
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : શ્રી રવજીભાઈ પ. પટેલ 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ—૫.
સહાયક તંત્રી : શ્રી વસંતભાઈ ન. વોરા. દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ—૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ—૨. ફોનઃ ૩૬૨૧૩૮

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

વર્ષ : ૧૭
અંક : ૨

શ્રી વલ્લભસુધા

શ્રી વલ્લભાબ્દ ૫૨૧
મે, ૧૯૯૮

વચનસુધા

સદાચાર અને મર્યાદા; રક્ષણની દઢ પ્રાચીરો છે. એક કિલ્લા જેવી! પણ આમાં કર્મની કઠોરતા નથી, કિન્તુ ભાવની મૃદુતા અને કમનીય કોમળતા છે. જે પ્રભુને જ સ્પર્શે છે, બીજા કોઈને તે સમજાતી કે સ્પર્શતી નથી. સદાચાર માટે ફરી ફરી લખવાનું કારણ એ જ છે કે આનાથકી જીવન સેવોપયોગી રહી શકે છે અને દુરાચારથી બચાય તો જ સેવામાં રૂચી થાય અને સાધનોનો વિનિયોગ ભગવત્કાર્ય અને સ્વધર્મમાં થાય અને મર્યાદા સચવાય તો જ દુર્ગુણો પ્રવેશી શકે નહીં. પૈસો આવતા આવી સંભાવના વધી જાય છે અને વાણીમાં અહંકાર તેમજ વર્તનમાં અભિમાનથી અન્ય માર્ગે દોરવાઈ જાય છે. જયાં પૈસા આવ્યા ત્યાં ધર્મભાવના જતી રહી, આચાર્યની ભક્તિ વિગેરે જવાથી વ્યસન અને અનાચારનો સાધનસંપન્ન લોકોના ઘરમાં પુષ્કળ પ્રમાણમાં પ્રવેશ થયો છે.

નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ (શ્રીપ્રથમેશજી) ના વચનામૃત (શ્રી પ્રથમેશવાક્સુધા–૧ પૃષ્ઠ ૧૯૯)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૧૩ તા. ૯–૫–૯૮ શનિવાર :– ચિ. ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા.૧૦–૫–૯૮ રવિવાર :– શ્રી નૃસિંહજયંતિ વ્રત. ગો. ચિ. શ્રી રણછોડલાલજી બાવાશ્રી (માંડવી–રાજકોટ) નો તથા ગો.ચિ. શ્રી રસિકરાયજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૧૧–૫–૯૮ સોમવાર :– પૂર્ણિમા, વૈશાખ સ્નાન સમાપ્તિ, કૂર્મ જયંતિ, બુદ્ધ જયંતિ, શ્રી રાધારમણનું પ્રાકટ્ય, ભક્ત શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખં વદ ૨ તા. ૧૩–૫–૯૮ બુધવાર :– શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ. આજથી તા. ૨૭–૫–૯૮ સુધી ૧૫ દિવસ શ્રીની શીતોપચાર સેવા કરવી. શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ (સં.૧૯૬૭)

વૈશાખ વદ ૪ તા. ૧૫–૫–૯૮ શુક્રવાર :– ગો. શ્રી દિવ્યેશ બાવાશ્રી (નાથદ્વારા–દ્વિતીય ગૃહ) નો જન્મદિન.

વૈશાખ વદ ૭ તા. ૧૮–૫–૯૮ સોમવાર :– ચિ. ગો. શ્રી શરદકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર) નો જન્મદિન.

વૈશાખ વદ ૧૦ તા. ૨૧–૫–૯૮ ગુરૂવાર :– ચિ.ગો. શ્રીચંદ્રગોપાલજી (મથુરા–પોરબંદર) નો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૨૨–૫–૯૮ શુક્રવાર :– અપરા એકાદશી વ્રત.

વૈશાખ વદ ૧૨ તા. ૨૩–૫–૯૮ શનિવાર :– ગો. શ્રીવ્રજરમણલાલજી (મથુરા) નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૨૪–૫–૯૮ રવિવાર :– ગો. ચિ. વ્રજાભરણ બાવાશ્રી (કાંકરોલી–વડોદરા) નો જન્મદિન. ચૌદશનો ક્ષય હોવાથી, ગો. શ્રીગોવિંદરાયજી બાવાશ્રી (મુંબઈ–મદ્રાસ) નો જન્મદિન આજે.

જેઠ સુદ ૧ તા. ૨૬–૫–૯૮ મંગળવાર :– ગંગા દશહરા પ્રારંભ. પનઘટ–જલક્રિડા, શ્રીયમુનાજીના પદ બોલાય.

જેઠ સુદ ૨ તા. ૨૭–૫–૯૮ બુધવાર :– ગો.ચિ. શ્રી દ્વારકેશજીલાલજી બાવાશ્રી (કાંદીવલી–અમરેલી) નો જન્મદિન.

જેઠ સુદ ૪ તા. ૨૯–૫–૯૮ શુક્રવાર :– ગો. ચિ. શ્રીકુંજરાયજી (શ્રી યોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ) નો જન્મદિન.

જેઠ સુદ ૫ તા. ૩૦–૫–૯૮ શનિવાર :– રશ્મિકાર યોગી શ્રીગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં.૧૮૩૬). ગો. ચિ. શ્રીવાગીશકુમારજી (કાંકરોલી–વડોદરા) નો તથા ગો. શ્રી હરિરાયજી મહારાજ શ્રી (ચાંપાનેસી–જામનગર) નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૨–૬–૯૮ મંગળવાર :– ગો. ચિ. શ્રીમુકુન્દરાયજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૪–૬–૯૮ ગુરૂવાર :– ગંગાદશમી, ગંગાદશહરા સમાપ્તિ, શ્રીયમુનાજીનો ઉત્સવ

જેઠ સુદ ૧૧ તા. ૫–૬–૯૮ શુક્રવાર :– નિર્જલા એકાદશી વ્રત (ભીમ અગીયારસ) ગો. ચિ. શ્રીપ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી) નો જન્મદિન.

જેઠ સુદ ૧૪ તા. ૯–૬–૯૮ મંગળવાર :– જયેષ્ઠાભિષેક માટેના સ્નાનના જલનું અધિવાસન કરવું. શિક્ષાપત્રના ટીકાકાર ગો. શ્રીગોપેશ્વરજીનો પ્રાકટ્યદિન (સં.૧૬૪૯) તથા ગો. ચિ. વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી–વડોદરા) નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૧૦–૬–૯૮ બુધવાર :– જયેષ્ઠાભિષેક –સ્નાનયાત્રા મન્વાદિ તિથિ. ગો. ચિ. શ્રીગોપીકાલંકાર બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ) નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૨ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ મે, ૧૯૯૮

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

બીજો અપરાધ :– સુર્યોદય પહેલાજ દાતણ–મંજન કરવું જોઈએ જેથી વૈદિક આચારની રક્ષાતો છે જ પણ મુખ્ય તો વહેલા વહેલા પ્રભુસેવામાં તત્પર થવાનો આદેશ એ જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનું મુખ્ય કર્તવ્ય છે. (અહીં એ પ્રાસંગિક ગણાશે કે આધુનિક વ્યવહારમાં દાંત સાફ કરવા વિદેશીઓની નકલમાં જે ટૂથપેસ્ટ બ્રશ આદીનો પ્રયોગ થાય છે તેમાંની ઘણીએક ટૂથપેસ્ટમાં પ્રાણીઓની ચરબીથી બનેલ સાબુનો પ્રયોગ હોય છે જે લેવાથી પ્રાતઃકાળમાં જ ધર્મ ભ્રષ્ટ થવાની શરૂઆત થાય છે.) આ અપરાધથી બચવા લીમડા આદીના દાતણ અથવા ગેરૂ, ખડી, કપુર, ફટકડી, ટંકણખારથી બનેલા સ્વદેશી મંજનનો જ ઉપયોગ કરવો.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવૌ તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ – શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃત્તિ

ભાષાંતર– પ.ભ. શ્રી બાબુભાઈ પી.નાયક, કડી

ગતાંકથી ચાલુ : હવે વક્તાઓનો ચૌદમો ભાવ કહે છે.

શ્લોક : દેવાદ્યુપાસનોદ્ ભૂતાઃ પૃષ્વા ભૂમેરિવોદ્ગતાઃ ॥૯½॥

શબ્દાર્થ : દેવાદ્યુપાસનોદ્ભૂતા :– (દેવ+ આદિ+ઉપાસના+ઉદ્ભૂતાઃ) દેવ વગેરેની ઉપાસનાથી મળેલાં ગુણોવાળા, પુષ્વાઃ–ઝાકળના બિંદુ જેવા છે, ભૂમેરિવોદ્ગતાઃ– (ભૂમેઃ+ઈવ+ઉદ્ગતાઃ) પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલા. (૯½)

શ્લોકાર્થ : દેવો વગેરેની ઉપાસનાથી જેમનામાં ભાવ ઉત્પન્ન થયો છે તેવા ભાવવાળા વક્તાનો ભાવ જમીન પર બાઝેલાં ઝાકળના બિંદુ જેવો છે.

વિવરણ : દેવાદિની ઉપાસનાથી ઉત્પન્ન થતા ચૌદમા ભાવનું હવે નિરૂપણ કર્યુ છે. શ્રીપુરૂષોત્તમ સિવાયના બીજા દેવો એ પદથી પિતા, માતા, પતિ, જયેષ્ઠ ભાઈ વગેરે સમજવા. આ જ પરમેશ્વર છે એમ માનીને આ દેવોની ઉપાસના કરે છે. પછી તેઓ એમ માને છે કે અમે પરમેશ્વરનું જ ભજન કરીએ છીએ. પિતા એ જ અમારા ઈશ્વર છે. પિતાની સેવા વિષ્ણુનું જ ભજન છે એમ માની તેમની સેવા કરે છે. તેથી આ દેવોનો ભાવ તેમનામાં ઉત્પન્ન થાય છે.

અથવા શિવ વગેરેને દેવો માને છે. શિવાદિમાં 'આદિ' પદથી શિવ, રાક્ષસ, પિચાસ વગેરે સમજવા. તે દેવોની ઉપાસનાથી તેમના ગુણો જેવો જ ભગવદ્ભાવ ઉત્પન્ન થાય તે જમીન પર ઉત્પન્ન થતાં ઝાકળનાં બિંદુઓ જેવો ભાવ સમજવો. વેદ ભાષ્યમાં 'ઝાકળ તેમાંથી જ અવશ્ય ઉત્પન્ન થઈ શકે છે' એમ લખેલું છે. તેથી ઝાકળનાં જલબિંદુઓ તેવા જળથી બંધાઈ જાય છે તેથી તે જળના પરપોટા જેવા છે એવો અર્થ સમજવો તેવી ભ્રાન્તિથી સર્વ દેવોને સરખા જાણીને કેટલાક જીવો સર્વનું ભજન કરે છે. તેવા જીવોના ભાવને ઝાકળના જળ જેવા ગણવામાં આવ્યા છે.

મહાપુરૂષ ભગવદ્ ભક્તોનું ભજન તો ભગવાનમાં પ્રીતિ, ભક્તિ અને શુદ્ધિ ઉત્પન્ન કરનારું હોઈ ઉપરના (દેવાદિના) ભજનથી ભિન્ન પ્રકારનું છે. તેથી શ્રીભાગવતમાં કહ્યું છે કે "મારા ભક્તોની પૂજા કરવી તે (મારી પૂજાથી) અધિક છે. ભગવદ્–ભક્તના સંગની એક ક્ષણ બરાબર સ્વર્ગની કે મોક્ષની તુલના કરી શકાય એમ નથી. તો પછી મનુષ્યના મનોરથની તો તેની સાથે તુલના કેવી રીતે કરી શકાય ?" "વિવેકી જેનો સંગ અથવા આસક્તિને જ આત્માનું ન તૂટે તેવું બંધન માને છે; પરંતુ એ જ આસક્તિ જે સંતો મહાપુરૂષો સાથે જોડવામાં આવે તો તે મોક્ષનાં ખુલ્લા દ્વારરૂપ બની જાય છે." "સત્પુરૂષોના સંગથી મારા પરાક્રમોનું યથાર્થ જ્ઞાન કરાવનારી તથા હૃદય અને કાનને પ્રિય લાગનારી કથાઓ થાય છે. તેનું સેવન કરવાથી તરત જ મોક્ષમાર્ગમાં શ્રદ્ધા, પ્રેમ, અને ભક્તિનો ક્રમશઃ વિકાસ થશે" "હે રાજન ! પાપી જીવ હોય તે પણ જો શ્રીકૃષ્ણમાં પ્રાણ અર્પણ કરે તો તે જેવો પવિત્ર થાય છે, તથા ભગવાનના ભક્તોની સેવાથી જેવો પવિત્ર થાય છે તેવો તપ વગેરેથી પવિત્ર થતો નથી."

ભગવાનની સમીપમાં આશ્રય કરનારા કિરાત, હૂણ, અંધ્ર વગેરે પવિત્ર થયા. પિતા વગેરેની સેવાથી સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ થાય, પણ તેનાથી ભગવત્ ફલની પ્રાપ્તિ થતી નથી. તેથી ભગવાને ગીતામાં કહ્યું છે કે “જે બીજા દેવોનું ભજન કરે છે, તે વિધિ વિનાનું મારું જ ભજન કરે છે. વિધિ વિનાનું કર્મ કરવાથી જેમ કર્મનું ફળ પ્રાપ્ત થતું નથી, તેમ વિધિ વિનાના ભજનનું પણ ફલ પ્રાપ્ત થતું નથી. (ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે ‘મને ભજનાર મને પ્રાપ્ત કરે છે. દેવોને ભજનાર દેવોને પ્રાપ્ત કરે છે’ એ વાક્યોથી શ્રીપુરૂષોત્તમનું ભજન કરનાર પુરૂષોત્તમની પ્રાપ્તિ કરે છે. અને ભગવાન તેનું યોગ–ક્ષેમ વહન કરે છે. પુરૂષોત્તમની પ્રાપ્તિમાં પુરૂષોત્તમનું ભજન જ વિધિ છે, પણ કોઈપણ રીતે અન્ય ભજન વિધિરૂપ નથી. તેથી અન્ય ભજન કરે તો તે વિધિ વિનાનું હોવાથી તેના ફળનો અભાવ રહે છે એ યોગ્ય ભાવ છે) માટે જેમ ઝાકળના બિંદુઓ અથવા પરપોટા જેવું જલ સ્નાન, આચમન કે પાનાદિથી શુદ્ધિ, તૃપ્તિ વગેરે કરનાર નથી, તેમ અન્ય દેવોનું ભજન પણ શુદ્ધિ કે તૃપ્તિ કરનારું નથી એવો ભાવ અહીં સમજવાનો છે. ૯½

હવે પંદરમા ભાવનું સાધનાદિ પ્રકારથી નિરૂપણ કરે છે.

શ્લોક : સાધનાદિ પ્રકારેણ નવધા ભક્તિમાર્ગતઃ ॥૧૦॥
પ્રેમપૂર્ત્યા સ્ફૂરદ્ધર્મા : સ્યન્દમાના : પ્રકીર્તિતા : ॥૧૦½॥

શબ્દાર્થ : સાધનાદિપ્રકારેણ–સાધનો વગેરેથી, નવધા–નવ પ્રકારે, ભક્તિમાર્ગતઃ–ભક્તિમાર્ગ દ્વારા, પ્રેમપૂર્ત્યાઃ–પ્રેમવાળા, સ્ફુરદ્ધર્માઃ–સ્ફુરાયમાન થયેલા ધર્મોવાળા, સ્યન્દમાનાઃ–વહેતા ઝરણાના જળ જેવા, પ્રકીર્તિતાઃ–કહેલા છે. (૧૦½)

શ્લોકાર્થ : સાધનાદિની રીતથી, નવ પ્રકારની ભક્તિ દ્વારા પ્રેમથી પરિપૂર્ણ થતાં જેમનામાં ભગવાનના સ્મરણરૂપ ભાવ પ્રગટ થયો છે તેવા વક્તાઓનો ભાવ પર્વત ઉપરથી નીકળતા ઝરણાના જળ જેવો છે.

વિવરણ : જે પ્રકારે પહેલા સાધન વગેરે કરવાનું છે, તે પ્રકારે નવધા ભક્તિના માર્ગે ભગવદ્ પ્રાપ્તિ થાય છે. તેથી તે સાધનથી ક્રમશઃ પ્રેમથી પરિપૂર્ણ થવાથી ભક્તમાં શ્રવણાદિક કે ભગવદ્ ભક્તોના અનુકરણ રૂપ નટવેષાદિક ધર્મો સ્ફુરાયમાન થાય છે. તે વક્તાઓ ઝરણાના જળ જેવા ભાવવાળા હોય છે.

ભક્તિમાર્ગમાં મર્યાદાથી ભગવદ્–અંગીકાર થાય છે. તેથી નિષ્કામ ભાવથી આચરેલા વર્ણાશ્રમધર્મો વડે અંતઃકરણ શુદ્ધ થાય છે. ત્યારે ભગવદ્–ભક્તિ પુરૂષાર્થરૂપ બને છે. એવો શાસ્ત્રાર્થથી નક્કી થતાં (નવધા ભક્તિ) શ્રવણાદિક વગેરે સાધનો ભક્ત શરૂ કરે છે. તેવા વક્તાઓનો ભાવ પણ ઝરણાના જળ જેવો છે. જેમ પર્વત ઉપર વરસાદ થાય, કે તળાવ વગેરે હોય તો (ઝરણાનું જળ) ઘટે છે. તેવી રીતે ઉપર લખેલા (વક્તાના) ભાવનું પણ સમજવું. તે જળની શુદ્ધિ કે અશુદ્ધિ પણ ઉપર જણાવેલા જળના વધવા કે ઘટવાને કારણે થાય છે. તે જ રીતે નવધા ભક્તિમાર્ગ પ્રમાણે શ્રવણાદિ ભક્તિમાર્ગ કરનારનો ભાવ પણ જેવું સાધન હોય તેના પર તે ભક્તિની શુદ્ધિ વગેરેનો આધાર છે. આ જ હકિકત ‘ભક્તિ–હંસમાં’ પણ કહેલી છે. શરૂઆતમાં સાધન પ્રમાણે ભક્તિ થાય છે. તેથી તેમાં (ભક્તિમાં) સ્નેહની ઉત્પત્તિ થાય ત્યાં સુધી શાસ્ત્રમાં કહેલી વિધિ જ કારણરૂપ છે. (ભક્તિમાં) સ્નેહ થયા પછી પોતાની મેળે જ પ્રીતિથી જ તે સંબંધી પદાર્થો માટે તે (ભક્ત) પ્રયત્ન કરશે. પછી વિધિનું પ્રયોજન રહેશે નહીં. તેથી અગિયારમાં સ્કંધમાં કહેલું છે કે :– ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને આજ્ઞા કરે છે કે “હે પાપ રહિત ઉદ્ધવ! તું પ્રીતિ કરનાર છે. તેથી તારા માટે ભક્તિયોગ પહેલા જ કહેલો છે. હવે ફરીથી મારી ભક્તિનું કારણ કહીશ. ભક્તે અમૃતરૂપ મારી કથામાં શ્રદ્ધા રાખવી. મારું કીર્તન

કરતો હોય તેની પાસે કીર્તન કરવું. મારી પૂજામાં ખૂબ નિષ્ઠા રાખવી. સ્તુતિરૂપે મારું સ્તોત્ર ગાવું. મારી સેવામાં આદર રાખવો. મને સર્વ અંગોથી દંડવત્ કરવા. મારા ભક્તની અધિક પૂજા કરવી. સર્વ ભૂતમાં મારી મતિ રાખવી. મારા માટે જ સર્વ અંગચેષ્ટા કરવી, વાણીથી મારા ગુણ ગાવા. મને જ બધું અર્પણ કરવું. મારા માટે અર્થ, ભોગ અને સુખ છોડી દેવા. જે કાંઈ ઈષ્ટ કરેલું હોય, દાન આપેલું હોય, હોમ કર્યો હોય, જપ–તપ કરેલાં હોય તે મારા માટે જ કરેલા માની મને અર્પણ કરવા. આ રીતે આત્મનિવેદન કરનાર જીવને ઉપર કહેલાં ધર્મોથી મારા માટે સારી રીતે ભક્તિ ઉત્પન્ન થશે. પછી તેને કયો અર્થ કરવાનો બાકી રહેશે ? અર્થાત્ તે જીવને કોઈ અર્થ કરવાનો બાકી રહેશે નહિ."

હવે નવધા ભક્તિ કહે છેઃ વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણ–પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, અને આત્મનિવેદન, એ નવ પ્રકારની ભક્તિ ભગવાનને જીવ જો અર્પણ કરે, તો તેને હું ઉત્તમ ભણતર કહીશ. એમ પ્રહ્લાદજીએ કહેલું છે. માટે એવી રીતે નવધા ભક્તિ વડે ભગવાનમાં જીવને પ્રેમ ઉત્પન્ન થાય છે. જે જીવમાં નવધા ભક્તિના શ્રવણાદિ ધર્મો સ્ફુરાયમાન થતા હોય તે વક્તાઓનો ભાવ ઝરણાના જળ જેવો છે. ૧૦½

–ક્રમશઃ

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

ભક્તિમણી જ્ઞાન દીપક છે, ટાળે ઉભય અંધકાર; મણિ અભય, દ્યુતિ અચળ છે, દીપકને ભય છે અપાર
અપાર ભય વાયુથી વામે, તૈલ–પાત્ર બત્તી વિણ લય પામે;
જ્ઞાન સભય તો અન્ય કોણ માત્ર ? નિર્ભય ભક્તિ સકળ સુખ–પાત્ર
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૪૮)

વિવેચન :– આ કડીમાં કવિશ્રીએ પ્રકાશના સાધનોનું ઉદાહરણ આપીને ભક્તિનું રૂપ બતાવ્યું છે. **દીપકને ભય છે મણી નિર્ભય છે.** દીપક તે જ્ઞાન માર્ગ, મણી તે ભક્તિ. દીપક તે જ્ઞાન માર્ગમાં ચાલતાં અનેક આવરણોનો સામનો કરવો પડે છે.અનેક આવરણોમાં દીપકને બુઝાવાનો ભય છે. જેમકે એક પવનનો ઝપાટો દીપકને બુઝાવી શકે છે પરંતુ મણીને કોઈનો ભય નથી. સદા સર્વદા એક સરખો પ્રકાશ આપી શકે છે. જેમકે **યોગેશ્રી સો રાજેશ્રી, રાજેશ્રી સો નરકેશ્રી** થઈ શકે છે. યોગ માર્ગથી ચાલતાં હજારો વર્ષથી તપશ્ચર્યા કરવા વાળાને એક ઈન્દ્રની અપ્સરા તપભંગ કરાવી શકે છે જેના શાસ્ત્રોમાં અનેક ઉદાહરણો છે.તેમજ આત્મજ્ઞાન થયા પછી પણ તેનું રક્ષણ કરવું મુશ્કેલ છે. શક્તિપ્રદાન થતાં અભિમાન આવવું સહેજ છે. તે તપોબળનાં બળથી કંઈકને શ્રાપ આપી ભયંકર કામ કરી નાંખે છે. શકુંતલા પોતાના પતિની યાદમાં વ્યાકુલ હતી તેવે ટાઈમે દુર્વાસા મુનિ ત્યાં ગયા અને શ્રાપ દીધો. પતિ પત્નિી વચ્ચે દિવાલ ઉભી કરી દીધી. અભિમાનરૂપી શત્રુઓ તેની આસપાસ ઘેરાયેલા હોય છે. વળી હું જ્ઞાની છું, હું બધાથી શ્રેષ્ઠ છું વળી કોઈક તો કહે છે **'અહં બ્રહ્મા સ્મિ'** પોતાને બ્રહ્મ માનવાવાળામાં મિથ્યા અભિમાન ભર્યુ રહે છે. તે અભિમાનરૂપી વાયુ દીપકને બુઝાવી શકે છે. ભક્તિરૂપી મણી જયાં છે તેને અભિમાનરૂપી વાયુથી બુઝાવવાનો ડર નથી. ભક્તિમાં દાસત્વ ભાવ હોય તેને મણીરૂપી જયોત સદા પ્રકાશ આપે છે. હવે વિચારી જુઓ ભક્તિ નિર્ભય છે કે જ્ઞાન.

શિક્ષાપત્ર ૨૦ શ્લોક ૯–૧૦–૧૧ માં શ્રીહરિરાયજી જણાવે છે કે ***ગુણ ગાનતુ સર્વેષાં દોષાણાં વિનિવારકમ્.*** ભગવાનનું ગુણગાન કરવાથી બધા દોષોની નિવૃત્તિ થાય છે. ગુણગાન બે પ્રકારનું ,એક પુષ્ટિ બીજું મર્યાદા. જ્ઞાન માર્ગનું ગુણગાન બધા દોષોનું નિવારણ કરવાવાળું છે. અને તે જો નિર્વિઘ્ને પાર પડે તો મોક્ષની પ્રાપ્તિ થાય છે. ત્યાં સ્વરૂપાનંદનું સુખ નથી. આનંદમય લીલા સ્વરૂપનું દર્શન ત્યાં સુખ નથી. તે પણ બ્રહ્માજીનો લય થાય ત્યારે મોક્ષ મળે ત્યાં સુધી બ્રહ્મલોકમાં રહે છે.

હવે પુષ્ટિ રીતે ગુણગાન જોઈએ.

પુષ્ટિમાં વૃજ ભક્તોના ભાવથી ગુણગાન થાય છે. શ્રી ઠાકુરજીની સેવા કરી સંયોગ, વિપ્રયોગ બંને રસનો અનુભવ થાય છે. સન્મુખમાં રહી સેવા કરી કરપાદ મુખોદરાદી સર્વાંગ શ્રીઅંગના દર્શન, સ્પર્શ આદી છે. અનોસરમાં વેણુગીત, યુગલ ગીત આદી ગાઈને વિપ્રયોગનો અનુભવ થાય છે. આવી રીતે સંયોગ અને વિપ્રયોગ બંને ભાવનું ગુણગાન થાય છે. શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કરેલ પુષ્ટિમાર્ગમાં વૃજભક્તોના ભાવથી જ સેવા ગુણગાન થાય છે.તેના સાધન અને ફળ બંને એક જ છે.સાધનમાં સેવા સ્મરણ અને ફળમાં પણ એની એજ વસ્તુ પ્રાપ્ત થાય છે. પુષ્ટિરીતથી ગુણગાન કરવાથી પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થાય છે. અને પ્રેમ, આસક્તિ , વ્યસન, આમ ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં લીલારસનું પાન પ્રાપ્ત થાય છે.

જયારે જ્ઞાન માર્ગનું ગુણગાન નિરસ છે.પ્રભુ તું મને મોક્ષ આપ આ માગણી હોય છે ત્યારે પુષ્ટિ રસનું ગુણગાન છે અને ભક્ત અને ભગવાન બંને સ્નેહ બંધનથી બંધાયેલા રહે છે. અનેક ભક્તો મળી ગુણગાન કરતાં અનેકોને માર્ગદર્શન મળે છે.

નોંધ :– દોષોની નિવૃત્તિ તો જ્ઞાન માર્ગ કે ભક્તિમાર્ગ બે માંથી કોઈપણ રીતે થાય છે પરંતુ ફરક ફળમાં છે. એકમાં સ્વસુખને મોક્ષ ત્યારે બીજામાં સ્વામિ સેવકનો સંબંધ કાયમ રહે છે. પુષ્ટિ ભક્ત પોતાના સુખ અર્થે કાંઈ જ માંગતો નથી .તે તો અભિમાનનો ત્યાગ કરી લીલારસ અમૃતનું સદા પાન કરે છે. માટે જ કહ્યું છે કે લીલારસ પાન દૈવી જીવ વિના થાય નહીં. પુષ્ટિ રીતે ગુણગાન તે લીલા સૃષ્ટિના જીવો લીલારસનો અનુભવ કરે છે. પુષ્ટિ ભક્ત સર્વકાલે પ્રભુની ઈચ્છાજ માને છે. પોતાનું પરિબળ માનતો નથી કોઈને ચાર'દી પહેલા કોઈને પછી ફલ દાન વેલું મોડું થાય છે.તે પોતાનો જ અવગુણ જુએ છે. પ્રભુ ઉપર દોષ રાખતો નથી. પોતાને હીન માને ત્યારે દીનતા પ્રાપ્ત થાય અને દીનતા પ્રાપ્ત થતાં પ્રભુ પ્રસન્ન થાય છે. દયારામ ભાઈએ મનને મણીની ઉપમા આપી ગાયું છે કે દીનતાનાં પાત્રમાં મણીરૂપી મનની ભેટ ધરજો. અત્રે ઉદ્ધારની માગણી નથી પરંતુ મનરૂપી મણીની સામેથી ભેટ ધરાય છે. ભક્ત તરફથી કરેલી ભેટ પ્રભુ પ્રેમથી સ્વિકાર કરે છે ત્યાર પછી તે ભક્તને કઈ વાતની ખામી રહે ? એને જોતું તે મલ્યું નિર્ભય થઈ પ્રભુ ભક્તિ કરે છે જે ભટકવાવાળું મન તો પ્રભુને ચરણે ધરી દીધું છે.**આપ સ્વામિ સદા હું દાસરે નાતો નિભાવો રે** આ રીતે સ્વામિ સેવક ભાવે સેવા કરીને પ્રભુને પ્રિય બને છે.

આ ભક્તિનો મર્મ છે. માટેજ કવિશ્રી કહે છે **સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૪૮**

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટીત સહસ્ત્ર શ્લોકી

સેવાભાવના

હિન્દી પદ્યરચના રચયિતા– પ.ભ. રૂપચંદ ખંડેલવાલ "ભૂપ" જબલપુર

ગતાંકથી ચાલુ

દાહિને કર પીતાંબર ધારે, બાયેં કર દોહની સમ્હારે,
કાંધે પૈ નૈંતી ધરી લીની, બંસી ટેર સુનાઈ ભીની;
તીવ્ર મંદ મધ્યમ સુર માહીં, મટકિ મટકિ હરિ બેનુ બજાહીં,
બંસી ધુનિ સુનિ ગોપિન આઈ, નામ લેત ગાય ગતિ રૂકાઈ. ૮૭૩–૮૭૪
વૃક્ષાદિક હુ સ્રવન મધુકારા, કહિ ન જાત તિન હર્ષ અપારા;
સહિત ફૂલ–ફલ સો કહિં કૈસે, ભયે જડ હું રોમાંચિત જૈસે. ૮૭૫
કહૂ–કહૂ ગતિ નદિન રૂકાઈ, કહૂં જલજ જલમાંહિ ખિલાઈ.
કહૂ– કહૂ તરંગ ઉપજાવત, સ્તબ્ધ ગાય સબ કાન ઉઠાવત. ૮૭૬
દો. નૂપુર શબ્દ ન હોઈ ઈમિ, ધીમે ચરણન આહિં,
લૈ લૈ નામ ગઉન કે, દુહિબેં કાજ ઉઘાહિં. ૮૭૭
ઈત ઉતતે બ્રજનન જે આઈ, તિન્હ લખિ–હિય ઉત્સાહ અથાઈ;
તિનકે હિય–ઉત્પન્ને ભાવન, સોં વિશેષ ભાવિત મનભાવન. ૮૭૮
આઠ યામ અપનો મુખ દેખહિં, જિનકે હિય આનંદ વિસેષહિં;
ઐસે બ્રજનન કે મુખ કાહીં, બાર–બાર પ્રભુ નિરખત આહિં. ૮૭૯
ઐસે પ્રભુ ગોપકુલ કે પાલક, બન ગો દોહન કે સંચાલક;
બાંકી ગતિ ગાયન ઢિંગ આવત, નૈંતી સોં બછરાન બંધાવત. ૮૮૦
ઉકસં બૈઢિ, દોહની ઘુટનન, દબાય બૈઠે હરિ ગૌ દોહન;
લાખિ સ્વ ભાગ્ય પશુ મગન અવારા, હરિ કહં દેખિ સ્રવહિં પયધારા. ૮૮૧
દો. દેખન પ્રભુ કી અસદસા, નિજ નિજ ઘર સોં આઈ;
ઉત્સાહિત સ્વામિનિ સખૈ, ગૈં ચિત્રસમ રુકાઈ. ૮૮૨

ખિરકમાં ગોદોહન કરતા પ્રભુનું વર્ણન અને એવાં દર્શન કરીને વ્રજભક્તની જે અવસ્થા થઈ તેનું વર્ણન સતાવીશ શ્લોકથી કરે છે. (શ્લોક ૮૮૩ થી ૯૦૯)

હિય ભાવના સ્વામિનીજીકી, ઉકસં આસન કી સ્થિતિનીકી;
ગોપ–પુત્ર કહં ગાય દુહાવત, સ્વામિનિકે રસ વિવસ દુવાવત. ૮૮૩
આનંદ સોં નિજ નેત્ર મુંદાવત, મસ્તક કપોત જિમિ મટકાવત;
નેત્રન આનન્દાશ્રુ દિખાવત, રોમાંચન નિજદેહ ફુલાવત. ૮૮૪

મંદ શ્વાંસ લૈ નાક દરસાવત, ચલત કુંડલન છબિ શોભાવત. ૮૮૫
નકબેસર મોતિ શોભાવત, અધરન દુર્લભ સુધા–સ્રવાંવત. ૮૮૬
મોતિન તિ–લરી કંઠ વિરાજત, ઉર બઘનખ આભૂષણાભાવત. ૮૮૭
મણિ હીરાદિક બહુત જડાયે, પદક ઘરે જે બહુત શોભાયે;
લટકત હાર નાભિ પર્યન્ત, મોતિન કે નિજ હિય શોભન્ત. ૮૮૮
બીચ બીચ માણિક હૂં ગૂંથે, મોતિન કી માલન શોભતે;
કંચન કે હાર બહુતે રે, શોભિત હિય મન્ડલ જિન કે રે. ૮૮૯
દોઉ હાથ સ્વર્ણ કે કંકન, બાજૂ બંદ ધરે દોઉ બાહુન;
કટિ સુવરન કન્દોરા સોહત, તાપૈ ઘુંઘરન ગુચ્છા શોભત. ૮૯૦
દો. પીતામ્બર કટિ બાંધિયો, મોરપિચ્છ સિરમાહિં;
જટિત નીલ મણિ નૂપુરન, સોં યુગ પદ શોભહિં. ૮૯૧
ગાય દુહન કે કર સંચારન, ઔર દૂધ ધારાન– નિહારન;
મન લાગ્યો દેખત ન અઘૈયા, લગી ચટપટી પીવેં ઘૈયા. ૮૯૨
નિજ સર્વસ્વરૂપ બ્રજ નાથ હિં, ઐસી સ્થિતિમેં તિનન્હ સામને હિં,
તે બ્રજ ભક્ત દેખ આનંદ સોં, હંસન લગે જુ ભયે પાગલ જ્યોં
કિતનન ઘર કે ત્યાગ કરાયે, કૃષ્ણહિં ગહિબે વિકલ હુવાયે. ૮૯૩
કિતનન અદ્દ્ભુત લીલા દેખી, મન નિસબ્ધ જિન ભયે વિસેખી
કિતનન મન મનોર્થ ઈમિ આવૈ, ઈન સંગ કબ સંબંધ હુવાવૈ. ૮૯૪
કિતનન બ્રજ ભક્તન દોઉ હાથન, હરિ કી લેત બલૈયા પુન પુન;
કિતનન વિયોગ–ભય કે મારે, હો ગયે આકુલ ચિંતન વારે. ૮૯૫
કિતનન હિય ઉત્પન્ન કામના, તૃપ્ત ભઈ સંતાપ કોઉન;
કિતનન બ્રજપતિ કહં ગોદોહન, સિખવન મેં હો રહે પરાયન. ૮૯૬
કિતનન ગોદોહન સંસર્ગન, દેખત પ્રભુ કે ચંચલ હસ્તન,
કિતનન નકલ કરત તિન કેરી, હાથ હલાત લગાત ન દેરી;
કિતનન બાર બાર ગોપીજન, ગયે ઠગોય પ્રભુ ન કટાચ્છન. ૮૯૭
દો. કિતનન પ્રભુ–મુખ–છવિ–રસન, કે સમુદ્રમેં મગ્ન;
કિતનન મુખ–ચન્દ્રન લખન, ભૈ ચકોર ઉદ્દ્વિગ્ન. ૮૯૮
કિતનન વિકલ હોઈ અત્યન્તા, લજ્જા ત્યાગિ ભયે નિશ્ચિન્તા;
કિતનન પ્રભુ સોં સંબંધન હિત, હરિ પૈ કરહિં કટાચ્છ પ્રહારિત. ૮૯૯
તઉ પરમ સન્તોષન, પ્રભુ કે, દર્શન કરહિં પ્રેમ આતુર મેં;
કિતનન અર્દ્ધ નિમેષન પ્રભુ કહં, યોગ–પથન, પધરાયો હિય મહં. ૯૦૦

કિતનન ભક્તિ–માર્ગ પ્રકારા, અપને દોઉ નૈનન કે દ્વારા;
શ્રી ગોપીશ પ્રભુન કે ચરણન, કો રસપાન કરત હૈં પુન પુન. ૯૦૧
તઉ વિરહ સો ભયે આતુરે, તૃપ્ત ન હોવહિં ભક્તિ–ચાતુરે;
કિતનન પ્રભુ–અસીમ–છબિ દર્શન, કે આનન્દ લાગે કમ્પન. ૯૦૨
કિતનન હરિ મુખ કે લાવણ્યન, ભે પ્રસ્વેદ ચુત ઢીલે અંગન;
કિતનન પ્રભુ–ચરણન–ચંચલતા, સોં પુનિ પુનિ રોમાંચ અનુભવતા ૯૦૩
કિતનન કરિ પ્રભુ–કૂંજન શ્રવનન, બોલન લાગે ગદ્ગદ્ કંઠન;
કિતનન હિય કે ઉત્કટ ભાવન, કી ભાવના કરન લાગૈ મન ૯૦૪
કિતનન ભયે સ્વયં કે કમ્પન, સોં પ્રભુ–વશ ભો મનરૂપી ધન;
કિતનન અંગા જયોતિ રૂપ પ્રભુ, કે દર્શન લાગે જુ કરન સબુ. ૯૦૫
દો. કિતનન પ્રભુ કે વિલક્ષન, અંગ વર્ણન સુનિ કાન;
સર્વ ક્રિયા જિન શિથિલ ભઈ, તે ગોપીન મહાન.
પ્રભુકી દોહન ક્રિયા કી, શોભા દેખ અનૂપ;
હિલત ન ડોલત, ભઈ સબ, જડ્વત્ માનોં ભુવ. ૯૦૬
કિતનન કરિ પ્રભુ–વિચિત્ર દર્શન, ચિત્ત ખોયો સ્થિર ભે જિમિચિત્રન;
કિતનન ચિત કરે રસસમૂહન, અરપન કરિવે ભયે પરાયન. ૯૦૭
કિતનન કરિ ગાયન કે દર્શન, તૈસહિ કરત મનોરથ નિજ મન;
કિતનન લખિ પ્રભુ કો ગોદોહન, શ્રમ વિચાર સોં ભે વિહવલ મન. ૯૦૮
કિતનન ગોદોહન ન પધારન, કી ગતિ સોં નૂપુર કે શબ્દન;
સુનિ, સુમિરત અંતરંગ વાર્તન, કે સ્મરણન અતિ વ્યાકુલ જિનમન. ૯૦૯

આ પ્રમાણે વિકલ થયેલાં વ્રજભક્તો શ્રીદામાં સખાને પોતાનો મનોરથ કહે છે અને તે પૂર્ણ કરવાને પ્રભુની પ્રાર્થના કરવાની વિનંતિ કરે છે. તેનું વર્ણન સાડી ઓગણીસ શ્લોકથી કરે છે. (શ્લોક ૯૧૦ થી ૯૨૮½)

કિતનન નિજ પ્રેષ્ઠ પ્રભુન કેરી, બહુ સંબંધિ ભાવના ઘનેરી;
કરિવે મેં જે ચતુર કહાયે, દૂતી માર્ગ ચહહિં અપનાયેં. ૯૧૦
દો. ગોકુલેશ પ્રભુ કે સખા, અંતરંગ શ્રીદામ;
તાહિ બુલાઈ કહે સખ, મન મનોર્થ અભિરામ.
શ્રીદામા તુમ અહહુ હમારે, શ્રીસ્વામી કે સેવક પ્યારે. ૯૧૧
વિનતત હમ તુમસોં કરજોરી, સુનહુ પ્રાર્થના હમરી થોરી,
ગોપિન પ્રિય શ્રીકૃષ્ણ હિં જાઈ, કહ્યો વિનય હમારી સુનાઈ;
હમ વિન કે વિયોગ સોં પીડિત, મુખ દર્શન ભાવના કર હિં ચિત. ૯૧૨

ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૫૦

જય જય શ્રી યમુને હરિ જાયા;
સોહતિ નીલધાર શ્રીપતિસમ પ્રેમ—ભક્તિપ્રદ દાયા. —૧—
પુષ્ટિ ભક્તિરસ લતા લલિત અતિ પ્રકટી બ્રજ અનુકુલ;
મંજન પાન પ્રતાપ પુંજ સુચિ મિટત સકલ ભવ સૂલ. —૨—
વિગ્રહ વારી નિમિત્ત હંસજા જનદુખ હરન દ્રવી;
યમ ગણ ભયે સશંકિત તબહી આઈ કલિંદ શ્રવી. —૩—
લીલાધામ કૂલ—કલ હરિ કે રાજત સહિત સમાજ;
'વલ્લભદાસ' સર્વ સુખ સેવિત શ્રીયમુનાજૂ રાજ. —૪—

ભાવાર્થ : આ પદમાં શ્રીયમુનાજીનું મા રૂપે પધારી લીલાનુસાર સર્વ સામગ્રીનું સ્તવન કરેલ છે. શ્રી પુરૂષોત્તમની પટરાણી શ્રીયમુના મહારાણી આપની જય થાઓ. આપની જળધાર નિલવરણી, તે પોતાના પતિનાં રંગમાં રંગાયેલી હોઈ પ્રેમ—ભાવ—ભક્તિ રસનું દાન કરવા સમર્થ છો. તેમાં પણ ખાસ કરીને પુષ્ટિ જીવોને પુષ્ટિરસનું દાન ભરપુર કરાવો છો. તે રસને ઉદ્યોત કરવાવાળી લતા પર્ણ આદી સર્વ સામગ્રી ધરાવો છો જેથી ભક્ત અને ભગવાન બંનેને અનુકુલરૂપ છો. તદ્‌ઉપરાંત જે કોઈ જીવ આપનાં જળથી મંજન ન કરે તેને ભવરૂપી સૂલ દૂર કરી ભક્તિમાન બનાવો છો.

જીવોનાં તાપને હરણ કરવા આપ સૂર્યમંડલથી દ્રવીભુત થઈ ભુતલ પધાર્યા. આપનું પરાક્રમ જોઈને યમરાજ શંકાશીલ બન્યા કે હવે મારૂ કામ કઠણ થયું. હું હવે કર્મને અનુસાર પાપીઓને દંડ કેમ આપી શકીશ. સર્વ રીતે ભગવાન શ્રી કૃષ્ણનું લીલારસનું ધામ હોયને લીલાને અનુસાર સર્વ સામગ્રી પોતાની પાસે જ રાખી છે, તેથી ભક્ત અને ભગવાન બંને માટે સુખ સેવિત છો. આવા શ્રીયમુનાજી આપનું શરણ વલ્લભદાસ ગ્રહણ કરી રહેલ છે.

અનુકરણીય

૧. આજીવન ગ્રાહક નં.૧૦૦ શ્રી સોની ભુદરભાઈ રણછોડદાસે રૂ.૪૦૦/—ચારસો સ્વૈચ્છિક આજીવન લવાજમમાં વધારો આપી અનુકરણીય પગલું ભર્યુ છે.
૨. આજીવન ગ્રા.નં ૨૬૧ શ્રી સોની અમૃતલાલ નાનજીભાઈ વડાલવાળા, ધોરાજી દ્વારા રૂ. ૧૫૧/—
૩. આજીવન ગ્રા. નં.૩૮૦ ઈન્દીરાબેન રસીકભાઈ જાવીયા, રાજકોટ દ્વારા રૂ. ૧૦૧/—
૪. આજીવન ગ્રા.નં.૫૬૫ જે.જે.પટેલ હા. શારદાબેન રાજકોટ દ્વારા રૂ. ૧૦૧/—
૫. આજીવન ગ્રા.નં.૨૪૦ શ્રી ખેડુત ઓઈલ કેઈક, ધોરાજી દ્વારા રૂ. ૫૦/—
૬. આજીવન ગ્રા નં. ૩૦૩ મિસ્ત્રી રતિલાલ લાલજીભાઈ, ધોરાજી દ્વારા રૂ. ૫૦/—

લવાજમના દર વધતા સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલાવી અનુકરણીય પગલું ભરેલ છે. ધન્યવાદ.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. પ.ભ. ગંગાબેન ડી.પારેખના સવિનય ભગવદ્ સ્મરણ, હ. ઈન્દુબેનના જય શ્રી કૃષ્ણ.

કાવ્ય કુંજ

શ્રી ચંપારણ્યની યાત્રાનું ધોળ

રચયિતા– જયંત જી. ગાંધી 'કુસુમાયુધ', જુનાગઢ.

[સર્વે વૈષ્ણવને જય શ્રીકૃષ્ણ રે...એ ઢાળમાં]

ચાલો વૈષ્ણવ સહુ ચંપારણ્ય જઈએ રે, શ્રી વલ્લભપ્રભુજીના પ્રાગટય સ્થાને રે.
સંવત્ પંદરસો પાંત્રીસની સાલે રે, ચૈત્ર વદી એકાદશી શુભ દિવસે રે.
ભૂતલ ઉપર ભવ્ય ઘટના બની છે રે, વૈશ્વાનર શ્રી વલ્લભપ્રભુજી પ્રગટિયા રે.
ઈલમ્માગારૂજીની કુખે અવતરિયા રે, લક્ષ્મણભટ્ટજીનાં કુળમાં પ્રગટિયા રે.
અગ્નિકુંડે અગ્નિસ્વરૂપ પ્રગટિયા રે, દૈવીજીવોના ભાગ્ય તો ઉઘડીયા રે.
શ્રીકૃષ્ણ કમળ–મુખ સ્વરૂપ પ્રગટિયા રે, શ્રી પુષ્ટિમારગના પ્રવર્તક પ્રગટિયા રે.
વેદ–પુરાણ સઘળા શાસ્ત્રો જે ભણિયા રે, શુદ્ધાદ્વૈત સિદ્ધાંતે સાર સમજાવ્યા રે.
વિજયનગરમાં તો શાસ્ત્રાર્થો કરીયા રે, પોથી પંડિતનાં ત્યાં ગર્વ તો હરીયા રે.
કનકાભિષેકે શ્રીવલ્લભ પૂજાય રે, જય જયકાર શ્રીવલ્લભના તો ગુંજ્યા રે.
ચોરાશી વૈષ્ણવને સેવક બનાવ્યા રે, દામોદર હરસાની પ્રથમ જ સ્થાપ્યા રે.
ગિરિકંદરાથી શ્રીજી વ્રજમાં પ્રગટિયા રે, પ્રથમ મિલન થયું પાટે બેસાડયા રે.
અષ્ટ સમયના ત્યાં દર્શન નિર્ધાર્યા રે, પુષ્ટિજનોને તો મહાસુખ આપ્યા રે.
ચોરાશી બેઠકમાં આપ બિરાજ્યા રે, શ્રીકૃષ્ણ–કથા કહી સાર સમજાવ્યા રે.
ષોડશ ગ્રંથો પુષ્ટિજન કાજે રચીયા રે, સુબોધિની રચી ભાગવત ગૂઢાર્થ પ્રગટાવ્યા રે.
અણુભાષ્ય સમ મહાગ્રંથ તો રચિયા રે, પુષ્ટિમારગના સિદ્ધાંતો સમજાવ્યા રે.
ગદ્ય–મંત્ર, અષ્ટાક્ષર મંત્ર દીધા રે, બ્રહ્મસંબંધથી જીવ શરણે લીધા રે.
શ્રીજી યમુનાજી શ્રી વ્રજ ગિરિરાજ રે, વલ્લભકુળ પાંચેથી પુષ્ટિસમાજ રે.
શ્રી વલ્લભ–વદન ઘણું તેજથી સોહે રે, પુષ્ટિજનોનાં તો મનડા મોહે રે.
ભવ્ય લલાટે તો કુમકુમ તિલક છે રે, કરૂણાર્દ્ર નયનોની મીઠી ઝલક છે રે.
ઓષ્ઠ કમલથી અષ્ટાક્ષર જપતા રે, જમણે કર ગૌમુખી માળા ફેરવતા રે.
કંઠમાં તુલશીની માલા સોહે છે રે, શ્રી કરમાં કમળનાં પુષ્પો સોહે છે રે.
શ્વેત ઉપરણોને ધોતી ધર્યા છે રે, ચરણ–કમળ નખચંદ્ર છટા છે રે.
કોટિ–કુસુમાયુધ–લાવણ્ય સરખું રે, દિવ્ય મનોહર રૂપ આ નીરખ્યું રે.
વૈશ્વાનર શ્રી વલ્લભપ્રભુની કૃપાએ રે, બ્રહ્મસંબંધ શ્રીજી થી થયા છે રે.
દઢ છે ભરોસો શ્રીવલ્લભ ચરણે રે, પુષ્ટિજનો માત્ર એમના શરણે રે.
સદા સુખદાયી સર્વોત્તમ શ્રીપ્રભુજી રે, વલ્લભી વૈષ્ણવના વ્હાલા ગુરૂજી રે.

શ્રી વલ્લભપ્રભુજીની પ્રેરણા થઈ છે રે, ચંપારણ્યે ભવ્ય મંદિર બન્યા છે રે.
ધર્મ–ધ્વજા મંદિર શિખરે ફરકતી રે, પુષ્ટિજનોના તો મનડાં એ હરતી રે.
અપરસ સ્નાનની સુવિધા ઘણી છે રે, વૈષ્ણવના વૃંદોની ભીડ ત્યાં ઘણી છે રે.
ધોતી ઉપરણાં ને ભોગ ત્યાં ધરીએ રે, ઝારીજી ભરીએ શ્રી વલ્લભને ધરીએ રે.
શ્રી ગદ્યમંત્રનું તો પઠન ત્યાં કરીએ રે, દંડવત કરીએ તે મહાસુખ લઈએ રે.
પલને પ્રભુજીને હવે ઝૂલવીએ રે, વિવિધ ખિલૌનાથી હરિને ખેલવીએ રે.
વિવિધ સેવાઓનો લ્હાવો તો લઈએ રે, જીવન સાર્થક થ્યાનો મનોરથ સમજીએ રે.
છઠ્ઠીજી બેઠકમાં ઝારીજી ભરીએ રે, શ્રીવલ્લભકૂપ જળથી અપરસ સ્નાન કરીએ રે.
શ્રીવલ્લભપ્રભુજીના નિજ સ્થાન નીરખીયે રે, યાત્રા સફળ થઈ તે આનંદ લઈએ રે.
કળિયુગમાં કૌતુક શ્રીકૃષ્ણ કૃપાનું છે, શ્રીવલ્લભની કાનીં થી જીવને ગ્રહે છે રે.
શરણે ગ્રહે તેને કદી ના ત્યજે છે રે, સદા અંગીકાર એ જીવને કરે છે રે.
ગૃહ–સેવા ભાવે જયાં વૈષ્ણવ કરે છે રે, શ્રીકૃષ્ણ સેવામાં સાર્થક સૌ બને છે રે.
શ્રી વલ્લભજયંતિનો આનંદ અધિક છે રે, ચંપારણ ધામે સહુ વૈષ્ણવ જઈએ રે.

–: શ્રી વલ્લભાધીશકી જય :–

□ કંઠાભરણમ્ □

ઈશ્વરની ઈચ્છા બળવાન છે.

યથા કાષ્ઠં ચ કાષ્ઠં ચ સમેયાતાં મહોદધૌ । સમેત્ય ચ વ્યપેયાતાં તદ્વદ્ ભૂત સમાગમ ॥

જેમ કોઈ મહાસાગરમાં તણાતાં બે લાકડાં એકઠા થઈ જાય છે અને પાછા વિખૂટા પડી જાય છે, તેજ પ્રમાણે આ સંસારસાગરમાં પ્રાણીઓનો પરસ્પર સમાગમ થાય છે અને વિયોગ પણ થાય છે.

અનિત્યે પ્રિયસંવાદે સંસારે ચક્રવદ્ ગતૌ । પથિ સંગત મેવૈ તદ્ ભ્રાતામાતા પિતા સખા ॥

આ સંસારમાં પ્રિયજનોનો સહવાસ અનિત્ય છે અને ચક્રની પેઠે ગતિશીલ છે; તેમાં ભાઈ, માતા, પિતા, મિત્ર વગેરે માર્ગમાં મળેલા મુસાફર જેવા છે.

વિપત્તૌ કિં વિષાદેન સંપત્તૌ હર્ષણેન કિમ્ । ભવિતવ્યં ભવત્યેવ કર્મણો ગહના ગતિઃ ॥

વિપત્તિ–દુઃખમાં શોક કરવાથી પણ શું ? કેમ કે જે થવાનું હોય તે થાય જ છે. ખરેખર, કર્મની ગતિ ગહન ન સમજાય તેવી છે.

ના ભુક્તં ક્ષીયતે કર્મ કલ્પકોટિ શતૈરપિ । અવશ્યમેવ ભોક્તવ્યં કૃતં કર્મ શુભાશુભમ્ ॥

સેંકડો કે કરોડો કલ્પ થાય તો પણ કરેલું કર્મ તેનું ફળ ભોગવાયા વિના ક્ષીણ થતું નથી. શુભ કે અશુભ કર્મ કર્યુ હોય તેનું ફળ અવશ્ય ભોગવવું જ પડે છે.

સ્વયં મહેશઃ શ્વશુરો નગેશઃ સખાધનેશસ્તનયો ગણેશઃ । તથાઅપિ ભિક્ષાટનમેવ શમ્ભોર્બલીયસી કેવલમીશ્વરેચ્છા ॥

શંભુ પોતે મહેશ કહેવાય છે, તેમના સસરા હિમાલય છે, મિત્ર ખુદ કુબેર ભંડારી છે. અને પુત્ર સર્વને મંગલ પ્રદાતા ગણપતિ છે, છતાં શંકરને પણ ભિક્ષા માટે ભ્રમણ કરવું પડે છે, તેથી માનવું પડે છે કે ''કેવળ ઈશ્વરની ઈચ્છા જ બળવાન છે.''

[**'કંઠાભરણમ્'** કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

॥ શ્રી કૃષ્ણઃશરણં મમ ॥

વ્રજલીલાના પદ

રચયિતા– શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ) બી. ઈ. (સીવીલ), બીરપુર

૩૬. માનસરોવર લીલા રાગઃ બિહાગ / બિહાગરો

શ્યામાજુ ગૂઢ માન કિયો,
રાસસ્થલસે નિકસી આઈ, ઐસો વિરહ ભયો. ૧
બંસી બટપે બંસી બજાઈ, રાધા સહ રાસ રચ્યો,
શ્યામ વન કે, રાસ રમણમેં, અંતરધ્યાન કિયો. ૨
દેખત શ્યામકો, શ્રીયમુનાજી, નિજ નિકુંજ લિયો,
બહોત દિનનકો મનોરથ, જો પૂરણ આજ કિયો. ૩
દેખિ રૂઠ આઈ માનસરોવર, સબ અંગ ઢાંપ લિયો,
કમલનેત્રમેં રૂપ સમાઈ, સુંદર દરશ દિયો, ૪
દેખી પ્યારીકી, લીલા અદ્‌ભુત, શ્રીયમુનાજી સિંગાર કિયો,
ચલી મનાવન, શ્યામ કે સંગત, માનિની માન છુડાયો. ૫
માન બિહારી, બનકર બાંકો, રાસ રસિક રચાયો,
'ચરનદાસ' લીલા સાગર કો, ઈસ વિધ પ્રગટ કિયો. ૬

ભાવાર્થ : જ્યારે શ્રીઠાકોરજી રાસ રમતા શ્યામ વનમાં અંતરધ્યાન થયા ત્યારે શ્રીયમુનાજી દૂરથી પ્રભુની આ લીલા જોઈ રહ્યા હતાં. તેમણે આ સુંદર તક ઝડપી લીધી અને પ્રભુને એકાંતમાં પોતાની નિકુંજમાં પધરાવી ગયા. શ્રી રાધાજી પ્રભુને શોધતાં નિકુંજ પાસે પધાર્યા. તેમણે શ્રીયમુનાજી સાથે શ્રીઠાકોરજીને રમણ કરતાં જોઈને મનમાં ઉદ્વેગ થયો. અને રીસ કરી, માન કરી, માનસરોવર પધારી ગયા. કોઈની સાથે એક શબ્દ બોલ્યા નહીં. ગાઢ માન કરી, બધાં અંગોને વસ્ત્રોથી ઢાંકી દીધા. ફક્ત નેત્રો બે ખુલ્લા રાખ્યા. તેનાં પ્રતીક રૂપે આજે પણ માનસરોવર ઉપર શ્રી રાધાજીનાં ફક્ત નેત્રોનાં જ દર્શન થાય છે. અંગ ઉપર કોઈપણ શણગાર ધરતાં નથી. આવી વિરહી દશા જોઈ, શ્રીયમુનાજીએ પ્રભુને માન છોડાવવા વિનંતી કરી, અને પોતે પ્રભુને શણગારી, પ્રભુને સાથે લઈ, શ્રી રાધાજી સન્મુખ પધાર્યા. પોતાના અંતરની વાત સત્યરૂપે પ્રગટ કરી અને શ્રી સ્વામિનીજીની શંકાનું સમાધાન કર્યુ. માન છોડાવવા પ્રભુને આગળ કર્યા. મનનું સમાધાન થતાં શ્રી રાધાજીએ માન છોડયું અને ફરીથી પ્રભુની સાથે માનસરોવર ઉપર રાસ ખેલ્યા.

ત્યારથી આ સ્થળે પ્રભુ માનબિહારી રૂપે પ્રગટ થયા છે અને અનુપમ માનલીલા કરી છે.

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.
–શ્રી વ્યાસદાસજી

[મનુષ્ય કે દશ ધર્મ]

સંપાદક : શ્રી હનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર : ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

૭. ધી અર્થાત્ બુદ્ધિ

માનવધર્મનું સાતમું લક્ષણ શ્રેષ્ઠ બુદ્ધિ છે. મનુષ્યની અંદર બુદ્ધિ જ એક એવી વસ્તુ છે જેના પર પતન અને પ્રગતિ આધારિત છે. કઠોપનિષદના વચન છે :–

આત્મનં રથિનં વિદ્ધિ શરીરં રથમેવ તુ । બુદ્ધિન્તુ સારથિં વિદ્ધિ મનઃપ્રગ્રહમેવ ચ ॥
ઈન્દ્રિયાણિ હયાનાહુ : વિષયાંસ્તેષુ ગોચરાન્ । આત્મેન્દ્રિય મનોયુક્તં ભોક્તેત્યાહુર્મનીષિણઃ ॥ (૧/૩/૩–૪)

શરીર રથ છે, આત્મા રથી છે, બુદ્ધિ સારથી છે, મન લગામ છે, ઈન્દ્રિયો ઘોડા છે, શબ્દ–સ્પર્શ વિગેરે વિષય મેદાન છે અને શરીર, ઈન્દ્રિય તથા મનયુક્ત આત્મા ભોક્તા છે.

રથ ઘોડા વગર ન ચાલે પરંતુ તેને ઠીક રસ્તે લઈ જવો, હાથમાં લગામ પકડેલ બુદ્ધિમાન અને તત્પર સારથીનું કામ છે. સારથીમાં ચાર ગુણ અવશ્ય હોવા જોઈએ. રથીની આજ્ઞાનું પાલન કરવું, જ્યાં જવાનું છે તે સ્થાનની માહિતિ, માર્ગનું જ્ઞાન અને મજબૂત રીતે લગામ પકડીને યોગ્ય રૂપે, યોગ્ય માર્ગ પર ઘોડાને ચલાવવા. આમાંથી કોઈપણ ગુણની ઉણપ હોય તો રથ પડવાનો કે માર્ગ ચૂકી જવાનો ભય રહે છે. ઈન્દ્રિયરૂપી બળવાન અને ચંચળ ઘોડા વિષયરૂપી મેદાનમાં મનમાની રીતે દોડવા ઈચ્છે છે. પરંતુ જો બુદ્ધિરૂપી બલ–બુદ્ધિ વિશારદ સારથી મનરૂપી લગામને જોરથી ખેંચીને તેમને પોતાના વશમાં રાખવા સમર્થ હોય તો તે જોડેલ ઈન્દ્રિયરૂપી ઘોડાની એટલી તાકાત નથી કે તે મનરૂપી લગામની મદદ વગર જ ગમે તે બાજુ દોડી શકે.

આપણું મન બીજી તરફ લાગેલું હોય તે સમયે આપણી સામેથી કોઈ નીકળી જાય કે કોઈ ગમે તે વાત કરતા હોય, આંખ અને કાન હાજર હોવા છતાં આપણને તેની ખબર નથી પડતી. પૂછે તો આપણે કહી દઈએ છીએ કે અમારૂ મન બીજા કામમાં હતુ તેથી અમે જોયું કે સાંભળ્યું નથી. આથી એ સિદ્ધ થાય છે કે ઈન્દ્રિયો કોઈ વિષયને ત્યારે પકડી શકે છે જ્યારે મન તેની સાથે હોય. ઘોડા એ તરફ દોડે જે તરફ લગામની મદદ હોય. લગામને ઠીક રાખવી સારથીનું કાર્ય છે. જો બુદ્ધિરૂપી સારથી વિવેક રહિત, કર્તવ્ય નિર્ણયમાં અસમર્થ અને કમજોર હોય તો ઈન્દ્રિયરૂપી દુષ્ટ ઘોડા તેના કાબુમાં ન રહેતા લગામને પોતાના કાબુમાં કરી લે છે. અંને મનમાની રીતે ગમે તે બાજુ દોડીને રથને, રથી અને સારથી સહિત ખરાબમાં ખરાબ સ્થળે લઈ જઈ નાખી દે છે.

માની લો કે આપણે આપણા મકાનના ઓરડા અંદર બેઠા છીએ. રસ્તેથી કોઈ ઝંકારનો અવાજ આવ્યો. અવાજની ખબર કર્ણેન્દ્રિયને પડી. પરંતુ તેનું એ કહેવાનું સામર્થ્ય નથી કે અવાજ કઈ વસ્તુનો છે. કાને આ વિષય મન સામે

રાખ્યો. મન વિચાર કરવા લાગ્યું (વાસ્તવમાં મનનું સ્વરૂપ જ સંકલ્પ–વિકલ્પાત્મક છે, મન નિર્ણય ન કરી શકે) મને એ વિષય બુદ્ધિ સામે રાખ્યો, બુદ્ધિએ વિચાર કરીને એ નિર્ણય આપ્યો કે કોઈ રસ્તે ચાલનારી સ્ત્રીના ઝાંઝરનો અવાજ છે. આ નિશ્ચય થતાં જ મન ફરી ઈચ્છે છે કે જરા તેને જોઉં. અહીં જો બુદ્ધિ ધર્મમાં સાવચેત અને પરમાત્મામાં નિશ્ચયવાળી હોય તો તુરત મનને ડરાવી કે સમજાવી, પટાવી રોકી દે છે. પરંતુ જો આમ ન થાય તો બુદ્ધિ મનને સાથ આપે છે. બુદ્ધિ તરફથી ઢીલાશ મળતા જ મન ઈન્દ્રિયોને આધીન થઈ જાય છે. પછી પગ દોડે છે, આંખ જુએ છે, કાન સાંભળે છે. ધીમે ધીમે બધી ઈન્દ્રિયો પોત પોતાના કાર્યમાં લાગી જાય છે. જરા અમસ્તી બુદ્ધિની ઢીલાશથી મહાપાપ થઈ જાય છે. આ વાત લખવા–વાંચવામાં વાર લાગે છે. પરંતુ આ ઈન્દ્રિય, મન, બુદ્ધિનું કાર્ય હંમેશા ક્ષણભરમાં થાય છે. કાનમાં અવાજ આવતાં જ મને વિચાર્યુ કે શું છે, બુદ્ધિએ નિર્ણય કરી આપ્યો, ફરી મનમાં ઈચ્છા થઈ તેને બુદ્ધિએ કાંતો રોકી દીધી અથવા મનની હા માં હા મીલાવી દીધી.

આનાથી પણ ઉપર્યુક્ત દષ્ટાંતને ટેકો મળે છે. બુદ્ધિરૂપી સારથી દ્વારા મનરૂપી લગામને છૂટ મળતાં જ ઈન્દ્રિયરૂપી ઘોડા સ્વેચ્છાચારી બની જાય છે અને ઈન્દ્રિયોના વશમાં રહીને ચાલવાથી એવી કોઈ ખરાબી નથી જે ન બની શકે. તેથી જ બધા પ્રકારની ખરાબીઓથી બચીને શરીરરૂપી રથમાં બેઠેલ આપણે જો પોતાના લક્ષ્ય સ્થળ પર પરમાત્માના પરમ ધામમાં પહોંચવા ઈચ્છીએ છીએ તો બુદ્ધિરૂપી સારથીને પરમેશ્વરમાં નિશ્ચયવાળો બનાવી ઇન્દ્રિયરૂપી ઘોડાઓને મનરૂપી લગામની મદદથી રથને સત્વગુણી વિષયોરૂપી રાજમાર્ગ પર ચાલવું જોઈએ. જેથી તે જ્યાં સુધી જઈ શકે ત્યાં સુધી ઠીક માર્ગ પર જ જાય.શરીર રથમાં રહેલ આત્મા માટે લક્ષ્ય સુધી પહોંચવાનો બીજો કોઈ રસ્તો નથી. ચાલવાનું આ રથ દ્વારા અને આ સાધનોથી જ છે. ફરક માત્ર સારા કે ખરાબ માર્ગનો જ છે. સારા રસ્તે જનાર રથ સીધો પોતાના ઘર પાસે પહોંચાડી દે છે. અને ખરાબ રસ્તે જનાર રથ વારંવાર અંધકારમય ખાડામાં નાખી દુઃખ આપે છે. એમાં કોઈ સંદેહ નથી, કે શરીર, ઈન્દ્રિય, મન અને બુદ્ધિ પરમ ધામમાં ન જઈ શકે, તે ન મળતા પાછા ફરી જાય છે. પરંતુ જ્યાં સુધી જેને જવાનું છે ત્યાં સુધી તો તેમની જ મદદથી આપણે ચાલવું પડશે.

–ક્રમશઃ

શ્રી વલ્લભસુધાના ગયા વર્ષના ભેટપુસ્તક અંગે

શ્રી વલ્લભસુધાનું ગતવર્ષનું ભેટપુસ્તક 'શ્રી મદ્ વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર' તા. ૩૧ માર્ચ સુધીમાં અત્રે કાર્યાલયમાંથી બધા જ ગ્રાહકોને મોકલાઈ ગયેલ છે. જે ગામ શહેરોમાં પાંચથી વધુ ગ્રાહકો છે ત્યાં સેવાભાવી કાર્યકરો દ્વારા પુસ્તક મોકલાયેલ છે. જે અન્યત્ર એક–બે ગ્રાહકો છે તેવા ગામોએ રજી.બુકપોસ્ટ દ્વારા પુસ્તક રવાના કરેલ છે. તેજ પ્રમાણે ભેટ કોપી મેળવતાં કાર્યકરોને તથા પૂજયપાદ શ્રીગોસ્વામી બાળકોને પણ પુસ્તકો મોકલાઈ ગયેલ છે. કોઈ કારણસર જેમને ભેટપુસ્તક મળ્યા ન હોય તેમણે પોતાને ત્યાંના સ્થાનિક શ્રી વ.સુ.ના પ્રતિનિધિને ત્યાં તપાસ કરવી અને ન મળે તો તા. ૧૫–૫–૯૮ પહેલા અત્રે શ્રી વલ્લભસુધા કાર્યાલયને પત્ર લખી જણાવવું જેથી યોગ્ય કરવામાં આવશે.

–વ્યવસ્થાપક શ્રી વલ્લભસુધા કાર્યાલય

"શ્રી દ્વારકેશો જયતિ"

ભારતીય સાંસ્કૃતિક પરંપરાની એક સમૃદ્ધ ઝાંખી

'કુંભ મહાપર્વ'

ગો. શ્રી દ્વારકેશજી મહોદય (ચંપારણ્ય અમરેલી–કાંદીવલી–સુરત)

ભારતીય ધર્મ સંસ્કૃતિ અને સમાજના સંસ્કૃતિક આધ્યાત્મિક ક્ષિતિજ ઉપર કુંભ મહાપર્વનું વિશિષ્ટ મહત્વ છે.

પ્રાચીન ભારતીય સાહિત્યમાં કુંભ મહાપર્વના પ્રારંભના સંદર્ભમાં અનેક કથાઓ પ્રાપ્ત થાય છે. એક કથાનુસાર જયારે દેવો અને દાનવોએ– એક થઈ ભેગા મળીને અમૃત પ્રાપ્ત કરવા માટે સમુદ્ર મંથન કરવાનું નક્કી કર્યુ ત્યાર ભગવાને 'કૂર્મ' અવતાર ધારણ કર્યો. મંદરાચલ પર્વતની વલોણી બનાવી અને વાસુકી નાગનો નેતરા (દોરી)ની જેમ ઉપયોગ કર્યો. ત્યારે ભગવાને મંદરાચલ પર્વતને પોતાની પીઠ ઉપર ધારણ કર્યો અને સમુદ્રમંથનને સફળ બનાવ્યુ. અ ક્ષીરસાગર સમુદ્રમંથનમાંથી મંથનના ફળ સ્વરૂપે ચૌદ પ્રકારના રત્નોની પ્રાપ્તિ થઈ.

એક સંસ્કૃત મંગલાષ્ટક પ્રમાણે :–

લક્ષ્મી કૌસ્તુભ પારિજાતક, સુરા ધન્વન્તરિશ્ચંદ્રમા, ગાવઃ કામદુધા સુરેશ્વર ગજો, રંભાદિ દેવાંગના ।
અશ્વઃ સપ્તમુખઃ સુધા હરિધનુઃ શંખો વિષં ચાંબુજે, રત્નાનિતિ ચતુર્દશઃ પ્રતિદિનં કુર્વન્તુ નો મંગલમ્ ॥

આ શ્લોક પ્રાપ્ત થાય છે. જયારે શ્રીભાગવતજીમાં તેનો ક્રમશઃ ઉલ્લેખ છે. વિષ, કામધેનુ ગાય, ઉચ્ચૈશ્રવા નામનો સાતમુખવાળો સફેદ અશ્વ, ચાર દંતશૂળવાળો સફેદ હાથી ઐરાવત, કોસ્તુભ મણિ, પારિજાત વૃક્ષ, અપ્સરાઓ, ચંદ્રમા, લક્ષ્મીજી, વારુણિ નામની સુરા (મદિરા), સારંગ ધનુષ્ય (બધાં જ શસ્ત્રોનું આધિદૈવિક સ્વરૂપ), પંચજન્ય શંખ (બધા જ વાદ્યોનું આધિદૈવિક સ્વરૂપ), અને છેલ્લે ગૌર વર્ણવાળા ધન્વન્તરિ હાથમાં અમૃત કળશ લઈને ઉત્પન્ન થયાં. આ પ્રકારે ચૌદ રત્નોની પ્રાપ્તિ થઈ. તેમાં અમૃત કળશને પ્રાપ્ત કરવા માટે દેવો અને દાનવોમાં ભીષણ યુદ્ધ થયું. તેમાં દેવતાઓએ અમૃત કળશની રક્ષાનો ભાર બૃહસ્પતિ (ગુરૂ), ચંદ્ર, સૂર્ય અને શનિને સોંપ્યો. દેવોની આ રણનિતિ દૈત્યોના ધ્યાનમાં આવી ગઈ. દેવતાઓ પાસેથી અમૃત કળશ મેળવવા દૈત્યો તેમની પાછળ ભાગ્યા. આ દોડાદોડ બાર દિવસ અને બાર રાત્રિ અવિરત ચાલી. આ દોડમાં દેવતાઓએ આખી પૃથ્વીની પરિક્રમા કરી નાંખી. આ દરમ્યાન અમૃત કળશ હરિદ્વાર, પ્રયાગ, નાસિક અને ઉજ્જૈનમાં રાખવામાં આવ્યો. આ ચારેય તીર્થોમાં રાખવામાં આવેલા અમૃત કળશની સ્મૃતિ માટે ધર્માચાર્યોએ ચારેય તીર્થોમાં દર બાર વર્ષે 'કુંભ મહાપર્વ'નું વિધાન કર્યુ.

જ્યારે 'સ્કંદ પુરાણ' માં વર્ણિત એક અન્ય કથાનુસાર, અમૃતની પ્રાપ્તિ માટે જ્યારે દેવો અને દાનવોમાં ભીષણ દેવાસુર સંગ્રામ થયો ત્યારે ભગવાન પૂર્ણ પુરૂષોત્તમ દેવોના પક્ષમાં હતા. એટલે અમૃત કુંભની પ્રતિસ્પર્ધામાં ભગવાને મોહિની રૂપ ધારણ કરી અને અમૃત કળશની રક્ષા કરી. અને ઈન્દ્રના પુત્ર જયંતને ભગવાને અમૃત કળશ સોંપી દીધો. એ તરત જ આકાશ માર્ગે અમૃત કુંભ લઈને ભાગી નીકળ્યા. ચંદ્ર, સૂર્ય અને બૃહસ્પતિ (ગુરૂ)ના નિરીક્ષણમાં અને ભગવાનના સંરક્ષણમાં અમૃત કુંભને ચાર સ્થાનોમાં સુરક્ષિત રાખવામાં આવ્યો. આ અમૃતકુંભ માંથી અમૃતના બાર બિંદુઓ છલકાયા. તેમાંથી આઠ બિંદુઓ દેવલોક–સ્વર્ગમાં છલકાયા અને ચાર બિંદુઓ જ્યાં અમૃતકુંભને સુરક્ષિત

રાખવામાં આવ્યો હતો તે ચાર સ્થાનોમાં છલકાયા. એટલા માટે હરિદ્વાર, પ્રયાગ, નાસિક અને ઉજ્જૈનમાં કુંભપર્વ, કલ્પવાસ અને તીર્થસ્નાનની શાસ્ત્રીય પરંપરા પરાપૂર્વથી ચાલતી આવી છે. હરિદ્વારમાં ગંગાજીના તટ પર, પ્રયાગમાં ગંગાજી, યમુનાજી અને સરસ્વતિજીના ત્રિવેણી સંગમ પર, નાસિકમાં ગોદાવરીના તટ પર, તથા ઉજ્જૈન (અવન્તિકાપુરી)માં ક્ષીપ્રાના પવિત્ર તટ પર અમૃત પૂરિત સ્થળો પર અમૃત જળથી સ્નાન કરીને સર્વ દોષોમાંથી મુક્તિ મેળવવા માટે અને પુણ્ય અર્જિત કરવા માટે કલ્પવાસ અને શાહિ સ્નાનનું શાસ્ત્રોક્ત વિધાન છે.

કુંભના પાવન પર્વ પર તીર્થોના પુણ્યમયી પાવન સ્થાનોમાં તીર્થસ્નાનનું મહાન ફળ શાસ્ત્રોમાં અને વેદોમાં વર્ણવામાં આવ્યુ છે. કુંભપર્વનું આધ્યાત્મ અને જ્યોતિષ શાસ્ત્રીય મહત્વ પણ છે. ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિ અનુસાર જ કુંભ પર્વનો યોગ નિર્ધારિત થાય છે.

[૧] કુંભ રાશિમાં ગુરૂ સ્થિત હોય અને મેષ રાશિમાં સૂર્ય હોય ત્યારે કુંભપર્વ હરિદ્વારમાં થાય છે.

[૨] વૃષભ રાશિમાં ગુરૂ હોય અને મકર રાશિમાં સૂર્ય હોય ત્યારે કુંભપર્વ પ્રયાગમાં થાય છે.

[૩] સિંહ રાશિમાં સૂર્ય હોય ત્યારે કુંભપર્વ નાસિકમાં થાય છે.

[૪] સિંહ રાશિમાં સ્થિત વૃશ્ચિકનો ગુરૂ બૃહસ્પતિ હોય અને મેષ રાશિમાં સૂર્ય હોય ત્યારે કુંભપર્વ ઉજ્જૈનમાં થાય છે.માટે ઉજ્જૈનનો કુંભપર્વ "સિંહસ્થ" કુંભપર્વ કહેવાય છે.

મેષ રાશિ સ્થિતે સૂર્યે, સિંહ રાશૌ બૃહસ્પતિ, કુંભ યોગઃ સ વિશેયઃ ભુક્તિ મુક્તિ પ્રદાયક.

મેષ રાશિમાં સ્થિત સૂર્ય હોવાથી સિંહ રાશિમાં બૃહસ્પતિ (ગુરૂ) હોય ત્યારે આ સિંહસ્થ કુંભપર્વ ભોગ અને મોક્ષ પ્રદાન કરે છે. આમ તો હરિદ્વારમાં ગંગાતીરે અને નાસિકમાં ગોદાવરી તટે અર્ધકુંભ પણ થાય છે. પરંતુ વિશેષ કરીને ઉજ્જૈનનો સિંહસ્થ 'કુંભ મહાપર્વ' પૂર્ણ કુંભ કહેવાય છે. પણ આ પર્વ ૧૦ (દશ) યોગોના ભેગા થવાથી થાય છે. એ છે વૈશાખ માસ, શુક્લ પક્ષ, પૂર્ણિમા, મેષ રાશિમાં સૂર્ય, સિંહ રાશિમાં બૃહસ્પતિ (ગુરૂ), તુલા રાશિમાં ચંદ્ર, સ્વાતિ નક્ષત્ર, વ્યતિપાત યોગ, સોમવાર અને ઉજ્જૈન નગરી, આ પ્રકારે દશ મહાયોગોના ભેગા થવાથી જ સિંહસ્થ કુંભ મહાપર્વનું ઉજ્જૈનમાં આયોજન થાય છે. અને આ યોગ દર બાર વર્ષે આવે છે.

આપણા શાસ્ત્રોમાં કુંભસ્નાનનું ફળ અત્યંત ઉત્તમ ગણવામાં આવ્યું છે.

અશ્વમેઘ સહસ્ત્રાણિ, વાજપેય સતાનિ ચ કુંભસ્નાનેન તત્ફલમ્ ।

આદ્ય વૈષ્ણવાચાર્ય અને વૈષ્ણવેશ્વર સંહિત તથા અવંતિ ખંડ ૪૮/૫૨, પદ્મપુરાણ ૧૧૮/૪૭ ઈત્યાદિ પ્રમાણ વાક્યોથી સિદ્ધ થાય છે કે એક હજાર અશ્વમેઘ યજ્ઞનું ફળ એક રાજસૂય યજ્ઞથી પ્રાપ્ત થાય છે. એક હજાર રાજસૂય યજ્ઞનું ફળ એક સોમયજ્ઞ કરવાથી પ્રાપ્ત થાય છે. અને સોમયજ્ઞમાં પણ સો વાજપેય સોમયજ્ઞ અને બૃહસ્પતિ સવ સોમયજ્ઞના અવભૃત સ્નાનનું ફળ પોતાના ગુરૂ આચાર્યની સાથે કુંભ સ્નાન કરવાથી થાય છે.

આ કુંભ સ્નાન કરવા માટે પરંપરાથી દરેક સંપ્રદાયના આચાર્યો, મઠાધિપતિઓ પોતપોતાના વિશાળ શિષ્ય સમુદાય સહિત પધારે છે. તેમજ દેશ વિદેશથી લાખો સાધુઓ, સંન્યાસીઓ, યાત્રાળુઓ, વિરક્તો તેમજ ગૃહસ્થો પણ પવિત્ર કુંભ સ્નાન કરી પાવન થવા માટે આવે છે. અને અનેક શ્રદ્ધાળુઓ, ભાવિકો અનેક પ્રકારના કષ્ટોને સહન કરીને પણ આ કુંભ સ્નાનનો લાભ લે છે. આ ઉપરાંત અન્ય સાધુઓમાં દશનામી ઉદાસીન, નિર્મલ સંત, નાગા સાધુ, કબીરપંથી,

અદ્વૈતવાદી, દાદુમતાવલંબીઓ, વૈષ્ણવવાદી આદિ અનેક સાધુ સમુહ પોતાના અખાડાઓ સાથે રહે છે. અને સામાન્ય રીતે ભજનો કિર્તનોનો ભક્તિરસ, તપસ્યાનું ગાંભીર્ય, અને વિશાળ જનસમુદાયનો ઉમંગભર્યો ઉત્સાહ સિંહસ્થના અવસર પર ભારતીય પરંપરા અને એકતાપૂર્ણ સંસ્કૃતિને નવીન પ્રેરણા પ્રદાન કરવામાં સહાયક થાય છે.

કુંભમહાપર્વમાં બે પ્રકારનાં સ્નાન હોય છે. એક પર્વ સ્નાન અને બીજું શાહિ સ્નાન. શાહિ સ્નાનની ભવ્યતા અને રોનકતા દર્શનીય હોય છે. દરેક સંપ્રદાયના આચાર્યો પોતપોતાના સંપ્રદાયનું વૈશિષ્ટ્ય બતાવવા માટે છત્ર, ચમર, છડી મેઘાડંબર, ડંકા–નિશાનો આદિ લઈ વિશાળ શિષ્ય સમુદાય સહિત વાજતે ગાજતે શાહિ સવારી સાથે કુંભપર્વનું સ્નાન કરવામાં આવે છે. પ્રથમ પોતાના સંપ્રદાયના નિશાનને સ્નાન કરાવીને પછી આચાર્ય સ્નાન કરે છે. અને ત્યાર પછી શિષ્ય સમુદાય સ્નાન કરીને કૃતકૃત્ય થાય છે.

જે પ્રકારે પુષ્ટિભક્તિ માર્ગના આચાર્ય શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી છે. એ જ પ્રકારે પ્રમુખ ચાર વૈષ્ણવ સંપ્રદાયોની આદિ પરંપરા અનુસાર 'વિષ્ણુસ્વામી સંપ્રદાય'ના આચાર્ય પણ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી છે. આચાર્યત્વેન બધાજ સંપ્રદાયના આચાર્યોએ 'સ્વર્ણધર્માનું વાક્' થી શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીને તિલક કરીને પટ્ટાભિષેક કરીને સ્વીકાર કર્યો છે.

વિષ્ણુસ્વામી સંપ્રદાયની 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'ની પરંપરામાં શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી તેરમા આચાર્ય છે. જે ક્રમશઃ (૧) શ્રીઆદિનારાયણ (૨) શ્રી શિવ (૩)શ્રી નારદ (૪) શ્રીકૃષ્ણ દ્વૈપાયન (વેદ વ્યાસ) (૫) શ્રી શુકાચાર્ય (૬) શ્રી ગૌડ પાદાંચાર્ય (૭) શ્રીગોવિંદ ભગવદ્ પાદાચાર્ય (૮) શ્રી ક્ષીરસ્વામી (૯) શ્રી વિઠ્ઠલાચાર્ય (૧૦) શ્રીધરાચાર્ય (૧૧) શ્રી દ્રાવીડ વિષ્ણુસ્વામી (૧૨) શ્રી યોગી બિલ્વમંગલાચાર્ય (૧૩) શ્રીવલ્લભાચાર્ય (૧૪) શ્રીગુંસાઈજી દીક્ષિત આ પ્રકારે પ્રાપ્ત થાય છે.

વિષ્ણુસ્વામી સંપ્રદાયના સિંહાસન પટ્ટાભિષેકનાં શુભ અવસર પર અખંડભૂમંડલાચાર્ય જગદ્ગુરૂ શ્રી વલ્લભાચાય મહાપ્રભુજીને આચાર્યોક્ત છત્ર, ચમર, છડી, દંડ, શંખ, ચક્ર, ગદા, પદ્મ, સુર્ય, ચંદ્ર મેઘાડંબર, ડંકા–નિશાન વગેરે સમર્પિત કરવામાં આવ્યા હતા. અને સમસ્ત આચાર્યો દ્વારા પણ શ્રી વિષ્ણુસ્વામી સંપ્રદાયના આચાર્ય સ્વરૂપે જગદ્ગુરૂ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુ જીનું આચાર્યોક્ત સન્માન કરવામાં આવ્યું છે.

સંવત ૧૫૭૬ માં જ્યારે શ્રીવલ્લભાચાર્યજી પુથ્વી પરિક્રમા કરતા હરિદ્વાર પધાર્યા ત્યારે કુંભનો બૃહસ્પતિ હતો. લાખો મનુષ્યો ગંગા સ્નાન કરવા માટે આવ્યા હતા. અને પુણ્યકાળ થોડો સમય હતો. બધાજ મનુષ્યો પુણ્યકાળમાં સ્નાન કરી શકે તેમ ન હતા માટે શ્રીઆચાર્ય ચરણે યોગમાયાને આજ્ઞા કરી કે તમે બધા મનુષ્યોને નિંદ્રાવશ કરી દો અને કાળને આજ્ઞા કરી કે બ્રહ્મ મૂહુર્તમાં સ્નાનનો પર્વકાળ છે. માટે જ્યાં સુધી અમે સ્નાન કરીને કનખલ તીર્થમાં બીરાજીયે અને સર્વ મનુષ્યો સ્નાન કરી લે ત્યાં સુધી પુણ્યકાળ સ્થિર રહે. આવી રીતે સર્વ મનુષ્યોને શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ પુણ્યકાળમાં ગંગાસ્નાનનો લાભ અપાવ્યો. આખા હરિદ્વારમાં શ્રીમહાપ્રભુજીનો જયજયકાર થયો.

આજે પણ શાહિ સ્નાનના સમયે વિષ્ણુસ્વામી સંપ્રદાયના સાધુ સંતો, અખાડાઓ વગેરે શ્રીવલ્લભાચાર્ય સંપ્રદાયના અંતર્ગત આગળ ચાલીને સમસ્ત આચાર્યો દ્વારા સ્વિકૃત શ્રીવલ્લભાચાર્ય સંપ્રદાયના પ્રથમ શાહિ સ્નાનની પરંપરાનું પાલન કરતા આવ્યા છે.

પોતાના આચાર્ય, ગુરૂ સાથે કુંભસ્નાનનું વિશેષ મહત્વ છે. પોતાના ગુરૂ સાથે કુંભસ્નાન કરવાથી એક હજાર અશ્વમેઘ યજ્ઞ અને સો વાજપેય યજ્ઞના અવભૃત સ્નાનનું પુણ્યસ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે.

જેવી રીતે શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીના સેવકોએ આચાર્ય ચરણ સાથે કલ્પવાસ કરીને તીર્થો પર કુંભસ્નાન કર્યુ હતુ તેવી રીતે આ મૌલિક પરંપરાનું અનુસરણ કરતા શ્રીવલ્લભ સંપ્રદાયના ઉત્તરાધિકારી શ્રીગોપીનાથજી તથા શ્રીગુંસાઈજીએ વિષ્ણુસ્વામી સંપ્રદાયની તથા પુષ્ટિભક્તિમાર્ગની આચાર્ય પરંપરા અનુસાર પોતાના સેવકો સાથે કલ્પવાસ કરીને કુંભ મહાપર્વનું શાહિ સ્નાન કર્યુ હતુ. જે આપણા ઈતિહાસમાં પ્રમાણિત છે.

પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી આ પરંપરામાં શિથિલતા આવી ગઈ છે. તે ફરી પાછી શાહિ સ્નાનની પરંપરા પૂ.પા.નિ.લી.ગો.શ્રીપ્રથમેશજી મહારાજશ્રીએ શરૂ કરી અને વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો માટે શાહિ સ્નાનનો માર્ગ ખુલ્લો કર્યો.

આજે પણ દરેક કુંભ મહાપર્વ પર સ્નાન કરવા માટે વલ્લભ સંપ્રદાયના આચાર્યો પધારે છે. ખુબ જ સુંદર રીતે શ્રીવલ્લભાચાર્ય નગરનું નિર્માણ થાય છે અને કલ્પવાસ કરીને સંપ્રદાયોચ્ચિત અનેક યજ્ઞો તથા ભક્તિમય કાર્યક્રમોનું આયોજન થાય છે. જેનો લાખો શ્રદ્ધાળુઓ–ભાવિકો લાભ લે છે. માટે ભગવદ્ કૃપાથી હવે જ્યારે કુંભ મહાપર્વનો અવસર આવે ત્યારે ત્યારે પોતાના ગુરૂ આચાર્યો સહિત કુંભસ્નાન કરીને અમૂલ્ય શાસ્ત્રોક્ત ફળ પ્રાપ્ત કરવાનો જો અવસર મળે તો પોતાને ધન્ય માનીને એ અવસરનો લાભ અવશ્ય લેવો.

॥ ઈતિ ॥

॥ શ્રી દામોદર પ્રભુ વિજયતે ॥

॥ શ્રી નવનીતપ્રિય પ્રભુ વિજયતે ॥

◎ યજ્ઞોપવિત પ્રસ્તાવ ◎

જુનાગઢથી પૂ. પા. ગો. શ્રી દાનીરાયજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સાથ આપશ્રીની આજ્ઞા અનુસાર આપશ્રીના તૃતિય તેમજ ચતુર્થ લાલજી ગો. ચિ. **શ્રી વ્રજેન્દ્રકુમારજી** (ચિ.રવિરાજા) તથા ગો. ચિ. **શ્રી વિશાલકુમારજી** (ચિ.રાજુબાવા)ના યજ્ઞોપવિત પ્રસ્તાવ સં.૨૦૫૪ ના વૈશાખ વદ ૨ બુધવાર તા. ૧૩–૫–૯૮ ના રોજ જુનાગઢ મુકામે નિર્ધારિલ છે. યજ્ઞોપવિત પ્રસ્તાવનો પ્રારંભ ત્રણ દિવસ પહેલા થશે. આ પ્રસંગે શ્રી..ના વિવિધ મનોરથો થશે.

સેવામાં ચિત્ત છે. તેથી વિશેષ રાખશો તમો સર્વે વૈષ્ણવોની સ્વધર્મ પ્રત્યેની સેવાભાવના ખુબ સરાહનીય છે.

☐ આપશ્રીની આજ્ઞાથી શ્રી યજ્ઞોપવિત પ્રસ્તાવ સમિતિના જય શ્રીકૃષ્ણ ☐

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

વૈષ્ણવ નવયુવકોને હાકલ

(નિ.લી.ગો. શ્રીવ્રજનાથ લાલજી મહારાજ (ચાંપાસેનીવાળા) એ પોતાની યુવાન વયે ખડખંભાલીયામાં વૈષ્ણવોની વિશાળ સભામાં પ્રેરક વચનામૃત કર્યાં તે *શુદ્ધાદ્વૈત અને ભક્તિમાર્તંડ*ના વર્ષ ૪ અંક ૧૧ ઉપરથી આ સાભાર પ્રસ્તુત છે.

પ્રિય વૈષ્ણવવૃંદ ! આજે ખડખંભાલીયાના ખેડૂત વૈષ્ણવભાઈઓ સમક્ષ ઉપદેશ આપતાં મને અથાગ આનંદ થાય છે. તેમાંય ખેડૂત વૈષ્ણવોનો ભાવ તથા શ્રદ્ધા મારા અંતઃકરણને વધારે આનંદિત કરે છે. ખરેખર ! ભોળા ભક્તજનો ઉપરજ પરમ કૃપાળુ પરમાત્માની અસીમ દયા હોય છે. પ્રભુ ધન, વિદ્યા, આયુષ્ય, રૂપ વગેરેનાં ભૂખ્યા નથી, પણ નિખાલસ દિલથી કરાયેલી ભક્તિના ભૂખ્યાં છે. દુર્યોધનનાં મિષ્ટ પકવાનો છોડી દાસીપુત્ર વિદુરજીની ભાજી પ્રેમથી આરોગી હતી. એ માધવ પ્રેમ–ભક્તિથી જ સંતોષાય છે. અન્ય એવો એક પણ ગુણ નથી કે જેથી પ્રભુ પ્રસન્ન થાય. ખરેખર એ ભક્તિપ્રિય મુરારી ભક્તિથી જ પ્રસન્ન થાય છે. નારદપંચરાત્રમાં ભગવાન આજ્ઞા કરે છે કે : ***નાહમ્ વસામિ વૈકુણ્ઠે*** અર્થાત્ હે નારદ ! હું વૈકુણ્ઠમાં વસતો નથી, યોગીઓના હૃદયમાં પણ નથી વસતો. પણ જ્યાં મારા ભક્તો મારૂં પ્રેમપૂર્વક ગાન કરે છે, ત્યાં જ હું રહું છું. આપણા શ્રીમદ્‌વલ્લભપ્રભુએ એજ પ્રેમ–ભક્તિથી પ્રભુ પ્રાપ્ત કરવાનો **"પુષ્ટિમાર્ગ"** ઘોર કલિકાલમાં પ્રવર્તાવ્યો છે. આપણા ઉદ્ધારનો માર્ગ આ જ છે. તેથી પ્રભુની સેવા કરવી જોઈએ.

વિષયી કિડાઓથી સાવધાન :– કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનો સર્વથા ત્યાગ જ કરવો જોઈએ. વિષયલોલુપ વ્યક્તિ પુષ્ટિમાર્ગીય કહી જ ન શકાય. કામ અને પ્રેમ એ બંને એક નથી પણ જુદાં છે, તે બંનેમાં આકાશ પાતાળનું અંતર છે. **વૈષ્ણવતાનો ડોળ કરી આજકાલ વધી પડેલા વિષયના કિડાઓથી આપણે હંમેશા બચતા રહેવું જોઈએ. આવા દંભીઓથી આપણને ઘણું જ ખમવું પડયું છે. આવા દંભીઓએ જ આપણાં અતિ ઉત્તમ, નિષ્કલંક માર્ગને દુનિયામાં ઉતારી પાડવા પ્રયત્નો કર્યા છે.** માટે મારી નવયુવાન વૈષ્ણવોને ખાસ ભલામણ છે કે તેમણે તો આવા નરપિચાશોને જનસમાજ પાસે ઉઘાડા પાડી તેમની દાંભિકતા ઉઘાડી પાડવી જોઈએ. આ કાર્ય ખાસ યુવાનોનું છે. વૈષ્ણવ યુવકોએ જનતાને બતાવી આપવું જોઈએ કે અમારો પુષ્ટિમાર્ગ સાવ વિશુદ્ધ છે. તેમાં કામને અને પુષ્ટિમાર્ગને કાંઈ લેવાદેવા નથી. શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ ખુલ્લે ખુલ્લું પોકારીને કહે છે કે ***"વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ"*** અર્થાત્ વિષયથી આક્રાન્ત દેહમાં પ્રભુનો આવેશ સર્વથા નથી થતો. છતાં કામ–વિષયક વાતો જેઓ પુષ્ટિમાર્ગમાં ઘુસાડે છે તે સ્વાર્થી, દંભી, તથા મહાનરપશુ છે. તેવાઓનો તો આપણે પડછાયો સુદ્ધાં લેવો ન જોઈએ. વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુની કૃપા મેળવવા અને પ્રભુના અનુગ્રહનું પાત્ર થવા કામનો સર્વાંશે ત્યાગ કરી, લોભ, મોહ, મત્સરાદિથી રહિત બની, સ્વધર્મમાં યથાશક્તિ રત રહી વિધર્મથી દૂર રહી, ઈન્દ્રિયસમા ઘોડાઓને વશ કરતાં શ્રીપ્રભુની પ્રેમપૂર્વક ભક્તિમાં જીવન વ્યતીત કરવું જોઈએ. તોજ મનુષ્યજન્મ સાર્થક થયું ગણાય.

સમાચાર

રાજકોટ

ચૈત્ર સુદ ૧ સંવત્સરના શુભ દિને પ્રતિવર્ષ મુજબ પૂ.ગો. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે શ્રીમદનમોહન પુષ્ટિ સેવા સમાજ (યુવક મંડળ)ના ૩૧માં વાર્ષિક દિન સ્થાપના દિન મનાવવા સત્સંગ સભાનું આયોજન થયેલ.

પ્રારંભમાં વધાઈ કીર્તન ગાન થયેલ. જેમાં પૂ.ગો. શ્રીકુંજરાયજી બાવાશ્રીએ પખાવજ વાદનની સંગત કરેલ અને સુંદર કલાના દર્શન કરાવેલ. મંડલના સદસ્યોએ વિવિધ રાગોમાં વધાઈ કિર્તન કરેલ. રાજભોગ દર્શનમાં અલૌકિક ફૂલમંડલીમાં શ્રીની અલૌકિક ઝાંખીના દર્શન હતા. સત્સંગસભામાં વિવિધ વક્તાઓના પ્રવચન બાદ પૂ.પા.ગો.શ્રીગોવિંદરાયજી બાવાશ્રીએ "વિવેક ધૈર્યાશ્રય" માં ઉપર મનનીય વચનામૃતનું પાન કરાવેલ.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રાકટયદિનની રજા જાહેર કરવા મુખ્યમંત્રીને અપીલ

પરમ સ્નેહી માનનીય શ્રી કેશુભાઈ પટેલ
મુખ્યમંત્રીશ્રી–ગુજરાત રાજ્ય–સરદાર ભવન
સચિવાલય, બ્લોક નં.૧, ૫ મે માળે, મુ.પો. ગાંધીનગર.
ફેક્સ – (૦૨૭૧૨) ૨૨૧૦૧

સપ્રેમ વંદન– સદૈન્ય જય શ્રીકૃષ્ણ

વિશેષમાં મુખ્યમંત્રી પદ માટે આપ પુનઃ વિજયી થયા તેથી અત્યંત આનંદ–પ્રસન્નતા–ધન્યવાદ–હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન. લોકોએ ખૂબ સારા વિચારો મૂકીને આપશ્રીની સરકારને વિજયી બનાવી છે ત્યારે આપશ્રીની સરકાર લોકોના પ્રશ્નોને ખૂબ સારો ન્યાય આપશે જ તેવી શ્રદ્ધા છે. વિશેષમાં લાંબા સમયથી વૈષ્ણવ સમાજની લાગણીને ન્યાય મળ્યો નથી પરંતુ આપશ્રીની સરકાર તેને ન્યાય આપશે જ તેવી શ્રદ્ધા છે.

ગુજરાતમાં સમય સમય પર મહમદ પયગંબરના જન્મદિન, મહાવીર જયંતિ, ચેટીચાંદ, અશો જરથુષ્ટ, ઈસુ ખ્રિસ્ત, ગાંધી જયંતિ, સરદાર પટેલ જયંતિ વગેરે અનેક રજાઓ ગુજરાત સરકારે જાહેર કરી છે. તેથી વૈષ્ણવ પરિષદ તરફથી શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રાકટય દિનની રજા હવે જાહેર કરવી જોઈશે.

પ્રભુની પ્રાપ્તિ માટે સંસાર છોડવાની જરૂર નથી પરંતુ સંસારમાં રહીને પ્રભુ પ્રાપ્તિ થઈ શકે છે એવો સુંદર સરલતમ માર્ગ ચીંધનાર અને તેના માટે પુષ્ટિમાર્ગ સંપ્રદાય પ્રસ્થાપિત કરનાર, શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સ્થાપિત કરનાર, સ્ત્રીઓ અને શુદ્રોના ઉદ્ધારક શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું જીવન માત્ર વૈષ્ણવો માટે નહિ પરંતુ સમગ્ર માનવજાત માટે પ્રેરણારૂપ છે.

ગુજરાતના લગભગ ચાલીસ લાખ વૈષ્ણવોની સાચી લાગણી અને ન્યાયી માગણીને વૈષ્ણવ પરિષદ આપશ્રીની સરકારને ન્યાય આપવા નમ્ર અનુરોધ કરે છે. ઉપરોક્ત રજાઓને અનુસરીને આપશ્રીની સરકાર શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટયદિન ચૈત્ર વદી ૧૧ તા. ૨૩ મી એપ્રિલની રજા જાહેર કરે તેવી વિનંતી. શુભ સમાચારની અપેક્ષા સહ, આભાર.

"આં. પુ. વૈ. પ. ઉપક્રમે ગુજરાત વ્યાપી શ્રીવલ્લભ વક્તૃત્વ–નિબંધ સ્પર્ધા"

આં.પુ.વૈ.પ. ગુજરાત પ્રદેશ તરફથી અને ની. લી. પૂ. ગો. શ્રીકૃષ્ણાવતી મહારાજશ્રી, પૂ.પાદ ગો. શ્રી ઈન્દીરાબેટીજી સુવર્ણજયંતિ મહોત્સવ, શ્રીવલ્લભ વિશ્વ ધર્મ ટ્રસ્ટ, શ્રી એન. આર. ચેરીટેબલ ટ્રસ્ટ, પૂ. શ્રી બદરીનાથ શાસ્ત્રીજી શતાબ્દી વિગેરે સંસ્થાઓના સૌજન્યથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય દિનની આસપાસ ગુજરાત વ્યાપી શ્રીવલ્લભ વક્તૃત્વ–નિબંધ સ્પર્ધાનું આયોજન તા. ૫–૨–૯૮ સુધીમાં ગોઠવવા અને તેમાં પ્રથમ વિજેતાઓની સંપૂર્ણ વિગતે **શ્રી સી.પી. તલાટી (સંયોજક–આં.પુ.વૈ.પ.ગુજરાત) "સ્પંદન" ૮ બી, ગાયત્રી સોસાયટી, કંજરી રોડ, મુ.પો. હાલોલ (પંચમહાલ)** ખાતે તા. ૨૦–૫–૯૮ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવ્યુ છે.

શ્રી વલ્લભ વક્તૃત્વ સ્પર્ધા

જૂથ ૧. (૭ થી ૧૦ વર્ષ):–	"શ્રીનાથજી મુજને વ્હાલા"
જૂથ ૨. (૭ થી દશ વર્ષ):–	"શ્રી પરમાનંદદાસની આસક્તિ"
જૂથ ૩. (૧૮ થી ૨૭ વર્ષ):–	"સમાજના ઉત્થાનમાં શ્રીમહાપ્રભુજીનું યોગદાન"
જૂથ ૪. (૨૮ વર્ષથી ઉપર):–	"વૈષ્ણવ પરિષદ પાસે મારી અપેક્ષાઓ–અને હું તેને પરિપૂર્ણ કેવી રીતે કરી શકું ?

શ્રી વલ્લભ નિબંધ સ્પર્ધા

[૧] "નમે તે પ્રભુને ગમે"
[૨] "શ્રી કૃષ્ણદાસની કિર્તન ભક્તિ"
[૩] "માનવતાના પાત્રમાં મહેંકે વૈષ્ણવતા"
[૪] "ગુજરાતના પુષ્ટિધામ"

વિશેષ માહિતી માટે સંયોજકશ્રીનો ઉપરોક્ત સરનામે સંપર્ક કરવો.

વડોદરા

શ્રી બદરીનાથ શાસ્ત્રીજી શતાબ્દી નિમિત્તે ભક્તિધામ (કેવડાબાગ બેઠક મંદિર પાછળ) ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં વ્યાસપીઠ પરથી ઋષિતુલ્ય પૂ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ જણાવ્યુ છે કે ભગવાનને મેળવવાનું એક માત્ર સાધન શ્રીમદ્ ભાગવત છે અને તેનાથી સાધન અને ફળ બંને મળે છે. બાલ આચાર્ય પૂ. શ્રી વેદાંતકુમારે દીપ પ્રગટાવી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ઉદ્ઘાટન કર્યુ હતુ.

શ્રીમદ્ ભાગવત સપ્તાહના ઉદ્ઘાટન સમારંભના અધ્યક્ષ કાંકરોલી નરેશ પૂ. પાદ ગો.શ્રી ૧૦૮ વ્રજેશકુમારજી

મહારાજશ્રીએ આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગમાં નિઃષ્કામ ભક્તિને જ પ્રસ્થાપિત કરી છે અને તેનો મુખ્ય આધાર શ્રીમદ્ ભાગવતજીનો જ સ્વીકાર કર્યો છે. એ પ્રકારે આશિર્વચનમાં જણાવ્યું હતું.

પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (જુનાગઢ) ની વ્રજયાત્રાની વધાઈ

શ્રી વ્રજયાત્રા :–

શ્રી દામોદરલાલ મદનમોહનલાલના પ્રભુની કૃપા અને પૂજ્યશ્રી દાદાજીના આશીર્વાદથી વિક્રમ સંવત્ ૨૦૫૫; શ્રી વલ્લભાબ્દ ૫૨૨, ઈ.સ. ૧૯૯૯ માં શ્રી વ્રજયાત્રા કરવાનો નિશ્ચય કર્યો છે. વ્રજભૂમિ એ સામાન્ય ભૂમિ નથી, શ્રી યમુનાજી સામાન્ય જલ નથી એમ શ્રી ગિરિરાજજીની પણ વિશેષતા છે. આપણી આ વ્રજયાત્રા સુધીમાં દાનઘાટી પાસે બનેલો રસ્તો દૂર થાય તેવા પ્રયાસો કરવાના છે. ઓછામાં ઓછું આપણે તો આ રસ્તા પર ચાલવાનો અપરાધ ન જ કરીએ એવા દઢ સંકલ્પ સાથે સમસ્ત વૈષ્ણવોને વ્રજયાત્રામાં આવવા આમંત્રણ છે.

શ્રી વલ્લભધામ :–

જુનાગઢમાં શ્રીવલ્લભધામની સ્થાપના થાય એવો વિચાર છે. આ શ્રી વલ્લભધામમાં એક સુંદર સભામંડપ, પુષ્ટિભક્તિ–સંગીત વિદ્યાલય, સંસ્કૃતભાષા તેમજ વેદના અધ્યયન માટે વિદ્યાલય, ભારતીય સંસ્કૃતિ ધર્મ–દર્શન ના આદર્શ પુસ્તકોનું સંરક્ષણ થાય અને લોકો લાભ લઈ શકે એવું પુસ્તકાલય વગેરેનું આયોજન કરવામાં આવશે.

ગો શાળા :–

દરેક ગામમાં ગોસંવર્ધન–ગોપાલન–ગોરક્ષાના આદર્શોને અપનાવી શ્રી પુરૂષોત્તમલાલજી ગોસેવા સમાજની સ્થાપના થવી જ જોઈએ.

ગો.શ્રી. કિશોરચંદ્રજી શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી. ગો. શ્રી. પિયુષબાવા મોટી હવેલી, જુનાગઢ.

ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી ના પ્રવચનોની કેસેટસની યાદી

	વિષય	વર્ષ	સ્થળ	કેસેટ સંખ્યા
[૧]	નવરત્નમ્	૧૯૯૦	મલાડ	૧૧
[૨]	અંતઃકરણ પ્રબોધ	૧૯૯૨	મદ્રાસ	૯
[૩]	ભક્તિવર્ધિની	૧૯૯૩	કેશોદ	૮
[૪]	ગીતા—અધ્યાય ૧૫	૧૯૯૪	જૂનાગઢ	૯
[૫]	સર્વોત્તમ સ્તોત્ર	૧૯૯૫	કાંદિવલી	૧૫
[૬]	નવરત્નમ્	૧૯૯૬	વિલેપાર્લા	૭
[૭]	સર્વોત્તમ સ્તોત્ર	૧૯૯૬	કાંદિવલી	૧૪
[૮]	પુષ્ટિ વિધાનમ્	૧૯૯૬	વિલેપાર્લા	૨૦
[૯]	શ્રી ષોડ્શ ગ્રંથ – પાઠ	૧૯૯૭	મુંબઈ	૨
[૧૦]	પંચશ્લોક	૧૯૯૭	વિલેપાર્લા	૧૧
[૧૧]	શ્રી સર્વોત્તમ સ્તોત્ર	૧૯૯૭	કાંદિવલી	૧૫
[૧૨]	સાધન પ્રકરણ	૧૯૯૮	વિલેપાર્લા	૨૦

ઉપરોક્ત કેસેટસનું મુંબઈમાં પ્રાપ્તિસ્થાન

બચુભાઈ મહેતા	ફોન નં. ૮૦૭૧૧૮૫ – ૬૨૩૩૫૯૯ – ૩૪૩૮૩૬૭ – ૩૪૧૪૭૮૨
કુમુદબેન વોરા	ફોન નં. ૬૧૮૪૨૧૫
કૃષ્ણકાન્તભાઈ	ફોન નં. ૬૧૧૪૯૨૬
કલ્પનાબેન કાણકિયા	ફોન નં. ૬૧૨૬૨૦૮ – ૬૧૨૩૮૪૮

પુસ્તક પરિચય

૧. ફાગુન આયો

સંપાદક– વીણાબેન શેઠ પ્રકાશક–આં.પુ.વૈ.પરિષદ મણિનગર મહિલા શાખા
"કુષ્ણાશ્રય" ૨,શ્રીનાથ એપાર્ટમેન્ટ, જયંત પાર્ક, મણિનગર, અમદાવાદ. ૩૮૦૦૦૮

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૦, પીન બાઈન્ડીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ કિંમત રૂ. ૬/–

ફાગણ માસ એટલે ખેલ–ધમાર–હોરી–ડોલ વગેરે ઉત્સવ–ઉલ્લાસ આનંદ ખેલના દિવસો. વ્રજની હોરી દેશભરમાં પ્રચલિત છે. તેમાંય ઉત્તરપ્રદેશમાં ખાસ. ભારતના વિવિધ પ્રાંતના લોકો તેમજ અને પરદેશીઓ નંદગામ–બરસાના હોરી ખેલના દર્શન કરવા આવે છે. આ ખેલના–ઉત્સવના દિવસોમાં શ્રીઠાકોરજીને કેસૂડા, ચોવા, ચંદન, અબીર, ગુલાલથી ખેલાવવામાં આવે છે. તેની સાથો સાથ વસંત, હોરી, ધમાર, રસિયા, ડોલ વગેરે પદોની ઢોલ, ડફ અને ઝાંઝ સાથે રમઝટ થાય છે. તેવા પદ્યોનો વિશિષ્ટ સંગ્રહ ત્રીજા પુષ્પ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તે સૌ કોઈ ભાવિક વૈષ્ણવજનોને ભાવનાપૂર્વક ગાવા અને માણવા જેવી પુસ્તિકા છે.

સંપાદક અને પ્રકાશકને ધન્યવાદ.....

૨. પ્રગટે પુષ્ટિમહારસદેન

રચના– શ્રીહરિરાયજી મહાપ્રભુ . ભાવાર્થ–વિવેચક– પ.ભ."શ્રી વલ્લભપાદ પદ્મ મિલિન્દ"
પ્રસ્તાવના–પૂ.પા.ગો. શ્રીરસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર–રાજકોટ) પ્રકાશક– શ્રી વલ્લભી મંડળ, સિહોર.
પ્રાપ્તિસ્થાન– શ્રી પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહાર, કંસારા બજાર, સિહોર. ૩૬૪૨૪૦

આઠ પેઈજી ડેમીસાઈઝ પુષ્ઠ ૯૮ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, આર્ટ પેપર લેમીનેશન વાળું ટાઈટલ, અંદર શ્રીમહાપ્રભુજીના બહુરંગી ચિત્રજી. ન્યોછાવર રૂ. ૨૫/–

શ્રીહરિરાય મહાપ્રભુએ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના દિવ્ય નિગૂઢ સ્વરૂપને મુગ્ધ સ્વકીયો સરલતાથી સમજી શકે તે માટે આપશ્રીએ પદોમાં, સ્તોત્રોમાં અને ગ્રંથોમાં અનેક પ્રકારે વર્ણન કરેલ તે પૈકી સાત પદો આ પુસ્તકમાં પ્રસ્તુત થયા છે. આ સાત પદોની ભાવાર્થ–વિવેચનાત્મક ટીકા વિસ્તાર પૂર્વક અન્ય ભક્ત કવિઓના પદો, સાખી, દષ્ટાંતો સાથે સૌ કોઈ સમજી શકે તેવી સુંદર સરલ શૈલીમાં લખી છે. જે વાંચવા અને માણવા જેવી છે. આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થયેલ છે તે જ દર્શાવી આપે છે કે વૈષ્ણવ સૃષ્ટિમાં આ પ્રકાશનને ખૂબ જ આવકાર પ્રાપ્ત થયો છે.

૩. અંતઃકરણ પ્રબોધ

રચના– શ્રીમદ્ વલ્લભાચાર્યજી. સંપાદક– શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ
પ્રકાશક– શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ મર્શીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ. ૪૦૦૧૦૧

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર રૂ. ૧૦/– પોસ્ટેજ રૂ. ૩/–

આ ગ્રંથ ઉપરની ગો. શ્રીગોકુલનાથજીએ તેમજ અન્યની લખેલ વિવૃત્તિના આધારે સૌ કોઈ સમજી શકે તેવી સુંદર સરલ શૈલીમાં દષ્ટાંતો સાથે સંકલન કરી વિસ્તારપૂર્વક વિવેચન ઉપરાંત શ્રીમહાપ્રભુજી વિરચિત 'પંચશ્લોકી' આધારિત "શરણાગતિનો માર્ગ–પુષ્ટિમાર્ગ" પર વિશેષ લેખ સાથે શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા ૩૦ મી પ્રસ્તુત થયેલ છે. જે વાંચવા અને માણવા જેવી પુસ્તિકા છે.

સંપાદક–પ્રકાશકને ધન્યવાદ.....

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદી ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૬૦. સૌ પ્રભુના સામર્થ્યથી થાય છે.

બ્રહ્માજી, શિવજી, વિષ્ણુ અને મહામાયા શક્તિ એ બધા એવા મોટા છે કે, બ્રહ્માજી સૃષ્ટિ કરનારા, શિવજી સંહાર કરનારા ને વિષ્ણુ પાલન કરનારા છે, ને માયા સૌને રમાડનારી છે. એવી મોટી શક્તિઓ છે પણ તે શ્રીકૃષ્ણના હાથ સર્વે છે. પોતે પોતાની સામર્થ્યયથી ભલે સર્વે કરે, પણ અંદર સામર્થ્ય શ્રીકૃષ્ણનું છે. શ્રીકૃષ્ણ સામર્થ્ય ન મુકે, તો એકે વસ્તુ થાય નહિ, એવા પ્રભુ મોટા છે.

વળી કહ્યું છે કે કોઈ આપણને ગાળ દે છે, તો આપણે વઢીએ છીએ, એ તો ખોટું વઢીએ છીએ. આપણાં મનની મમતા બીજી છે, તેથી વઢીએ છીએ. જુઓ, આપણી ઓટલી કોઈ ખોદી નાખે, ત્યારે કંઈ ઓટલી ના કહેતી નથી. પણ આપણે વઢવા આવીએ છીએ, પણ ઓટલીને મમતા નથી, પણ આપણને ઓટલીની મમતા છે, માટે વઢીએ છીએ, આ ખોટું છે.

જુઓ, ભરતજીને ગાળો દીધી, હાથ બાંધ્યા, પણ કંઈ જ બોલ્યા નહિ અને કોઈ ગાળ આપણને દે છે, ત્યારે આપણને રીસ ચઢે છે, પણ આપણે કદી રીસ ચઢાવવી નહિ.

જો માણસ કર્તા હોય અથવા આપણે કર્તા હોઈએ તો, આપણે વાંજીયા હોઈએ ને છોકરો ન હોય તો કેમ ઈચ્છા મુજબ પેદા કરી શકતા નથી ? અને પ્રભુને આપવો હોય તો એની મેળે આવે. વળી છોકરા ચાર થાય તો કહેશે હવે એક છોકરી હોય તો સારૂ, પણ દીકરી જનમતી નથી, ને પોતે કર્તા બનીને બેસે છે. આ મિથ્યા છે. કરનારો તો એક પુરુષ છે, તેના વગર કોઈ કરનાર છે નહિ,

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિના પ્રકાશનો

નીચે મુજબના પુસ્તકો પ્રાપ્ત થઈ શકે છે.

૧. શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલિ

ન્યોછાવર રૂ. ૫૦/– રજી. પોસ્ટેજ રૂ. ૧૪/–

શ્રી ગુંસાઈજીના યશોગાન કરતાં સ્તોત્ર, પદ, ધોળનો સંગ્રહ. સંસ્કૃત સ્તોત્રોના ગુજરાતી અર્થ સાથે.

૩. શ્રી પ્રથમેશ વાક્સુધા–૧

ન્યોછાવર રૂ. ૨૦/– રજી. પોસ્ટેજ રૂ.૧૧/–

શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના વિવિધ લેખો, પ્રવચનોનો સંગ્રહ.

૫. શ્રી ૨૫૨ ભગવદીય રત્નાવલિ

ન્યોછાવર રૂ. ૩૦/– રજી. પોસ્ટેજ રૂ. ૧૨/–

શ્રી ગુસાંઈજીના સેવક મહાનુભાવ શ્રી ૨૫૨ ભગવદીયોના ધોળ–પદોનો અમૂલ્ય સંગ્રહ.

૨. શ્રી પ્રથમેશ ચરિતામૃત

ન્યોછાવર રૂ. ૨૦/– રજી. પોસ્ટેજ રૂ.૧૨/–

નિ.લી.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રી પ્રથમેશજીનું જીવનચરિત્ર તથા આપશ્રીના ઉપદેશોનો સંગ્રહ.

૪. શ્રી ૮૪ ભગવદીય રત્નાવલિ

ન્યોછાવર રૂ. ૩૫/– રજી. પોસ્ટેજ રૂ. ૧૨/–

શ્રી મહાપ્રભુજીના સેવક મહાનુભાવ શ્રી ૮૪ ભગવદીયોના ધોળ–પદોનો અમૂલ્ય સંગ્રહ.

૬. શ્રી મદ્ વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર

ન્યોછાવર રૂ. ૧૦૦/– રજી. પોસ્ટેજ રૂ. ૧૫/–

મોટી સાઈઝનું પાકું બાઈન્ડીંગ લગભગ ૩૦૦ પૃષ્ઠનું દળદાર પુસ્તક જેમાં શ્રી મહાપ્રભુજીના જીવન પ્રસંગો અને સિદ્ધાંતોનો સર્વસાર ગુજરાતી ભાષામાં આપેલો છે.

ઉપરોક્ત છ પ્રકાશનો સાથે મંગાવનાર અથવા ઉપરનામાંથી કોઈપણ છ પુસ્તકો મંગાવનારને માત્ર દર્શાવેલ ન્યોછાવર આપવાની થશે. પોસ્ટેજ ખર્ચ લેવાશે નહીં. ન્યોછાવરની રકમ શ્રી વલ્લભ વિજ્ઞાન એ નામે ડ્રાફટથી અથવા મનીઓર્ડરથી જોઈતા પુસ્તકની વિગત સાથે અગાઉથી મોકલવાની રહેશે.

સરનામું : શ્રી વલ્લભસુધા કાર્યાલય કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

મોહન મિલનનો તાપ

કોઈ મોહન મિલાવો સખી મુજને રે;
એના હેતની શું વાત કરું તુજને રે,
હાર આપુ અમુલખ તુજને..... હો બેની કોઈ. (૧)
શ્યામ સુરતિ દિસે છે અતિ સોહની રે;
મુને માયા લગાડી મોહની..... હો બેની કોઈ. (૨)
મારૂં ચિત્ત તો ચોંટયું છે તેની ચાલમાં રે;
હું તો થઈ દિવાની બંસરીના તાનમાં..... હો બેની કોઈ. (૩)
વ્હાલો યમુના કિનારે આવતા રે;
મુને વારિ વારિ બેડુ ચડાવતા..... હો બેની કોઈ. (૪)
વ્રજ વાટે વખત જોઈને આવતા રે;
દાન લેવાને ઝગડો મચાવતા..... હો બેની કોઈ. (૫)
વ્હાલો કુંજ સદનમાં બિરાજતા રે;
બહુ મીઠી મીઠી વાતો સુનાવતા..... હો બેની કોઈ. (૬)
વ્રજ વનિતાના નાથ છો રસિયા રે;
મારા હૃદય કમલમાં વસીયા..... હો બેની કોઈ. (૭)
સખી મારે મંદિરે કાલે આવજો રે;
સાથે 'દયા' ના પ્રીતમને તેડી લાવજો..... હો બેની કોઈ. (૮)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન: ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : મેનેરા કોમ્પ્યુસ્કેચ રાજકોટ. ફોન : ૨૯૨૨૯૮.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

વર્ષ : ૧૭
અંક : ૩

શ્રી વલ્લભસુધા

શ્રી વલ્લભાબ્દ ૫૨૧
જૂન, ૧૯૯૮

વચનસુધા

"પ્રણાલીને વખોડવી તે આજનો સુધારો ભલે હોય પણ સંપ્રદાયની ભાવના નથી, અને નિર્મર્યાદિત જીવન (સ્વંછંદી) પશુતુલ્ય છે. જેમાં માતા, પિતા, ભાઈ, બહેન, ગુરૂજન તથા મોટાઓનો વિચાર હોતો નથી.

દાયકામાં કાયદાના ભુક્કા બોલાઈ જાય છે અને નવાં નિયમો પણ માનવને નૈતિકતા આપવામાં અસમર્થ નીવડે ત્યારે તેને પરિવર્તન કે ફેશન અને ચેન્જીસ ના નામોથી સંબોધવામાં આવે છે. વસ્તુતઃ પરંપરા પાછળ રહેલા હેતુઓ જાણવા પ્રયાસ કરવો જોઈએ. મકાનમાં ક્યાં કેટલો ભાર મુકવાથી તે મજંબૂત રહેશે તે જાણવું અને તેનું નિયમન કરવું પડે છે. તેમજ્ આ આચાર અને પરંપરાનું સ્વરૂપ છે. આનું પાલન સર્વાંશે ન બને તો પણ જાણવાની જરૂર છે. સ્વધર્મનું આચરણ યથાશક્તિ કરવાનો આચાર્યોપદેશ છે. તેના માટે જે જોગવાઈ કે સગવડ કોઈને આચાર્ય કરી આપે તે વ્યવસ્થા છે. પણ તે સાર્વત્રિક કે સાર્વદેશિક હોતી નથી. તે અપવાદ શાસ્ત્રનું સ્વરૂપ છે. તેને નિસર્ગ ન માની શકાય. આવી શાસ્ત્ર મર્યાદાઓ છે. ધર્માચાર્યો તેનું મનન કરીને વ્યવસ્થા આપે છે. જો આમ કરવામાં ન આવે તો અનાચાર વધે.

નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ (શ્રીપ્રથમેશજી) ના વચનામૃત (શ્રી પ્રથમેશવાક્સુધા– પૃષ્ઠ ૨૦૮)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

જેઠ વદ ૪ તા. ૧૪–૬–૯૮ રવિવાર :– ગો. શ્રી ગિરિધરલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૧૬–૬–૯૮ મંગળવાર :– ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઈ–પાર્લા–કિશનગઢ)નો જન્મદિન.

જેઠ વદ ૧૦ તા. ૧૯–૬–૯૮ શુક્રવાર :– ગો. ચિ. શ્રી દર્શનકુમારજી (કોટા–કડી–કાંદીવલી)નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૨૦–૬–૯૮ શનિવાર :– યોગિની એકાદશી વ્રત

જેઠ વદ ૧૪ તા. ૨૩–૬–૯૮ મંગળવાર :– ગો. શ્રી દ્વારકેશલાલજી (કામવન)નો જન્મદિન.

અષાડ સુદ ૨ તા. ૨૬–૬–૯૮ શુક્રવાર :– રથયાત્રા (પુષ્ય નક્ષત્ર આજે) ત્રીજનો ક્ષય હોવાથી ગો. શ્રીકૃષ્ણકાંતજી (મુંબઈ–બેંગ્લોર)નો તથા ગો. ચિ. શ્રીઅભિષેકકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન આજે.

અષાડ સુદ ૫ તા. ૨૯–૬–૯૮ સોમવાર :– શ્રી દ્વારકાધીશ (કાંકરોલી)નો પાટોત્સવ. ગો. ચિ. શ્રીદામોદરરાય બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૩૦–૬–૯૮ મંગળવાર :– કસુંબા છઠ. શ્રી મહાપ્રભુજીના પિતૃચરણ શ્રીલક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ. દક્ષિણના શ્રી પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીનો ઉત્સવ. વર્ષા ઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૭ તા. ૧–૭–૯૮ બુધવાર :– ગો. ચિ. શ્રીમિલનકુમાર બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૨–૭–૯૮ ગુરૂવાર :– ગો. શ્રી બાલકૃષ્ણજી મહારાજ (ચાંપાનેસી–જામનગર)નો તથા ગો. શ્રી પ્રમેયકુમારજી બાવાશ્રી (કડી–અમદાવાદ)નો તથા ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૧ તા. ૫–૭–૯૮ રવિવાર :– દેવશયની એકાદશી વ્રત. ચાતુર્માસના વ્રતના નિયમનો આરંભ. ધારણા પારણા વ્રત. ગો.ચિ. શ્રીવ્રજેશકુમાર બાવાશ્રી (કામવન–રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રીલલિતત્રિભંગી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૮–૭–૯૮ બુધવાર :– ગો. શ્રીદેવકીનંદનજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા–દ્વિતીયગૃહ)નો તથા ગો.ચિ. શ્રી શરદકુમારજી બાવાશ્રી (કાંકરોલી–મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૯–૭–૯૮ ગુરૂવાર :– કચોરી પૂનમ, વ્યાસ પૂર્ણિમા, મન્વાદિતીથી, ચાતુર્માસના નિયમનો આરંભ (જો એકાદશીએ ન થયો હોય તો આજે કરવો. ગો. ચિ. શ્રીમુકુટલાલજી બાવાશ્રી (ચાંપાનેસી–જામનગર)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૩ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ જૂન , ૧૯૯૮

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

ત્રીજો અપરાધ :– નગ્ન નહાવે નહીં, નગ્ન નહાય તો અપરાધ હોય. પહેલાના વખતમાં સ્નાન મોટેભાગે જલાશય (નદી, તળાવ, કુંડ) માં જ કરવાની પરંપરા હતી. શાસ્ત્રોક્ત પ્રકારમાં જલના દેવતા વરૂણને માન છે. અને તેમાં જલાશયોમાં સ્નાન કરવાની કેટલીક મર્યાદાઓ નિશ્ચિત કરેલ છે. આથી જલાશયમાં પહેલાં એક વસ્ત્ર પહેરી તથા એક વસ્ત્ર સાથે રાખી સ્નાન કરવાનું હોય છે. બાદ સાથેનું વસ્ત્ર નિચોવી તેનાથી મોઢું લુંછી ફરી મોઢું લુંછેલ વસ્ત્ર જલમાં ધોઈ નીચોવી તે વસ્ત્ર પહેરવું અને સ્નાન વખતે પહેરેલ વસ્ત્ર બોળી નીચોવીને જ સુકવવું એવી મર્યાદા છે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ – શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃત્તિ

ભાષાંતર– પ.ભ. શ્રી બાબુભાઈ પી.નાયક, કડી

ગતાંકથી ચાલુ : હવે વક્તાઓનો સોળમો પ્રકાર કહે છે: અથવા હવે સોળમા પ્રકારના વક્તાના ભાવનું નિરૂપણ કરે છે.

શ્લોક : યાદશાસ્તા દશાઃ પ્રોક્તાઃ વૃદ્ધિક્ષયવિવર્જિતાઃ ॥૧૦॥

સ્થાવરાસ્તે સમાખ્યાતા મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ ॥૧૧ ૧/૨॥

શબ્દાર્થ : યાદશા–જેવા, તાદશા–તેવા, પ્રોક્તા–કહેલા છે, વૃદ્ધિક્ષયવિવર્જિતાઃ –વધતાએ નથી કે ઘટતાએ નથી, સ્થાવરા– સ્થિર જળ જેવા, તે–તેઓ, સમાખ્યાતા–કહ્યા છે, મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ –મર્યાદામાં રહેલા (૧૧ ૧/૨)

શ્લોકાર્થ : ઉપર બતાવેલા સાધનભક્તિમાં પ્રેમવાળા, પરંતુ પ્રભુભક્તિમાં વધ–ઘટ વિનાના સ્થિર ભાવવાળા અને કેવળ મર્યાદા ભાવમાં જ રહેલા વક્તાનો ભાવ બંધિયાર જલાશયના જલ જેવો છે.

વિવરણ : ઉપર બતાવેલા સાધન ભક્તિવાળા વક્તાઓના સોળમા ભાવનું નિરૂપણ કર્યુ છે. પહેલા કહેલા સાધનાદિ પ્રકારથી ભક્તિ કરનારા ભક્તોના ભાવમાં વૃદ્ધિ કે ક્ષય થતો નથી. તેઓ કેવળ મર્યાદામાં જ પ્રતિષ્ઠિત રહે છે. તેથી વધારે વિશેષ અંગીકૃત જીવો નથી. તેથી તે સ્થિર જળ જેવા સ્વભાવવાળા કહેલા છે. અથવા ગમે તે રસ્તે પણ તેઓ વૃદ્ધિ–ક્ષય વગરના પ્રેમને પ્રાપ્ત થયેલા છે એમ કહેવામાં આવ્યું છે. તેથી તેઓ સ્થિરસ્થળના જળ જેવા છે. પ્રેમનું સ્વરૂપ શાસ્ત્રમાં સંભળાય છે કે " જે પ્રેમે ઉત્પન્ન થતી વખતે સહેજ પણ કારણ જોયેલું નથી. એટલે વગર કારણે સહજ પ્રેમ થયેલો છે. જે સ્નેહ અમૃતનો પણ તિરસ્કાર કરનારો છે અને ત્રણે લોકના દુઃખને દૂર કરનારો છે. એવા મોટા ગુણવાળા સ્નેહનું વર્ણન વાણીથી કરું તો મારી હલકાઈ થાય. તેથી શું હું તેનું વાણીથી વર્ણન કરી હલકાઈ કરું ?

એવી રીતે બંધિયાર સ્થળનું જલ તાપથી સુકાતું નથી, સ્નાનાદિના હેતુરૂપ બને છે. તેમ ઉપર કહેલા વક્તાનો ભાવ પણ સંસારના તાપ કે કુર્તકો વડે જતો નથી અને શુદ્ધિ વગેરેના કારણરૂપ બને છે.

[સોળમો ભાવ : બંધિયાર જલાશયનું જળ સ્થિર હોય છે. બહુ તાપ પડે છતાં સુકાતું નથી. અને સ્નાનાદિના કામમાં આવે છે, તેમ ભગવાનમાં સ્થિર પ્રેમવાળા સાધનાદિમાં પણ સ્થિર હોઈ શ્રવણાદિ ધર્મોવાળા હોય છે. તે ધર્મો તેમને સુખ આપે છે. તેથી તેવાઓનો સંગ તેટલા જ ગુણવાળો રહે છે. વિશેષ અનુગ્રહરૂપ ફલ

આપનારો નથી બનતો. તેમની બુદ્ધિ મર્યાદામાં જ ઉત્તમ રહે છે. તેમને પુષ્ટિસ્વરૂપનું જ્ઞાન હોતું નથી.] **૧૧ ½**

હવે શ્રી મહાપ્રભુજી સત્તરમા પ્રકારના વક્તાના ભાવનું નિરૂપણ કરે છે.

શ્લોક : અનેક જન્મસંસિદ્ધાઃ જન્મપ્રભૃતિસર્વદા ॥૧૨॥
સંગાદિગુણદોષાભ્યાં વૃદ્ધિક્ષયયુતા ભુવિ ।
નિરન્તરોદ્‌ગમયુતા નદ્યસ્તે પરિકીર્તિતા : ॥૧૩॥

શબ્દાર્થ : અનેક જન્મસંસિદ્ધાઃ –જેઓ અનેક જન્મોથી સારી રીતે સિદ્ધ થયેલા, જન્મપ્રભૃતિ–જન્મ થયો ત્યારથી, સર્વદા–હંમેશા, સંગાદિગુણદોષાભ્યામ્–સંગના ગુણદોષથી, વૃદ્ધિક્ષયયુતાઃ –વૃદ્ધિ અને ક્ષયને પ્રાપ્ત થનારા, ભૂવિ--પૃથ્વીમાં અથવા ભૂતલ પર, નિરંતરોદ્‌ગમયુતાઃ –નિરંતર પ્રવાહયુક્ત (નિરંતર+ઉદ્‌ગમ+યુતાઃ), નદ્ય–નદીઓ, પરિકીર્તિતાઃ –કહેવાય છે.

શ્લોકાર્થ : જેનામાં અનેક જન્મોથી ભગવદ્ ભાવ સારી રીતે સિદ્ધ થયો છે, પરંતુ જ્યારથી તેમનો જન્મ ભૂતલ પર થયો છે ત્યારથી તેમને મળેલા સંગના ગુણદોષથી જે વૃદ્ધિ અને ક્ષયવાળા થઈ સતત પ્રવાહની જેમ વહેતા રહે છે તેઓનો ભાવ પ્રવાહવાળી નદીના જલ સમાન છે.

વિવરણ : હવે શ્રી કલ્યાણરાયજી અનેક જન્મોથી સિદ્ધિ માટે પ્રયત્નશીલ પુરૂષના ભાવનું નિરૂપણ કરે છે. અનેક જન્મોથી જીવને જે ભાવ સિદ્ધ થયેલ છે તે વિશે વર્ણન કરતાં આપશ્રી આજ્ઞા કરે છે કે "હજારો જન્મમાં તપ, ધ્યાન અને સમાધિઓ કરવાથી જેનું પાપ ક્ષીણ થયેલું હોય તેવા જીવોને ભગવાન શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે." આ વાક્યથી તપ, ધ્યાન, અને સમાધિ વગેરેથી સારી રીતે સિદ્ધ થયેલા જન્મથી લઈને પૃથ્વી ઉપર સંગ, કાળ, અને દેશ વગેરેના ગુણદોષથી, દુષ્ટ સંગાદિથી તેમનામાં જે ગુણદોષો આવે છે; તેનાથી અનુક્રમે ભાવવૃદ્ધિ અને ભાવક્ષય થતાં જાય છે. પ્રવાહની જેમ જેની હંમેશા ઉત્પત્તિ છે તેવા જીવોનો ભાવ સ્વતઃ સમુદ્ર તરફ વહેતી નદીના જળ જેવો છે. જેમના જળમાં વર્ષા અને તાપને લીધે વધ–ઘટ થયા કરે છે, ભૂમિ, પર્વત, વગેરે ઉપર થઈને વહેતા ભૂમિ અને પર્વતના ગુણ–દોષો તેમનામાં પ્રવેશે છે. તે શુદ્ધિ અને તૃપ્તિ વગેરેના હેતુરૂપ બને છે. તે જ રીતે જીવના તપ, ધ્યાન, સમાધિ વગેરે દ્વારા જીવના પાપોનો ક્ષય થાય છે અને તેની શુદ્ધિ થાય છે. વળી સત્સંગાદિથી સારા ગુણોનો ભાવ થાય છે. આમ જીવમાં ભાવની વૃદ્ધિ થાય છે. આવા ભાવવાળા વક્તાઓ નદીના વહેતા જળ જેવા ભાવવાળા ગણ્યા છે. **૧૩**

–ક્રમશઃ

કળાની કિંમત

લે. પૂ. ગો. શ્રીદ્વારકેશજી મહોદય (ચંપારણ્ય–અમરેલી–કાંદિવલી)

રત્ન એ સ્વયં શોભાસ્પદ વસ્તુ છે એ વાત તદ્દન સાચી છે. પણ એ જ રત્ન જો કોઈ ઉકરડાની વચ્ચે પડયું હોય તો તેની શોભા કેટલી ? અને એ જ રત્ન કોઈ દિલદાર કારીગરે ઘડેલા અદ્‌ભુત અલંકારની મધ્યમાં મઢાયો હોય તો તેની શોભા કેટલી ? જવાબ સ્પષ્ટ છે કે ઉકરડામાં પડેલો રત્ન પોતાની શોભા ગુમાવે છે અને અલંકારમાં મઢેલો રત્ન શોભામાં ચાર ચાંદ લગાવે છે.

જેવી વાત રત્નની છે એવી જ વાત મનુષ્યને પ્રાપ્ત થયેલી કેટલીક અદ્‌ભુત કળાની છે. માનવી સ્વયં મહાન હોવા છતાં જ્યારે પામરતાના સંગે અટવાય છે ત્યારે ઉકરડાનાં રત્નની જેમ પોતાની મહત્તા ખોઈ બેસે છે અને એ જ માનવી જ્યારે પ્રભુની ભક્તિમાં લીન થાય છે ત્યારે અલંકારના રત્નની જેમ મહત્તામાં અભિવૃદ્ધિ કરે છે.

માનવીને કેટલાય પ્રકારની કળા પ્રાપ્ત થાય છે જેમાં પાક કળા, હસ્તકળા, સંગીતકળા, ચિત્રકળા, નૃત્યકળા, શિલ્પકળા ઈત્યાદિ અનેક પ્રકારની કળાઓ છે પરંતુ આ કળાઓનો ઉપયોગ માનવી જ્યારે પોતાનાં સ્વાર્થ માટે કરે છે ત્યારે તેની કશીયે કિંમત રહેતી નથી. પરંતુ એ કળાઓનો વિનિયોગ જ્યારે પ્રભુના સુખ માટે કરવામાં આવે ત્યારે એ તમામ કળાઓ અલંકારમાંના રત્નની જેમ શોભે છે. જીવાત્માને પોતાની કળા નિપુણતાનું અભિમાન કે અહંકાર થતો નથી. પ્રભુનાં સુખમાં કળાનો વિનિયોગ થવાથી અનેરો આનંદ પ્રાપ્ત થાય છે. પ્રભુએ જો પાક કળામાં નિપુણ બનાવ્યા હોય તો સુંદર સામગ્રીઓ સિદ્ધ કરીને પ્રભુને આરોગાવવી જોઈએ. હસ્તકળામાં નિપુણ બનાવ્યા હોય તો પ્રભુને લાયક સુંદર સાહિત્ય તૈયાર કરી શકીએ. ચિત્રકળા આવડતી હોય તો સુંદર પિછવાઈઓ, સાંઝી ઈત્યાદિ કરીને પ્રભુને લાડ લડાવાય. સંગીતકળાનું જ્ઞાન હોય તો સારી રીતે ગાયન–વાદન કરીને પ્રભુને રીઝવી શકીએ. આમ કળાઓનો પ્રભુના સુખ માટે વિનિયોગ કરીએ ત્યારે આપણી કળાઓની મહત્તા વધી જાય છે.

દા.ત. જોઈએ તો આ અદ્‌ભુત કળાઓમાંની એક છે સંગીતકળા. એમાં એવું સામર્થ્ય છે કે માત્ર માનવી જ નહિં પરંતુ પશુ–પક્ષી પણ પ્રસન્નતાથી ઝુમી ઉઠે છે. અંતરની સંવેદનાને હલબલાવી નાંખવાની તેનામાં અનુપમ તાકાત છે. સવાલ માત્ર એ છે કે એ સંવેદનાઓનું ઉર્ધ્વીકરણ કરે છે કે અધઃપતન એના પર એની મહત્તાનો આધાર છે. જ્યારે એ પ્રભુની ઉપાસનામાં લીન થાય છે ત્યારે એ અવશ્ય સંવેદનાઓનું ઉર્ધ્વીકરણ કરે છે અને દિવ્ય થાય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો સમ્રાટ અકબરનાં નવ રત્નોમાંના એક રત્ન સંગીત સમ્રાટ તાનસેન. એમની એક એક રજુઆત પર શ્રોતાઓ આફરીન પોકારી ઉઠે. એકવાર અકબરે તાનસેનને પુછયું આવું સરસ સંગીત તમને કોણે શીખવ્યું ? તમે મને તેમની પાસે લઈ જાવ. તાનસેન અને અકબર એક વહેલી સવારે નદી તીરે આવેલ સ્વામી હરિદાસના આશ્રમે પહોંચી ગયા. તે સમયે સ્વામી હરિદાસ પ્રાતઃકાળે સ્નાનાદિક પતાવીને પ્રભુ પ્રાર્થનાનાં સુરો રેલાવી રહ્યાં હતા. બંને છુપાવેશે એ સાંભળી રહ્યા. માત્ર મનુષ્યો જ નહિં પશુપક્ષીઓ પણ ડોલવા લાગ્યા અને સહુની સાથે અકબર અને તાનસેન પણ સ્થળ–કાળ વિસરીને ઝૂમવા લાગ્યા. પ્રાર્થના પૂર્ણ થયા બાદ બંને સ્વામી હરિદાસને મળ્યા અને તાનસેને સમ્રાટ અકબરનો પરિચય કરાવ્યો.

થોડા દિવસો પછી એકવાર રાજદરબારમાં તાનસેને ઉત્કૃષ્ટ સંગીત પ્રદર્શીત કર્યુ. સહુ વાહ!વાહ! પોકારી ઉઠયાં. અકબરે પણ એની પ્રસંશા કરી પરંતુ સાથે ટકોર પણ કરી કે તાનસેન તમે સુંદર ગાઓ છો પણ તમારા ગુરૂ જેવું તમારું સંગીત તો નથી જ. એકવાર તમારા ગુરૂ જેવું સંગીત તમે દરબારમાં સંભળાવો તો તો રંગ રહી જાય. તાનસેને ગંભીરભાવે ઉત્તર આપ્યો બાદશાહ હું લાખવાર પ્રયત્ન કરું તોયે એવું ગાઈ શકીશ નહીં. એમ કેમ ? અકબરે આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

તાનસેને કહ્યું કે હું તો બાદશાહની પાસે સંગીત પેશ કરૂં છું અને મારા ગુરૂ બાદશાહના બાદશાહ ભગવાન પાસે સંગીત પેશ કરે છે. મારા સંગીત પાછળ પેટ ભરવાની લાચારી છે અને એમનાં સંગીત પાછળ પ્રભુને ભેટવાની મસ્તી છે. એથી એમાં જે દિવ્યતા આવે એ મારા સંગીતમાં કયાંથી હોય ? તાનસેને રહસ્ય છતું કર્યુ.

તાનસેનનો આ ઉત્તર એ જ કહે છે કે કળા પ્રભુને પ્રસન્ન કરવા અર્થે જેટલી વપરાય તેટલીજ તેની દિવ્યતા મ્હોરી ઉઠે. આજે આપણે જોઈએ છીએ કે તમામ કળાઓનો ઉપયોગ માત્ર પોતાનાં ઉદરપોષણ માટે કે માત્ર પોતાની યશ–કિર્તી વધે કે વાહ વાહ થાય તે જ આશયથી થાય છે. કળામાં જ્યારે ભક્તિ ભળી જાય છે ત્યારે તે સાધના થઈ જાય છે.

એવા જ એક નિષ્કામ પુષ્ટિભક્ત અષ્ટસખાઓમાંના એક અલૌકિક રત્ન કુંભનદાસજી જેમણે પોતાની સંગીતકળાનો વિનિયોગ માત્ર શ્રીગોવર્ધનધર પ્રભુને સુખાર્થે જ કર્યો હતો. એમની ગાયનકળાની ખ્યાતિ દૂર દૂર સુધી પહોંચી હતી. દેશાધિપતિએ પણ તેમની ગાયન કળાનાં વખાણ સાંભળ્યા. તેને પણ કુંભનદાસજીનાં પદ સાંભળવાની આતુરતા થઈ. પોતાનાં પ્રધાનને કહી કુંભનદાસજીના ગામ જમુનાવતા તેમને લેવા માટે સવારી મોકલાવી. ચાકરોએ આવી કુંભનદાસજીને વિનંતી કરી કે દેશાધિપતિ તમને યાદ કરે છે. કુંભનદાસજીએ પુછ્યું કે ''દેશાધિપતિને મારું શું કામ ?'' ચાકરોએ કહ્યું કે અમને શું ખબર ? અમે તો હુકમના ગુલામ. આપના માટે પાલખી છે ઘોડા છે. જેની સવારી કરવી હોય તેના પર પધારો. કુંભનદાસજીએ વિચાર્યુ કે ગયા વિના ચાલે તેમ નથી તેથી તત્કાળ જોડાં પહેરીને પગે ચાલ્યા. ફતેપુર સીક્રી જ્યાં દેશાધિપતિનો મુકામ હતો ત્યાં પહોંચ્યા.માણસોએ આવી ખબર આપી કે કુંભનદાસજી આવ્યા છે. દેશાધિપતિએ તેમને પોતાની પાસે બોલાવી બેસાડયાં તે જગ્યા એવી હતી કે જડાઉ રાવટી તેમાં મોતીની ઝૂલ લટકે આવી સુશોભિત જગ્યામાં બેસવા છતાં કુંભનદાસજીના મનમાં બહુ દુ:ખ થયુ કે આથી તો અમારા વ્રજના સૂકાં ઝાડ સારા કે જ્યાં શ્રીગોવર્ધનનાથજી પોતે ખેલે છે. એટલામાં દેશાધિપતિ પોતે બોલ્યો કે અમે સાંભળ્યું છે કે તમારા પર કન્હૈયાની બહુ મહેરબાની છે તમે પદ બહુ સુંદર કર્યા છે. તે સાંભળવા તમને બોલાવ્યા છે. માટે કંઈક સંભળાવો તમને માલામાલ કરી દઈશ. કુંભનદાસજી પોતાના મનમાં અકળાઈ ગયા કે મારી વાણીનાં ભોક્તા તો શ્રીગોવર્ધનનાથજી પ્રભુ સ્વયં છે. આને શું સંભળાવું ? પણ આ કંઈ સાંભળ્યા વિના છોડનાર નથી તેથી એવું કંઈ ગાઉ કે તે ગુસ્સે થઈને મારું નામ પણ લે નહિં તેથી કઠોર વચન કહું તો એનાથી તેને ખોટું લાગશે તો એ મને શું કરશે ? જેના માથે પ્રભુ સ્વયં હોય એનું કોઈ શું બગાડી શકે ? એમ વિચારીને પદ ગાયું.

''ભક્તન કો કહા સીકરી સો કામ, આવત જાત પન્હૈયા ટૂટી વિસર ગયો હરિનામ.
જાકો મુખ દેખે દુઃખ લાગત તાકો કરનો પર્યો પ્રણામ, કુંભનદાસ લાલ ગિરિધર બિનુ યહ સબ જૂઠો ધામ.''

આ પદ સાંભળી દેશાધિપતિ ખૂબ ગુસ્સે થયો પણ મનમાં વિચાર્યું કે આતો ભક્ત છે. કોઈ વાતની લાલચ હોય તો મારી ખુશામત કરે ? એમને તો પરમેશ્વર સાથે સાચો સ્નેહ છે એમ વિચારી એમને સન્માનભેર વિદાય કર્યા. કુંભનદાસજીને માર્ગમાં બે દિવસ થયા તે શ્રીગોવર્ધનનાથજીના દર્શન વગર તેમને બે યુગ જેવા લાગ્યા.

આવા ભગવદ્‌ભક્તો કયારેય દ્રવ્યની, માનની કે કોઈપણ પ્રકારના બદલાની આકાંક્ષા રાખતા નથી. માત્ર તેમને એક જ તાલાવેલી હોય કે પોતાના પ્રિય પ્રભુ કેમ પ્રસન્ન થાય ? પોતાની સૌથી પ્રિય અને ઉત્તમમાં ઉત્તમ વસ્તુ પ્રભુને અંગીકાર કરાવવાની ભાવના થાય તેનું નામ જ ભક્તિ. આજે આપણે કહીએ છીએ કે અમે સમર્પિત જીવન જીવીએ છીએ પણ સંસારમાંથી લેશમાત્ર પણ મોહ છોડતા નથી. જયારે કંઈ પ્રભુને યોગ્ય હોય ત્યારે પણ ત્યાં મોહવશ મારાપણું આવી જાય છે. એ કેવી ભક્તિ ? એ કેવું સમર્પણ ? ભક્તો તો માત્ર પ્રભુની પ્રસન્નતાનો જ વિચાર કરે. કોઈપણ કાળે કોઈપણ ભોગે પોતાના પ્રભુનાં સુખની આકાંક્ષા કરે એ જ પુષ્ટિમાર્ગીય ભક્તિ.

એવા જ શ્રીગુંસાઈજીના સેવક ધોંધી હતા. જાતે મુસલમાન હતા પણ શ્રીગુસાંઈજીના સેવક થયા ત્યાર પછી તેમને શ્રીનવનીતપ્રિયાજીનાં કીર્તનની સેવા સોંપવામાં આવી. તે હંમેશા શ્રીનવનીતપ્રિયાજી સન્મુખ કીર્તન કરતાં. એક વખત તેઓ કીર્તન કરતા હતાં. શ્રીગિરધરજી પણ ત્યાં બિરાજયાં હતા. અને કીર્તનમાં એટલી તન્મયતા આવી ગઈ કે શ્રીનવનીતપ્રિયાજી પોતે તાલ આપવા લાગ્યા. આ જોઈને શ્રીગિરધરજી અતિ પ્રસન્ન થયાં અને પોતાના જડાઉ કડાં ઉતારીને તેમને આપી દીધા કે ધન્ય છે તમને જે મારા નવનીતપ્રિયાજીને પ્રસન્ન કર્યા. પણ પાછળથી મનમાં ડર લાગ્યો કે કાકાજી(શ્રીગુસાંઈજી) સાંભળશે તો ખીજાશે. જયારે શ્રીગુંસાઈજી પરદેશથી પાછા પધાર્યા ત્યારે ડરતાં ડરતાં શ્રીગિરધરજીએ બનેલી બધી હકીકત કહી. એ સાંભળી શ્રીગુંસાઈજીએ કહ્યું “ બાવા તમે કેવા લોભીયા છો જેમના સંગીતથી પ્રસન્ન થઈને શ્રીનવનીતપ્રિયાજી તાલ આપે તો એમને તો તમારે સર્વસ્વ લૂંટાવી દેવું જોઈએ. અને તમે માત્ર કડાં જ આપ્યા તેમને બધુ જ આપી દીધું હોત તો હું વધારે પ્રસન્ન થાત. એ સાંભળી શ્રીગિરધરજી શ્રીગુંસાઈજીની સન્મુખ નતમસ્તક થઈ ગયા.

આજ પુષ્ટિમાર્ગની વિલક્ષણતા છે. એટલે જ શ્રીગુંસાઈજી પ્રભુચરણે ભોગ, રાગ, અને શૃંગારનો વિનિયોગ પ્રભુની સેવામાં કરાવ્યો છે. જો પ્રેમસહિત અને અહંકારરહિત વિનિયોગ હોય તો પ્રભુ પણ તેને આનંદથી સ્વિકારે છે. અષ્ટસખાઓની વાણીમાં પણ અદ્‌ભુત પ્રેમ, ભગવલ્લીલાનો અનુભવ, સહજ મીઠાશ અને પ્રભુપ્રાપ્તિનાં તીવ્ર તલસાટનાં દર્શન થાય છે. ત્યારે જ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુંસાઈજીપ્રભુચરણની કૃપાથી તેમને ભગવલ્લીલાનો સંપૂર્ણ અનુભવ થયો હતો.

જો પ્રભુએ તમને પણ કોઈ સુંદર ચીજ કે કોઈ સુંદર કલા કે કોઈ અદ્‌ભુત શક્તિનું દાન કર્યુ હોય તે અવશ્ય સ્વાર્થ રહિત નિષ્કામ ભાવથી પ્રેમથી પ્રભુને વિનિયોગ કરાવજો. પ્રભુ અવશ્ય પ્રસન્ન થઈને તમને સ્વરૂપાનંદની પ્રતિતિ કરાવશે. પણ શરત એટલી એ વિનિયોગમાં કયાંય અચકાટ ન હોવો જોઈએ. માત્ર સ્નેહ જ સ્નેહ હોવો જોઈએ.

સચવાયના ધર્મ તો એ શક્તિ શું કામની ? અને નાચે નહિં ભગવાન તો એ ભક્તિ શું કામની ?

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

ભક્ત તે ભક્તિરૂપ છે, તેને માયા ન પીડે લેશ; સ્ત્રી થકી સ્ત્રી મોહાય નહીં મોહ પામે પુરૂષને વેષ.
પુરૂષ જ્ઞાન, વૈરાગ્યને યોગ, તેને પીડે અજા–રૂપી રોગ; તે કારણથી ભ્રષ્ટ થાય છે તેહ, ભક્તને અચળ હરિસોં સ્નેહ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૪૯)

શબ્દાર્થ : અજા–માયા, અચળ–નિશ્ચળ, સ્થિર– દ્રઢતા,

વિવેચન : આ કડીમાં ભક્તિ અને માયા બંનેને નારીરૂપ બતાવીને દષ્ટાંત રૂપે સમજાવ્યું છે. ભગવદ્ ભક્ત તે ભક્તિરૂપ છે. તેને માયા રૂપી નારી સતાવી શકતી નથી. જ્ઞાન અને વૈરાગ્ય તથા યોગ આ બધા નર જાતિ (અભિમાની) હોવાથી માયારૂપી દાસી તેને સતાવે છે. હરિ ભક્ત રૂપી સુંદરી છે. માયા તો તેની દાસી બનીને દૂર રહી રખવાળી કરે છે. ભક્ત કદી માયામાં લોભાયમાન થતો નથી. તેથી તે નિર્ભય છે. ત્યારે જ્ઞાન વૈરાગ્ય પુરૂષરૂપને માયાનો પુરેપુરો ભય રહે છે. ક્યારે માયા તેને લપેટામાં લઈ લેશે તેની તેને ખબર રહેતી નથી.

કેવળ ભક્તિ પ્રભુકો પ્યારી વશમેં હોય આપ ગિરધારી, ભક્તિ વિનાં ભગવંત દુર્લભ કહત નિગમ પુકારી
હરિ ભક્ત હે ભક્તિ રૂપે હરિ ભજતે સુખકારી,જ્ઞાન વૈરાગ્ય પુરુષ હે જીનકો પીડે માયા નારી
ભક્તિ સુંદરીને માયા દાસી દોનું કહીયત ભારી, નારી સે નારી નવ મોહે માધુરી કહત વિચારી.

ઉપર મુજબ આ કીર્તનની ભાવના પણ એવી જ છે. જાુઓ યોગિઓના યોગને ભ્રષ્ટ કરવાવાળી તે તો માયારૂપી નારી જ છે. ત્યારે હરિભક્ત સ્વયં અહંભાવ પુંભાવનો ત્યાગ કરીને દીન ભાવને પાસે રાખીને રહે છે. તેને માયારૂપી દાસી શું પરેશાન કરવાની હતી. કેમ કે ભક્તિરૂપ જ નારીનું છે. પરંતુ જ્ઞાન અને વૈરાગ્ય અહંભાવ હોવાથી તે પુરૂષરૂપ છે તેને માયારૂપી નારી પીડે છે.

વિશેષવાક્ય : સ્ત્રિયો વા પુરૂષોવાપિ ભર્તું ભાવેન કેશવં
હૃદય કૃત્યા ગર્તિ યાતિ શ્રુતિનાં પાત્ર સંશયઃ

સ્ત્રી હોય અગર પુરૂષ હોય પણ પતિ ભાવે જે કૃષ્ણને ભજે છે તે ગોપીજનોનાં ભાવને પામે છે.

આ ઉપરથી સમજાય છે કે જ્ઞાન વૈરાગ્યને સ્ત્રી ભાવ આવતો નથી. એટલે હું ભાવ પુંભાવ બન્યો રહે છે. આ ભાવમાં દીનતા આવતી નથી. ખરૂં સાધન તો શરણાગતિ સ્વિકારી દીનતા રાખવી તે જ ભક્તિમાર્ગનું ધ્યેય છે. અને તે ભાવ સ્થિર થતાં તેને લેશમાત્ર માયાનો ડર રહેતો નથી. "પ્રભુ નિઃસાધન ફલાત્મા છે" તે પ્રભુની ભક્તિ કરવામાં જ તેને સર્વ સુખ મળે છે. પ્રભુ દયાળુ છે. જીવની કરણી સામું જોતા નથી. તેમજ પ્રભુ

સર્વશક્તિમાન હોય પોતાનાં ભક્ત પાસે કોઈ સાધનની અપેક્ષા રાખતાં નથી.

એવું કયું સાધન છે કે પ્રભુને રીઝવે. અનંત કોટી બ્રહ્માની રચના કરવાવાળા તેને કોણ વૈભવથી પ્રસન્ન કરી શકશે. જેમ સૂર્યને પ્રસન્ન કરવા દીપક સામો રાખવો, અગર દીવાની ભેટ ધરવી તેનાં સમાન છે. મહાન તેજસ્વી સૂર્યની સામે આંખ માંડી શકાતી નથી. તેને દીવાની ભેટ ધરી પ્રસન્ન કરવા જેવી વાત છે. દીવો તો અંધારામાં જ કામ આપી શકે છે.

પ્રભુને પ્રસન્ન કરવા ભક્ત પાસે પ્રેમરૂપી મીઠા પદાર્થની જ જરૂર છે. અને તેનીજ અપેક્ષા પ્રભુ રાખે છે. પ્રેમભાવ ભક્તિ જ સાધન છે. જે જીવનાં ઉપર પ્રભુની કૃપા થાય છે તેની દષ્ટિ સંસારની માયામાં લોભાયમાન રહેતી નથી. આઠો પ્રહોર મનની લાગણી પ્રભુમાં જ લાગી રહે છે. કોઈપણ કાળે કોઈપણ સ્થળે જાગતા, સુતા તેના મનની ગતી તેમાં જ લાગી રહે છે. ભક્તની અન્ય રાગની નિવૃત્તિ થવાથી તેનાં દેહઈન્દ્રિય પ્રાણ અંતઃકરણમાં ભક્તિરસ છવાયેલો રહે છે. સંસારની અન્ય કોઈ ચીજ તેને સુખ આપી શકતી નથી. જે મન, બુદ્ધિ સંસારમાં ઉપયોગી હતા તે બધા પ્રભુ ભક્તિમાંજ રચ્યા પચ્યા રહે છે.

ભક્તને અચળ શ્યામસું સ્નેહ તે બદલ ૨૫૨, વૈ.ની વાર્તા ૪૨ મી– એક પટેલ વૈષ્ણવ હતા તેઓ બીજા વૈષ્ણવોની સાથે વૃજયાત્રા કરવા ગયા. રસ્તામાં યાત્રાળુનો સામાન ઉંચકીને ચાલતા. તેમ કરતાં શ્રીજીદ્વાર એક મજલ દૂર હતુ ત્યાંજ મુકામે રાત્રે આ પટેલ વૈષ્ણવને તાવ આવ્યો. ત્યારે તેણે સાથેનાં વૈષ્ણવોને કહ્યું કે મને કોઈ ગાડામાં બેસાડી લઈ જશો ? કોઈએ જ્યારે હા કહી નહી ત્યારે આ પટેલને ચિંતા થઈ કે હવે મને શ્રીજીના દર્શન કેમ થાશે ? આ ભક્તની ચિંતા શ્રીજી સહન ન કરી શકયા. શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી કે મને ઉંઘ આવતી નથી. ત્યારે શ્રીગુસાંઈજીએ તે પટેલને લેવા ગાડી મોકલી ત્યારે શ્રીજી પોઢયા.

યાત્રાનો સંઘ શ્રીજીદ્વારે પહુંચે તે પહેલા જ આ પટેલને બોલાવીને સર્વ પ્રથમ દર્શન કરાવ્યા. દર્શન કરતાં જ તેઓ દેહ દશાનું ભાન ભુલી ગયા. પ્રેમાવેશમાં મગ્ન થયા. શ્રીજી પણ ભક્તને જોઈને અતિ પ્રસન્ન થયા. સાર : આ વાર્તાનો તત્વરૂપ એ છે તે ભક્ત પાસે ભગવાનને ભેટ ધરવા કેવળ પ્રેમરૂપી મીઠો પદાર્થ જ હતો અને તેને જ શ્રીજીએ અંગીકાર કર્યો. જેમ ભક્ત આતુર હતા તેમા શ્રીજી પણ તે ભક્તને જોવા આતુર હતા. આનું નામ પરસ્પર પ્રિત આનું નામ પ્રેમભાવ ભક્તિ. **"ભક્તને અચળ શ્યામસું નેહ"** માટે જ કવિ કહે છે.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. પ.ભ. ગંગાબેન ડી.પારેખના સવિનય ભગવદ્ સ્મરણ, હ. ઈન્દુબેનના જય શ્રી કૃષ્ણ.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટીત સહસ્ત્ર શ્લોકી

સેવાભાવના

હિન્દી પદ્યરચના રચયિતા– પ.ભ. રૂપચંદ ખંડેલવાલ "ભૂપ" જબલપુર

ગતાંકથી ચાલુ

લમ્બો સમય સાંઝ પર્યન્તા, દુઃખ દેનાર અહો દુઃખ હન્તા,
કેહિ વિધિ કહહુ વિતાવૈં ઓહી, કૃપયા કહહુ બાત યા મોહીં;
કબહુંક અવૈગો ઐસો છંન, લૈ જામેં નિજ પતિ કે ચરનન. ૯૧૩
નાકી વિધિ લૈ અપની ગોદન, પાવહિં સેવાચરણ દબાવન;
કબ બ્રજપતિ કહં નિકટ બુલાઈ, ઈનકે દોઉ કર પકરાઈ. ૯૧૪
કરિ તિન સોં ગાઢે આલિંગન, સુખ પાઈ હૌં નિજ અન્તઃકરણન. ૯૧૪ ૧/૨
દો. અતિ કોમલ નવનીતસોં, ગોકુલેશ કો અંગ;
તાકે સ્પર્શન હોઈ કબ, હૃદયતાપ મમભંગ. ૯૧૫ ૧/૨
અપને હિયમેં બસે કૃષ્ણકો, પરમાનંદ સાર શ્રીમુખકો;
લાવણ્ય કો સુમધુ કબ નાના, નયન ભ્રમર સોં કરિ હૈં પાના. ૯૧૬ ૧/૨
અતિ રસભરે પ્રફુલ્લિત કોમલ, હરિ કે સુન્દર ગાલ જે યુગલ;
વિવશ ભઈ હમ મનસિજ–ભાવન, કબ પઈ હૈં હમકો ચુમ્બન. ૯૧૭ ૧/૨
અપને હિય કે પ્યારે કૃષ્ણ હિં, સ્થાપિત અપને હિય કબ કરિ હહિં. ૯૧૮
કમલ ઘિરત ભ્રમરન સોં જેહિ વિધિ, નિજ કર કબ વેષ્ટ હું હરિ તેહિ વિધિ;
રસ સંબંધ બાત હૂ પ્રભુસોં, એકાન્તન મેં કબ કર સકિ હૌં. ૯૧૯
પ્રભુકે ગલે લગીં કબ ઉનકે, કબ ગુણ ગાવૈંગી હિલમિલ કે;
કબ ઈકાન્ત મેં રુચિ અનુસારા, કરિ હૈં કબ પ્રભુકા સિંગારા. ૯૨૦
હરિ કે સંગ વિવિધ રમણન સેં, મનમેં કબ સંતોષ પાઈ હૈ;
કબ પ્રસન્ન મન હોંકે હંસિ હૈ ? ક્રીડા કબૈ પરસ્પર કરિ હૈ. ૯૨૧
કબ આનન્દ પ્રાપ્ત કરિ હરિસંગ, મન મનોર્થ પૂરિ હિં ઉત્તમ ઢંગ;
દો. કેવલ અપને પ્રભુકો, ઈકલો મધુર સ્વરૂપ;
ઈન નયનન કબ દેખિ હૈં, પરમ અલૌકિક ભૂપ. ૯૨૨
યા વિધિ મનમેં કિયે બસેરે, બિબિધ પ્રકાર વાક્ય બહુતેરે;
કહિ શ્રીદામહિં આનન્દાયે, બોલીં ફિર કછુ વચન સુહાયે. ૯૨૩
પ્રભુ ગોપીશ મિલેં જિમિ હમ કહં, કરુ સંકેત મનાવ હિં તો કહં;
સખા હમ હિં લૈ ચલ તૂ તહિયાં, ગોકુલેશ પ્રભુ મિલિ હૈં જહિયા. ૯૨૪

હમ સબ અંતઃકરણન માહિં, કામદેવસોં પીડિત આહીં;
કુમુદ બન્ધુ શ્રીકૃષ્ણચંદ્રકે , લખિ સર્વાંગ શાંતિ પાવહિંગે. ૯૨૫
પ્રભુ હિ આલિંગન–ભુજા હમારી, હે સતીત નિરંતર ભારી;
કોમલ હૃદય વિરહ કે મારે, લગભગ ફટિબે કેહિ કિનારે. ૯૨૬
કહિ વે વિનોદ વાક્ય સુહાયે, ઉત્કંઠિત વાણી લલચાયે;
સુનન સ્વામિ કે વચન સુખારે, શ્રવણ હો રહે દીન હમારે. ૯૨૭
દો. હરિ કે સંગ વિનોદ સોં, ખેલન કો મન હોય;
યા વિધિ વિરહ સંદેસેય, તુમહિં સુનાયે જોય.
સો. સખા પ્રયત્ન કરાયે, ભોગ સમય એકાન્તમેં;
અપને કૃષ્ણ બુલાયે, કહિયો ઉનકે કાન લગિ. ૯૨૮ ૧/૨

પ્રભુ ગોદોહન કરીને ઉઠે છે ત્યારે સર્વે ગોપ તેમને વિંટળાઈ વળે છે. અને ઘૈયા આરોગવાની પ્રાર્થના કરે છે અને તેની સાથે શ્રીસ્વામિનીજીની આડીથી પણ પ્રાર્થના કરે છે. તે સાંભળીને તેનો વિચાર કરતા ઘૈયા અને દૂધ આરોગીને તેની ઉત્તમતા પોતાની ગાયોની સરાહના કરે છે, તે પંદર શ્લોકથી કહે છે. (શ્લોક ૯૨૯ થી ૯૪૩ ૧/૨)

સ્પર્શ સુખ દે દોહન કરિ, ગોકુલ પ્રભુ ઉઠે વિનોદ ભારિ. ૯૨૯
ગોપન આયે જહાં કન્હાઈ, ચારહું ઓર ઘેર્યો જાઈ,
કોઉ કછુ કહે, કહે કછુ કોઉ, કરત સલાહ ન સુન સક ઓઉ;
નિજ મન્તવ્ય કા હિં નિશ્ચાઈ, લાગે કહન કૃષ્ણાસોં આઈ. ૯૩૦
અહો કૃષ્ણ રહ પાસ તુમ્હારે, મથિ હૈં સારો દૂધ પિયા રે;
સ્વર્ણ પાત્રમેં ધરિ સો ઘૈયા, રુચિસોં ભોજન કરિયો ભૈયા. ૯૩૧
મન ઉત્કંઠા કી બઢાવની, કરિયો ગોષ્ઠી સુનન ભાવની;
ઘૈયા કો ભોજન રુચિકારી, ઔર બઢત જાસો બલ ભારી. ૯૩૨
તુમ જો આરોગ હુગે પ્યારે, સાર્થક હુઈ હે હાથ હમારે,
અહો કૃષ્ણ તુમ સબકે અધિપતિ, હે બ્રજ કે ફલરૂપ કૃપાનિધિ;
હમ સબ સખા તુમ્હારે આહીં, જે મનોર્થ હમારે મન માંહી,
સો. પુરવહુ કૃપા અપારા, યહૈ નિવેદન નાથ હમારા. ૯૩૩ ૧/૨
દો. તવ દાસનિ કે દાસ હમ, યા મેં સંશય નાહિં;
પુરવહુ નિજ સંબંધસો, હરિ, મનોર્થ તિન કાહિં. ૯૩૪ ૧/૨
ઈમિ હિય ભાવ પ્રકટ કરનારે, ગોપન કે સુનિ વચન સુખારે;
કરન લગે પુનિ સોઈ પ્રમાણન, જૈસે ઈચ્છે ગોપ બાલકન. ૯૩૫ ૧/૨
ગોપ બાલકન સંગ ખિરકમેં, રૂઈ ઢિગલા સો ઘૈયા મથિ કૈ;

મિસરી મિલા, સખન કે સંગા, કર લીલા–વિચાર અડબંગા. ૯૩૭ ૧/૨
દામાસોં ગોપિન કહવાઈ, જે વિજ્ઞપ્તિ એકાન્ત હુવાઈ;
સો સબ સુનત હૃદય હરખાવત, સીત્કારન રસના સુખ સ્ત્રાવત.
આંખે મીંચ ગોપીજન સાથા, કરત જાત કછુ રતિ કી બાતા
જો પરમાનંદ દેવન હારો, તાકો ચિંતન કરહિં સુખારો. ૯૩૮
દો. યેહુ માહિં વિશેષકર, કરત કછુ પરિહાર;
સંકેત સ્થલ હોય કહં ? તાકો કરત વિચાર. ૯૩૯
સ્થિર કરી સારી ઈન્દ્રિન કાહીં, સ્મરણ કામવેશ કો કરાહીં.
ઈમિ કરતે રસકો અભિનન્દન, બહુરિ સિર હિલાઈ પ્રભુ વિચક્ષન. ૯૪૦
દૂધ સુસ્વાદુ દેખિ મન માના, બાર–બાર કરિ તાકો વાના;
ફિર ફિર ગ્વાલન કે ઢિંગ જાહીં, માંગિ માંગિ પીવત ન અઘાહીં.
અતિ સ્વાદિષ્ટ દૂધ, સ્વીકાર્યો, નિજગૈયન કો નામ ઉચ્ચાર્યો. ૯૪૧
નંદરાયકી ગાયન કાહીં, અપની પ્રિયતા પ્રકટ જ નાહીં;
અપની ગઈયન તજિ કાહૂકો, હોત ન સખા દૂધ કહું ઐસો. ૯૪૨
બાર–બાર પીવત બહુ ભાંતી, હોત ન તૃપ્તિ ન તન કો સાંતી;
દો. પી પી કરયો દૂધ હમ, ભયે પુષ્ટ અધિકાઈ
મોટે દૈત્યન કાહિંહૂ, મારત હૈ સહજાઈ. ૯૪૩
ઈહિ વિધિ બાતેં કરત હરિ, ઘૈયા લીને હાથ;
અપને પ્રિય મિત્રન સહતિ, આરોગત હરખાત. ૯૪૩ ૧/૨

સેનભોગ આરોગવાનો સમય થતાં, માતા સામગ્રી સિદ્ધ કરીને વિહવળ થઈને પ્રભુને શોધવાને ગાયોને જોવાના મિષથી ખિરકમાં આવ્યા, તે સાડા પાંચ શ્લોકથી કહે છે. (શ્લોક ૯૪૪ થી ૯૪૯)

પુનિ આકુલ વ્યાકુલ ભૈ યશુદા, બ્રજ ગૈયન કે ખિરકન પ્રમદા ૯૪૪
ચક્તિ ભયે લોચન વાલે કહં, આવત દેખ્યો અપને સુત કહં;
રોહિણિ કહં નિજ ભવનન લાઈ, સૈનભોગ મુદ સિદ્ધ કરાઈ. ૯૪૫
ઔંચક ઉઠિ ખિરકન મે આઈ, સુત ખોજિબે વિકલ અધિકાઈ;
અહિ ખોજ કી ક્રિયા પરાયન, કરત મનોરથ રાહન–રાહન. ૯૪૬
સામગ્રી શીતલ હો જૈ હૈ, સો કૈસે લાલન કહં ભૈં હૈ ??
આકુલ વ્યાકુલ ઈમયિ વિચારત, કહાં નંદાસુત ? પ્રશ્ન ઉચારત ૯૪૭
ગોપન ગોપિન ઔર બાલકન, સોં પૂછત નિજ સુત હિં મારગન;
આનન્દાશ્રુ ભરાયે નયનન, દેહ ભઈ સારી રોમાંચન. ૯૪૮

નિજ સુત કાહિં ખોજિબે આતુર, દેખત ચહુંધા હ્વૈ અતિ આતુર;
દો. સુત સનેહ વશ સ્તનનસોં, સ્ત્રવત દૂધ અકુલાય;
ખિરક માંહિ અપને સુતહિં, ખેલત દેખ્યો માય. ૯૪૯

પ્રભુને જોઈને માતાની જે અવસ્થા થઈ તેનું અને માતા પ્રભુને તે સમયે બોલાવે છે, તેનું વર્ણન આઠ શ્લોકથી કરે છે. (શ્લોક ૯૫૦ થી ૯૫૭)

હિય કે પ્યારે પ્રભુ કહં દેખી, હર્ષવેગ હિય ઉભરિ વિશેખી,
જિમિ ચાતકી સ્વાંતિ જલ ચાહે, મેઘબાટ જિમિ મોર જુટાવૈ. ૯૫૦
મછલી જલ કહં, ચંદ્ર ચકોરી, ચક્રવાકી સુર્યોદય ઓરી; ૯૫૧
પુનિ દરિદ્રાણી ચાહે અતિધન, કામપીડિતા ચાહે વિષયન. ૯૫૨
ગૈયા અપનો બછડા ચાહે, દુઃખી નારી કહં આશ્રય ભાવૈ;

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૫૧

શ્રી યમુને ભક્તનિ સુખ દેની;
કૃપા જલધિ અવગાહ નિરંતર, ભક્તિદાન પ્રદ અયની. —૧—
શરણાગત પાલન અધમનકો કાટન હિત અસિ પૈની;
દીન શુલ્ક 'વલ્લભદાસ' પે કરહુ કૃપા મૃગનૈની. —૨—

ભાવાર્થ : શ્રીયમુનાજી ભક્તોને સુખ આપવાવાળા છો. ભક્તો માટે આપ કૃપારૂપી જલધી (સાગર) રૂપ છો. જેમાં અથાહ કૃપારૂપી અમૃત ભરેલું છે. તે કદી સૂકાય નહિં. નદી, નાલા, તળાવ બધુ સુકાઈ જાય, કેમ કે તેની શક્તિ અલ્પ છે. કૃપાના સાગર આપ નિરંતર ભક્તિનું દાન કરવામાં જ રૂચિ રાખો છો.

જે કોઈ શરણે આવે તેનું પ્રતિપાલન કરવાવાળા છો. તેના પાપોનાં સમૂહોનો નાશ કરી નિર્મળ બનાવીને ભક્તિ પ્રદાન કરો છો. આવું જાણીને દીનદાસી વલ્લભ આપની કૃપાની યાચના કરી શરણે આવેલ છે તે જોઈને હે મૃગનયની આપ કૃપા કરો.

(શ્રી યમુનાજીની સ્તુતિ કરતાં વારે વારે કવિ ભાવમગ્ન બની જાય છે, તેથી કોઈ પદમાં દાસરૂપે અને કોઈ પદમાં દાસીરૂપ યશોગાન કરે છે.)

કાવ્ય કુંજ

(૧) શ્રી વલ્લભની ગાડી

મારો નાથ ગાડી ચલાવે ગોવર્ધન ગાડી ચલાવે
જરા ધીમે ધીમે હાંકે જેને બેસવું હોય તે બેસે
જરા ચેતવું હોય તો ચેતે મારો નાથ
મારે ચંપારણ્યમાં જાવું છે મારે પ્રેમ ગલીમાં ફરવું છે
મારે ભક્તિનગરમાં રહેવું છે પછી વલ્લભ પ્રભુને મળવું છે મારો નાથ
મારે મેવાડ દેશમાં જાવું છે મારે બનાશ નદીમાં નાહવું છે
મારે સેવાનું સુખ લેવું છે પછી શ્રીજી બાવાને મળવું છે મારો નાથ
મારે મથુરા શહેરમાં જાવું છે મને મહા મહારાણીને મળવું છે
મારે યમુના પાન કરવું છે પછી દ્વારકાધીશને મળવું છે મારો નાથ
મારે વ્રજ પરિક્રમા કરવી છે મારે ચોરાસી બેઠક કરવી છે
મારે યમુના ઝારી ભરવી છે પછી ગુરૂના ચરણમાં રહેવું છે મારો નાથ
મારે ચરણાટ શહેરમાં જાવું છે મારે ત્રિવેણી સંગમમાં ન્હાવું છે
મારે વિઠ્ઠલ પ્રભુને મળવું છે પછી ભવ સાગરથી તરવું છે મારો નાથ
બસો બાવન તો બેઠા છે ચોરાસી એમાં ઉભા છે
દાસી લક્ષ્મીની અરજી છે મારે ચરણમાં રહેવાની મરજી છે મારો નાથ

(૨) શ્રી વલ્લભચરણને વિનંતી કરૂં

[ઢાળ–આપ સેવા કરી શીખવે શ્રી હરિ]

શ્રી વલ્લભચરણ પડી, માગુ વિનતી કરી;
શ્રીકૃષ્ણ સેવાનું સ્મરણ રહો હર ઘડી શ્રી વલ્લભ
કામકાજ કરૂ જગત વહેવાર કરૂ,
મન સતત રહે અષ્ટાક્ષર મંત્ર ભણી શ્રી વલ્લભ
અનેક જન્મના દોષથી દુષિત મારૂ મન,
સદા રહો બ્રહ્મસંબંધ અનુસંધાન સ્મરી શ્રી વલ્લભ
માયા મોહના સંસારમાં વહેતુ જીવન,
સદા રહો વહેવારમાં ઉપેક્ષા કરી શ્રી વલ્લભ
સતસંગ વૈષ્ણવજનનો અતી દુર્લભ,
સદા રહું સ્મરણ ભજન કીર્તન કરી શ્રી વલ્લભ
કામ, ક્રોધ, મોહ અહિથી દૂષિત જીવન,
શ્રીકૃષ્ણચરણમાં જોડો કૃપા કરી શ્રી વલ્લભ
'શ્રીજીચરણઅનુરાગી' કરે વ્યવહાર સદા,
અંતરમનમાં શ્રીકૃષ્ણ સ્મરણ કરી શ્રી વલ્લભ

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.
—શ્રી વ્યાસદાસજી

[મનુષ્ય કે દશ ધર્મ]

સંપાદક : શ્રી હનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર : ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

—ગયા અંકથી ચાલુ

ઈન્દ્રિયાણિ પરાણ્યાહુરિન્દ્રિયેભ્યઃ પરં મનઃ । મનસસ્તુ પરા બુદ્ધિર્યો બુદ્ધેઃ પરતત્સુ સઃ ॥

(ગીતા ૩/૪૨)

“આ શરીરથી ઈન્દ્રિયોને શ્રેષ્ઠ, બળવાન અને સૂક્ષ્મ કહેવાય છે, ઈન્દ્રિયોથી મન પર છે, મનથી બુદ્ધિ પર છે અને જે બુદ્ધિથી પણ અત્યંત પર છે તે આત્મા છે.”

રથના દૃષ્ટાંતમાં આ વાત બરોબર મળતી છે. રથ ત્યાં સુધી જઈ શકે છે જ્યાં સુધી સીધી સડક છે. મહેલની સામેની સડક સુધી રથ ગયો, ઘોડા તેનાથી આગળ મહેલના આગળના મેદાન સુધી જઈ શક્યા, ત્યાં તેમને છાયામાં ઝાડ નીચે બાંધી દેવામાં આવ્યા. લગામ વિગેરે સાજ બહારના તંબુ સુધી લાવી શકાયા. ચામડું હોવાથી મહેલમાં તેનો પ્રવેશ ન થઈ શકે, શુદ્ર સારથી મહેલની દોઢી સુધી ગયો, અંદર દાખલ થવાનો તેનો અધિકાર નથી. રથી અંતઃપુરમાં ચાલ્યો ગયો. રથી ઘરનો માલિક ઘરમાં ઘૂસી પાછો ન ફર્યો. સારથી બહારથી મહેલને જોઈને પાછો ફર્યો. સાજ પાસે આવીને તેણે સાજ લીધા, આગળ આવી ઘોડા સાથે લીધા, સડક પર આવી રથ જોડયો અને રથી વગર તે રથને લઈને તે પાછો આવી ગયો.

‘યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ’

તેણે પાછા આવીને બહારથી જોયેલ મહેલની શોભા અને તેના સુખોનું વર્ણન કર્યુ. તેથી બ્રહ્મના સ્વરૂપનું વર્ણન ન કરી શકાય. જે પહોંચી જાય છે તે તો પાછા ફરતા નથી અને જે પાછો ફરે છે તે અંદરનું રહસ્ય જાણતો નથી, પરંતુ બુદ્ધિ અંતિમ દરવાજા સુધી પહોંચવાવાળી છે. તેથી તે બહારની બધી વાતો બતાવી શકે છે. અત્યાર સુધી બ્રહ્મનું જેટલું વર્ણન કરવામાં આવ્યુ છે, તે બધુ આ રીતે મુક્ત પુરૂષોની પાછી ફરેલ બુદ્ધિનું કાર્ય છે. જે લક્ષ્ય

બરોબર બતાવે છે, લક્ષ્ય સુધી પહોંચવામાં સારી અને યોગ્ય સહાયતા કરે છે. પરંતુ લક્ષ્યનું અસલી રહસ્ય ન બતાવી શકે છતાં પણ બ્રહ્મનું સ્વરૂપ સૂક્ષ્મદર્શીઓ દ્વારા, સૂક્ષ્મ વસ્તુના નિરૂપણમાં નિપુણ, એકાગ્રતાવાળી શુદ્ધ બુદ્ધિ વડે જ જોઈ શકાય છે.

'દશ્યતે ત્વગ્રયતા બુદ્ધયા સૂક્ષ્મયા સૂક્ષ્મદર્શિભિઃ ।' (કઠ.)

બૃદ્ધિ જ આત્મસાક્ષાત્કારમાં મુખ્ય સાધન છે. બુદ્ધિ ત્રણ પ્રકારની હોય છે, જે લોકો ભગવત્–પ્રાપ્તિના સાધનમાં લાગેલા છે તેમની બુદ્ધિ તો સાત્વિક હોય છે. સાત્વિકી બુદ્ધિનું સ્વરૂપ આ છે.

પ્રવૃત્તિ ચ નિવૃત્તિ ચ કાર્યા કાર્યે ભયાભયે । બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્વિકી ॥

(ગીતા ૧૮/૩૦)

ભગવાન કહે છે કે 'હે અર્જુન, પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કર્તવ્ય અને અકર્તવ્ય તથા ભય અને અભય તથા બંધન અને મોક્ષને જે (સૂક્ષ્મ) બુદ્ધિ તત્વથી જાણે છે તે બુદ્ધિ સાત્વિકી છે. આ બુદ્ધિરૂપી સારથી દ્વારા શરીર રથ સારી રીતે સંચાલિત થાય છે. આ બુદ્ધિ કલ્યાણને માર્ગે એક જ નિશ્ચયવાળી હોય છે. પરંતુ અજ્ઞાની પુરૂષોની બુદ્ધિ અનેક ભેદવાળી અનંતરૂપ બની જાય છે.

રાજસ પુરૂષોની બુદ્ધિ રાજસી અને તામસોની તામસી હોય છે. ગીતામાં ભગવાને તેનું સ્વરૂપ બતાવેલ છે.

યયા ધર્મમધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ । અયથાવત્પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસી ॥
અધર્મં ધર્મમિતિ યા મન્યતે તમસાવૃતા । સર્વાથાન્વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ તામસી ॥

(ગીતા ૧૮/૩૧–૩૨)

ભગવાન કહે છે કે 'હે પાર્થ ! જે બુદ્ધિ દ્વારા મનુષ્ય ધર્મ, અધર્મ તથા કર્તવ્ય–અકર્તવ્યને પણ સાચી રીતે નથી જાણતો તે બુદ્ધિ રાજસી છે અને જે તમોગુણથી ઢંકાયેલ બુદ્ધિ અધર્મને ધર્મ માને છે તથા વિશેષમાં સમસ્ત અર્થોને વિપરીત જ માને છે તે બુદ્ધિ તામસી છે.

મનુ મહારાજે " ધી " શબ્દથી આ બંને બુદ્ધિને ન બતાવીને તે સાત્વિકી શ્રેષ્ઠ બુદ્ધિને બતાવેલ છે જે સતસંગ અને સત્ શાસ્ત્રોનું પાલન, ભગવત્ જન અને આત્મવિચારથી પ્રાપ્ત થાય છે અને જેનાથી પરમ કલ્યાણ સ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

॥ શ્રી કૃષ્ણઃશરણં મમ ॥

વ્રજલીલાના પદ

રચયિતા– શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ) બી. ઈ. (સીવીલ), બીરપુર

૩૭. બંદીગામ લીલા રાગ–સારંગ / કાન્હરો

કુળદેવી પૂજન નંદ કરાયો;
આંગન ખેલત, દેખત લાલન, મનમેં અતિ હરખાયો ૧
આનંદ દેત હૈ, દેવી આનંદી, નંદાલય આનંદ કરિયો;
આનંદરૂપ, બાળલીલાસોં, અસુર મતિ સંહાર્યો ૨
કારાગૃહ સોં વસુદેવ દેવકી, બંધન મુક્ત કરાયો;
બંદી દેવી, દોઉ ભગિનિ, મન સેવામેં લગાયો ૩
બંદી ગામકી, શોભા ન્યારી, આનંદ સે જીવ મિલાયો;
'ચરનદાસ' આનંદ કુંડ મૈં, આનંદ ઘન પ્રભુ જાચ્યો ૪

ભાવાર્થ : આનંદી દેવી– બંદી દેવી. એક મોટી અને બીજી નાની બે બહેનો છે. બંને કુળદેવીઓ તરીકે વ્રજમાં પુજાઈ. લાલાના પ્રાકટયથી આનંદીદેવી નંદજીના કુળદેવી બન્યા અને વસુદેવ દેવકીને કારાગૃહમાંથી બંધનમુક્ત કરાતાં બંદીદેવી તેમનાં કુળદેવી બન્યા. બંને સગા બહેનો છે. તેઓ શ્રીનંદરાયજીને ત્યાં પ્રથમ છાણાં થાપવાનું સેવાનું કામ કરતાં હતા. સેવાના ફલ સ્વરૂપે પ્રભુએ તેમને કુળદેવી જેવું ઉંચુ સ્થાન બક્ષ્યું. અને પિતાજીની પાસે તેમની પૂજા કરાવી બહુમાન આપ્યું છે. અહીં તેમના નામ ઉપરથી કુંડનું નામ આનંદ કુંડ પડયું છે. આનંદ કુંડમાં સ્નાન કરી નંદજીએ પૂજા કરી છે.

આનંદ–આનંદ સ્વરૂપ પરમાત્મા

● ● ● ● ●

અનુકરણીય પ્રકાશન સહાયક

શ્રી જગદીશપ્રસાદ નીમા તરફથી વિશેષ લવાજમના રૂ. ૨૦૧/– આવેલ છે જે અનુકરણીય પગલું ભર્યુ છે. તે બદલ ધન્યવાદ.

કંઠાભરણમ્

મહાભાગ્યોદય

શ્રવણં કૃષ્ણલીલાયા : કીર્તનં કૃષ્ણતત્પરે ।

તસ્યાઃ સ્મરણમેકાન્તે મહાભાગ્યોદયે ભવેત્ ॥

શ્રીઠાકોરજીની વિવિધ પ્રકારની લીલાઓનું શ્રવણ અને શ્રીકૃષ્ણની ભક્તિમાં આસક્ત એવા ભગવદીયોની પાસે શ્રવણ કરેલી લીલાનું કીર્તન કરવું અને જયારે તેવા ભગવદીયોના સંગનો અભાવ હોય ત્યારે એકાન્તમાં તે પ્રભુની લીલાઓનું જ સ્મરણ કરવું, આ ત્રણે જયારે મહાભાગ્યોદય થાય ત્યારે જ મળે.

કસ્યચિત્કિમપિ નો હરણીયં મર્મવાકયમપિ નો ચ્ચરણીયમ્ ।

શ્રીપતેઃ પદયુગં સ્મરણીયં લીલયા ભવજલં તરણીયમ્ ॥

કોઈનું કાંઈપણ કહ્યા વગર લેવું નહીં, કોઈને મહેણું મારવું નહીં, લક્ષ્મીપતિ ભગવાનનાં ચરણકમળની જોડીનું સ્મરણ કરવું અને એમ વર્તી સહજ—રમતાં રમતાં ભવસાગરને તરી જવો.

લાભસ્તેષાં જયસ્તેષાં કુતસ્તેષાં પરાજયઃ ।

યેષામિન્દીવરશ્યામો હ્રદયસ્થો જનાર્દનઃ ॥

નીલકમળ સમાન શ્યામ ભગવાન કૃષ્ણ જેમના હૃદયમાં રહેલાં છે, તેમને હંમેશા લાભ પ્રાપ્ત થાય છે, હંમેશા તેઓ વિજંયી થાય છે, એવા પુરૂષોનો પરાજય કયાંથી હોય ?

સર્વદા સર્વકાર્યેષુ નાસ્તિ તેષામમંગલમ્ ।

યેષાં હ્રદિસ્થો ભગવાન્ મંગલાયતનં હરિઃ ॥

જેમના હૃદયમાં મંગલોના ધામ ભગવાન શ્રીહરિ રહેલા છે, તેમનું સર્વ કાર્યોમાં કદી અમંગલ થતું નથી.

નિત્યોત્સવસ્તદા તેષાં નિત્ય શ્રીર્નિત્યમંગલમ્ ।

યેષાં હ્રદિસ્થો ભગવાન્ મંગલાયતનં હરિઃ ॥

જેમના હૃદયમાં સર્વ મંગલોનું સ્થાન ભગવાન હરિ વસે છે, તેઓને તેથી નિત્ય ઉત્સવ, નિત્ય લક્ષ્મી અને નિત્ય મંગલ જ હોય છે.

તદેવ લગ્નં સુદિનં તદેવ તારાબલં ચન્દ્રબલં તદેવ ।
વિદ્યાબલં દૈવબલં તદેવ લક્ષ્મીપતે તેઽંઘ્રિયુગં સ્મરામિ ॥

હે લક્ષ્મીપતિ ! જયારે તમારાં બે ચરણકમળનું હું સ્મરણ કરું, ત્યારે તે જ સારું મુહુર્ત, સારો દહાડો, તે જ ગ્રહબળ, ચંદ્રબળ, વિદ્યાબળ અને દૈવબળ પણ છે.

મનસા કર્મણા વાચા યે સ્મરન્તિ જનાર્દનમ્ ।
તત્ર તત્ર કુરુંક્ષેત્રં પ્રયાગો નિમિષં વનમ્ ॥

જે લોકો મનથી, વચનથી અને કર્મથી જયાં જનાર્દન–ભગવાનનું સ્મરણ કરે છે, ત્યાં જ તે તેઓનું કુરુક્ષેત્ર, પ્રયાગ તથા નૈમિષારણ્ય વિગેરે તિર્થો છે.

તત્રૈવ ગંગા યમુના ત્રિવેણી ગોદાવરી સિન્ધુસરસ્વતી ચ ।
સર્વાણિ તીર્થાનિ વસન્તિ તત્ર યત્રાચ્યુતોદાર કથા પ્રસંગઃ ॥

જયાં શ્રી અચ્યુત ભગવાનની ઉત્તમ કથાનો પ્રસંગ ચાલતો હોય, ત્યાં જ ગંગા, યમુના, ત્રિવેણી, ગોદાવરી, સિંધુ તથા સરસ્વતી વહે છે, એમ જાણવું, એટલું જ નહિ, પરંતુ બધાંયે તીર્થો ત્યાં જ રહે છે.

યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥

જયાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જયાં ધનુર્ધર અર્જુન છે, (જયાં દૈવ અને પુરૂષાર્થ છે), ત્યાં લક્ષ્મી, વિજય, ઐશ્વર્ય–અભ્યુદય અને સ્થિર નીતિ છે, એમ હું નિશ્ચયપૂર્વક સમજુ છું.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

સમાચાર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ. ગુજરાત પ્રદેશની માંગ

અશોભનીય અને વિકૃત ચીત્રો પર પ્રતિબંધ મૂકો

મકબૂલ ફીદા હુસેન ચિત્રો દ્વારા સનાતન દેવ–દેવીઓના સ્વરૂપોને વિકૃત રીતે રજુ કરી રહ્યાં છે. જે અત્યંત નિંદનીય છે. આ સંસ્થાના અગ્રણીઓ ઉગ્રપણે જણાવે છે કે સરકાર આવી વિકૃત પ્રવૃત્તિને અટકાવે અને ઉગ્ર આંદોલન થાય તે પહેલા શીઘ્ર અતિ શીઘ્ર કાર્યવાહી કરે અને આવી વિકૃતિ માનસ ધરાવતા શખ્સોને સજા કરે.

શ્રી વલ્લભ વિચાર પ્રચાર

પરિષદની વડોદરા શહેરની શાખાઓ પૈકી તરસાલી, માંજલપુર–ઈન્દ્રપુરી, રેષકોર્ષ ખાતે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય દિન નિમિત્તે આજના સમયમાં શ્રી વલ્લભનો વિચાર માત્ર પુષ્ટિ સંપ્રદાય માટે જ નહીં પરંતુ સમગ્ર માનવજાત માટે ખુબ જ ઉપયોગી છે તે યોજાયેલા સંમેલનમાં પરિષદના હોદ્દેદારોએ તેમજ સંપ્રદાયના મહાનુભાવોએ પોતાના પ્રવચનોમાં જણાવેલ હતુ. પરિષદના નેજા હેઠળ શ્રી વલ્લભના વિચારના પ્રસાર માટે સંગઠીત અને કટીબદ્ધ થવું જોઈએ.

સ્ટીકર્સ દ્વારા પ્રભુનામ સ્મરણ અભિયાન

પરિષદ દ્વારા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય દિન નિમિત્તે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ આપેલ અષ્ટાક્ષર મંત્ર 'શ્રી કૃષ્ણઃ શરણં મમઃ' ના સ્ટીકર્સ વડોદરા–અમદાવાદ પંચમહાલ શહેર અને જીલ્લાના ૧૪૦ કેન્દ્રો પર લગાવવાના નૂતન અભિગમનો ખૂબ જ ઉત્સાહ અને આવકાર મળેલ છે. તેમ સંસ્થાના સંગઠન મંત્રીશ્રી જણાવે છે.

આનંદ સ્વરૂપની આનંદમયી અને ઉત્સાહભેર ઉજવણી

પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યના પ૨૧ મા પ્રાગટય દિન આનંદ અને ઉત્સાહથી ઉજવાયો.

[૧] રાજકોટ વૈષ્ણવ સમાજ

રાજકોટ વૈષ્ણવ સમાજ દ્વારા પ્રતિવર્ષ મુજબ આનંદ સ્વરૂપ શ્રીમદ્ વલ્લભાચાર્યના પ૨૧ મો પ્રાગટય દિન અતિ આનંદ અને ઉત્સાહથી ઉજવાયો. આપશ્રીના ચિત્રજી સુખપાલમાં પધરાવી શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીથી શહેરમાં મુખ્ય માર્ગો પર શહેરની કિર્તન મંડલીઓ– મોટી મંડળી– નાની મંડળી– કેસરીયા સત્સંગ મંડળ– રાજકોટમાં ચાલતી પાઠશાળાઓના બાળકો– બાલિકાઓ– પરિષદ શાખાઓના હોદ્દેદારો તથા વૈષ્ણવોના મોટા સમુદાય સાથે પૂ.પા. ગો. શ્રી.અનીરૂદ્ધબાવાશ્રીના સાનિધ્યમાં વરણાગી કાઢવામાં આવેલ અને છેલ્લે સાત સ્વરૂપની હવેલીમાં સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં પૂ.પા.ગો. શ્રી પુરૂષોત્તમલાલજી (પંકજ બાવાશ્રી) પૂ.પા.ગો.શ્રી ગોપીકાલંકારજી બાવાશ્રી તથા પૂ.પા.ગો.શ્રી.બાવાશ્રીઓએ વચનામૃત કરેલ હતા.

[૨] શ્રી વલ્લભ વિઠ્ઠલ વૈષ્ણવ મંડળ

પ્રતિવર્ષ મુજબ સંસ્થાએ શ્રી મહાપ્રભુજીના પ્રાગટય દિનની ઉજવણી કરેલ. પૂ.પા.ગો.શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને પ્રાગટય દિને કિર્તન–વધાઈ તથા વચનામૃતનું આયોજન કરવામાં આવેલ. વૈષ્ણવોએ ખુબ જ આનંદથી ઉત્સવ માણ્યો. આ વર્ષે વિશિષ્ટતા એ હતી કે પ્રાગટય દિનના આગળના પાંચ દિવસથી સાંપ્રદાયિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં પાઠશાળાના બાળકોએ પણ ભાગ લીધેલ હતો. તેમજ આ ઉત્સવના દિવસોએ વચનામૃત કરવામાં આવેલ. આપશ્રીના નિવાસસ્થાને વચનામૃત બાદ કેસર સ્નાન થયેલ.

[૩] જામનગર વૈષ્ણવ સમાજ

પૂ.પા.ગો.શ્રી હરિરાયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રીમદ્ વલ્લભાચાર્યના પ્રાગટય દિનની ઉજવણી માટે ત્રણ દિવસનું સુંદર આયોજન કરવામાં આવેલ. આ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. અને પ્રાગટયના દિવસે શ્રીમદ્ વલ્લભાચાર્યના ચિત્રજી સુખપાલમાં પધરાવી શોભાયાત્રા કાઢવામાં આવેલ હતી. અને ધર્મસભાનું પણ આયોજન કરવામાં આવેલ. તેમાં પૂ.પા.ગો.શ્રી વૃજેશબાવાશ્રી રાજકોટ તથા પૂ.પા.ગો. શ્રી વલ્લભબાવાશ્રી, પૂ.પા.ગો.શ્રીમુકુટબાવાશ્રીએ વચનામૃત કરેલ અને સ્વામીનારાયણ સંપ્રદાયના સંતશ્રી ચત્રભુજદાસજીએ પણ પ્રવચન કરેલ. આ ઉત્સવના દિવસોમાં વધાઈ–કિર્તન કરવામાં આવેલ. વૈષ્ણવ સમાજના હોદ્દેદારોએ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. શ્રીમદ્ વલ્લભાચાર્યના જયઘોષ ગાઈ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

[૪] વૈષ્ણવ સમાજ મોરબી

શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ૫૨૧મી જન્મજયંતિ દિને પૂ.પા.ગો.શ્રી વૃજભૂષણલાલજીના લાલ પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજીની અધ્યક્ષતામાં અને તેમની આજ્ઞાનુસાર સુંદર કાર્યક્રમોનું આયોજન શહેરના વૈષ્ણવ સમાજે કર્યુ હતુ. આપશ્રીના ચિત્રજીને પધરાવી વાજતે–ગાજતે, કિર્તન મંડળીઓ સહિત વરણાગી કાઢવામાં આવેલ. અને શોભાયાત્રાના અંતે સભા રાખવામાં આવેલ. ઉત્સવમાં વૈષ્ણવ સમાજ ખુબ જ આનંદથી જોડાયા હતા અને વૈષ્ણવ સમાજના હોદ્દેદારોએ તેમજ અગ્રણી વૈષ્ણવોએ કાર્યક્રમનું સુંદર આયોજન કરેલ.

[૫] વૈષ્ણવ સમાજ મડગાંવ (ગોવા)

શ્રી મહાપ્રભુજીનો પ્રાગટય દિનનો ઉત્સવ ખુબ જ આનંદથી મનાવવામાં આવેલ. ઉત્સવના દિને સર્વોત્તમ સ્તોત્રના પાઠ–કિર્તન–વધાઈનું આયોજન કરવામાં આવેલ અને બેન્ડવાજા સહિત શોભાયાત્રા કાઢવામાં આવેલ હતી. ઉત્સવની ઉજવણી શ્રીમહાપ્રભુજીની બેઠક લોહગઢ ઉપર કરવામાં આવેલ. આ બેઠકજીનું જીર્ણોદ્ધારનું કાર્ય પણ ચાલુ છે. આ બેઠકજી પૂ.પા.ગો.શ્રી લાલમણીજી–પ્રથમેશજીના માથે બિરાજે છે.

માહિતી પ્રાપ્ત કરવાનું સરનામુ :

અમૃતલાલ દોશી, કાપડ બજાર, પો.બો. નં.૨૪, મડગાંવ (ગોવા) ૪૦૩૬૦૧ ફોન ઓ.૦૮૩૪–૭૩૨૭૧૯ ઘર.૦૮૩૪–૭૨૨૧૮૯.
અજીતભાઈ મજેઠીયા, દામોદર ગેસ સર્વિસ, રેલ્વે સ્ટેશન પાસે, મડગાંવ (ગોવા) ૪૦૩૬૦૧ ફોન ઓ.૦૮૩૪–૭૨૨૮૪૪ ઘર.૦૮૩૪–૬૫૦૫૫૨

શ્રી પુરૂષોત્તમજી

લેખક : રા. જમનાદાસ લલ્લુભાઈ શાહ, વ્યવસ્થાપક 'શ્રી શુદ્ધાદ્વૈત પુસ્તકાલય' મુંબઈ.

આવિર્ભાવ તિરોભાવ પામતા આ સત્ય જગત્‌માં ***"અહં બીજ પ્રદઃ પિતા"*** પરમાત્મા કહે છે કે સર્વ યોનિમાં જે શરીરો ઉત્પન્ન થાય છે, તેની માતા મહદ્ બ્રહ્મ અને બીજ દાતા હું છું. એટલે પરમાત્માની પ્રસન્નતામાં આવે ત્યારે એ, એની ઈચ્છામાં આવે તેવા જીવો ઉત્પન્ન કરે છે, કારણ જેટલા જગતમાં થઈ ગયા, થાય છે, તે બધા જીવો બીજરૂપે પ્રભુમાં રહેલા છે.

"એકો હં બહુ સ્યામ્" એવી ઈચ્છા ઉદ્‌ભવતાની સાથે જે જીવો ઉત્પન્ન થાય છે તે પ્રવાહી થયા, તેઓ જ્ઞાનસાધનથી શૂન્ય રહ્યા. પરમાત્માએ વાણીથી વેદમાર્ગ નિર્માણ કર્યો અને પોતાના શરીરથી પુષ્ટિમાર્ગ નિર્માણ કર્યો.

પ્રવાહી જીવો પેદા થયા તેઓ યથેચ્છાએ વર્તનારા સ્વેચ્છાચારી થયા. તેવા જીવોની ગતિ ગીતાજીમાં કહ્યા પ્રમાણે ***"સંસારેષુ નરાધમાન્"*** એ સંસારમાં નરાધમોને હું આસુરી યોનિમાં ફેંક્યા કરુ છું. આસુરી યોનિમાં પડેલા તેઓ જન્મોજન્મમાં મોહ પામીને, મને ન પામીને પાછા તેથી પણ અધમ ગતિને પામે છે.

વેદમાર્ગને અનુસરનારા જીવો ઉત્પન્ન થયા તેઓ ઈશ્વર સત્ય છે, ત્રિકાલા–બાધિત છે, ગુણાતીત છે, સર્વ સમર્થ છે, માટે તેને પ્રસન્ન કરવા જોઈએ એમ માને છે. પણ તે જીવો આ લોકનાં વિવિધ સુખ જોઈ, વેદમાર્ગ જે ઈશ્વર પ્રાપ્ત કરવાને માટે જ છે, તેને ન સમજીને કામ્ય કર્મ કરવાથી તેવાઓની ગતિ ગીતાજીમાં કહ્યા પ્રમાણે ***" એવં ત્રયી ધર્મમનુપ્રપન્ના ગતાગતં કામકામા લભન્તે"*** ત્રણ વેદને અનુસરનારાઓ કામની કામનાવાળા ગતાગતને પામે છે. એટલે વારંવાર સ્વર્ગમાં આવવું જવું એ ફળ મેળવે છે.

પ્રવાહી જીવો વારંવાર નરકમાં જાય અને આવે, અને આ જીવો સ્વર્ગમાં જાય અને મૃત્યુલોકમાં આવે. પોતાના આનંદને માટે પોતાનામાંથી આ સત્ય જગત્‌ને ઉત્પન્ન કરનાર સર્વ સમર્થ પ્રભુએ પોતાના શ્રીઅંગથી

પુષ્ટિજીવો ઉત્પન્ન કર્યા, તે જીવોનો એક જ સિદ્ધાંત કે તેઓ પ્રભુને માટે જ આ જગત્‌માં આવ્યા છે, આ સર્વ પ્રભુનું છે, અને તેમની સેવા કરવી જોઈએ, જે ભગવાને સ્વમુખે ગીતાજીમાં અર્જુનને કહેલું છે કે **"મન્મના ભવ મદ્‌ભક્તાં મદ્યાજી માં નમસ્કુરુ "**મારે વિશે મન રાખનાર થા, મારો ભક્ત થા, મારૂ ભજન કર, મને નમન કર.

આમ આ ભગવદ્‌રૂપ જગત્‌માં ભગવાનના ત્રણ અંશરૂપ ત્રણ પ્રકારના જીવોની સ્થિતિ હતી. પણ પાંચ હજાર વર્ષ પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીના સ્વધામમાં પધાર્યા પછી, કલિયુગ આવ્યો, તેમાં બૌદ્ધોના હુમલાઓ અને વેદવિરુદ્ધ મતો જેવા કે પ્રચ્છન્ન બૌદ્ધવાદ, જગત્‌મિથ્યાત્વવાદ, કે જે જગતને **"તત્સત્યમ્ ઈતિ આચક્ષતે"** ઈત્યાદિ અનેક શ્રુતિમાં બ્રહ્મરૂપ બ્રહ્મથી અભિન્ન કહી સત્ય બતાવ્યુ છે, છતાં સ્વાજ્ઞાન કલ્પિત માયા એ વધારાના શબ્દો ઉમેરી જગતને માયિક, અવિદ્યાથી કલ્પિત કરી અસત્ય ઠરાવનારા, કે જેને ગીતાજીના ૧૬મા અધ્યાયમાં (જગતને અસત્ય કહેનારને) આસુર કહેલા છે, તેવાઓના મિથ્યાવાદોથી, ઋષિમહર્ષિઓના ઉપનિષદોમાંનો સનાતન બ્રહ્મવાદ કલુષિત થયો હતો અને પુષ્ટિજીવો પણ દુષ્ટ સંગથી હું પ્રભુનો દાસ છું, સેવા કરવી એ જ મારો ધર્મ છે, વગેરે ભૂલી ગયા. એટલે તેવા જીવોનો ઉદ્ધાર કરવાને, સનાતન, શુદ્ધાદ્વૈત–બ્રહ્મવાદની સ્થાપના કરવાને અને નિર્ગુણ ભક્તિમાર્ગ પ્રવર્તવવાને, આચાર્ય ચક્રચુડામણિ જગદ્‌ગુરૂ વૈશ્વાનરાવતાર શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનું આ ભૂતલ પર પધારવું થયુ. તેઓશ્રીના દ્વિતીય પુત્ર શ્રીમદ્ ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજીના પરમ પવિત્ર વંશમાં દશદિગન્તવિજયી નવલક્ષ શ્લોક સાહિત્ય રચનાર શ્રીપુરૂષોત્તમજીનું પ્રાગટય સંવત્ ૧૭૨૪ ભાદરવા સુદ ૧૧ ના દિવસે થયુ હતું.

શ્રીપુરૂષોત્તમજીએ પોતાનો સમય મોજશોખમાં નહિ ગુમાવતા, વિદ્યાપ્રાપ્તિ માટે બહુ ભારે શ્રમ લીધેલો છે. ઉપનિષદો પરના ભાષ્યો, વ્યાસસૂત્રો પરના ભાષ્યો અને પૂર્વમીમાંસા વગેરેનો બહુ સારી રીતે અભ્યાસ કર્યો હતો.

શ્રીપુરૂષોત્તમજીએ સંપ્રદાયના રક્ષણ માટે સાહિત્યરૂપી એવો કિલ્લો ચણ્યો છે કે જે ઉપર અન્યધર્મીનો મારો કોઈપણ રીતે અસર કરે જ નહિ. તેમણે માત્ર શ્રીમહાપ્રભુજી અને શ્રીગુંસાઈજીના ગ્રંથો પર ટીકા કરી છે,

એટલું જ નહિં પરંતુ જેમાં માયાવાદની ભ્રાંતિ થાય તેવા માંડુક્ય અને નૃસિંહતાપનીયોપનિષદ્ પણ અન્ય ઉપનિષદોની માફક કેવલ શુદ્ધ સનાતન બ્રહ્મવાદનું પ્રતિપાદન કરે છે, એમ પોતાની દીપિકાઓ દ્વારા સિદ્ધ કર્યુ છે.

શ્રીપુરૂષોત્તમજી સર્વ શાસ્ત્રોમાં નિપુણ હોવાથી અને વાદક્ષેત્રને વિશે શૂરવીર હોવાથી એ સર્વ વાદીઓનો સહેલાઈથી પરાજય કરતાં વાદને અંતે વાદને વિશે જે જે વિષયો પર વાદ ચાલ્યો હોય અને તેમાં જે જે દાખલા દલીલો ઉપર આધાર રાખવામાં આવ્યો હોય તે બધાની સંપૂર્ણ નોંધ લેતા. એવી રીતે એમણે વાદના ચોવીસ ગ્રંથો રચયા છે. તેમનો છેલ્લામાં છેલ્લો શાસ્ત્રાર્થ અપ્પયદીક્ષિતના ભત્રિજા અપ્પયદિક્ષીત જોડે થયેલો હતો એમ સંભળાય છે.

અપ્પયદિક્ષીતે શિવતત્ત્વમાં કરેલા આક્ષેપોનો જવાબ તે સમયના રામાનુજ વિદ્વાનોએ વેદાન્ત કૌસ્તુભ અને સિદ્ધાન્તરત્નાવલી મધ્વોએ શૈવ વિધ્વંસ, જયગોપાલ ભટ્ટ મઠપતિએ દુર્મુખધ્વંસ અને શ્રીપુરૂષોત્તમજીએ પ્રહસ્તવાદ વિગેરે ગ્રંથો દ્વારા આપેલો છે. પ્રહસ્તવાદમાં શિવતત્ત્વવિવેકના પ્રત્યેક પ્રકરણ, શ્લોક તથા ટીકામાં આવેલા પ્રમાણોની સમીક્ષા શાસ્ત્રીય પદ્ધતિ અનુસરીને કરવામાં આવી છે. અપ્પયે જ્યાં વેદાન્ત દર્શનનાં અધિકરણો ટાંક્યા છે, તેનો વિચાર વેદાંતની જ યુક્તિઓ અને પ્રમાણ દ્વારા તથા પૂર્વમીમાંસાના અધિકરણનો વિચાર પૂર્વમીમાંસાથી તેમજ પુરાણોના વાક્યોનો સમન્વય પુરાણોથી જ કર્યો છે.

શ્રીપુરૂષોત્તમજીએ ટીકા તેમજ સ્વતંત્ર ગ્રંથો ૧૦૦ થી વધુ મળી નવલક્ષ શ્લોક ઉપરાંત સાહિત્ય રચેલુ છે. તેમણે વિપંથે ચડેલા વિતંડાવાદીઓને ઠેકાણે આણ્યા છે. ચારે વૈષ્ણવ સંપ્રદાયના દ્રોહીઓને પડકાર્યા છે અને શુદ્ધાદ્વૈત સંપ્રદાયનું રક્ષણ કરેલું છે.

સર્વ સંપ્રદાયોના સાહિત્યના અને વેદ, વેદાંત દર્શન, ન્યાયશાસ્ત્રના અદ્વિતીય વિદ્વાન, શ્રીપુરૂષોત્તમજીના પાંડિત્યની પ્રશંસા કરતા મહાગુજરાતના સાક્ષર શ્રીયુત્ નર્મદાશંકર મહેતા (બી.એ.) "હિંદના તત્ત્વજ્ઞાનના ઈતિહાસ" ના ભાગ ૨ ના પુષ્ઠ ૨૯૦ માં નીચે પ્રમાણે લખે છે.

“શ્રીમદ્ વલ્લભાચાર્યથી સાતમા આચાર્ય પુરૂષોત્તમ મહારાજના ગ્રંથો જોતા મને સમજાય છે કે ઈ.સ. ૧૭૮૮ ના અરસામાં આ મહાપુરૂષે તત્ત્વદર્શનમાં ઘણા સૂક્ષ્મ વિચારો પ્રગટ કર્યા છે. તેમની આ કૃતિનું ચિત્ર પ્રસ્થાન રત્નાકરના મુખપૃષ્ઠ પર આપ્યું છે. તે પ્રતિ દષ્ટિ નાખતાં જ સમજાય છે કે તેમનું ભવ્ય કપાળ ઝીણા વિચારોની તરવરતી છાયાવાળુ છે. તેમનાં વિશાલ નેત્રો પ્રતિવાદીના આક્ષેપોનો મોટા મનથી સ્વિકાર કરતા હોય તેવા જણાય છે. તેમની ઝીણી અગ્રવાળી નાસિકા તે આક્ષેપોને ઝીણવટથી ઉડાડવાની શક્તિ દર્શાવે છે. તેમની સુંદર ઘાટીલી ચિબુક તેમની અપૂર્વ દઢતા અને નિશ્ચયબળને જણાવે છે અને તેમના હાથની જ્ઞાનમુદ્રા વ્યાખ્યાકૌશલ સ્પષ્ટ જણાવે છે.”

દરેક વૈષ્ણવોનું કર્તવ્ય આવા મહાન આચાર્યશ્રીના ગ્રંથોનો અભ્યાસ કરી શુદ્ધાદ્વૈત –બ્રહ્મવાદ અને પુષ્ટિનિર્ગુણ ભક્તિ સમજવાનું હોવું જોઈએ.

[શુદ્ધાદ્વૈત વર્ષ ૧૩ સં.૧૯૯૪ ભાદ્રપદ અંક ૮ માંથી સાભાર]

◎ ◎ ◎

પૃષ્ઠ પ્રકાશન સહાયક

રૂ. ૫૧/– પ.ભ. ઈન્દુબેન શેઠ, વાપી ના જય શ્રીકૃષ્ણ

અનુકરણીય

આજીવન સભ્ય શ્રી હસમુખભાઈ દામોદરદાસ હિંડોચા, વાપી તરફથી રૂ.૫૧/– મળેલ છે તે અનુકરણીય છે.

સેવાભાવી પ્રતિનિધિ

શ્રી કૃષ્ણકાન્ત એન મહેતા, ગોવર્ધન હવેલી,
૬૦/૬૧ ઉર્મી સોસાયટી, પ્રોડકટીવ રોડ,
અકોટા. વડોદરા–૩૯૦૦૨૦.

૬૧. પ્રભુ પર અનન્ય વિશ્વાસ.

જો આપણે કર્તાપણું રાખીએ, તો પ્રભુ કહે છે કે, હું કર્તા ક્યાં ગયો ? કર્તા તો હું છું. તારું જીવનું શું ગજું ? તું શું કરે ! તું તો એ મગતરુ છે. કર્તા હું છું. મારી આજ્ઞા વિના કંઈ બનતું જ નથી. તું તો મારી સેવાને મારા ભજન વિના એક પા પળ રહીશ તો બહિર્મુખ થઈ જઈશ, માટે તારે તો કંઈ ચિંતા કરવી નહિં. તારું ભલુ ભુંડુ મારા હાથમાં છે. તારે તો એક વિશ્વાસનું કામ છે કે, જે પ્રભુ કરશે તે મારૂં તો ઉત્તમ જ કરશે, એટલો જ્યારે તને મારા પર વિશ્વાસ આવશે, ત્યારે તારું સર્વે ભલું જ થશે. વિશ્વાસ હોય ત્યાં જ વિશ્વંભર છે. એક મારો વિશ્વાસ કર. એટલે મારે જે કરવું હશે તે કરીશ. તું સુખે સૂઈ રહેજે પણ વિશ્વાસનું કામ છે.

૬૨. શ્રીગુંસાઈજી મહાદયાળ છે.

"પરમ કૃપાળ શ્રીવલ્લભનંદન, કરત કૃપા નિજ હાથ દે માથે" શ્રીગુંસાઈજી કેવા છે ? પરમ કૃપાળ છે. જે જન શરણે આવે તે એઓશ્રીની આજ્ઞા પ્રમાણે ચાલે તો શ્રીગુંસાઈજી પ્રસન્ન થાય. સેવા કરવાનું અભિમાન જોઈએ. અલ્યા, તારે માથે શ્રીકૃષ્ણ બિરાજે છે અને તું ભાઈનો, બાપનો, સ્ત્રીનો, પુત્રનો ને ઘરનો થાઉ ? આ સર્વેના મટીને પોતાના પ્રભુના થઈએ, પ્રભુ શું ઓછા છે ? પ્રભુ સૌથી મોટા છે, માટે પ્રભુ સિવાય બીજા કોઈનો આશરો ન રાખવો, એક પ્રભુનો આશરો રાખવો, પ્રભુ વિના કોઈ છે નહિ.

ત્રિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ.ભ. સોની ચુનીલાલ ડાયાલાલ રાજકોટના જય શ્રીકૃષ્ણ.

અનુકરણીય

પ.ભ. સોની ચુનીલાલ ખુશાલભાઈ હ. શ્રી રસિકલાલ ચુનીલાલ રાણપરા રાજકોટ આ. નં. ૯૩ તરફથી વિશેષ લવાજમના રૂ.૫૦૦/– આવેલ છે જે અનુકરણીય પગલું ભર્યુ છે. તે બદલ ધન્યવાદ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

અનન્યતા (ગરબી)

હરિને ભજે વળી અન્ય આરાધે,
તે અનન્ય ભક્ત ન કહાવે રે;
અંતે તો સહાય શ્રીકૃષ્ણ કરે પણ,
આગળથી અથડાવે રે.
ભજતાં ગોવિંદ કોઈ નવ રહે બાકી રે,
મૂળનું પાણી સઘળુ પહોંચે રે;
શાખા છાંટે તરુ તૃપ્તિ ના પામે રે,
શ્રમ પહોંચે સમજે ત્યારે શોચે રે.
ઘેર ગોવિંદ નંદે અંબા આરાધ્યાં રે,
અજગંરે ગળીઆ પીડા પામ્યા રે;
પરિણામે છૂટયાં જ્યારે પ્રભુએ છોડાવ્યા,
દેવીથી દુ:ખ નવ વામ્યા રે.
અભયાનો આશ્રય કીધો અંબરીષભક્તે,
દુર્વાસા દ્વારા દુ:ખ દીઠું રે;
રક્ષણ સુદર્શનરૂપે કૃષ્ણે કર્યુ,
પણ ક્ષુધા કષ્ટ વર્ષ એક વેઠયું રે.
પાંડવના ઘરમાં પ્રકટ પ્રભુ વસ્યા પણ,
શિવાદિકને સેવ્યાની શ્રદ્ધા મનમાં રે;
કુંતા સંબંધે કેશવ કષ્ટે ધાયા,
વિવિધની પીડા પામ્યા વનમાં રે.
એવા ઈતિહાસ ઘણા સ્વલ્પમાં સમજો રે,
અન્યાશ્રય કીધે એવું થાય રે;
બહુ ઘરનો પરોણો જેમ ભૂખે મરે,
પણ ઓળંભો કોઈને ના દેવાય રે.
એક આસક્તિ વિના ચિત્ત ના ચોરાય રે,
સંશય ત્યાં લગી સિદ્ધિ શાની રે;
કૃષ્ણનો અંશ 'દયો' કૃષ્ણને સેવે,
બેના બાલકને આશા બેની રે.

—ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ્ સેટીંગ : મેનેરા કોમ્પ્યુસ્કેચ રાજકોટ. ફોન : ૨૯૨૨૯૮.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

વર્ષ : ૧૭
અંક : ૪

શ્રીવલ્લભસુધા

શ્રી વલ્લભાબ્દ ૫૨૧
જુલાઈ. ૧૯૯૮

વચનસુધા

"આચાર્યના અને ભગવાનના બે સ્વરૂપ છે. એક દૈવોદ્ધારક અને બીજું સર્વોદ્ધારક. આ સર્વોદ્ધારક સ્વરૂપ તેમની વિશેષતા છે, તેમાં નિયમાદિ ભંગ નથી તેમના સામર્થ્યનું બોધક કાર્ય છે.

જેમ મસાણમાં ચિતા ઉપર રોટલા શેકી ખાતા વૈષ્ણવની સદ્‌ગતિ કરી તેનો એ અર્થ થાય નહીં કે બધા લોકો મસાણમાં રોટલા શેકી ખાય. આવા લોકોના ઉચ્છિષ્ટથી કોઈનો કોઢ મટશે નહીં. પણ (ઉલટાનું) તેની (કોઢ) થવાની શક્યતા છે. આમ પાપનું અનુસરણ પણ ન થાય.

અને આવા દાખલાઓ અપવાદે બને છે, તેના થકી એટલું જ સૂચન મળે છે કે, આવા હીન જીવોનો ઉદ્ધાર પણ થાય છે. આત્મામાં તાપ થાય અને એવી ભાવના આવે કે આચાર્ય આ પતિત દશામાં પણ (મને) યાદ કરે છે ? જો આવો તાપ ન થાય તે તેના ઉદ્ધારની વાત પણ ઉપસ્થિત થતી નથી. અજામિલના દાખલામાં પણ આવી જ વાત છે.

(નિ.લી.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી) ના વચનામૃત. શ્રી પ્રથમેશ વાક્‌સુધા–૧ પૃષ્ઠ ૨૦૯.)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દૃઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

અષાડ વદ ૨ તા. ૧૧–૭–૯૮ શનિવાર: હિંડોળા આરંભ

અષાડ વદ ૪ તા. ૧૩–૭–૯૮ સોમવાર : શ્રી ગોકુલનાથજી(ગોકુલ) અને શ્રી ગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ. અહીં આજથી હિંડોળા પ્રારંભ. ગો.ચિ. શ્રી શરદકુમારજી (કોટા–કડી–અમદાવાદ), ગો.ચિ. શ્રી ગોપેશ્વરજી (સુરત) અને ગો. ચિ. શ્રી મુરલીધરલાલજી (વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૧૪–૭–૯૮ મંગળવાર : ગો.ચિ. શ્રી દેવકીનંદનજી(બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ) તથા ગો.શ્રી દામોદરલાલજી મહારાજ (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૧૫–૭–૯૮ બુધવાર : ગો.ચિ. શ્રી ચંદ્રગોપાલજી (માંડવી–ગોકુળ)નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૧૭–૭–૯૮ શુક્રવાર : નવમી ક્ષયા તિથિ છે તેથી ગો.શ્રી કન્હૈયાલાલજી બાવાશ્રી (ગોકુલ–કામવન–વિરમગામ)નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૧૮–૭–૯૮ શનિવાર : શ્રી જન્માષ્ટમીની વધાઈનો પ્રારંભ. શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૧૯–૭–૯૮ રવિવાર : કામિકા એકાદશી વ્રત. કુંજમા હિંડોળા, ગો. શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ (સુરત) તથા ગો. શ્રી વજેન્દ્રકુમારજી બાવાશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જુનાગઢ) નો જન્મદિન.

અષાડ વદ ૧૩ તા. ૨૧–૭–૯૮ મંગળવાર : ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ (શ્રી નાથદ્વારા દ્વિતીયગૃહ) નો જન્મદિન.

અષાડ વદ ૧૪ તા. ૨૨–૭–૯૮ બુધવાર : ગો. શ્રી શરદકુમારજી મહારાજ (મુંબઈ–વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

અષાડ વદ ૩૦ તા. ૨૩–૭–૯૮ ગુરૂવાર : હરિયાળી અમાસ, દીપપુજા, દિવાસો. ગો. શ્રી હિરણ્યગર્ભજી (મુંબઈ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧ તા. ૨૪–૭–૯૮ શુક્રવાર : ગો.ચિ.શ્રી રાજીવલોચનજી (મુંબઈ–ધોરાજી)નો તથા ગો.ચિ. શ્રીમનમોહનજી (મુંબઈ–મદ્રાસ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૨૫–૭–૯૮ શનિવાર : ગો.ચિ. શ્રીમધુસુદનલાલજી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો તથા ગો.ચિ. શ્રીરસિકરાયજી (ચાંપાનેસી–જામનગર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૨૬–૭–૯૮ રવિવાર : ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા તૃતીયા, ગો.ચિ. શ્રી લાડીલેશજી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૨૮–૭–૯૮ મંગળવાર : નાગપંચમી, શ્રીનાથજીની ઉર્ધ્વભુજા (ડાબી ભુજા)ના દર્શન (સં.૧૪૬૫)

શ્રાવણ સુદ ૭ તા. ૩૦–૭–૯૮ ગુરૂવાર : ગો.શ્રી ત્રિલોકીભૂષણજી મહારાજ (કોટા–કડી–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૨–૮–૯૮ રવિવાર : બગીચા નોમ. નિ.લી.ગો. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજ કૃત સાતસ્વરૂપ પાટોત્સવ. ગો.ચિ. શ્રી પ્રભુજી બાવાશ્રી (કોટા–મુંબઈ–જતિપુરા)નો જન્મદિન.

–અનુસંધાન પેજ ૩ ઉપર

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૪ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ જુલાઈ, ૧૯૯૮

||શ્રી હરિઃ ||

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

ચોથો અપરાધ : *"સ્નાન કરી કે આચમન (કુલ્લા-કોગળા) શીતલ જલતેં કરે"* નહાવામાં ગરમ પાણીનો ઉપયોગ થાય પણ ગરમ પાણીથી કોગળા કરવાનો નિષેધ દર્શાવ્યો છે.

પાંચમો અપરાધ : *"મંદિર લીંપે બીના શ્રી ઠાકોરજી જગાવે નહી"* સેવામાં પ્રવૃત્ત થતાં જ બુહારી સોહની કરવાનું સર્વ પ્રથમ દર્શાવ્યુ હવે ખાસા સેવામાં આવતાં જ જો ગાર માટીની જમીન હોય તો લીંપવી જોઈએ અથવા આરસ અથવા લાદીની જમીનને ભીના વસ્ત્રથી પોંછવી જોઈએ. ત્યારબાદ શ્રી ઠાકોરજીને જગાવવા.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ – શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃત્તિ

ભાષાંતર– પ.ભ. શ્રી બાબુભાઈ પી.નાયક, કડી

ગતાંકથી ચાલુ : હવે શ્રીમહાપ્રભુજી અઢારમા અને ઓગણીસમા પ્રકારના પૂર્ણ ભગવદીય વક્તાના ભાવનું નિરૂપણ કરે છે.

શ્લોક : એતાદશાઃ સ્વતંત્રાશ્ચેત્ સિન્ધવ : પરિકીર્તિતાઃ ।
પૂર્ણા ભગવદીયા યે શેષ વ્યાસાગ્નિમારૂતાઃ ॥ ૧૪ ॥
જડનારદમૈત્રાદ્યાસ્તે સમુદ્રાઃ પ્રકીર્તિતા : ॥ ૧૪ $^1/_2$ ॥

શબ્દાર્થ : એતાદશાઃ–ઉપર કહ્યા તેવા, સ્વતંત્રાઃ–(ગુણદોષ ન લાગે તેવા) સ્વતંત્ર, ચેત્–જો હોય તો, સિંધવઃ–મહાનદી જેવા, પરિકીર્તિતાઃ–કહેલા છે, પૂર્ણાઃ–પૂર્ણ, ભગવદીયાઃ–ભગવદીયો, યે–જેઓ, શેષ–શેષજી, વ્યાસ–વ્યાસજી, અગ્નિ–અગ્નિ, મારૂતાઃ–વાયુ, જડ–જડભરતજી, નારદ–નારદજી, મૈત્રેય–મૈત્રેયજી, તે–તેઓ, સમુદ્રાઃ–સમુદ્રો, પ્રકીર્તિતાઃ–કહેલા છે (૧૪ $^1/_2$)

શ્લોકાર્થ : ઉપર કહ્યા તેવા અનેક જન્મોથી સિદ્ધ કરેલા (ભગવદ્ ભાવવાળા) સ્વતંત્ર ભાવવાળા વક્તા મહાનદી જેવા કહ્યા છે. શેષજી, વ્યાસજી, અગ્નિ, વાયુ, જડભરત, નારદજી, મૈત્રેય વગેરે જે પૂર્ણ ભગવદીયો છે તેમના ભાવને સમુદ્રના જળ જેવા ભાવવાળા કહ્યા છે.

વિવરણ : ઉપર કહ્યા તેવા મહાનદીના જેવા ભાવવાળા અઢારમા પ્રકારના વક્તાના ભાવનું નિરૂપણ શ્રી કલ્યાણરાયજી કરે છે. જેઓ જન્મથી સિદ્ધ થયેલા એટલે કે સંગાદિથી જેમનામાં ગુણ–દોષની વધઘટ થતી નથી તેવા સ્વતંત્ર અને ઉપાધિ વિનાના વક્તા હોય તેઓનો ભાવ મોટી નદી જેવો હોય કે જે પોતાની મેળે સમુદ્રમાં મળી જનારી હોય. અહીં 'સિન્ધુ' પદ વાપર્યુ છે. 'સિન્ધુ' એ નદ અથવા મહાનદી કહેવાય છે. જેમ મહાનદીના જળમાં પ્રવેશ કરેલ પદાર્થ તે જળના પ્રવાહની સાથે સમુદ્રમાં પ્રવેશે છે તેમ સ્વતંત્ર ભક્તિભાવને અનુસરનારા ભક્તો દયાના સાગર એવા પ્રભુમાં સીધા જ પ્રવેશ કરે છે. મહાનદીના જળની જેમ તેમના ભાવ પણ સર્વ પ્રકારની શુદ્ધિ કરવાના હેતુરૂપ હોય છે. અથવા થાય છે. (આ અઢારમા પ્રકારના ભગવદીયોનો ભાવ છે.)

જે ભગવદીયો ભક્તિથી, સેવાથી પૂર્ણ છે, જેમના ભગવદીયપણાથી સર્વ પુરૂષાર્થો સિદ્ધ થયેલા છે, જેઓ કેવળ ભગવાનને માટે જ આત્મા વગેરેની ઈચ્છા રાખે છે, જેઓ પોતાના આત્મા માટે જ સેવા વગેરે નથી કરતા, તેવાઓનો ભાવ રત્નાકર સમુદ્રના જળ જેવો કહેવામાં આવે છે. અહીં 'ભગવદીય' શબ્દ કહેલો છે. તેનો

અર્થ એવો સમજવો કે આવા ભગવદીયમાં ભગવાનમાં રહેલા છ ગુણો રહેલા છે. પુરાણોમાં પણ આ વાત સિદ્ધ થયેલી છે. 'વચસ્પતિ' શબ્દ જેમ પ્રસિદ્ધ છે. તેવો જ 'ભગવદીય' શબ્દ જાણવો.

હવે પ્રસિદ્ધ ભગવદીયોની નામાવલી કહે છે– શેષજી, વ્યાસજી, અગ્નિ, વાયુ (હનુમાનજી), જડભરત, નારદ અને મૈત્રેય વગેરે પૂર્ણ ભગવદીયો છે. શેષજી ભગવદ્ પરાયણ થઈને (ક્ષીરસાગરમાં) ભગવાનની શૈયારૂપ થઈને વિભૂતિરૂપે ભગવાન નારાયણની સેવા કરે છે. (ગીતામાં કહેલું છે કે) સર્વ નાગોમાં 'અનંત' નાગ છે તે મારૂ (ભગવાનનું) સ્વરૂપ છે.

વ્યાસજી ભગવાનનો કલાવતાર છે. તેઓ સદા ભગવદ્ ધર્મનું નિરૂપણ કરવા તત્પર રહે છે. તેમને પ્રથમ અંતઃકરણમાં અસંતોષ હતો. તે પૂર્ણ ભગવદ્ ધર્મ નિરૂપણ કરવાથી થયો અને તેમનો આત્મા પ્રસન્ન થયો. અગ્નિ સ્વયં ભગવાનનું મુખસ્વરૂપ છે. (તેથી શ્રીમહાપ્રભુજી) તેઓ સર્વાંશે સર્વસ્વરૂપે સ્વયં શ્રીકૃષ્ણ જ છે. વાયુરૂપ હનુમાનજી છે તેઓ શ્રીરઘુનાથજીના ગુણગાન ગાવામાં જ તત્પર છે.

જડભરતજી જેઓ અંતરમાં ભગવદ્ભાવથી સંપૂર્ણ ભરેલા છે. પણ બહારથી જ કેવળ જડ જેવા દેખાય છે. નારદજી સદા શ્રીપુરૂષોત્તમના ગુણગાનમાં એકાગ્ર, એકાકાર અને તલ્લીન છે. મૈત્રેયજી પરાશર ઋષિના શિષ્ય અને ભગવદ્ ધર્મના વક્તા છે. શ્લોકમાં 'આદિ' શબ્દ લખેલો છે. એટલે ઉદ્ધવજી વગેરે બીજા ભગવદીયો પણ સમજવા.

સમુદ્રનું દષ્ટાંત આપી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ચંદ્રના દર્શનથી સમુદ્રમાં ઊંચા ઊંચા તરંગો ઉઠે છે તેમ મુખરૂપી ચંદ્રના દર્શનથી ઉપર જણાવેલા ભગવદીયો જેવા ભગવદીયોના હૃદયમાં પ્રભુ માટેના ભાવમાં વૃદ્ધિ થાય છે. શ્રી કપિલદેવે આવા ભાવ વિશે કહ્યું છે કે "મારી (ભગવાનની) સેવા છોડીને સાલોક્ય, સાર્ષ્ટિ, સામિપ્ય અને સારૂપ્ય એ ચાર પ્રકારની મુક્તિ મારા નિષ્કામ ભક્તોને આપવા છતાં પણ તે લેતા નથી. તેથી આ ભક્તિયોગ જ પરમ પુરૂષાર્થરૂપ અથવા મેળવવા યોગ્ય શ્રેષ્ઠ ફળ છે.

ભાવનું નિરૂપણ કરવાના પ્રારંભમાં વેદપુરાણોમાં પ્રસિદ્ધ ગંધર્વોના ભાવનું અર્ધાશ્લોકથી કૂવાનું દષ્ટાંત આપીને નિરૂપણ કર્યુ. ત્યાં કૂવાના જુદા જુદા ભેદ બતાવી ગંધર્વોના જુદા જુદા ભેદ બતાવ્યા. હવે આ ગ્રંથના અંતમા પુરાણોમાં પ્રસિદ્ધ જુદા જુદા ભગવદીયોના ભાવને જુદા જુદા સમુદ્રોના જળના ભાવ સાથે સરખાવી તેવા વક્તાઓના ભેદ સમજાવે છે. શરૂમાં પૂર્ણ ભાવવાળા ભગવદીયોના ભાવનું નિરૂપણ કર્યુ છે. ૧૪ ૧/૨

શ્લોક : લોકવેદગુણૈર્મિશ્રભાવેનૈકે હરેર્ગુણાન્ ॥ ૧૫ ॥
વર્ણયન્તિ સમુદ્રાસ્તે ક્ષારાદ્યાઃ ષટ્ પ્રકીર્તિતાઃ । ૧૫ ૧/૨ ।

શબ્દાર્થ : લોકવેદગુણૈઃ– લોક અને વેદના ગુણોથી, મિશ્ર ભાવેનઃ– મિશ્ર ભાવથી, એકે– જે કેટલાક, હરેઃ– હરિના, ગુણાન્– ગુણો, વર્ણયન્તિ– વર્ણન કરે છે, સમુદ્રાઃ– સમુદ્રો, તે–તેઓ, ક્ષાર+આદ્યા– ખારા વગેરે, ષટ્– છ પ્રકારના પ્રકીર્તિતાઃ– કહેવાય છે.

શ્લોકાર્થ : કેટલાક લોકમિશ્રભાવથી, કેટલાક વેદમિશ્રભાવથી અને કેટલાક ગુણમિશ્રતૃભાવથી હરિના ગુણોનું વર્ણન કરે છે. તેઓનો ભાવ છ પ્રકારના ખારા સમુદ્રના જળના ભાવ જેવો ભાવ સમજવો. તેનું ક્રમ અનુસાર હવે વર્ણન કરે છે.

વિવરણ : કેટલાક (વક્તાઓ) લોકમિશ્રભાવથી, કેટલાક (વક્તાઓ) વેદમિશ્રભાવથી અને કેટલાક (વક્તાઓ) ગુણમિશ્રભાવથી હરિના ગુણોનું વર્ણન કરે છે. તે ક્રમ અનુસાર કહે છે.

(૧) રામ–કૃષ્ણ મનુષ્ય જ છે, પરંતુ તેમનામાં મનુષ્ય કરતાં વધારે બળ હોવાથી તેઓ (સામાન્ય મનુષ્ય કરતા) મહાન છે એમ જાણીને કેટલાક (વક્તાઓ) ભગવાનના ગુણોનું વર્ણન કરે છે. તેઓ ખારા સમુદ્રો જેવા છે. તેમનો ભાવ ખારા સમુદ્રના જળ જેવો છે. જેમ ખારા સમુદ્રનું જળ તૃષા છીપાવતું નથી કે સુખ આપતું નથી, તેમ ભગવાનમાં લૌકિક ભાવ રાખનાર વક્તાનો ભાવ પણ તેવી રીતનો જ છે એમ સમજવું. (ભગવાનમાં લૌકિક ભાવ રાખનાર ભગવદીયોના ગુણગાન પણ આપણને તૃપ્ત કરતાં નથી કે સુખ આપતાં નથી.)

(૨) સેંકડો હસ્તવાળા શ્રીકૃષ્ણ વરાહજીએ (હે પૃથ્વી) તારો ઉદ્ધાર કરેલો છે વગેરે ભાવ વડે ભૂમિના ઉદ્ધારાદિક કાર્યને કરનારા ભગવાન છે એવું શાસ્ત્રોમાં નિરૂપણ કરેલું છે. તેથી જગતને કરનાર જ જુદા જુદા શરીરોમાં પ્રવેશ કરીને જે કાર્ય કરવાનું હોય તે કરીને તે શરીરનો ત્યાગ કરે છે. એવું જાણીને જે ભગવાનના ગુણોનું વર્ણન કરે છે તે દહીંમાંથી બનાવેલી ખાટી છાસના સમુદ્ર જેવો છે. જેમ દહીંમાંથી બનાવેલી છાશમાં સત્વ નહિં હોવાથી તેનાથી શરીરનું પોષણ થતું નથી. તેમ આવા ભાવવાળા વક્તાઓના ભગવદ્ ગુણગાન પણ આપણા ભાવોને પોષણ આપી શકતા નથી.

(૩) માયાના ગુણો વિના ભગવાનને કર્તાપણું નહિં હોવાથી, માયાના ગુણો વડે જ ભગવાન બધું કરે છે. એમ જાણીને જે ભગવાનના ગુણોનું વર્ણન કરે છે. તે સુરાના (મદિરાના) સમુદ્ર જેવા છે. તેમનો (ભગવદ્) ભાવ પણ મદિરા જેવો છે. એટલે જેમ મદિરાનું પાન કરનાર માણસને મદિરા તેના સ્વરૂપનું ભાન ભુલાવી દે છે અને તેનામાં દોષ ઉત્પન્ન કરે છે. તેમ આવા ભાવવાળા પણ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. અને પોતાનામાં દોષો ઉત્પન્ન કરે છે.

(૪) ભગવાન સર્વના ઈશ્વર છે અને સર્વ કરવા સમર્થ છે એમ જાણીને જે ભગવાનના ગુણોનું વર્ણન

કરે છે તેઓ ક્ષીરસાગર જેવા છે અને તેઓનો ભાવ ક્ષીર (દૂધ) જેવો છે. જેમ દૂધ સ્વાદિષ્ટ, મધુર અને શરીરનું પોષણ કરનારું છે તેમ ભગવાન સર્વોપરી છે અને સર્વ સમર્થ છે એવા ભાવવાળા વક્તાઓ વૈષ્ણવના હૃદયના ભાવનું પોષણ કરી ભગવદ્દ્ભાવ વધારે છે.

(૫) ભગવાન મહા પરાક્રમી છે અને પોતાના ભક્તોને પણ પોતાના જેવા પરાક્રમી બનાવે છે એવું જાણીને જે ભગવદીય શ્રીહરિના ગુણોનું વર્ણન કરે છે તે ઘીના સમુદ્ર જેવો છે અને તેમનો ભાવ પણ ઘી સમાન છે. જેમ ઘી વીર્ય ઉત્પન્ન કરવાના હેતુરૂપ છે, તેમ તેવા ભગવદીયના ગુણગાન પણ ભગવદ્દ્ભાવ વધારે છે.

(૬) વેદમાં કહેલું છે કે ભગવદીય ભગવાનની જેવી રીતે ઉપાસના કરે છે, તેવી રીતે ભગવાન તેને ફળ આપે છે. તેથી લક્ષ્મીજી જેમના પત્ની છે એવા ભગવનની સેવા કરવાથી તેઓ ભક્તને ભોગ અને મોક્ષ આપે છે એવું જાણીને જે ભગવાનના ગુણોનું વર્ણન કરે છે તે શેરડીના રસના સમુદ્ર જેવો છે. જેમ શેરડીનો રસ મધુર અને ભીતરના તાપને નિવૃત્ત કરનારો છે, તેમ તેવા ભગવદીયોનો ભગવદ્દ્ભાવ પણ તેવા ગુણવાળો છે. (અથવા એવા ભગવદીયથી ગવાતા ભગવદ્ ગુણગાનનો રસ મધુર હોઈ અંતઃકરણના તાપને નિવૃત્ત કરે છે.)

(૭) ખરી રીતે શરણે ગયેલા જેવા તેવા પણ પોતાના જે હોય તેમનો શ્રીકૃષ્ણ ઉદ્ધાર કરે છે. તેથી શ્રીકૃષ્ણ જ સેવ્ય છે એમ જાણીને જે ભગવાનના ગુણોનું વર્ણન કરે છે તે શુદ્ધ મીઠા જળના સમુદ્ર જેવો છે. તેમનો ભાવ પણ શુદ્ધ મધુર જલના જેવો છે. જેમ શુદ્ધ જલ તાપની નિવૃત્તિ કરનારું, નિર્મલપણારૂપ અને તૃપ્તિ વગેરેના કારણરૂપ છે. તેમ આવા ભાવવાળા ભગવદીયોની કથા પણ સંસારના તાપની નિવૃત્તિ કરાવનારી, નિર્મળ અને તૃપ્ત કરાવનારી બને છે.

(૮) ભગવાન ચૈતન્યરૂપ છે, જ્ઞાનથી પૂર્ણ છે. જ્ઞાનથી જાણી શકાય તેવા છે. સર્વમાં સમાન છે અને મોક્ષને માટે સેવવા યોગ્ય છે. આવું જાણીને જે ભગવદ્ગુણોનું વર્ણન કરે છે, તે દહીંના માંડના જેવા છે. તેમના ભાવ પણ દહીંના માંડ જેવો છે.

(૯) ભગવાન વૈરાગ્યથી પૂર્ણ છે. તેઓ કાંઈ જ અપેક્ષા રાખતા નથી. અથવા કશું ગ્રહણ કરતા નથી. બધા પોતાની પવિત્રતા માટે તેમને જે અર્પણ કરે છે તેનો પ્રભુ અંગીકાર કરે છે. તેથી તેમને બધું સમર્પણ કરી શકાય છે, અને સ્તુતિ પણ કરી શકાય છે. આવું જાણીને જે ભગવદીય ભગવાનના ગુણોનું વર્ણન કરે છે તેઓ ક્ષાર સમાન છે. તેમનો ભગવદ્દ્ભાવ પણ ખારા જળ સમાન છે. ભગવાનનું વૈરાગ્ય બીજી રીતનું હોવાથી કેટલાક ભગવદીયો તેમના વૈરાગ્યના સ્વરૂપને જાણતા નથી. તેવા ભગવદીયોનો ભાવ ખારા જલ જેવો છે.

કેવળ સમુદ્રના દૃષ્ટાંતમાં ક્ષીરસાગર અથવા શુદ્ધ મીઠા જલનો સમુદ્ર જ જાણવા જેવો છે. (૧૫ ½)

—ક્રમશઃ

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

નિરખે નેત્ર નંદલાલને, શ્રુતિકથા, રટે મુખનામ; નાસિકા સુંઘે પ્રેમસુ, તુલશી પુષ્પ પ્રસાદી દામ.
દામ ઘ્રાણ કરે, કર હરિ–સેવા, દોડે ચરણ પ્રભુ–દર્શન લેવા;
મને ધ્યાન નટવર–છબિ શ્યામ, સર્વાંગે કરે પ્રભુને દંડ પ્રણામ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૦)

શબ્દાર્થ : નેત્ર–આંખ, શ્રુતિ–કાન, ઘ્રાણ–નાક, કર–હાથ, પુષ્પદામ–પ્રસાદી તુલશીની માળા.

વિવેચન : આ ચંદ્રવળામાં કવિશ્રીએ દેહ ઈન્દ્રીય સર્વનો ભગવદ વિનિયોગ કરવો તે સમજાવ્યું છે. જીવને જયાં સુધી માનવ દેહ ન મળે ત્યાં સુધી તે આમાનું કાંઈ કરી શકતો નથી. તે વસ્તુનો સાર સમજીને સર્વ રીતે સર્વ ભાૅવથી સર્વ ઈન્દ્રીયોને ભગવત સન્મુખ કરવી.

ગીતા વાક્ય : પૂર્ણ કર્મ કરવાવાળા જીવનું પાપ નાશ પામ્યું હોય તેવા મનુષ્યો રાગદ્વેષનો ત્યાગ કરીને દઢ મનથી મને જ ભજે છે. બીજે કાંઈ આસક્તિ ન રાખતાં જે કાંઈ કાર્ય કરે છે તે મારા માટે જ કરે છે પોતાનું જીવન સાર્થક કરવા ખાવું, પીવું, સુંઘવું ઈત્યાદિ દેહ ધર્મનો મારામાં જ વિનિયોગ કરે છે.

પંચ તત્વ ઔર પ્રાન મિલ ભલા બના સંજોગ ચાહે હરિ ગુણ ગાય લે ચાહે કરલે ભોગ

આ દોહરા મુજબ માનવજન્મ પ્રાપ્ત કરી જીવન સાર્થક બનાવવું એજ બુદ્ધિમાનોનું કાર્ય છે.ગોપીજનોએ પણ વેણુગીતમાં ગાયું છે. **શ્લોક ૭ – અક્ષણ્વતાં ફલમિદં નપરં વિદામ્**

આ શ્લોકમાં ઈન્દ્રિયોનું ફળ બતાવ્યું છે કે ભગવાન જેને ઈન્દ્રીયવાન બનાવે છે તેનું મુખ્ય ફળ આવું જ હોઈ જે, સર્વેન્દ્રિયોનું ભગવદ્ વિનિયોગ કરવું તેજ ફળ છે.

જીભથી ભગવદ યશોગાન કરવું
કાનથી ભગવાનનાં ગુણો સાંભળવા
હાથોથી ભગવાનની સેવા કરવી
પગે ચાલીને ભગવદ દર્શન કરવા જવું
સર્વાંગથી પ્રભુને દંડવત્ કરવા

વૃત્રાસુરે પણ આવું જ માગ્યું હતુ. ઈન્દ્ર સાથે યુદ્ધમાં વજમાં ભગવદતેજ જોઈને કહ્યું હતુ *અહંહરે તવ પાદૈક મુલં. દાસાનું દાસો ભવિતાસ્ય ભૂયઃ* હે પ્રભુ, તમારી માયાનાં ગુણોથી હું લોભાયમાન બનું નહી, મને

માયા દેવી હોય તો આપના ચરણાવિંદની માયા આપજો. મને જન્મ આપો તો ભગવદ્ ભક્તને ઘેર. મારા ઘરનો હું મોટો હોઉં છતાં ઘરમાં બધાને ભગવદ ભક્ત માની તેની સાથે પણ સખ્ય ભાવથી રહું જેથી અભિમાન મને આવે નહીં. આપના પ્રત્યે પ્રેમલક્ષણા ભક્તિ મને આપજો. *સમંજસત્વા વિરહાય્યકાંક્ષે*આ ભાવથી મને આપનો વિરહ વ્યાપે તેનાં દષ્ટાંતમાં કહ્યું કે પતિવૃતા નારીને સ્વપ્નામાં પણ તેનો પતિ આવે અન્ય નહીં. તેવી જ રીતે હું આપને જ જોઉં આપનું ભજન સ્મરણ કરુ. આ મુજબ પ્રભુ પ્રત્યે વિરહ ભાવના માગી છે. નટવર નાગરનું ભજન સ્મરણ તેનો જ વિરહ કરવો. તેમાંજ ઓતપ્રોત થવું આ સારભુત છે.

ચિરકાલ ચતુર ચિંતામણીની ચિંતની ચિતે ચાલુ રહે. કયાં તે દીનહીન જીવ અને કયાં પ્રભુ આપ, પ્રભુ પાસે દાસત્વ માગીને ચિંતન કરવું.

તાપ ક્લેશ

નટવર નાગર સર્વ સુખસાગર ગુણસાગર કૃપા નિધાન દીનવત્સલ પ્રભુ આપ આ દીન હીન જીવ પર કયારે કૃપા કરશો ? હું કયારે આપનું નટવર રૂપ મારી આંખોથી નિહાળીશ. પ્રભુ આપ તો સદા નિત્ય વિહાર કરવાવાળા છો. શ્રીયમુનાજીને કિનારે નિત્યપ્રતિ નવિન કુંજોમાં નવિન લીલાઓ કરી ભક્તોને તે તે લીલાનો અનુભવ કરાવો છો. તેમજ વનમાં ગાયો ચરાવતા પશુ, પક્ષિ, જડ, ચૈતન્ય બધાને વેણુનો નાદ કરી આનંદ પ્રાપ્ત કરાવો છો. પ્રભુ... આ તુચ્છ જીવ પર થોડીક કૃપા કરો. આપ તો કરૂણાનિધાન છો. આપને જ વિનંતી કરૂ છુ. હું તો લાખો જન્મથી ભટકતો આપને ભુલી ગયો છું. તેથી ભ્રમિત ચિત્તવાળો બન્યો છું. તેથી આપ દયાની દષ્ટી કરી મને આપના દર્શનની લાલશા થાય. ચિંતવની થાય. આપ તો અશરણના પણ શરણ છો. જો આ જીવની કરણી તરફ જોશો તો તેનો પાર જ નહીં આવે.

આપ તો યશોદાજીની આગળ મૂગ્ધ બાલક સમાન ક્રિડા કરવાવાળા છો. સર્વજ્ઞ છો. છતાં બાળરૂપે પાલને ઝુલતા નાના પ્રકારના ખિલોના જોઈ પ્રસન્ન થાવ છો. જેમ અજ્ઞાન બાળક હોય તેવી રીતે રહો છો. ભક્તોના ભાવ મુજબ તેની સાથે સમાન ભાવથી ક્રિડા કરવાવાળા છો. અનંત સુખ વિલાસની ગોપીજનો આપનાં દર્શનની લાલશાથી રોજ કોઈને કોઈ પ્રકારનું બહાનુ કરી આવે છે. તેઓ નેનોથી દર્શન કરીને તનના તાપ મિટાવે છે. વળી, સેવા માર્ગમાં સવારથી સાંજ સુધી ક્રમ બાંધેલો છે. તેમાં ઋતુને અનુસાર વાઘાવસ્ત્ર સામગ્રી વિગેરે ધરાવી પ્રસાદીમાં પોતાનો નિર્વાહ આપના ભક્તો કરે છે. સેવા કરી દશેન્દ્રિયો આપની સન્મુખ કરે છે. ગોપીજનોની ભાવના મુજબ સેવામાં સંયોગ અનુસાર અને અનોસરમાં વિપ્રયોગનો અનુભવ કરે છે. આ સર્વ ભાવનાનાં પ્રતિક તો કેવળ ગોપીજનો જ છે. પરંતુ આપ કૃપા કરો તે જીવ અનુભવ કરી શકે છે. મારા ઉપર પણ કૃપા કરી સર્વાંગે આપની સન્મુખ રહું. મનથી ધ્યાન નટવર છબિશ્યામનું કરવું અને સર્વાંગે પ્રણામ કરું. આ મુજબ કવિના કહેવાનો અર્થ છે.

માટે જ સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૫૦

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટીત સહસ્ત્ર શ્લોકી

સેવાભાવના

હિન્દી પદ્યરચના રચયિતા– પ.ભ. રૂપચંદ ખંડેલવાલ "ભૂપ" જબલપુર

ગતાંકથી ચાલુ

ભયભીતા કો રક્ષક મેં મન, કામકરનહારી ચહ સાધન ૯૫૩
જ્ઞાન ઈચ્છિકા વિદ્યાપતિ કહં, પૂજા વાલી પૂજય દેવ કહં,
દો. દાસી અપને સ્વામિ કહં, દેખત હૈ જિ હિં ભાંત;
નંદઘરની તા વિધિસુતહિં, દેખ દેખ ઉમગાત. ૯૫૪
ભયે અંગ સારે રોમાંચિત, મુખ પર હર્ષ અશ્રુ મેં અંકિત;
યશુદા હાથ ઉઠાઈ સભાગી, અપને સુતહિં બુલાવન લાગી. ૯૫૫
બદન ઢંક્યો અલકન–ભ્રમરન સોં, લેત બલૈયાં ઉઠા કરન કોં. ૯૫૬
જો બાલક અતિ ચપલ કહાયો, ખેલનમેં અતિહી અરૂઝાયો;
જિમિ ઔષધિ પારા કહં પકરત, તિમિ મૈયા સુત કાહીં ઝપટત;
જિહિતિહિ ભાંતિ યશોદા માઈ, પ્રભુ કહં નિજ કર પકર્યો જાઈ. ૯૫૭

માતા સેન ભોગ આરોગવાની પ્રાર્થના કરે છે તે અગીયાર શ્લોકથી કહે છે. (શ્લો. ૯૫૮ થી ૯૬૮)

બેટા સિદ્ધ કરી સામગ્રી, ઠંડી ભઈ જાત યા સામગ્રી;
સકલ રસોઈ રસસોં ભીની, દાઉ માત રોહિણી કીની. ૯૫૮
દો. સૈન ભોગ સાજિ બાટ તવ, સાદર જોવ હિ માત;
ઔંટયો દૂધ રુચિ અતિ, ઔર ધર્યો સિદ્ધ ભાત. ૯૫૯
દૂધ ભાત મિલાય જો ખૈ હે, વન કો શ્રમ તાકો મિટ જૈ હૈ;
ઔર હુ સબ સામગ્રી જોઈ, તન સનેહ વશ કીનીં સોઈ. ૯૬૦
દાલ સંજાવ આદિ દ્રવ સારે, સિદ્ધે રુચિસોં અધિક સમ્હારે;
સદ્ય દૂધ ગૈયા કો દોહિત, સ્વર્ણ કટોરા મેં મિશ્રિ યુત;
પાવન ધર્યો તુમ્હારે કાજા, પીવહુ જલ્દી બેટા રાજા. ૯૬૧–૯૬૨
ઔર બહુત સામગ્રી નીકી, ઘરમેં રક્ખી મીઠી ફીકી;
જૌ લોં તુમ ઘરમેં નહિં આયે, માતુ રોહિણી તાહિ રખાયે. ૯૬૩
જો તુમ કહં કછુ હોત અવારી, વિરસ હોય સામગ્રી સારી;
દો. પ્રાણન પ્યારે લાડિલે, માન હમારી બાત, ૯૬૪
સંધ્યા હૂ અબ હૈં ગઈ, હોન લગી સુત, રાત;
ભયો અંધેરો મારગ માહીં, તારાગણ આકાશ દિખાહીં. ૯૬૫

કામ ખિરક કો સબ નિપટાઈ, સકલ ગોપબ્રજ પહુંચે આઈ. ૯૬૬
હવન અગ્નિ હૂ શાંત હુવાયે, કછુક પાહુને પિતુ સહ આયે. ૯૬૭
પિત ઈક ટક જોવહિં બાટા, મો ઘર જાુરે ગોપિયન ઠાટા;
તે સબ ગાવહિં તવ ગુણ અવિચલ, બ્રજપતિ બ્રજાધીશ હરિ ઘર ચલ. ૯૬૮

માતાના વચન શ્રવણ કરીને પ્રભુ માતાની પાસે આવ્યા, તેને લઈને માતા ગયા તે ત્રણ શ્લોકથી કહે છે. (શ્લોક ૯૬૯ થી ૯૭૧)

માતુ વચન વાત્સલ્ય ભરે સુનિ, આયે આનંદ ભીને પ્રભુ પુનિ. ૯૬૯
પ્રેમ–આર્દ્ર હૃદયા મૈયાને, સુત કહં ગાઢે આલિંગાને;
ચુમ્બન કરિ દોઉ હાથન તેં, પકરિ બિઠાયે નિજ ગોદીમેં. ૯૭૦
દો. નીકેં લાડ લડાવતી, પ્રફુલિત સુતહિં ઉઠાય;
ગાવત ગીત સુહાવનેં, આય જસુમતિ માય. ૯૭૧

ઘરમાં માતાએ પ્રભુની ગોદમાં બેસાડયા ત્યારે સેન ભોગને માટે સખીએ જલની ઝારી ધરી અને રોહિણીએ સામગ્રીનો થાળ ધર્યો. માતાના રુચિ ઉપજાવનાર વાક્યો સાંભળીને પ્રભુ આરોગવા લાગ્યા, તેનું વર્ણન ઓગણીશ શ્લોકથી કરે છે. (શ્લોક ૯૭૨ થી ૯૯૦)

ઘરકે ઈક ભીતરી ભાગ મેં, પહુંચી ઈક અતિ ગુપ્ત સ્થાન મેં;
ઉત્તમ આસન તહાં બિછાઈ, બૈઠી સુત કહં ગોદ બિઠાઈ. ૯૭૨
ભક્તિ ઔર ભગવાન સુહાયે, જીવ બ્રહ્મ માનોં સમુહાયે,
જનુ મનોર્થ વરદાન મિલાયે, મમતા પ્યાર મન હુ ઈકઠાયે;
સખીજનન પુનિસમય બિચારી, ધરી વામ કર કંચન ઝારી. ૯૭૩
કંચન થાર વિવિધ સામગરી, ધરી સજાઈ સકલ સુખ આરી;
ગરમ ગરમ જનુ અબહિં બનાઈ, રોહિણિ મૈયા પ્રમુદિત લાઈ. ૯૭૪
કુલ દીપક ગોકુલેશ મુખ લખ, ભઈ ચિત્રવત હર્ષિત અપલક. ૯૭૫
અપને પ્રાન કરત ન્યોંછાવર, ડૂબી પરમાનંદ કે સાગર;
મહાભાગ વસુદેવ–પત્નિયન, ભઈ રોહિણી અતિ બડભાગન. ૯૭૬
કૃષ્ણ નિકટ નિજ સુત કહં દેખી, ઉપન્યૌં વાત્સલ્ય વિશેખી;
કરિ પ્રમુદિત નિજ સુત કે દર્શન, ભૂલી અન્ય વસ્તુ સબ તેહિ છન. ૯૭૭
સો. યશુદા લૈ મૃદુ અન્ન, અપને સુત હિં જિમાવહીં;
ભાવ વિવશજુ પ્રસન્ન, કરિ મુખદર્શન, કહત ઈમિ. ૯૭૯
યાકે ખાયે બહુ બલ આવત, ઉપયોગી, ખેલમેં જનાવત;
બલદાઉ નિત આવત એહી, તૂ જાનત કે તો બલ તેહી. ૯૮૦

યો તેરી ધૂમરિ ધેનુ કો, ઉત્તમ દૂધ ધર્યો હૈ નીકો;
યા કે પિયેં કેસ હોં કારે, અતિ લંબે ભૂઈ છુવન હારે. ૯૮૧
તવ પિતુ ગૃહકી ગૈયેં સારી, હુઈ હૈ સાર્થક જન્મન વારી;
ગોકુલ ઈશ્વર ગોકુલનાથા, તુમસોં હી બ્રજ અખિલ સનાથા. ૯૮૨
અબ યહ સામગ્રી સુત ખાવહુ, રોહિણિ કો શ્રમ સફલ કરાવહુ. ૯૮૩
મો પૈ તોર પ્રેમ અધિકાઈ, ધીરે ખાહુ, ન કરુ ચપલાઈ;
ઈક ઈક ગ્રાસ દેત મુખ માહીં, મૈયા ઈમિ સમઝાવત જાહીં. ૯૮૪
જઈઓ લરિકન સંગ બ્રજ ખેલન, ન કરૂ ઉતાવલ ખાહુ શાંત મન. ૯૮૫
દો. કા વિચાર ચિત કરિ રહ્યો, બતાહુ બન કી બાત;
ખેલન્હ લાગે ચિત્તકોં, ઘુમાહિ બાતન માત. ૯૮૬
દાયેં કરસોં પંખા કરતી, બાયેં સોં મુખ કેસ સંવરતી. ૯૮૭
પોંછત ગિરત મુખન પય બિંદન્હ, ક્ષન ક્ષન કરત મુદિત મુખ દરશન. ૯૮૮
લોક કથા બિલ્લી ચૂહાદિક, કી સુનાત જિસુ આઈ ભલી વિધ. ૯૮૯
વન કો શ્રમ અસ થકનિ વિચારી, પૌઢાવન સોચત મહતારી. ૯૯૦

શ્રી યશોદાજી વાત્સલ્યતાથી અધીર થઈને કૃષ્ણની રક્ષાની બાબતમાં બલદેવજીને શિખામણ આપે છે તેનું વર્ણન દશ શ્લોકથી કરે છે. (શ્લોક ૯૯૧ થી ૧૦૦૦)

બલદાઉ બૈઠે બાજૂમેં, એક થાલ દોઉ ભૈયા જીમેં;
મૈયા વ્યાકુલ હૌ સ્વભાવસોં, સમઝાવત દોઉ સુતજ ચાવસોં. ૯૯૧
ગાયન બ્રજ આવત ભઈ રાતી, વનમેં કૃષ્ણ, સોચ ભય ખાતી. ૯૯૨
ગાય ચરાવન વારે જોઈ, ઐસો કબહું કરૈ ન કોઈ;
તૂ હૈ બડો ઔર બલવારો, નિજ ગુણ બ્રજ કહં કરત સુખારે. ૯૯૩
ગર્ગાચાર્યન–વચન–પ્રમાનન, તેરો નામ અહૈ સંકરષન;
રોહિણિ–તનય પિતા વસુદેવા, ક્ષત્રી ધર્મ શૂર બલ દેવા. ૯૯૪
કોમલ કૃષ્ણજુ ભોરો બારો, ઈક દો ગિનતિ ન જાનન હારો. ૯૯૫
મો ઢિગ રહનિત માખન માંગત, પૂછત હૌં કછુ બોલ ન જાનત. ૯૯૬
સબ કહં સમઝત એક સમાના, શત્રુ મિત્ર કો ભેદ ન જાનત,
દો. કપટ ભાવ યાકે હૃદય, બેટા દિખત ન નેક;
જગદીશ્વર સમ દેખહી, સારે જગ કહં એક. ૯૯૭
અતઃ તૂ હી સમઝાવત રહિયો, લડાઈ કે ઢિગ જાન ન દઈયો. ૯૯૮
ખેલ જહાં બંદરન કો હોઈ, લડત હોયં આપસ મેં કોઈ;

બનમેં યાકિ જલાશય પાસા, ઈકલો જાવન ચાહે સહસા;
ઈન જગહન મેં કબહૂં ભાઈ, ખડો ન હોય ન ઈકલો જાઈ. ૯૯૯
બરતી હોય જહાં વૈ આગી, દૂર તહાંતે જઈ વો ભાગી,
વૃચ્છન પૈં હુ ચઢન ન દઈયો, ખાડન આરપાર ન કુદઈયો;
બહુ સમઝાય કહૌં કહાતોહી, અપને હીઢિગ રખિયો એહી. ૧૦૦૦

માતાની અધીરાઈ સાંભળીને બલદેવજી યશોદાજીને પ્રભુનું સામર્થ્ય કહી નિર્ભય રહેવાની પ્રાર્થના કરે છે, તે સાડા અગીયાર શ્લોકથી કહે છે. (શ્લોક ૧૦૦૧ થી ૧૯૧૧ ૧/૨)

દો. ગોકુલેશ્વરી હમ સબહીં, દિખત તોંહિ બલવાન;
વૈ હમ યાકે બલ બલી, સુનહુ રહસ્ય મહાન. ૧૦૦૧
સંકટ સકલ ગહન બન કેરે, યા કી સહાય તરે ઘનેરે;
તૂ યાકો પ્રભાવ નહિં જાની, જાનત હૈ તૌ ગઈ ભુલાની. ૧૦૦૨
કુચ વિષ લગા પૂતના આઈ, સો વિષ એહિ પિવાવન ધાઈ;
વિષ કે સહિત પિયે તિસુ પ્રાના, ઈમિ મારી રાક્ષસી મહાના.

ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૫૧

અવ્યાહત ઐશ્વર્ય તિહારૌ;
નામ અમોઘ ઓઘ અઘનાશન વેદ પુકારત ચારૌ. —૧—
દિન મણિસુતા દયા પરિમિત તુમ નિજ વશ નંદદુલારૌ;
દાસી એક શરણાંગત કિ આઈ જગ ગતિ લખિ ડર ભારૌ. —૨—
મેરો ભલો તિહારો કૌતુક બૂડત જનહિ ઉબારૌ;

દીન શુલ્ક 'વલ્લભદાસી' લગિનિજ પ્રભાવ વિસ્તારૌ. —૩—

ભાવાર્થ : શ્રીયમુનાજી, આપનું ઐશ્વર્ય અગાધ છે કે જેનું કોઈ પણ માપ કાઢવા સમર્થ જ નથી. આપના નામથી જ પાપોનાં સમૂહોનો નાશ થઈ જાય છે. દયાના ભંડારરૂપ એવા હે સૂર્યપુત્રી આપના વશમાં નંદસુવન વ્રજલાડીલો છે. આવું આપનું ઐશ્વર્ય જાણીને આ વલ્લભદાસી આપનાં શરણમાં આવી છે. હવે મારું ભલું કરવું આપને હાથ છે, કેમકે આ દાસી તો સંસાર સાગરમાં ભટકતા દુઃખોથી ભયભીત બનેલ છે. માટે મારા જેવાની બાંય પકડવાથી આપનું એક કૌતુક જ કહેવાશે એવા મારા ગુણો છે તેનો ઉદ્ધાર થશે.

આ પ્રકારે શુલ્ક દાસી વિનંતી કરે છે. મારા જેવા બુડતાનો હાથ પકડી લ્યો. ગુણવાન ઉપર કૃપા જો આપની વરસે છે તેઓ પાત્ર હોય પરંતુ મારા જેવી દીનદાસી યોગ્યતા વગરની છે તે તરફ દયા દૃષ્ટિથી નિહાળો—કૃપા કરો ! કૃપા કરો, કેમ કે દીન હીન દાસી ઉપર કૃપા કરવાથી આપનો યશ વધુ પ્રસરીત થશે એવી જ આ દીન દાસી છે.

કાવ્ય કુંજ

[જન્માષ્ટમી પછી બાળલીલાના પદો ગવાય છે. અને પોઢવાના પદો સાથે કહાની કે (વાર્તા કે) પદ ગવાય છે. તેથી શ્રીસુરદાસજી રચિત 'સુન સુત એક કથા કહું પ્યારી' એ પદ આધારિત ધોળ]

કહાણીનું ધોળ

રચયિતા– કીર્તનીયા લાલજીભાઈ પટેલ, ગણોદ.

[ઢાળ – માતા જશોદા ઝુલાવે પૂત્ર પારણે રે]

માતા જશોદા કહે છે કહાણી કુંવરને રે;
હરિવર હુંકારો દીયે ને ઝોકા ખાય. – માતા જશોદા..૧
રાજા એક હતો મહાબળીયો કૌશલ દેશનો રે;
રાણી ત્રણ પરણ્યો તે રાજા દશરથરાય. – માતા જશોદા..૨
રામ લક્ષ્મણ ને શત્રુઘ્ન ભરત સોહામણા રે;
એ તો ચારે પુત્રો દશરથના કહેવાય. – માતા જશોદા..૩
જનક સુતા સીતાને રામ પરણીયા રે;
અયોધ્યા નગરી માહે આનંદ મંગળ થાય. – માતા જશોદા..૪
રાણી કૈકેય રાજાની પાસે માગીયું રે;
સોંપો ગાદી ભરતને રામ વનવાસે જાય. – માતા જશોદા..૫
વચને બંધાયો છે રાજા તો રાણી થકી રે;
હૃદયે દુઃખ ઘણું પણ વચને કેમ ફરાય. – માતા જશોદા..૬
દેશવટો દીધો છે રાયે પૂત્ર રામને રે;
લક્ષ્મણને સીતા સંગ રામ વનવાસે જાય. – માતા જશોદા..૭
બાંધી પંચવટીમાં પર્ણકુટી એક ઘાસની રે;
તેમાં વાસ કરે છે સીતાને બે ભાઈ. – માતા જશોદા..૮
કનકમૃગાને હણવા રામચંદ્ર પાછળ ગયા રે;
રાવણ આવીને હરે છે સીતા ત્યાંય. – માતા જશોદા..૯
સીતા હરણ સુણીને માતાજીનાં મુખથી રે;
ચોંકી બોલી ઉઠયા તે વારે ત્રિભુવનરાય. – માતા જશોદા..૧૦
લક્ષ્મણ ! લક્ષ્મણ ! સત્વર લાવ ધનુષને બાણને રે;
રાવણ સીતાને હરીને જીવતો જાય. – માતા જશોદા..૧૧
જનની 'લાલ' વચન સૂણીને ડર પામ્યા ઘણું રે;
બેટા કંઈ એ નથી તું કેમ ગયો ગભરાય. – માતા જશોદા..૧૨
શ્યામ પોઢી ગયા તુરતમાં લીલા ફેરવી રે;
જશોદા ચૂપ થઈને મનમાંહે પસ્તાય. – માતા જશોદા..૧૩

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.
—શ્રી વ્યાસદાસજી

[મનુષ્ય કે દશ ધર્મ]

સંપાદક : શ્રી હનુમાનપ્રસાદ પોદાર ભાષાંતર : ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

—ગયા અંકથી ચાલુ

૮. વિદ્યા

માનવધર્મનું ૮ મું લક્ષણ છે વિદ્યા. વિદ્યા શબ્દથી અહીં અધ્યાત્મ વિદ્યા સમજવી જોઈએ. તેને ભગવાને પોતાનું સ્વરૂપ બતાવ્યું છે. (અધ્યાત્મ વિદ્યા વિદ્યાનાં—ગીતા ૧૦/૩૨) અને તેનાથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. જે વિદ્યા સંસારના મોટામાં મોટા પદ કે ઐશ્વર્ય આપનાર હોય તો પણ ભગવત્ પ્રાપ્તિમાં સહાયક ન હોય તો વાસ્તવમાં વિદ્યા નથી. આજકાલ જેને વિદ્યા કહે છે અને જેને પ્રાપ્ત કરવા માટે વિદ્યાલયોનો ફેલાવો કરવામાં આવે છે તે તો મોટે ભાગે ઘોર અવિદ્યા છે. જેનાથી પ્રાચીન ભારતની ત્યાગપૂર્ણ વિદ્યા પર કુઠારાઘાત થાય છે. જે ભોગ પરાયણતા વધારે છે, જે આ લોકના સુખને જ પરમ સુખ માનતા શિખવે છે, જે ગુલામ અને કારકુનની સંખ્યા—વૃદ્ધિ કરી રહી છે, જે પરોપજીવી બનાવે છે, જે મિથ્યા અભિમાન ઉત્પન્ન કરી પરમાર્થ કાર્યમાં સહાયતા કરનારી સંસ્કૃતિનો વિનાશ કરે છે અને જે ઈશ્વરના અસ્તિત્વ પર અવિશ્વાસ ઉત્પન્ન કરી દે છે. એવી વિદ્યાથી સર્વથા બચવું જ શ્રેયસ્કર છે. આજ કાલની શિક્ષા પદ્ધતિથી મોટે ભાગે આવી વિનાશકારી વિદ્યાનો જ ફેલાવો થઈ રહ્યો છે.

વિદ્યા એ છે જે ધર્મ અને સદાચારમાં શ્રદ્ધા ઉત્પન્ન કરાવે છે. જે આખા જગતમાં પરમાત્માના સ્વરૂપના દર્શન કરાવીને બધાથી નિર્વેર બનાવે છે. જે સમસ્ત અનેકતામાં એકતાનું વાસ્તવિક સ્વરૂપ બતાવીને જીવની સદાને માટે પરમ સુખના સ્થાન પર પહોંચાડી દે છે. આપણે તેવી બ્રહ્મ વિદ્યાનો આશ્રય લેવો જોઈએ.

॥ શ્રી કૃષ્ણઃશરણં મમ ॥

વ્રજલીલાના પદ

રચયિતા– શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ) બી. ઈ. (સીવીલ), બીરપુર

૩૮. ચિંતાહરણઘાટ રાગ–સારંગ

ખેલ ખેલમેં સબહી હાર્યો,
મૈયા મોહિ પિટાવન કારન, તો કો જૂઠ બતાયો, ૧
મૈંનહી ખાઈ, મૈયા માટી, મુખ મેરો તુમ દેખો;
અતિ ચકિત ભઈ માતા ભોલી, અખિલ બ્રહ્માંડ દિખાયો. ૨
ચિંતા કરત , યશોદા મનસોં, ઢિંગ સદાશિવ આયો;
સહસ્ત્ર આઠ લિંગ રૂપસોં, ચિંતા હરન કિયો. ૩
ચિંતેશ્વર મહાદેવ સોહાઈ, બિહારીજી રૂપ ધર્યો;
'ચરનદાસ' મન ચિંતા છાઈ, તો લાલન ભવ છુડાયો. ૪

ભાવાર્થ : મુખ મેરો તુમ દેખો– લાલાએ માતા યશોદાજીને જણાવ્યું કે મૈયા મેં માટી ખાધી નથી. આ સખાઓ જૂઠું બોલી ખોટી ફરિયાદ કરે છે, કારણ કે તેઓ બધા મારી સાથે ખેલતા રમતમાં હારી ગયા છે અને દાવ પ્રમાણે મેં જયારે બધાને મારવાનું શરૂ કર્યુ , ત્યારે તેઓ મને માર ખવડાવવા આમ જુઠું બોલે છે. જો મેં માટી સાચે જ ખાધી હોય તો હે મૈયા મારું મુખ જોઈ લો. આમ કહી પ્રભુએ મુખ ખોલ્યું. યશોદા મૈયાએ મુખમાં અખિલ બ્રહ્માંડને જોતાં મન ચકરાવામાં પડયું. કંઈ ભાન રહ્યું નહીં. નાનાશા મુખમાં તેમને બધાં દર્શન થવા લાગ્યા. અરે તેમને પોતાના દર્શન પણ અંદર થવા લાગ્યા. એટલે માતાને ચિંતા થવા લાગી અને સમજવા લાગ્યા કે આ કોઈ બાળક નથી પણ જગત્ પિતા છે. અથવા મારા બાળકને કંઈક વળગ્યું છે, કંઈક થઈ ગયું છે. આમ ચિંતા કરતા જોઈ ત્યાં ચિંતેશ્વર મહાદેવ રૂપે શિવજી પ્રગટ થયા અને ચિંતાહરણ ઘાટ ઉપર માતાને સમજાવી તેમની શંકા દૂર કરી. આજે પણ ચિંતાહરણ ઘાટ ઉપર એક હજાર અને આઠ લિંગ સહિત ચિંતેશ્વર મહાદેવ બિરાજે છે. આવી રીતે પ્રભુએ બ્રહ્માંડ ઘાટે અને ચિંતાહરણ ઘાટે લીલા કરી, વ્રજભક્તોને અને માતા યશોદાને પરમાનંદનું દાન આપ્યું છે.

૩૯. બ્રહ્માંડઘાટ લીલા રાગ–સારંગ

ખેલ ખેલમેં સખા રિસાયો,
માટી ખાઈ કિસને મૈયા, મૈં તો યા નહીં જાનો. ૧
આઈ પૂતના, દિયે વિષમય સ્તન, લાલન પાન કિયો;
બડભાગી, ઉન સબ જીવન કો, અપને ઉદર લિયો. ૨
માટી કે મિષ, વ્રજ રજ કનસે, ઉદ્ધાર સબકો કિયો;
'ચરનદાસ' માતા યશોદાકો, ગતિ બ્રહ્માંડ દિખાયો. ૩

ભાવાર્થ : લાલા યશોદામાને જણાવે છે કે મેં માટી ખાધી નથી. સખાઓ રમતમાં મારી સાથે રિસાયા છે અને જુઠ્ઠું બોલે છે. પરંતુ સત્ય વાત એ છે કે લાલાએ વિષ ભરી આવેલી પૂતનાના સ્તનનું પાન કરી તેનો ઉદ્ધાર કર્યો હતો. અને તેના વિષથી મૃત્યુ પામેલા અન્ય બાલ–જીવોને પ્રભુએ સ્તનપાનની સાથે પોતાના ઉદરમાં–પેટમાં સમાવી દીધા તે સર્વ જીવોનો ઉદ્ધાર કર્યો છે. પ્રભુએ વ્રજ રજને અતિ પાવનકારી ગણી તેને સ્વહસ્તે અંગીકાર કર્યો છે. માતાને પોતાના મુખમાં રહેલા અનંત બ્રહ્માંડના દર્શન કરાવ્યા છે. પોતે માટી ખાધી નથી તેની પ્રતિતી કરાવી વિસ્મય પમાડયાં છે.

ત્રિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ.ભ. સોની ચુનીલાલ ડાયાલાલ રાજકોટના જય શ્રીકૃષ્ણ.

નવા પ્રતિનિધિ

શ્રી જયંત સી. ભાઠા પર, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંક સામે, મલાડ (વેસ્ટ) મુંબઈ – ૪૦૦૦૬૪.

અનુકરણીય

૧. આજીવન ગ્રાહક નં.૨૮૯ શ્રી રણછોડલાલ ચત્રભુજ જસાણી (પારલા–મુંબઈ) તરફથી આજીવન લવાજમ પેટે રૂ.૫૦૧ મળેલ છે જે અમુકરણીય છે.

૨. આજીવન ગ્રાહક શ્રી જમનાદાસ મોહનલાલ (રાજકોટ) તરફથી આજીવન લવાજમ પેટે રૂ.૧૦૧ મળેલ છે.

૩. આજીવન ગ્રાહક શ્રી યોગેશભાઈ કાનજીભાઈ રાયચુરા (કાલિકટ) તરફથી આજીવન લવાજમ પેટે રૂ.૧૦૧ મળેલ છે.

કંઠાભરણમ્

ભક્તિયોગ–જપયજ્ઞ–નામસ્મરણ–માહાત્મ્ય

જકારો જન્મવિચ્છેદઃ પકારઃ પાપનાશકઃ ।
તસ્માજ્જપ ઈતિ પ્રોક્તો જન્મ પાપવિનાશકઃ ॥

જકારનો અર્થ છે જન્મનો વિચ્છેદ (નાશ)– પકારનો અર્થ છે પાપનાશ. એ બંને અક્ષર મળી **જપ** શબ્દ થાય છે. તેથી તેનો અર્થ છે જન્મરૂપી પાપનો નાશ કરનારો. (આ પરથી સ્પષ્ટ છે કે સંસાર સાગર તરવા માટેનું સાધન છે **જપ**)

કૃતે યદ્ ધ્યાયતો વિષ્ણું ત્રેતાયાં યજતો મખૈઃ ।
દ્વાપરે પરિચર્યાયાં કલૌ તદ્ધરિ કીર્તનાત્ ॥

(યુગ પ્રમાણે સાધનોમાં ફરક હોય છે.) સત્યયુગમાં પ્રભુનું ધ્યાન ત્રેતામાં યજ્ઞયાગાદિ, દ્વાપરમાં પ્રભુના પૂજા–અર્ચા અને અત્યારે કલિયુગમાં ભગવન્નામ સ્મરણ જ શ્રેયસ્કર છે, એમ કહેલું છે.

હરેર્નામૈવ નામૈવ નામૈવ મમ જીવનમ્ ।
કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા ॥

હરિનું નામ જ, નામ જ, નામ જ મારું જીવન છે. કલિકાળમાં આ સિવાય બીજું શરણ નથી, શરણ નથી, શરણ નથી.

યજ્ઞાનાં જપયજ્ઞોઅસ્મિ ॥

(ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે) યજ્ઞોમાં જપયજ્ઞ હું છું.

સતતં કીર્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥

જે લોકો નિરંતર મારું કીર્તન કે નામસ્મરણ કર્યા કરે છે અને એ દ્વારા મારી ઉપાસના કરે છે, તેમજ કાયમ એ ઉપાસનામાં લાગ્યા રહે છે, તેઓનાં યોગ–ક્ષેમ એટલે ભરણ પોષણ તથા કલ્યાણ હું જ (પરમેશ્વર) કરું છું.

મધુરં મધુરેભ્યોઅપિ મંગલેભ્યોઅપિ મંગલમ્ ।
પાવનં પાવનેભ્યોઅપિ હરેર્નામૈવ કેવલમ્ ॥

કેવલ શ્રીહરિનું નામ જ મધુર પદાર્થો કરતાં પણ મધુર છે, બધાં મંગલો કરતા પણ મંગલ છે અને સર્વ પવિત્ર કરનાર કરતાં પણ પવિત્રકારક છે.

આ બ્રહ્મસ્તમ્બ પર્યન્તં સર્વં માયામયં જગત્ ।
સત્યં સત્યં પુનઃ સત્યં હરેર્નામૈવ કેવલમ્ ॥

બ્રહ્માથી માંડી છેક ઘાસની સળી સુધીનું સર્વ જગત માયામય હોઈને ખોટું જ છે, માત્ર શ્રીહરિનું નામ જ સત્ય છે, સત્ય છે, ખરેખર સત્ય છે.

નિઃશ્વાસે નહિ વિશ્વાસઃ કદા રુદ્ધો ભવિષ્યતિ ।
કીર્તનીયમતો બાલ્યાત્ હરેર્નામૈવ કેવલમ્ ॥

શ્વાસમાં વિશ્વાસ નથી જ, કેમ કે એ શ્વાસ કયારે રોકાઈ જશે તેનો ભરોસો નથી; માટે બાળપણથી માંડીને માત્ર શ્રીહરિનું નામ જ ઉચ્ચાર્યા કરવું જોઈએ.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

॥ શ્રી દામોદરમદનમોહનૌ પ્રભુ વિજયેતે ॥

॥ શ્રી વલ્લભાધીશો જયતિ ॥ ॥ જયતિ શ્રી વિઠ્ઠલેશ્વરઃ ॥

શ્રી મહાપ્રભુજીનો પ્રાકટ્યોત્સવ ચૈત્ર વદ એકાદશી, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે તો ખુબ જ મહત્વનો અવસર છે. આ ઉત્સવને આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવીએ, સાથે સાથે આ અવસર પર શું કર્તવ્ય (કરવું જોઈએ) અને શું અકર્તવ્ય (ન કરવું જોઈએ) તેનો વિવેક કેળવીએ.

ગ્રામ્ય સ્તરે શું કરવું ?

[૧] **સ્વચ્છતા :–** રસ્તા પર થુંકવુ–મલમૂત્ર કરવા, ઘરની ગંદકી રસ્તા પર ફેંકવી, ગંદા પાણીના ખાબોચિયા તેમાં બણબણતા મચ્છર અવું દૂષિત વાતાવરણ રોગોને નોતરે છે. સ્વચ્છતા અભિયાન દ્વારા ગામને સ્વચ્છ બનાવીએ અને ફરી ગંદકી ન થાય એ માટે લોકોને જાગૃત કરીએ.

[૨] **જલસંચય :–** ચૈત્ર માસ જલસંચયની વ્યવસ્થા કરવા માટેનો શ્રેષ્ઠ સમય છે. વરસાદનું પાણી ગળાઈને ભૂમિમાં જાય એવી વ્યવસ્થા, નાના ચેકડેમો બાંધવા, જે તળાવોમાં પાણી ન રહેતું હોય તેવા તળાવોનું સમારકામ કરાવવું તથા ઉંડા તળાવ કરાવવા જેમ કે માણાવદર તાલુકાના સણોસરા ગામનું તળાવ, જે ડેમમાં કાંપ ભરાઈ ગયુ હોય તેની સફાઈ કરાવવી જેમ કે આણંદપુર ડેમ આ સર્વ કાર્ય માટે બને તેટલી સરકાર પાસેથી પણ સહાય લેવી.

[૩] **વૃક્ષારોપણ કરો–બાવળ હટાવો :–** બાવળના મૂળ ઘણે ઉંડે જઈને જમીનનું પાણી ચૂસી લે છે. તેથી ઠેર ઠેર ગોચરભૂમિમાં ઉગી નીકળેલા બાવળ હટાવી ઉપયોગી વૃક્ષો વાવવામાં આવે.

[૪] **ગોશાળા તથા ગાયોની ઓળખ :–** જે ગામમાંથી એકપણ ગાય કે બળદ રઝળતા રહે છે કે કસાઈ પાસે જાય છે એ ગામમાં સુખ–શાંતિ–સમૃદ્ધિ કયારે પણ નહીં આવી શકે. પ્રત્યેક ગામમાં ગોશાળા તેમજ પ્રત્યેક વ્યક્તિની સજગતા એ જ ગોરક્ષાનો ઉપાય છે. પ્રત્યેક ગામમાં એક સુવ્યવસ્થિત ગોસેવા સમાજની સ્થાપના કરવામાં આવે. તદુપરાંત ગામના પ્રત્યેક ગાય–બળદની ઓળખ કોઈ એક ચિહ્નના રૂપમાં આપવામાં આવે જેની નોંધ પંચાયત પાસે રહે.

વ્યક્તિત્વ વિકાસ માટે શું કરવું ?

[૧] **બાળકોનો સર્વાંગીણ વિકાસ :–** બાળકોના સર્વાંગીણ વિકાસ માટે

(ક) ગામની શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધરે તે માટે શિક્ષકો–વિદ્યાર્થીઓ તથા વાલીઓએ

ધ્યાન આપવું.

(ખ) શારિરીક સ્વસ્થતા માટે રમત ગમત આવશ્યક છે તેથી પ્રત્યેક ગામમાં રમતની સુવિધાયુક્ત મેદાન તથા બગીચા બનાવવામાં આવે.

(ગ) બાળકો પોતાના વડીલો તેમજ મિત્રો પાસેથી ગુટખા તમાકુ ખાવા, ગાળો બોલવી જેવા દુર્ગુણો શીખે છે. બાળકો આવા દુર્ગુણોથી મુક્ત રહે એવા વાતાવરણનું નિર્માણ કરવું. દરેક બાળકને ગાયનું દૂધ મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

[૨] **વ્યસન મુક્તિ :–** ગુટખા, તમાકુ, બીડી, સીગારેટ, દારૂ આ બધા આપણા શરીર અને બુદ્ધિને ઉધઈની માફક કોરી ખાતા સડા છે. સ્વસ્થ વ્યક્તિ અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે તેમજ સ્વસ્થ વિચારધારાના પ્રચાર માટે વ્યસનમુક્તિ અનિવાર્ય છે.

[૩] **અંધશ્રદ્ધા નિર્મૂલન :–** દાણા, છાયા, ભૂત, પ્રેત, માતાજી આવવા, કોઈના શરીરમાં કોઈનું આવવું, પુગ્યું કે ન પુગ્યું આ બધા આપણી બુદ્ધિમાં પેસેલા વહેમો છે. ધર્મશાસ્ત્રોમાં તથા ભગવાનમાં શ્રદ્ધા આપણને આત્મવિશ્વાસ– અભય– શાંતિ આપે છે, તેનાથી વિપરીત અંધશ્રદ્ધા આપણને આત્મગ્લાનિ– ભય– અશાન્તિ– દુઃખ જ આપે છે. અને આપણા આલોક પરલોક બધાને બગાડે છે. સમાજને અંધશ્રદ્ધાના દૂષણમાંથી મુક્ત કરીએ.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તરીકેના આપણા વિશિષ્ટ કર્તવ્યો :

શ્રી મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર જીવન જીવવું એ પ્રત્યેક વૈષ્ણવનું પરમ કર્તવ્ય છે. મહાપ્રભુજીના મતે આપણું જીવન કેવું હોવું જોઈએ તે સમજવા માટે **(૧) પરીક્ષા કાર્યક્રમ :** શ્રી પુરૂષોત્તમ પાઠશાળા, જુનાગઢ સંચાલિત પરીક્ષા કાર્યક્રમમાં જોડાઓ **(૨) પાઠશાળા :** ગામે ગામ નિત્ય અથવા સાપ્તાહિક પાઠશાળાનું કેન્દ્ર ચલાવો **(૩) નિત્ય નિયમ જપ પાઠ :** દરરોજ સવારે વહેલા ઉઠી ન્હાઈને તિલક કરી ઓછામાં ઓછું 'અષ્ટાક્ષરમંત્ર'ની એક માળા શ્રી સર્વોત્તમ સ્તોત્ર, શ્રી યમુનાષ્ટક, કૃષ્ણાશ્રય તથા ચતુઃશ્લોકી આટલા પાઠ અવશ્ય કરવા અને હંમેશા આપણા ગળામાં તુલશીની કણ્ઠી તો હોવી જ જોઈએ. વૈષ્ણવનું ગળુ તુલશીની કણ્ઠી વિનાનું કયારેય ન હોઈ શકે. **(૪) નિત્ય ભગવદ્વાર્તા સત્સંગ :** દરરોજ / અઠવાડીયે અથવા એકાદશીએ ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તા, શિક્ષાપત્ર, ગીતા, ભાગવત્ આદિનું અવગાહન થવું જોઈએ.

સદાચાર સદ્વિચારયુક્ત વ્યક્તિઓથી જ સમાજનું નિર્માણ થાય છે. શ્રી મહાપ્રભુજીના પ્રાકટયોત્સવના ઉપલક્ષમાં આપણી રતિ– મતિ– કૃતિમાં શ્રી મહાપ્રભુજીએ આપણને બતાવેલી જીવન પ્રણાલી વણાઈ જાય એ જ શુભકામના– આશીર્વાદ.

ગોસ્વામી શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ

ગોસ્વામી શ્રી પિયૂષબાવા

મોટી હવેલી, જુનાગઢ.

સમાચાર

◎ રાજકોટમાં અષ્ટછાપ કીર્તન સંમેલન ◎

" પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના આશિર્વાદથી તેમજ આપશ્રીના અધ્યક્ષ સ્થાને એવં પૂ.પા.ગો.શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીની પ્રેરણા તથા નિદેર્શન નીચે "અષ્ટછાપ કિર્તન સંમેલન" નો સુંદર કાર્યક્રમ દિ. ૧૪–૧૫/૫/૯૮ ના બે દિવસોએ અત્રેના અરવિંદભાઈ મણીયાર હોલમાં યોજાયેલ. આ કાર્યક્રમમાં દેશભરમાંથી પ્રસિદ્ધ કલાકારો–કિર્તનકારોને આમંત્રણ આપવામાં આવેલ. રાજકોટના વૈષ્ણવ શ્રી ચંદ્રકાંતભાઈ એન. શેઠ પરિવારના સૌજન્યથી ઉક્ત કાર્યક્રમનું આયોજન થયેલ.

– પ્રારંભને દિવસે સંમેલનનું ઉદ્‌ઘાટન પૂ.પા.શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીના કરકમલો દ્વારા શ્રીનાથજીના ચિત્રજીને પુષ્પમાલા ધરાવીને થયેલ. આપશ્રીએ પ્રસંગને અનુરૂપ મનનીય વચનામૃત કરેલ.

– પૂ.પા.ગો.શ્રી રસિકરાયજી મહારાજ (પોરબંદર–મથુરા–રાજકોટ)ને વિનંતી કરેલ અને આપશ્રીએ મંડળને મનોરથી શ્રી ચંદ્રકાંતભાઈ શેઠને પ્રસન્નતાથી ધન્યવાદ આપેલ અને પ્રાસંગિક વચનામૃત કરેલ. ત્યારબાદ આપશ્રીએ સુમધુર કંઠથી કિર્તન ગાન કરી સંમેલનનો પ્રારંભ કરેલ.

– ઉપરોક્ત સંમેલનમાં આમંત્રણને માન આપી કીર્તનકારો :

○ શ્રી પન્નાલાલજી (નાથદ્વારા)
○ શ્રી મુરારીલાલ ચતુર્વેદી (મથુરા)
○ શ્રી કેશવદેવ કટારે (મુંબઈ) શ્રી જમનાપ્રસાદ શર્મા (મુંબઈ)
○ શ્રી ભગવતીપ્રસાદ ગાંધર્વ (વડોદરા)
○ શ્રી દામોદરદાસ બાપોદરા (હાલ રાજકોટ)
○ શ્રી વ્રજદાસ કંસારા (જુનાગઢ) (પખાવજ)
○ શ્રી ઘનશ્યામભાઈ સોની (રાજકોટ) (હારમોનિયમ)
○ શ્રી લાલદાસભાઈ રાજપરા (રાજકોટ) (તંતુવાદ્ય)
○ શ્રી ભરતકુમાર સોની (રાજકોટ) (પખાવજ)
○ શ્રી શિંગાળા, વ્યાસભાઈ, દવેભાઈ (તાનપુરા)

ઈત્યાદિ કલાકારોએ વિવિધ રાગોમાં કિર્તન પદની રજુઆત કરેલ અને ઉપસ્થિત શ્રોતાવૃંદની દાદ મેળવેલ.

– બીજે દિવસે પૂ.પા.શ્રી ગોવિંદરાયજીબાવાશ્રી, પૂ.નિલમરાજા તથા પૂ.પા.શ્રી પુરૂષોત્તમલાલજી બાવાશ્રી (પૂ. પંકજબાવાશ્રી) એ વિવિધ રાગોમાં કિર્તન ગાન કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરેલ. ત્યારબાદ ઉપરોક્ત કલાકારોએ અલગ અલગ રાગોમાં નિત્યના પદ, વધાઈગાન કરી શ્રોતાઓને પ્રસન્ન કરી દીધેલ.

– સમાપનને દિવસે આમંત્રિત કલાકારોને શાલ, ધોતી, ઉપરણા તેમજ રોકડ પુરસ્કાર પૂ.પા. શ્રીગોવિંદરાયજી બાવાશ્રીએ પ્રદાન કરેલ અને સન્માન કરેલ.

– ઉપરોક્ત કાર્યક્રમમાં પૂ.પા. શ્રી રાજીવલોચનજી, પૂ.પા. શ્રી ગોપીશબાવાશ્રી, પૂ.પા.ભાગવત બાવાશ્રી, પૂ.પા.શ્રી કુંજરાયજી બાવાશ્રી, પૂ.પા.શ્રી ગિરધર બાવાશ્રી, પૂ.પા.ચિ.શ્રીપરાગ બાવાશ્રી, પૂ.ચિ. રુચિર બાવાશ્રી, પૂ.પુરૂષોત્તમબાવાશ્રી (જુનાગઢ), પૂ. પંકજબાવાશ્રી, પૂ. પ્રણવબાવાશ્રી, પૂ. રસિકરાયજી (પોરબંદર), પૂ. નિલમબેટીજી, પૂ. ભામિની રાજા, પૂ. રીતુ રાજા બિરાજી કાર્યક્રમની શોભા અલૌકિક બનાવેલ.

* * *

ડોંબીવલી :– તા. ૧–૫–૯૮ શુક્રવારથી તા. ૮–૫–૯૮ શુક્રવાર સુધી કલ્યાણ ડોંબીવલીના વૈષ્ણવ સમાજ દ્વારા એક સુંદર આયોજન શ્રીસર્વોત્તમ રસપાન શ્રીસર્વોત્તમ સ્તોત્રનો સંગીતમય અલૌકિક કાર્યક્રમ રાખ્યો હતો. તે વખતે ગો.શ્રી પરમપૂજય શ્રીવિજયકુમારજી (દામોદરલાલજી)એ શ્રીસર્વોત્તમ સ્તોત્રનું વિવરણ સુંદર શૈલીમાં કર્યુ હતું. આ રસપાન કરાવતા એક એક નામ ઉપરથી સારગર્ભિત નામની વ્યાખ્યા કરી ભાવિક વૈષ્ણવોને સુંદર શૈલીમાં રસપાન કરાવેલ હતું. સાથે સાથે સારગર્ભિત સિદ્ધાંતો સેવા પ્રણાલિકા વિગેરે આપશ્રીએ વચનામૃત દ્વારા સ્વભક્તોને આનંદ કરાવ્યો હતો. ભાવિકોના હૃદય સુધી રસ પહુંચે તેવી ભાવનાપૂર્ણ વ્યાખ્યા કરી હતી.

આ અલૌકિક આયોજનથી વૈષ્ણવ સમાજમાં નવ જાગૃતિ આવી હતી અને સ્વમાર્ગે ચાલવા કટીબદ્ધ થવા પ્રેરણા લીધી હતી. શ્રી સર્વોત્તમજીના પ્રત્યેક નામ ઉપર વિષયને અનુરૂપ આપશ્રીના વહુજી પૂ.પા.અ.સૌ. રશ્મિ કુમુદિની વહુજીએ સમય સમય પર સ્વર સુધા આપના સ્વરચિત કીર્તનો ધોળ પદોનું ગાન ગવડાવી વૈષ્ણવને આનંદ આપ્યો હતો. આપનો સુમધુર સ્વરથી ધુન ગવડાવી વૈષ્ણવને ભાવવિભોર બનાવી દીધા હતા.

આ આયોજનમાં આપશ્રીનાં આત્મજ ગો.ચિ. શ્રીહરીરાયજી તથા ચિ. દર્શનકુમારજી, ચિ. પ્રિતીરાજા તથા ચિ.ગો. ઈનાક્ષી રાજાએ પધારીને સર્વોત્તમ સ્તોત્રનો સામુહિક પાઠ કરાવીને સર્વને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

નાથદ્વારામાં શ્રીકુંભનદાસજી, શ્રીચતુર્ભુજદાસજી કીર્તન સમારોહ

નાથદ્વારાનાં આંગણે અભુતપૂર્વ આયોજન પૂ.પા.ગોસ્વામી ૧૦૮ શ્રી વાગીશલાલજી (કાંકરોલી)ની અધ્યક્ષતામાં અને નગરઠઠ્ઠાવાળા શ્રી વિઠ્ઠલદાસજી કારાણીના સંયોજનથી કુંભનદાસજી અને ચતુર્ભુજદાસજી કિર્તન સમારોહનું અતિ ભવ્ય પુષ્ટિમાર્ગીય પરંપરા અનુસાર આયોજન તા. ૨૩ થી ૨૫ એપ્રીલ સુધી નાથદ્વારા મુકામે શ્રીયશોદાનંદન બાગમાં સંપન્ન થયો. શ્રીગોવર્ધનધરણની પાવન નગરીમાં આ પ્રકારનું આયોજન અને એમાં પણ કાંકરોલી યુવરાજની અધ્યક્ષતાએ અતિ આનંદ અને ઉલ્લાસની લાગણીનું વાતાવરણ છવાઈ ગયું હતું. આવા મહાનુભાવોના જીવના વિશે અનેક કિર્તનકારોએ પોતપોતાની શૈલી અને સ્વરોમાં કિર્તનગાન કરી વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.

■ ■ ■

થાનગઢમાં આં.પુ.વૈ.પરિષદ દ્વારા દમ (અસ્થમા) નિદાન કેમ્પ

થાનગઢ ખાતે આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ આયોજીત "અસ્થમા ફ્રી નિદાન કેમ્પ" નું આયોજન તા. ૨૯–૫–૯૮ ના રોજ કરવામાં આવ્યુ હતું. જેમાં તબીબી સેવા મુંબઈના ડૉ.નવીનભાઈ એસ.ચતવાણીએ લગભગ ૨૬ દર્દીઓને તપાસી યોગ્ય નિદાન કરી સારવાર લખી આપી. પ્રમુખ શ્રી હેમુભાઈ કોટેચા, ડૉ. ઘનશ્યામભાઈ મેંઢાએ હાજર રહી માર્ગદર્શન પુરૂ પાડેલ.

■ ■ ■

ગુજરાત સરકારને વૈષ્ણવોનું આવેદનપત્ર

માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત સરકાર,
ગાંધીનગર (ગુજરાત)

૧. આરઝી હકુમત જૂનાગઢના સંદર્ભમાં આદર્શ ધર્માચાર્ય ગોસ્વામી શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી (મોટી હવેલી, જૂનાગઢ) એ આપેલ અપૂર્વ યોગદાનનો યોગ્ય મૂલ્યાંકન સાથે ઉલ્લેખ કરી તેનો સમાવેશ પાઠય પુસ્તકમાં થવો જોઈએ.

૨. બેટ–શંખોદ્વારને મુખ્યભૂમિથી જોડતા પૂલનું નિર્માણ મેંદરડા (ઓખા મંડલ) થી થવું જોઈએ. અને તેનું નામ "શ્રી દ્વારકાધીશ સેતુબંધ" હોવું જોઈએ.

ઉપરોક્ત બંને માંગણીઓ હજારોની સંખ્યામાં સહીઓ કરીને આ પૂર્વ સરકારશ્રી પાસે મોકલી જ છે.

શ્રી યમુનાજી તથા વ્રજમંડલની અલૌકિક ગરિમા જાળવી રાખવા મ.પ્ર. સરકારને આવેદન

વન્દે વ્રજવસુન્ધરામ્

માનનીય મુખ્ય મંત્રીશ્રી ઉત્તરપ્રદેશ સરકાર
સચિવાલય લખનઉ.

શ્રી ગિરિરાજજી (ગોવર્ધન) એવં શ્રીયમુનાજી કી ધાર્મિક મર્યાદા કી રક્ષા એવં વ્રજ મંડલ કે વિકાસ કે લિયે દેશકે અનેક ભાગોસે હજારો કી સંખ્યામેં હસ્તાક્ષર યુક્ત આવેદન આપકો પ્રેષિત કીયે ગયે હે.

પ્રસ્તાવ

૧. ભગવાન શ્રીકૃષ્ણ કી જન્મસ્થલી તથા લીલાસ્થલી વ્રજમંડલકો તીર્થસ્થલ માન્યતા દી જાયેં.

૨ વ્રજમંડલમેં ૩૩ કરોડ દેવતાઓં કા નિવાસ હે ઔર સભી તીર્થસ્થલ મૌજુદ હે ઉનકા વિકાસ કરાયા જાયે.

૩. શ્રી યમુનાજીકો વ્રજમેં ભગવાન શ્રીકૃષ્ણ કી પટરાની કે રૂપમેં શ્રદ્ધાલુઓ દ્વારા પૂજા જાતા હે ઐસી શ્રદ્ધા કી કેન્દ્ર શ્રીયમુનાજીકો પ્રદૂષણ મુક્ત કરાયા જાયેં તથા શ્રીયમુનાજીકે ઐતિહાસિક ઘાટોં કા જીર્ણોદ્ધાર કરાયા જાયેં.

૪. શેરગઢ, વૃંદાવન, મથુરા વ ગોકુલ કે ઘાટ પર શ્રીયમુનાજી પ્રવાહિત હોતી રહેં જિસસે શ્રદ્ધાલુઓકો પૂજન વ દર્શન કરને મેં સુવિધા રહે.

૫. શ્રી ગિરિરાજજીકી તલહટી એવં શ્રી ગિરિરાજજી પર કિસી ભી પ્રકારકા નિર્માણ, છેદન વ પ્રદુષણ ન હોને દિયા જાયે ઔર ગિરિરાજજી પરસે સાર્વજનિક માર્ગ કો પરિવર્તિત કિયા જાયે.

૬. વ્રજમંડલમેં સભી સ્થાનો પર વૃક્ષારોપણ કરવાયે જાયે જિસમેં બબૂલ કે વૃક્ષો કો હટાકર કદમ્બ આદિ કે વૃક્ષ લગાયે જાયે.

૭. વ્રજ ચોરાશી કોસ પરિક્રમા માર્ગ કો સુરક્ષિત એવં સુવિધાપૂર્ણ કિયા જાયે તથા વ્રજ યાત્રા પડાવ સ્થલ સુનિશ્ચિત વ સુરક્ષિત કિયે જાયે જિસમેં પાની બિજલી કી વ્યવસ્થા હો તથા ચહુંઔર વૃક્ષાવલી લગાઈ જાયે.

૮. વ્રજ કે લુપ્ત હો રહે તીર્થો કી સુરક્ષા તથા તીર્થો કા જીર્ણોદ્ધાર કિયા જાયે ઔર કુંડ, સરોવરોમેં સ્વચ્છ જલ સદૈવ ભરા રહે તથા વ્રજ કે ઐતિહાસિક વનોં કી સુરક્ષા કી જાયે.

૯. ગોપાલક ભગવાન શ્રીકૃષ્ણકી ક્રીડા સ્થલી વ્રજમંડલમેં કિસી પ્રકાર કે પશુ વધ કેન્દ્ર કો ન ચલને દિયા જાયે ઔર ગૌવંશ કી હત્યા કો સખ્તી સે રોકા જાયે.

૧૦. સંપૂર્ણ વ્રજમંડલમેં ગૌસંવર્ધન વ ગોપાલન એવં ગૌરક્ષા કા આદર્શ સ્થાપિત હો.

પ્રસ્તાવક
ગોસ્વામી શ્રીકિશોરચંદ્રજી શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજ
મોટી હવેલી, જુનાગઢ. (સૌરાષ્ટ્ર)

તા. ૧૦ માર્ચ ૧૯૯૮ કો ગોવર્ધનમેં સન્ત સંમ્મેલનમેં તથા હરિદ્વાર કે કુંભ કે અવસર પર ઈસ પ્રસ્તાવકો અનુમોદિત કિયા ગયા હે.

ઈસ પ્રકાર યહ ભારતકી સમગ્ર જનતાકી માંગ હે. હમ આશા કરતે હૈ કિ હમારી ઈસ માંગ કો શીઘ્ર ધ્યાનમેં લિયા જાયેગા. હમ ઈસ કાર્યમેં પૂર્ણ સહયોગ કે લિયે તત્પર હે.

વૈષ્ણવ પરિષદ–પ્રચાર સંમેલન અને અન્ય આયોજનો

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિચારોનો પ્રચાર–પ્રસાર કરવા અને વૈષ્ણવ પરિષદના સંગઠનનો વ્યાપ વધારવાના શુભ આશયથી પ્રસ્તુત આયોજનો અંગે સંગઠન મંત્રીએ અત્રે મુલાકાતમાં જણાવ્યું છે.

૧. સોમયજ્ઞના ટાણે દાહોદ ખાતે આં.પુ.વૈ.પ.નું એક પ્રચાર સંમેલન પૂ.પાદ ગો. શ્રીગોકુલઉત્સવજી મહારાજશ્રીના સાંનિધ્યમાં ૭ મી જુન રવિવારે સવારમાં યોજવામાં આવ્યું છે.

૨. અષ્ટાક્ષર મંત્રે સ્ટીકર્સ અભિયાનમાં ત્રણ જિલ્લામાં મળેલી ભવ્ય સફળતા પછી હવે સાબરકાંઠા અને ભરૂચ જીલ્લામાં સ્ટીકર્સ વિતરણનું આયોજન ૧૪–૧૫ જુનના રોજ નક્કી કરવામાં આવ્યું છે.

૩. સંગઠનાત્મક અને અન્ય આયોજનોનો વિચાર કરવા માટે શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠના અધ્યક્ષસ્થાને ૨૦–૨૧ જુનના રોજ અમદાવાદ ખાતે કેન્દ્રીય કારોબારીની મીટીંગ રાખવામાં આવી છે.

૪. વડોદરા શહેરના વૈષ્ણવ પરિષદના કાર્યકરોનું એક સ્નેહ–સંમેલન જુન ૨૮ ના રોજ સ્ટીકર્સ અભિયાનની સમીક્ષા માટે બોલાવવામાં આવ્યું છે.

૫. ગુજરાત વ્યાપી યોજાયેલી શ્રીવલ્લભ વક્તૃત્વ–નિબંધ સ્પર્ધાની અંતિમ સ્પર્ધા વડોદરા ખાતે જુલાઈ માસમાં યોજવામાં આવનાર છે.

* * *

" પૂ.પા.ગો.શ્રી વાગીશબાવાશ્રીનું લગભગ એકસો ફુલમાળાથી સન્માન "

શ્રી દ્વારકાધીશ પ્રભુ છપ્પનભોગ પ્રસ્તાવ સમિતિના ઉપક્રમે પૂ.પા.ગો. શ્રીવાગીશબાવાશ્રીના જન્મદિન ૫૨ યોજાયેલો આશિર્વાદ સમારોહ અનેરા ઉત્સાહમય–ઉલ્લાસમય વાતાવરણમાં ભવ્ય રીતે સંપન્ન થયો. આ સમારંભમાં ગુજરાત અને અન્ય પ્રાંતોના વૈષ્ણવો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ભજન સંધ્યાના કાર્યક્રમ પછી આં.પુ.વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના અગ્રણિઓ અને વૈષ્ણવ સૃષ્ટિએ લગભગ એકસો ફુલમાળા દ્વારા પૂ.ગો.શ્રી વાગીશબાવાશ્રીનું સન્માન કરવામાં આવ્યુ હતુ. વળી વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના અગ્રણિઓ પ્રો.ચીમનભાઈ શેઠ અને શ્રી સી.પી. તલાટીએ તેઓશ્રીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતું.

* * *

" યે શેરો કા માર્ગ હૈ–ગીદડોકા માર્ગ નહિ હૈ "

સોમયાજી પૂ.શ્રી ગોકુલઉત્સવજી મહારાજશ્રી

" યે શેરો કા માર્ગ હૈ–ગીદડોકા માર્ગ નહિ હૈ, સિંહ વનરાજ હૈ અને વૈષ્ણવો વૈષ્ણવરાજ હૈ " એ પ્રકારે પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રણેતા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જીવન પ્રસંગ–તેઓના સિદ્ધાંતો– વિચારો– શ્રીગુસાંઈજી તથા શ્રીગોકુલનાથજીના જીવનના પ્રસંગોની વિસ્તૃત સમજ આપતાં સોમયાજી પૂ.પાદ ગો.શ્રી ગોકુલઉત્સવજી મહારાજશ્રીએ દાહોદ ખાતે પ્રા.ચીમનલાલ એમ. શેઠના અધ્યક્ષસ્થાને મળેલા આં.પૂ.વૈ.પ.– પંચમહાલ જીલ્લાના વૈષ્ણવોના સંમેલનમાં ઉચ્ચાર્યા હતા. સોમયજ્ઞનું મહત્વ સમજાવતાં યજ્ઞ વિશ્વશાંતિ, શુદ્ધ–સંસ્કારી વાતાવરણ બનાવવા– અને સમગ્ર સમાજને ભારતીય સંસ્કૃતિના રંગથી રંગવાના શુભ આશયથી યોજવામાં આવે છે. આં.પૂ.વૈ.પ. સાંપ્રદાયિક કાર્યોની સાથે સમગ્ર સમાજને સાથે રાખવાનો પ્રયાસ કરે છે. તે અત્યંત પ્રશંસનીય અને અભિનંદનીય છે. એ પ્રકારે તેઓશ્રીએ આશિર્વચનમાં જણાવ્યું હતું.

શ્રાવણ સુદ ૧૦ તા. ૩–૮–૯૮ સોમવાર : શ્રી કલ્યાણરાય પ્રભુ (વડોદરા)નો પાટોત્સવ.

શ્રાવણ સુદ ૧૧ તા. ૪–૮–૯૮ મંગળવાર : પુત્રદા–પવિત્રા એકાદશી. આજે ભદ્રા સવારે ૧૦–૫૪ સમયે સમાપ્ત થાય છે. અતઃ પ્રભુને પવિત્રાર્પણ સાંજે ભોગ સંધ્યામાં (જયાં વિલંબથી સવારે શૃંગાર–ગ્વાલ થતા હોય ત્યાં સવારે ૧૦–૫૪ પછી શૃંગાર–ગ્વાલમાં પવિત્રાર્પણ થઈ શકે છે.) ગો. શ્રી શશિકાન્ત બાવાશ્રી (બેંગ્લોર–મદ્રાસ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૫–૮–૯૮ બુધવાર : પવિત્રા દ્વાદશી. આજે ગુરૂને પવિત્રા ધરાવવા. ગો.શ્રી મથુરેશકુમારજી મહારાજ (મથુરા–પોરબંદર)નો તથા ગો.ચિ. શ્રીગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ–મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૪ તા. ૭–૮–૯૮ શુક્રવાર : શુકલ યજાુઃ તથા તૈત્તિરીય શાખાની શ્રાવણી આજે (સવારે ૯–૨૦ પછી પૂર્ણિમા અને સવારે ૧૧–૪૪ પછી શ્રવણ નંક્ષત્ર બેસે છે.)

શ્રાવણ સુદ ૧૫ તા. ૮–૮–૯૮ શનિવાર : શ્રાવણી પૂર્ણિમા, રક્ષાબંધન, રાખીપૂનમ, (આગલી રાત્રે શુક્રવારે ૨૦–૩૪ સમયે ભદ્રાની સમાપ્તિ હોઈ) આજે સવારે શૃંગાર–ગ્વાલમાં શ્રીપ્રભુને રક્ષાબંધન કરવું.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદી ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૬૧. પ્રભુના દર્શન બહુ દુર્લભ છે.

ભગવાનની તો ઘડી એકમાં કરોડો અવસ્થા બદલાય છે, માટે તે અવસ્થાઓ આપણે જાણવા યોગ્ય નથી. કયારેક કયા ભાવમાં અને કયારેક કયા ભાવમાં બિરાજયા હોય ?

જયારે વૈરાગમાં બિરાજતા હોય ત્યારે ભક્તને માથે બિરાજતા હોય, છતાં દર્શન આપે નહિ, ને તે વૈષ્ણવને મળે નહિં, ત્યારે તે તાપ ક્લેશ કરીને મરે છેં કે મને દર્શન પ્રભુ આપતા નથી, ને મને મળતા નથી. આથી વૈષ્ણવ ખીજી ખીજીને મરે છે, પણ જાણતો નથી કે શ્રી લક્ષ્મીજી તો એમના ચરણ આગળ ગોથાં મારે છે, પણ પોતે વૈરાગ્યમાં કોઈનો અંગીકાર કરવાનો મનોરથ કરતા નથી.

ત્યારે શ્રી લક્ષ્મીજી કહે છે કે, કોઈ વૈષ્ણવને ઘેર રાજાધિરાજા થઈને બેઠા છે, કે જયાં હજારો વૈષ્ણવો દર્શન કરવા આવે છે. જે કોઈ આવે તે તમને ગમે છે, તે ગમે તેને ત્યાં પ્રેમ હોય તો જાય છે, ને ઘરમાં છે, તે તો બીજે છે.

જેને ઘેર આપશ્રી સાક્ષાત્ બિરાજે છે, તેને ઘેર વૈષ્ણવો દર્શન કરવા આવે છે, ત્યારે ત ભીડને લીધે કહે છે કે, શીદ આવો છો ? પણ પ્રભુની રુચિ વિના કોઈ આવે નહિં. ભક્તો પ્રભુના મોં સામુ જુએ છે, ને પ્રભુને વિનવે છે કે ગમે તે લીલા કરો. ત્યારે તે દાસ ખરા. એને દાસ બહુ ગમે છે.

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PRE-PAYMENT TO POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY,
NEHRU ROAD, VILLE PARLA
(EAST), BOMBAY 400057
આ.ગ્રા.નં.૧૫૮

ઉર–અભિલાષા (ગરબી)

દરશન દ્યોને દાસને, મારા ગુણનિધિ ગિરિધારીલાલ;
નાથ નિવારો રે ત્રાસને, આપો આપ ઉપર અતિ વાહાલ
શ્રી નટવર નંદન રે નંદના, ભાવે મુને મદન મનોહર રૂપ;
ચિત્ત ના ચોંહોટે રે માંહેરૂં, અનુભવ વ્યાપક બ્રહ્મ અનૂપ
જપુ નહીં અજપા જાપને, ન ગમે સુણવો અનહદ નાદ;
યજ્ઞ સમાધિરે ના ગમે, ન ગમે સ્વર્ગ મુક્તિના સ્વાદ
અન્ય ઉપાસન રે ના ગમે, વિના એક પૂરણ પુરણ પુરૂષોત્તમ;
ફીકાં લાગે રે સાધન સહુ, પડી મુને પ્રેમ ભક્તિમાં ગમ
(મુને) શ્રીવલ્લભ સુતરે ગુરૂ ગમ્યા, સહુ વિધિ શ્રીકૃષ્ણજી સમાન;
જીવના સાધન રે ના જુવે, વાહાલોં નિજબળે કરે નિજાનંદ દાન
સરવ તપાસ્યુ રે ફરી ફરી, કિંચિત કયહું ના દીઠો સાર;
સુખ એક દીઠું રે સરવથી, સેવા સમરણ નંદકુમાર
શ્રી મહાપ્રભુજીની કાનીથી, મુજ પર રીઝો રાધાનાથ;
સમૂળ અવિદ્યારે તો ટળે, હરિજી ઝાલો જો મુજ હાથ
શ્રી વૃંદાવનની રે કુંજમાં, જાંહા કરો જુગલ કિશોર વિલાસ;
દાસ 'દયા' ની રે વિનતી, (મુને) દાસી કરી રાખો નિજ પાસ

— ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા શ્રી વલ્લભસુધા
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : શ્રી રવજીભાઈ પ. પટેલ 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–પ.
સહાયક તંત્રી : શ્રી વસંતભાઈ ન. વોરા. દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–ર. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : મેનેરા કોમ્પ્યુસ્કેચ રાજકોટ. ફોન : ૨૯૨૨૯૮.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૭ અંક : ૫ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ઓગષ્ટ, ૧૯૯૮

વચનસુધા

" કર્મરૂપ ભગવાન પોતે જ છે. જો આમ ન હોય તો જીવ તેમની સાધનોથી સેવા ન કરી શકે. સાધન સંપત્તિથી શ્રી હરિ પ્રસન્ન થતા નથી. એમ શિક્ષાપત્રમાં શ્રી હરિરાયજી જણાવે છે. જે (શિક્ષાપત્ર) શ્રીવલ્લભાચાર્યજીની વાણીનું વિસ્તૃત વર્ણન છે. તેમજ સેવા થકી સદાચારને સહુ અનુસરી શકે. આ વાત સંઘજીભાઈ મોચીની વાતમાં જામનગરના ચરિત્રમાં સ્પષ્ટ છે.

સેવામાં વિહિત (નિર્ધારિત) પાઠો કરવા અને વૃથાલાપ ન કરવો આ પ્રણાલી મનના નિગ્રહ માટે છે. આમ મુખરતા દોષથી બચી શકાય, છતાં આજે વાણીનો પુરતો વિચાર પણ ઓછો જ છે. તોછડી ભાષાનો વપરાશ વધુ થવાથી આમાન્યા તૂટતાં સમાજને વિનય અને વિવેકનું વર્તન કેમ કરવું અને શા માટે કરવું તેની વિટંબણા છે.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી)ના વચનામૃત. શ્રી પ્રથમેશ વાક્સુધા પૃષ્ઠ ૨૧૨)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦

આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

શ્રાવણ વદ ૨ તા. ૯–૮–૯૮ રવિવાર : હિંડોલા વિજય

શ્રાવણ વદ ૩ તા. ૧૦–૮–૯૮ સોમવાર : ગો.શ્રી દ્વારકેશ મહારાજ (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જુનાગઢ) નો તથા ગોપાલલાલજી બાવાશ્રી (કામવન) નો તથા ગો.ચિ.શ્રી ગિરિધરલાલજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૧૪–૮–૯૮ શુક્રવાર : શયનમાં છઠ્ઠીનો ઉત્સવ. શ્રી વિષ્ણુસ્વામી પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૧૫–૮–૯૮ શનિવાર : શ્રી જન્માષ્ટમી વ્રત. ભારતીય સ્વાતંત્ર દિન. શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ. ગો.ચિ. શ્રી ગોકુલેશજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૯ તા. ૧૬–૮–૯૮ રવિવાર : શ્રી નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૧૭–૮–૯૮ સોમવાર : આજથી અમાસ સુધી બાળલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૧૮–૮–૯૮ મંગળવાર : અજા એકાદશી વ્રત. ગો.શ્રી કન્હૈયાલાલજી બાવાશ્રી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૧૯–૮–૯૮ બુધવાર : શ્રીરણછોડજી (ડાકોર)ના પલના વિજય ગો.શ્રી હરિરાયજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૩ તા. ૨૦–૮–૯૮ ગુરૂવાર : દ્વાપર યુગાદિ તિથિ. ગો.શ્રી રાકેશકુમાર મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૨૧–૮–૯૮ શુક્રવાર : શ્રી કાકા વલ્લભજીનો ઉત્સવ (સં. ૧૭૦૩) તથા લાલા લહેરી શ્રીગોપાલજીનો ઉત્સવ (સં. ૧૯૧૦)

શ્રાવણ વદ ૩૦ (અમાસ) તા. ૨૨–૮–૯૮ શનિવાર : કંકણાકૃતિ સુર્યગ્રહણ. સ્પર્શ સવારે ૬/૨૩ અને મોક્ષ ૬/૩૩ ગ્રહણ ગ્રસ્તોદિત હોવાથી શુક્રવાર તા. ૨૧–૮–૯૮ શુક્રવાર સૂર્યાસ્તથી વેધ લાગુ પડશે. સૂર્યાસ્ત પહેલા પ્રસાદ લેવાશે. જળપાન રાત્રે ૩/૨૨ સુધી કરી શકાશે. બાળક, વૃદ્ધ, રોગી, અશક્ત રાત્રે ૩/૨૨ સુધી ભોજન કરી શકશે. મોક્ષ થયા પછી સ્નાન કરી શુદ્ધ થવાશે.

ભાદરવા સુદ ૧ તા. ૨૩–૮–૯૮ રવિવાર : ચંદ્રદર્શન. ગો.શ્રી નવનીતલાલજી મહારાજશ્રી (ગોકુળ–કામવન–વિરમગામ) નો જન્મદિન.

ભાદરવા સુદ ૨ તા. ૨૪–૮–૯૮ સોમવાર : શ્રીરાધાષ્ટમીની વધાઈનો પ્રારંભ. (એકમને રવિવાર હોવાથી આજે)

ભાદરવા સુદ ૩ તા. ૨૫–૮–૯૮ મંગળવાર : સામવેદીની શ્રાવણી આજે, હરિતાલિકા, હરિયાળી, કેવડા ત્રીજ

ભાદરવા સુદ ૪ તા. ૨૬–૮–૯૮ બુધવાર : ગણેશ ચતુર્થી. (વૈષ્ણવો માટે વ્રત વર્જ્ય) ગો.ચિ. શ્રી રસિકવલ્લભજી (મથુરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૨૭–૮–૯૮ ગુરૂવાર : ઋષિપંચમી. દ્વિતીય સ્વરૂપ શ્રીચંદ્રવલીજીનો ઉત્સવ. ગો.ચિ.શ્રી ગોપીનાથ દીક્ષિત (મુંબઈ)નો જન્મદિન.

ભાદરવા સુદ ૬ તા. ૨૮–૮–૯૮ રવિવાર : ગો.ચિ. શ્રીયોગેશકુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

—અનુસંધાન પેજ ૩ ઉપર

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૫ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ ઓગષ્ટ , ૧૯૯૮

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

છઠ્ઠો અપરાધ : *"પ્રસાદી જલતેં આચમન ન કરે"* આચમન (કોગળા) સેવકી જલથી કરવા જોઈએ. પ્રસાદી જલ પીવામાંજ ઉપયોગ લેવાય. તેનાથી કોગળા ન કરાય. કરે તો અપરાધ પડે.

સાતમો અપરાધ : *"નહાય કે શિતલ જલસો પાંવ ધોવે"* નાહીને પોતાના કપડાં નિચોવતા વગેરેમાં પગ પર છાંટા ઉડે તે સેવકીના ચાલુ શિતલ (ઠંડા) જલથી પગ ધોઈને પછી જ તીલક આદી કરવા જોઈએ. નહીં તો અપરાધ પડે.

આઠમો અપરાધ : *"શ્રી ઠાકોરજીકે જલતેં (ખાસાના જલથી) હાથ ધોયે બીના મંદિરમેં ન જાય"* નહાઈ તીલક, ચરણામૃત લઈને ખાસાજલથી હાથ ધોયા બાદ જ શ્રીઠાકોરજીના નીજ મંદિરમાં જવું. નહીં તો અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતેં નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવોં તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ – શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃત્તિ

ભાષાંતર– પ.ભ. શ્રી બાબુભાઈ પી.નાયક, કડી

ગતાંકથી ચાલુ : પૂર્ણ ભગવદીયોમાં જે ઉત્તમ ગુણાતીત જ હોવાથી તેમનું હવે શ્રી મહાપ્રભુજી નિરૂપણં કરે છે.

ગુણાતીતયા શુદ્ધાન્ સચ્ચિદાનંદરૂપિણઃ ॥ ૧૬ ॥
સર્વાનેવ ગુણાન્વિષ્ણોર્વર્ણયન્તિ વિચક્ષણાઃ ।
તેઅમૃતો દાઃ સમાખ્યાતાસ્તદ્વાક્પાનં સુદુર્લભમ્ ॥ ૧૭ ॥

શબ્દાર્થ : ગુણાતીતયા– નિર્ગૂણપણે, શુદ્ધાન– શુદ્ધ, સચ્ચિદાનંદરૂપિણઃ– સચ્ચિદાનંદરૂપી, સર્વાનેવ– (સર્વાન્+એવ) બધા જ, ગુણાન– ગુણો, વિષ્ણોઃ– વિષ્ણુના, વર્ણયન્તિ– વર્ણન કરે છે, વિચક્ષણાઃ– બુદ્ધિવાન (વક્તાઓ), તે– તેઓ, અમૃતોદાઃ– અમૃત આપનાર અથવા અમૃત જેવું જલ આપનાર, સમાખ્યાતાઃ– કહેવાય છે, તદ્વાક્પાનમ્– તેમની વાણીનું પાન (શ્રવણ–સાંભળવું), સુદુર્લભમ્– અતિ દુર્લભ છે.

શ્લોકાર્થ : જેઓ નિર્ગુણપણાથી શુદ્ધ છે, સચ્ચિદાનંદરૂપ છે, તેવું જાણીને બુદ્ધિવાન વક્તાઓ શ્રીવિષ્ણુના બધા જ ગુણોનું વર્ણન કરે છે. તેઓનો ભાવ અમૃત જલ સમાન છે. તેઓના વચનામૃતનું પાન (શ્રવણ) અતિ દુર્લભ છે.

વિવરણ : જે ભગવદીયો *'તમુસ્તોતારઃ'*/ભગવાનના સ્વરૂપને સારી રીતે જાણીને ભગવાનની સ્તુતિ કરનારાઓ! સર્વની પૂર્વે રહેલા અને વેદના ગર્ભરૂપ ભગવાનને તમારા સર્વ જન્મો વડે પ્રસન્ન કરો. ભગવાનનું સ્વરૂપ ચિદ્રૂપ છે. તેમના નામને બધી રીતે જાણીને તેમના નામનો ઉચ્ચાર કર્યા કરો. (કદાચ ન જાણતા હો તો) જે ભગવદીયમાં ભગવત્ તેજ રહેલું છે એવા સારી બુદ્ધિવાળા ભગવદીયનું ભજન કરો. એટલે તે ભગવદીય તમને ભગવાનનાં નામનું અને સ્વરૂપનું માહાત્મ્ય તમને સમજાવશે.

'યસ્માત્ ક્ષરમતી તોહમ્'/ એટલે જે કારણથી હું ક્ષર તેમજ અક્ષરથી પણ ઉત્કૃષ્ટ (શ્રેષ્ઠ) છું. તેથી જ લોકમાં અને વેદમાં હું 'પુરૂષોત્તમ' એ નામથી પ્રસિદ્ધ છું.

'મન્નિષ્ઠં નિર્ગુણ સ્મૃતમ્'/ મારામાં જે રહેલું છે તે નિર્ગુણ છે.

'લોકવત્તુ લીલા કૈવલ્યમ્'/ ભગવાનની લોકના જેવી જે લીલા છે તે મોક્ષરૂપ છે.

ઉપરના વાક્યો જે શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને વ્યાસસૂત્રના છે તે ભગવાનના નામ, રૂપ અને ધર્મો ગુણાતીત છે. (નિર્ગુણ છે) એમ નિશ્ચય કરીને ભગવાનનું નામ સચ્ચિદાનંદાત્મક છે. ભગવાન તો ક્ષરા ક્ષરાતીત

પુરૂષોત્તમ્ છે. ભગવાનનું બધુ નિર્ગુણ છે. ભગવાનની લોકના જેવી લીલા મોક્ષરૂપ, ફલરૂપ, ગુણાતીત અને સ્મરણાદિક વડે બીજાઓને માટે મોક્ષ સિદ્ધ કરનાર છે. આ રીતે નિરૂપણ કરવાથી વિષ્ણુ પુરૂષોત્તમ્ ભગવાનના સર્વ ગુણો જે વક્તા વર્ણન કરે છે તે વક્તાઓનો ભગવદ્ ભાવ અમૃતના સમુદ્રના જળ જેવો સમજવો. ભગવાનના ગુણો જેવા કે ભગવાનની માખણચોરીની લીલા, ગોચારણ લીલા, વેણુવાદન, ગોવર્ધનધારણ લીલા વગેરે શુદ્ધ, ગુણાતીત, માયાસંબંધ રહિત અને નિત્ય હોઈ તે ભગવાનના સચ્ચિદાનંદરૂપનું વર્ણન કરે છે. ભગવાનના આવા ગુણોનું વર્ણન કરનાર ભગવદીયોનો ભાવ અમૃતના અથવા સુધાના સમુદ્ર જેવો જાણવો.

ભગવાને શા માટે માખણ ચોર્યું વગેરે પ્રયોજન જાણનાર ભગવદીયો ચતુર હોય છે. તેમનાં વાક્યોથી તેમની વાણીરૂપી અમૃતનું પાન કરવું. અર્થાત્ તેમની વાણી અંતઃકરણમાં સીધી જ પ્રવેશવા દેવી અને તેમના ઉપદેશને ગ્રહણ કરવો. તથા આદરપૂર્વક સાંભળવો; કારણ કે આવા ભગવદીયો મળવા બહુ જ દુર્લભ છે. માટે (જો તેવા ભગવદીયો મળી આવે તો) તેમની પાસે જઈ ભગવાનનાં નામ અને ગુણ જાણવા.

શ્રુતિમાં કહ્યું છે કે *‘મહસ્તે વિષ્ણોઃ સુમતિં ભજામહે’।* તે મહાન ભાગ્ય છે કે આવા ભગવદીયો સારી બુદ્ધિને જ ભજે છે. આમ કહી એવું સમજાવ્યું કે આવા મહાન ભગવદીયોની સુમતિ હોવાને કારણે તેઓ પૂર્ણગુણવાળા હોવાથી ભગવાન અને ભગવદ્ ભક્તિને જાણે છે.

તત્વસાગરમાં કહ્યું છે કે ‘સદ્ગુરૂ’નો સંગ થવો દુર્લભ છે. જો તેમનો સંગ થાય અને તેમની આજ્ઞા મળે ત્યારે જ દીક્ષા લેવાનો મહાન પ્રસંગ ઉભો થાય છે.’ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં સ્પષ્ટ કહ્યું છે કે ‘નિત્ય આનંદમય પુરૂષોત્તમ ભગવાનના ભગવદ્ સ્વરૂપનું જેને જ્ઞાન નથી તેના જ્ઞાન, કર્માદિ સર્વ વ્યર્થ છે.’

સર્વ પ્રાણીઓનાં ઈશ્વરરૂપ એવા મારા શ્રેષ્ઠ પરમ તત્વને જાણ્યા વિના મેં મનુષ્યદેહ ધારણ કરેલો છે તેમ માનીને મૂઢલોકો મારી અવજ્ઞા કરે છે. તેઓ નિષ્ફલ આશાવાળા, નિષ્ફલ કર્મવાળા, નિષ્ફલ જ્ઞાનવાળા અને વિવેકરહિત જાણવા, કારણ કે તેઓ રાક્ષસી, આસુરી અને બુદ્ધિને મોહ કરનારી પ્રકૃતિનો આશ્રય કરીને રહેલા હોય છે. (ગીતા અ. ૯ શ્લોક ૧૧–૧૨) નિત્ય આનંદમય પુરૂષોત્તમના ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન હોય તેને સહજપણે સર્વજ્ઞતા હોઈ સર્વભાવથી ભગવદ્ભજન કરવું તેને ગમે છે. ગીતાજીમાં કહેલું છે કેઃ

“ જે પુરૂષ વિવેકથી મને શ્રીપુરૂષોત્તમ સ્વરૂપે જાણે છે તે જ સર્વજ્ઞ બનીને સર્વ ભાવ વડે મને ભજે છે (મારી સેવા કરે છે) એમ હું માનું છું. (ગીતા અ. ૧૫ શ્લોક ૧૯)

સારાંશ : પોતાની જાતે અભ્યાસ કરવાથી જ્ઞાન–કર્માદિ વ્યર્થ કહ્યાં છે. માટે ગુરૂ પાસેથી ભક્તિપૂર્વક ભગવદુપદેશ ગ્રહણ કરીને પ્રભુમાં પુરૂષોત્તમપણાનું જ્ઞાન થાય ત્યારે સર્વજ્ઞતાની પ્રાપ્તિ થાય છે અને સર્વજ્ઞ બન્યા પછી સર્વભાવ વડે ભગવાનની સેવા કરે છે. ।।૧૭।।

ક્રમશઃ

કવિ દયારામનો વાણી–વૈભવ

નિ.લી.ગો. શ્રીગોવિંદરાયજી મહારાજ – પોરબંદર

મહાગુજરાતમાં અનેક સાહિત્યકારો, કવિઓ વગેરે જન્મ્યા છે, તેમાં ભક્ત કવિ દયારામનું સ્થાન અનેરું છે. એ નિર્વિવાદ સત્ય છે. કવિ બનવા માટે જો કે, વિદ્વતા હોવી જ જોઈએ એવું નથી. અભણ પણ કવિ હોઈ શકે છે. પરંતુ કાવ્ય શાસ્ત્ર, કવિ માટે કહે છે કે,

વિદ્વત્કવયઃ કવયઃ કેવલકવયન્તુ કેવલં કવયઃ ।
કુલજા યા સા જાયા કેવલ જાયા તુ કેવલ માયા ॥

વિદ્વતા એ કવિના કથનમાં ગૌરવતા, સૌષ્ઠવ, શ્રેષ્ઠ ઉર્મિઓ, વૈવિધ્ય વગેરે ઉદાત્ત ગુણો લાવે છે. એની કલાકૃતિ પારદર્શક હોય છે. કાવ્ય માટે પણ કહ્યું છે કે,

શ્લિષ્ટાસભઙ્ગા સદ્વર્ણા નિર્દોષા સદ્ગુણા મૃદુઃ ।
નાના ભઙ્ગીવિલાસા ચેત્કૃતિર્વિકૃતિ રન્યથા ॥

જેના શબ્દોમાં અર્થ–વૈવિધ્ય હોય, પદો પદચ્છેદના વૈવિધ્યને લઈ જુદા જુદા અર્થો બતાવવા હોય, અક્ષરો સુરમ્ય હોય, વ્યાકરણ, કાવ્ય, છંદ, ભાષા તેમજ ઊર્મિ જેનાં નિર્દોષ હોય, ઉત્તમ ગુણયુક્ત હોય, માધુર્ય હોય, અનેક ભાવો જેમાં વિલસતા હોય એ જ કવિતા છે. પણ જો તેમ ન હોય તો એક વિકૃતિ–રોગ છે કે, જયારે જયારે વાંચવા સાંભળવા મળે ત્યારે ત્યારે દુઃખ ઉત્પન્ન કરનાર બને છે.

આ બધા સુમેળ ભક્ત કવિ દયારામભાઈના કવનમાં આપણને મળે છે. તેમનો જન્મ ઈ.સ.૧૭૬૭ માં થયો હતો. અને સને ૧૮૫૨ માં તેમનો દેહવિલય થયો. કવિએ ૮૫ વર્ષના દીર્ઘ જીવનમાં દેશની જે સાહિત્ય સેવા કરી છે, એ અમર છે, અજોડ છે. મીરાં, નરસિંહ, પ્રેમાનંદ, શામળ, અખાભગત વગેરે મહાગુજરાતના કવિઓ કરતાં દયારામભાઈનું સ્થાન અનેરું છે. કોઈના કવનમાં દેશ, કાલ, સમાજની પરિસ્થિતિ ઉપસેલી વાંચવા મળશે, તો કોઈના કવનમાં શુષ્ક વેદાંત જ મળશે, કોઈના કવનમાં ઊર્મિઓનો ઉશ્કેરાટ, જયારે કેટલાક ઉપદેશાત્મક મળી આવે, કેટલાક અનુભવકથન જેવાં મળી આવે, તો વળી કોઈક અમુક એક તત્વ ઉપર આસક્તિ બતાવવાં પણ મળે છે. દયારામના કવનમાં ઉપરનું એકદેશી પણું નજરે ચડતું નથી. આમ છતાં એનું કવન એવું વૈવિધ્યપૂર્ણ છે કે, તેમાંથી દેશ, કાલ, સમાજની અસર બાદ કરીને, રસપૂર્ણ વેદાંત પણ મળી આવે. ઊર્મિઓનો તો દયારામ એક સમુદ્ર છે. એક સાચા ભાવુક હૃદયના ભક્ત હોવા છતાં ઠગ–ભક્તો સામે પ્રકોપીને સમાજમાં તેવાઓને ઉઘાડા પાડયા છે.

પુષ્ટિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત દીનતા છે, એ સિદ્ધાંતને પોતાના કવનમાં ડગલે પગલે રેલાવ્યો છે. એ

સાથે થોકબંધ ઉપદેશાત્મક કવન પણ કર્યા છે. શ્રીકૃષ્ણ પ્રતિ પોતાની અનન્યતા એ તો દરેક કૃતિમાં અને એક નહીં પણ સંખ્યાબંધ સ્થળોએ બતાવી છે. ક

કવિએ જીવનના ૨૫ મા વર્ષથી સાહિત્ય સર્જન શરૂ કરેલું હતું. તેમનું સાહિત્ય આજે પ્રગટ થઈ ચુક્યું છે, એટલે શું શું લખેલું છે એ ચર્ચવાની અહીં જરૂર નથી. સાહિત્યના પ્રમાણ અને પ્રમેય એ બે પાસા છે. કવિએ એ બંનેમાં અતિ નિપુણતા દાખવી છે.

'ભક્તિપોષણ', 'તત્વપ્રબન્ધ', 'સિદ્ધાંતસાર', 'મનમતિસંવાદ', 'સાર શિક્ષા' તેમજ 'ધર્મનિતિસાર', ગીતા, ભાગવત તેમજ અન્ય ઘણા પુરાણોનાં પ્રમાણો આપેલા છે. બીજી તરફ રસિક વલ્લભ, નાયક–નાયિકા સ્વરૂપભેદ વર્ણન તથા રાસાદિ લીલાઓનાં વર્ણનો, સ્વગુરૂ પ્રત્યેની ભાવના આ બધું જુદી જુદી રચનાઓમાં મળી આવે છે, જેમાં પ્રમેય પણ હૃદય ખોલીને બતાવ્યો છે.

["વૈશ્વાનર" સં. ૨૦૧૩ કા.મા. અંક ૧–૨ માંથી સાભાર]

કવિ

[કવિ એટલે બ્રહ્મા, સૂર્ય, મનુ, ઋષિ, શુંક્રાચાર્ય, વાલ્મીકિ, સર્વજ્ઞ, પ્રતિભાશાળી, ચતુર, બુદ્ધિમાન, વિચારવાન, વિચારશીલ, પ્રશંસનીય, જ્ઞાતા, વિદ્વાન, વિચારી, કાવ્યકાર, કવિતા કરવાવાળા, કાવ્ય રચવાવાળા, ભાટ, ચારણ વગેરે અર્થ તો શબ્દકોશ પ્રમાણે થયાં. પરંતુ અહીં લેખકે કવિની પહેચાણ અનોખી રીતે આપી છે જે મનનીય છે.–સંપાદક]

કવિ એટલે શુદ્ધાદ્વૈત જ્ઞાન, ભક્તિ અને કર્મનો દિવ્ય સંયોગ.
કવિ એટલે રસ, ભાવ અને ભજનાનંદનો ત્રિવેણી સંગમ.
કવિ એટલે શુદ્ધ સનાતન પ્રેમભક્તિ પંથનો પ્રવાસી.
કવિ એટલે દેશકાલાબધિત અમર સૂત્રોનો મંત્રદષ્ટા.
કવિ એટલે આધુનિક જીવનની જડભૂમિમાં ચેતનનો બગીચો.
કવિ એટલે પ્રભુની અનંત બ્રહ્માંડ લીલાઓનો જ્ઞાની–અનુભવી.
કવિ એટલે ભગવત્કૃપામૃત સિંચિત ભક્તિ બીજનું કલ્પવૃક્ષ.
કવિ એટલે મનુષ્ય હૃદય પર પ્રભુના આદેશ કોતરનાર કારીગર.
કવિ એટલે શ્રીકૃષ્ણનો સર્વાત્મ સમર્પી શરણાગત.
કવિ એટલે તુચ્છ રસાભાષી વિષય સુખનો શત્રુ.

કવિ એટલે કરૂણ, કોમળ અને વિરહભાવોનો ઉચ્ચારક.
કવિ એટલે હદયસાગરમાં ડૂબકી મારી રસમોતી વીણનાર વિરલો.
કવિ એટલે કુંજ, ભાવનાનો ફુવારો.
કવિ એટલે સચ્ચિદાનંદનું અક્ષયપાત્ર.
કવિ એટલે કુદરતનો તાત અને રસેશ શ્રીકૃષ્ણનો દૂત.
કવિ એટલે રસ, સૌંદર્ય અને સંગીતનો ઉપાસક.
કવિ એટલે વિશુદ્ધ અને ઉચ્ચ આદર્શોનો ઉપદેષ્ટા.
કવિ એટલે કળા અને કલ્પનાની પાંખે ઉડનાર વિહંગ.
કવિ એટલે રસયોગી, રસર્ષિ.
કવિ એટલે રસસાહિત્યનું જીવન.
કવિ એટલે જગત્‌માંથી અધર્મને દૂર કરનાર.
કવિ એટલે ગોપિકાવત્‌ ભક્તિમાર્ગીય સંન્યાસી.
કવિ એટલે રસનો પીરસણીયો.

—ચતુરદાસ મગનલાલ ગાંધી, સંખેડા

['શુદ્ધાદ્વૈત અને ભક્તિમાર્તંડ' વર્ષ સં. ૧૯૮૮ ○ અંક ૫ ○ શ્રીવલ્લભાબ્દ ૪૫૪]

આજીવન ગ્રાહકોની યાદી

૬૨૧ શ્રી ગોવિંદભાઈ રવજીભાઈ મકવાણા, ધોરાજી
૬૨૨ શ્રી ઈશ્વરલાલ વ્રજલાલ કંસારા, જાફરાબાદ
૬૨૩ શ્રી પંકજ રમણલાલ શાહ, ભરૂચ
૬૨૪ શ્રી ગોપાલભાઈ એન. શાહ, અંકલેશ્વર
૬૨૫ શ્રી ઈન્દ્રવદન દિ. શાસ્ત્રી, મુંબઈ
૬૨૬ શ્રી ગોવિંદભાઈ પટેલ, રાજકોટ
૬૨૭ શ્રી જયંતિલાલ નાથાલાલ કટારીયા, રાજકોટ
૬૨૮ શ્રીમતી આર. જે. પટેલ, લંડન
૬૨૯ શ્રીનાથજી હાર્ડવેર માર્ટ રાજકોટ
૬૩૦ શ્રી ભગવાનદાસ વલ્લભદાસ પોપટ, રાજકોટ
૬૩૧ શ્રી ગોકુલ વૈષ્ણવ સેવા ટ્રસ્ટ, શ્રીમદ્‌ ગોકુલ
૬૩૨ શ્રી વલ્લભદાસ વિઠ્ઠલદાસ મહેતા, માટુંગા
૬૩૩ શ્રી ચંપકલાલ ટી. મહેતા, કાંદીવલી
૬૩૪ શ્રી મહેશચંદ્ર આર. દેસાઈ, કલકત્તા
૬૩૫ શ્રીમતી મિનલબેન એસ. ગણાત્રા, રાજકોટ
૬૩૬ શ્રી કેશવલાલ જીણાભાઈ પીઠડીયા, રાજકોટ
૬૩૭ શ્રી દિનશા શાહ, મુંબઈ
૬૩૮ શ્રીમતી પ્રફુલાબેન નરેન્દ્રભાઈ ઉનડકટ, બોરીવલી
૬૩૯ શ્રીમતી તુપ્તીબેન નટવરલાલ વોરા, ભાવનગર
૬૪૦ શ્રી હસમુખલાલ શિવલાલ શાહ, મુંબઈ

શ્રી હરિઃ

શ્રી દ્વારકેશાષ્ટકમ્

ઉપક્રમ

શ્રી દ્વારકેશાષ્ટક સ્તોત્રમાં મુખ્ય રીતે તો શ્રી દ્વારકેશપ્રભુનું જ સ્મરણ કરવામાં આવ્યું છે, પરંતુ આપશ્રીના અલૌકિક સ્વરૂપમાં મુખ્ય આઠે સ્વરૂપોનાં– કે જે *“અષ્ટૌ કૃષ્ણાઃ ભવન્તિ”* એ વચનમાં કહ્યું છે તેમ રાસમંડલસ્થિત પ્રધાન સ્વરૂપોનાં વર્ણન કર્યા છે તે રૂપોથી વર્ણન કરવામાં આવ્યું છે. પુષ્ટિસંપ્રદાયના સિદ્ધાંત અને ભાવનાઓ અનુસાર આ બધામાં સ્વરૂપગત એક્ય હોવા છતાં પણ લીલાભેદથી જુદા જુદા રૂપમાં જુદી જુદી નિકુંજોમાં ભગવત્સ્વરૂપોનું ધ્યાન કરવામાં આવે છે. તદુપરાંત જે જીવ જે નિકુંજના હોય છે તે તેજ નિકુંજના નાયકને પ્રધાનપણે માને છે અને અન્ય સ્વરૂપોની ભાવના પણ તે જ સ્વરૂપમાં કરે છે. આ વિચારધારાને ધ્યાનમાં રાખી આ સ્તોત્રમાં પહેલા શ્લોકમાં શ્રી દ્વારકાધીશ પ્રભુરૂપે જ શ્રીપ્રભુ, શ્રીનાથજી અને શ્રી નવનીતપ્રિયાજી પ્રભુના વર્ણન કરવામાં આવ્યા છે. એજ રીતે એક પછી એક બીજા સ્વરૂપોનાં વર્ણનો છે.

આ સ્તોત્રનો છંદ *“ભુજઙ્ગપ્રયાત”* છે. તે બાર અક્ષરના ‘જગતી’ છંદ વિભાગમાં આવે છે. આ બાર અક્ષરના છંદથી બાર અંગવાળા પુરુષ–પુરુષોત્તમનું વર્ણન અહીં છે તેમ સિદ્ધ થાય છે. તેનાથી જેમાં શ્રી ભગવાનના નામની પ્રધાન્યતા છે તેવા બાર સ્કંધવાળા શ્રીમદ્ ભાગવતજીના સ્વરૂપથી પણ નામ અને રૂપ બંને રીતે સ્વરૂપોની અનુભુતિ થાય છે. તે જાણકારોના ચિત્તને આનંદ કરાવવાવાળી છે. તેવી જ રીતે આ શ્લોક અષ્ટકરૂપ (આઠ શ્લોકોનું) હોવા છતાં એમાં દશ શ્લોક આપવામાં આવ્યા છે. તે કેમ કે એનાથી મેળવવાની (દશ પ્રકારની) ભક્તિનું સુચન કરે છે. શ્રી પરમાનંદદાસજીના શબ્દોમાં *“તાતેં દશવિધ ભક્તિ ભલી”*– એ સ્વરૂપમાં દશ પ્રકારની વિશિષ્ટ ભક્તિ જ હંમેશા પુષ્ટિજીવો માટે મેળવવાનું મુખ્ય ધ્યેય હોય છે.

••••••••• **શ્લોક** •••••••••	••••• **સમશ્લોકી ગુજરાતી** •••••
વને ગોપિકાયૂથમાકારયન્તં	**વને ગોપિકાયૂથને તેડના જે,**
દરી દ્વારદેશસ્થિતં ગોપિકેશમ્ ।	**રહે ગોપિકાનાથ ગિરિકંદરાએ,**
રમેશં વ્રજે ગવ્યમાસ્વાદયન્ત	**ચાખે વ્રજે જે નવનીત તેય,**
ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥ ૧ ॥	**ભજું સ્વામિની વલ્લભ દ્વારકેશ...૧**

પ્રથમ શ્લોકમાં કહ્યું છે કે વનમાં એટલે શ્રી વૃંદાવનમાં વ્રજવાસીઓના સમૂહોને પાસે બોલાવતા શ્રી ગિરિરાજજીની કંદરાના દ્વાર પર ઉભા રહેલા શ્રી ગોપીજનવલ્લભ રમાનાથ–શ્રીનાથજી પ્રભુ અને વ્રજમાં

એટલે કે શ્રી ગોકુલમાં ગવ્ય એટલે નવનીત માખણને આરોગતા શ્રી નવનીતપ્રિયજીનાં સ્વરૂપોમાં પોતાના ઈષ્ટ આરાધ્ય શ્રી સ્વામીનીજીના પરમપ્રિય શ્રી દ્વારકાધીશ પ્રભુનું હું સેવન કરૂ છું–ભજું છું.

અહીં વનમાં નિકુંજનાયક શ્રીગોવર્ધનધરનું સ્વરૂપ તે *'સ્મર્તવ્યો ગોપિકાવૃન્દે ક્રીડન વૃન્દાવને સ્થિતઃ'* એ વચન અનુસાર હંમેશા સ્મરણ કરવા યોગ્ય રૂપ છે, તેમ વર્ણન કર્યુ છે. વળી *"ઉત્ક્ષિત હસ્તઃ પુરૂષો ભક્તમાકારયત્યુત"* એ વચનમાં કહ્યા મુજબના સ્વરૂપનું ધ્યાન અને કિશોરભાવને અહીં સ્પષ્ટ દર્શાવ્યા છે. તેથી *"મધુરતા શ્રીમત્કિશોરાવધિ"* એ વચન અનુસાર શ્રીમધુરાધિપતિના મધુર સ્વરૂપનું પણ સૂચન થાય છે. તદુપરાંત વ્રજમાં નવનીત આરોગવાનું કહી બાલસ્વરૂપને દર્શાવતી પ્રમાણ પ્રકરણની લીલાનું પ્રગટ સૂચન છે. આ જ સ્વરૂપ *"સદા સર્વાત્મના સેવ્યો ભગવાન્ ગોકુલેશ્વરઃ"* એ વચન અનુસાર સેવા કરવા યોગ્ય છે.

નિજાનન્દદાનાય વૃન્દાવનસ્થાન્
સરોદ્રેકભાવૈઃ કલક્વાણવેણુમ્ ।
મનોદેશદેશાધિપં માથુરાણાં
ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥ ૨ ॥

નિજાનંદ દેવા વ્રજસ્ત્રી સુવૃંદે,
કર્યો વેણુનાદ રસાવિષ્ટ ભાવે,
મથુરા તણા જે શ્રી રાજાધિરાજ,
ભજું સ્વામિની વલ્લભ દ્વારકેશ..૩

બીજા શ્લોકમાં શ્રીમથુરાધીશ પ્રભુના રૂપમાં વૃંદાવનમાં રહેતા ભક્તોને પોતાના રસાસ્વાદનું દાન કરાવવા માટે વિપુલ રસને આપવાવાળા તથા સ્થાયી ભાવોને દર્શાવવા માટેની દ્રઢતાનું દાન કરી રસપુષ્ટ કરવા માટે વેણુનાદ કરનારનો ભાવ આ સ્વરૂપમાં છે. વેણુ દ્વારા વદનસુધાના પાનનું સૂચન છે. સંયોગાત્મક સ્વરૂપ છે. અને નિજાનંદનું દાન વગેરે પુષ્ટિકાર્યોવાળી "ચાર ક્રિયા"નું સૂચક હોઈને વૃંદાવન વિહારમાં પણ ચતુર્ભુજ સ્વરૂપ પ્રગટ કરવાવાળા છે. આમ પ્રમેય–પ્રકરણના પ્રથમ અધ્યાયની લીલાનું અનુસંધાન કરાવવાવાળા તથા છાક વગેરે લીલાઓના બહાને મથુરાના ભક્તજનોના મનના માનેલા રાજાધિરાજમાલિક બનેલા શ્રીમથુરાધીશના સ્વરૂપમાં પોતાના આરાધ્ય શ્રીસ્વામિનીવલ્લભ શ્રીદ્વારકેશ પ્રભુને હું ભજું છું.

અહીં વિપુલરસના ઉલ્લેખની, નિજાનંદના દાનમાં *"મધુસુદનરૂપત્વ ગજરાજવિહારિણઃ"* એ વચન અનુસાર હાથીની માફક વિહારલીલાનું જ્ઞાન થાય છે. વળી, મધુસુદન સ્વરૂપના જ્ઞાનથી જ શંખ, ચક્ર, ગદા, પદ્મ એ ક્રમમાં આયુધોનું જ્ઞાન પણ આપોઆપ જ થાય છે.

પ્રિયાપાઙ્ગસમ્પાતનીલાઙ્ગરૂપં
કલિન્દાદ્રિજાકૂલલીલાં સ્મરન્તમ્ ।
વિદા શૂન્યલોકાન્ સદુદ્બોધયન્તં
ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥ ૩ ॥

પ્રિયા સાથ શોભે સુનીલ સ્વરૂપે,
સ્મરે જે સ્વલીલા શ્રીકાલિન્દી તીરે,
દે જ્ઞાન હીનાર્થ સુસારોપદેશ,
ભજું સ્વામિનીવલ્લભ દ્વારકેશ..૩

ત્રીજા શ્લોકમાં શ્રીવિઠ્ઠલનાથજીના ગૌરશ્યામ સ્વરૂપનું ધ્યાન કરતાં–મુખ્ય શ્રીસ્વામિનીજીના ભાવથી તદ્રુપ થઈ જવાને કારણે પોતે ગૌરરૂપ હોવા છતાં શ્રી પ્રિયાજીના કટાક્ષથી કાજળની શ્યામતાને લઈને ગૌરશ્યામ સ્વરૂપવાળા તથા *"પુનઃ પુલિંનમાગત્ય કાલિંઘાઃ કૃષ્ણભાવનાઃ"* એ વચનમાં વર્ણવેલા સ્વરૂપ વડે ફલ–પ્રકરણના બીજા અધ્યાયની લીલાનું સ્મરણ કરાવતા અને પોતાના દ્વિદલાત્મરસ સ્વરૂપથી સંયોગ–વિપ્રયોગવાળા પોતાના બંને પ્રકારના રૂપને જણાવતા તથા જ્ઞાનશૂન્ય લોકોને જાગૃત કરવાવાળા શ્રીવિઠ્ઠલનાથજી જે *"વિદા જ્ઞાનેન ઠાન્ શૂન્યાન્ લાતિ ગૃહ્ણાતિ–ઈતિ વિઠ્ઠલઃ"* એ પદના ભાવને સ્પષ્ટ કરવાવાળા છે. તેમને પોતાના આરાધ્ય શ્રીસ્વામિનીજીના પ્રિય શ્રીદ્વારકેશ પ્રભુના રૂપમાં ભજાું છું.

નિકુઞ્જે સુગુઞ્જાવનીયે પ્રિયાયાઃ
નિમીલ્યાક્ષિણી વેણુમુદ્વાદયન્તમ્ ।
વ્રજાનન્દકન્દં ચતુર્બાહુરૂપં
ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥ ૪ ॥

પ્રાણપ્રિયા જયાં શ્રી ગુંજા નિકુંજે,
કર્યો વેણુનાદ મીંચી આંખ દ્વંદે,
વ્રજાનંદ કંદ ચતુર્બાહુ રૂપ,
ભજાું સ્વામિની વલ્લભ દ્વારકેશ..૪

ચતુર્થ લીલામાં દ્વારકેશ પ્રભુની નિકુંજલીલાના ભાવનું વર્ણન કર્યુ છે. અહીં તો

ભ્રુવલ્લી સંજ્ઞગાદૌ સહચરિનિકરં, વર્જયિત્વા સ્વકીયં,
પશ્ચાદાગત્ય તૂષ્ણીમ્ અથનયનયુગં સ્વપ્રિયાયાઃ નિમીલ્ય ।
કોઅસ્મીત્યેતદ્વચનમસકૃદ્ વેણુના ભાષમાણઃ
પાતુ ક્રીડારસપરિચયસ્ત્વાં ચતુર્બાહુરુચ્ચૈઃ ॥

આ પદ્યની અનુસાર કહે છે કે ગુંજાવનની નિકુંજમાં પોતાની પ્રિયા શ્રીસ્વામિનીજીનાં બંને નેત્રોને મીંચી દઈ વેણુજી વગાડી કોણ છે તેમ પૂછતાં "આંખ મિચૌની" ની રમત દ્વારા બધા વ્રજભક્તોને પુષ્કળ આનંદનું દાન કરવાવાળા પ્રભુ શ્રી નંદનંદન, જેમણે ચતુર્ભુજરૂપ ધારણ કર્યુ છે એવા તે શ્રીસ્વામિનીવલ્લભ શ્રીદ્વારકેશ પ્રભુને હું ભજું છું. અહીં શ્રી સ્વામિનીજીના પ્રાકટયસ્થાન ગુંજાવનનો ઉલ્લેખ સવિશેષ અર્થ બતાવે છે. આ ભાવનામાં પ્રમેય પ્રકરણના સાતમા અધ્યાયની લીલાનું સ્મરણ થાય છે. બે ભુજાઓથી આંખ મીંચવી અને બીજા બે શ્રી હસ્તથી વેણુનાદ કરવો આમ બંને કાર્યો એકીસાથે કરવાને લીધે વ્રજલીલામાં ચતુર્ભુજ સ્વરૂપ હતુ એમ સ્પષ્ટ થાય છે.

ગિરીન્દ્રેણ છત્રાકરૂપેણ ગોષ્ઠં
સુરેન્દ્રસ્ય કોપાદહો ! મોચયન્તમ્ ।

ગિરિરાજની છત્ર છાયે બચાવે,
વ્રજ ઈન્દ્ર કોપ સમું દુઃખ ટાળે,

જલં તદ્‌ભવેનૈવ સંશોષયન્તં
ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥ ૫ ॥

ચૂસી શંખથી તે બધી નીર રેલ,
ભજું સ્વામિની વલ્લભ દ્વારકેશ..૫

પાંચમા શ્લોકમાં શ્રીગોવર્ધનધરણ સ્વરૂપ શ્રી ગોકુલેશ પ્રભુની સ્વરૂપ ભાવનાનું વર્ણન છે. શ્રીગોવર્ધનધરણ સ્વરૂપમાં શ્રીગોકુલનાથજી શ્રીગિરિરાજજીને એક મોટા છત્રની માફક ઉઠાવી દેવોના રાજા ઈન્દ્રના ગુસ્સાથી વ્રજગોકુલની રક્ષા કરે છે. વળી, જળબંબાકાર વ્રજને બચાવવા માટે જ જાણે *"અપાં તત્વં દરવરં"* એ વચન અનુસાર જલતત્વના સત્વરૂપી અને જલમાંથી જ ઉત્પન્ન થયેલ શંખને ધારણ કરી, તેના વડે જ જલનું શોષણ કરી રહ્યા છે. આવા સ્વરૂપના રૂપમાં જ હું પોતાના આરાધ્ય શ્રીસ્વામિનીજીના વલ્લભ શ્રીદ્વારકેશ પ્રભુને ભજું છું.

સદા રાસરાસેશ્વરીમણ્ડલસ્થં
કલાનાથકાન્તિં દધદ્ ગોકુલેશમ્
જિતં પઞ્ચબાણં સ્વરૂપેણ રાસે
ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥ ૬ ॥

સદા રસરાસેશ્વરી યૂથ માંહે,
કલાનાથ શ્રી ગોકુલ ઈશ સોહે,
રાસ સ્વરૂપે જીત્યો કામદેવ,
ભજું સ્વામિની વલ્લભ દ્વારકેશ..૬

છઠ્ઠા શ્લોકમાં શ્રીગોકુલચંદ્રમાજી અને શ્રી મદનમોહનજીના સ્વરૂપનું ભાવનાનું વર્ણન છે. નિત્યરાસમાં રાસમંડલના શૃંગારરૂપ વ્રજસ્ત્રીઓની મધ્યમાં વેણુનાદ કરતા, પોતાના મધુરાપતિ રૂપથી સંપૂર્ણ મધુરતાને લાવીને અસંખ્ય તારાઓ રૂપી વ્રજાંગનાઓની વચ્ચે સોળે કલાથી સંપૂર્ણ એવા કલાનિધિ ચંદ્રની શોભા ધારણ કરવાવાળા, શ્રીગોકુલચંદ્ર પ્રભુના રૂપમાં તથા રાસમાં કરોડો કામદેવના રૂપ કરતાં પણ વિશેષ એવા પોતાના રૂપથી રતિપતિ કામદેવને મોહિત કરી જીતનારા, મદનમોહનજીના સ્વરૂપમાં હું પોતાના આરાધ્ય સ્વામિનીજીના વલ્લભ શ્રીદ્વારકેશ પ્રભુને ભજું છું.

અહીં શ્રી ગોકુલચંદ્રમાજીના સ્વરૂપમાં ફલ–પ્રકરણના ચતુર્થાધ્યાયની લીલાની ભાવના પ્રગટ રૂપે છે. ઉપરાંત કલાનાથ શબ્દથી શ્રીમદાચાર્યચરણે કહેલા *"શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ"* એટલે કે આત્મનિવેદનનો ઉપદેશ આપવાવાળા સ્વરૂપની પણ ભાવના દર્શાવાય છે. આ જ સ્વરૂપને શ્રીમદ્ આચાર્યચરણ,

"નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્ત્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધમ્" ॥

એ શ્લોકમાં આ જ સ્વરૂપનું સ્મરણ કરે છે. વળી ગોકુલેશ એ નામ શ્રીગોકુલના ઠકરાણી ઘાટનું સ્મરણ કરાવવા સમર્થ છે. આમ ત્રિભંગ લલિત શ્રીગોકુલચંદ્રમાજી છે, અને શ્રી મદનમોહનજીના સ્વરૂપમાં ફલ પ્રકરણના પહેલા અધ્યાયની લીલા પ્રગટ છે. વેણુનાદ કરીને વ્રજભક્તોને બોલાવીને પછી,

સ્વાગતં વો મહાભાગાઃ પ્રિય કિં કરવાણિ વઃ ।
બ્રજસ્થાનામિદં કિંચિદ્ બ્રૂતાગમનકારણમ્ ॥

આ રૂપમાં કામભાવમાં મોહ ઉત્પન્ન કરવાવાળા સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

જેમ સ્મરણ કરવા યોગ્ય (શ્રીનાથજી) અને સેવા કરવા યોગ્ય (શ્રી નવનીતપ્રિયાજી) રૂપોથી જુદા જુદા હોવા છતાં પણ બંને એક જ સ્વરૂપ છે તેમ બતાવવાના ઉદ્દેશથી પહેલા શ્લોકમાં શ્રીનાથજી અને શ્રી નવનીતપ્રિયાજીનું વર્ણન એકીસાથે કર્યુ છે. તે જ પ્રકારે રાસની ભાવનામાં લીલાભેદ હોવા છતાં પણ બંને એક જ મંડલમાં રહેલા છે તેમ બતાવવાને માટે શ્રીગોકુલચંદ્રમાજી અને શ્રી મદનમોહનજીનું વર્ણન પણ એક જ શ્લોકમાં કરવામાં આવ્યું છે.

હરિત્કૌસ્તુભવ્યાપ્તવક્ષોજદેશં
મહાવૈજયન્તીલસદ્ભૂષણાઙ્ગમ્ ।
કિરીટં ગદાચક્રશંખાન્ધરન્તં
ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥ ૭ ॥

વક્ષસ્થલે કૌસ્તુભનીલ રાજે,
મહા વૈજયન્તી શુભાંગે વિરાજે,
ધર્યા છે ગદા ચક્ર શંખ કિરીટ,
ભજું સ્વામિની વલ્લભ દ્વારકેશમ્..૭

સાતમા શ્લોકમાં શ્રી દ્વારકેશ પ્રભુના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. નીલા મરકતમણિના તેજથી દેદીપ્યમાન એવા કૌસ્તુભમણિથી જેમનું વક્ષસ્થલ શણગારાયેલું છે, વળી મહાવૈજયન્તીમાલાથી શુશોભિત શ્રીઅંગવાળા, કિરીટ ધારણ કરવાવાળા, શ્રી સ્વામિનીજીના વલ્લભ શ્રી દ્વારકેશ પ્રભુને હું ભજું છું.

અહીં કૌસ્તુભનુ લીલું તેજ–પ્રકાશ તે સવિશેષ અર્થ વ્યક્ત કરે છે. જયારે આપશ્રી કૌસ્તુભમણિ ધારણ કરે છે ત્યારે *"કૌસ્તુભવ્યપદેશેન સ્વાત્મજ્યોતિર્બિભર્ત્યજઃ"* એ વચન અનુસાર આપશ્રી પોતાના તેજરૂપને જ તેજના તત્વરૂપમાં ધારણ કરે છે. આપના શ્રીઅંગનો રંગ મેઘશ્યામ છે. પરંતુ મુખ્ય શ્રીસ્વામિનીજીની સુવર્ણ ઝાંઈથી સંમિશ્રિત સ્વરૂપમાં નીલપીત સંયોગથી થતો લીલાશ પડતો રંગ આપનું–સંયોગનું વિશિષ્ટ સ્વરૂપ કેવું છે તેનું ભાન કરાવે છે. તે સંબંધમાં નીચેનું વચન ખુબ જાણીતું છે.

મેરી ભવબાધા હરો રાધાનાગરિ સોય ।
જાતનકી ઝાંઈ પરૈ શ્યામ હરિતદ્યુતિ હોય ॥

આપનાં આયુધો પણ ભાવના ગ્રંથમાં જણાવ્યા મુજબ શ્રી..સ્વરૂપાત્મક જ છે. તેથી ખરૂં કહીએ તો તે આયુધોમાંથી નીકળતું તેજ જ આપશ્રીના વક્ષસ્થળ પર "સ્વાત્મજયોતિ" રૂપથી–દેખાવમાત્ર જાણે કૌસ્તુભનું તેજ છે તેવી રીતે–દેદીપ્યમાન છે. આ રીતે કૌસ્તુભના રૂપમાં તેજ તત્વરૂપી શ્રી વૈશ્વાનર પ્રભુનું સ્વરૂપ પણ અહીં દર્શાવ્યું છે. બંનેનું એકઠું તેજ એ જ *"સંશ્લિષ્ટાવુભયોર્બભૌરસમયઃ કૃષ્ણો હિ તત્સાક્ષિકં"* સ્વરૂપથી

વર્ણવાયુ છે. વળી શ્રીમદ્ ભાગવતમાં પણ ધ્યાન કરવા માટેના સ્વરૂપ રૂપમાં આ જ શ્રી દ્વારકેશ પ્રભુના રૂપનું વર્ણન કર્યુ છે.

પ્રસન્નવદનામ્ભોજં પદ્મગર્ભારૂણેક્ષણમ્ ।
નીલોત્પલદલશ્યામં શઙ્ખચક્રગદાધરમ્ ॥
લસત્પઙ્કજ કિઞ્જલ્કં પીતકૌશેય વાસસમ્ ।
શ્રીવત્સવક્ષસં ભ્રાજત્કૌસ્તુભામુક્તન્ધરમ્ ॥

અહીં એ પણ જાણવા જેવું છે કે શ્રી દ્વારકાધીશ પ્રભુ શ્રીસ્વામિનીજી યુગલ સ્વરૂપે જ સદાએ બિરાજે છે, પરંતુ શ્રીસ્વામિનીજી સ્વરૂપનાં દર્શન બધા જનસમુહને માટે પ્રત્યક્ષ થતાં ન હોઈ, અદશ્ય રીતે તો શ્રીસ્વામિનીજી આપશ્રીના સ્વરૂપમાં જ સદા સર્વદા બિરાજે છે, જેનો અનુભવ ઘણા મહાભાગ્યવાન લોકો પોતાના મનમાં કરે છે અને આ કારણથી જ આખા સ્તોત્રમાં શ્રીસ્વામિનીવલ્લભના રૂપમાં શ્રીદ્વારકેશ પ્રભુ જ વર્ણવ્યા છે.

સદાસ્વીયભક્તાત્મપુષ્ટિં પ્રદાતું
કરાગ્રે વરાખ્યાઞ્ચ મુદ્રાં દધાનમ્ ।
કૃપાદષ્ટિસંજીવિતાશેષલોકં
ભજે સ્વામિનીવલ્લભં દ્વારકેશમ્ ॥ ૮ ॥

સદા આપવા ભક્તને પુષ્ટિ પોતે,
મુદ્રા ધરી વરદાયી કરાગ્રે,
કૃપા દષ્ટિથી પાળતા સર્વ લોક,
ભજુ સ્વામિની વલ્લભ દ્વારકેશ..૮

આઠમા શ્લોકમાં પણ આપશ્રીના સ્વરૂપનું વર્ણન જ છે. પોતાના અંતરંગ ભક્તોને હંમેશા આત્મનિવેદન રૂપ સાધનભક્તિથી પુષ્ટપુષ્ટિ ભક્તિનું દાન કરવા માટે– પુષ્ટિ મહારસ દાન કરવાને માટે શ્રીહસ્તમાં કલ્યાણકારી તથા વરદાન આપવાવાળી મુદ્રા ધારણ કરતા, તથા પોતાની કુપાદષ્ટિથી અમૃતવૃષ્ટિ કરી તે દ્વારા પ્રાણીમાત્રને સંજીવની શક્તિનું દાન કરતા એવા શ્રી સ્વામિનીજીના વલ્લભ શ્રીદ્વારકેશ પ્રભુને હું ભજું છું.

ઈમં દ્વારકેશાષ્ટકં યઃ પઠેદ્વા
જપેચ્ચાપિભૂયાત્સ વૈ વૈષ્ણવાનામ્ ।
પ્રધાનઃ, ફલાવાપ્તિરેષા ચ ભૂયા–
દિતિ પ્રાર્થ્યતે પાદપદ્મેષુ તસ્ય ॥ ૯ ॥

આ દ્વારકેશાષ્ટક જે ભણે કે,
જપે થાવ તે વૈષ્ણવોમાં પ્રધાન,
ફલાવાપ્તિ આ થાવ એવું સદાય,
શ્રી પાદપદ્મે વિનંતી કરાય..૯

ફલશ્રુતિ : નવમા શ્લોકમાં પાઠના ફળનું નિરૂપણ કરતા કહે છે કે આ શ્રી દ્વારકેશાષ્ટક સ્તાત્રનો જે કોઈ પાઠ કરશે અથવા નામરૂપ મંત્ર તરીકે જપ કરશે તે વૈષ્ણવોમાં શ્રેષ્ઠ થશે. એટલે કે આ સ્તોત્રના પાઠથી ભગવત્ચરણોમાં તેની ભાવનાઓ પુષ્ટ થઈને એને ભક્તિરસમાં તરબોળ કરાવનારી થશે. વળી એનું મન નિર્મળ

થઈને તે પુષ્ટિભક્ત સ્વરૂપવાળા થશે. અને લોકો તેમને તેવા જાણશે– પરમ ભગવદીય થશે. આમ આ પુષ્ટિભક્તિ પ્રાપ્તિ રૂપી ફળ આ સ્તોત્રના પાઠ કરનારને પ્રાપ્ત થાવ એવી પ્રાર્થના એ જ આરાધ્ય સ્વરૂપ શ્રીદ્વારકેશ પ્રભુના ચરણકમળમાં કરવામાં આવી છે. આપશ્રીના જ પદરજ પ્રતાપથી પાઠ કરનાર વૈષ્ણવ શ્રેષ્ઠ થાય એ જ વિનંતી કરાઈ છે.

યશોદાયશોદાનદક્ષસ્વરૂપો
વ્રજેશો વ્રજેશં પ્રપન્નં પુનાતુ ।
ઈતિ શ્રીમદાચાર્યદાસસ્ય દાસ–
વ્રજેશોપનામ્નઃ કૃતિઃ પૂરિતાઅભૂત્ ॥ ૧૦ ॥

આપ્યો યશોદા યશ જે વ્રજેશે,
વ્રજેશ ને તે કરજો પવિત્ર,
શ્રી વલ્લભાચાર્ય દાસનો દાસ,
વ્રજેશની આ કૃતિ પૂર્ણ થાય..૧૦

ઉપસંહાર : દશમા શ્લોકમાં સ્તોત્રના રચનાર પોતે પોતાને માટે પ્રાર્થના કરે છે કે શ્રી દ્વારકેશ પ્રભુ નંદરાયજીનાં પત્ની યશોદાજીને માતા યશોદાજી રૂપમાં યશનું દાન કરવાવાળા છે. યશોદાજીના ખોળાના ખેલનાર છે તેવા શ્રી બાલકૃષ્ણ પ્રભુના રૂપમાં જે પોતે જ વ્રજપતિ છે (તથા બીજી રીતે જોઈએ તો શ્રીબાલકૃષ્ણજી [શ્રીગુસાંઈજીના ત્રીજા પુત્ર] જે પોતે જ શ્રીભાગવત્ રૂપ છે, વ્રજનાથ છે. પરંતુ શ્રીમદાચાર્ય કુલમાં ઉત્પન્ન થઈને નામથી તથા સ્વરૂપથી ભગવત રૂપ જ છે.) ને શ્રી વ્રજપતિવ્રજેશ–પોતાના શરણાગત અને નીજી સેવક ''વ્રજેશ''ને પાવન કરો. આ રીતે શ્રીમદાચાર્યચરણોના દાસ વ્રજેશ અને ''દાસ''નું તખલ્લુસ ધારણ કર્યુ છે તેવા આ સ્તોત્રના રચયિતાની આ કૃતિ આપશ્રીના જ અનુગ્રહથી પૂર્ણ થઈ છે.

રચયિતા : પૂ.પા. ગો.શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી)

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૫૧

યહ પ્રાકૃત જગત્ કૌ હેત ।
નિજ સંબંધી ખિન્ન દેખીકે અવલમ્બહિ સબ દેત –૧–
પૈ આઈ તકિ શરન પદનિ કી ભાનુસુતા સુધિ લીજૈ ।
દીન શુલ્ક 'બલ્લભદાસી' કો સદ્ય અભય પદ દીજૈ –૨–

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી જગતને પ્રાકૃતરૂપ બતાવે છે. જગતમાં સુખમાં ઘણા મિત્રો મળે, પરંતુ દુઃખમાં સાથી ન કોઈ. આ જગતની રીત છે. સંસારી ધર્મો સ્વાર્થી હોવાથી કોણ કોનું સમજવું મુશ્કેલ પડે છે.

થોડીવાર કોઈ આધાર આપે બાકી જીવનસાથી કોણ ? આ જગતની આવી રીત જોઈને દાસ વલ્લભ આપની શરણે આવીને વિનવે છે કે, હે મૈયા, આ એક નિઃશુલ્ક દાસ આપનો છે, તેને આપના સિવાય બીજા કોઈનો આધાર જ નથી. તેથી આપના સિવાય કોઈ અભયપદ આપી શકે તેમ નથી. એવો હું થાકેલો, હારેલો છું તેને દીન જાણી આપ કૃપા કરશો. ૫ઉ

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટીત સહસ્ત્ર શ્લોકી

સેવાભાવના

હિન્દી પધરચના રચયિતા– પ.ભ. રૂપચંદ ખંડેલવાલ "ભૂપ" જબલપુર

ગતાંકથી ચાલુ

કોમલ ચરન શકટ ઉલટાયો, શિલા પછારિ તૃણા નિબટાયો;
પયપીવત અપને મુખ માંહી, બિસ્વ દિખાય દિયો તો કાહી. ૧૦૦૩
ઉખલ તેં તૂ બાંધે માઈ, તબ વૃક્ષન ઢિંગ જાઈ કન્હાઈ,
યમલાર્જુન દોઉ વૃક્ષન કાહીં, ગિરા દિયે યાને છિનં માહીં;
ધેનુક હણ્યો તાલવન માહીં, પુનિ ઈકધા વત્સ્યાસુર કાહીં,
બછરન મિલિ એહિ મારન આયો, તા કહં છિન મહંમાર ગિરાયો. ૧૦૦૪
ફારી ચોંચ બકાસુર માર્યો, અઘાસુર હું કો ઈન સંહાર્યો;
કાલિનાગ કો દમન કરાયો, દાવાનલ પીવત ન ડરાયો. ૧૦૦૫
મુંજાટવી ઘુસીં નિજ ગૈયન, કો દાવાસોં કીનોં રક્ષન;
ખેલત હી હમ સખન મંઝારી, દિયો પ્રલંબાસુર કહં ચારી. ૧૦૦૬
દો. ઈમિ અચરજ વારે ચરિત, બ્રજ મેં કરે અનેક;
તૂ ભય માનેં વ્યર્થ હી, તવ સુત બલ અતિરેક. ૧૦૦૭
જબ લગી બ્રજમેં યો મમ ભાઈ, તબ લગિ ઈતકા કો ભય માઈ ??
યા સોં હી હમ સબ થલ માહીં, આઠોં યામ સકલ સુખ પાહીં. ૧૦૦૮
યા કહં તૌ કછુ હૂ ભય નાહિં, સબ કોઉ યા કે સેવક આહીં;
નૃપ સમ નિજ ઈચ્છા અનુસારી, ખેલત બનમેં સખન મંઝારી. ૧૦૦૯
હમ સબ બનમેં ગાય ચરાવત, સોઈ કરત જો યાકો ભાવત ૧૦૧૦
જબ તેં યો હૈ બ્રજમેં આયો, તબ તેં હમ સબને સુખ પાયો,
હુઈ હૈ મંગલ સદા બહોરી, માતા કે સ્વભાવ તૂ ભોરી;
ઐસો ભય જો મનમેં લાવૈ, નારિ સ્વભાવ સો ઉચિત કહાવૈ. ૧૦૧૧
દો. તોહિં પરૈગો માનનો, મૈયા અદ્‌ભુત બાત;
મો ઉપર બિસ્વાસ કરૂ, દાઉ હંસિ બતરાત. ૧૦૧૧½

બલદેવજીના અભય વચન સાંભળીને પણ વાત્સલ્યથી અધીર થઈને ફરી પણ બલદેવજીને શિખામણ આપે છે તે સાડાચાર શ્લોકથી કહે છે. (૧૦૧૨ થી ૧૦૧૬)

બલદાઉ કે અભય બચન સુન, પુત્ર પરાક્રમ હ્વૈ પ્રફુલમન;
બોલી યશુમતિ બડરેન ભાગન, સારે વિઘ્ન નસાયે ભગવાન. ૧૦૧૩
વિષ્ણુ હરત સજ્જન કે વીરા, બડે ભાગ્ય તેઈ મતિ ધીરા;
નાસે વિઘ્ન કૃષ્ણ કે સગરે, કંસ–દ્વેસ મે બહુરિયુ હમ રે. ૧૦૧૪
જે તે શત્રુ હમારે આહીં, તે તે બાર ન માથે માહીં;
યાતે ગાય ચરાવન જબ તુમ, જાત, રહહિં ભયભીત બહુત હમ. ૧૦૧૫
ભૈયા દુસ્સાહસ ન કરીયો, ગૈયન કહં નિત નિકટ ચરૈયો;
અથવા લૈ જા હુ નિજ સાથા, ગોપન, અસ્ત્રશસ્ત્ર લૈ હાથા. ૧૦૧૬

પ્રભુ ભોજન કરતા ઉઠી ગયા, ત્યારે માતાએ સમજાવીને બેસાડયા, ફરીથી ભોજન કરાવ્યું, પછી શ્રીઅંગ ધોઈને પોંછીને માતાએ બીડી આરોગીને પોતાનું ચર્વિત પ્રભુને આપ્યુ તે સાડા સાત શ્લોકથી કહે છે. (શ્લોક ૧૦૧૭ થી ૧૦૨૩ ૧/૨)

સો. કરત દોઉ ઈમિ બાત, કૃષ્ણ, ખાત ઔંચક ઉઠે;
પૂછંત યશુદા માત, કા ખાયો ચંચલ સુવન. ૧૦૧૭
કમલ નયન, કે બાતન માહીં, સમય ગમાયો ખાયો નાહીં;
ભોજન થાર પરોસ્યો જૈસો, હે સુત, અજ હું ભર્યો હે તૈસો. ૧૦૧૮
ખડે રહ હુ સુન્દર ! સુનુ મોરી, લેહુ સોંજ નીકી યહ થોરી;
ઈમિ બિનતી કર યશુદા માઈ, આરોગવે બિઠાઈ કન્હાઈ. ૧૦૧૯
કછુક આરોગી ભયે પ્રભુ ઠાડે, દોઉ હાથન પકડે માં ગાઢે;
પ્રભુ હઠકરિ કછુ કૌતુક કરહીં, ધરણિ પટક પગ નૂપુર બજાહીં. ૧૦૨૦
મુખમેં હરિ જૂઠન લપટાયે, નંદરાય કે આંગન આયે;
બૈઠે ઈક ચૌકી પર આઈ, અપનો સબ અંગ લિયો ધુવાઈ. ૧૦૨૧
માત યશોદા ઉત્તમ વસ્ત્રન, લાગી પ્રભુ કો શ્રીમુખપોંછન;
પુનિ તાંબુલ અપુન મુખ લેઈ, તાહિ ખવાઈ પુત્ર મુખ દેઈ. ૧૦૨૨
શ્રીમુખ કો ચુમ્બન લૈ મૈયા, હૃદય લગાવત અતિ સુખ પૈયા;

આસન એક રમણીય બિછાયો, નંદરાય સંગ સુતહિં બિઠાયો. ૧૦૨૩
દો. લાડ લડાવત પુત્ર કે, અપનો ભાગ્ય મનાય;
લગે પાન ખાવન સબહિં, આનંદ ઉર ન સમાય. ૧૦૨૩½

નિજ મંદીરમાં સખીજન પ્રભુ માટે શય્યા બિછાવીને શયનમાં ઉચિત સામગ્રી ધરીને શ્રીયશોદાજીને જણાવે છે, તેનું વર્ણન સાડા છ શ્લોકથી કરેં છે. (શ્લોક ૧૦૨૪ થી ૧૦૩૦)

ઈત સખિયન નિજ મંદિર માંહી, હરિ કે હિત સુખ સેજ બિછાંહીં. ૧૦૨૪
જેહિ પલકા પૌંઢે ત્રિભુવનપતિ, તાકો વર્ણન લગત કઠિન અતિ;
પાયન નીકે કાચ ખુદાએ, જનુ વિધના નિજ હાથ બનાયે,
હાથીદાંત કી પચ્ચીકારી, બિચ બિચ પુરી સ્વર્ણ કી તારી,
કસ્તૂરી અરગજા સુવાસા, તામેં પધરાયેં બરાસા,
સ્વચ્છ સ્વેત જનુ પય કો ફેના, ઐસે સુન્દર બિછે બિછૌના. ૧૦૨૫
દોઉ બાજુ બીડા સિદ્ધાએ, ઔર સ્વચ્છ જલ પાત્ર ધરાયેં;
પંખા આદિ વસ્તુ ઉપયોગી, તે સબ ધરીં નેગ કે જોગી. ૧૦૨૬
કોમલ વસ્ત્રન રૂઈ ભરાઈ, તિનકી ગાદી સિદ્ધ કરાઈ;
ધરૈ રેશમી તકિયા તાપૈ, લગે સ્વર્ણકે ગુચ્છા જાપૈ. ૧૦૨૭
તે દોઉ બાજુઅન ધરાઈ, મુગમદ કી થૈલી લટકાઈ;
ચાદર સુગંધ મયી બિછાઈ, પુષ્પમાલ ચહું ઔર સુહાઈ. ૧૦૨૮
દો. ઈહિવિધિ સારી વસ્તુ ધર, શય્યા સુઘર બિછાઈ;
જહં બૈઠે સુત, માતપિતુ, ગોપી બોલી આય. ૧૦૨૯
સો. સામગ્રી સબ સાજિ, અન્તર્ગૃહ શય્યા બિછા;
આઈ બસ ઈહિકાજ, સુતહિં બેગિ પૌઢાવહૂ. ૧૦૩૦

માતા અધીરા થઈને પૂછે છે કે તેં શું શું સામગ્રી ધરી છે ? સખી તેનો ઉત્તર આપે છે, પછી શ્રીયશોદાજી પ્રભુને પોઢાડવાને જાય છે. પ્રભુને નિદ્રાવશ જાણે છે, પરંતુ પોતે માતાનું મુખ જુએ છે, એ સર્વ પ્રકાર સાત શ્લોકથી વર્ણન કરે છે. (શ્લોક ૧૦૩૧ થી ૧૦૩૭)

સુત–પોષણ પરાયણ જહિયા, અતિ વાત્સલ્ય–વિહ્વલા મૈયા;
પુત્ર સ્નેહ અતિશય અનુરાગી, પુનઃ સખી સોં બોલન લાગી. ૧૦૩૧

અહો સખી યો બાલક કહાવૈ, નિસિ મેં જો ભૂખો હો જાવૈ;
કહા ધર્યો શય્યા કે પાસા, મોહિં બતા સબ વસ્તુ ખુલાસા. ૧૦૩૨
ચાખન મિસરી સહ પકવાના, ખારી વસ્તુ દૂધ મિષ્ઠાના. ૧૦૩૩
દ્રાક્ષ,ગંડેરી ટૂક ધરાયે, સખિયન માતા કહં સમઝાયે. ૧૦૩૪
નયન મૂંદ સોયે ગોદી મેં, ઐસે કૃષ્ણ હિં ઉઠાય ધીમેં;
સુન સખિ વચન જશોદા માઈ, શયન કક્ષતક પહુંચી જાઈ. ૧૦૩૫
ગોચારન હિત બનમેં જાઈ, મો સુત હુઈ હૈ ગયો થકાઈ;
જગ ન જાય, ઐસો ભય ખાતી, પહુંચી ધીમેં પાવ ધરાતી. ૧૦૩૬
દો. દોઉ કર સાધે ભયે, સુતહિં સુવાવત માઈ;
અર્ધ નિમીલિત નેત્રસોં, દેખત સોત કન્હાઈ. ૧૦૩૭

પછી માતા પ્રભુની પાસે બેસીને પીઠ પર વારંવાર હાથ ફેરવતી પ્રભુની લીલાનું વર્ણન કરતી ઉંઘી જવાની પ્રાર્થના કરે છે અને પ્રભુ નિદ્રાવશ થઈ જાય છે, ત્યારે પોતે ઘરમાં આવે છે, તેનું વર્ણન ત્રેવીસ શ્લોકથી કરે છે. (શ્લોક ૧૦૩૮ થી ૧૦૬૦)

સુત સનેહ શય્યા ઢિગ બૈઠત, મૈયા હાથ પીઠ પૈ ફેરત;
માત યશોદા લોરી ગાવૈ, જાસોં લાલ શીઘ્ર સો જાવૈ. ૧૦૩૮
હે બ્રજરાજ પુત્ર, હે હે હરિ, નિજ પિતુ કહં સુખ દેત તુષ્ટ કરિ;
હે મમયુગલ નેત્ર ફલસમા, કૃપાનિધે સોવહુ સુર ભૂપા. ૧૦૩૯
ગાય ચરાવત ફિરત બનહિંબન, તાકો શ્રમ અરૂ ધૂપકી તપન;
સોંવત મુખ ભરિ ગયો પસેઉ, કરહુ કૃપા અબ જલ્દી સોઉ. ૧૦૪૦
કંકર પત્થર ઘાસ અંકુરન, સોં દૂખત નિજ કમલ સે ચરન;
નંદરાય કે આંગન ચાહીં, નટ સમાન જે ખેલત આહીં. ૧૦૪૧

—ક્રમશઃ

પુસ્તક પરિચય

૧. ભાવસાધક બાધક નિરૂપણમ્ વિવરણ

લેખકો અને પ્રકાશકો : શ્રી બાબુભાઈ નાયક
સુ શ્રી કિરણબેન શાહ

પુસ્તક પ્રાપ્તિસ્થાન : (૧) સુ શ્રી કિરણબેન નંદલાલ શાહ
માંડવી પોળ, કડી. ૩૮૨ ૭૧૫ (જિ. મહેસાણા)
(૨) શ્રીમદ્ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન
"શ્રી વલ્લભ કૃપા" ૪,વિવેક એપાર્ટમેન્ટ,
નવરંગપુરા ટેલીફોન એક્ષચેંજની પાછળ,
એલીસબ્રીજ, અમદાવાદ– ૩૮૦૦૦૯.

આઠ પેઈજી ડેમી સાઈઝ પુષ્ઠ ૧૬૦ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, ટાઈટલ આર્ટ પેપર લેમીનેશનવાળુ. ઉપર શ્રી હરિરાયજી અને શ્રીમહાપ્રભુજીના બહુરંગી ચિત્રજી.

ન્યોછાવર રૂ. ૩૦/– + પોસ્ટેજ ખર્ચ રૂ. ૫/–

ભગવદ્ સેવા, સ્મરણ, સત્સંગ વગેરે કરવા છતાં વૈષ્ણવોને હાલના સમયમાં શ્રીઠાકોરજીની અનુભુતિ થતી નથી. અથવા ઓછી થાય છે. તેનું કારણ અને નિવારણ સમજાવવા શ્રીહરિરાયજીએ 'ભાવસાધક બાધક નિરૂપણમ્' નવ શ્લોકની રચના કરી.

આ પુસ્તકમાં આ ગ્રંથના નવ શ્લોક સરળ ગુજરાતી અનુવાદ અને વિવરણ સાથે રજુ કરવામાં આવ્યા છે. ગ્રંથમાં આવતા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોને અનુરૂપ વાર્તા, અષ્ટ સખાના કિર્તનો વિગેરેનો પણ સમાવેશ છે. ખુબજ સુંદર પુસ્તક, સરળ રસાળ શૈલી, વાંચતા આનંદ આવે છે. દરેક વૈષ્ણવ પરિવારે વાંચવા અને વસાવવા લાયક પુસ્તક, શુભ પ્રસંગે ભેટ આપવા લાયક પુસ્તક.

૨. પુષ્ટિમાર્ગીય જીવન દર્શન (અંગ્રેજી)

લેખક : પથિક

પ્રકાશક : ભારતીય તત્વજ્ઞાન મંદિર
C/O ડૉ. વિનોદ પુરાણી, ગોકુલનાથજીના મંદિર પાસે, મોડાસા– ૩૮૩૩૧૫

બત્રીસ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૬૬, પીન બાઈન્ડીંગ. કિંમત રૂ. ૩૫/–

વિદેશમાં વસેલા ભારતના વૈષ્ણવો માટે અંગ્રેજીમાં લખાયેલ આ પુસ્તિકામાં વૈષ્ણવી જીવનના મૂળ ભુત સિદ્ધાંતની અને શ્રીવલ્લભના વિચારો સંક્ષિપ્તમ રૂપે રજુ કરવામાં આવ્યા છે. વિદેશમાં વસતી નવી પેઢીને આ પુસ્તિકા દ્વારા પુષ્ટિમાર્ગ અને વૈષ્ણવતાનું વિહંગાવલોકન કરાવવાનો સફળ પ્રયાસ છે.

૩. સુગીતા (અ. ૧૦ થી ૧૪)

લેખક : ડૉ. વિનોદચંદ્ર ઓ. પુરાણી

પ્રકાશક : પ્રાપ્તિસ્થાન ડૉ. વિનોદચંદ્ર ઓ. પુરાણી

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૧૨ + ૮ = ૧૨૦ પીન બાઈન્ડીંગ કીંમત રૂ. ૧૦/–

આ નાની પુસ્તિકામાં શ્રીમદ્ ભગવદ ગીતાના પાંચ અધ્યાય (૧૦ થી ૧૪) નું વિદ્વતાપૂર્વક વિહંગાવલોકન કરવામાં આવ્યું છે. દરેક અધ્યાયમાં સમજાવવામાં આવેલ જુદા જુદા શ્લોકોનું વિદ્વતાપૂર્ણ ભાષામાં વિવરણ સંક્ષિપ્તમાં કરવામાં આવ્યું છે. ગીતાના અભ્યાસી વિદ્વાનોને ઉપયોગી પુસ્તક.

સમાચાર

વાવાઝોડામાં અસરગ્રસ્ત લોકોની મદદે વૈષ્ણવ પરિષદ

રાજકોટ : વાવાઝોડાનાં સમાચાર સાંભળતા આં.પુ.વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા દ્વારા ત્વરિત સહાય પહોંચાડવાનું ઉમદા કાર્ય

સૌરાષ્ટ્રના સાગર કાંઠાના વિનાશક ભયંકર વાવાઝોડાનાં સમાચારા પ્રાપ્ત થતાં વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ જામનગર જીલ્લાનાં ગામો ભોગાત– સતાપર– નવાગામ– લાંબાબંદર– ગાંગરી– ચાસલાણા વિગેરે ગામોમાં તાત્કાલિક જરૂરીયાતની વસ્તુઓ સ્ટવ, સ્ટીલ થાળી, વાટકો, બરણી, પ્યાલા, ડોલ, ડબલું, મીણબત્તી પેકેટ, માચીસ પેકેટ એવા ૫૦૦ સેટ ૫૦૦ પરિવારોને તેમજ કેરોસીનનાં ૫ લીટરના કેરબા ૩૦૦ પરિવારોને વૈષ્ણવ યુવકો શ્રી ગોપાલદાસ ડેલાવાળા– જયેન્દ્ર પડિયા– પ્રશાંત ચંચલ– જીતુભાઈ છાપીયા– વિજય માણેક– રજની માંડલીયા વિગેરે મિત્ર મંડળના સહયોગથી તેઓએ રૂબરૂ દરેક ગામોમાં પહોંચી સર્વે કરી જરૂરીયાતમંદ પરિવારોને પહોંચાડી ઉમદા કામગીરી કરેલ છે. તેમ વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ તથા કેન્દ્રીય પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠની યાદીમાં જણાવવામાં આવે છે.

વડોદરા :

આં.રા.પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના પ્રમુખ ઈન્દ્રકાન્તભાઈ શેઠ તથા સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ

શેઠની અપીલને માન આપી પૂ.ગો. શ્રી વાગીશકુમારજી, ગો.શ્રી રાજેશકુમારજી, ગો.શ્રી દ્વારકેશલાલજી મહોદય, ગો. શ્રી જયદેવલાલજી વિગેરે ગો. બાલકોનાં આશીર્વાદ તથા વૈષ્ણવ પરિષદની શાખાઓ આ સેવા યજ્ઞમાં સુદર સહયોગ આપ્યો.

* * *

જામનગર :

જામનગર જીલ્લાનાં વાવાઝોડાગ્રસ્ત વિસ્તારમાં ખંભાળીયા–કલ્યાણપુર– તથા દ્વારકા તાલુકામાં આવેલ સનાતન મંદિરો– ગૌ શાળા– પુષ્ટિસંપ્રદાયની હવેલી તથા બેઠકજીઓ તથા ખરેખર જરૂરીયાત હોય પરંતુ કોઈ પાસે હાથ લાંબો નથી કરતા તેવા પરિવારજનોનો સર્વે કરવા પ્રદેશ હોદ્દેદારો શ્રી પ્રદ્યુમનભાઈ શાસ્ત્રી, સંગઠન મંત્રીશ્રી ચીમનભાઈ શેઠ, મંત્રીશ્રીઓ ડાયાભાઈ ડેલાવાળા, સી.પી. તલાટી કોષાધ્યક્ષ ગોપાલભાઈ શાહ સાથે વડોદરા શાખાના કાર્યકરો વામનભાઈ પટેલ– દિનેશભાઈ શાહ સ્થાનિક વૈષ્ણવ કાર્યકરોનાં સહયોગથી સર્વે કરી સમીક્ષા કરતાં તાત્કાલિક ગૌસેવામાં સહાયરૂપ બનવાની સાથે અન્ય વૈષ્ણવોને મંદીર–હવેલી– બેઠકજીમાં રીપેરીંગ કાર્યમાં સહયોગી બનવાની સાથોસાથ જરૂરીયાતમંદ ૧૫૦ પરિવારોને શ્રી કલ્યાણરાયજી મંદિર વડોદરા દ્વારા તથા પરિષદ ભંડોળમાંથી અનાજ–કપડાં તેમજ જેઓને નળિયા મળેલ છે પણ રીપેરીંગ કરી શકે તેમ નથી. અન્ય રીપેરીંગ ખર્ચની જરૂરીયાત છે. જયાં હજું નળીયા નથી પહોંચેલ તેવાઓને નળીયાની ગાડી મોકલવા ઉપરાંત ભાટિયા– રાણ–ગાગા ગુરગઢ– પીંડારા– મુળ ગોમટા– બરડીયા– ગોપી વિગેરે ગામોના મંદિર બેઠકોમાં અમુક વૈષ્ણવોએ સ્વયંભુ રીપેરીંગ કાર્ય ઉપાડી લીધેલ છે. ઉપરાંત વૈષ્ણવ પરિષદ દ્વારા કલ્યાણપુર તથા ભાટિયાનાં સ્થાનિક વૈષ્ણવો ગોપાલભાઈ ખેરાજભાઈ દાવડા– નટુભાઈ દત્તાણી વિગેરેની ૭ સભ્યોની સમિતિ દ્વારા બેઠક મંદિરોમાં રિપેરીંગ કાર્ય કરવા રૂ. ૭૦૦૦૦/– હાલના ધોરણે મંજુર કર્યા તથા નળિયાની ગાડી મોકલવાનું નક્કી કર્યુ. અન્ય ખર્ચ જયાં ચોમાસા બાદ થઈ શકે તેમ છે ત્યાં ફરી આગળ વિચારી વ્યવસ્થા ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

* * *

જામનગર : અત્રેથી પૂ.પા. શ્રી હરિરાયજી મહારાજશ્રી તથા શ્રી વૃજવલ્લભ સોશ્યલ ગૃપના અધ્યક્ષ પૂ.પા. શ્રી વલ્લભબાવાશ્રી દ્વારા જામનગર તથા આસપાસના ગામોના વાવાઝોડાગ્રસ્ત લોકોને રાહત આપવા શ્રી વૃજવલ્લભ સોશ્યલ ગૃપના વૈષ્ણવોએ ઉમદા કાર્ય કરેલ. લગભગ સવા લાખ નળીયા તથા અન્ય ચીજવસ્તુઓ વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચાડી લોકોને રાહત પહોંચાડવાનું ઉમદા કાર્ય કરેલ.

કાવ્ય કુંજ

ગોકુળીયામાં કેમ રહેવું (ઉરાહનો – ઠપકો)

રચયિતા– કીર્તનીયાં લાલજીભાઈ પટેલ, ગણોદ.

[ઢાળ – વાલા મનડા અમારા હરિ લીધા, તારી મોરલીએ]

નંદરાણી કાનુડાને વારો, ગોકુળીયમાં કેમ રહેવું;
તમે દેતા જજો જરા ડારો, આ દુઃખ નિત્ય કેમ સહેવુ. ૧
મારા મહિડાની ગોળી ફોડે, ગોકુળીયામાં કેમ રહેવું;
વાલો ખીલેથી વાછરૂ છોડે, આ દુઃખ નિત્ય કેમ સહેવું ૨
આવી સુતા બાળકને જગાડે, ગોકુળીયામાં કેમ રહેવું;
છાણ ઉડાડી આંગણુ બગાડે, આ દુઃખ નિત્ય કેમ સહેવું ૩
ખાય છીંકેથી માખણ ઉતારી, ગોકુળીયામાં કેમ રહેવું;
એને બીક નથી કોઈની લગારી, આ દુઃખ નિત્ય કેમ સહેવું ૪
સાથે સખાને માંકડા લાવે, ગોકુળીયામાં કેમ રહેવું;
મહી માખણની કીચ મચાવે, આ દુઃખ નિત્ય કેમ સહેવું ૫
મને દેખીને ભાગે નઠારો, ગોકુળીયામાં કેમ રહેવું;
આપે મનમાં આવે એવી ગાળો, આ દુઃખ નિત્ય કેમ સહેવુ. ૬
માતા કાનો તમારો કવરાવે, ગોકુળીયામાં કેમ રહેવું;
નિત્ય કહેતા શરમ ઘણી આવે, આ દુઃખ નિત્ય કેમ સહેવું. ૭
એને કાન્હ વિના નથી ગમતું, ગોકુળીયામાં કેમ રહેવું;
એનું મનડું મોહનમાં ભમતુ, આ દુઃખ નિત્ય કેમ સહેવુ. ૮
ગોપી ઉપરથી રીસ બતાવે, ગોકુળીયામાં કેમ રહેવુ;
એના અંતરમાં વ્હાલ ઘણું આવે, આ દુઃખ નિત્ય કેમ સહેવુ. ૯
ચિત્ત ચોર્યુ કાનુડે કારે, ગોકુળીયામાં કેમ રહેવું;
'લાલ' પ્રભુ પર તન–મન વારે, આ દુઃખ નિત્ય કેમ સહેવું. ૧૦

॥ શ્રી કૃષ્ણ શરણં મમઃ ॥

વ્રજલીલાના પદ

રચયિતા : શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ) બી.ઈ (સીવીલ) બીરપુર

૪૦ શ્રી ઠકરાણીઘાટ દર્શન

રાગ : અમે આવ્યા તમારે આશરે..... વલ્લભવરજી

માએ ઠકરાણી ઘાટ વાસ કીધો રે, શ્રીયમુનાજી;
શ્રી વલ્લભ જોઈ જોઈ હરખ્યાં રે, શ્રી યમુનાજી. ૧
પ્રભુ પોતે પધાર્યા છે ઘાટ રે, શ્રી યમુનાજી;
શરણ મંત્રના દેવાં દાન રે, શ્રી યમુનાજી. ૨
વહાલા વલ્લભને દીધાં છે માન રે, શ્રી યમુનાજી;
સજી સોળે શણગાર પધારિયાં, શ્રી યમુનાજી. ૩
ખોલી દીધાં નિકુંજના દ્વાર રે, શ્રી યમુનાજી;
સીઢી સોને મઢી અતિ સોહની રે, શ્રી યમુનાજી. ૪
ભૂમિ મનિ હીરા માણેકથી ઝળકતી, શ્રી યમુનાજી;
ચમકે મણિઓથી આરસ થાંભલી શ્રી યમુનાજી. ૫
છત વિધ વિધ આભાથી શોભી રહી, શ્રી યમુનાજી;
જાણે કોટિ કોટિ ભાનુ રહ્યા ઊગી, શ્રી યમુનાજી. ૬
દ્વારે અટકી 'ચરણદાસ' બોલીયા, શ્રી યમુનાજી;
લીલા નીરખી, લે માનાં વારણાં, શ્રી યમુનાજી. ૭

ભાવાર્થ : દ્વારે અટકી – આ નિકુંજ લીલાનાં દર્શન, ધ્યાન કરતાં તા. ૯–૧૦–૯૨ ના રોજ સવારના શ્રીગોકુળમાં શ્રી ઠકુરાણી ઘાટે, ઝારી ચરણસ્પર્શ કર્યા પછી અને શ્રીમિલન બાવાના વ્રજ પરિક્રમામાં તા. ૮–૧૦–૯૨ ના રોજ આશીર્વાદ મળ્યા પછી આ અલૌકિક રસનો પ્રથમ અનુભવ થયો.

શ્રી યમુનામાંએ કૃપા કરી, સ્વનિકુંજના દ્વાર સુધી આ ચર્મચક્ષુ બંધ કરતાં ધ્યાનમાં ઝાંખી કરાવી, જેનું આબેહુબ વર્ણન કરવું અશક્ય છે. માની અસીમ કૃપાથી મા એ આજે પ્રેરણા કરતાં અંતરમાંથી શબ્દો સર્યા તે લખ્યા અને ચિંતન કરતાં આ પદની રચના થઈ. શ્રીયમુના માની નિકુંજનો આગળનો ભાગ સોનાથી મઢેલો અને અનેક રત્નોથી ચણાયેલો ચળકતો હતો. તેમાંથી તેજ પુંજના ઝગારા મારતા હતા. હીરા માણેક પન્ના રત્નોથી ઉપરની આરસ જડી હતી. છતમાં લાલ અને પીળાં નીલમણિઓ નકશીકામ કોતરી જાણે અતિ સુંદર સૌંદર્ય પ્રકટ કરતી છાપ ઉપસાવી ઝળકી રહ્યા હતા. તેજનો ફુવારો ચારે બાજુ છૂટતો હોય તેવાં કિરણો ઉદ્‌ભવતાં હતા. તેમાં નીરખવા આંખને ખેંચવી પડે તેવું બનતું. છતાં ઘડીકમાં વાદળ સમાન છાયા દેખાતી ત્યારે ઓછા પ્રકાશમાં આકર્ષિત જણાતાં સર્વ સાધનોનું દર્શન થતું. બધું જ ત્યાં સ્થિર થઈ ગયુ. મન, ચિત્ત, બુદ્ધિ અને અંતર કલ્પનાઓ શૂન્યાવકાશમાં ભળી જઈ બધું જ વિસરી સ્થિર થઈ જતાં આનંદનો ઉછાળો સમાતો ન હતો.

ભાદરવા સુદ ૮ તા. ૩૦–૮–૯૮ રવિવાર : શ્રી રાધાષ્ટમી. ગો.શ્રીવ્રજજીવનજી મહારાજ શ્રી (મુંબઈ–કાંદીવલી–અમરેલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૯ તા. ૩૧–૮–૯૮ સોમવાર : શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રારંભ

ભાદરવા સુદ ૧૧ તા. ૨–૮–૯૮ બુધવાર : પરિવર્તીની. દાન એકાદશી વ્રત. નવલક્ષ ગ્રંથ કર્તા લેખવાળા દશદિગંત વિજયી ગો.શ્રી પુરૂષોત્તમજી (વિ. સં. ૧૭૧૪)નો ઉત્સવ દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રી કૃષ્ણચંદ્રજીનો પ્રભાસક્ષેત્રમાં દેહોત્સર્ગ. શરદઋતુની શરૂઆત થઈ કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા. ૩–૯–૯૮ ગુરૂવાર : વામન જયંતિ વ્રત. ભક્ત કવિ શ્રી દયારામભાઈનો જન્મદિન.(સં.૧૮૩૩)

ભાદરવા સુદ ૧૪ તા. ૫–૯–૯૮ શનિવાર : અનંત ચતુર્દશી. ગો.ચિ. શિશીરકુમારજી (કામવન)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૫ તા. ૬–૯–૯૮ રવિવાર : પૂર્ણિમા. શ્રીમદ્ ભાગવત સપ્તાહ સમાપ્તિ. સાંઝીનો પ્રારંભ આજથી અમાસ સુધી સાંઝીના પદ બોલાય.

ભાદરવા વદ ૧ તા. ૭–૯–૯૮ સોમવાર : શ્રીબાલમુકુંદજીનો પાટોત્સવ, લાડુબેટીજી મંદિર, મુંબઈ. શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ. આજથી મુરલીના પદ વિજયાદશમી સુધી બોલાય. શ્રાદ્ધ–મહાલયનો પ્રારંભ.

ભાદરવા વદ ૨ તા. ૮–૯–૯૮ મંગળવાર : ગો.શ્રી દ્રુમીલકુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૩ તા. ૯–૯–૯૮ બુધવાર : ચતુર્થીનો ક્ષય હોવાથી ગો. શ્રી ચંદ્રગોપાલજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

વ્રજયાત્રા કરતી વખતે સાથે રાખી વાંચન–મનન કરવા

" શ્રીમથુરા વ્રજમંડળ યાને વ્રજદર્શન " પુસ્તક અવશ્ય મંગાવો.
સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પાના ૭૦૦ ઉપરાંત પાકા બાઈન્ડીંગનું પ્લાસ્ટીક કવરવાળું પુસ્તક
જેમાં વ્રજના લીલા સ્થળોનું વર્ણન, માહાત્મ્ય, દષ્ટાંત, ધોળ–પદ સાથેનું અનુપમ સંકલન.
થોડી નકલો રહી છે માટે વહેલાસર મંગાવી લેવા અનુરોધ છે.
ન્યોછાવર રૂ.૫૦/– અને રજી. પોસ્ટેજના રૂ.૧૦/– મળી કુલ રૂ.૬૦/– મ.ઓ. થી મોકલાવવા વિનંતી.

રવજી પ. પટેલ
' અમૃત ' જલારામ–૧, માર્ગ–૩
યુનિવર્સિટી રોડ, રાજકોટ. ૩૬૦૦૦૫.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં. ૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પદ રાગ– કાલીંગડો

સખિ! હું તો જાણતી જે સુખ હશે સ્નેહમાં. સખિ ! ૧
હું શું જાણું જે પ્રાણ પરવશ પડશે;
અગની ઉઠશે આખી દેહમાં. સખિ ! ૨
પીડા પામ્યે, પરો થવો નવ ભાવે;
જાદુડો એહેવો છે કાંઈ એહમાં. સખિ ! ૩
રૂપ ને ગુણ સહુ તેહેમાં દેખે;
મન માન્યું જેહેનું જેહમાં. સખિ ! ૪
સ્વાધીનને પરાધીન કરી નાખે;
નેહ વિણ એહ બળ કેહમાં ? સખિ ! ૫
હું દુઃખી અહાં ને વહાલો વિકળ ત્યાંહાં;
સુખી ના મળે કોઈ બેહમાં. સખિ ! ૬
'દયા' ના પ્રીતમ સદા સમીપ વસે તો;
ભીંજી રહું આનંદના મેહમાં. સખિ ! ૭

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલયં લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૯૨૨૯૮.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૭ અંક : ૬ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ સપ્ટેમ્બર, ૧૯૯૮

વચનસુધા

“પરંપરાની વિશિષ્ટતાને અનુસરનારા લોકોને તેનું જ્ઞાન અને તેની પાછળના હેતુની માહિતી હોવી જોઈએ. અપરસમાં કોરા વસ્ત્રો (તેને કહેવાયકે) જેમાંથી કાંજી કાઢીને ધોયેલા હોય તે (કોરા) કહેવાય. ગળી અને સ્ટાર્ચ (કાંજી) વાળા કપડાના (શ્રીઠાકોરજીના) વસ્ત્રો પણ ન બનાવવા જોઈએ. ફાગણના વસ્ત્રો (સફેદ) પણ ધોઈને પીછવાઈ વગેરે સિદ્ધ કરવી........

સ્વયંપાકની પદ્ધતિ જુની અને વૈદિક છે અને તેવી જ રીતે મર્યાદી (મરજાદી) સમાજ પણ સ્વયંપાકી હોય છે. આચાર્ય પરંપરામાં તેમના પત્નિ રસોઈ સિદ્ધ કરે તેવી પરંપરા હતી. અને એ શ્રીવલ્લભાચાર્યજીના સમયથી ચાલી આવે છે. તેઓશ્રી અગ્નિહોત્રી હતા. પાછડ(ના) આચાર્યો બ્રહ્મચર્ય અને ત્યારબાદ ચતુર્થી હવન કર્યા પછી ગૃહયાગ્નિ રાખતા હતા. આમ આચાર્ય સ્થાનમાં લગભગ પંચાગ્નિ રહેતી હતી. આજે તેવા પ્રકારને અન્યાશ્રય મનાય છે. આ આચાર્યની માન્યતા વિરુદ્ધ જણાય છે.

(નિ.લી.ગો શ્રીરણછોડાચાર્યજી મહારાજ ‘પ્રથમેશજી’ ના વચનામૃત. શ્રીપ્રથમેશવાક્સુધા પૃષ્ઠ ૨૧૦/૧૧)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

ભાદરવા વદ ૫ તા.૧૦–૯–૯૮ ગુરૂવારઃ શ્રીહરિરાયજી (૪૧ શિક્ષાપત્રવાળા)નો ઉત્સવ (સં.૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા.૧૩–૯–૯૮ રવિવારઃ શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ પૌત્ર અને શ્રીગોપીનાથજીના લાલજી શ્રીપુરૂષોત્તમજી (વિ.સં.૧૫૮૭)નો ઉત્સવ.

ભાદરવા વદ ૯ તા.૧૪–૯–૯૮ સોમવારઃ અવિધવા નવમી. સૌભાગ્યવતી સ્ત્રીઓનું શ્રાદ્ધ. ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૧ તા.૧૬–૯–૯૮ બુધવારઃ ઈન્દિરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા.૧૭–૯–૯૮ ગુરૂવારઃ શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ. (સં.૧૫૬૭)

ભાદરવા વદ ૧૩ તા.૧૮–૯–૯૮ શુક્રવારઃ શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીનો ઉત્સવ. (સં.૧૬૦૬)

ભાદરવા વદ ૩૦ (અમાસ) તા.૨૦–૯–૯૮ રવિવારઃ સર્વપિત્રી–દર્શ–અમાવસ્યા. કોટની આરતિ. સાંઝીની સમાપ્તિ.

આસો સુદ ૧ તા.૨૧–૯–૯૮ સોમવારઃ નવવિલાસ નવરાત્રી આરંભ, અંકુરારોપણ, રાસના પદ બધા સમયમાં, કરખાના પદ ભોગમાં તથા રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય. ગો.શ્રી પ્રણયકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા) નો તથા ગો.શ્રી અનુરાગજી (સુરત)નો તથા ગો.શ્રી વાગીશબાવાશ્રી (રાજનગર–અમદાવાદ)નો તથા ગો.શ્રીમિથિલેશકુમારજી (કાંદીવલી)નો જન્મદિન.

આસો સુદ ૩ તા.૨૩–૯–૯૮ બુધવારઃ ગો.શ્રીરસિકવલ્લભજી મહારાજ (વિલેપાર્લે)નો જન્મદિન.

આસો સુદ ૭ તા.૨૮–૯–૯૮ સોમવારઃ સરસ્વતી આવાહન. ગો.શ્રીહરિરાયજી મહારાજ (મુંબઈ–મદ્રાસ) નો તથા ગો.શ્રીગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપાનેસી)નો જન્મદિન.

આસો સુદ ૯ તા.૩૦–૯–૯૮ બુધવારઃ ગો.શ્રીવાગધીશબાવાશ્રી (શ્રીનાથદ્વારા દ્વિતીયગૃહ) તથા ગો.શ્રીરવિકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો જન્મદિન.

આસો સુદ ૧૦ તા.૧–૧૦–૯૮ ગુરૂવારઃ વિજયાદશમી, દશહરા, અંકુરાર્પણ (જવારા) સાંજે સંધ્યાભોગમાં શ્રીપ્રભુને સમર્પવા. સરસ્વતિ વિસર્જન. નવરાત્ર સમાપ્તિ.

–અનુસંધાન પેજ ૩ ઉપર

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૬ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ સપ્ટેમ્બર, ૧૯૯૮

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

નવમો અપરાધ : ''તિલક મુદ્રા કીયે બીના મંદિરમેં ન જાયેં'' અગાઉ સ્નાનસંબંધી સુચનાઓ આવી, હવે આગળ આજ્ઞા છે કે તિલક મુદ્રા ધારણ કર્યા વિના સેવામાં શ્રીઠાકોરજી સન્મુખ ન જવાય. આચાર્યશ્રીઓ તથા બ્રાહ્મણ વૈષ્ણવો યથાધિકાર તિલક ઉપરાંત શરીરના વિવિધ અંગોમાં નામ મુદ્રા, સંપ્રદાય મુદ્રા તથા શંખ, ચક્ર, ગદા, પદ્મ આદિ મુદ્રાઓ, ગોપીચંદનની છાપ ધરે છે. જ્યારે વૈષ્ણવોએ કપાળમાં ભગવત્ પ્રસાદી કુમકુમનું તિલક અવશ્ય કરવું જોઈએ. સધવા બહેનો તથા કુમારીકાઓએ પ્રસાદી કંકુનોજ ચાંદલો કરવો (સ્ટીકર ચાંદલો નહીં) વિધવા બહેનોએ ગળા પર પ્રસાદી કંકુનો ચાંદલો કરવો. ન કરે તો અપરાધ પડે. (અત્રે વિશેષમાં એ જાણવું જોઈએ કે પ્રભુને ધરવા—તીલક કરવા જે કુમકુમ વાપરવું, તે શુદ્ધ હળદરમાંથી બનાવેલ કંકુ જ વાપરવું જોઈએ: બજારમાં ચૂના—વગેરેને નુકસાનકારક રસાયણોથી રંગીને બનાવી વેચાતા, કહેવાતા કંકુનો ઉપયોગ શ્રીઠાકોરજીને તિલક કરવામાં અને ત્યારબાદ પ્રસાદીનો આપણા તિલક કરવામાં ન કરવો જોઈએ. કેમ કે તે હાનીકારક પદાર્થો છે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ – શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃત્તિ

ભાષાંતર– પ.ભ. શ્રી બાબુભાઈ પી.નાયક, કડી

ગતાંકથી ચાલુ :

તાદશાનાં ક્વચિદ્વાક્યં દૂતાનામિવ વર્ણિતમ્ ।
અજામિલાકર્ણનવદ્–બિન્દુપાનં પ્રકીર્તિતમ્ ॥ ૧૮ ॥

શબ્દાર્થ : તાદશાનાં– તાદશી ભગવદીયોનાં, ક્વચિત– ક્યારેક, વાક્યમ્– વાક્ય, દૂતાનામિવ– (દૂતાનામ + ઈવ) દૂતોની જેમ, વર્ણિતમ્– વર્ણન કરેલું, અજામિલાકર્ણવદ્– અજામિલે સાંભળેલા તેવા, બિન્દુપાનમ્– જળના બિંદુના પાન જેવું, પ્રકીર્તિતમ્– કહ્યું છે.

શ્લોકાર્થ : ઉપર સત્તરમાં શ્લોકમાં કહેલા પ્રકારના તાદશી ભગવદીયોના વચનામૃત કોઈ વખત વિષ્ણુના પાર્ષદોના વાક્યો જેવા હોય છે. અજામિલે તેમનાં વાક્યો સાંભળ્યા. તેણે તે વાક્યોનું જેમ પાન કર્યું તેમ તાદશી ભગવદીયનું વાક્ય ક્યારેક આપણને સાંભળવા મળે તો તેને જળના બિન્દુપાન જેવું સમજી તેમના વચનામૃતનું પાન વૈષ્ણવે કરવું.

વિવરણ : જે પૂર્ણ ભગવદીયો હોય તે ક્યારેક પોતાની પ્રસન્નતાથી બોલતા હોય છે. તેઓ કોઈનું અનુકરણ કરીને અથવા કોઈની પ્રેરણાથી બોલતા નથી, પરંતુ પોતાની સ્વેચ્છાથી બોલતા હોય છે. તેમનું બોલવાનું જેમ દૂત (સ્વામીનો) સંદેશો લઈને જાય અને જેની આગળ તે સંદેશો લઈ જાય તેની આગળ તે સંદેશાનું વર્ણન કરે તેના જેવું જ પૂર્ણભગવદીયના બોલવાને સમજવું.

જેમ રાજાને કંઈ કહેવું હોય તો દૂત દ્વારા કહે છે, તેજ પ્રમાણે ભગવાનને જે કંઈ કહેવું હોય તે રાજાની જેમ ભગવદીયો દ્વારા પોતાના ઉત્કર્ષને પ્રદર્શિત કરાવે છે. તેમાં જરાપણ શંકાને સ્થાન નથી. જ્યારે જીવને ભગવાનની કૃપા વડે ફળ મળવાનું હોય ત્યારે તે જીવને તાદશી ભગવદીયોનો સમાગમ થાય છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે :

મુચકુંદ ભગવાન શ્રીકૃષ્ણને કહે છે કે હે અચ્યુત! સંસારમાં ભટકતા જીવનો જ્યારે મોક્ષ થવાનો હોય છે ત્યારે તેને સત્પુરુષનો સમાગમ થાય. જ્યારે આ રીતે તેનો ભગવદીય સાથે સત્સંગ થાય છે ત્યારે તે જીવને બ્રહ્માથી માંડીને સ્થાવર પર્યંતના ઈશ્વર એવા આપનામાં મતિ થાય છે.''

શ્રીનંદરાયે ગર્ગાચાર્યજીને કહેલું કે હે ભગવાન! ભગવદીયો આ જગતમાં હીન ચિત્તવાળા ગૃહસ્થાશ્રમીઓના કલ્યાણને માટે જ ફરતા રહે છે. તેઓનું ફરવાનું આ સિવાય બીજા કોઈ કારણ માટે નથી.'' ભગદીયોની મહત્તા જણાવતાં (શાસ્ત્રોમાં) ઘણાં વાક્યો છે. માટે જે જીવે તાદશી ભગવદીયોના વચનામૃતરૂપી બિંદુપાનથી ઉપદેશ ગ્રહણ કરવો. તેમનાં વચનામૃત કે

શિખામણ લેવી કે સાંભળવી તે અજામિલે વિષ્ણુદૂતોનાં સાંભળેલા વાક્ય બરાબર છે. જેમ અજામિલે વિષ્ણુદૂતોના ભગવદ્ધર્મની શક્તિનું કે શિખામણનું શ્રવણ કર્યું અને પછી તેનું જ આચરણ કર્યું, તેમ જીવે પણ ભગવદીયના વચન કે શિખામણ સાંભળી તે પ્રમાણે આચરણ કરવું જોઈએ.

અજામિલે વિષ્ણુદૂતોનાં વચનો સાંભળ્યા પછી તેને કદી નરકનો સંબંધ થયો નહીં પણ ભગવદ્ધર્મના આચરણથી ભગવદ્ભાવની પ્રાપ્તિ થઈ. તેમ જીવ પણ ભગવદીયોનાં વચનામૃતરૂપી અમૃતબિંદુનું પાન કરે તો તેને પણ ભગવદ્ભાવનું ફળ મળે. અથવા જેમ અજામિલને વિષ્ણુદૂતોનાં વચનો સાંભળ્યા પછી ભગવાનના રૂપ, નામાદિના માહાત્મ્યનું જ્ઞાન થયું તેમ પૂર્ણભગવદીયના વચનામૃતના બિંદુ પાનથી વૈષ્ણવને ભગવાનનાં રૂપ, નામાદિના માહાત્મ્યનું જ્ઞાન થાય છે. શ્રીમદ્ ભાગવતજીમાં કહ્યું છે કે “ કિરાત, હૂણ, આંધ્ર, પુલિંદ, પુલ્કસ, આભીર, કંક, યવન અને ખસ જેવા અને બીજા પાપયોનિવાળા જીવો પણ જો ભગવાનની સમીપ આશ્રય કરનારા ભગવદીયોનો આશ્રય કરે તો તેઓ પણ શુદ્ધ થઈ જાય. (૧૮)

ઉપર જણાવેલા ભગવદીયો, જે અમૃતના સમુદ્ર જેવા છે, તેઓ કોઈપણ જીવ પર દયા કરીને તેને ભગવાનના ગુણોનું બિંદુ જેટલું પણ પાન કરાવે તો તે બિન્દુમાં રસનો જે ભાવ હોય તેનાથી પણ અધિક રસનો તેને સ્વાદ આવે તેવા ભાવનું હવે નિરૂપણ કરે છે.

રાગાજ્ઞાનાદિભાવાનાં સર્વથા નાશનં યદા ।
તદા લેહન મિત્યુક્તં સ્વાનંદોદ્ગમકારણમ્ ॥ ૧૯ ॥

શબ્દાર્થ : રાગાજ્ઞાનાદિભાવાનામ્– રાગ, અજ્ઞાન વગેરે ભાવોનો, સર્વથા– સારી રીતે, નાશનમ્– નાશ(થાય), યદા–જ્યારે, તદા– ત્યારે, લેહનમ્– ચાટણ, ઈતિ– વગેરે, ઉક્તમ્– કહ્યું છે, સ્વાનંદોદ્ગમકારણમ– (સ્વ+આનંદ+ઉદ્ગમ+કારણમ્) પોતાના આનંદની ઉત્પત્તિના કારણરૂપ (પ્રભુકીર્તન)

શ્લોકાર્થ : જ્યારે રાગ, અજ્ઞાન વગેરે ભાવોનો સારી રીતે નાશ થાય ત્યારે પોતાના આનંદની ઉત્પત્તિના કારણરૂપ પ્રભુકીર્તન એ જ લેહન બને છે. એમ કહેવામાં આવ્યું છે. (૧૯)

વિવરણ : ઘર વગેરેમાં સ્નેહ અને ભગવાનના સ્વરૂપનું અજ્ઞાન જ્યારે નાશ પામે. એટલે ગૃહાદિમાં રહેલો આસક્તિનો ભાવ જીવના મનમાંથી નાશ પામે. અહીં ‘આદિ’ પદ વાપર્યુ છે એટલે કે જીવમાં અજ્ઞાન, અવિદ્યા, શોક, મોહ વગેરે ભાવો રહેલા છે. તે બધાનો સારી રીતે નાશ થવો જોઈએ. તે ભાવોની વાસના પણ જીવમાં ન રહેવી જોઈએ. આવું થાય ત્યારે તે લેહન થયું એમ કહેવાય. જ્યારે જીવને આવું લેહન થાય ત્યારે તેને (પૂર્ણભગવદીયોનાં વચનોનાં) રસાસ્વાદનો પૂર્ણ અનુભવ થાય. જીવના રાગ, અજ્ઞાન, વગેરે ભાવોનો સારી રીતે નાશ થાય અને તેની જીવને જરાય સ્ફુર્તિ ન થાય ત્યારે એને ભગવદીયનાં વચનામૃતો સંભળાય અને ઉપર કહેલું (ભગવદીયના વચનામૃતોનું) બિંદુપાન ‘લેહન’ થાય, એટલે કે જીવને ભગવાનના

રસાસ્વાદનો અનુભવ થાય છે.

આવી રીતે શ્રવણ વગેરે કરતાં કરતાં જ્યારે વ્યસન અવસ્થા સિદ્ધ થાય ત્યારે શ્રવણ વગેરેનો સ્વાદ અમૃત જેવો મીઠો લાગે છે. પછી એ સ્વાદ જીવના પોતાના માટે ભગવાનનાં આનંદની ઉત્પત્તિ થવાના હેતુરૂપ થાય છે. તે આનંદ પણ નિત્ય થવાથી શ્રુતિ અનુસાર "એ ભગવદ્રસને મેળવીને આનંદરૂપ થવાય છે. (*રસં હ્યેવાયં લબ્ધ્વાનન્દી ભવતિ ઈતિ શ્રુતેઃ ।*) જીવોનો પોતાનો જે આનંદ તિરોહિત થઈ ગયો છે તેની ઉત્પત્તિ થવી એ જ્ઞાનનું ફળ છે. એ ફલરૂપ કારણ બરાબર તેમાં રહેલું છે. તેવો ભાવ અહીં સમજવો. આવું થાય એટલે જીવ બ્રહ્મરૂપ થાય છે. તે પછી જ ભક્તિની પ્રાપ્તિ થવાથી ક્રમેક્રમે જીવને ભગવાનમાં પ્રેમ, આસક્તિ અને વ્યસન થાય છે. પછી જીવને જગતના કોઈ પદાર્થની ઈચ્છા(સ્ફુરતી) થતી નથી અને તેને કોઈ પણ ફલની ન્યૂનતા પણ રહેતી નથી.

શ્રીમદ્ ભાગવતજીના અગિયારમાં સ્કંધમાં ભગવાને સ્વમુખે કહ્યું છે કે ". અનંત જેમના ગુણ છે, આનંદાનુભાવાત્મક જેમનું સ્વરૂપ છે એવો બ્રહ્મરૂપ હું છું. આવા મારા જેવાની જે ભક્તિ મેળવે છે તે ભક્તને મારી ભક્તિ મેળવ્યા પછી બીજું મેળવવાનું શું બાકી રહે ?

ભક્તિં લબ્ધવતઃ સાધોઃ કિમન્યદવશિષ્યતે ।
મય્યનંતગુણે બ્રહ્મણ્યાનંદાનુભવાત્મનિ ॥

વળી એ જ સ્કંધમાં બીજી જગ્યાએ પણ ભગવાન ઉધ્ધવજીને કહે છે કે, હે ઉધ્ધવ! મારી કથામાં શ્રદ્ધા રાખવી, નિરંતર મારું કીર્તન કરવું વગેરે ધર્મો વડે જે મનુષ્યોને મારી ભક્તિ ઉત્પન્ન થાય છે તેને બીજું શું કરવાનું બાકી રહે છે? તાત્પર્ય એ કે તેવા ભક્તને આ જગતમાં પછી બીજું કાંઈ કરવાનું બાકી રહેતું નથી. (*અવં ધર્મૈર્મનુષ્યાણામુધ્ધવાત્મનિવેદિનામ્ । મયિ સંજાયતે ભક્તિઃ કોઅન્યોર્થોઅસ્યાવશિષ્યતે ॥*)

વળી શ્રીઆચાર્ય શ્રીમહાપ્રભુજીએ ભક્તિવર્ધિનીમાં આજ્ઞા કરેલી છે કે "જીવને ભગવાનમાં સ્નેહ થયા પછી તેનો ગૃહાદિકમાંનો ભાવ નાશ થાય છે. ભગવાનમાં આસક્તિ થયા પછી જીવને ગૃહાદિમાં અરુચિ ઉત્પન્ન થાય છે." (*સ્નેહાદ્રાગ વિનાશઃ સ્યાદાસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ । યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ ॥*) જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન થાય છે ત્યારે જીવ કૃતાર્થ થઈ જાય છે.

[**શ્લોક ૧૯નો સારાંશ :** રાગ એટલે ઘરમાં સ્નેહ, અજ્ઞાન એટલે ભગવદ્ સ્વરૂપને નહિ જાણવું તે. તે અવિદ્યા પણ કહેવાય. શોક,મોહનો જ્યારે નાશ થાય અને રાગાદિની વાસના ન રહે ત્યારે તાદશી ભગવદીયના વચનામૃત બિંદુપાનનું લેહન (ચાટણ) જીવને પ્રાપ્ત થાય. તે ભગવદાનંદનો અનુભવ કરાવનાર છે. જ્યારે શ્રવણાદિકમાં વ્યસન થાય ત્યારે કથાંરસના આનંદનો સ્વાદ અનુભવવામાં આવે. આ સ્વાદ અમૃતરૂપ છે. જીવમાં હાલમાં આ આનંદ તિરોહિત છે. તેનો ફરીથી આવિર્ભાવ થાય. પછી પ્રભુમાં અનુક્રમે પ્રેમ, આસક્તિ અને વ્યસન થવાથી જીવના

પ્રપંચની વિસ્મૃતિ થઈ જીવ કૃતાર્થ થાય છે. જીવને જ્યારે શ્રીઠાકોરજીની સેવામાં વ્યસન થાય ત્યારે જ તેને ભક્તિનું પૂર્ણ ફલ મળે છે.]

ઉપર ઓગણીસ શ્લોક સુધી ભગવદ્‌ભાવવાળા ઓગણીસ પ્રકારના વક્તાઓ અને તેમના ગુણોનું નિરૂપણ કરવામાં આવ્યું. હવે વીસમાં શ્લોકમાં તેમનાથી જુદા જ ગુણો અને એ ગુણોના આધારે વીસમા પ્રકારના વક્તાના ભાવનું નિરૂપણ થાય છે.

ઉદ્‌ધૃતોદકવત્સર્વે પતિતોદકવત્ તથા ।
ઉક્તાતિરિક્ત–વાક્યાનિ ફલં ચાપિ તથા તતઃ ॥ ૨૦ ॥

શબ્દાર્થ : ઉદ્‌ધૃતોદકવત્– (ઉદ્‌ધૃત+ઉદક+વત્) જલાશયમાંથી વાસણમાં લીધેલા પાણી જેવા, સર્વે– બધા(વક્તાઓ), પતિતોદકવત્– (પતિત+ઉદક+વત્) પૃથ્વી પર પડેલા પાણી જેવા, તથા– પણ, ઉક્તાતિરિક્ત વાક્યાનિ– (ઉક્ત+અતિરિક્ત+વાક્યાનિ) ઉપર કહેલા વક્તાઓનાં વાક્યોથી જુદા વાક્યો કહેનારા, ફલમ્– ફળ, ચ– અને, અપિ– પણ, તથા–તથા, તતઃ– તેનાથી

શ્લોકાર્થ : ઉપર કહેલા ભાવોથી જેમના (જેવક્તાઓના) ભાવો જુદા છે, તે ભાવો જલાશયમાંથી પાત્રમાં લીધેલા જલ જેવા અને પૃથ્વી પર પડેલા જલ જેવા છે. તેમજ તેનુંફલ પણ પોતાને તેવુંજ થાય છે. (૨૦)

વિવરણ : જલાશયમાંથી જુદા પાત્રમાં લીધેલા જલ જેવા ભાવવાળા વક્તાઓના ભાવનું હવે નિરૂપણ કરવામાં આવ્યું છે. ઉપર કહેલા વક્તાઓના ભાવો અમૃતના જલ જેવા કહેલા છે. તેમનાથી બીજા વક્તાનાં વાક્યો અને એના જ સર્વ ભાવવાળાની અપ્રત્યક્ષ દશામાં આદરપૂર્વક ગ્રહણ કરેલા વાક્યો અને ભાવ મોટા જલાશયમાંથી જુદા પાત્રમાં લીધેલા જલની જેમ (જીવો પર) ઉપકાર કરે છે. આવા ભગવદીય વક્તાના મુખેથી તેમનાં વાક્યો શ્રવણ કરી, તેમાંના વચનો ગ્રહણ કરનાર વ્યક્તિ એ પૂર્ણ ભગવદીય વક્તાઓની ગેરહાજરીમાં તેમનાં સાંભળેલા વચનોનો ઉપદેશ આપે છે. તે ઉપકારક હોય છે. જલાશયમાંથી પાત્રમાં (વાસણમાં) લીધેલું પાણી પીનારનો ઉપકાર કરે છે, તેમ ઉત્તમ ભગવદીયો પાસેથી ગ્રહણ કરીને જે વક્તાઓ ભગવદીયના વચનો કહે છે તે પણ ઉપકાર કરનારા હોય છે અને ફળ આપનારા પણ હોય છે. અથવા ઊંચા મહેલ પરથી જમીન પડેલા જળની જેમ ઉપકાર કરે છે. અથવા ભગવદીયની અપ્રત્યક્ષદશામાં તેમના ભાવની જેમ તેમના સર્વ ભાવો જેમ જલાશયમાંથી બીજા પાત્રમાં લીધેલા જળની જેમ અમૃતતુલ્ય હોય ફળસિદ્ધિ કરનારા બને છે. એટલે કે મોટા ભગવદીયના વાક્યો પડેલા જળની જેમ ફલસાધકબને છે. તેમના ભાવોમાંથી અને વાક્યોમાંથી ફલ પણ તેને અનુરૂપ મળે છે.

મોટા જલાશયમાંથી પાત્રમાં (બીજા વાસણમાં) લીધેલા જળમાં પણ જલાશયમાં રહેલા જળના જેવા જ ગુણો હોય, કંઈ પાત્રના (વાસણના) ગુણો તેનામાં ન હોય, તેમ ભગવદીય પાસેથી લીધેલા ભાવો પણ ભગવદીયના ભાવ જેવા જ હોય. જેમ એક કળશમાં અમૃત હોય અને તેને કળશમાંથી જુદા પાત્રમાં લેવામાં આવે તેથી અમૃત તો હંમેશા એકરૂપ ગુણવાળું જ રહે તેમ સમજવું, જેમાંથી જલ લીધું હોય તે જલાશયના ગુણ તે જળમાં આવે, તેમ જેમનાં

વચનો ગ્રહણ કરીને ઉપદેશ આપવામાં આવ્યો હોય એમના ગુણો એ ઉપદેશમાં આવે, કારણ કે અમૃત હંમેશા એક સરખો ગુણ કરનારું છે.

આ પ્રમાણે વીસ પ્રકારના વક્તા અને તેમના ભાવો અને ગુણોનું શ્રીમહાપ્રભુજીએ નિરૂપણ કર્યું. હવે ઉપસંહાર કરતાં આપશ્રી આજ્ઞા કરે છે.

ઈતિ જીવેન્દ્રિયગતા નાનાભાવં ગતા ભુવિ ।
રૂપતઃ ફલતશ્ચૈવ ગુણા વિષ્ણોર્નિરૂપિતાઃ ॥ ૨૧ ॥

શબ્દાર્થ : ઈતિ– આ પ્રમાણે, જીવેન્દ્રિયગતા– જીવ અને ઈન્દ્રિયોમાં રહેલા, નાના ભાવમ્– જુદા જુદા ભાવને, ગતા– પ્રાપ્ત થયેલા, ભુવિ– પૃથ્વી પર, રૂપતઃ– રૂપથી, ફલતઃ– ફળથી, ચૈવ– (ચ+એવ) અને, ગુણાઃ– ગુણો, વિષ્ણોઃ– વિષ્ણુના, નિરૂપિતાઃ– નિરૂપણ કર્યા છે.

શ્લોકાર્થ : આ પ્રમાણે પૃથ્વી ઉપર જીવ અને ઈન્દ્રિયોમાં રહેલા રૂપ અને ફલથી જુદા જુદા પ્રકારના ભાવોને પ્રાપ્ત થયેલા વિષ્ણુના ગુણોનું નિરૂપણ કર્યું છે. આ પ્રમાણે પૃથ્વી ઉપર આત્મા અને ઈન્દ્રિયોમાં રહેલા, રૂપ અને ફળથી જુદા જુદા ભાવોને પ્રાપ્ત થયેલા વિષ્ણુના ગુણો બતાવ્યા છે. (૨૧)

વિવરણ : ઉપસંહાર કરતાં શ્રીકલ્યાણરાયજી કહે છે કે આ પ્રકારે આત્મા અને ઈન્દ્રિયોમાં પ્રાપ્ત થયેલ અને તેથી જ પૃથ્વી પર ભિન્ન ભિન્ન પ્રકારના સાત્ત્વિકાદિ ભાવને પ્રાપ્ત થયેલા વિષ્ણુ ભગવાનના ગુણો રૂપથી અને ફલથી નિરૂપણ કરેલા છે.

જલના ભેદની જેમ ભાવોનો ભેદ પણ અહીં બતાવ્યો છે. તેથી તેઓના ભાવને બતાવનાર આ ગ્રંથ 'જલભેદ' નામનો ગ્રંથ કહેવામાં આવ્યો છે. (૧)

શ્રી વિઠ્ઠલેશના ચરણકમળમાં પ્રણામ કરી શ્રીકલ્યાણરાયે આનંદપૂર્વક તાતજીના ચરણકમળને, ગુરુને અને પિતાજીને નમન કરી જલભેદ નામના ગ્રંથની આ ટીકા કરી છે. (૨)

શ્રીગોવિન્દસુતે પ્રેમથી ભરેલા હરિનું સ્મરણ કરી આ ટીકા કહી છે. તે ભાવપૂર્ણ, આનંદભરી, સુંદર અને અલ્પભાષી બનો. (૩) અથવા બાળકનો આ કૃપા મેળવવાનો વ્યર્થ પ્રયત્ન સમજી શ્રીવિઠ્ઠલેશના ચરણો મારા આ ખોટા પ્રયત્નને ક્ષમા કરે. (૪)

શ્રી વિઠ્ઠલેશના પ્રતાપે શ્રીકલ્યાણરાયજી વિરચિત જલભેદની ટીકા સંપૂર્ણ થઈ છે.

* * *

અનુકરણીય

આજીવન ગ્રાહક નં. ૧૫૧ શ્રીરામજીભાઈ જીવરાજભાઈ સાંગાણી (હડમતીયા) તરફથી આજીવન લવાજમ પેટે રૂ.૧૦૦/–મળેલ છે. જે અનુકરણીય છે.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

શ્રીકૃષ્ણ, ગુરુ ભગવદી, એ ત્રણે એક સ્વરૂપ; ત્રય ધારા જયમ સુરસરી તેમાં ભેદ નહીં તદ્રુપ.
ભેદ નહિ ત્રણ નામજ માત્ર, જોતાં વિચારી દીસે એકજ ગાત્ર;
સ્નેહવિવેક સેવો સરે અર્થ, અવસર અમૂલ્ય ખુઓ શીદ વ્યર્થ ?

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૨)

શબ્દાર્થ : ત્રયધારા– ત્રણ ધારા, સુરસરી– ગંગાજી

વિવેચન : આ કડીમાં કવિશ્રી હરિ, ગુરુ, વૈષ્ણવોની ભાવના બતાવે છે. ગંગાજી એક જ છે. તેનાં પ્રવાહો જુદા જુદા છે. સ્વર્ગમાં તે ભોગવતી કહેવાય છે. પૃથ્વી પર ગંગાજી અને પાતાળમાં મંદાકિની. આ નામો ત્રણે પરંતુ મુળરૂપ ગંગાજી એક જ છે. તેમાં ભેદ નથી. તેમજ દરેક જગ્યાએ સરખું માહાત્મ્ય છે. આ બાબતે થોડા ઉંડા ઉતરવાની જરુર છે. જ્યારે સાચો સિદ્ધાંત સમજાય ત્યારે સમજાય પછી કોઈ શંકાને સ્થાન રહે નહીં. હરિના ગુણો તો સર્વત્ર પ્રસિદ્ધ છે. શાસ્ત્રોમાં યથાર્થ વર્ણવેલા છે. ગુરુના ગુણો પણ શાસ્ત્રોએ બતાવ્યા છે. તેમાં શ્રીમહાપ્રભુજીએ ગુરુના લક્ષણો બતાવ્યા છે કે આવા ગુણો હોય તેને જ ગુરુ બનાવવા નહીં તો અજગર અને કીડી જેવી હાલત થાય. ગુરુમાં પોતાનો ઉદ્ધાર કરવાની શક્તિ ન હોય અને ધન, અને નામની ખાતર શિષ્યો બનાવતા જાય તેની હાલત શ્રીમહાપ્રભુજીએ સમજાવી છે. તેમાં વૃંદાવનમાં એક મહંતની વિગત આપી છે. ભક્તોનાં ગુણો પણ ગીતા, ભાગવત તથા કીર્તનોમાં આપેલા છે. તે *“ભગવદીનાં દર્શન દુર્લભ જેનું ભાગ્ય હોય તેને તે ભેટેરે”* તથા *“તાદશી જન તેને જાણીયે રે જેમાં એવા ગુણ હોય રે”* આ કીર્તનમાં તાદશીનાં ગુણો બતાવ્યા છે તેવા મળે ત્યારે જ કામ થાય તેવાઓને જ ભગવદી કરી જાણવા તેનો જ સંગ કરવાનું કહ્યું છે.

ભગવદી ભગવદ એકહે તાસું રાખીયે નેહ
ભવસાગરકો તરન કી નૌકા કહીયે એહ

આ સંબોધન એવા મહાન ભગવદીયોને લાગુ પડે છે.

ગુરૂ વિશે શ્રીમદ્ ભાગવત :

આચાર્યમાં વિજાન્તનીયાત્ નાવમન્યેત કર્હિચિત્
ન મર્ત્ય બુદ્ધયાસૂર્યત્ સર્વ દેવ મયો ગુરુઃ

ભગવાન કહે છે કે ગુરૂ મારું રૂપ છે. તેમ સમજીને તેની અવગણના ક્યારેય કરવી નહીં. એમને મનુષ્ય સમજીને ઈર્ષ્યા કરવી નહીં. ગુરૂમાં સર્વ દેવોનો સમાવેશ છે.

સાખી :

ગુરૂ ગોવિંદ દોનું ખડે કીસકું લાગું પાય
બલિહારી ઈન ગુરૂનકી જીન ગોવિંદ દીયે મિલાય.

આ સાખીમાં ગોવિંદ કરતા ગુરૂની વિશેષ મહત્તા બતાવી છે કે ગુરૂ અને ગોવિંદ બંને ઉભા છે. પહેલા કોને પાયે લાગુ ત્યારે મન કહે છે કે ગુરૂને જેણે ગોવિંદ બતાવ્યા છે. ગોવિંદને પ્રાપ્ત કરાવે તે ગુરૂ.

ભક્તોનાં ચરણરજને વંદના :

વંદુ હરિજન પદકમલ અમલ તત્ત્વ પદ રેનું
જીનકે સંગ પ્રભુ ફીરત ઈમ જીમ બછરાસંગ ધેનું

ભગવત ભક્તની પાછળ પાછળ પ્રભુ ફરે છે. ગાય જેમ પોતાનાં વાછરડાની રક્ષા કરે છે. મમતા રાખે છે. સાથે સાથે રાખે છે. તે ઉદ્દેશથી ભક્તવત્સલ પ્રભુ પણ ભક્તોની પાછળ પાછળ ફરે છે. આમ હરિ ગુરૂ, વૈષ્ણવ ત્રણેનો સાર સમજીને વર્તન કરવું. તેને વિવેક કહે છે. શાસ્ત્રોમાં લખેલા ગુણો જેનામાં જોવા મળે જેનામાં માનસિક ઐક્યતા થાય તેવાને ઓળખી લીધા પછી તેનાં ઉપર વિશ્વાસ રાખીને સંગ કરવો.

અંધશ્રદ્ધાથી દોરવાઈ જવું નહીં. ક્યારેક અયોગ્યનો સંગ મનને ભ્રમિત બનાવી દીયે છે. ત્યારે રહી સહી શ્રદ્ધા પણ ટુટી જાય છે. ઘણા લોકો; વેષધારી, નામધારી ધુતારાઓ ભોળી જનતાને ભોળવીને ઠગે છે. તેનાથી બેય બગડે તેવું ન થાય તેની સાવધાની રાખવી જરૂરી છે.

હરિ ભક્તનકી પ્રિત અમોલી
પ્રસન્ન હોય દુઃખ દુર નસાવત અંતર પટ દે ખોલી
અહંતા મમતા ઘોર અવિદ્યા સબકી કર દે હોલી
શુદ્ધ સરળ સાત્ત્વિક બનાઈ પ્રેમરંગ દે રોલી

અનેકો મેં સે એક મિલે કોઈ મિલેન ઈનકી ટોલી
કહાં લગ બરનું મહિમા ઈનકી માધુરી મનસા ભોલી.

ઉપર મુજબ સાચા ભગવદ ભક્તનો સ્વભાવ બતાવ્યો છે કે તેઓ સ્વભાવે જ પરોપકારી હોય છે. પર–ઉપકાર તે પરલોક પ્રાપ્તિ કરાવે છે. તેનો મારગ બતાવે છે. સ્વયં વાણી દ્વારા મનનાં મેલો બધા દૂર કરે છે. હૃદય કમળને શુદ્ધ બનાવે છે. હૃદયમાં ભરેલી અહંતા ને મમતા દૂર કરી તાપાગ્નિથી તપાવી દોષો બધાની હોળી કરીને બાળી નાંખે છે. શુદ્ધ હૃદય કરીને પ્રેમરંગ તે શ્યામ રંગમાં રગદોળી દે છે. જેમ સુરદાસજીએ કહ્યું છે કે *"સુરશ્યામ કાળી કામર ચઢે ન દુજો રંગ"* તે મુજબ શ્યામ શ્રીઠાકુરજી તેનાં રંગમાં રંગી દે છે પછી બીજો કોઈ રંગ તેના ઉપર ચઢતો નથી. આવા મહાન ભગવદીયો તો અનેકોમાં એકાદ હોય તેનામાં જ ઉપર મુજબ સામર્થ્ય હોય છે. પારસ પોતે હોઈ પોતાનાં સંગીને પારસ બનાવે. આવા ભગવદીયની સેવા કરવી જે ભગવદ ભક્ત અહર્નિશ પ્રભુની સેવા અને સ્મરણમાં તલ્લીન રહે છે. તે તદ્રૂપ બની જાય છે. આવા ગુણોથી ભગવદીને ભગવદ એક કહ્યા છે.

માટે જ કવિ કહે છે કે **સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (પર)**

શિક્ષાસાગર શ્રીહરિરાયજીના શિક્ષાપત્રોનું ભાવાત્મક સ્વરૂપ નિરૂપણ

શિક્ષાપત્ર એટલે વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદગીતા આદિના સિદ્ધાંતો પર આધારિત શ્રીમદ્ વલ્લભાચાર્યજીના બધા જ ગ્રંથોમાં રજૂ થયેલા શ્રીવલ્લભ વિચારનો સાર–નવનીત, તેનું અહીં ભાવાત્મક સ્વરૂપ નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૧) શિક્ષાપત્રો ૪૧ સંખ્યામાં આલેખાયા છે.

શિક્ષાપત્ર ૧ થી ૧૮ સુધીના ઉપદેશાત્મક સ્વરૂપ
શિક્ષાપત્ર ૧૯ થી ૨૩ સુધીના સારતત્ત્વ સ્વરૂપ
શિક્ષાપત્ર ૨૪ થી ૪૧ સુધીના આદેશાત્મક સ્વરૂપ

(૨) પ્રથમના ૧૮ શિક્ષાપત્રો અઢાર પુરાણોનાં ભાવ સ્વરૂપ

છેવટના ૧૮ શિક્ષાપત્રો શ્રીમદ્ ભાગવતના અઢાર હજાર શ્લોકોનું તેમજ શ્રીમદ્ ભગવદ્ગીતાના અઢાર અધ્યાયનું સ્વરૂપ.

વચ્ચેના પાંચ શિક્ષાપત્રો પાંચ પ્રાણ સ્વરૂપ પંચાધ્યાયનો ભાવ.

આ કુલ ૪૧ શિક્ષાપત્રો જણાય છે.

(૩) આ ૪૧ શિક્ષાપત્રના કુલ શ્લોકનો સરવાળો ૬૩૨ થાય.

શિક્ષાપત્ર ૧ થી ૧૮ સુધીના શ્લોક ૨૬૪ (૨+૬+૪= ૧૨)
શિક્ષાપત્ર ૧૯ થી ૨૩ સુધીના શ્લોક ૬૧ (૬+૧ = ૭)
શિક્ષાપત્ર ૨૪ થી ૪૧ સુધીના શ્લોક ૩૦૭ (૩+૭ = ૧૦)
૬૩૨ ૨૯ તત્ત્વો

૬+૩+૨=૧૧ તત્ત્વોનો ભાવ (૨+૯=૧૧)

(૪) શિક્ષાપત્ર ૧ થી ૧૮ સુધીના સ્થુલ શરીરના દ્વાદશ અંગો
૧૦ ઈન્દ્રિય, કર્મ/૫, જ્ઞાન/૫ સહિત
૨ મસ્તક—હૃદય
૧૨

શિક્ષાપત્ર ૧૯ થી ૨૩ કારણ શરીરના ધર્મ—૬ અને ધર્મી—૧ સ્વરૂપ છે તેમ સમજવું.

શિક્ષાપત્ર ૨૪ થી ૪૧ સુક્ષ્મ શરીરની દશ ઈન્દ્રિયોનાં અધ્યાસ સ્વરૂપ છે અને ૫ જ્ઞાનેન્દ્રિય તથા ૫ કર્મેન્દ્રિય સ્વરૂપ છે.

(૫) ઉપર ક્રમાંક ૧ થી ૪ માં જણાવ્યા મુજબ શ્રીહરિરાય મહાપ્રભુના શિક્ષાપત્રો પુષ્ટિ સંપ્રદાયનાં સંપૂર્ણ મર્મના માર્ગદર્શક અને પ્રત્યેક વૈષ્ણવના નિત્યસ્મરણ ભગવદ્ વાર્તામાં હંમેશ વાંચન કરવામાં આવે છે.

(૬) વૈષ્ણવી જીવનમાં આવો અણમોલ ગ્રંથ સંપૂર્ણ સ્વરૂપે શ્રીહરિરાય મહાપ્રભુએ કૃપા કરીને લખ્યા છે. અને શ્રીગોપેશ્વરજીએ ટીકા પ્રકટ કરી છે. તેમાં દર્શાવ્યા મુજબ જીવનમાં—આચરણમાં ઉતારવા માટે દરરોજ દરેક વૈષ્ણવ મંડલીમાં શિક્ષાપત્રનું વાંચન પ્રારંભમાં કરવા માટે મહદ્પુરુષો ખાસ આગ્રહ રાખે છે.

(૭) આપશ્રીના કૃપાબળથી જ શિક્ષાપત્રોનું ભાવાત્મક સ્વરૂપ વિચાર સ્ફુર્યો તે આપના સમક્ષ નમ્રભાવે નિવેદન કર્યો છે. ભૂલચૂક માટે ક્ષમા પ્રાર્થી.

સંવત ૨૦૫૪ અક્ષયતૃતીયા

નિવેદક : દા.દા. "નિમીત માત્ર જ"

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટીત સહસ્ત્ર શ્લોકી

સેવાભાવના

હિન્દી પદ્યરચના રચયિતા– પ.ભ. રૂપચંદ ખંડેલવાલ "ભૂપ" જબલપુર

ગતાંકથી ચાલુ

ગોપીન ઘર ચોરી કરનારે, ખિરક કીચમય અંગનવારે;
ગો, ગોવત્સ પૂંછ ગહિ ડોલહુ, બ્રજ કે હીરામણિ અબ સોવહું. ૧૦૪૨
દો. અતિહિ પ્રેષ્ઠ નવનીતપ્રિય, તાહિત હઠ કરનાર;
કૃપાનિધે અબ પૌઢિયે, મથની પકરનહાર. ૧૦૪૩
હે બ્રજ રજ ધૂસરિત અંગ યુત, મમ ગોદી બૈઠન હારે સુત;
મૃદુ પકવાન માંગન હારે, સો જાવહુ કરિ કૃપા અપારે. ૧૦૪૪
જબ હી સ્તનપાન તુમ ચાહત, નીચે દોઉ નયન ઝુકાવત;
નિદ્રાયુક્ત નેત્ર તવ સુન્દર, મૃગમદ તિલક લાગ્યો લલાટ પર. ૧૦૪૫
સોવહુ કૃપાનિધે અલયાસે, બાંકી અલકન બદન ઢંકાયે;
અંજન સોં જિન નૈના શોભિત, ભ્રૃકુટિ બીચ મસિ બિંદુ સુઅંકિત. ૧૦૪૬
સોહુ કૃપા નિધિ! તવનાસા પર, ઝૂલત વર મોતી નકબેસર;
દો દતિયાં શોભિત જિન મુખમેં, કૃપા નિધે અબ સોવહુ સુખસેં. ૧૦૪૭
દો. નિજ મુખ દર્પન દેખકેં, કહન લગત ગોપાલ;
અરિ મૈયા યે કૌન હૈ, મોહી સો તવ લાલ.
ઐસે ભોરે ભાવન–ભાવિત, કંઠન કી શોભા સોં શોભિત;
શોભિત મોતીન હાર કંઠહૂં, કૃપા નિધે અબ આપ સોવહૂં. ૧૦૪૮
ઉર બઘનખ હિય કંચન હાર, સોવહુ કૃપા કર કે પારાવાર;
પીતાંબર ઉપવસ્ત્ર સુહાયો, કટિ પ્રદેશ કિંકણી શોભાયો. ૧૦૪૯
મલ્લવેશ કી દેહ સુહાઈ, કૃપાનિધુ સોવહુ કૃપયાઈ. ૧૦૫૦
જલ્દી ચરન ધરન કે માહીં, આભૂષન–દર્શન જે નિકટહીં;
બ્રજ ભૂવિ કહં ઘુટરુન સુખદ્યાવહુ, શીઘ્ર કૃપાનિધિ અબ સો જાવહુ. ૧૦૫૧
બછરા ચારત ખેલોત્સાહન, ભૂલત જલપીવન અરુ ભોજન;

સોવહુ કૃપાનિધે ગોપાલા, અહો ગોકુલાધીશ રસાલા. ૧૦૫૨
ગોકુલ કે આનંદદાય કે, ઉત્સવરૂપ અહો ગોકુલ કે,
હે ગોવિન્દ કૃપાનિધિ સોવહુ, ગોકુલ અભય પ્રદાયક સોવહુ;
ગાયન કે ઝુંડન રહનારે, અહો કૃષ્ણ ગાયન કે પ્યારે. ૧૦૫૩
દો. ગોપીજન કે સંગ મિલ, ગીત ગવાવન હાર;
કૃપાનિધે અબ શીઘ્ર હી, સોવહુ નન્દકુમાર. ૧૦૫૪
ભક્ત શુદ્ધ સર્વાત્મ ભાવકે, ઐસે ભક્તન–ભાવ સેવિતે;
તુમહિં અનેક નૃત્ય ચતુરાઈ, કૃપા નિધે લો શયન કરાઈ. ૧૦૫૫
ઉત્સુક દર્પનમેં મુખ દેખન, તાહૂ મેં પુનિ અતિ ઉત્સાહન;
અપનો રૂપ દૂસરો દેખહુ, કૃપાનિધે કૃપયા અબ પૌઢહુ. ૧૦૫૬
મુગ્ધભાવ ક્રીડા કરનારે, બદન કમલ અતિ લજ્જાવારે;
હાસ્યસ્ફુરણ વારે હે સ્મિત મુખ, કૃપાનિધે અબસોવહુ સહસુખ. ૧૦૫૭
નિજ અધરન સોં બાલસ્વભાવન, ઝરત રહત જિનકો રસપાવન;
મકરંદ કી સુગંધન જીતે, કૃપાનિધે અબ સોહુ સપ્રીતે. ૧૦૫૮
દો. નિજાનંદ તેં ગોકુલહિં, આનંદ યુત કરનાર;
કૃપાનંદ નિદ્રા કરો, પરમાનંદ કે સાર. ૧૦૫૯
યા વિધિ લાડ લડાવતી, સુત કહં સોયો જાન;
યશુદા સખિન બિઠારત હં, ઘરમેં કીન્હપયાન. ૧૦૬૦

જે જે વ્રજભક્તોએ ખિરકમાં સંકેત કર્યો હતો, તે તે વ્રજભક્તની સખીઓ શય્યામંદિરમાં આવીને પ્રભુને પધારવાની પ્રાર્થના કરે છે. તેમાં પ્રથમ સોળ શ્લોકથી (શ્લોક ૧૦૬૧ થી ૧૦૭૬) શય્યા વગેરે સિદ્ધ કર્યા છે એમ કહીને શ્રીસ્વામિનીજીની વિરહાવસ્થાની સ્થિતિ અને પ્રલાપનું વર્ણન નવ શ્લોકથી કરે છે. (શ્લોક ૧૦૭૭ થી ૧૦૮૫)

સખીન યૂથ જિન કિય સંકેતા, તે આયે જહં કૃપાનિકેતા;
સમાચાર શ્રીસ્વામિનીજીકે, કહન લગીં ચુપકેતે નીકે. ૧૦૬૧
હે હે કૃપાનિધે! હે સ્વામી હે, નિજનિજ ગૃહ બૈઠી સ્વામિની જે;
રૂચિર સ્વચ્છ સિત સેજ બિછાઈ, ખાટ તુમ્હાર જોહિં લલચાઈ. ૧૦૬૨

ઝીને કોમલ વસ્ત્ર બિછાયે, વિધિ પુષ્પ બહું ભાંતિ સિજાયે;
ક્રીડા કી સામગ્રી સારી, શય્યા કે ઢિગ ધરી સમ્હારી. ૧૦૬૩
સ્વર્ણપાત્ર શીતલ જલ કેરે, અરુબરાસ બીડા બહુતેરે. ૧૦૬૪
ઔર જાયફલ ટુકડા કરિ કેં, ધર્યો કટોરી મેં સબ ભરિ કે;
અંગરાગ ઘિસકે સિદ્ધયો, અદ્ભુત વિવિધ સુગંધ ભરાયો. ૧૦૬૫
સ્વર્ણકટોરા પાસ રખાયો, જો પ્રવાલ સોં ગયો બનાયો;
રત્નન જટિત કટોરા અદ્ભુત, કસ્તુરી સોં કીનોં પૂરિત;
મૃગમદ કેસર અગરુ બરાસા, ચાર સુગંધી પૂરિ ચહું પાસા. ૧૦૬૬
દો. કૃષ્ણગરુ—રસ લગૈબે, શ્યામ વસ્ત્ર રખ દીન્હે;
ઉત્તમ રસ અતિ સુગન્ધિત, કેશર કો ઘસિ કિન્હે. ૧૦૬૭
સર્વ અંગમેં ચિત્ર બનાવન, ધર્યો બનાઈ સુગંધિત ચૂરન;
વિવિધ માલ નિજ હાથ બનાઈ, ધરીં સ્વામિનીજી હરખાઈ. ૧૦૬૮
રાયબેલ મોગરા માલતી, જુહી ચમેલી ઔર માધવી;
પીરી જુહી કણેર કેતકી, કમલ કુંદ પારિજાત ચમેલી. ૧૦૬૯
કુંકુમ રંગ કે પુષ્પ સુહાયે, ઔર હુ અન્ય પુષ્પ મન ભાયે;
ગુંથે ગયે ઔર અનગુંથાયે, તે સબહી પાસમેં ધરાયે. ૧૦૭૦
બહુત પુષ્પ પથ માંહી બિછાયે, તવ ચલિવે કહં સુખદ બનાયે. ૧૦૭૧
વસ્ત્ર પાગ તનિયાં અરુ સૂથન, બાગા પટુકા અરુ આભૂષન;
તિન સબ કહં પુનિ ઠીક કરાઈ, શય્યા કે ઢિગ દિયે ધરાઈ. ૧૦૭૨
પાંસા ગોટી ખેલન કાંહી, ધરે પાસમેં અતિ શોભાહીં;
લોહ ઔર કાંચ કે બનાયે, દર્પણહુ બહુ ભાંતિ રખાયે. ૧૦૭૩
લગ્યો ચંદેવા અતિ હી સુંદર, જાસોં શોભિત શય્યા મંદર;
દો. પ્રકટાયે દીપક તથા, રતન આદિ કે દીપ;
અરિયનમેં શોભીત બહુત, ધરે સમીપ સમીપ. ૧૦૭૪
નરનારી સંબંધકે, ચિત્રૌ ચિત્ર દિવાર;
ધરી પીકદાની યથા, યોગ્ય સ્થાન સમ્હાર. ૧૦૭૫

તહાં બિરાજી સ્વામિનિ સારી, જોહત હૈ સબ બાટ તુમ્હારી;
થાક લગાઈ વિવિધ પુષ્પન કી, માલા સિદ્ધ હિં અપને કરકી. ૧૦૭૬
કરત મનોરથ મન કે માંહી, કૃપા નિધે કબ મોરે આહીં;
સકલ પ્રિયા તે, સુરત પ્રેમરત, નિજ અનુભવ ચરિત તવગાવત. ૧૦૭૭
બેર બેર ગરદન ઉંચી કર, દેખત આવનિ ચકિત નેત્ર કર;
સ્મરણ રાસ લીલા કે કરહીં, વિરહ ઉષ્ણ નિશ્વાસે ભરહીં. ૧૦૭૮
કબહું ઉઠા શિર હોવત ઠાઢી, દેહરી દ્વાર આસરન ગાઢી;
ધરે ગાલ પર હાથ વિચારહિં, ઉમગિ મારગન નયન પસાર હિં. ૧૦૭૯
દો. ડૂબી ચિંતા સરોવર, કાહુઈ હૈ મન સોચુ;
પાછલ અનુભવ–ભાવમેં, લાગિ રહ્યો મન પોચું. ૧૦૮૦
શય્યા દેખિ દેખિ વિરહાકુલ, મિલનોત્કંઠા સોં મૈં વ્યાકુલ
વિરહ ભરીં ઈમિ વચન સુનાવત, પુનિ પુનિ મૂર્છિત હો ગિરજાવત. ૧૦૮૧
હા, હા, કૃષ્ણ ગોપિકાનાથન, હા ગોપીજનકે હિય ભૂષન;
વિરહ દશામેં હા હા હે હરિ, દર્શન દીજે નાથ કૃપા કરિ. ૧૦૮૨
હા રાધિકેશ હા મમ સ્વામી, હા નિજ જનકે અન્તર્યામી
તિન અન્તરાય દૂર કરનારે, અંધન કે લકડી–સહારે
કુલ નારીન નિરોધ કરૈયા, હા સ્વકીય હા કૃષ્ણ કન્હૈયા. ૧૦૮૩
ઈહિ વિધિ વિવિધ પ્રકારન વાક્યન, દયાસિન્ધુ! તે લગી વિલાપન ૧૦૮૪
દો. દીજ જનનકોં સહજ હી, આનંદ દેવન હાર;
ચલનો ચાહિયે આપકોં, કરિ કેં કૃપા અપાર. ૧૯૮૫

એની પ્રાર્થનાથી પ્રભુ પોતે પણ ભાવથી વિકલ થઈને સખીની સાથે જાય છે. પ્રત્યેક ભક્તની આગળ જુદું જુદું રૂપ ધરીને સર્વને ઘેર પધારીને સર્વના મનોરથ પૂર્ણ કરે છે, તેનું વર્ણન દશ શ્લોકથી કરીને ગ્રંથ સમાપ્ત કરે છે. (શ્લોક ૧૦૮૬ થી ૧૦૯૬) ક્રમશઃ

કાવ્ય કુંજ

[રાગ– તને પુછું પુછું ને ભૂલી જાઉં રે]

ચાલો લઈએ શ્રીવલ્લભ નામ રે, કરીએ શ્રીસર્વોત્તમ પાન રે.
દૈવી જીવો પર કૃપા વિચારીને, આપ્યું સર્વોત્તમનું દાન રે;
એવા કૃપાળુ આપણા નાથ રે, કરીએ શ્રીસર્વોત્તમ પાન રે. ૧
દૂર દૂરથી વૈષ્ણવો આવ્યા, સાથે દીનતાનું પાત્ર લાવ્યા;
રસપાનનો લેવા પ્રસાદ રે, કરીએ શ્રીસર્વોત્તમ પાન રે. ૨
સર્વોત્તમ સ્તોત્ર મહાન રે, એમાં વલ્લભના વિવિધ નામ રે;
આ નામોનું લઈએ નામ રે, કરીએ શ્રીસર્વોત્તમ પાન રે. ૩
શ્રમ લઈને પધાર્યા કૃપાનાથ રે, દૈવી જીવોને કરવા સનાથ રે;
ચાલો જઈએ મળીને સૌ સાથ રે, કરીએ શ્રીસર્વોત્તમ પાન રે. ૪
વ્હાલા ‘કુમુદિની’ ની પૂરો આશ રે, વારે વારે આપો એવો લાભ રે;
હું છું દાસી કૃપાનિધિ આપ રે, કરીએ શ્રીસર્વોત્તમ પાન રે. ૫

– અ.સૌ.પૂ. કુમુદિની વહુજી (કડી–કાંદીવલી)

મારા હાથમાં વલ્લભ પ્રભુનો ગ્રંથ છે રે લોલ
તારે કરવા ષોડસ કેરા પાન જીવ હડીયો કાઢેને વલ્લભ નહીં મળે રે લોલ.
કાયા પાણી કેરો પરપોટો રે લોલ
ક્યારે ફૂટે કહી ન શકાય.
ચાર દિવસ કેરી ચાંદની રે લોલ
પછી ઘોર અંધારી રાત
તું તો માળા લઈને ફરતો રે લોલ
તારો જીવડો ઝોખા ખાય
તું તો સગામાં સઘળે ગાજતો રે લોલ
તારી સાથે કોડી ન બદામ
આખી ઉંમર ગુમાવી ઘર કામમાં રે લોલ

હવે ધોળા થયા છે માથે કેશ
નિત્ય પાઠ ષોડશ કેરા કરજે રે લોલ
ભાથુ ભક્તિનું સંગાથે બાંધજે રે લોલ
ત્યાં વાણીયા કેરો નથી હાટ
દાસી લક્ષ્મીની એ છે અરજી રે લોલ
મને દર્શન તમારા થાય

લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઈ, (અમદાવાદ—ઝાલોદ)

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૫૪

મો પર દ્રવહુ સ્વામિની નિત્ય;
સુન્યો દ્વાર ઉદાર જહાં મન કામ પાવત ભૃત્ય. —૧—
ભાનુજા કૃપયા સુધા શ્રવિ બેગિ કીજે કૃત્ય;
'બલ્લભી' બલિ શરણ ઠાડી કરહુ સુખપ્રદ કૃત્ય. —૨—

ભાવાર્થ : શ્રીપુરૂષોતમની ચતુર્થ સ્વામિની—શ્રીયમુનાજી મારા ઉપર સદા કૃપા કરો. આપનું દ્વાર ઉદાર છે. આપ અભય પદ આપી શકો છો. કરૂણાનાં સાગર છો. જે કોઈ જીવ આપની પાસે કામના કરી દરવાજો ખખડાવે તે મનવાંછિત ફલ પ્રાપ્ત કરે છે.

હે ભાનુ તનયા (સૂર્યપુત્રી) આપ કૃપારૂપી વર્ષા મારા ઉપર કરો. મારા દોષ સામું ન જોતા કેવળ આપનું બિરદ છે તેનું પાલન કરો. અત્રે આવતા કવિશ્રી દીન બનીને દાસી ભાવથી કહે છે કે "બલિહારી જાઉં આપને દરવાજે એક દાસી ઉભી છે તેને ઈચ્છિત ફલ આપી આપ આપના બિરદનું પાલન કરો.

॥ શ્રી કૃષ્ણ શરણં મમઃ ॥

વ્રજલીલાના પદ

રચયિતા : શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ) બી.ઈ (સીવીલ) બીરપુર

૪૧ વિશ્રામઘાટ દર્શન

શ્રીમહાપ્રભુજીની બેઠકઃ શ્રી યમુના બેઠકઃ

રાગઃ બિહાગ

શ્રીવલ્લભ ચિત્તમેં ધરિયો,
શ્રી મથુરામેં, વિશ્રામ ઘાટ પે શ્રી કે બેઠક જઈઓ. ૧
કલિંદગિરિસે રુનક ઝુનક કર આઈ શ્યામ મિલનકો,
શાંત ભઈ જબ ધીર ગંભીરા યહીં વિશ્રામ કિયો. ૨
મથુરા મંડલ યમુના બેઠક વલ્લભ વાસ કિયો,
તિલક માલાજી, પ્રતિકરૂપે, ચોકી મેં અંકિત મિલ્યો. ૩
જલધારા ઔર, બૈઠક ચોકી, બૈઠક ભવન ધર્યો,
રસમય લીલા, હૃદયે ધારી યમુના પુલિન વસિયો. ૪
કલિમલ દોષ નિવારન કારન અવશેષ પ્રગટ કિયો,
'ચરનદાસ' પુષ્ટિ–રસપાવન, યમુના બેઠક જઈઓ. ૫

યમુના બેઠક : યમુના બેઠક વિશ્રામ ઘાટ મથુરા, શ્રીમહાપ્રભુજીની બેઠક પાસે આવેલી છે. તેમાં બંસીભાઈ ગોરના જણાવ્યા અનુસાર શ્રીમહાપ્રભુજીના માલાતિલકના ચિન્હો છે. શ્રીમહાપ્રભુજી આ સ્થળે બિરાજતા હોવાથી અને ભાગવત સપ્તાહ કરેલી હોવાથી સામી બાજુ તેમની બેઠક આવેલી છે. તેના પુરાવારૂપે હાલમાં જલઘરો તથા બેઠક ચોકી પથ્થરના અવશેષરૂપે મળી આવ્યા છે. આ સાધનો પુજા સ્થાનમાં પધરાવ્યા છે.

શ્રીકે બેઠક જઈયો : શ્રીમહાપ્રભુજીની બેઠકે ઝારી ચરણસ્પર્શ કરવા અવશ્ય જજો.

કંઠાભરણમ્

ભક્તિયોગ–જપયજ્ઞ–નામસ્મરણ–માહાત્મ્ય

અહોભાગ્ય મહોભાગ્યં હરિનામરતાત્મનામ્ ।
ત્રિદશૈરપિ તે પૂજ્યાઃ કિમન્યૈર્બહુભાષિતૈઃ ॥

જેઓનું મન શ્રીહરિનું નામ લેવામાં રમ્યા કરે છે, તેઓનું ભાગ્ય અહો—આશ્ચર્યકારક અદ્ભુત છે. ખરેખર અદ્ભુત છે, કેમકે તેઓ દેવોને પણ પૂજ્ય છે. તેથી તેઓનાં ભાગ્યનું વર્ણન કરવા માટે બીજાં વધારે વચનો કહેવાનું શું પ્રયોજન છે? (દેવોના પૂજ્યપણાથી જ તેઓનું મહાભાગ્ય સ્પષ્ટ સમજી શકાય છે.)

પ્રાણકાન્તાર પાથેયં સંસારોચ્છેદભેષજમ્ ।
દુઃખશોક પરિત્રાણં 'હરિઃ' ઈત્યક્ષરદ્વયમ્ ॥

'હરિ' આ બે અક્ષરો પ્રાણોના પ્રયાણ સમયે પ્રાણીને જંગલની (અજાણ્યા લોકની) મુસાફરી કરતાં ભાથા સમાન છે. સંસારરૂપી રોગનો નાશ કરવા માટે ઔષધરૂપ છે અને દુઃખમાં તથા શોકમાં રક્ષણરૂપ છે.

ૐ હરે રામ હરે રામ રામ રામ હરે હરે ।
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે ॥
ઈતિ ષોડશકં નામ્નાં કલિકલ્મષનાશનમ્ ।
નાતઃ પરતરો પાયઃ સર્વ વેદેષુ દશ્યતે ॥

ૐ હે હરિ! હે રામ! હે હરિ! હે રામ! હે રામ! હે રામ! હે હરિ! હે હરિ! હે કૃષ્ણ! હે હરિ! હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે હરિ! હે હરિ! એવા સોળ નામો કલિયુગના મેલનો અર્થાત્ પાપનો નાશ કરનાર છે. બધા પાપોથી છૂટી જવા માટે એ સોળ નામોના જાપ કરતાં શ્રેષ્ઠ એવો બીજો કોઈપણ ઉપાય સર્વ વેદોમાં દેખાતો નથી.

ૐ નમો નારાયણાયેતિ મંત્રઃ સર્વાર્થ સાધકઃ ।
ભક્તાનાં જપતાં તાત સ્વર્ગમોક્ષ ફલ પ્રદઃ ॥

હે તાત! 'ૐ નમો નારાયણાય' એ મંત્ર જે ભક્તો જપ્યા કરે છે, તેઓનાં સર્વ કાર્યોને તે મંત્ર સિદ્ધ કરે છે અને છેવટે સ્વર્ગ તથા મોક્ષરૂપ ફળને પણ તે આપનાર છે.

ॐ નમો ભગવતે વાસુદેવાય । શ્રીકૃષ્ણઃ શરણં મમઃ ॥

ॐ વાસુદેવ ભગવાને નમસ્કાર હો; શ્રીકૃષ્ણ મારું શરણ હો.

કૃષ્ણવ્રતાઃ કૃષ્ણમનુસ્મરન્તઃ રાત્રૌ ચ કૃષ્ણં પુનરુત્થિતાયે ।
તે કૃષ્ણ દેહાઃ પ્રવિશન્તિ કૃષ્ણમાજ્યં યથા મંત્રહુતં હુતાશે ॥

શ્રીકૃષ્ણ જ જેઓનું વ્રત હોય છે, તેમજ રાત્રે અને સવારે ઉઠીને શ્રીકૃષ્ણનું જેઓ સ્મરણ કર્યા કરે છે, તેઓ શ્રીકૃષ્ણના જેવો દેહ પ્રાપ્ત કરીં શ્રીકૃષ્ણના સ્વરૂપમાં જ પ્રવેશ કરે છે. જેમ મંત્ર ઉચ્ચારપૂર્વક હોમેલું ઘી અગ્નિસ્વરૂપ થઈ તે અગ્નિમાં પ્રવેશ કરે છે તેમ.

અન્તકાલે ચ મામેવ સ્મરન્મુકત્વા કલેવરમ્ ।
યઃ પ્રયાતિ સ મદ્ ભાવં યાતિ નાસ્ત્યત્ર સંશયઃ ॥

જે પુરૂષ અંત કાલે મારું જ સ્મરણ કરતો રહી શરીર છોડીને જાય છે, તે મારા ભાવને—મોક્ષને પામે છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

સમાચાર

જુનાગઢ : શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશાવતંશ ગો.શ્રી દાનિરાયજી મહારાજશ્રીના તૃતિય આત્મજ ગો.ચિ. વિજયાલંકારજી મહોદય (શ્રીવૃજેન્દ્રકુમારજી) તથા ચતુર્થ આત્મજ ગો.ચિ. શ્રીવિશાલકુમારજી (શ્રી વ્યંકટેશજી)નો શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ દિનાંક ૧૧—૫—૯૮ થી દિનાંક ૧૩—૫—૯૮ નાં દિવસોમાં અલૌકિક આનંદ અને અદમ્ય ઉત્સાહ સાથે સંપન્ન થયેલ.

પ્રસ્તાવનાં ઉપલક્ષ્યમાં આપશ્રી માથે બીરાજતાં સેવ્યસ્વરૂપોનાં વિવિધ મનોરથોનું આયોજન કરવામાં આવેલ અને મનોરથ દર્શનનો લાભ સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોએ લાભ લીધેલ તેમજ વૈષ્ણવો માટે પ્રસાદ લેવા માટે મંડાણ વ્યવસ્થા રાખવામાં આવેલ.

આ પ્રસ્તાવમાં પૂ.પા.ગો.શ્રી વલ્લભલાલજી મહારાજ— પૂ.ગો.શ્રીરાજીવલોચનજી મહોદય— ગો.શ્રીશ્યામસુંદરજી મહારાજ (બોરીવલી—મુંબઈ)— ગો.શ્રીગોવિંદરાયજી મહોદય— ગો.શ્રીગોપીકાલંકારજી મહોદય— શ્રીકુંજરાયજી બાવા— શ્રીગિરિધર બાવા— શ્રીરૂચિર બાવા— ચિ:શ્રીપરાગ બાવા તેમજ જામનગર ચાંપાનેસીવાળા પૂ.ગો.શ્રીવિઠ્ઠલનાથજી મહારાજ— ગો.શ્રી રસિકરાયજી મહોદય— ચિ.શ્રી શરદબાવા— ચિ.શ્રીઉત્સવબાવા— ગો.શ્રીમાધવરાયજી મહારાજશ્રી (વેરાવલ)— શ્રીહરિરાયજી મહારાજ (મુંબઈ)— ગો.શ્રીલલિતનાથજી મહોદય— ગો.શ્રીવૃજોત્સબાવા (બીલખા—મુંબઈ) વિગેરે ગો. બાલકો સાથે સજાતિય ભટ્ટ વર્ગની ઉપસ્થિતિ હતી.

સુરત : શ્રીગોવિંદપ્રભુ ટ્રસ્ટ સંચાલિત શ્રીદિવ્યપ્રભાવહુજી ચેરીટેબલ ડીસ્પેન્સનરી સાથે અખિલ હિંદ મહિલા પરિષદના ઉપક્રમે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં જનરલ ફીઝીશીયન– સ્કીન સ્પેશ્યાલીસ્ટ– ઓર્થોપેડીક– કાન, નાક, ગળા ગાયનેક્ તેમજ ડાયાબીટીઝ ડીટેશન...વિગેરે સ્પેશ્યાલીસ્ટો દ્વારા ૨૦૪ દર્દીઓએ નિદાનનો લાભ લીધેલ જેમાંથી ૮૫ દર્દીઓને વિનામૂલ્યે દવા વિતરણ કરેલ.

આ પ્રસંગે પૂ.ગો.શ્રી વલ્લભરાયજી મહારાજશ્રી પધારી આશીર્વાદ આપવા સાથે ડૉક્ટરો તેમજ કાર્યકરોને સ્મૃતિ ચિન્હ અર્પણ કરવા સાથે ઉપરણા ઓઢાડયા હતા.

લંડન : આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ લંડન શાખા દ્વારા તા. ૩૧–૫–૯૮ ના રોજ યોજાયેલ પુષ્ટિમાર્ગીય ક્વીઝના કાર્યક્રમની સફળતાને અનુલક્ષી ૧૪ જુનના રોજ ‘વેમ્બલી’ ની હાઈસ્કુલમાં ‘પુષ્ટિમાર્ગીય ક્વીઝ’ તથા ૨૦ જુને ‘દાંડિયા રાસ’નો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ પ્રસંગે પૂ.ગો.શ્રીરાજકુમાર બાવાશ્રી પધારેલ તેમજ ધોળ–પદ–કીર્તનમાં સ્વયં ભાગ લઈ ઉપસ્થીત વૈષ્ણવોને માર્ગદર્શક બની આનંદ વિભોર બનાવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રીસુરેશભાઈ કોટેચા તથા શ્રી જયંતભાઈ લાખાણીએ જહેમત ઉઠાવેલ.

વડોદરા : આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા વિભિન્ન ટ્રસ્ટનાં સહયોગથી ‘શ્રીવલ્લભ વકતૃત્વ સ્પર્ધા ’ તેમજ ‘શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધા’નું આયોજન કરવામાં આવેલ જેમાં વિવિધ કેન્દ્રોમાં પરિષદની શાખા દ્વારા તથા અન્ય વૈષ્ણવી સંસ્થાઓ દ્વારા યોજવામાં આવેલ પ્રથમ એવા ૭૦ સ્પર્ધકોમાંથી ૬૦ સ્પર્ધકોએ આખરી સ્પર્ધામાં ભાગ લીધેલ જેઓના વકતવ્યો ખુબ સારા–સુંદર–માહિતીસભર–ભાવવાહી જોશીલી ભાષામાં યુવાનભાઈ બહેનો દ્વારા થયેલ. વકતવ્યોથી ઉપસ્થિત વૈષ્ણવ સમુહ ભાવવિભોર બની ગયેલ અને વૈષ્ણવ પરિષદની આ સંસ્કારલક્ષી પ્રવૃત્તિને બીરદાવેલ.

વકતૃત્વ સ્પર્ધાના વિજેતા : જુથ–૧ પ્રથમ મનુભાઈ દોશી (કેવડીયા કોલોની), દ્વિતીય દેવાંગ પારેખ (સુરત), તૃતિય મનન ભટ્ટ (દાહોદ). જુથ–૨ પ્રથમ દિવ્યા શાહ (ડભોઈ), દ્વિતીય જીજ્ઞેશ પટેલ (કેવડીયા કોલાની), તૃતિય શ્રેયા શાહ (વડોદરા), તથા આશ્વા શાહ (આણંદ), જૂથ–૩ પ્રથમ દેવાંગી ધારૈયા (સૂરત), દ્વિતીય રૂપલ શાહ (જરોદ), તૃતિય પાયલ શાહ(માતર), જૂથ–૪ પ્રથમ પ્રજ્ઞા દલાલ (સૂરત), દ્વિતીય મંજુલા પારેખ (પેટલાદ), તૃતિય નયના મહેતા (વડોદરા). નિબંધ સ્પર્ધાના વિજેતા : જૂથ–૧ પ્રથમ દિપેન શાહ (હરણી), દ્વિતીય દેવાંગ પારેખ (સૂરત), તૃતિય જસ્મીન મોદી (ડભોઈ), જૂથ–૨ પ્રથમ અર્ચના શેઠ (કારેલીબાગ), દ્વિતીય કિંજલ સોની (પેટલાદ), તૃતિય પલક શાહ (ઈન્દ્રપુરી), જૂથ–૩ પ્રથમ પ્રશાંત મહેતા (હાલોલ), દેવાંગી ધારૈયા (સૂરત), તૃતિય બીજલ શાહ (ઈન્દ્રપુરી–વડોદરા), જૂથ–૪ પ્રથમ સૂર્યાબેન શાહ (જરોદ), દ્વિતીય અચલાબેન શાહ (સમા–વડોદરા), તૃતિય દક્ષાબેન શાહ (પેટલાદ).

આ પ્રસંગે 'શ્રી વલ્લભ' ના સંપાદક પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહોદય પધારેલ અને આશીર્વચન આપેલ તેમજ પ્રદ્યુમનભાઈ શાસ્ત્રીજીનાં હસ્તે વિજેતાઓને શિલ્ડ એનાયત ચંદ્રકો તેમજ પુષ્ટિમાર્ગીય ગ્રંથોનું વિતરણ કરવામાં આવેલ.

સ્પર્ધાના સંયોજક તરીકે સી.પી. તલાટીએ સેવા આપેલ. વૈષ્ણવ પરિષદના પ્રદેશ સંગઠન મંત્રીશ્રી ચીમનભાઈ શેઠ અન્ય પદાધિકારીઓ—અગ્રણી વૈષ્ણવો તેમજ કાર્યકરો કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવા બદલ આચાર્યશ્રીએ આશીર્વાદ આપેલ.

ડોમ્બીવલી : "'કલ્યાણ ડોંબીવલી વૈષ્ણવ સમાજ' ના ઉપક્રમે દિ. ૨—૫ થી દિ. ૮—૫ 'શ્રી સર્વોત્તમ સ્તોત્ર રસપાન' નો કાર્યક્રમ યોજવામાં આવેલ. કડી—કોટાવાળા કાંદિવલીમાં બિરાજતા પૂ.પા.ગો.શ્રી વિજયકુમારજી (શ્રીદામોદરલાલજી) મહારાજશ્રીએ વૈષ્ણવોને સર્વોત્તમ સ્તોત્રનું માહાત્મ્ય, અર્થ તેમજ વિચાર, વિવેક અને સ્વમાર્ગીય સિદ્ધાંતો દ્વારા તેમના અમૃતમયી વચનામૃતો દ્વારા કૃતાર્થ કર્યા હતા. સાથે અ.સૌ. રશ્મિ કુમુદીની વહુજીએ સર્વોત્તમ સ્તોત્રનું સ્વરગાન કરેલ જેનાથી વૈષ્ણવો ભાવવિભોર થઈ ગયેલ હતા. કાર્યક્રમની ઉજવણી ઘણાજ ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવપૂર્વક કરવામાં આવેલ.

વડોદરા : શ્રીવાક્પતિ ફાઉન્ડેશન પ્રણિત 'શ્રીવલ્લભ વિદ્યાપીઠ' નો પ્રથમ પદવીદાન સમારંભ પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી (કાંકરોલી—વડોદરા) મહારાજશ્રીનાં અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ. આ પ્રસંગે સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અતિથી વિશેષપદે ઉપસ્થીત રહેલ. વિદ્યાપીઠનો પરિચય કરાવતા શ્રીરમેશભાઈ પરીખે જણાવેલ કે સને ૯૬/૯૭માં શ્રીવલ્લભ વિદ્યાપીઠની સ્થાપના થયેલ છે. આ ઓપન યુનીવર્સિટીનો કુલ સાત વર્ષનો પત્રાચાર અભ્યાસક્રમ છે. હેતુ વૈષ્ણવસૃષ્ટિને ભારતીય સંસ્કૃતી—સંસ્કાર—સનાતન ધર્મ, શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન અને પ્રેમલક્ષણા ભક્તિ વિશે સાચી સમજ પુરી પાડવાનો છે. અભ્યાસક્રમ દ્વારા જીવનનું ઘડતર અને ચણતર કરી સામાજિક, શૈક્ષણિક અને આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનો છે. બે વર્ષમાં લગભગ ત્રણ હજાર જેટલા અભ્યાસાર્થીઓએ પ્રાવીણ્ય મેળવેલ છે.

વિદ્યાપીઠના કુલાધિપતિશ્રી, કુલપતિશ્રી તેમજ અતિથી વિશેષશ્રીઓ દ્વારા પદવી, ચંદ્રક વિજેતાઓને પદવી તેમજ પ્રશસ્તિત્રો એનાયત કરવામાં આવેલ. વિદ્યાપીઠના કુલપતિશ્રી વલ્લભકુલ પુષ્ટિ રત્ન પૂ.ગો.શ્રીવાગીશકુમારજી મહોદયે જ્ઞાનપિપાસુ પદવીધરો તથા ઉપસ્થીત વૈષ્ણવ સમુહને સંબોધન કરતાં જણાવેલ કે જીવનમાં ધર્મનું સ્થાન પાયાનું છે, ધર્મસંસ્કારોનું સીંચન બાલ્યાવસ્થાથી થાય એ અનિવાર્ય છે. વિદ્યાપીઠ દિશાશૂન્ય યુવાનોને ધર્મ અને કર્મની સાચી સમજ આપી દિશાસૂઝ બક્ષે છે. સુપ્રસિદ્ધ ભક્ત કવિશ્રી દયારામભાઈએ 'વૈષ્ણવ નથી થયો તું રે...' કાવ્યમાં ઉત્તમકોટી વૈષ્ણવો માટે આંતર બાહ્ય લક્ષણો દર્શાવ્યા છે. જેને જીવનમાં ચરિતાર્થ કરવા હાલની વિષમ પરિસ્થિતિમાં સદર વિદ્યાપીઠ દ્વારા આધુનિક ટેકનોલોજીયુક્ત

પત્રાચાર શિક્ષણ આદર્શ વૈષ્ણવી જીવન માટેનો પ્રયાસ છે.

વિદ્યાપીઠના કુલાધિપતિ પૂ.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીએ જણાવ્યું કે પત્રાચાર અભ્યાસક્રમ દ્વારા પુષ્ટિસંપ્રદાયના સત્ય–તથ્યને પ્રકાશિત કરવાની સાથે વૈષ્ણવોનું કર્તવ્ય પણ સમજાવે છે. આપશ્રીએ સાંપ્રદાયીક આચાર–વિચાર વિશે સવિસ્તર સમજુતિ આપવાની સાથે શ્રીમદ્ વલ્લભાચાર્યજી શુદ્ધાદ્વૈત સિદ્ધાંતની જાણકારી આપવાની સાથે જણાવેલ કે આબાલ–વૃદ્ધ સૌને શ્રીવિદ્યાપીઠ દ્વારા પત્રાચાર દ્વારા વૈષ્ણવો પોતાના જીવનનો વિકાસ સાધી શકશે.

ભાવાંજલી

સુરતવાળા નિ.લી.ગો.શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના દ્વિતીય આત્મજ ગો.શ્રીમધુસુદનલાલજી મહારાજ તા. ૩–૮–૯૮ ના નિત્યલીલા પ્રવેશ થયો છે.

આપશ્રી અત્યંત કૃપાળુ, પુષ્ટિમાર્ગ સિદ્ધાંતના વિશદ્ જ્ઞાતા હતા. આપશ્રીના લીલાપ્રવેશથી પુષ્ટિસૃષ્ટિ રંક બની છે. શ્રીવલ્લભસુધા સંપાદક મંડળ આપશ્રીને નમ્ર ભાવાંજલી અર્પણ કરે છે.

આપશ્રીના આત્મજો પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી, પૂ.પા.ગો.શ્રીચંદ્રગોપાલજી, પૂ.પા.ગો.શ્રીપ્રભુજી તથા પૂ. શ્રીઈન્દીરાબેટીજી આદી સર્વે પરિવાર સન્મુખ અશ્રુપૂર્ણ નયને દંડવત્ કરે છે.

આજ પ્રમાણે આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના અગ્રણીઓ શ્રી ઈન્દ્રકાન્ત ત્રીકમલાલ શેઠ, શ્રીપ્રધુમન શાસ્ત્રીજી, શ્રીયોગેશભાઈ શાસ્ત્રી, પ્રો. ચીમનભાઈ શેઠ, શ્રી મુકુંદભાઈ પટેલ વિગેરેએ હાર્દિક ભાવાંજલી અર્પણ કરી છે.

સમાચાર

પુષ્ટિ–ગીત–ગુંજન

પુસ્તક વિમોચન સમારોહ

રાજકોટ : અહીં તા.૧૫–૮–૯૮ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના શુભ અવસર ઉપર "પુષ્ટિ–ગીત–ગુંજન" ભાગ–૧ નો વિમોચન સમારોહ પૂ.પા.ગો.શ્રી કનૈયાલાલજી શ્રીવલ્લભલાલજી મહારાજ (મુંબઈ–પોરબંદર)ના વરદ હસ્તે જાનકી માર્ગ 'પ્રિયા કુંજ'માં બહોળાં વૈષ્ણવ સમાજની ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થયો હતો.

આ પુસ્તકના સંપાદક શ્રીરવજીભાઈ પટેલ દ્વારા શ્રીમદ્ ભાગવતમાં આવતા શ્રીવેણુગીત, શ્રીગોપીગીત, શ્રીપ્રણયગીત, શ્રીયુગલગીત, શ્રીભ્રમરગીત, શ્રીઉદ્ધવગીત,

ગોવર્ધનવાસી સાંવરો, આદિનું સુંદર સંકલન આ પુસ્તકમાં થયું છે.

શુદ્ધ પુષ્ટિ પ્રેમલક્ષણા ભક્તિને સમજવા માટે આ પુસ્તક વસાવવું ખુબ જ જરૂરી છે. આ પુસ્તકની ભાવના વિશે આપશ્રીએ પોતાના વચનામૃતોમાં ખુબજ છણાવટ કરી હતી. મુખ્યાજી મથુરાદાસે પણ પુસ્તક વિશે સુંદર સમજાવ્યું હતું. આપશ્રીના અનુરોધથી ખુબજ ઉત્સાહપૂર્વક વૈષ્ણવોએ ૭૦ રૂપિયા ન્યોછાવર આપી આ અલૌકિક પુસ્તક પ્રાપ્ત કરવા પડાપડી કરી હતી અને ભાગ–૨ માટે પણ નામ નોંધાવ્યા.

અંતમાં ભગવદ્નામધ્વનિ તથા મહાપ્રસાદ સર્વે આવેલ વૈષ્ણવોને આપશ્રી દ્વારા વાંટવામાં આવેલ હતો. આવા અલૌકિક પુસ્તકનો વિમોચન સમારોહ પણ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના અલૌકિક દિવસે થયો એ જ આ પુસ્તકની અલૌકિકતા છે.

—::: પુસ્તક પ્રાપ્તિસ્થાન :::—

રવજીભાઈ પ. પટેલ
'અમૃત' જલારામ–૧, માર્ગ–૩
યુનિવર્સિટી રોડ,
રાજકોટ.–૩૬૦૦૦૫.

તગડી (ધંધુકા) શ્રીમહાપ્રભુજી બેઠકજીનો જીર્ણોદ્ધાર

તગડી 'શ્રીમહાપ્રભુજી બેઠકજી' સંકુલ નવનિર્માણ કાર્ય શરૂ કરેલ છે. અંદાજી ખર્ચ ૬૫ લાખ રૂપિયા જેવો છે. સેવામાં સહયોગી બનવા ઈચ્છનાર વૈષ્ણવોએ શ્રી તગડી 'મહાપ્રભુજીની બેઠક જીર્ણોદ્ધાર કમિટિ'ના નામે અમદાવાદ અગર ધંધુકાનાં ચેક અથવા ડિમાન્ડ ડ્રાફટથી કાર્યાલયના સરનામે અથવા તગડી બેઠકજી પર સેવા મોકલવી.

—: નિર્માણ સેવા કાર્યાલય :—

શ્રી મહેન્દ્ર ચંદુલાલ શાહ ૧૧,
મિથિલા સોસાયટી, શ્રેયસ ફાઉન્ડેશન સામે,
આંબાવાડી, અમદાવાદ. ૩૮૦૦૧૫

શ્રી ભગવાનદાસ જીવણલાલ શાહ
(તગડીવાળા) બજારમાં,
ધંધુકા.

પુસ્તક પરિચય

પુષ્ટિ–ગીત–ગુંજન, ભાગ પહેલો

સંપાદક : રવજીભાઈ પ. પટેલ

પ્રકાશક : આં.રા.પુ.વૈ.પરિષદ, ધોરાજી શાખા, રાજકોટ.

આઠ પેઈજી ડેમી સાઈઝ પુસ્તક પૃષ્ઠ ૪૬૪+૧૬=૪૮૦. ઓફસેટ પ્રિન્ટીંગ, સેક્સન સિલાઈ, લેમીનેશનવાળું બહુરંગી ટાઈટલ, ન્યોછાવર રૂ.૭૦/– તથા પોસ્ટેજ રૂ.૧૦/–

શ્રીમદ્ ભાગવત ભક્તિ પ્રધાન ગ્રંથ સ્તુતિઓ અને ગીતોથી ભરપૂર છે. તેમાંથી ભ્રમરગીત, વેણુગીત, પ્રણયગીત, ગોપીગીત, યુગલગીત અને ઉદ્ધવ ગીત તેમજ વિરહ વેદનાનાં શબ્દોથી મંડિત "શ્રીગોવર્ધનવાસી સાંવર" એ સુપ્રસિદ્ધ પદ વિવેચન સહિત આ પુસ્તકમાં પ્રસ્તુત થયેલ છે.

મૂળ ગીત–સમશ્લોકી–અર્થ–વિવેચન–પદ–ધોળનું ગુજરાતીમાં સંકલન–સંપાદન થયેલ છે. તેમજ ગીતોની વિશેષ સમજ આપતાં વિદ્વાનોના લેખો જેમાંના અમુક લેખો તો પ્રથમ વખત જ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે. ઉપરાંત સંપૂર્ણ ઉદ્ધવ–શતક અને તેના ઉપર વિસ્તૃત નિબંધ–લેખનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આવા ભક્તિરસના સમુદ્રરૂપ ગીતોનું આવું અનોખું દળદાર સંકલન–સંગ્રહ–સંપાદન પ્રથમ વખત જ પ્રકાશિત થયેલ છે. જે વાંચવા–મનન કરવા–પુસ્તકાલયમાં વસાવવા લાયક–સર્વજનોપયોગી ગ્રંથના સંપાદક–પ્રકાશકને અભિનંદન.

પુષ્ટિ–ગીત–ગુંજન, ભાગ બીજામાં ગર્ગગીત, રુદ્રગીત, અક્રૂર મનોરથ ગીત, શ્રુતિ ગીત, ઐલ ગીત, મહિષી ગીત, ભિક્ષુ ગીત વગેરે મૂળ, સમશ્લોકી, અર્થ, વિવેચન, પદ, ધોળનું ગુજરાતીમાં અનોખી રીતે સરળ શૈલીમાં સંકલન પ્રસ્તુત થશે.

બીજો ભાગ વસાવવા માટે ન્યોછાવર પેટે ઉચક રકમ રૂ.૮૦/– એંશી ભરીને આગોતરા ગ્રાહક થવા ભાવિક–જિજ્ઞાસુજનોને અનુરોધ કરવામાં આવેલ છે.

પહેલો ભાગ મેળવવા અને બીજા ભાગની ઉચક રકમ ભરવાનું સ્થળ

રવજીભાઈ પ. પટેલ 'અમૃત' જલારામ –૧, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ. ૩૬૦૦૦૫.

શ્રીવલ્લભસુધાના સેવાભાવી નવા પ્રતિનિધિ

૧. શ્રીગોરધનભાઈ એમ. પટેલ
C/O. વૃંદાવન ટ્રેડર્સ
ખેરગામ રોડ, સિવિલ કોર્ટની બાજુમાં,
ભગવતી ફર્નિચર પાસે,
ચીખલી–૩૯૬૫૨૧. (જિ. વલસાડ)

૨. શ્રીવજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગ પુસ્તકાલય,
શ્રીસાત સ્વરૂપની હવેલી,
દેના બેંક પાસે, મહાત્મા ગાંધી રોડ,
રાજકોટ–૩૬૦૦૦૧.
સમય : દરરોજ સાંજના ૫ થી ૬

૩. શ્રી બી. જે. પીઠડીયા
'મોહક' ૭–નિલકંઠનગર,
રાજકોટ–૩૬૦૦૦૫.

ગો.શ્રી દામોદરલાલજી મહારાજ(કોટા)નો જન્મદિન.

આસો સુદ ૧૧ તા.૨–૧૦–૯૮ શુક્રવારઃ પાશાંકુશા એકાદશી વ્રત. ગો.શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન) તથા ગો.શ્રીગોપીકાલંકારજી (મુંબઈ)નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા.૪–૧૦–૯૮ રવિવારઃ શ્રીબાલકૃષ્ણ પ્રભુ(સુરત)નો પાટોત્સવ. ગો.શ્રીશિશિરકુમારજી (મુંબઈ–પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૧૫ તા.૫–૧૦–૯૮ સોમવારઃ શરદપૂર્ણિમા, રાસોત્સવ, કાર્તિક સ્નાન આરંભ. શ્રીરણછોડજી (ડાકોર)નો મેળો.

આસો વદ ૧ તા.૬–૧૦–૯૮ મંગળવારઃ શ્રીગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ.

વધાઈ..... "શ્રીઆધિદૈવિક વ્રજયાત્રા–લીલી પરિક્રમા" વધાઈ.....

સપ્તમ પીઠાધીશ્વર ગો.શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન)નાં આશીર્વાદ અને ગો. શ્રીવ્રજેશકુમારજી મહોદય (રાજકોટ) ગો.શ્રી ગોપાલલાલજી મહોદય (વડોદરા) ગો.શ્રીકલ્યાણરાયજી મહોદય (કામવન) ની અધ્યક્ષતામાં દિનાંક ૨–૯–૯૮ નિયમ ગ્રહણ દિનાંક ૩–૯–૯૮ અંતરગૃહી દિનાંક ૪–૯–૯૮ યાત્રા પ્રયાણ મુકામ મધુવન

વિવિધ મનોરથો

જતિપુરા : દિનાંક ૧૧–૯–૯૮ શ્રીગિરીરાજજી કુંડવારો
કામવન : દિનાંક ૧૬–૯–૯૮ મહાદાનનો મનોરથ
કામવન : દિનાંક ૧૭–૯–૯૮ કેળના બંગલા
કામવન : દિનાંક ૧૮–૯–૯૮ 'છપ્પનભોગ' બડો મનોરથ
કામવન : દિનાંક ૧૯–૯–૯૮ ફુલની સાંઝી
કામવન : દિનાંક ૨૦–૯–૯૮ ખટ ઋતુના મનોરથ
ગોકુલ : દિનાંક ૯–૧૦–૯૮ શ્રીયમુનાજીનો કુંડવારો

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેનં કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT
PREPAYMENT TO POSTEGE
CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.આ.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

સતસૈયા–૨

ત્રૂઠોં મો સિર કર ઘરોં,
રૂઠો દ્યો કર લાત;
પૈં નિજ, ઔંરનપૈં નહીં,
યહ જ્યાચ્યોં જ્યગતાંત. (૨)

હે જગતૃપિતા એવા જે શ્રીકૃષ્ણજી ! જો તમે પ્રસન્ન થાઓ તો મારે માથે હાથ મૂકો, અને જો કદાપિ મારા અપરાધે, અપ્રસન્ન થાઓ, તો મારા હૃદયે પાટૂ (લાત) મારો, તેની ચિંતા નથી. પણ જે કરો તે આપને શ્રીઅંગેથી કરો. બીજા કોઈ પાસે કશું ના કરાવશો, એટલું માગી લઉં છું. (૨)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન: ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૮૦૨૦.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

વર્ષ : ૧૭ અંક : ૭ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ઓક્ટોબર, ૧૯૯૮

વચનસુધા

"અનન્ય નિષ્ઠાને સાચવતા દુરાગ્રહ રાખવો નહીં. અનન્યતા એ આરાધનાનો પ્રકાર છે. (તેમાં) દુરાગ્રહથી મલીનતા આવે છે. આજની વર્તણુંકમાં આવો જ પ્રકાર તરી આવતા રાગ–દ્વેષ અને ક્લેશ વધ્યા છે.

શ્રીદયારામભાઈએ બતાવેલા વૈષ્ણવના ગુણો અને તેના લક્ષણો તેમજ કર્તવ્યનો વિચારપૂર્વક પાઠ કરવો. આ સાહિત્યને સંસ્કૃત ન જાણતી વ્યક્તિ પણ વાંચી અને સમજી શકે છે. સિદ્ધાંતના ધોળમાં આપણા માર્ગના સિદ્ધાંતોનું વર્ણન છે તેનું ચિંતન કરવું જોઈએ. સેવાપરાયણ અને સાચું જીવન તોજ જીવી શકાય છે.

પરંપરાનું મહત્વ સમજવા માટે નિર્મળ બુદ્ધિની જરૂર છે, તેવી બુદ્ધિ આપણને સિદ્ધાંતો થકી પ્રાપ્ત થાય છે. સિદ્ધાંતો કેવળ બોલવાનું તત્ત્વજ્ઞાન નથી પણ આચરવા માટે બૌદ્ધિક તત્ત્વનો વિકાસ કરવા સારું છે. આચાર અને વિચારનો સમન્વય તેનાથી સાધી શકાય છે.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃત. શ્રીપ્રથમેશવાક્સુધા–૧ પૃષ્ઠ ૨૧૪)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દૃઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

આસો વદ ૩ તા. ૮–૧૦–૯૮ ગુરૂવારઃ ગો.ચિ. વિનયકુમારજી (કોટા)નો જન્મદિન.

આસો વદ ૪ તા. ૯–૧૦–૯૮ શુક્રવારઃ ગો.ચિ. હરિરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૧૧–૧૦–૯૮ રવિવારઃ શ્રીરણછોડરાયજી (ડાકોર)નો ષોડશોપચાર. ગો.શ્રીવલ્લભજી બાવાશ્રી (માંડવી–જુનાગઢ)નો જન્મદિન.

આસો વદ ૯ તા. ૧૩–૧૦–૯૮ મંગળવારઃ ગો.ચિ. શ્રીવ્રજેશકુમારજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૧૪–૧૦–૯૮ બુધવારઃ શ્રીટીકેતના શૃંગારનો પ્રારંભ. ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ (મુંબઈ–પોરબંદર)નો તથા ગો.ચિ. શ્રીમધુસુદનલાલજીનો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૧૫–૧૦–૯૮ ગુરૂવારઃ ગો.શ્રીમુરલીધરજી મહારાજ (વિરમગામ–ગોકુલ–કામવન)નો તથા ગો.શ્રીમિલનકુમારજી (ઘાટકોપર)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૧૬–૧૦–૯૮ શુક્રવારઃ રમા એકાદશી વ્રત.

આસો વદ ૧૨ તા. ૧૭–૧૦–૯૮ શનિવારઃ ગોવત્સ દ્વાદશી. વાઘબારસ. ગો.શ્રીકલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૧૮–૧૦–૯૮ રવિવારઃ ધનતેરસ.

આસો વદ ૧૪ તા. ૧૯–૧૦–૯૮ સોમવારઃ રૂપચૌદશ, અભ્યંગ સ્નાન, દિપાવલી, દિવાળી, હટડી, કાનજગાઈ લક્ષ્મીપૂજન. ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજ (વિરમગામ–કામવન)નો તથા ગો.શ્રી રઘુનાથજી (વિરમગામ–કામવન)નો જન્મદિન.

આસો વદ ૩૦ તા. ૨૦–૧૦–૯૮ મંગળવારઃ ગોવર્ધનપૂજન. અન્નકૂટ ઉત્સવ. સંવત ૨૯૫૪ પૂર્ણ.

સંવત ૨૦૫૫ કારતક સુદ ૧ તા. ૨૧–૧૦–૯૮ બુધવારઃ નૂતન વર્ષારંભ. સં. ૨૦૫૫. ચંદ્રદર્શન, ગો.ચિ. ગોકુલેશજી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૨૨–૧૦–૯૮ ગુરૂવારઃ યમદ્વિતીયા, ભાઈબીજ

કારતક સુદ ૩ તા. ૨૩–૧૦–૯૮ શુક્રવારઃ ગો. શ્રીયમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૨૪–૧૦–૯૮ શનિવારઃ ગો. શ્રીભૂષણજી (માંડવી–કચ્છ)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૨૫–૧૦–૯૮ રવિવારઃ લાભપાંચમ, ગો.ચિ.વ્રજભૂષણલાલજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા ચિ. પુરૂષોત્તમજી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૨૮–૧૦–૯૮ બુધવારઃ ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૨૯–૧૦–૯૮ ગુરૂવારઃ અક્ષય નવમી, કુષ્માંડ (કોળુ) દાન. સત્યુગાદિ

–અનુસંધાન ટાઈટલ ૩ ઉપર

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૭ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ ઓક્ટોબર , ૧૯૯૮

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

દશમો અપરાધ : ''શ્રીઠાકુરજીકે કાજે ચંદન ઘસીએ તામેંતે તિલક ન કરીએ.''

અગીયારમો અપરાધ : ''પ્રસાદી ચંદનનું તીલક કરીએ. '' શ્રીઠાકોરજીને સમર્પવા માટે જે ચંદન ઘસેલ હોય તેમાંથી આપણે તીલક ન કરાય, (કુમકુમના ઉર્ધ્વપૂંડ્ર તીલક સાથે ચંદન લેપ કરવાને ચંદનતીલક કહેવાય.) પરંતુ શ્રીઠાકોરજીને ઉષ્ણકાલમાં નિત્ય જે કટોરી ચંદનની સમર્પીએ તે કટોરી સાંજે કે બીજે દિવસે સરાવી તે ચંદન જુદી વાટકીમાં લઈને તે પ્રસાદી ચંદનનો જ તીલક લેપ કરાય. આથી વિરુદ્ધ કરવાથી અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ પરિષિષ્ઠમ્ પ્રથમમ્

પૂર્ણા ભગવદીયા

ભાષાંતર– પ.ભ. શ્રી બાબુભાઈ પી.નાયક, કડી

પહેલું પરિશિષ્ટઃ શ્રીહરિરાયજી પૂર્ણ ભગવદીયો કેવા હોય તે સમજાવે છે. સામાન્ય રીતે પુષ્ટિમાર્ગના અને મર્યાદામાર્ગના પૂર્ણ ભગવદીયો વિશે આપશ્રી કહે છે કે વિવૃત્તિ અનુસાર તો જે ભક્તિ અને સેવાથી પૂર્ણ હોય તે જ પૂર્ણ ભગવદીય ગણાય. હવે મર્યાદામાર્ગીય ભગવદીય તો માહાત્મ્યજ્ઞાન સાથે સ્નેહસભર, ગુણપરાયણ અને ધર્મપરાયણ હોય છે, જ્યારે પુષ્ટિમાર્ગીય ભગવદીય તો કેવળ ધર્મપરાયણ જ હોય છે. તેઓમાં ગુણપરત્વપણું ધર્મપરાયણતાને કારણે હોય છે. તેથી ધર્મિના વિરહમાં રહેવું તેમને માટે અશક્ય હોવાથી તેઓ ગુણપરાયણ થઈને રહે છે. પુષ્ટિમાર્ગમાં ધર્મિના ગુણગાનની જ આવશ્યકતા છે.

તેથી જ ગોપીગીતમાં શ્રીકૃષ્ણ ગોપીજનો વચ્ચેથી તિરોહિત થયા એટલે ગોપીજનોએ ધર્મિ શ્રીકૃષ્ણની જ 'આપની કથાથી જ' અમારા પ્રાણ ટક્યા છે એમ કહી કથા દ્વારા પણ ધર્મિના ગુણગાન કર્યાનું જ કહ્યું છે. તે ગુણરૂપથી ભગવાનની સમાનતા સમજાવવા છ ગુણો વિશે જ કહ્યું છે. પ્રભુના ગુણ અને પ્રભુમાં કોઈ ફેર નથી એમ કહી તેઓ સમજાવે છે કે ભગવાનના ગુણો પણ ભગવદ્‌સ્વરૂપ જ છે. બંનેમાં કોઈ ભેદ નથી.

બીજી રીતે આ જ વાત સમજીએ. ગુણોની દષ્ટિએ ગુણોનો અંગીકાર કરવાથી ભગવાનમાં છ ગુણપણું છે તે ઉક્તિ વિરુદ્ધ થાય. શેષજી પુષ્ટિમાર્ગીય છે, પણ અંતરંગ લીલાના સંબંધની દષ્ટિએ આમ સમજવું. શ્રીવ્યાસજી તો મર્યાદામાર્ગીય ગણાય, કારણ કે તેમને સમાધિમાં ભગવાનનું દર્શન થયું, તેથી તેમણે કહ્યું કે 'પૂર્ણ પુરુષોત્તમને મેં જોયા' અર્થાત્ તેમણે કંઈ પ્રત્યક્ષ ધર્મિનેનથી જોયા. જ્યારે અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી તો અમારા પુષ્ટિમાર્ગના આદ્ય પુરુષ છે, કારણ કે આપશ્રીનું તો ભક્તિરૂપ મુખારવિંદ છે. જો કે વાયુપુત્ર હનુમાનજીનું તેમ જ હોવા છતાં મર્યાદાપુરુષોત્તમમાં જ તેમની ગણત્રી છે, છતાં તેમની અંતરંગ ભક્તિ શ્રીરામ પ્રત્યે દાસત્વભાવવાળી હોઈ તેઓનું વ્યક્તિત્વ પુષ્ટિમાર્ગીય પ્રકારનું હતું. તેમનું અંતરંગ ભક્તના જેવું દાસત્વ હોવાથી સીતાજીના મનનું સમાધાન કરવા માટે દૂત તરીકે લંકા તેમને જ મોકલ્યા હતા. જડ ભરતજી મર્યાદામાર્ગીય છે, તેનું કારણ તેઓનું કાર્ય પ્રભુપુજા હતી, તેથી તેમને હરણનો દુઃસંગ થવાથી પ્રભુપ્રાપ્તિમાં ત્રણ જન્મનો અંતરાય પડયો, અથવા પ્રભુપ્રાપ્તિ માટે ઘણી પ્રતિક્ષા કરવી પડી. નારદજીનું પણ તેમજ સમજવું. તેઓ સતત પ્રભુનાં ગુણગાન ગાતા. તેથી તેમનું મન સ્વસ્થ રહેતું અથવા તેઓ

કંઈ દાસધર્મ બજાવતા ન હતા. મૈત્રેય પણ મર્યાદામાર્ગીય હતા, કારણ કે ભગવાનની પરોક્ષમાં વિદુરજી તેમને ઉપદેશ આપતા. ત્યારે જ તેમને સ્વસ્થતા થતી.

તેનાથી બીજી રીતે ઉદ્ધવજીની વાત છે. ઉદ્ધવજીને જ્યારે ક્લેશની અનુભૂતિ થતી ત્યારે નિજસ્વામીના ગુણગાન ગાતા, છતાં પણ તેમને શાંતિ નહોતી થતી, ત્યારે તેઓ શાંતિ–સ્વસ્થતા પ્રાપ્ત કરવા વારંવાર ગુણગાન ગાતા. આ રીતે પુષ્ટિમાર્ગમાં અસાધારણ રીતે ભક્તોમાં પૂર્ણત્વ લાવીને સમુદ્ર જળથી પૂર્ણ ભરેલો છે, તેમ ઉપર કહેલા ભગવદીયો પણ ભગવાનના ગુણ ગાતા તે સમયે અને ભાવ–ભાવના કરતા હોય તેવે સમયે, ભગવાનના મુખરૂપી ચંદ્રના દર્શનથી તેમના અંતઃકરણ ભાવરૂપી તરંગોથી પૂર્ણ થઈ જાય છે. આ તાત્પર્ય સમજીને પુષ્ટિમાર્ગીય આચાર્યોને મર્યાદામાર્ગીય ભક્તોની સમકક્ષ ગણવા અનુચિત છે. તે મત્સરયુક્ત કથન છે અથવા તો તેમ કહેવું એ પાણીનું મંથન કરવા બરાબર છે. તેથી જ અગાઉ લોક, વેદ અને ગુણો વડે મિશ્રભાવવાળા ભગવદીયોને ભિન્ન છ પ્રકારના સમુદ્ર જેવા ગણ્યા છે.

કેટલાક ભગવદીયો ગુણાતીત અને શુદ્ધ હોઈ તેમને ભિન્ન રીતે પણ પુષ્ટિમાર્ગીય જ ગણ્યા છે. તે ભગવદીયોમાં ભગવાનનાં છ ગુણ હોવાને લીધે મર્યાદામાર્ગીય રીતે તે માર્ગના પણ છ પ્રકારના ભગવદીય હોય તેમ સમજવું. પુષ્ટિમાર્ગીય અને મર્યાદામાર્ગીય ભગવદીયોમાં, પુષ્ટિમાર્ગીય ભગવદીયો માત્ર ધર્મિસ્વરૂપપરાયણ હોવાને લીધે એ માર્ગમાં કેવળ આ એક જ પ્રકારના ભગવદીયો હોય છે. અગાઉ પણ આપણે મિશ્રભાવવાળા ભગવદીયની વાત કરી છે. તેઓમાં ગુણોની મિશ્રતાને કારણે તેમના ભાવ પણ મિશ્ર છે. તેથી તેઓના ભાવ જેવા જ તેમના પ્રભુ છે. હવે ઉત્તર પક્ષ અનુસાર જેઓ કેવળ સ્વરૂપથી શુદ્ધ ભાવવાળા છે તેમના ભાવની માત્રા પરથી તેમના પ્રભુ કેવા હશે તે આપણે સમજી શકીએ. તેથી જ તેવા ભગવદીયો ગાયેલા ગુણોમાં જે સ્વરૂપની ભાવના જણાય તેવું તેમના પ્રભુનું સ્વરૂપ સ્વીકારવું રહ્યું. ગુણાતીત શુદ્ધ સચ્ચિદાનંદ રૂપથી જ તેમનું શુદ્ધપણું કહ્યું છે. તેથી વિવૃત્તિમાં 'તેવા ગુણાતીત ભગવદીયોને ' અતિ ઉત્તમ ગણ્યા છે.

પુષ્ટિમાર્ગની દષ્ટિએ સાધારણ ભગવદીયો કરતાં પુષ્ટિમાર્ગીય ભગવદીયો અતિ ઉત્તમ કહ્યાં છે. પૂર્ણ ભગવદીયપણાને લીધે જે ભગવદીયોને સમુદ્ર જેવા ગણ્યા છે, તેમાં પુષ્ટિમાર્ગીય ભગવદીયો અમૃતના સમુદ્ર જેવા છે. આ અભિગમ અનુસાર અમારા પિતૃચરણોએ વિવૃત્તિમાં જે કહ્યું છે તેમાં જરાપણ શંકા કરવી નહિં, છતાં પણ તેમણે ભગવદીયો વિશે જે સર્વોત્તમપણું કહ્યું છે તે મનોરમ નથી એમ ન માનવું. એ સત્ય જ છે. આ તદીયજનનું વાક્ય નથી. જેથી આ વાત સ્વિકારી લેવી, કારણ કે બીજી જગાએ તેમની સમાનતા કહી છે જ. જોકે આપણને તે સહ્ય લાગતું નથી. ફરીથી એની એ વાત શું કહેવી ? પણ અમારા આચાર્યચરણોના કહેવાથી તે સ્વિકારવી પડે છે.

તે પણ કોઈ ધર્મના લીધે ઘણી જગાએ તે પ્રમાણે કહે છે. બીજી રીતે 'તેના અર્થનું વિવેચન કરવા માટે' એ વાક્યમાં 'મને વ્યાસ જેવો સમજવો' એ દષ્ટાંતથી વ્યાસની સમાનતા શા માટે કહેવી ? જેમ ભગવાને પુષ્ટિમાર્ગ પ્રવર્તાવવા આપણા આચાર્યશ્રીને પ્રગટ કર્યા છે, તેમ વ્યાસનું પ્રાગટય નથી,

પરંતુ પોપટની જેમ તેમના મુખમાંથી શબ્દાત્મક શ્રીભાગવત પ્રગટ કરવા તેમનું ભાગવત પ્રગટ કર્યુ. શ્રીભાગવતના અર્થના પ્રગટયપણાને લીધે તેમનું પ્રાગટય છે. 'સ્વયં આત્માથી આત્મા' એ વાક્ય અનુસાર એવું સમજાય છે કે તેમના પ્રગટ થવા માટે આપણા આચાર્યજીની જેમ તેમનું પ્રાગટય છે. ત્યાં પણ ભાગવતનો અર્થ જ ભક્તિરૂપ છે. ભક્તિનાં રૂપની જેમ તેમનું આવિર્ભુતપણું છે. શબ્દાત્મક ભાગવત જેમ વ્યાસજીએ પ્રગટ કર્યુ, તેમ અર્થાત્મક ભાગવત શ્રીમહાપ્રભુજીથી પ્રગટ થયું. તે ધર્મ પ્રમાણે ત્યાં પોતાનું દષ્ટાંત કહ્યું, તે પ્રમાણે અહીં પણ તેમનું પૂર્ણ ભગવદીયપણું સમજીને તેમની વચ્ચે પોતાની ગણત્રી કરવામાં આવે તેમાં કંઈ ખોટું નથી.

વસ્તુતઃ પૂજય આચાર્યોમાં પૂર્ણ ભગવદીયત્વ જુદું જ છે. પ્રભુમાં રસાત્મકપણું છે. તે અનુસાર શ્રીમહાપ્રભુજીના મુખારવિંદરૂપથી તેમનું ભગવદીયપણું અને તત્ત્વથી ભક્તિરૂપપણું સમજવું. જેમ પ્રભુમાં રસલીલાથી તેમનું બ્રહ્મત્વ આવિર્ભુત થાય છે, તેમ તાદશી ભગવદીયોનું પણ સમજવું. ભગવદાજ્ઞાથી અહીં જનશિક્ષાર્થે ભજનમાં (સેવામાં) ભક્તિધર્મનો આવિર્ભાવ થાય છે. ભગવદીયત્વમાં પણ ભગવદીયમાં ભગવત્વ પણ પ્રગટે તે સંભવિત છે. કોઈપણ સમયે તે પ્રગટે તેનું પ્રમાણ નથી, એમ ન સમજી લેવું.

પૂર્ણત્વને અહીં સ્વરૂપનું પૂર્ણત્વ સમજવું. નહિં તો સેવા એટલે ચિત્તની એકાગ્રતા એ જેમ નિરોધ છે. ત્યાં પણ પંચાત્મકસ્વરૂપથી જ પૂર્ણત્વ સમજવું. તેથી જ શ્રીમહાપ્રભુજીનું નામ 'રાસ સ્ત્રીભાવ પૂરિત વિગ્રહઃ ' એટલે કે 'આપશ્રી રાસસ્ત્રી ભાવથી પૂર્ણ સ્વરૂપવાળા છો' તેમ કહ્યું છે. બીજી જગાએ તો ગુણથી જ આપનું ભગવદીયપણું છે. તેવી વિશિષ્ટ ભિન્નતા છે.

શ્રીઆચાર્યજીના વંશજો પણ તે સ્વરૂપની સમાનતા ન કરી શકે. કાલાવતાર પુરુષોત્તમની સમાનતાની સંભાવના પણ અસંભવ છે. ભગવાન પુરુષોત્તમ હોવા છતાં પણ પુર્ણ પુરૂષની સંભાવના પણ અસંભવ હોવાથી એ 'શક્તિથી પુરૂષ છે' વગેરે વાક્યો દ્વારા પુરૂષના દષ્ટાંતનું કહેવું બાધક બનશે. તેથી કોઈ ધર્મથી સર્વત્ર સમતા સિવાય બીજો કોઈ જરા પણ દોષ નથી. તેથી જ આનંદરૂપથી સહજ નીલ ભગવાનમાં નીલ નીરનું દષ્ટાંત પણ અયોગ્ય છે.

છતાં પણ 'અંગીકૃતૌ સમર્યાદ' અંગીકાર કરવામાં મર્યાદાવાળા શ્રીમહાપ્રભુજીનું શ્રીસર્વોત્તમમાંના નામરૂપી (આપશ્રીનું) પ્રાદુર્ભાવ અવસ્થામાં 'મર્યાદાપૂર્વક અંગીકાર કરવાથી આપનામાં પૂર્ણત્વ છે.' તે સમજાવવા તે પંક્તિમાં તેમ નિરૂપણ કર્યું છે. તેથી આપનામાં ન્યૂનપણું આવતું નથી. ત્યાં 'અધિકં તત્રાનુપ્રવિષ્ટમ્' માં આપનું વિશિષ્ટ મહત્વ છે. એ ન્યાયે આપની વિશિષ્ટતા સમજાય છે. બીજી રીતે વિચારતાં જેમ શ્રીશુકદેવજીએ પણ બધા અવતારોમાં પણ શ્રીકૃષ્ણાવતારનું નિરૂપણ કરતાં કહ્યું છે કે 'શ્રીકૃષ્ણ જ સ્વયં ભગવાન છે.' ત્યાં શ્રીકૃષ્ણાવતારની વિશેષતા અવતાર કાર્યથી અને પુષ્ટિકાર્યથી બતાવી છે. તેમ આચાર્યશ્રીમાં પણ યજ્ઞાદિ મર્યાદાકાર્યથી અને સેવાદિ પુષ્ટિકાર્યથી, એમ કહ્યું કે આ બંને પ્રકારના કાર્યો કરવા આપશ્રી પધાર્યા છે. તે સમજાવવા માટે પહેલા કાર્યનું (યજ્ઞાદિ મર્યાદા કાર્યો) નિરૂપણ કરી, પછીથી

આચાર્યશ્રીના 'ગુણાતીતપણાનું' નિરૂપણ કર્યુ છે. તેથી અમારા પિતૃચરણોએ કરેલી વિવૃત્તિમાં આ બીજા મતવાદીઓને જ જણાવવા માટે જ આમ કર્યુ છે. એમ વિદ્વાન આચાર્યચરણોના આશ્રયથી નથી સમજવાનું એવી આજ્ઞા છે.

પહેલા કરેલી વિવૃત્તિને જાણનારાઓ, અશક્ત પણ સુજ્ઞજનો, તેમની કરેલી વિવૃત્તિમાં વિશ્વાસ કરે છે. ॥ ૧ ॥

તેમના આશ્રયબળથી શક્તિશાળીઓ અભિપ્રાય આપે છે જ. વળી જે સર્વ રીતે મતિમૂઢ જીવો છે તેઓ પણ તેમણે કરેલી વિવૃત્તિનો આદર કરે છે. ॥ ૨ ॥

મારા ગુરૂજનો, પિતૃચરણો મારા જેવા દાસ ભાવવાળા પુત્રોના કહેવાથી આવું નિરૂપણ કર્યું છે એમ માની પ્રસન્ન થાઓ ને અમને શુદ્ધ મતિનું દાન કરો. ॥ ૩ ॥

આ પ્રમાણે શ્રીહરિરાયજીએ રચેલી 'પૂર્ણ ભગવદીયો' ની આ વિવૃત્તિમાં સંશયોનું નિરાકરણ કર્યું છે.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

સત્સંગ સર્વનો સાર છે, તેનો મૂઢ ન જાણે મર્મ; અદીપ દીપ મળ્યે તદરૂપ થયો વણશ્રમ.
શ્રમ વિનાં શ્રીનાથ મિલાવે, કલ્પનું કામ તે પલકે સરાવે;
જેમ નિચ નિર મળતાં ગંગે ગંગ, એમ સમોવડ દે સત્સંગ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૫૩)

વિવેચન : આ ૫૩ મી કડીથી ૬૧ મી કડી સુધી ૯ કડીમાં સત્સંગ વિશેનું વર્ણન આવશે. સત્સંગની મહાનતા વિશે, કેના સંગથી કેવા કાર્ય થયા, કેના થયા વિગેરે દષ્ટાંત આપી સત્સંગની ફળરૂપતા બતાવી છે. સર્વનો સાર સત્સંગ છે પરંતુ મૂઢ જીવો તેનો મર્મ જાણી શકતા નથી. ત્યાં દીવાનું દષ્ટાંત આપ્યું છે કે એક દીવો બળતો હોય તેને બીજો દીવો અડાડવાથી તે પણ પ્રજવલીત થઈ જાય પ્રકાશ આપે છે. જોકે તેમાં તેલ, બત્તી, હતું પણ દીવાનો સંગ થતાં જ તે પ્રકાશરૂપ બન્યો. જેમ એક દીવો બીજા દીવાને પોતાનાં સમાન બનાવે છે તેમ ભગવદ ભક્ત પોતાનાં સંગીને પોતાનાં સંગથી અંતરના નાદને જાગૃત કરે છે. ત્યારે તે સમાન બને છે. આ સત્સંગના સુખની બરોબરી કોઈ સ્વર્ગ કે અપવર્ગ કરી શકતું નથી. કેમ કે વિના શ્રમ મહાન ફળની પ્રાપ્તિ સંગથી મળે છે. જેવી રીતે ભીનું કપડું બીજા સુકા કપડાને સાથે રાખવાથી તેને ભીનું કરે છે. જે વસ્તુ પ્રાપ્ત કરવા અનેક સાધનો કરવા પડે છે. ઘણાં શ્રમ પછી પણ સિદ્ધી પ્રાપ્ત થવી કઠણ છે.

તેજ સિદ્ધી સત્સંગ દ્વારા પ્રાપ્ત થાય છે. આવી સત્સંગની મહાનતા છે. તેને મૂઢ જીવો સમજી શકતા નથી. તેથી તેવાઓને કદાચ સત્સંગનો લાભ પણ મળે તો પણ તે લાભ ઉઠાવી શકતા નથી.

સત્સંગ સબકો મૂલ રે જો સાર માંહે સાર
સત્સંગ તે પ્રભુ પાઈયે જો અગમ નિગમ ઉચ્ચાર

પ્રભુ પ્રાપ્તિ માટેનો સરળ રસ્તો તે સત્સંગ છે. જેને વેદ કહે છે કે અમારી આગળ મતી પહોંચતી નથી, તે પ્રભુને સત્સંગ વડે પ્રાપ્ત કરી શકાય છે. ગંગાજી નિર્મળ વહી રહ્યા છે તેમાં ગંદુ પાણી આવીને ભળે છે તેને ગંગાજી પોતાના સમાન બનાવે છે. તેમ ભગવદી પોતાના સંગીને પોતાના સમાન બનાવે છે. વૈષ્ણવનો સંગ પારસમણી જેવો છે. ગમે તેવો અધમ સ્થિતિનો જીવ હોય પણ સંગથી તે પારસ બને છે. વૈષ્ણવનાં સંગથી તેના અપરાધો છૂટી જાય છે. એટલું જ નહીં, પૂર્વના બધા બંધનોથી મુક્તિ મળે છે. અને તે પરમ ભગવદીય બને છે.

આ માટે જુઓ દૃષ્ટાંત ૨૫૨ વૈ.ની વાર્તા ૪૫–૪૬ મી. ગુજરાતના સાઠોદરા નાગર શ્રીગુસાંઈજીનાં સેવક હતા જેમના સંગથી એક વેશ્યા પરમ ભગવદીય બની. એકવાર આ વૈષ્ણવ જલ ભરવા ગયા. રસ્તામાં એક વેશ્યાને નૃત્ય કરતાં જોઈ તેને વિચાર આવ્યો કેવી સુંદર કલા આનામાં છે. વળી આતો દૈવી જીવ દેખાય છે. વેશ્યાની સાથે ઠરાવ કરીને તેઓ પોતાને ઘેરે લાવ્યા. તેને નવડાવી સુંદર વસ્ત્રો પહેરાવી શરણ મંત્ર સંભળાવ્યો. શ્રીઠાકોરજીની આગળ નૃત્ય કરાવ્યું. પ્રભુ પણ આનું ગાન, નૃત્ય જોઈ પ્રસન્ન થયા. તે છોકરીમાં એટલું સામર્થ્ય થયું કે તે સંસ્કૃત બોલવા લાગી. ભગવાનનાં રૂપમાં તેનું મન લાગ્યું. આ છોકરીએ વૈષ્ણવનો ઘણો ઉપકાર માન્યો અને દ્રવ્ય લીધું નહીં અને કહ્યું કે તમે તો મને નર્કાગારમાંથી કાઢી છે. હવે હું મારા ઘરે નહીં જાઉં. તેણે મનને પાકું કર્યું કે આવા વૈષ્ણવનો સંગ નિત્ય મળે તો કેવું સારૂ. તેણે તેનાં ઘરના માણસોને કહી દીધું કે હવે હું આવીશ જ નહીં. પરાણે તેના ઘરે લઈ ગયા તો ખાવું પીવું બંધ કરી બાવરીની જેમ વર્તવા લાગી. તેથી તેઓએ તેને કાઢી મૂકી. આ છોકરી વૈષ્ણવને ઘરે આવી સદાને માટે રહેવા લાગી. તેવામાં શ્રીગુસાંઈજી ત્યાં પધાર્યા ત્યારે તેને નિવેદન કરાવ્યું ત્યારથી તે બાળા પરચારગીની સેવા કરવા લાગી. એક દિવસ સાઠોદરા વૈષ્ણવને શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે મારી સેવા શૃંગાર આ બાળા કરશે તું રસોઈ કરજે.

આથી આ વૈષ્ણવ ખુબ પ્રસન્ન થયા. આ બાઈ સેવા શૃંગાર બહુજ સુંદર કરતી. વૈષ્ણવ

જ્યારે બહાર વ્યાવૃતિ અર્થે જતા ત્યારે શ્રીઠાકોરજી આ બાઈ સાથે વાર્તાલાપ કરતા. સેવામાં ભુલ પડે તો બતાવતા. આ બાઈ વૈષ્ણવનાં સંગથી તેનું જીવન સુધરી ગયું. પાપકર્મો બધા તેનાં બળી ગયા. આવો છે ભગવદીયનો સંગ. ભગવદી પારસ તેનાં સંગથી પારસ બની.

વૈષ્ણવના સંગનું પદ

મિલે કબ વે મનકે અનુરાગી
શ્રીવલ્લભ વચનામૃત પિવત જ્યોં ચકોર લવ લાગી
તીનકો નામ સંબંધ માત્ર તે જાય અવિદ્યા ભાગી
આનંદ રોમ રોમ ભર આવત સુખ ઉપજાવત સાગી
જાકે પીછે ડોલત ગીરીધર પ્રેમ પુંજ રસ પાગી
રસિક દાસ જનકે કૃષ્ણસંગ સોઈ દાસ બડ ભાગી.

આવા મહાન ભગવદીયોનાં સંગથી અવિદ્યા દુર થઈને પ્રભુની લીલા સ્મૃતિની પ્રાપ્તિ થાય છે. તે જન મહાન ભાગ્યશાળી કે જેને પરમ ભગવદીનો સંગ મળે. ભક્તનાં સંગે રોમ રોમ લીલા સ્ફુર્તિથી આનંદ છવાઈ રહે છે. આવા ભગવદીનો સંગ ક્યારે મળશે તેવી ઈચ્છા આ પદમાં કરી છે.

માટે જ કવિ કહે છે. **સેવો શ્રીકૃષ્ણ કૃપાળ પઉ.**

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટીત સહસ્ત્ર શ્લોકી

સેવાભાવના

હિન્દી પધરચના રચયિતા– પ.ભ. રૂપચંદ ખંડેલવાલ "ભૂપ" જબલપુર

ગતાંકથી ચાલુ

ભરે પડે જે નમ્ર નિવેદન, સુનિ ઈમિ રસ ઉપયોગે વચન;
સુનિ સ્તુતિ કૃપાસાર કે રૂપા, પરમાનંદ–હર્ષિત–હિય ભૂપા. ૧૦૮૬
સુન્દર હંસમુખ, નયન ચઢાયે, શય્યા સોં ઔંચક ઉઠી આયે.
શત શત ગોપી જનન–ઘિરાયે, નિજી પ્રિયા–સંગમ–અતુરાયે; ૧૦૮૭
ગ્રહણ કરે હરિ કે મુદ ચરનન્, ઐસી મહાભાગ તે સખિયન;
તિનકે હાથ વિલક્ષણતા સોં, પકડે જે હરિ અપને કરસોં. ૧૦૮૮

કોટિ કોટિ કંદર્પ લાવણ્યન્ , વારે પ્રભુ સખિયન કે માર્ગન્ ;
મંદ મંદ ગતિ જાવન લાગે, મદન હુતેં અતિ સુઘર સુભાગે. ૧૦૮૯
ગરે વિરાજિત શુચિ વનમાલા, ચરણાન્તક શોભતી રસાલા;
મધુર નાદ મુરલી કો ફૂકત, અરુ તામેં અધરામૃત પૂરત. ૧૦૯૦
દો. ભ્રમરન યૂથ ઘિરે ભયે, હાથન કમલ ફિરા હિં;
  રસ–સુમિરણ ઉત્પન્ન ભે, ભાયન વશ, મનજાહિં. ૧૦૯૧
રસવિક્ષિપ્ત ભયો હિય જિનકો, સખિયન ટોલીમેં પ્રવિશે જો;
તહં પ્રત્યેક ભવનમેં જોઈ, લીલા આપ વિચિત્ર કરાઈ;
જાસો સબકે સર્વ મનોરથ, સબવિધિ પૂરે હોયં યથારથ. ૧૦૯૨
યા પ્રકાર વાત્સ્યાયન ઋષિકે, ઔર ભરત મુનિ કૃતે શાસ્ત્ર કે;
શબ્દન કો હરિ સાર્થક કીનોં, સખિયન કે ઘર જા સુખ દીનોં. ૧૦૯૩
યા વિધિ રસરૂપી ભગવાના, કિય નિજ પૂર્ણ રૂપ કો દાના;
પ્રભુકો આનંદ દાન જુવાયો, જાસોં મનોર્થ પૂર્ણ હુવાયે. ૧૦૯૪
ભાવનાન કીહી ક્રીડા કે, એક માત્ર ઉત્તમ સાધન સે;
ભાવનાન કે હી આનંદ સોં, ભાવાત્મક પરમાત્મા હરિ કોં.
ભાવનાન અન્તર્ભાવન સહ, પાયે ભાવરૂપ બ્રજભક્તઃ ૧૦૯૫
સો. નિજ ગોપીજન કાહીં, રમણ કરાવહી નિત્ય જો
  વિચક્ષણે રતિ માહિં, રામહુ કિયતિન ગૃહ રમણ. ૧૦૯૬
દો. પૂર્ણ કિયો યો ગ્રંથ ઈતિ, મહાપ્રભુ હરિરાય;
  આગે શ્લોક બઢાયે દસ, ઉપસંહાર હિતાય.
છંદ. આચાર્ય વલ્લભ કરે દાસન–દાસ હૌં જુ કહાઈયો;
તિનકી કૃપા તિન તુષ્ટિ હિત, પ્રાતઃ સોં પ્રારમ્ભાઈવો. ૧૦૯૭
હિયમેં રહે જે ભાવ, પ્રગટ યદિ ન ઉચિત કહાઈયો;
કુલદેવ મમ શ્રીકૃષ્ણ તઉ, મો પૈ પ્રસન્ન હુવાઈયો. ૧૦૯૮
વલ્લભ–ચરણ આશ્રયી હૌં, અપરાધ જો બન આઈયો;
નિજ ઉત્તમોત્તમ વિરદસોં, પ્રભુ ક્ષમાદાન દિવાઈયો. ૧૦૯૯

શ્રી વિઠ્ઠલેશ યુગલ ચરણ–સેવાન ચિત્ત લગાઈયો;
સો કછુક અતિ ઉત્તમ કહું હું, કૃપયા પ્રસન્ન હુવાઈયો. ૧૧૦૦
વૈરાગ્યરૂપ જે ભક્તિપંથ, સંગ્રહણ ભાગ કરાઈયો;
તિન વિલક્ષણ–ભાવે પિતામહ ગોવિંદ–પદશિરનાઈવો. ૧૧૦૧
આચાર્ય–પથ–મર્યાદ–આગ્રહયુક્ત–મનકરુણા નિધે;
કલ્યાણરાય પિતાહિં ન મહું, મન વચન કર્મન સબ વિધે. ૧૧૦૨
આચાર્ય વલ્લભ નામ જિન્હ, નિજવંશ અતિ પ્રિય લાગહીં;
યહ બાલ ભાવન કિયો વર્ણન, ભુવ તાસુ ક્ષમાવહિં. ૧૧૦૩
જે પ્રભુ સ્વકીયન સૈકરન અપરાધ ગિનન જ જાનહીં;
તે દીન આશ્રયરૂપ મમ આશ્રય, જુ કૃષ્ણ કહાવ હી. ૧૧૦૪
જીવ નિસાધન તારે, પ્રગટયો વલ્લભવંશ હૌં;
કૃષ્ણ જુ આશ્રય મોર, આનંદનિધિ હરિ કિય વરણ. ૧૧૦૫
રસિક જુ વલ્લભદાસુ, અસ વિચાર મન માહિં કરિ;
યોગ્યાયોગ્ય હુ તાસુ, હૃદયભાવ જિન લાઈયો. ૧૧૦૬

ઈતિ શ્રીહરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્રશ્લોકી સેવાભાવના હિન્દીમાં પદ્યરચના સમાપ્ત.

કાવ્ય કુંજ

[મારો નંદકુંવર વ્રજવાસી]

વહાલો મારો નંદકુંવર વ્રજવાસી,
કે ગોપી સંગ રાસ રમે રે લોલ.
વહાલો મારો ચૌદ ભુવનનો વાસી,
કે નંદબાબાની ચારે ગાવડી રે લોલ.
વહાલો મારો મથુરાથી આવ્યો નાસી,
ગોકુળમાં વજાડી વાંસળી રે લોલ.
વહાલો મારો ભેળાં કરે ગોપબાળ,
દહીં માખણની કરે તસ્કરી રે લોલ.

વહાલો મારો વ્રજને ઘણાં કીધાં લાડ,
શોભા વધારી ગોકુળની રે લોલ.
વહાલો મારો નેંહે બંધાયો રાધાસંગ,
બરસાનાને કીધી સાસરી રે લોલ.
વહાલે મારે વ્રજમાં ઘણાં કીધા કામ,
નંદ યશોદા કેમ વિસરે રે લોલ.
વહાલો મારો ગોકુળનો ગિરીધારી,
શ્રીજીચરણઅનુરાગી– સેવા,માગે જનમોજનમની રે લોલ.

શ્રીજીચરણ અનુરાગી, અમદાવાદ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૫૫

બલિ બલિ બલિ દિવ્યાધાર વેદ સ્મૃતિ સુક્તાસાર
કૃષ્ણ પ્રેમ નેમ મંજુ વ્યાપ્ય ધામિની;
શોભિત જલ લલિત નીર શ્રીપતિ તનુસાર સીલ
તટનિ તિમી પરસિ સર્વાભિરામિની.
ભક્તિકોષકુલકંજ ડોલત હરિ સંગભ્રંગ
પાપ દાપ દહસિ જયતિ કૃષ્ણ ભામિની;
નામ લેત યમ સંકાત સેવિત શિવ પદમજાત
ગોપિકા અનેક એક વિપુલ નામિની.

દેવ સરિત તબ સકાસ જાન્યો પથ પુષ્ટિમાસ
હંસજા સુગાત દીપ્ત મંદગામિની;
ગુણ અનેક ભૂષિતાંગ નૃત્ય કૃત્ય રાગ રંગ
ગોપિકા સમૂહ મધ્ય મુખ્ય સ્વામિની.
જય જય અહલાદ શક્તિ યદ્યપિ તવ રૂપ ભક્તિ
શ્યામ મોહનાર્થ પુષ્ટિ સરલ કામિની;
યાચત તવ પાદ રેણુ 'બલ્લભ' કૌ કામધેનુ
કૃપા કોર દગનિ હેરિ દિવસયામિની.

ભાવાર્થ : સમસ્ત વેદ, સ્મૃતિનાં સારરૂપ એવા શ્રીમહારાણીમાં હું આપના દિવ્ય સ્વરૂપને વારે વારે બલિહારી જાઉં. આપનું ધામ એટલું વિશાળ છે કે તેનો કોઈ પાર પામી શકે તેમ નથી. જે ધામમાં પ્રવેશતાં જ પ્રથમ અને આખર સુધી કેવળ કૃષ્ણ પ્રેમ જ પ્રાપ્ત થાય છે. આપની ધારણા મુજબ આપે એવું અદ્‌ભુત રૂપ ધારણ કર્યું છે કે જ્યાં સુંદર લલિત જળ લોભાવવાવાળું સ્વરૂપ તે શ્રીઠાકોરજીના સમાન શ્રીઅંગને ધારણ કરેલું છે. આપના શ્રીઅંગ વર્ણ શ્રીકૃષ્ણવર્ણે પરાકાષ્ઠાએ પહોંચેલું છે. આપના સુંદર તટનો સ્પર્શ કરતાં જ નિર્મળ નીર સૌભાગ્યનો સર્વોત્કૃષ્ટ ગુણ દેખાય આવે છે. તેથી તે તટ ભક્તિના કોશ રૂપે છે. જળપ્રવાહ વહેતો નિરખતાં સુંદર કમળ ઉપર ભ્રમર ગુંજારવ કરી રહ્યાં છે. આપ સદા પ્રસન્ન બિરાજમાન, સર્વ ભક્તોનો તાપ સંતાપ દૂર કરો છો એવા હે કૃષ્ણ પ્રિયા આપનો જય થાઓ જય થાઓ.

આપનું સ્મરણ કરતાં યમરાજ દૂર ભાગે છે. તે સમજે છે કે હવે આ જીવ પાસે જવાની મારી શક્તિ નથી. શિવજી પણ આપનામાં ખીલેલા કમળને જોઈને સ્તુતિ કરે

છે, તેમજ અનંત ગોપો અને ગોપિયોના આરાધિકા દેવ આપ જ છો, તે વાતો આપ એક જ છો. પરંતુ અનંત નામોથી આપની સ્તુતિ કરાયેલી છે. મર્યાદા ભક્તોને તો મર્યાદારૂપે દાન કરવાવાળા, પુષ્ટિજીવોને પુષ્ટિફળ આપો છો.

જ્યારે આવા અદ્ભુત રૂપને, પરાક્રમને જોઈને મારું મન સ્તુતિ કરતાં અઘાતું (ધરાતું) નથી, એવા હે સૂર્યપુત્રી (હંસપુત્રી) આપ વ્રજમંડલમાં ધીરે ધીરે મંદગતિથી ચાલીને અનંત ગુણોથી જેણે આભરણ ધર્યા છે તે જળ પ્રવાહ જાણે કેમ નૃત્ય કરતા હોય અને રાગ રંગથી ભરપુર મધુર સ્વરથી જાણે પ્રીતમને રીઝવતા હોય. વળી, તટસ્થ બંને તટોથી ગોપ ગોપીઓથી વીંટળાયેલા રહેલા તેઓથી ઢંકાયેલા ચતુર્થ પ્રિયા છો. એવી આપની આહ્લાદ શક્તિનો જય હો, જય હો.

આપને શરણે આવેલાને શ્યામસુંદરની ભક્તિ આપી શ્યામસુંદરને પણ મોહિત કરવાવાળા છો. પુષ્ટિજીવોને પુષ્ટિ રીતે પુરુષોત્તમ પ્રાપ્તિ કરાવવા સદા આતુર રહો છો. આપની પાસે એક દાસ ચરણાવિંદની રેણુની ચાહના રાખે છે કે આપ તો કામધેનુ રૂપ હોઈ ઈચ્છિત ફળ દેવાવાળા છો. આપની આ અગાધ શક્તિ તે જળસ્વરૂપે દિવસ ને રાત એકસરખા ચાલુ રહે છે, તેથી કૃપાદષ્ટિથીજ નિહાળી અમીવર્ષા કરો છો. જે દરબાર ક્યારેય બંધ રહેતો નથી એવા ફળદાયક આપની બલિહારી જાઉં. **૫૫**

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

॥ શ્રી કૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાના પદ

રચયિતા : શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ) બી.ઈ (સીવીલ) બીરપુર

૪૨ શ્રીદંડવતી શિલા દર્શન

રાગઃ બિહાગ

દેખ ધરા ધન્ય ધન્ય ભઈ,
શ્રી ગિરિરાજ, પ્રગટ ભયે ભૂતલ, આનંદ રસસોંભરી. ૧
એક ચરન દંડવતી શિલા પૈ, ધર્યો શ્રીરાધા પ્યારી;
દૂજો ચરણ ધર્યો શ્યામને ગૌર, શ્યામ રૂપ ધરી. ૨
વપુ એક દો પ્રાણ જતાઈ, લીલા અનમોલ રચી,
શ્રીગિરિ માખનસમ મૃદુ હોઈ, લેત ચરન નિજ ઉરમેં ગહી. ૩
કલિયુગમેં, શ્રીવલ્લભવરને, નિજ તેજ રાશિ સમાઈ,
'ચરનદાસ' પરિક્રમા કરનસે, કાયા સફલ થઈ. ૪

એક ચરણ શ્રીરાધિકા : શ્રીરાધિકાજીનાં ગૌર ચરણનાં ચિહ્નનું દર્શન દંડવતી શિલામાં થાય છે.

દૂજો ચરન શ્રીશ્યામસુંદર : બીજું ચરણ શ્યામ સ્વરૂપનું શ્રીશ્યામસુંદરના ચરનના ચિહ્નનું દંડવતી શિલામાં થાય છે.

વપુ એક દો પ્રાણ : બંને ચરણો, શ્રીસ્વામિનીજીનાં અને શ્રીશ્યામસુંદરના અલગ અલગ હોવાથી, બે પ્રાણ હોવા છતાં એકરૂપ બની એક શરીર સમાન બની, અણમોલ લીલા રચી દર્શન આપે છે.

નિજ તેજ પુંજ સમાઈ : શ્રીમહાપ્રભુજી કાશીમાં વ્યામોહ લીલા દ્વારા ગંગાજીમાં પધારી ગયા ત્યારે ત્યાંથી તેજ–પુંજ એટલે પ્રકાશનો મોટો ગોળો પ્રગટ થયો તે જતીપુરામાં શ્રીગિરિરાજની તળેટીમાં, દંડવતી શિલામાં સમાઈ ગયો.

નોંધઃ શ્રીદંડવતી શિલાની સાંનિધ્યમાં તથા શ્રીગોકુલનાથજીના મંદિરમાં ધ્યાનમાં બેસી આ વ્રજ પરિક્રમાનાં બેતાલીસ કીર્તનની રચના થઈ અને પરિપૂર્ણ થયું અને સાંજના દીપમાલિકાનાં હટડીનાં દર્શન થયા.

—ઈતિ—

॥ શ્રીવલ્લભઃ ॥

દિવાળી

પૂર્ણ કળાએ ખીલેલા ચંદ્રનો દિવસ–શરદપૂર્ણિમા...શ્રીનો રાસોત્સવ...પુરો થતાં જ દિવાળીની તૈયારીઓ શરૂ થઈ જાય. નવરાત્રીમાં દશ દિવસ ગરબે ઘુમ્યાનો થાક અને શરદપૂર્ણિમાની રાત્રીએ દુધ–પૌંઆની વાનગી વચ્ચે રમેલ રાસની થકાવટ એક–બે દિવસમાં દૂર કરવી પડે, કારણ કે દિવાળી આવી રહી છે. દિવાળીની તૈયારીમાં આટલો ઉમંગ અને આટલી હોંશ શાની? કારણ કે દિવાળી ન વર્ષનો છેલ્લો દિવસ અને બીજા દિવસનું પ્રભાત તે નવા વર્ષનું પ્રભાત. નવા વર્ષના સવારમાં વહેલા જાગી જવું પડે. કારણ કે કેટલાય સગા–સંબંધી નવું વર્ષ મુબારક અથવા તો ભગવદ્સ્મરણ કરવા સવારથી જ આવવા લાગે.

નવું વર્ષ આવવાનું છે. કોઈ સગાસંબંધી કે મહેમાન આપણા ઘરે આવવાના હોય અને જો આપણું ઘર ગંદુ અને કચરાથી ભરેલું હોય તો આપણી કીંમત જ કરી જાય ને? અને તેને દેખાડવા માટે પણ કંઈ કંઈ તોરણો–ગાલીચા–બીછાના–રંગોળીથી ઘરને શણગારવું પડે ને?

શરદપૂર્ણિમા જતાં જ આ માટેની તૈયારીઓ શરૂ થઈ જાય. બધા કાર્યો ગૌણ ગણીને દરેક ઘરમાં ખૂણે ખાંચરે બાઝેલાં જાળાઓનાં થર–મોટી સાવરણીથી દૂર થવા લાગે. અભરાઈઓ કે આલમારીમાં કે બારી–બારણામાં જામેલા ધૂળનાં થર પણ સાવરણી ઓથી દૂર થવા લાગે. ઘરનાં વાસણો પણ એક વર્ષથી વપરાયા વગરનાં પડયા હોય, તે ઘસીને સાફ કરવાથી ચમકવા માંડે. આ રીતે ભલે આખા વર્ષમાં કયારેય ઘર સાફ ન કર્યું હોય, પરંતુ અત્યારે તો દરેક ઘર સાફ થવું જ જોઈએ. દિવાળીની પૂર્વ સંધ્યાએ તો ઘર ચોખ્ખું–ઝગારા મારતું બનાવી દીધું હોય.

નવા વર્ષની પૂર્વ રાત્રીએજ ઘરમાં સજાવટ શરૂ થઈ જાય. બારણે વંદનવાર–ઝાલરો–તોરણો–પડદા ઝૂલવા માંડે આંગણામાં સુંદર રંગોળીઓ દીપી ઉઠે. ઘરમાં સુંદર ગાલીચાની સજાવટ થાય, અને ઉંબર પર ‘ WEL COME ’ નો મીઠો આવકાર પણ આ[illegible] હોય કે જેનાં ઉમળકાથી દરેકને અંદર પધારવાનું મન થાય.આ બધી છે નવા વર્ષની તૈયારી કારણ કે આવતીકાલે નવું વર્ષ છે. કેટલા મહેમાનો આવશે, અને તેને દેખાડવા માટે ઘર સુંદર અને સ્વચ્છ હોવું જરૂરી છે. અતિથિ દેવો ભવઃ ની ભાવનાથી અમે તેને WEL COME ના મીઠા ઉમળકાથી આવકારીએ પણ છીએ.

અને ઘર સ્વચછ અને સુંદર હોય તો જ મહેમાનને ગમે ને !

દરેક વિક્રમનું વર્ષ પુરૂ થાય અને નવું વર્ષ શરૂ થાય ત્યારે દરેક ઘરમાં આવી જ દોડાદોડી! મહેમાનની આગતા–સ્વાગતાની. આ તો છે લૌકિકની દિવાળી. આવી કેટલીય દિવાળી જીવનમાં ઉજવી છે ને ? આવો આપણે તેથી વિશિષ્ટ અને અદ્‌ભુત તેવી અલૌકિક દિવાળી ઉજવીએ. વિક્રમનાં વર્ષની તો કેટલીય દિવાળીઓ આવી છે ને, કેટલીય આવશે પણ ખરી. પરંતુ આ અલૌકિક દિવાળીની તો જીવનમાં એક જ વખત જરૂર છે. તેને કોઈ ચોક્કસ વર્ષ કે દિવસ નક્કી નથી, તેને માટે આપણો દૃઢ નિશ્ચય જ દિવાળીનો દિવસ બની જાય છે. જેનાં જીવનમાં આવી દિવાળી આવી છે, તે મહાભાગ્યવાન છે, અને જે જીવનમાં લાવવા ઉત્સુક છે તે પણ દૃઢ નિશ્ચય કરી ભાગ્યવાન બની શકે છે. હવે વાત કરીએ અલૌકિક દિવાળીની.

પુષ્ટિમાર્ગની રીતી છે કે પ્રભુ સ્વયં કૃપા કરીને ભક્તોનાં હૃદયમાં પધારે છે. આમ પ્રભુ તે જ આપણા નવા વર્ષનાં મહેમાન છે, અને પ્રભુનું આપણા હૃદયમાં પધારવું તે જ આપણા જીવનનું નવું વર્ષ. વિચારીએ કે લૌકિકનાં મહેમાનો નવા વર્ષે આપણા ઘરે પધારવાના છે, માટે કેટલી તૈયારીઓ કરી છે, પરંતુ આવા અલૌકિક પ્રભુ આપણા હૃદયમંદિરના દ્વારે અંદર પધારવા માટે બહાર રાહ જોઈને ઉભા છે. તેને અંદર પધારવા માટે આપણે શું કર્યું છે? પુષ્ટિ પ્રભુ તો સ્વતંત્ર છે, અને ઉત્તમ વસ્તુના ભોક્તા છે. તેને પધારવા માટે કે બીરાજવા માટે તો સ્વચ્છ સુઘડ અને સુંદર સજાવટવાળું મંદિર જોઈએ ને ? પરંતુ આપણું હૃદયમંદિર તો અસ્વચ્છ અને અસ્તવ્યસ્ત છે. પરંતુ આપણે તો અલૌકિક દિવાળી ઉજવી મનમાન્યા મહેમાનોનું સ્વાગત કરવું છે ને? તો વિચારીએ કે હૃદયમાં અસ્વચ્છતા શેની છે ? અને તે દૂર થઈ સુઘડ અને વ્યવસ્થિત સજાવટવાળું કેમ બને ?

જે ઘરમાં જાળા અને ધૂળનાં થર બાઝેલા છે, તેમ આપણું હૃદય પણ આવા જાળાઓ અને ધૂળનાં થરોથી ગંદુ બન્યું છે. હૃદયમાં બાજેલા જાળા તે અહંતા–અહંકાર છે. જીવે આલોક–પરલોક સાથે બધું જ પ્રભુને સમર્પણ કર્યું છે. જીવ નિઃસાધન બન્યો છે તેની પાસે એવું એકપણ સાધન રહ્યું નથી કે જેનાથી કોઈ કાર્ય સિદ્ધ કરી શકે. છતાં અજ્ઞાનને વશ થઈ નિવેદન મંત્ર વિચારતો નથી અને કોઈ સિદ્ધ થયેલું કાર્ય પોતે કર્યુ છે કે પોતાના વડે સિદ્ધ થયું છે તે માટે પોતે કેવો મહાન છે, તેમ વિચારે છે અને અહંકાર કરે છે. પરંતુ જીવ શું કરવા સમર્થ છે? તે તો નિમિત્ત માત્ર છે. પ્રભુ જ પોતાની ઈચ્છાથી દરેક કાર્યો સિદ્ધ કરે છે. છતાં અજ્ઞાનથી

જીવનાં હૃદયમાં આવા અહંના—અહંકારના જાળા બાઝી જાય છે કે પોતે જ બધું કરે છે. અને જગતમાં ફુલ્યો ફાલ્યો રહે છે. આતો થઈ મજાની વાત !

હવે જે ધૂળના થર તે મમતા—આસક્તિ—મારાપણું ફરી જીવ પોતાની અજ્ઞાનતાથી નિવેદનમંત્ર ભૂલી જાય છે. કે પોતે પોતાનું જે કહેવાય તેવું સર્વસ્વ—દેહઈન્દ્રીય—પ્રાણ તેનાં ધર્મો, ધન—ઘર—પુત્ર—પત્ની—આપ્તજનો—આલોક—પરલોક અને પોતાનો આત્મા સુદ્ધા પ્રભુને સમર્પણ કર્યો છે. તેથી બધું જ પ્રભુનું બન્યું છે. તો પછી તે મારું—મારું ગણી જેની પર આસક્તિ રાખી રહ્યો છે, તે તો તેનું છે નહિં. અને બીજાની વસ્તુ પર આસક્તિ રાખી, તેમાં ચિત્ત પરોવવાનો કે ચિત્તને વ્યગ્ર કરવાનો તેને શો અધિકાર? આ આસક્તિ તે જ મમતા અને તે જ હૃદયમાં બાજેલાં ધૂળનાં થર.

પરંતુ જ્યારે હૃદયને પ્રભુને પધારવા માટે સ્વચ્છ કરવું છે ત્યારે આ બંને અસ્વચ્છ વસ્તુઓને સાફ કરવી પડેને ! ઘરમાં જેમ સાવરણીથી સાફ કરીએ છીએ, તેમ અહીં પણ એક સાવરણીની જરૂર છે. તે એવી અદ્‌ભુત સાવરણી છે કે જાળા—ધૂળનાં થર દૂર કરવામાં તો મદદ કરશે જ પરંતુ સાથોસાથ ઘરની સઝાવટમાં પણ ઉપયોગી થશે.

તેને માટે પ્રથમ વિચારીએ શ્રીમહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરે છે કે સર્વથા તાદશીઓ સાથે મળીને નિવેદનમંત્રનું સ્મરણ કરવું. અહીં શ્રીમહાપ્રભુજીએ સર્વથા શબ્દ બહુજ કૃપા વિચારી વાપર્યો છે. કારણ કે જ્યારે પણ હૃદયમાંથી અહંતા—મમતા દૂર કરવી હોય ત્યારે જીવ એક, બે કે પાંચ વખતમાં સમજે એમ નથી. કદાચ સમજે તો પણ નિવેદનમંત્રનું સ્મરણ ભૂલાતા હતા તેવા જ. તેથી જ સર્વથા નિવેદનમંત્રના સ્મરણની આજ્ઞા કરે છે, જેથી જમા થયેલી અહંતા—મમતા આપણા હૃદયમાંથી દૂર થતી જાય અને નવી આવે જ નહિં.

અને નિવેદનમંત્રના સ્મરણથી આપણે આપણું મુળ સ્વરૂપ અને આપણું કર્તવ્ય સમજીએ. નિવેદનમંત્રથી આપણે જાણીએ કે જીવ તો પોતે પ્રભુને બધુ સમર્પી સ્વામી માંથી દાસ બન્યો છે, તેથી સ્વામીની વસ્તુ પર આસક્તિ મમતા રાખવાનો તેને શો અધિકાર ? તેનો ધર્મ અને કર્તવ્ય તો સ્વામીનાં સુખનો જ વિચાર. વળી, બધું જ પ્રભુને નિવેદન કરવાથી જીવ નિઃસાધન બન્યો છે, તેથી પોતે શું કરવા સમર્થ છે ? બધું પ્રભુની ઈચ્છાથી જ થઈ રહ્યું છે. જેથી પોતે કોઈ કાર્ય કર્યુંજ નથી. તે કાર્ય માટે અહંકાર શી રીતે થઈ શકે ?

અહીં એક શંકા થાય કે નિવેદનમંત્રના સ્મરણથી જ જો આ વાત સિદ્ધ થઈ જાય તો

પછી તાદશી સાથે મળીને કરવાની શી જરૂર? શું એકલા ન થઈ શકે? ના, કારણ કે જીવ સ્વભાવથી દુષ્ટ છે તેથી નિવેદનમંત્રના પોતાને લાભકર્તા તેવા અર્થો કરી તે પ્રમાણે વર્તે તો ઉલ્ટી અસર થાય અને બીજી વાત તાદશી તે અનુભવી અને ભગવદ્‌સ્વરૂપ સમાન સંતો હરિ–ગુરૂના કૃપાપાત્ર છે. તેના સંગમાં નિવેદનનું સ્મરણ કરવાથી તેની અસર જલ્દી અને સચોટ થાય. અને તેથી જ કાર્ય સિદ્ધ થાય.

આ છે ‘‘સત્સંગ’’...અને આપણી હૃદય સાફ કરવાની સાવરણી કેવી અદ્‌ભુત છે. આ સત્સંગરૂપી સાવરણીને હંમેશા પાસે રાખવાથી હૃદયના જુનાં મેલો દુર થાય છે અને નવાને જામવા દેતી જ નથી. આ તો થઈ હૃદય સ્વચ્છ કરવાની વાત. પરંતુ મનમાન્યા મહેમાનને અંદર બીરાજવાની ઈચ્છા થાય તે માટે ઘરને શણગારવું પણ પડશે ને ? આવો કરીએ હૃદયમંદિરની સઝાવટ...!

કંઠાભરણમ્
વિષ્ણોરષ્ટવિંશતિનામ્ સ્તોત્રમ્

અર્જુન ઉવાચ–

કિં નુ નામસહસ્ત્રાણિ જપન્તે ચ પુનઃ પુનઃ ।
યાનિ નામાનિ દિવ્યાનિ તાનિ ચાચક્ષ્ય કેશવ ॥

અર્જુન બોલ્યાઃ હે કેશવ! હજાર નામો વારંવાર જપવાનું શું કામ? જે નામો દિવ્ય છે એ મને સંભળાવો.

શ્રીભગવાનુવાચ–

મત્સ્યં કૂર્મં વરાહં ચ વામનં ચ જનાર્દનમ્ ।
ગોવિન્દં પુંડરીકાક્ષં માધવં મધુસુદનમ્ ॥
પદ્મનાભં સહસ્ત્રાક્ષં વનમાલિં હલાયુધમ્ ।
ગોવર્ધનં હૃષીકેશં વૈકુંઠં પુરૂષોત્તમમ્ ॥
વિશ્વરૂપં વાસુદેવં રામં નારાયણં હરિમ્ ।
દામોદરં શ્રીધરં ચ વેદાગં ગરુડધ્વજમ્ ॥
અનન્તં કૃષ્ણગોપાલં જપતો નાસ્તિ પાતકમ્ ।

ગવાં કોટિપ્રદાનસ્ય અશ્વમેઘશતસ્ય ચ ।
કન્યાદાનસહસ્ત્રસ્ય ફલં પ્રાપ્નોતિ માનવઃ ।
અમાયાં વા પૌર્ણમાસ્યામેકાદશ્યાં તથૈવ ચ ॥
સન્ધ્યાકાલે સ્મરેન્નિત્યં પ્રાતઃકાલે તથૈવ ચ ।
મધ્યાહ્ને ચ જપન્નિત્યં સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥

શ્રીભગવાન બોલ્યા :–

(૧) **મત્સ્ય** અવતાર ધારણ કરવાવાળા (૨) **કૂર્મ** અવતાર ધારણ કરવાવાળા (૩) **વરાહ** અવતાર ધારણ કરવા વાળા (૪) **વામન** અવતાર ધારણ કરવા વાળા (૫) જન્મમરણના ફેરાનો નાશ કરનાર **જનાર્દન** (૬) વાણી તેમજ ઈન્દ્રિયોને જે યથાર્થ જાણે છે તે **ગોવિન્દ** (૭) કમળ સમાન નેત્રવાળા–**પુંડરીકાક્ષ** (૮) લક્ષ્મી અથવા દૈવી સંપત્તિના સ્વામી **માધવ** (૯) મધુ નામના અસુરનો નાશ કરનાર **મધુસૂદન** (૧૦) જેમની નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું છે તે **પદ્મનાભ** (૧૧) સહસ્ત્ર નેત્રોવાળા–**સહસ્ત્રાક્ષ** (૧૨) વૈજયન્તી (તુલસીની) માળા ધારણ કરનાર **વનમાલી** (૧૩) હળને આયુધરૂપે ધારણ કરનાર બળરામ **હલાયુધ** (૧૪) ગાયોનું પોષણ કરનાર **ગોવર્ધન** (૧૫) ઈન્દ્રિયોના સ્વામી **હૃષીકેશ** (૧૬) જેને કશી કુંઠા એટલે કે અવરોધ નથી તે **વૈકુંઠ** (૧૭) પુરૂષોમાં ઉત્તમ **પુરૂષોત્તમ** (૧૮) વિશ્વસ્વરૂપે વ્યક્ત–**વિશ્વરૂપ** (૧૯) સર્વમાં નિવાસ કરી રહેલા **વાસુદેવ** (૨૦) સચરાચરમાં રમી રહેલા પરમાત્મા **રામ** (૨૧) જળમાં નિવાસ કરનાર **નારાયણ** (૨૨) પાપોને હરનારા **હરિ** (૨૩) બાલકૃષ્ણ તરીકે જે માતા યશોદા દ્વારા દોરડાથી બંધાયેલા હતા તે અથવા દમ વગેરે સાધનોમાં જે ઉત્કૃષ્ટ છે તે **દામોદર** (૨૪) લક્ષ્મીજીને હૃદયમાં ધારણ કરનાર **શ્રીધર** (૨૫) વેદ જેમના અંગરૂપ છે તે **વેદાંગ** (૨૬) જેમની ધજા પર ગરૂડનું ચિહ્ન છે તે **ગરૂડધ્વજ** (૨૭) જેનો ક્યારેય અંત નથી તે **અનંત** (૨૮) કૃષ્ણરૂપે ગાયોનું રક્ષણ કરનાર **કૃષ્ણગોપાલ**. આ નામો જે મનુષ્ય જપે છે એનાં પાપ નાશ પામે છે અને કરોડો ગૌદાન, સેંકડો અશ્વમેધ યજ્ઞો અને હજારો કન્યાદાનનું ફળ મેળવે છે. વળી, અમાવસ્યાને દિવસે અથવા પૂર્ણિમાને દિવસે કે એકાદશીને દિવસે અને પ્રાતઃકાળે, સાયંકાળે અને બપોરે જે આનું સ્મરણ–પઠન કરે છે તે સર્વ પાપોમાંથી મુક્ત થાય છે.

॥ ઈતિ વિષ્ણોરષ્ટાવિશંતિનામસ્તોત્રં સંપૂર્ણમ્ ॥

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રીપરીખ પરિવારના સૌજન્યથી]

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

–શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

૯. સત્ય

સત્યમેવ જયતે નાનૃતમ્

માનવધર્મનું ૯મું લક્ષણ સત્ય છે. સંસારના અલગ અલગ સંપ્રદાયના નાના પ્રકારના મતભેદ હોવા છતાં પણ આ વિષયમાં બધા એક મત છે. સંપૂર્ણ શાસ્ત્રોએ સત્યનો મહિમા એક સ્વરે ગાયો છે. *'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ'* આ શ્રુતિમાં બ્રહ્મનું સ્વરૂપ સત્ય બતાવેલ છે. તૈતરીય શ્રુતિ કહે છે– *'સત્યાન્ન પ્રમદિતવ્યમ્ ।'* સત્યથી વિચલિત ન થાઓ.

મહાભારતના વચન છેઃ–

નાસ્તિ સત્યાત્પરો ધર્મો નાનૃતાત્પાતકં પરમ્ ।
સ્થિતિર્હિ સત્યં ધર્મસ્ય તસ્માત્સત્યં ન લોપયેત્ ॥
ઉપૈતિ સત્યાત્ દાનં હિ તથા યજ્ઞાઃ સદક્ષિણાઃ ।
ત્રેતાગ્નિહોત્રં વેદાશ્વ યે ચાન્યે ધર્મનિશ્ચયાઃ ॥
અશ્વમેધસહસ્ત્રશ્ચ સત્યં ચ તુલયા ધૃતમ્ ।
અશ્વમેધસહસ્ત્રાદ્ધિ સત્યમેવ વિશિષ્યતે ॥

(શાન્તિ. અ.૧૬૨)

સત્ય સમાન ધર્મ નથી અને અસત્ય સમાન પાપ નથી. ધર્મ સત્યના આશ્રયથી ટકે છે. તેથી સત્યનો લોપ ક્યારેય ન કરવો જોઈએ. સત્યથી દાનનું, દક્ષિણાયુક્ત યજ્ઞોનું, અગ્નિહોત્રનું, વેદ અધ્યયનનું અને બીજા અનેક ધર્મોનું ફળ મળે છે. હજાર અશ્વમેધનું ફળ ત્રાજવાની એક બાજુ અને સત્ય બીજી બાજુ રાખીને જોખવામાં આવે તો હજાર અશ્વમેધ કરતાં સત્યનું પલડું ભારે રહે છે. સત્ય સંબંધી જે શાસ્ત્રો અને મહાત્માઓના વાક્ય ટાંકવામાં આવે તો એક મોટી પોથી તૈયાર થઈ શકે છે. વિચાર તો એ વાત પર કરવાનો છે કે સત્ય કઈ વસ્તુ છે અને તેનો

ઉપયોગ કેવી રીતે થઈ શકે?

સત્ય શું છે?

વાસ્તવમાં તો સત્ય એક પરમાત્મા જ છે. શાસ્ત્રોમાં કહ્યું છે :–

આબ્રહ્મતૃણપર્યન્તં માયયા કલ્પિતં જગત્ ।
સત્યમેકં પરબ્રહ્મ વિદિત્વૈવં સુખી ભવેત્ ॥

'બ્રહ્માથી લઈ તરણા સુધી બધા પદાર્થ માયાથી કલ્પવામાં આવ્યાં છે. એક પરબ્રહ્મ જ સત્ય છે, તેને જાણીને જીવ સુખી થાય છે.'

જે નિત્ય છે, અવિનાશી છે, એકરસ છે, શુદ્ધ જ્ઞાનવાન છે, ચૈતન્ય છે અને ૬ વિકારો રહિત છે, તે સત્ય છે. તેમાં ટકી રહેવું જ વાસ્તવમાં સત્યનું પાલન છે. જ્યાં સુધી આવું ન થાય ત્યાં સુધી સરળતાથી તેને જાણવાના પ્રયત્નમાં લાગી રહેવું પણ સત્યનું આચરણ કહેવાય છે. તેથી પિતામહ ભીષ્મે સત્યના તેર લક્ષણ બતાવ્યા છે. યુધિષ્ઠિરના પૂછવાથી પિતામહ કહે છે.

અવિકારિતમં સત્યં સર્વવર્ણેષુ ભારત ॥
સત્યં સત્સુ સદા ધર્મઃ સત્યં ધર્મઃ સનાતનઃ ।
સત્યમેવ નમસ્યેત સત્યં હિ પરમા ગતિઃ ॥
સત્યં ધર્મસ્તપો યોગઃ સત્યં બ્રહ્મ સનાતનમ્ ।
સત્યં યજ્ઞઃ પરઃ પ્રોક્તઃ સર્વ સત્યે પ્રતિષ્ઠિતમ્ ॥

(શાન્તિ. અ.૧૬૨)

'સત્ય બધા વર્ણોમાં હંમેશા વિકાર રહિત છે. સત્પુરૂષોમાં હંમેશા સત્ય રહે છે. સત્ય જ સનાતન ધર્મ છે. સત્યરૂપ (ઈશ્વર જ બધાની) પરમ ગતિ છે, તેથી સત્યને નમસ્કાર છે. ધર્મ, તપ, યોગ, યજ્ઞ અને સનાતન બ્રહ્મ સત્ય જ છે. એક માત્ર સત્યમાં જ બધુ પ્રતિષ્ઠિત છે.' ભીષ્મજી ફરી કહે છે–

આચારાનિહ સત્યસ્ય યથાવદનુપૂર્વશઃ ।
લક્ષણંચ પ્રવક્ષ્યામિ સત્યસ્યેહ યથાક્રમમ્ ॥
પ્રાપ્યતે ચ તથા સત્યં તચ્ચ શ્રોતુમિહાર્હસિ ।
સત્યં ત્રયોદશવિધં સર્વલોકેષુ ભારત ॥
સત્યં ચ સમતા ચૈવ દમશ્ચૈવ ન સંશયઃ ।
અમાત્સર્યં ક્ષમા ચૈવ હ્રી સ્તિતિક્ષાનસૂયતા ॥
ત્યાગો ધ્યાનમથાર્યત્વં ધૃતિશ્ચ સતતં દયા ।
અહિંસા ચૈવ રાજેન્દ્ર સત્યાકારાસ્ત્રયો દશ ॥
સત્યં નામાવ્યયં નિત્યમવિકારિ તથૈવ ચ ।
સર્વધર્માવિરુદ્ધેન યોગેનૈતદવાપ્યતે ॥

(શાન્તિ. ૧૬૨/૬–૧૦)

હવે હું તને ક્રમવાર સત્યના આચાર અને લક્ષણ યથાર્થરૂપે સંભળાવું છું. સત્ય કેવી રીતે મળે છે તે તારે સાંભળવું જોઈએ. હે યુધિષ્ઠિર! સત્ય તેર પ્રકારનું કહેવાયું છે. એટલે કે ઈશ્વરરૂપી સત્યની પ્રાપ્તિ આ તેર ઉપાયોથી થાય છે. સમતા, દમ, ક્ષમા, મત્સરહીનતા, લજ્જા, તિતિક્ષા, અસૂયા, ત્યાગ, ધ્યાન, સાધુતા, ધૈર્ય, દયા અને અહિંસા આ તેર છે. સત્ય હંમેશા અવિકારી અને અવિનાશી છે તથા આ બધા ધર્મોની અનુકૂળતાથી મળે છે.

— ક્રમશઃ

શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ સ્વીકૃત પાઠપ્રયુક્તં

શ્રીમદ્ ભાગવત મહાપુરાણમ્

સંપાદક અને પરિવેષક : શ્રીનવનીતપ્રિય જયેષ્ઠારામ શાસ્ત્રી
પ્રકાશક : વિદ્યાનિધિ ટ્રસ્ટ 'વ્રજવિહાર' મોટી પોલ, મોદી સાંથ, નડીયાદ–૩૮૭૦૦૧. જિ. ખેડા (ગુજરાત)
ઓફસેટ પ્રિન્ટીંગ, સેક્સન સિલાઈ, પાકું બાઈન્ડીંગ, પૃષ્ઠ સંખ્યા ૭૨૮ + ૪૦ = ૭૬૮
ન્યોછાવર–અમૂલ્યમ્ નિત્યસેવનાય ભગવત્પ્રીત્યર્થમ્

પરમ શ્રદ્ધેય નવનીતપ્રિય શાસ્ત્રીજીએ આ પહેલાં પણ શ્રીમદ્ ભાગવતની ઘણી બધી સેવા કરી છે. આ વખતે તેઓએ શ્રીમહાપ્રભુજીના સંમત શ્રીમદ્ ભાગવતનું સંશોધન કરી મૂળ સંસ્કૃતમાં શ્રીમદ્ ભાગવતનું સંશોધન કર્યુ છે. આ પહેલાં પણ આ દિશામાં પ્રયત્નો થયા છે તે બધું શાસ્ત્રીજી જોઈ ગયા છે, એટલું જ નહિં ક્યાંક હસ્તલિખિત હતી તે પ્રતોનો પણ ઉંડો અભ્યાસ કર્યો છે.

શ્રીમહાપ્રભુજી પરની ભક્તિ અને શાસ્ત્રીત શ્રીમદ્ ભાગવતનું સંશોધન કરી મૂળ સંસ્કૃતમાં શ્રીમદ્ ભાગવતનું સંશોધન કર્યુ છે. આ પહેલાં પણ આ દિશામાં પ્રયત્નો થયા છે તે બધું શાસ્ત્રીજી જોઈ ગયા છે, એટલું જ નહિં ક્યાંક હસ્તલિખિત હતી તે પ્રતોનો પણ ઉંડો અભ્યાસ કર્યો છે.

શ્રીમહાપ્રભુજી પરની ભક્તિ અને શાસ્ત્રીત શ્રીમદ્ ભાગવતનું સંશોધન કરી મૂળ સંસ્કૃતમાં શ્રીમદ્ ભાગવતનું સંશોધન કર્યુ છે. આ પહેલાં પણ આ દિશામાં પ્રયત્નો થયા છે તે બધું શાસ્ત્રીજી જોઈ ગયા છે, એટલું જ નહિં ક્યાંક હસ્તલિખિત હતી તે પ્રતોનો પણ ઉંડો અભ્યાસ કર્યો છે.

શ્રીમહાપ્રભુજી પરની ભક્તિ અને શાસ્ત્રીય રીતે કાર્ય કરવાની વિદ્વત્સહજ સજ્જતા એવા કાળે લખ્યા છે કે શાસ્ત્રીજી કહે છે તેમ શ્રીમદ્ભગવદનુગ્રહ અને શ્રીમદ્ વલ્લભાનુગ્રહ વિના આ કાર્ય સંભવિત ન થાત. દરેક સ્કંધના આરંભમાં સુબોધિનીજી અનુસાર વિભાગો મૂક્યા છે. અને શ્રીઠાકોરજીના મનભાવન ચિત્રજી મૂક્યા છે.

આ ગ્રંથની આગળ મુકેલી તેમની વિદ્વતા સભર પ્રસ્તાવનામાં એમની બહુ શ્રુતતા તેમને સાવ સહજ એવું શબ્દલાલીત્ય તથા કૃષ્ણભક્તિ તો મૂળમાં જ પૂરેપૂરી માણવા જેવી છે, છતાં એમણે પીરસેલી સામગ્રીમાંથી બહુ જનસમાજને ગમી જાય તેવી એકાદ વાતને અહીં પુનરુક્ત કર્યા વગર રહી શકાતું નથી.

શ્રીમદ્ ભાગવતનું મોટું ફળ તો ભગવાન જ છે. પણ એના બીજાં પાંચ ફળો આ રીતે તારવી બતાવ્યા છે. (૧)

સર્વસંશય સમાધાન (૨) ભગવત્કૃપા (૩) ભગવાન ઉપર પ્રેમ (૪) ભગવાનનો સાક્ષાત્કાર (૫) બધી બાજુથી અભય. વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભાગવત એમ ચાર પ્રસ્થાનોની એકવાક્યતા પર આ રીતે અંગુલિ નિર્દેશ કર્યો છે. વેદમાં પરબ્રહ્મરૂપે, ગીતામાં પરમાત્મા અને પુરૂષોત્તમરૂપે, બ્રહ્મસૂત્રમાં આનંદરૂપે અને શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણનું ભગવાનરૂપે પ્રતિપાદન કર્યું છે.

આ સુઘડ પ્રકાશનની સુંદરતા ગમી જાય તેવું છે. સંસ્કૃત ભાષાના પંડિતો માટે આવું આહ્‌લાદક નજરાણુ આપીને શાસ્ત્રીજીએ એક ચિરકાલીન યાદ રહે એવી સેવા કરી છે. આની બીજી આવૃત્તિમાં શ્લોકોની કક્કાવાર અનુક્રમણિમા જોડી દેવામાં આવે તો પુસ્તકની ઉપયોગિતા ઓર વધી જશે. શાસ્ત્રીજી માટે તો લોકમાગણી સંતોષવી એ ડાબા હાથનો ખેલ છે એવો મારો ખ્યાલ છે.

નોંધ : સંસ્કૃત જાણતા વૈષ્ણવોને આ ગ્રંથ પોથી બંધન સહીત ઉપહાર રૂપે પધરાવવાનો મનોરથ છે. તેવા વૈષ્ણવોએ આ ગ્રંથ પધરાવવો હોય તેમણે પૂજ્ય ગોસ્વામી બાલક અથવા પૂજ્ય વિદ્વાનનાં ભલામણ પત્ર લઈને અધ્યયન કરવાની પ્રતિજ્ઞાપૂર્વક નડીઆદ ઉપરોક્ત સરનામે સંપર્ક કરી પધરાવી જવા વ્યવસ્થા કરવી.

પુસ્તક પરિચય

શ્રીયશસ્વરૂપ શ્રીગોકુલનાથજી ચરિત્ર

લેખક : પ.ભ. શ્રીબાબુભાઈ નાયક, પ.ભ. શ્રીકિરણબેન શાહ
પ્રકાશક : શ્રીપુષ્ટિ સેવા સુધા ૩–બી, બ્લુસ્કાય, કાર્ટર રોડ નં–૫, બોરીવલી (ઈસ્ટ) મુંબઈ–૪૦૦૦૬૬
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, આર્ટ પેપર મલ્ટીકલરવાળું ટાઈટલ
પુસ્તક પ્રકાશન સહાય રૂ. ૨૫ + પોસ્ટેજ.

પ્રારંભમાં શ્રીહરિરાયજી રચિત "શ્રીગોકુલાષ્ટકમ્" સ્તોત્ર ગુજરાતી ભાવાર્થ સાથે છે. ત્યારપછી શ્રીગોકુલનાથજીના પ્રાગટયથી લઈ લીલા પ્રવેશ સુધીના જીવનના અલૌકિક પ્રસંગોને કડીબદ્ધ સરળ શૈલીમાં પ્રસ્તુત કરેલ છે. જેવા કે પ્રાકટયોત્સવ, ઉપનયન–પ્રસ્તાવ, વિદ્યાભ્યાસ, વિવાહ પ્રસ્તાવ, શ્રીગુસાંઈજીના પરિવારનું વિભક્ત થવું, ગુજરાતનો પ્રવાસ, ચિદ્રુપ સાથેના શાસ્ત્રાર્થ માલા પ્રસંગનું વર્ણન, ગ્રંથ રચનાઓ, વચનામૃતો, હાસ્યપ્રસંગો, બેઠક ચરિત્ર, શ્રીગોકુલનાથજીની વધાઈઓ–ધોળ પદ, હોળીના રસિયા, સાજ શૃંગારની સમજુતી, સામગ્રીની સમજુતી વગેરે વિષયોના સાગરને ગાગરમાં સમાવવા લેખકોનો પ્રયાસ સ્તુત્ય છે. 'અગ્નિકુંડ' માસિકના પ્રથમ વર્ષનું ભેટ પુસ્તક પ્રકાશિત કરવા બદલ સંસ્થાને અભિનંદન.

૧. ઝુલન કે દિન આયે : સંપાદક– વીણા શેઠ. પ્રકાશક–પ્રાપ્તિસ્થાન: આં.રા.પુ.વૈ. પરિષદ, મણિનગર મહિલા શાખા, "કૃષ્ણાશ્રય" ૨, શ્રીનાથ એપાર્ટમેન્ટ, જયંતપાર્ક, મણિનગર, અમદાવાદ. ૩૮૦૦૦૮.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૬, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર રૂ.૬/–

પુષ્ટિસંપ્રદાયમાં વર્ષાઋતુ એટલે પ્રભુને હિંડોળે ઝૂલાવવાની ઋતુ અને તે વખતે ગવાતા હિંડોળાના વિવિધ પદો આ પુસ્તિકામાં આપ્યાં છે. મુખ્યત્વે અષ્ટસખાના પદો લેવામાં આવ્યા છે. તદુપરાંત અષાડવદ ૧ થી શ્રાવણ વદ ૩ સુધીમાં આભૂષણો તથા હિંડોરાની સજાવટનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે.

હિંડોળાના પદ સાથે સરળ ભાવાર્થ પણ સમાવેલ હોત તો વિશેષ આનંદ આવત. હિંડોળાના પદની ઘર

સેવામાં ઉપયોગી પુસ્તિકા.

૨. પુષ્ટિ રસ દર્શન : સંપાદક– ડૉ. કૃષ્ણકાંત શાહ. પ્રકાશક : શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિશ્વકલ્યાણ. શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, અંબાલા પાર્ક પાસે, કારેલી બાગ, વડોદરા.

૧/૧૬ ડેમી સાઈઝ પાના ૫૨ પીન બાઈંડીંગ. ન્યોછાવર જણાવેલ નથી.

પુષ્ટિસંપ્રદાયમાં બ્રહ્મસંબંધ, અનન્યાશ્રમ, ગુંજામાળા એ સંજ્ઞાઓનો અર્થ અને ખ્યાલ, યમુના મહારાણીનું ભાવસ્વરૂપ, ગોવર્ધનધારણ તથા રથયાત્રાનું તાત્પર્ય, મંગળાથી શયન સુધીના દર્શન પ્રણાલી, સેવા અને નામસ્મરણનું મહત્વ અને મહિમા, છપ્પનભોગ અને અન્નકૂટના અર્થ અને ભાવના આ પુસ્તિકામાં ટુંકમાં સરળ રીતે સમજાવવામાં આવેલ છે. દરેક વૈષ્ણવે વાંચવા, સમજવાલાયક પુસ્તિકા.

૩. શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સાદી સમજ : પ્રકાશક– આં.રા.પુ.મા.વૈષ્ણવ પરિષદની યુ.કે. શાખા.

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨. આર્ટ પેપર ઓફસેટ પ્રિન્ટીંગ, મુખપૃષ્ઠ બહુરંગી ચિત્ર, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર દર્શાવેલ નથી. આ પુસ્તિકામાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ સંબંધમાં આપશ્રીના પ્રાકટય કારણ, બેઠકજીની સેવા રીતની માહિતી, માયાવાદીઓનું શાસ્ત્રાર્થથી ખંડન વગેરેની સંક્ષિપ્ત પરંતુ સરળ શૈલીમાં સૌ કોઈ સમજી શકે તેવી ભાષામાં હકીકત દર્શાવી છે. જે મનનીય છે.

૪. પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષ : સંપાદક– શ્રીવિઠ્ઠલદાસ સી. શાહ, શ્રી રમેશચંદ્ર નાથાલાલ. પ્રકાશક : પુષ્ટિ પ્રસાર (મણિનગર શાખા). પ્રાપ્તિસ્થાન : (૧) શ્રીબાલકૃષ્ણલાલજીની હવેલી, મણીનગર અમદાવાદ. ૩૮૦૦૦૮ (૨) શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ, મર્સી વિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પુર્વ) મુંબઈ. ૪૦૦૧૦૧.

આઠ પેઈજી ડેમીસાઈઝ પૃષ્ઠ ૩૪૮ + ૧૬ = ૩૬૪. સેકસન સિલાઈ, લેમીનેશનવાળું બહુરંગી પાકું પુંઠુ. ન્યોછાવર રૂ.૬૦/– પોસ્ટેજ ખર્ચ અલગ.

પુષ્ટિ સંપ્રદાયના વિકાસના ઐતિહાસિક દસ્તાવેજ સમું આ પુસ્તક દરેક વૈષ્ણવ સમગ્ર પુષ્ટિ સંપ્રદાય તથા પુષ્ટિ સાહિત્યના અભ્યાસીઓને માટે અમૂલ્ય છે. આ પુસ્તક ૭ વિભાગમાં વહેંચવામાં આવ્યું છે.

પ્રથમ વિભાગમાં સંપ્રદાયના વિકાસના ૫૦૦ વર્ષનો ઈતિહાસ વિવિધ દષ્ટિએ રજુ કરવામાં આવેલ છે. બીજા વિભાગમાં શ્રીમહાપ્રભુજી વિશેના લેખ તેમજ તેઓશ્રી રચિત સંપૂર્ણ સાહિત્યની વિગત સમાવેલ છે. ત્રીજા વિભાગમાં શ્રીગુસાંઈજી વિશેના લેખો. ચોથા વિભાગમાં નિકુંજ નાયક શ્રીનાથજી અને શ્રીયમુના મહારાણી વિશેના લેખો, પાંચમાં વિભાગમાં પુષ્ટિ સંપ્રદાયના સેવા અને સિદ્ધાંતની વિશદ્ ચર્ચા છે. છઠ્ઠા વિભાગમાં પુષ્ટિમાર્ગીય કિર્તન પરંપરા–હવેલી સંગીત પર વિશેષજ્ઞોનાં લેખોનો સમાવેશ થાય છે. છેલ્લે પરિષિષ્ઠમાં મોગલ બાદશાહના વિવિધ ફરમાનોની વિગત આપવામાં આવી છે.

કેસેટ પરિચય

ગ્રીષ્મ યુગલ સુખદાયી: પ્રસ્તુતિ અને પ્રાપ્તિસ્થાન– આં.રા.પુ.વૈ.પરિષદ. જી/૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ. ૪૦૦૦૦૧ તથા પરિષદની બધી રાજ્ય શાખાઓમાંથી મળશે.

ન્યોછાવર : સોની ૯૦ મિનીટની બે કેસેટોનો સેટ પુસ્તિકા સાથે રૂ. ૧૨૦/– તેમજ ટી.સિરીઝ ૯૦ મિનીટની બે કેસેટોનો સેટ પુસ્તિકા સાથે રૂ. ૯૦/–

ષડ્ઋતુઓની કેસેટમાલાનું તુતીય મોતી "ગ્રીષ્મ યુગલ સુખદાયી" ઉષ્ણકાલમાં ગવાતા મંગલાથી શયન પર્યંત નિત્ય પદોની બે કેસેટનો સેટ સુંદર બહુરંગી મુખપૃષ્ઠવાળી પુસ્તિકા અને કીર્તનોના ભાવાનુવાદ સાથે પ્રગટ થયો છે. ગ્રીષ્મ ઋતુની લીલાઓનું અવગાહન કરાવતા નિત્યપદો સાથે કુંજ, નાવ, ફૂલમંડલી અને ફૂલના શૃંગાર તેમજ ચંદનના

પદો કુલ મળી ૨૮ પદો વિભિન્ન રાગો અને તાલોમાં સોહામણાં સંગીતે મઢયાં છે. કેસેટના સર્વ કીર્તનોની શિરોમણી સમી "સારંગ માલા" ને વિવિધ પ્રકારના સારંગ અને તાલોના વૈવિધ્યથી સુપ્રસિદ્ધ કીર્તનકાર શ્રીજમનાપ્રસાદજી શર્માએ સુંદર સૂરોમાં ગૂંથી લીધી છે.

શ્રીમતી કલ્પનાબેન શાહનું સરળ, રસમય ભાવોદ્‌બોધન કેસેટના સમગ્ર પદોનું રસપાન વધુ ભાવવાહી રીતે કરાવે છે. કીર્તન રસિક વૈષ્ણવો તથા હવેલી સંગીતના તજજ્ઞોને ઉપયોગી કેસેટો સાથે આપવામાં આવતી પુસ્તિકા.

સમાચાર

કપડવંજ : શ્રીયમુને સેવા કેન્દ્ર તેમજ આં.રા.પુ.વૈષ્ણવ પરિષદના સંયુક્ત ઉપક્રમે ડાકોર જતાં યાત્રીઓ માટે જલધારાનાં આયોજન બાદ બે પાઈપલાઈન–બે પાણીના બોરીંગ અને કપડવંજ ડાકોર રોડ ઉપર આવેલ ગામો મુળીયાદ–ચેતરસુબા–હાજીપર–ચંદાસર એમ ૪ મુકામે ચ્હા સેન્ટરનો પ્રબંધ કરવામાં આવેલ છે. પૂજ્ય ગો.શ્રીદ્વારકેશ બાવાએ સેવાકીય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતાં આશીર્વાદ પાઠવેલ.

સૂરત : વૈષ્ણવ પરિષદ દ્વારા દક્ષિણ ગુજરાતનાં ભરૂચ–સૂરત–નવસારી–બીલીમોરા ખાતે અષ્ટાક્ષર મંત્ર 'શ્રીકૃષ્ણ: શરણં મમ' નાં સ્ટીકરો પરિષદના કાર્યકરો દ્વારા વિતરણ કરવામાં આવેલ. સર્વે ઠેકાણે પરિષદ પ્રવૃત્તિની જાણકારી આપવા મીટીંગનું આયોજન કરવામાં આવેલ.

પદયાત્રા : કપડવંજથી શ્રીનાથદ્વારા પદયાત્રાનો કાર્યક્રમ સંવત ૨૦૫૫ નાં કારતક સુદી ૬ ને સોમવાર દિનાંક ૨૬–૧૦–૯૮ નાં રોજ પ્રારંભ થશે. જે વૈષ્ણવોએ પદયાત્રામાં જોડાવું હોય તેઓ ગોપાલભાઈ શાહ અંકલેશ્વર ફોન નં. ૨૩૭૮૧ ઉપર સંપર્ક કરી માહિતી પ્રાપ્ત કરી શકશે.

નડિયાદ : વૈષ્ણવ પરિષદની ગુજરાત પ્રદેશ કારોબારી નડિયાદ મુકામે કારોબારીમાં લેવાયેલ નિર્ણયો :

- હરિ, ગુરૂ, વૈષ્ણવની સેવા માટે શ્રીવલ્લભ વિઠ્ઠલ પેઢીના કાર્યને વધુ ગતીમાન કરવા સમર્પિત કાર્યકરો તરીકે ઈન્દ્રકાન્તભાઈ શેઠ–વલ્લભભાઈ શેઠ–જીતુભાઈ દાણી–જગદીશ શાહ–પ્રજ્ઞાબેન દલાલ... વિગેરેએ સેંવા આપવાનું સ્વિકાર્યું. અન્ય કોઈ સેવા આપવા તૈયારી બતાવતા કાર્યકરો એ પ્રદેશ કાર્યાલય ઉપર સંપર્ક કરવો.
- સંગઠનને વિસ્તૃત બનાવવા વિસ્તૃત સભા નોંધણી કરવાનો નિર્ણય લીધો.
- યાત્રાધામમાં વૈષ્ણવ પરિષદ દ્વારા આવકારતાં તથા 'જય શ્રીકૃષ્ણ' લખેલા બોર્ડ વિશેષ સ્થળોએ રાખવાનો નિર્ણય લીધો.
- વકતૃત્વ સ્પર્ધાનાં દશ વર્ષ પુર્ણ થયે અધિવેશન યોજવા તથા સોવેનીયર પ્રકટ કરવું.

વડોદરા : પ.પૂ.ગો.શ્રી દ્વારકેશલાલજી મહોદયનાં અધ્યક્ષસ્થાને માંગલ્ય મહોત્સવ તેમજ પ.પૂ.ગો.શ્રી ઈન્દિરાબેટીજી મહોદયનાં અધ્યક્ષસ્થાને શ્રીમદ્‌ ભાગવત કથામૃત મહોત્સવનું આયોજન ૨૦–૧૨–૯૮ દરમ્યાન વડોદરા મુકામે 'વૃંદાવન ધામ' (પોલોગ્રાઉન્ડ– રાજમહેલ રોડ)માં આયોજન કરવામાં આવેલ છે. સાથે વિવિધ શિબીરોનાં આયોજન સાથે શ્રીપુરૂષોત્તમ યજ્ઞકુંડ સાથે આયોજન કરવામાં આવેલ છે. વિશેષ માહિતી માટે શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ–શ્રીજીગોવર્ધનધરણ મંદિર– શ્રીગિરિરાજ મંદિર– શ્રીકલ્યાણરાયજી મંદિર વડોદરા મુકામે સંપર્ક કરવો.

તિથી. ગોવિંદાભિષેક, વિવાહના પદની શરૂઆત–પૂનમ સુધી બોલાય. ગો.ચિ.શ્રીઅક્ષયકુમારજી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૩૦–૧૦–૯૮ શુક્રવાર: શરદઋતુ પૂરી થઈ. ગો.ચિ. શ્રીદ્વારકેશજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૩૧–૧૦–૯૮ શનિવાર: પ્રબોધિની એકાદશી વ્રત. મંડપ સવારે શૃંગારમાં. ચાતુર્માસ નિયમ સમાપ્તિ.

કારતક સુદ ૧૨ તા. ૧–૧૧–૯૮ રવિવાર: શ્રીગુસાંઈજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરલાલજીનો ઉત્સવ.(સં.૧૫૯૭) તથા પાંચમા લાલજી શ્રીરઘુનાથજીનો ઉત્સવ.(સં.૧૬૧૧) તથા ગો.શ્રી વ્રજેન્દ્રકુમારજી મહારાજ (રાજનગર–અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૩ તા. ૨–૧૧–૯૮ સોમવાર: ગો.ચિ. શ્રીવિઠ્ઠલનાથજી (કાંકરોલી) ગો.શ્રીમુરલીમનોહરજી (મુંબઈ)નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૪–૧૧–૯૮ બુધવાર: પુર્ણિમા. ચાતુર્માસ સમાપ્ત. ભક્ત બોડાણા શ્રીરણછોડરાયજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યાનો ઉત્સવ. ગોપમાસ આરંભ. વ્રતચર્યા.

કારતક વદ ૧ તા. ૫–૧૧–૯૮ ગુરૂવાર: ગોપમાસ આરંભ (ગઈકાલે ન કર્યો હોય તો આજે) ગો. શ્રીવ્રજરાજકુમારજી (વડોદરા–સુરત)નો જન્મદિન. (બીજનો ક્ષય છે તેથી આજે)

કારતક વદ ૪ તા. ૭–૧૧–૯૮ શનિવાર: શ્રીદાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ. ગો.ચિ. શ્રીદ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો.ચિ. કમલેશબાવાશ્રી (મુંબઈ)નો તથા ગો.ચિ. શ્રીવ્રજેન્દ્ર બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

આજીવન ગ્રાહકોની યાદી

૬૪૧ શ્રી અનંતરાય ભોગીલાલ પારેખ, મલાડ

૬૪૨ સુશ્રી નિર્મલાબેન એમ. ભાટિયા, માહિમ

૬૪૩ શ્રી મોહનભાઈ નાથાભાઈ માકડીયા, અજાબ

૬૪૪ શ્રી ધરમશીભાઈ એ. પટેલ, બોરીવલી

૬૪૫ શ્રી હરિભાઈ ડી. પટેલ, મુંબઈ

૬૪૬ શ્રી રજનીકાંત પુંજાલાલ મહેતા, બોરીવલી

૬૪૭ શ્રી સમીરકુમાર વિનોદરાય રૈયાણી, જુનાગઢ

૬૪૮ શ્રી થોભણભાઈ ભાણજીભાઈ, જુનાગઢ

૬૪૯ શ્રી વિનોદભાઈ રણછોડભાઈ પાદરીયા, ઉમરાળી

૬૫૦ શ્રી કિશન યોગેશકુમાર પોપટ, જસદણ

૬૫૧ શ્રી કરશનભાઈ બાવનજી ડોબરીયા, વચલા કલારીયા

૬૫૨ શ્રી જગમોહન નંદલાલ મહેતા, ઘાટકોપર

૬૫૩ શ્રી વી. એમ. જ્વેલર્સ, રાજકોટ

૬૫૪ શ્રી પ્રશાંતભાઈ હિતેશકુમાર કારીયા, કાંદીવલી

૬૫૫ શ્રી અમુભાઈ ઘેલાણી

૬૫૬ શ્રી અમૃતલાલ નરભેરામ પાટડીયા, રાજકોટ

૬૫૭ શ્રી રમણીકલાલ એન. મહેતા, કાંદીવલી

૬૫૮ શ્રી નરેન્દ્રભાઈ રતનશી વેદ, રાજકોટ

૬૫૯ શ્રી અરવિંદભાઈ ઠાકરશીભાઈ પારેખ, રાજકોટ

૬૬૦ શ્રી છગનભાઈ વેલજીભાઈ માટલાવાળા, નિકાવા

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રા.નં.૧૫૨
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

સતસૈયા—૨

કૃતિ સોં હે પ્રભુ ; દેખિહોં,
ત્યહું ન ચ્યંતા મોહિ;
ને હચ્યોં મોં તુમ દિઠિતેં,
દૂખન ભૂખન હો હિ. (૩)

ટીકા : હે શ્રીપ્રભો ! જો તમે મારી કરણી સામું જોશો તોય મારે ચિંતા નથી. શા માટે કે મને એટલું નિશ્ચે છે જે તમારી દષ્ટિ પડયા પછી મારા દૂષણ હશે તે પણ ભૂષણરૂપ થઈ જશે. જેમ તમે પારધિ સામે કૃપા દષ્ટિ કરી ત્યારે તે મહાપાપી હતો, પણ સ્વદેહે સ્વર્ગમાં ગયો. ત્યારે તેનાં પાપ તે પણ પૂણ્ય થઈ ગયાં એ નિશ્ચે, બાકી પાપીને સ્વર્ગવાસ સંભવે નહીં. (૩)

— ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ—૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ—૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ—૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૮૦૨૦.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૭ અંક : ૮ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ નવેમ્બર, ૧૯૯૮

વચનસુધા

" બુદ્ધિની સ્થિતિ વિચિત્ર છે, અને તેને સ્થિર રાખવી કઠીન છે. તેના માટે જ આચાર્યશ્રી સેવા અને સ્મરણની આજ્ઞા કરે છે. સેવાએ રચનાત્મક પક્ષ છે અને સ્મરણ વિચારાત્મક પક્ષ છે, બંનેમાં સ્થિરતા આવે તો જીવનમાં સંદેહ ન આવે અને ઉદ્વેગો ન થાય. આવા પ્રકારથી અભિમાનની નિવૃત્તિ કરવી જોઈએ. અહંકાર ઉપર વિજય પ્રાપ્ત કરવાને જ સ્વભાવ વિજયની વાત થકી આચાર્યશ્રી આપણને સિદ્ધાંતો સમજાવે છે.

અભિમાનીમાં તો સિદ્ધાંતને સમજવાની શક્તિ પણ રહેતી નથી. ત્યારે ભક્તિની કલ્પના પણ કરી ન શકાય. **'મોઢાની વાતથી જીવનની સમજ પડતી નથી, અંતઃકરણથી જે આરાધના થાય છે તેનો જ પ્રભાવ જીવન ઉપર દઢ રહે છે.'**

જે લોકો પરંપરામાં ફેરબદલીની વાત કરે છે તેમને પ્રકૃતિની પરંપરાને વિચારવી જોઈએ. જડ વસ્તુઓ પણ પોતાના સિદ્ધાંત ઉપર જ ચાલે છે. જો આમ ન હોય તો પૃથ્વીનો પ્રલય થઈ જાત—જીવન ટકી શકત નહીં. દેહની બનાવટની એ જ પરંપરા જળવાત નહીં. આમ પરંપરાની મહત્તા જડ—ચેતન બધામાં રહે છે.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃત. શ્રીપ્રથમેશવાક્સુધા—૧ પૃષ્ઠ ૨૧૫)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

કારતક વદ ૮ તા. ૧૧–૧૧–૯૮ બુધવાર : શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯)

કારતક વદ ૯ તા. ૧૨–૧૧–૯૮ ગુરૂવાર : ગો.ચિ. શ્રીવ્રજભૂષણલાલજી (કાંકરોલી–મથુરા)નો જન્મદિન.

કારતક વદ ૧૦ તા. ૧૩–૧૧–૯૮ શુક્રવાર : ગો. શ્રીઉત્તમશ્લોકજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

કારતક વદ ૧૧ તા. ૧૪–૧૧–૯૮ શનિવાર : ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૧૬–૧૧–૯૮ સોમવાર : શ્રીગુસાંઈજીના સાતમા લાલજી શ્રીઘનશ્યામલાલજીનો ઉત્સવ (સં. ૧૬૨૮). ગો.શ્રી રમેશચંદ્ર મહારાજશ્રી (મુલુંડ–મુંબઈ)નો, તથા ગો.શ્રીત્રિભંગરાયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૨૧–૧૧–૯૮ શનિવાર : ગો. ચિ. શ્રીગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો, તથા ગો.શ્રી શ્યામસુંદરજી મહારાજશ્રી (ચાંપાનેસી–જામનગર)નો જન્મદિન.

માગશર સુદ ૪ તા. ૨૩–૧૧–૯૮ સોમવાર : ગો. ચિ. શ્રીગોકુલનાથજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

માગશર સુદ ૫ તા. ૨૪–૧૧–૯૮ મંગળવાર : શ્રીમદનમોહનજીનો પાટોત્સવ (કામવન)

માગશર સુદ ૭ તા. ૨૬–૧૧–૯૮ ગુરૂવાર : શ્રીગુસાંઈજીના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીનો મહોત્સવ (સં. ૧૬૦૮), અષ્ટસખા પૈકી શ્રીપરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૨૭–૧૧–૯૮ શુક્રવાર : શ્રીગોવર્ધનેશજી મહારાજ કૃત સાતસ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૨૮–૧૧–૯૮ શનિવાર : ભારત માર્તંડ શ્રીગટુલાલાજીનો સ્મરણદિન. શ્રીગુસાંઈજીની વધાઈનો પ્રારંભ. ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૩૦–૧૧–૯૮ સોમવાર : મોક્ષદા એકાદશી વ્રત. ગીતા જયંતિ. ગો.શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૩–૧૨–૯૮ ગુરૂવાર : શ્રીનાથજીનો છપ્પનભોગ, બલદેવજીનો ઉત્સવ, ગોપમાસ સમાપ્તિ.

—અનુસંધાન ટાઈટલ ૩ ઉપર

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૮ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ નવેમ્બર, ૧૯૯૮

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

બારમો અપરાધ : "આજીવિકાકે કાજે શ્રીઠાકોરજીકો સમય ન ચૂકીયે, સમય ચૂકે શ્રીઠાકોરજી જગાવે નહીં"

જીવનમાં સૌથી પરમ મહત્વની ભગવદ્ સેવાને માનીને રહેવું એ જ વૈષ્ણવતાનો ધર્મ છે. પોતાના દેહની આળસ અથવા ધંધા, વ્યવસાયની વ્યસ્તતાનું બહાનું બનાવી ભગવદ્ સેવાના કાર્યમાં વિલંબ કરે તો સેવકધર્મ—વૈષ્ણવતા ધર્મ ન રહે. નિત્યસેવાનો પ્રકાર જે રીતે શ્રીગુરૂદેવની આજ્ઞા લઈ નિશ્ચીત કર્યો હોય તેજ પ્રમાણે સવારના શ્રીઠાકોરજીને જગાવવા અને તે જ પ્રમાણે સાંજના ઉત્થાપન કરવા જોઈએ. આમાં લૌકિક વ્યવહારિક કામોને છોડીને સેવાનેજ પ્રમુખતા આપવી જોઈએ. નહીં તો અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

પંચપદ્યાનિ – ગ્રંથપરિચય

લેખક– ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ
ભાષાંતર– પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ.

" પંચપદ્યાનિ " માં વર્ણવવામાં આવેલું શ્રોતાનું સ્વરૂપ

વક્તાના અધિકાર તથા સ્વરૂપ તથા તદનુસાર તેમના મુખથી શ્રવણ–કીર્તનના ફલના વિવરણ પછી હવે શ્રોતાના અધિકાર તથા સ્વરૂપનું નિરૂપણ શ્રીમહાપ્રભુજી 'પંચપદ્યાનિ' માં કરે છે. ભગવત્કથાનું શ્રવણ–સ્મરણ– કીર્તન ભગવત્સ્વરૂપની સેવાની સાથે સાથે સેવાના અનવસરમાં ચાલતું રહે તો એ ભગવત્સ્નેહના પૂર્વોત્તર દલ (સંયોગ તથા વિપ્રયોગ) એ બંનેમાં ભક્તિના પૂર્ણ આવિર્ભાવનો ઉપાય બને છે. પરંતુ કોઈ એક વ્યક્તિને ભગવત્સ્વરૂપ સેવાની સુવિધા (સગવડ) આજીવન સંભવિત નથી બનતી એવી સ્થિતિમાં કેવલ ભગવત્કથાના શ્રવણ–સ્મરણ–કીર્તનની પ્રણાલી અપનાવવાથી પણ પ્રેમ–આસક્તિ–વ્યસન–સર્વાત્મભાવ આ અલૌકિક સામર્થ્ય આદિના ક્રમિક પગથિયા પર ભક્તિનું આરોહણ શક્ય બની જાય છે.

તદનુસાર સેવાની સાથો સાથ જે કથાના શ્રવણ–સ્મરણ–કીર્તનનો પણ જે લોકો સતત નિર્વાહ કરી શકે છે એ ઉત્તમ શ્રોતા હોય છે. અથવા સેવાના અનુકલ્પના રૂપમાં જેઓ ભગવત્કથાનું નિરંતર સમાશ્રયણ (સારી રીતે કરેલો આશ્રય) કરતા હોય છે, એ મધ્યમ પ્રકારના શ્રોતા હોય છે. જેઓ ક્યારેક ક્યારેક શ્રવણ કરવાનો લાભ મેળવી શકે છે, તેઓ નિમ્ન પ્રકારના શ્રોતા હોય છે. આ એક દષ્ટિ શ્રોતાના ઉત્તમ મધ્યમ કે નિમ્ન પ્રકારોને નક્કી કરવાની દેખાઈ આવે છે. બીજી દષ્ટિ એ છે કે શુદ્ધ પુષ્ટિ, પુષ્ટિ પુષ્ટિ, મર્યાદા પુષ્ટિ તથા પ્રવાહ પુષ્ટિના અધિકારી ભેદ અનુસાર શ્રોતાની વિવિધ કક્ષાઓ નક્કી કરવામાં આવે. શુદ્ધ પુષ્ટિ યા પુષ્ટિ પુષ્ટિ આદિ અધિકારોની પહેચાન " પુષ્ટિપ્રવાહ મર્યાદા " ગ્રંથમાં *" પુષ્ટ્યા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ .....*" આપવામાં આવેલી છે.

ત્રીજી દષ્ટિ છે શ્રોતાના ઉત્તમ– મધ્યમ– કનિષ્ઠ અધિકારીની, વક્તાના જ્ઞાન– ભક્તિ– વૈરાગ્ય ગુણોને અનુરૂપ (૧) જીજ્ઞાસાપણું–શ્રવણ માટે આતુરતા, (૨) રુચિ (એટલે ગમવું તે–પ્રેમ–ભૂખ) તથા બીજા સાધનો માટે ના દુરાગ્રહપૂર્ણ અનુષ્ઠાન (યોજવું તે) યા અભિમાનનો અભાવ અને એવા દુરાગ્રહથી ઉત્પન્ન થતાં ક્ષુદ્ર (નજીવા) ફલોમાં અનાસક્તિ (આકર્ષણનો અભાવ); આ રીતે ત્રણેય ગુણને જે શ્રોતામાં મળી આવતા હોય તે ઉત્તમ, બે ગુણો મળતા હોય તે મધ્યમ અને કોઈપણ એકાદ ગુણની હાજરી (અસ્તિત્વ) તેના નિમ્ન અધિકારનું દ્યોતક (પ્રેરક) છે.

ચોથી દષ્ટિ –પુષ્ટિમાર્ગીય ઉત્તમ, મર્યાદામાર્ગીય મધ્યમા તથા પ્રવાહમાર્ગીય યા

ચષર્ણી શ્રોતાને અધમ માનવાની– ઉચિત હોવા છતાં અહીં અપ્રાસંગિક (એટલે પ્રસ્તુત વિષયને ન લાગુ પડતી હોય એવી) લાગે છે, કારણ કે પુષ્ટિમાર્ગીય જીવોને માટે જ શ્રીમહાપ્રભુજીએ ષોડશ ગ્રંથની રચના કરેલી છે. આ કારણને લીધે જે જીવોના અપુષ્ટિમાર્ગીય હોવાનું નક્કી હોય તેમને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત યા ભગવલ્લીલાનો ઉપદેશ જ શ્રીમહાપ્રભુજીના મત પ્રમાણે અનુમોદનીય (એટલે ટેકો આપવા જેવું) નથી. " જલભેદ " માં પણ જે મર્યાદામાર્ગીય વક્તાનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. તે તેવા વક્તાઓ પાસેથી પુષ્ટિમાર્ગીય આશાઓ ન રાખવાને માટે જ છે, કારણ કે વક્તાની પસંદગીમાં અધિક સાવધાની અપેક્ષિત છે. આ કારણને લીધે " જલભેદ "માં કર્યો છે તેટલો વિસ્તાર "પંચપદ્યાનિ" માં અપેક્ષિત નથી.

પાંચમી દષ્ટિ મુજબ જેવી રીતે શાસ્ત્રાર્થ પ્રકરણના અંતિમ ભાગમાં ભગવત્સેવા કરવાવાળાઓના વિવિધ અધિકાર દર્શાવવામાં આવ્યા છે. તેમને ભગવત્કથાના શ્રવણાધિકારના પણ ઉપલક્ષણ માનવામાં આવે તો એ વાત અસંગત નહીં હોય. જેમ કે–

— ક્રમશઃ

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

લવ હરિ સંગીના સંગના, સુખની સમતા નહીં કોય,
સ્વર્ગ તથા અપવર્ગનું સુખ પણ સમોવડ નવ હોય.
નવ હોય સમતા મોક્ષાનંદ, તો ક્યાં જન ઈચ્છિત સુખમંદ ?
અણઅનુભવીને આશ્ચર્ય થાય, પણ અણુ સંદેહ છે નહિ રાય
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૪)

વિવેચન : આ કડીમાં સત્સંગનું મહત્તમ રૂપ બતાવ્યું છે કે ક્ષણવાર પણ ભગવત ભક્તનાં સંગની બરોબરી સ્વર્ગ, અપવર્ગ, મોક્ષ પણ નથી કરી શકતું ત્યાં માનવ ઈચ્છિત સંસારી સુખની ક્યાં વાત જ કરવી. આ વસ્તુ અનુભવી જ જાણી શકે, અપનાવી શકે. બીજાને આશ્ચર્ય થાય પરંતુ રતિભાર પણ સંદેહ કરવાની જરૂર નથી. જેવો સંગ તેવી બુદ્ધિ, તેવું જ કાર્ય, તેવું જ ફળ.

તુલ્યામ લવનાપિ, ન સ્વર્ગં ન પૂનર્ભવમ્
ભગવત સંગી સંગસ્ય, મર્ત્યાનાં કિમુતાશિષ

આ અનુસાર ક્ષણવાર પણ ભગવદ ભક્તનો સંગ એવો છે કે જેની કલ્પ સુધી પ્રાપ્તિ ન થઈ શકે

તે સત્સંગ ક્ષણવારમાં પ્રાપ્ત કરાવે છે. સત્સંગથી અંતરાત્મા ભીંજાઈ જાય છે ત્યારે સંસારની દરેક વસ્તુ તેની પાસે હોવા છતાં તેમાં તેને સુખ માન તો નથી. કેમ કે તેની આસક્તિ ભગવાનની ભક્તિમાં થાય છે. પ્રભુ શરણ પ્રાપ્ત કરવા બુદ્ધિ કામ કરે છે. સત–સંગ એટલે સત્યનો જ સંગ. સત્ય કેવળ ઈશ્વર છે. તેને પ્રાપ્ત કરાવે તે સત્સંગ. ભગવદ્ ભક્તોએ સત્સંગ દ્વારા પ્રભુને જાણ્યા અને ભક્તિમાન બન્યા સર્વનાં અધિશ્વર એવા પ્રભુને હૃદયમાં પધરાવ્યા તેમજ સાક્ષાત્કારનો અનુભવ લીધો. આવા ભક્તોનો ક્ષણિક પણ સંગ થાય તો હૃદય શુદ્ધ બને અને આનંદની પ્રાપ્તિ થાય છે. સંગથી તદ્રુપ થવાય છે. જે કામ કલ્પો સુધી ન કરી શકાય તે ક્ષણવારમાં બને છે.

બ્રહ્માવૈર્વત પુરાણ–

સર્વેષાં પરમો લાભો વૈષ્ણવાનાં સમાગમઃ

વૈષ્ણવોનો સંગ જ લાભકારી છે. તે સંગ જ પ્રભુ પ્રાપ્તિ કરાવે છે.

એક સુભાષિત–

સંસાર વિષ વૃક્ષસ્ય દ્વેફલ અમૃતોપમે, કાવ્યામૃતં રસાસ્વાદઃ સંગમઃ સુજનૈઃ સર

આ સંસારરૂપી વૃક્ષમાં બે અમૃત લાગેલા છે અત્રે વૃક્ષને વિષની ઉપમા આપી છે. પરંતુ તે વિષ વૃક્ષમાં બે અમૃતફળ બતાવ્યા છે. (૧) ભગવદ લીલાનાં કાવ્યોનો અમૃત રસાસ્વાદ (૨) ભગવદ ભક્તોનો સંગ. આ બંને અમૃત ફલનો રસાસ્વાદ તે અમૃતનું પાન છે. આ પાન સ્વર્ગથી અધિક એવું ભગવદ પાદ પંકજ પરાગનો સ્વાદ ચાખવા મળે છે. એકવાર આ રસાસ્વાદ ચાખ્યો પછી તેનું મન બીજે ક્યાંય પણ રૂચી રાખી શકે નહી. આવો આ રસાસ્વાદ છે તેથી ત્યાં જ સ્થાયિ નિવાસ કરીને રહે છે.

સંગના અનુરૂપ સવૈયો
સંગ કીજે અબ ઐસેનકો જીનકી રસના હરિ કે ગુન ગાઈ
ઔગુન ચિન ધરે ન કભી ઔર સાગરસી જીનકી ગહરાઈ
જ્ઞાન પ્રકાશ કરે હીયમેં ત્રય તાપ તિમિરકો દેખત નસાઈ
પારસકો સંગ લોહ કરે તબ માધુરી કંચન દેત બનાઈ

અત્રે સંગ કેનો કરવો તેનાં સૂક્ષ્મ ગુણો બતાવ્યા છે.

જેનું મન સદા શ્રીકૃષ્ણમાં આસક્ત હોય જેની વાણી રાત દિવસ ભગવદ ગુણાનુવાદ કરતી હોય અન્ય સંસારી વાર્તાલાપમાં જેને રૂચી ન હોય, જે સ્વયં ભગવદ પ્રાપ્તિનો રસ્તો જાણતો હોય, પુષ્ટિ પુરૂષોત્તમને રીઝવવા અનન્ય ભક્તિ રસથી તરબોળ હોય તેવાઓનાં સંગથી ભક્તિ પ્રાપ્ત થાય છે. જે કોઈના અવગુણો જોતો નથી. સાગર સમાન વિશાળ જેનું મન છે. પોતાનો સંગ કરવાવાળાનાં તાપોને દૂર કરી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે. આવા ભક્તો પારસ સમાન હોઈ આવાનો સંગ કરવો.

જેમ એક વાસણમાં કોઈ ચીજ માથા સુધી ભરી છે તેમાં બીજી ચીજ ભરવી હોય તો પહેલાની ચીજને બહાર કાઢવી જરૂરી રહે છે તેવી રીતે હૃદયમાં ભરેલી અવિદ્યા દુર કરી વિદ્યારૂપ ભક્તિને હૃદયમાં ભરી દે તેનેજ ભગવદ ભક્ત કહે છે. તેનો જ સંગ તે સર્વ કંઈ કરવા સમર્થ છે. ભક્તની વાણી હૃદયસ્પર્શી હોય છે તે વાણી દ્વારા માયામાં ભરેલા બધા સંશયોનો નાશ કરી શુદ્ધ બનાવે છે. આવા સમાન વૃત્તિના બે ભગવદ ભક્તો થોડીવાર પણ ક્યાંક મલ્યા હોય તો તે બીજાને પણ માર્ગદર્શક બને છે.

શ્રીગુસાંઈજીના સેવક વલ્લભદાસ અને બલદેવદાસ એકવાર કોઈ જગ્યા પર મલ્યા ત્યારે ભગવદ વાર્તા કરી જુદા પડયા ત્યારે ત્યાં ઈંટ ઉપર લખ્યું કે **બે ઘડી જીવ્યા.** એક રાજા ત્યાં ફરતો ફરતો આવ્યો તેણે આ ઈંટ ઉપરનું લખેલ વાંચ્યું. તેને વિચાર આવ્યો કે બે ઘડી જીવ્યા તો તે ક્યારે જન્મ્યો ક્યારે ભણ્યો ને ક્યારે અત્રે આવી લખી ગયો. આ વાતનો જવાબ લેવા તેણે ઘણાંને પૂછયું પણ આનો જવાબ કોઈ આપી ન શક્યું. તેવામાં કોઈ એક વૈષ્ણવે રાજાનાં મનનું સમાધાન કર્યુ કે એ જગા પર કોઈ બે વૈષ્ણવો મલ્યા હશે અને સત્સંગ બે ઘડી કર્યો હશે પછી જુદા પડયા હશે. લખવાનો આશય એજ છે જેટલી ઘડી ભગવત નામ સ્મરણ સત્સંગ, કીર્તન વિગેરે થાય તેટલો જ સમય જીવ્યા કહેવાય. સંસારી કાર્યોમાં સમય જેટલો વિતે તે વૃથા કાળ ગુમાવ્યો આવું તેઓનું માનવું હોય તેથી બે ઘડી જીવ્યા તેમ લખ્યું. આ સાંભળી રાજાની શંકા દુર થઈ ખરૂં છે જીવનનું સાર્થક કર્યું આને જ કહેવાય.

માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૪)

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૫૬

જય જય બલિ બલિ ભાનુ કિશોરી;
સકલ કલા સંપન્ન નાગરી ગાવત ભક્ત તદપિ કલ ભોરી. ૧
સુખમા કર અમોઘ રસ રૂરી કરત પ્રાણ પ્રીતમ ચિત ચોરી;
સિક્તા પુલિન મનો મુક્તાગણ જહાં વિહરત શ્યામા હરિ જોરી. ૨.
લલિત તરંગાવલિ અવલોકત બાઢત પ્રીતિ પ્રતીતિ ન થોરી;
તેરૌ દરસ પાય ભઈ ગંગા ટારન વિઘન કરોરી. ૩.
શરણાગત ભય હરન યહી પ્રણ કીરતિ વિદિત લોક તિહૂં તોરી;
'બલ્લભદાસિ'ની કી યહવિનતી બાંહ ગહૌ બલિ બલિ બલિ મોરી. ૪.

ભાવાર્થ : ભાનુકિશોરી— સૂર્યપુત્રી આપનો જય હો વારંવાર હું બલિહારી જાઉં. આપ સકલ કલાથી પરિપૂર્ણ છો. તેથી ભક્તો આપનું ગુણગાન ઐશ્વર્ય ઉત્તમ રીતે ગુણગાન કરે છે પરંતુ આશ્ચર્ય થાય છે કે આવું અદ્ભુત ઐશ્વર્ય હોવા છતાં આપ તદ્દન ભોળપણથી મંદ અવાજથી દેખાય છે. શ્રીસ્વામિનીજી વૃષભાન સુતાને અગાધ રસાનંદ આપતાં વૈભવથી દેવાવાળા છો તે પ્રિયા પ્રિયતમની ચિત્તની ચોરી આપ કરો છો અને આપનાં વૈભવમાં વિહાર કરવાની બંનેની ઈચ્છાઓ પૂર્ણ કરો છો અથવા તો આપની વૈભવી નિકુંજોમાં જે બંને સુંદર તટ બિરાજમાન છે તેમાં અનેક લીલાઓ કરી પ્રિયા પ્રિયતમને અતિ આનંદ આપો છો. એવા સુંદર યુગલ તટ વચ્ચે જળરૂપે બિરાજમાન સુંદર લહેરીઓ નિરખતાં એવો આભાસ થાય છે કે પ્રિયા પ્રિયતમને

આનંદ કરાવીને આપ પ્રસન્ન થયા હો તેવી પ્રતિતી થાય છે.

ગંગાજી આપનાં સંગથી અદ્‌ભુત શક્તિ, દિવ્ય શક્તિ પ્રાપ્ત ધારણ કરવા શક્તિમાન બન્યા છે. કરોડો વિઘ્નનો નાશ કરવાવાળા આપ શરણે આવેલાને તાપથી મુક્ત કરો છો. આપની તો દઢ પ્રતિજ્ઞા છે કે જે કોઈ શરણે આવે તેને અભય પદ આપવું તેનાં ગુણ દોષ જોવા નહીં. સંસારરૂપી દાવાનળમાં તપતા જીવોને અભય પદ આપી શાંત કરો છો. કેવળ કૃપારૂપી ધર્મનું જ પાલન કરો છો. આવા અદ્‌ભુત ગુણો દીન ઉપર દયા વરસાવવાથી આપની કીર્તિ ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે. એટલું જ નહીં સર્વના વંદનીય છો.

દાસ વલ્લભ કહે છે કે મારી બાંહ પકડી મને અભય આપો. આપની યશ કીર્તિ જોઈને વારંવાર બલિહારી જાઉં. ૫૮

ભક્તિ દઢાવ

— ભક્ત કવિ શ્રીદયારામભાઈ

ભક્તિરૂપી કલ્પવૃક્ષનુ બીજ બ્રહ્મસંબંધ છે. તે બીજનું જતન કરવા માટે વિવેકરૂપી વાડ કરવી જોઈએ અને રત્નની માફક તેનું રક્ષણ કરવું જોઈએ. તેની આજુબાજુ શ્રદ્ધારૂપી ઉંડા ખાડા ખોદવા કે જેથી કરીને તેને સીંચેલું જળ બહાર જતું ન રહે. એ છોડને થોડીકવાર પણ અરક્ષિત રાખવો નહિ, કારણકે વિષયરૂપી પવનથી એ કોમળ છોડ શરૂઆતમાં મરડાઈ જવાનો ભય રહે છે. માટે તેની આજુબાજુએ ધૈર્યરૂપી ટેકો ધરવો જોઈએ અને કપટ કલેશ વગેરે કચરો તેની આજુબાજુથી દુર કરવો જોઈએ. એ છોડની પાસે અન્યાશ્રય નામનો વણછોડ (અડબાઉ છોડ) હોય તો તેને દુર કરવો જોઈએ. અને કઠોરતારૂપી કાંકરા વીણી લેવા જોઈએ. ક્રોધરૂપી ગ્રીષ્મનો તાપ તેને બાળે નહિં તેની સંભાળ રાખવી જોઈએ. મોહરૂપી ઉંદરથી ચેતતા રહેવું જોઈએ. નહિં તો તેના મૂળને તે કોતરી ખાશે. ઈર્ષારૂપી ઉધઈથી સંભાળ રાખવી જોઈએ

અને મીઠાશરૂપી મહાપ્રસાદને તેની આજુબાજુ વેરવો જોઈએ. વળી આશારૂપી બકરી તેને ઉગતો ખાઈ ન જાય તેની સંભાળ રાખવી જોઈએ. પરદષ્ટિ રૂપી નોળીયો એને બગાડી ન નાખે માટે સંતોષરૂપી ચોકીયાત રાખવો જોઈએ. નિંદારૂપી નાગણ જો એ છોડવાને ચાટે તો તે કરમાઈ જશે. માટે તેનાથી પણ ચેતતા રહેવું જોઈએ. આળસરૂપી ભુંડ અને અધર્મરૂપી શિયાળ ને જ્ઞાનરૂપી લાકડીથી હાંકી કાઢવા જોઈએ ને દુઃસંગરૂપી ગધેડાને તો વૈરાગ્યરૂપી લટ્ઠના મારથી હાંકી કાઢવો જોઈએ. ઈન્દ્રિયલોલુપતારૂપી ભેંસ અને અહંકારરૂપી ઊંટ એને હેરાન ન કરે તેની પણ કાળજી રાખવી. એ છોડ જ્યારે મોટો થાય, વૃક્ષ બને ત્યારે નવધાભક્તિરૂપી ૯ શાખાઓ પ્રકટશે અને તેમાંથી સેવારૂપી નાની ડાળીઓ ફૂટશે, તેમજ દયા, ક્ષમા અને સત્સંગરૂપી પાંદડાઓ લાગશે. તે પાંદડાની છાયા એવી ફેલાશે કે નીચે બેસનારના ત્રિવિધ તાપ દૂર થશે. ભક્તિનો વિરોધ કરનાર વાદીરૂપી હાથી આવે તો એને આવતાં જ સાંકળેથી બાંધી લેવો. જેથી તેનું જોર નરમ પડે. હવે કોઈ પશુનો ભય રહેશે નહિં. ભક્તિ વૃક્ષ ફૂલ્યું ફાલ્યું છે, પણ એક જણનો ભય હજુ ખરો અને તે લોભરૂપી વાંદરાનો તેને જ્ઞાનના ગોળાથી દૂર કરવો.

હવે દીનતારૂપી ફૂલો ડાળે આવે છે અને મનોહર મહોર લાગે છે ત્યાર પછી સ્નેહરૂપી ફળની શોભા વધતી જાય છે. ને થોડા દિવસોમાં તે રસાલ અને પુષ્ટ બને છે, એમાં લાલાશ રંગ પ્રકટે છે. આ ફળ તે આસક્તિની સ્થિતી છે.પછી તે ફળમાં મીઠાશ આવે છે. તે વ્યસનદશાની છે. આ પ્રેમફળના ભોગવનાર શુકદેવજીરૂપી શુક ત્યાં બેસે છે અને તેનો ભોગ કરે છે. ગોપીરૂપી કોકીલાઓ આ ભક્તિરૂપી કલ્પરૂપી વૃક્ષની શોભા નીરખી રહે છે. અને તેનાથી ધરાતા નથી. બીજા મુનિઓરૂપી પક્ષિઓ પણ ત્યાં ભેળા થાય છે અને સુંદર ગાન કરે છે. આ રીતે કવિ ભક્તિનું કલ્પવૃક્ષ તરીકે વર્ણન કરે છે. બીજી પણ કલ્પના કરે છે, અને તે એ કે ભક્તિને મહારાણી કહે છે. ભક્તિરૂપી મહારાણી આ ત્રણ આભૂષણો ધારણ કરે છે. સ્નેહ એ નાકના ભૂષણ નથને સ્થાને છે. આસક્તિ એ ઝાલને સ્થાને છે અને વ્યસન એ શીશફુલ રૂપે છે.

—પ્રેષક : ઠા. હીરાલાલ વસનજી લાખાણી, રાણાખીરસરા.

કાવ્ય કુંજ

[શ્રીમહારાણીજીનો મહિમા]

રચયિતા – જયંત જી. ગાંધી 'કુસૂમાયુધ'

(ધોરાજી ગામને ગોંદરે બે નાળિયેરડી... એ લગ્ન ગીતનો ઢાળ)

શ્રીગોકુળ ગામને ગોંદરે, મા યમુનાજી,
સરિતારૂપે વહો છો સદાય, મહારાણીજી.
કલિંદ ગીરીથી નીસર્યા, મા યમુનાજી,
વિહરે છે વ્રજભૂમિ માંહે, મહારાણીજી.
સૂરજ દેવતાનાં દીકરી, મા યમુનાજી,
શ્રીકૃષ્ણ–તુરિય પટરાણી છે સાક્ષાત્ મહારાણીજી.
યમરાજાની બહેનડી, મા યમુનાજી,
ભાઈબીજે તો પામી છે વરદાન, મહારાણીજી.
તુજ જળમાં જે સ્નાન કરે, મા યમુનાજી,
તેને જમનું તેડું તો ન થાય, મહારાણીજી.
પુષ્ટિ–જન તુજ બાલુડાં, મા યમુનાજી,
તેથી એ તો યમના છે ભાણેજ, મહારાણીજી.
યમ–ભય પુષ્ટિજનને નહીં, મા યમુનાજી,
નિત્યલીલામાં આપો છો મા સ્થાન, મહારાણીજી.
શરદપૂનમની રાતલડી, મા યમુનાજી,
તવ તીરે મહા રાસલીલા ત્યાં થાય, મહારાણીજી.
છ મહિનાની રાત થઈ, મા યમુનાજી,
કુસુમાયુધનો ગર્વ ગળ્યો છે ત્યાં જ, મહારાણીજી.
ગોપીસંગે કૃષ્ણ પ્રભુ ત્યાં શ્રીયમુનાજી,
રાસ રમીને તવ જળ કરતા સ્નાન, મહારાણીજી.
દિવ્ય બન્યું જળ તુજ તેથી, મા યમુનાજી,

સ્નાન પાનથી જીવના પાતક જાય, મહારાણીજી.
દુષ્ટ સ્વભાવ મિટાવોને, મા યમુનાજી,
સકલ સિદ્ધિ ને ભક્તિ આપો માત, મહારાણીજી.
વિશ્રામ ઘાટે આરતી ત્યાં, મા યમુનાજી,
દેવો સર્વે ઊમટે દર્શન કાજ, મહારાણીજી.
શ્રીગોકુલ ગામને ગોંદરે , મા યમુનાજી,
સરિતા સ્વરૂપે વહો છો સદાય, મહારાણીજી.

—: શ્યામ સુંદર શ્રીયમુને મહારાણીજીકી જય :—

શ્રીમહાપ્રભુજીને પ્રત્યક્ષ દર્શન

—મનુભાઈ અંબાલાલ શેઠ, મોરા (પંચમહાલ)

વૃંદાવનમાં શ્રીકૃષ્ણ નિત્ય લીલા કર્યા જ કરે છે. શ્રીમહાપ્રભુજીને બે પુત્રો (૧) શ્રીગોપીનાથજી એટલે શ્રીબલદેવજી અને (૨) શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી) એટલે શ્રીકૃષ્ણ સ્વરૂપ.

શ્રીગોપીનાથજી વેદપંથનો પુષ્ટિમર્યાદામાર્ગનો વિસ્તાર કરશે અને શ્રીવિઠ્ઠલનાથજી દૈવી જીવોને આનંદનું દાન કરશે.

શ્રીગોપીનાથજી શેષજીનો અવતાર છે. શ્રીગોપીનાથજીનું પ્રાકટય વિ.સં. ૧૫૬૭ના આસો વદી ૧૨ના અડેલમાં થયું. માતૃશ્રી શ્રીઈલમ્માગારૂજી, શ્રીગોપીનાથજી મોટા થતા ગયા તેમ તેમ શ્રીમહાપ્રભુજીની જેમ શાસ્ત્રોએ જણાવેલા નિયમ પ્રમાણે જીવવામાં અતિ આનંદ આવતો. તેમની આખી જીવનપ્રણાલી નિયમિત હતી. બ્રાહ્મમુહુર્તમાં ઉઠી જવું, નિત્ય નિયમથી પરવારી ભગવત્ સેવા અને ભગવત્ સ્મરણ કરવા એ એમનો નિત્યક્રમ હતો. ભગવદીય શ્રીગોપાલદાસજી ગાય છે કે,

બલદેવ શ્રી ગોપીનાથ કહીએ, શ્રી વિઠ્ઠલ નંદ નંદ.
એ વેદ પંથ વિસ્તારશે, જન આપશે આનંદ.

શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ નંદ નંદ એટલે કે ભગવાન શ્રીકૃષ્ણનું છે. બલદેવના પ્રાગટય સમયે યશોદાજી રોહિણીજી પાસે પધાર્યા. બલરામના પનોતાં પગલાંને લીધે શ્રીયશોદાજી પણ સગર્ભા બન્યા. બીજી તરફ દેવકીજી પણ સગર્ભા બન્યા. વસુદેવજીને ખાત્રી હતી કે આ વખતે પ્રભુનું પ્રાકટય જરૂર થશે. શ્રી દેવકીજી ભાવસમાધિસ્થ બન્યા. પ્રભુએ જાગૃત કર્યા અને કહ્યું કે, 'માતાજી ! આ ભૂતલ ઉપર હું ઘણી વખત આવ્યો છું. સ્વયંભૂમન્વંતરમાં તમે 'પૃશ્નિ' હતાં અને વસુદેવજી 'સુતપા' નામે પ્રજાપતિ હતા. બ્રહ્માએ તમને પ્રજા પેદા કરવાની આજ્ઞા કરી. તમે ઉગ્ર તપ કર્યું. તેથી મેં પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું. ત્યારે મારા જેવા પુત્રની ઈચ્છા કરી એટલે હું 'પૃશ્નિગર્ભ' તરીકે જાણીતો થયો.

બીજા જન્મે તમે કશ્યપ અને અદિતિ થયા ત્યારે મેં તમારી કૂખે 'ઉપેન્દ્ર' નામથી જન્મ લીધો. હું ખુબ જ ઠીંગણો હતો એટલે હું 'વામન' કહેવાયો. ત્યારથી હું 'વામન ભગવાન' તરીકે પ્રસિદ્ધ છું.

ત્રીજા જન્મમાં હું તમારે ત્યાં ફરીથી પ્રગટ થાઉં છું. નિર્ભય થઈને તમે મારા સ્વરૂપનું ધ્યાન ધરજો. આટલું કહી પ્રભુએ પોતાનું ચતુર્ભુજ સ્વરૂપ સંકેલી લીધું અને નાના બાલસ્વરૂપે પધારી હાથ–પગ ઉછાળવા લાગ્યા. વસુદેવજી લાલાને ગોકુળ મુકી આવ્યા અને ગોકુલમાં નંદમહોત્સવ મનાવાયો.

શ્રીમહાપ્રભુજી નંદમહોત્સવના પ્રત્યક્ષ દર્શન કરી રહ્યાં છે. અને મનમાં વિચારે છે કે આ નંદનંદન મારે ત્યાં પધારશે. વિઠોબાએ કહ્યું હતું કે, 'શ્રીનાથજી બાવાશ્રીને આપશ્રીને ત્યાં પુત્રસ્વરૂપે પ્રગટ થવું છે. એજ નંદનંદના દર્શન શ્રીમહાપ્રભુજી પ્રત્યક્ષ કરી રહ્યાં છે. આપશ્રીએ શ્રીકૃષ્ણ અને બલદેવજીને આનંદપૂર્વક ખેલતાં નિહાળીને વિચાર આવ્યો કે આ જ બન્ને મારે

ત્યાં પ્રગટ થશે. શ્રીગોપીનાથજી વેદપંથનો વિસ્તાર કરશે એટલે કે તેઓ વેદ પ્રતિપાદિત પુષ્ટિમર્યાદામાર્ગનો પ્રચાર કરશે અને વેદમાર્ગને નિષ્કંટક બનાવી આખા ભારતમાં સુદંઢ કરશે. શ્રીમહાપ્રભુજીએ આસુર વ્યામોહ લીલા કરી, પછી શ્રીગોપીનાથજી પુષ્ટિમાર્ગના આચાર્ય બન્યા. આપશ્રીએ સેવાની પ્રણાલિકા વધુ વ્યવસ્થિત કરી. વૈષ્ણવોએ વૈષ્ણવી જીવન કેવી રીતે ગાળવું તે માટે આપશ્રીએ 'સાધન દીપિકા' નામનો ગ્રંથ રચ્યો. વૈદિક માર્ગમાં આપશ્રીને આસક્તિ હોવાથી સોળ પ્રકારના સંસ્કારો, આહ્નિક કર્મો, સંધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃ તર્પણ, વૈશ્વદેવની પૂજા વગેરે કર્મો ઉચ્ચ વૈષ્ણવોએ સારી રીતે આચરવા જોઈએ તેવી આજ્ઞા આપશ્રીએ કરી છે. તેઓ હંમેશા શાસ્ત્રોના નિયમોને અને મર્યાદાને બહુ જ મહત્વ આપતા.

શ્રીવિઠ્ઠલનાથજી દૈવી જીવોને પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા શ્રીકૃષ્ણના સ્વરૂપાનંદનો આનંદ અધિકાધિક કેમ કેળવવો તે સમજાશે. સંવત ૧૫૭૨ના માગશર વદ ૯ ને શુક્રવારે હસ્તનક્ષત્રમાં શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાગટય ચરણાટમાં થયું. શ્રીચંદ્રાવલીજીએ આપશ્રીના લલાટમાં કસ્તુરીનું તિલક કર્યું. જે આજીવન પ્રકાશ રહ્યું. આપશ્રીનું 'વિઠ્ઠલ' નામ પણ દૈવી જીવોના મહાન ઉપકાર માટે હતું. જે જ્ઞાનશૂન્ય હોય તેવા દૈવી જીવોના અજ્ઞાનને દૂર કરી, તેમને સાચું બ્રહ્મજ્ઞાનનું જ્ઞાન આપે તેનું નામ વિઠ્ઠલ. આપશ્રીએ અનેક દૈવી જીવોને બ્રહ્મવાદ અને ભક્તિમાર્ગનું જ્ઞાન આપી તેમનો ઉદ્ધાર કર્યો છે. સેવાનો વિસ્તાર કર્યો છે. સંગીતકલા, ચિત્રકલા, પાકશાસ્ત્ર, ભરતકામ, વગેરે અનેક કલાઓનો આપશ્રીએ સેવામાં અંગીકાર કર્યો. સંગીતક્ષેત્રે હવેલી—સંગીતનો વિશિષ્ટ પ્રકાર વિકસાવ્યો. ખરી રીતે આપશ્રીનો આત્મા સાચા અર્થમાં તો 'શ્રીકૃષ્ણ'નો જ હતો. શ્રીવિઠ્ઠલ દૈવી જીવોને આનંદ આપવા જ પ્રગટયા છે.

આ રીતે શ્રીમહાપ્રભુજી શ્રીવૃંદાવનની અલૌકિક ઝાંખી કરી પરાસોલીની શ્રીયમુના—તટ પરથી પોતાની નિકુંજમાં બાલસ્વરૂપે બલદેવજી અને કૃષ્ણની લીલાના આપશ્રીને પ્રત્યક્ષ દર્શન થઈ રહ્યાં. આવી બાલક્રીડા જોઈ આપશ્રીના મનમાં આનંદની ઊર્મિઓ ઉછળવા લાગી.

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

૯. સત્ય

સત્યમેવ જયતે નાનૃતમ્

—ગતાંકથી ચાલુ

આથી એ સિદ્ધ થાય છે કે એક બ્રહ્મ જ સત્ય છે અને તેને મેળવવાના જે સાધન છે તે પણ સત્ય કહેવાય છે. આ સાધનોથી યુક્ત સત્ય જ સત્ય છે. આ સાધનો વિગતવાર કહેવાની કોઈ આવશ્યકતા દેખાતી નથી, કારણ કે તેમાંથી કેટલાકનું વર્ણન તો આ લેખમાં માનવ–ધર્મના લક્ષણોમાં આવી ચૂકયા છે અને અહીં આ નવ લક્ષણમાં સત્ય શબ્દ વિશેષ કરીને વાણી સાથે જ સંબંધ ધરાવે છે. ઈન્દ્રિયો અને મનથી જેવું જોયું, સાંભળ્યું, સુંઘ્યું, સ્પર્શ કર્યો, ચાખ્યું અને સમજ્યું, બરોબર એવું જ કહેવું સત્ય કહેવાય છે. આ સત્ય શબ્દની વ્યાખ્યા કરવામાં આવે છે. પરંતુ ખરેખર બરોબર એવું જ બનવું અસંભવ છે. આંખ જેવું રૂપ જુએ છે કે કાન જેવા શબ્દ સાંભળે છે તેનું યથાર્થ વર્ણન શબ્દો દ્વારા થઈ જ ન શકે. કારણ આંખ અને કાન વિગેરે ઈન્દ્રિયોમાં પોતાના વિષયોને જાણવાની અને મનમાં વિચારવાની જેટલી શક્તિ છે અને તે થોડી જ વારમાં જે હોંશિયારીથી પોતાનું કામ કરી લે છે તેટલું જેમ છે તેમ વ્યક્ત કરવા માટે કોઈપણ ભાષામાં પૂરતા શબ્દ જ નથી બન્યા. આથી એ તો કહી જ ન શકાય કે, મેં જે કાંઈ જોયું છે,

સાંભળ્યું છે કે સમજ્યો છું તેને જેમ છે તેમ યથાર્થ કહી રહ્યો છું, ત્યારે બધી વાતો મનની સરળતા પર આવીને અટકે છે. મનમાં કોઈ વાત છૂપાવી કે દબાવી ન રાખવી. જેવું સમજ્યું હોય તેવું ઈમાનદારીથી સરળતા સાથે બરોબર એવું જ સમજાવવા પ્રયત્ન કરવો. સાંભળેલ બધા શબ્દો સમયસર ન પણ નીકળે, પરંતુ સાચું અને સરળ હોય તો તે બે ઈમાન કે જુદુ નહીં કહી શકાય.

યોગદર્શન સાધન પદના ત્રીજા સૂત્રના ભાષ્યમાં ભગવાન કહે છે કે :—

સત્યં યથાર્થે વાઙ્મનસે, યથાદષ્ટં, યથાનુમિતં, યથાશ્રુતં તથા વાઙ્મનશ્ચેતિ, પરત્ર સ્વબોધ સંક્રાન્તયે વાગુક્તા સા યદિ ન વંચિતા ભ્રાન્તા વા પ્રતિપન્તિ બન્ધ્યા વા ભવેદિતિ ।

"મન સહિત વાણીના યથાર્થ કથનનું નામ સત્ય છે એટલે કે જેવું જોયું, સમજાયું અને સાંભળ્યું છે, બીજાને કહેતી વખતે મન અને વાણીનો બરોબર ઉપયોગ કરવો જોઈએ. જોઈ, સાંભળી, સમજી જે વાત પોતાની સમજમાં જેવી આવી હોય, બરોબર એજ સાંભળનારની સમજમાં પણ આવે, આવા કથનનું નામ સત્ય છે. ભાષામાં બરોબર એવાજ શબ્દ બોલવા છતાં પણ જો તમારી વાક્—ચાતુરી કે અસાવધાનીથી સાંભળનાર ભ્રમમાં પડી જાય કે ઠગાઈ જાય તો તેનું નામ સત્ય નથી. અથવા ભાષા સત્ય હોવા છતાં પણ ભાવ બદલાવીને કહેવાને કારણે જો સાંભળનાર એ વાતને બરોબર ન સમજી શકે તો તે પણ સત્ય નથી."

આમાં સૌથી મુખ્ય એ વાત સમજાવવામાં આવે છે કે મનુષ્યે એવા જ વચન બોલવા જોઈએ, જેનાથી સાંભળનાર ઠગાઈ ન જાય, છેતરાઈ ન જાય અને જે તમે સમજ્યા છો, બરોબર એ વાત તે પણ સમજી જાય. તેને માટે જરૂરત પડે તો વાક્યોની સાથે સાથે ઈશારાઓથી પણ કામ લેવું જોઈએ. ખરેખર સરળતા હોય તો આ બધું સંભવ છે. બીજાઓને ઠગવાની દાનત મનમાં રાખી ભાવોને છૂપાવી શબ્દોથી 'સાચા મિયાં' બનનારની આજકાલ કોઈ કમી નથી. પરંતુ હૃદયના સરળ સત્યવાદી પુરૂષ ઘણાં ઓછા છે.

કેટલાક લોકો માને છે કે વેપાર, વિવાહ, અદાલત અને જાતિય કામો વિગેરેમાં સત્યનો

ઉપયોગ ન કરવાની આપણને છૂટ મળેલી જ છે, પરંતુ આ વાત યોગ્ય નથી. જુઠું બોલવાની વાત ક્યાંય નથી મળતી. અપવાદસ્વરૂપ શબ્દો ક્યાંક ક્યાંક મળે છે, એ પણ ખાસ કરીને એવી જગ્યાએ જ્યાં સત્ય બોલવાથી બીજાનું અહિત (અનિષ્ઠ) થતું હોય. જોકે મહાભારત શાંતિપર્વના દશમા અધ્યાયમાં ભીષ્મપિતામહના ઉદાહરણો સાથે કેટલાક એવા વાક્યો મળે છે કે "જ્યાં અસત્ય સત્ય થતું હોય અને સત્ય અસત્ય થતું હોય ત્યાં સત્ય ન બોલવું જોઈએ. ડાકુ કોઈનું ધન લુંટવા આવે તે સમયે તેને સાચી વાત ન કહેવી જોઈએ." પરંતુ તેથી પણ અસત્ય બોલવાની રીત સિદ્ધ થતી નથી. કારણકે આ અધ્યાયમાં સૌ પ્રથમ પિતામહના વચન છે—

સત્યસ્થવચનં સાધુ ન સત્યાદ્વિદ્યતે પરમ્ ।

'સત્ય બોલવું શ્રેષ્ઠ છે, સત્યથી ઉત્તમ બીજું કંઈ પણ નથી' હાં, યોગદર્શનના ભાષ્યમાં ભગવાન વ્યાસે એવા વચનોથી મનાઈ જરૂર કરી છે જેનાથી બીજાની હાનિ થાય. તેઓ કહે છે **એષાં સર્વભૂતોપકારાર્થે પ્રવૃતા ન ભૂતોપઘાતાય, યદિ ચૈવમપ્યભિધીયમાનાં ભૂતોપઘાતપરૈવ સ્યાન્ન સત્યં ભવેત્ । પાપમેવ ભવેત્ । તેન પુણ્યાભાસેન પુણ્યપ્રતિરૂપકેણ કષ્ટતમં પ્રાપ્નુયાત્, તસ્માત્પરીક્ષ્ય સર્વભૂત હિતં સત્યં બ્રૂયાત્ ।**

"એવા પ્રકારના વાક્યોનો ઉપયોગ કરવો જોઈએ જેનાથી જીવોનું મંગળ થાય. કોઈનું પણ અનિષ્ઠ ન થાય. જો બરોબર વાક્ય બોલવાથી પણ બીજાનું અનિષ્ઠ થતું હોય તો તે સત્ય નથી, પાપ છે. એકવાર તે પુણ્ય દેખાય છે, પરંતુ તેનાથી (હું સાચો છું, સાચું કહું છું, ભલે કોઈનું સારુ થાય કે બગડે) અભિમાન ઉત્પન્ન થઈને અને બીજાનું ખરાબ થવાના પાપને કારણે, તેના પરિણામમાં અત્યંત કષ્ટ (નરક—દુઃખ) ભોગવવું પડે છે. તેથી બહુ વિચારીને જબાન ખોલવી જોઈએ જેનાથી જીવોનું હિત થાય, કયારેય પણ કોઈનું અનિષ્ઠ ન થાય."

—ક્મશ .

કંઠાભરણમ્

શ્રી તુલશીસ્તોત્રમ્

તુલસી શ્રીમહાલક્ષ્મી ર્વિદ્યાવિદ્યા યશસ્વિની ।
ધર્મ્યા ધર્માનના દેવી દેવદેવમઃ પ્રિયઃ ॥
લક્ષ્મી : પ્રિય સખી દેવી દ્યૌર્ભૂમિરચલા ચલા ।
ષોડશૈતાનિ નામાનિ તુલસ્યાઃ કીર્તનન્નરઃ ।
લભતે સુતરાં ભક્તિમન્તે વિષ્ણુપદં લભેત્ ॥

તુલશી, શ્રીમહાલક્ષ્મી, વિદ્યા, અવિદ્યા, યશસ્વિની, ધર્મરૂપા, ધર્મમુખી, દેવી, દેવોના દેવને વહાલાં, લક્ષ્મી, પ્રિયસખી, માતા, સ્વર્ગ, પુથ્વી, અચલા અને ચલા– તુલશીના સોળ નામોનું જે મનુષ્ય કીર્તન કરે એને જરૂર ભક્તિ પ્રાપ્ત થાય અને અંતે એ વિષ્ણુપદને પામે.

ગીતાજીના અઢાર નામ

ગીતા ગંગા ચ ગાયત્રી સીતા સત્યા સરસ્વતી ।
બ્રહ્મવિદ્યા બ્રહ્મવલ્લી ત્રિસંધ્યા મુક્તિગેહિની ॥
અર્ધમાત્રા ચિદાનંદા ભવઘ્ની ભયનાશિની ।
વેદયત્રી પરા–નંતા તત્ત્વાર્થ જ્ઞાનમંજરી ॥
ઈત્યેતાનિ જપેન્નિત્યં નરો નિશ્ચલમાનસઃ ।
જ્ઞાનસિદ્ધિં લભેચ્છીઘ્નં તથાન્તે પરમં પદમ્ ॥

ગીતા, ગંગા, ગાયત્રી, સીતા, સત્યા સરસ્વતી, બ્રહ્મવિદ્યા, બ્રહ્મવલ્લી, ત્રિસંધ્યા, મુક્તગેહિની, અર્ધમાત્રા, ચિદાનંદા, ભવઘ્ની, ભયનાશિની, વેદત્રયી, પરા, અનંતા અને તત્ત્વાર્થ જ્ઞાનમંજરી– આ અઢાર (સાર્થક) નામનો નિશ્ચલ મનથી નિત્ય જપ કરનાર અર્થાત્ તેમનો અર્થ સમજી તદનુકુલ અનુભવ કરનાર મનુષ્ય તરત જ જ્ઞાનસિદ્ધિ પ્રાપ્ત કરે છે અને અંતે પરમ પદ મેળવે છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદી ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૬૪. નિઃસાધનતા એ જ અબળાપણું છે.

એક દિવસ કહ્યું કે આ જીવને ઘેર ગુરૂ આરોગે છે, બંગાળાના વૈષ્ણવે બાજરીની ખીચડી શ્રીગોકુલનાથજીનો સેવક હતો, તેણે આરોગાવી હતી. ને શ્રીગોકુલનાથજી દાળ, ભાત, શીખંડને પુરી લઈને ઉઠયા. હવે શ્રીપાવર્તી વહુ આચમન કરાવવા મંડયા, ત્યારે કોગળા કરતા બાજરીના દાણા નીકળ્યા. ત્યારે વહુજીએ પૂછયું કે આ બાજરી મુખમાંથી ક્યાંથી નીકળી ? ત્યારે શ્રીજીએ કહ્યું કે બંગાળામાં મારો સેવક છે. તેણે મને બાજરીની ખીચડી ભોગ ધર્યો હતો, ત્યારે હું આરોગવા ગયો હતો, તેથી નીકળ્યા. મર્યાદા વિના આચાર વિના ગુરૂ આરોગે નહીં, માટે જ્યાં એવા ગુરૂ છે, ત્યાં તેવો ભોગ હોય તો ગુરૂ સુખે આરોગે, નહીં તો દુઃખે આરોગે. વળી કહ્યું કે, શ્રીઠાકોરજીને વ્યાપી વૈકુંઠ ગમતું નથી ને અહીંયા વૈષ્ણવની ઝુંપડી ગમે છે, તેથી વ્યાપી વૈકુંઠથી પોતે અહીંયા પધાર્યા છે. પ્રભુને ભગવદીયની ઝુંપડી બહુ ગમે છે, પણ ભગવદીને તો એવો ભાવ જોઈએ કે, મારે ઠાકોરને સારૂં સારૂં મંદિર, સારૂં રસોઈઘર, ને સારૂં આરોગવાનું સ્થળ જોઈએ. એવો મનોરથ જોઈએ, કે મારા પ્રભુ સારી સારી સામગ્રી આરોગે તો સારૂં. ભક્તને તો એવા મનોરથ જોઈએ, ને ભગવાનને તો એને ન મળે તો ઝુંપડી પણ વહાલી લાગે છે, તેથી ઘણા પ્રસન્ન છે.

વળી, કહે છે કે, જ્યાં સુધી શ્રીઠાકોરજીમાં ધાતુ બુદ્ધિ હોય, ત્યાં સુધી બોલતા નથી, પણ જ્યારે શ્રીઠાકોરજીને જાણશે, ત્યારે તેને ફળ તેજ ઘડીએ થશે. જ્યાં સુધી ઠાકુરજી જાણતા નથી, ને સેવા કરે છે, ત્યાં સુધી સેવા સાધનરૂપા છે, ને જ્યારે એ જ શ્રીકૃષ્ણચંદ્ર છે, પૂર્ણ પુરૂષોત્તમ છે અને તેજ વેળા ફળ તેમજ નામનું પણ સમજવું.

પ્રભુના નામના અક્ષર જાણે છે, ત્યાં સુધી નામ સાધન છે, ને જ્યારે એ નામ જેટલા અક્ષર છે, તે પોતાના સ્વરૂપના અક્ષર છે; તે પૂર્ણરૂપ છે. જેમ શ્રીભાગવતના બાર સ્કંધ છે, તે પોતાના અવયવો છે, એ બારેય એકઠા કરીએ, ત્યારે પોતાનું એક સ્વરૂપ બને છે. તેમજ અષ્ટાક્ષરને તેમજ પંચાક્ષરનું સમજવું. તેમ સેવાનું એક રૂપ છે. સ્મરણનું એવું રૂપ છે.

—ક્રમશઃ

પુસ્તક પરિચય

૧. પુષ્ટિ પરિમલ

લેખક : પૂ.પા.ગો. શ્રીદ્વારકેશલાલજી મહોદય   પ્રકાશક : શ્રીદ્વારકેશ પુષ્ટિમાર્ગીય સેવા ટ્રસ્ટ, કાંદીવલી.

પ્રાપ્તિસ્થાન : (૧) શ્રીદ્વારકેશલાલજી મહોદય, શ્રીદ્વારકાધીશજીની હવેલી, દ્વારકેશ નિકેતન
મજીઠીયા નગર પાસે, એસ.વી.રોડ, કાંદીવલી, (વેસ્ટ) મુંબઈ– ૪૦૦૦૬૭.
(૨) શ્રીભીખાભાઈ સોની, શ્રીદ્વારકેશ યુવક મંડળ
શ્રીદ્વારકાધીશજીની હવેલી, અમરેલી–૩૬૫૬૦૦૧.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૬. ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, ટાઈટલ (૧) પ્રથમ મીલન (૨) લેખક મહોદયશ્રીના બહુરંગી ચિત્રજીવાળું. ન્યોછાવર રૂ. ૧૫/–

આ નાનકડી પુસ્તિકામાં પુષ્ટિમાર્ગના સરળ ટુંકા પરિચય સાથે વૈષ્ણવો માટે આચાર પ્રણાલી, દિનચર્યા પાળવાના વ્રત, તથા નિયમો તેમજ મુખ્ય સિદ્ધાંતો, પવિત્રાની ભાવના છે. અષ્ટાક્ષર મંત્રનો મહિમા વિગેરે ટુંકમાં સમજાવવામાં આવેલ છે. ગાગરમાં સાગરને સમાવવા સફળ પ્રયત્ન કરેલ છે. સાથે સાથે દારૂ અને તમાકુની વ્યસનમુક્તિ વિશે પણ મનનીય માર્ગદર્શન છે. દરેક વૈષ્ણવને વાંચવા અને વસાવવા લાયક પુસ્તિકા.

૨. નવરાત્ર–શરદોત્સવ–ગરબા

સંપાદક : રવજી પ. પટેલ   પ્રકાશક : આં.રા.પુ.વૈ. પરિષદ ધોરાજી શાખા.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૩૨+૧૨=૧૪૪. ઓફસેટ પ્રિન્ટીંગ, સેક્સન સિલાઈ, ટાઈટલ ઉપર શ્રીયુગલ સ્વરૂપનું બહુરંગી ચિત્રજી. ન્યોછાવર રૂ.૨૫/– પોસ્ટેજ એકથી પાંચ પ્રતના રૂ. ૧૫/– સાદી પોસ્ટથી મોકલાશે નહીં.

ભક્તિમાં નવ–રંગ, નવરસ જ્યારે નવરંગી–શ્યામ–શ્યામા અને ભક્તોનું જૂથ એકત્રિત થાય અને વિવિધ રસાત્મક લીલાઓનું સર્જન થાય ત્યારે નવ–વિલાસની લીલા પ્રકટ થાય છે. દાન એકાદશીની અંતરંગો સાથેની અંતરંગ લીલાના આનંદનો સ્વાદ પ્રાપ્ત થયા પછી, સાંઝી અને પછી દશેરા – શરદપૂર્ણિમાના પૂર્વે નવ દિવસ સુધી લગાતાર આ ઉત્સવ તો સમગ્ર સમાજ માટે અનેરા ઉત્સાહનું વાતાવરણ જગાડે છે.

પ્રસ્તુત પુસ્તિકામાં નવવિલાસના પદો, ગણગૌરીના પદો ભાવાર્થ સાથે, તેમજ તે પદોના ભાવવાહી–ભાવાનુવાદ–ગરબા અને ધોળની રચનાઓ છે. ઉપરાંત શ્રીયમુનાજીના ગરબા, શરદોત્સવ–મુરલીના રાસ–ગરબા, વિવિધ લીલા–પ્રાકટય તથા બાળલીલા, પલના–હિંડોળા, ગોચારણ, સ્વરૂપાસક્તિ, ખંડિતા–માન–વિરહની ભાવનાના, દીનતા–આશ્રય વગેરેના ગુજરાતીમાં રાસ–ગરબા–ધોળ વગેરે જુદા જુદા ભક્ત કવિઓની **૨૨૫** ઉપરાંત કૃતિઓનો અનુપમ સંગ્રહ છે. આ મહાનુભાવોની રચનાઓનો ગુણાનુવાદ નૃત્ય તથા રાસ દ્વારા પોતાના ભાવોને પ્રગટ કરે છે જેથી દિવસ અને રાત ભગવદ્‌વિષયક રસાનુભૂતિનો આહ્‌લાદ–ઉલ્લાસ માણવાલાયક પુસ્તકનું પ્રાપ્તિસ્થાન :

રવજીભાઈ પ. પટેલ
'અમૃત' જલારામ–૧ માર્ગ–૩,
યુનિવર્સીટી રોડ, રાજકોટ. ૩૬૦૦૦૫. ફોન–૫૭૩૨૦૫

(૩) શ્રીભાગવતામૃત ગ્રંથ–૧

સંકલન–સંપાદન : પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક : શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, હરસાનીજી હાઉસ, ૪૧–૪૪, ઉર્મી શોપીંગ સેન્ટર,
બી. કે. સીનેમાની સામે, મહેસાણા – ૩૮૪૦૦૨.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૨૦, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, કાર્ડ બોર્ડ લેમીનેશન ટાઈટલ પુસ્તક પ્રકાશન સહાય રૂ. ૨૦/–

પુષ્ટિસાહિત્યના સિદ્ધ હસ્તલેખક દ્વારા વૈષ્ણવ સૃષ્ટિને એક વિશેષ ગ્રંથ રત્ન પ્રાપ્ત થાય છે. જેમાં શ્રીમદ્ ભાગવતનું નિરૂપણ એક એક સ્કંધ અલગ અલગ ગ્રંથરૂપે પ્રકાશિત થશે. તેનું આ પ્રથમ પુષ્પ છે. જેમાં શ્રીમદ્ ભાગવતજીના મહિમાનું ગુણગાન સુંદર સરળ ગુજરાતીમાં કરવામાં આવ્યું છે. દરેક વૈષ્ણવે, પાઠશાળા અને ભગવદ્ મંડલી તથા પુષ્ટિ સાહિત્યના ચાહકે અચૂક વાંચવા અને વસાવવા યોગ્ય ગ્રંથ શ્રેણિનું પ્રથમ પુષ્પ.

(૪) હું કોણ ? પુષ્ટિમાર્ગીય જવાબ

લેખક : પ્રા. રમેશભાઈ વિ. પરીખ પ્રકાશક : ક્રમાંક ૩ મુજબ

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૩૬, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, કાચું પુંઠું, પુસ્તક પ્રકાશન સહાય રૂ. ૫/–

દરેક જિજ્ઞાસુ 'હું કોણ ?' એ પ્રશ્નનો જવાબ શોધવા પ્રયત્નશીલ રહે છે. આ પ્રશ્નનો જવાબ પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાંતો મુજબ સુંદર, સરળ, વાર્તાલાપ રૂપે ગુજરાતીમાં આ પુસ્તિકામાં સમજાવવામાં આવેલ છે. સમજાવનાર છે પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક વાંચવામાં અને સમજવામાં એકદમ સરળ પુસ્તિકા જાણે કે યુવા પેઢી અને દરેક વૈષ્ણવ માટે જ લખાઈ છે.

(૫) મોક્ષ પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ

લેખક–પ્રકાશક : ઉપર ક્રમાંક ૪ અને ૩ મુજબ

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૩૨, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, કાચું પુંઠુ, પુસ્તક પ્રકાશન સહાય રૂ. ૫/–

ચાર પુરૂષાર્થ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ માટે દરેક જીવ પ્રયત્નશીલ છે. મોક્ષ એટલે નિવૃત્તિ. પુષ્ટિ દષ્ટિકોણ મુજબ મોક્ષ શું છે તે સુંદર અને સરળ રીતે આ પુસ્તિકામાં સમજાવાયું છે. અન્ય રીતે પ્રાપ્ત થતો મોક્ષ અને પુષ્ટિમોક્ષ વચ્ચેનો સૂક્ષ્મ તફાવત સરળ રીતે રજુ કરેલ છે. દરેક વૈષ્ણવે અને યુવા પેઢીએ વાંચવા લાયક પુસ્તિકા.

આં.રા.પુ.વૈ. પરિષદ મણિનગર શાખાના ઉપક્રમે તૃતીય જીવનસાથી પરિચયમેળો યોજવામાં આવ્યો છે. ફોર્મ ભરવા તથા વિશેષ માહિતી માટે સંપર્ક :
પ્રફુલ્લાબેન શાહ ૨,સંગેમરમર કોમ્પલેક્ષ, એકસાઈઝ ચોકી, આંબાવાડી, અમદાવાદ. ૧૫ ફોનઃ ૬૫૬૦૬૭૯
મયુરીબેન શાહ – ૫૩૨૭૦૨૫

સમાચાર

વૈષ્ણવ પરિષદના અગ્રણિઓનું શ્રીનાથદ્વારામાં પૂ.પાદ ગો.શ્રી તીલકાયતશ્રીએ કરેલું સન્માન

મુંબઈથી શ્રીનાથદ્વારા–મથુરા સુધી સ્પેશીયલ ટ્રેનની પરિષદની માગણી

આં.રા.પુ.વૈષ્ણવ પરિષદની કેન્દ્રીય કારોબારીની મીટીંગમાં શ્રીનાથદ્વારા ખાતે આવેલા સૌ કાર્યકરોનું પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રધાન પીઠાધીશ્વર તીલકાયતશ્રી–પૂ.પા.ગો. શ્રી૧૦૮ શ્રી દાઉજી મહારાજશ્રીએ ઉપરણાથી સન્માન કર્યુ હતું. અને આં.રા.પુ.વૈ.પ.ના કાર્ય માટેના સંગઠનને મજબૂત બનાવવાના તેઓશ્રીએ આશિર્વાદ આપ્યા હતા. એ પ્રકારે વૈષ્ણવ પરિષદની અખબારી યાદીમાં સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠે અત્રે જણાવ્યું છે.

સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિની સગવડતા માટે મુંબઈથી શ્રીનાથદ્વારા–મથુરા સુધીની એક સ્પેશયલ ટ્રેન માટેની કાર્યવાહી રજુઆત માટેના સંયોજક શ્રીહરિદાસ શેઠ (મદ્રાસ), આં.રા.પુ.વૈ.પ.ને ૯૨ વર્ષ થયા તેથી તેની શતાબ્દીના આયોજનો માટે શ્રીપ્રદ્યુમન શાસ્ત્રીજી સંયોજક તરીકે–સદસ્યતા અભિયાન અને વૈષ્ણવ પરિષદના સંગઠનનો વ્યાપ વધારવા, શ્રીજગન્નાથપુરી–શ્રી બાલાજીની જેમ શ્રીનાથજીની ગરીમા સચવાઈ રહે તેવી રજુઆત કરવાનું વિગેરે મહત્વના નિર્ણયો શ્રીઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠના અધ્યક્ષસ્થાને આં.પુ.વૈ.પ.ની કેન્દ્રિય કારોબારી સમિતિએ લીધા છે. એવું અખબારી યાદીમાં જણાવ્યું છે.

રાજસ્થાન રાજયની સમિતિની રચનાની જાહેરાત શ્રીદ્વારકાપ્રસાદ પાટોડીયાજી કરી,ગોવર્ધનમાં ગૌસેવાના કાર્યની ગતિવિધિની જાણકારી શ્રીમુકુંદભાઈ શાહે આપી, ડૉ.ગજાનન શર્મા, ચંદ્રહાસ દલાલ, શ્રીમદનલાલ શાસ્ત્રી, શ્રીધરણીધર શાસ્ત્રી, પ્રોફેસર ચીમનભાઈ શેઠ, પ્રિ. સી.પી. તલાટી, શ્રીમદનલાલજી નાગર, શ્રીઅશોક ઝવેરી, શ્રીઅમૃતલાલ દોશી વિગેરે કાર્યકરોએ પરિષદના કાર્ય માટેના રચનાત્મક સૂચનો કર્યા અને સૌ સેવાકીય કાર્યોના સંકલ્પ સાથે વીખરાયા હતા એ પ્રકારે શ્રીશેઠે અખબારી યાદીનાં અંતે જણાવ્યું છે.

પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી પ્રવચનોનો યોજાયેલો કાર્યક્રમ

તા. ૨૫–૯–૯૮ થી તા. ૨૮–૯–૯૮ સુધી

બોડેલી (જિ. વડોદરા તા. સંખેડા)

પૂ.પા.ગો. શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–રાજકોટ)ના પ્રવચનો અહીંની શ્રીદ્વારકાધીશજીની હવેલીમાં થયા હતા. જેમાં બે દીવસ પ્રવચન અને બે દિવસ પ્રશ્નોતરીના કાર્યક્રમો થયા હતા. ઉપરાંત જબુગામ તથા માંકણી ગામે પણ પૂ. મહારાજશ્રી ત્યાંના વૈષ્ણવોના ખાસ આમંત્રણથી પધાર્યા હતા અને ત્યાં પણ પ્રવચનો થયા હતા. વૈષ્ણવોએ મોટી સંખ્યામાં હાજર રહી આ પ્રવચનોનો (વચનામૃતોનો) લાભ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન સર્વશ્રી અશ્વિનભાઈ (યુવામંડળ વાળા) રજનીભાઈ, કીર્તનકાર વલ્લભદાસ વગેરે વૈષ્ણવોએ કર્યુ હતું. તા. ૨૭ ની રાત્રે આપશ્રીએ કીર્તનગાન પણ કર્યુ હતું.

પૂર પિડીતોને વૈષ્ણવ પરિષદ દ્વારા અન્ન પેકેટસનું વિતરણ

આં.પુ.વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ તરફથી પૂરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે કરીને શ્રીઠાકોરભાઈ શાહ, શ્રી પ્રજ્ઞાબેન દલાલ, શ્રી સ્મિતાબેન શાહે ન માંગી શકનાર અને ન કહી શકનાર બંધુઓની યાદી બનાવીને મધ્યમ વર્ગના બંધુઓને શ્રીસુનીલભાઈ દલાલને ત્યાં બોલાવીને ભાગવત પ્રવક્તા શ્રીપ્રદ્યુમન શાસ્ત્રીજી અને પ્રો. ચીમનભાઈ શેઠના વરદ હસ્તે લગભગ રૂ.૫૦૦ ના અન્ન–કીટ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું. પ્રો. શ્રીદિપકભાઈ શાહ, શ્રીદિનશા શાહ વિગેરે સેવા કાર્યમાં સાથે રહ્યાં હતા. વૈષ્ણવ પરિષદના અગ્રણીઓએ અડાજણ–રાંદેર–કતાર ગામની મુલાકાત લીધી. ડૉ. વસુબહેન પટેલ અને સ્મિતાબેન શાહને કતાર ગામ અને રાંદેરના કુટુંબીજનોનું સર્વેક્ષણનું કાર્ય સોંપ્યું. ગાંધી જયંતિના દિવસે પૂ.ગો.આચાર્યશ્રીના વરદ હસ્તે બીજા તબક્કામાં લગભગ ૨૫૦ બસો પચાસ કુટુંબીજનોને અન્ન ફુડ પેકેટસ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

શ્રી વલ્લભ ગૃહ સદા વધાઈ

શ્રી ચંપારણ્ય ધામ યાત્રા

"ષષ્ઠીપૂર્તી મહોત્સવના મંગલાચરણ રૂપ પ્રથમ સોપાન"

શ્રી અખિલ ભૂમંડલાચાર્ય જગદ્‌ગુરૂ શ્રીવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના વંશાવતંસ તૃતીય ગૃહાધિશ પૂ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજ કાંકરોલી નરેશની છત્રછાયામાં આપશ્રીની અધ્યક્ષતામાં અને પ.પૂ. નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીના કૃપા અનુગ્રહથી આધિદૈવિક દિવ્ય અલૌકિક ચંપારણ્ય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આપશ્રીના બંને લાલજી પૂ.પા.ગો.૧૦૮ શ્રીવાગીશલાલજી તથા પૂ.પા.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને ઉભય આચાર્ય ચરણોની પ્રેરણા–માર્ગદર્શન અને સંયોજનના સુભગ સમન્વયથી શ્રીવલ્લભની નિજસૃષ્ટિને આ દુર્લભ આનંદ પ્રાપ્ત કરવા સુંદર તક છે. દરેક વૈષ્ણવોને તેનો સુંદર લાભ લેવા અપીલ છે.

આ આયોજન આપશ્રી ગો.વ્રજેશકુમારજી મહારાજશ્રીના ષષ્ઠીપૂર્તિ મહોત્સવના પ્રથમ મંગલાચરણના સોપાનરૂપ શુભ સંદેશ છે. આ અલૌકિક યાત્રામાં શ્રીસર્વોત્તમજીના પાઠ તેમજ શ્રીમહાપ્રભુજીના સર્વોત્તમજીના ૧૦૮ નામો ઉપરથી ગોસ્વામી બાલકોના વચનામૃ થશે તેમજ પ્રતિદિન સુંદર મનોરથો થશે. નિત્ય સાંજે પ.ભ. શ્રીરમેશભાઈ પરીખ મહેસાણાવાળા શ્રીમહાપ્રભુજીનું દિવ્ય ચરિત્ર ગાન સંભળાવશે. તેમજ દરરોજ રાત્રે પ.ભ.કીર્તનકાર શ્રીવિઠ્ઠલભાઈ બાપોદરા શ્રીમહાપ્રભુજીના કીર્તન ગુણાનુવાદ રૂપે વધાઈ ગાન કરશે.

આ યાત્રા વડોદરાથી મહાવદ ૯ ને બુધવાર તા. ૧૦ ફેબ્રુઆરી '૯૯ ના રોજ ચંપારણ્ય જવા પ્રસ્થાન કરશે, તા.૧૧ એ ચંપારણ્ય પહોંચશે. તા. ૧૨ થી ૧૫ સુધી શ્રી પ્રભુના વિવિધ મનોરથોનું આયોજન કરેલ છે. હોળી ખેલ, બગીચામાં નંદમહોત્સવ–વસંતફાગના દિવ્ય મનોરથો વિગેરે. ત્યારબાદ તા.૧૬ ફેબ્રુઆરીએ શ્રીવલ્લભના દિવ્ય સ્વરૂપને હૃદયસ્થ કરી ભાવવિભોર બની પુનઃ તા.૧૭ ફેબ્રુ.ના રોજ વડોદરા મુકામે આવી જશે. સમગ્ર યાત્રા વડોદરાથી રાયપુર સુધી સ્પેશયલ ટ્રેન દ્વારા જશે અને ત્યાંથી ચંપારણ્ય બસ મારફતે તા.૧૧ ફેબ્રુ. પહોંચશે. એજ ક્રમ પ્રમાણે તા.૧૬મીએ પાછી ફરશે. જેમાં વૈષ્ણવો માટે ખાસ ઉતરવાની સગવડ તેમજ ભોજન, ચા, કોફી, ઉકાળો, નાસ્તો વિગેરેની બધી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ યાત્રામાં દરેક ઉત્સાહી ભાવિક વૈષ્ણવોને જોડાવા માટે આગ્રહભર્યું નિમંત્રણ છે. જે વૈષ્ણવોને સેવા–મનોરથ વિ.નો લાભ લેવા હોય તેવા દરેક વૈષ્ણવોએ "ચંપારણ્ય સેવા સમિતી કાર્યાલય" શ્રીબેઠક મંદિર, કેવડાબાગ, મદનઝાંપા, વડોદરા–૧. તથા શ્રીકલ્યાણરાયજી મંદિર, બાજવાડા, શેઠ શેરી, વડોદરા–૧. નો સંપર્ક કરી માહિતી મેળવવી.

રાજકોટમાં નવવિલાસનું સુંદર આયોજન

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પ્રેરિત શ્રીમદ્ વલ્લભાચાર્યજી સંસ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા–સંસ્કાર પાઠશાળા આયોજીત **“શ્રી ચંદ્રસરોવર રાસ મંડળ”** દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી નવરાત્રિ દરમ્યાન **“નવ વિલાસ”** નું આયોજન થઈ રહ્યું છે. પશ્ચિમાત્ય સંગીતની સુરાવલીઓ સાથે ડીસ્કો ડાંડીયાની મોંઘી ફી ભરી વાતાવરણને કલુષિત બનાવતા કાર્યક્રમોમાંથી યુવાનો બહાર આવે અને ભક્તિભાવ સુદઢ બને તેમજ અન્યાશ્રય તરફ ચિત્ત ન ઢળે તે હેતુથી પુષ્ટિમાર્ગીય સેવા–સંસ્કાર પાઠશાળા આયોજીત **“શ્રી ચંદ્રસરોવર રાસ મંડળ”** દ્વારા નવરાત્રિ નવવિલાસનું આયોજન કરવામાં આવે છે.

રૈયાનાકા ટાવર નજીક આવેલ શ્રી પ્રતાપકુંવરબા શાળામાં ‘શ્રી રાધાકૃષ્ણ ભક્તિના પદો –શ્રીયમુના મહારાણીજીનાં પદો સાથે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજમાં ગવાતા પ્રચલિત રાસ માટેનાં ધોળ પદોના ગાન સાથે નાના બાળકોથી માંડી પ્રૌઢ વય સુધીના ભાઈ બહેનો રાસમાં જોડાઈ આનંદ માણવાની સાથે ભક્તિભાવ દઢ કરી રહ્યા છે સાથે અનેક વૈષ્ણવો ભગવદ ગુણાનુવાદનાં શ્રવણ દર્શનનો આનંદ પ્રાપ્ત કરી રહ્યાં છે. પૂજ્ય ગોસ્વામી બાલકોના આશીર્વાદથી તેમજ આં.રા.પુ.વૈષ્ણવ પરિષદનાં ગુજરાત પ્રદેશના સહમંત્રી તેમજ શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિના પ્રમુખ શ્રીડાયાભાઈ ડેલાવાળાના માર્ગદર્શન તળે છેલ્લા ૧૪ વર્ષથી પાઠશાળાનું આયોજન થયેલ છે. હાલ રાજકોટના જુદા જુદા વિસ્તારમાં ૯ પાઠશાળા, ભુપેન્દ્રભાઈ ધાબેલીયા, શ્રીમતિ હર્ષાબેન ઠક્કર, મનોજભાઈ, જીજ્ઞેશભાઈ, ધર્મેશભાઈ, ભદ્રાબેન, દેવીબેન, પ્રિતીબેન વિગેરે યુવાનો પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

પાઠશાળામાં આવતા બાળકો પાસે કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી કે સંચાલકો પણ કોઈપણ પ્રકારનો ચાર્જ લેતા નથી. સેવા ભાવનાથી સૌ સાથે મળી કાર્ય કરી રહ્યા છે. પાઠશાળાની પ્રવૃત્તિની જાણકારી આપતા ભુપેન્દ્રભાઈ ધાબલીયા જણાવે છે કે પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાંતોનું મનન પઠન સાથે જાણકારી શ્રીઠાકોરજીના વાઘાવસ્ત્રો તેમજ શ્રીંગાર તૈયાર કેમ કરવા તે શીખવવાની સાથે વકૃત્વ સ્પર્ધા પ્રશ્નોત્તરી કવીઝ–ટાઈમ એકટીવીટી દ્વારા બાળકોમાં રહેલી શક્તિને બહાર લાવવા અને ખીલવવા સાથે વાજીંત્ર વાદ્ય કલા શીખવવા જેવી પ્રવૃત્તિ ચાલી રહી છે.

આ સાથે સેવાકીય પ્રવૃત્તિમાં અશક્ત ગાયોને દર રવિવારે ૫ મણ જેટલા લાડવા પાઠશાળાનાં બાળકો અને યુવાનો જાતે બનાવી રૂબરૂ ગાયોને ખવડાવતા જતા હોય છે. તેમજ માંદી ગાયોની દવા તથા ઓપરેશન કરવાની પ્રવૃત્તિ પાઠશાળાના બાળકો કરી રહ્યાં છે, સાથેસાથ દર રવિવારે ચીલ્ડ્રન હોસ્પિટલમાં ફળોનું પણ વિતરણ કરવામાં આવે છે અને આ બધી સેવાકીય પ્રવૃત્તિમાં કોઈપણ જાતનું ઉઘરાણું કરવામાં આવતું નથી પરંતુ બાળકો તથા યુવાનો પોતાને વાપરવા મળતી રકમમાંથી બચત કરી સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યાં છે. આવી અનેરી પ્રવૃત્તિમાં રાજકોટમાં બિરાજમાન ગો. બાલકો ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ ગો.શ્રી વૃજેશકુમારજી મહોદય ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહોદય ગો.શ્રી રસિકરાયજી મહારાજ ગો. શ્રીરવિન્દ્રકુમાર મહોદય તેમજ રાજકોટમાં પધારતા અન્ય ગોસ્વામી બાલકોના માર્ગદર્શન તથા આશીર્વાદ પ્રાપ્ત થતાં રહ્યાં છે. સાથે રાજકોટ વૈષ્ણવ કિર્તન મંડળી તથા વરિષ્ટ અગ્રણીઓનો સહયોગ પ્રાપ્ત થતો રહ્યો છે. ‘ચંદ્રસરોવર રાસ મંડળ’ના સમગ્ર સંચાલનમાં શ્રીવિનોદભાઈ ડેલાવાળાના માર્ગદર્શન તળે શ્રીવિષ્ણુ રાજદેવ, મહેન્દ્ર કંસારા, વસંતભાઈ ફીચડીયા, કિશોરભાઈ ફીચડીયા જેવા અનેક યુવાનો ‘નવરાત્રી નવવિલાસ’ રાસમાં સહયોગી બની રહ્યા છે.

આગશર વદ ૧ તા. ૪–૧૨–૯૮ શુક્રવાર : શ્રીનાથદ્વારસ્થ વર્તમાન ગો.તિલકાયત આચાર્યવર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રીદાઉજી મહારાજ (શ્રીરાજીવલોચનજી) નો જન્મદિન. (સં. ૨૦૦૫)

આગશર વદ ૨ તા. ૫–૧૨–૯૮ શનિવાર : ગો. ચિ. શ્રીસંદીપકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

આગશર વદ ૪ તા. ૭–૧૨–૯૮ સોમવાર : ગો. ચિ. શ્રીહૃષિકેશજી બાવાશ્રી (મુંબઈ–ધોરાજી)નો જન્મદિન.

આજીવન ગ્રાહકોની યાદી

૬૬૧ રંજનબેન મનુકાન્ત વસંત, રાજકોટ
૬૬૨ મગનલાલ વનમાળીદાસ ફીચડીયા, રાજકોટ
૬૬૩ હરિદાસભાઈ એમ. જસાણી, જતિપુરા
૬૬૪ ગોપાલદાસ દેવશીભાઈ અકબરી, નવાગામ
૬૬૫ કરમશી ખીમજી સીણોજીયા, ભાયાવદર
૬૬૬ ઈન્દુબેન અશોકભાઈ બાવરીયા, રાજકોટ
૬૬૭ યોગેશ કાનજીભાઈ રાયચુરા, કાલિકટ
૬૬૮ ચંદ્રિકાબેન બાલકુષ્ણ કંસારા, અમદાવાદ
૬૬૯ નવલબેન હરિભાઈ, રાજકોટ
૬૭૦ ગોકુલદાસ રાઠીં, હીંગનઘાટ
૬૭૧ જસભાઈ અંબાલાલ પટેલ, હીંગનઘાટ
૬૭૨ નારણભાઈ ઉનડકટ, હીંગનઘાટ
૬૭૩ નાથાભાઈ જેઠાભાઈ ટાંક, જુનાગઢ
૬૭૪ જાગાણી બી. એમ. જુનાગઢ
૬૭૫ બરસાના સીલેકશન, જુનાગઢ
૬૭૬ અમૃતલાલ ઓધવજી શાહ, જુનાગઢ
૬૭૭ ટીપટોપ ડ્રેસીઝ, જુનાગઢ
૬૭૮ જમનાદાસ ગોવિંદભાઈ વેકરીયા, જુનાગઢ
૬૭૯ અશોકભાઈ બી. રામાણી, જુનાગઢ
૬૮૦ પ્રેમજીભાઈ મનજીભાઈ હદવાણી, જુનાગઢ
૬૮૧ રસીકલાલ લક્ષ્મીદાસ દક્ષીણી, જુનાગઢ
૬૮૨ ઉર્મિલાબેન એમ. પારેખ, જુનાગઢ
૬૮૩ કે. જી. વોરા, રાજકોટ
૬૮૪ અંજનાબેન પ્રમોદકુમાર તેજુરા, નવાવાડજ
૬૮૫ પૂર્વીબેન જીતેન્દ્રકુમાર રાયઠઠ્ઠા, મલાડ
૬૮૬ શ્રીમતી મંજુલા ગંભીરદાસ સંઘવી, કલકત્તા
૬૮૭ શ્રીમતી ભાનુમતી રસિકલાલ સંઘવી, કલકત્તા
૬૮૮ વિજય પી. અંકોલા, માણાવદર
૬૮૯ લલિતકુમાર નટવરલાલ દેવડા, કોલ્હાપુર
૬૯૦ પ્રભુદાસ જેઠાલાલ ઠકરાર, જુનાગઢ
૬૯૧ નરેન્દ્રભાઈ વ્રજલાલ લાખાણી, રાજકોટ
૬૯૨ એલ. બી. રાખેલીયા, જુનાગઢ
૬૯૩ મોહનભાઈ પ્રેમજીભાઈ વૈશ્નાણી, રાજકોટ
૬૯૪ જે. પી. એન્ડ સંન્સ, રાજકોટ
૬૯૫ છોટાલાલ ગોવિંદજી સોની, રાજકોટ
૬૯૬ હસમુખભાઈ માધાભાઈ સંઘાણી, રાજકોટ
૬૯૭ આડેસરા નટવરલાલ વિઠ્ઠલભાઈ, રાજકોટ
૬૯૮ વામનરાય રતિલાલ મહેતા, રાજકોટ
૬૯૯ શ્રીમતી હંસાબેન પુષ્પકાન્ત બોરડ, રાજકોટ
૭૦૦ રમેશભાઈ રાણાભાઈ ભાલારા, જુનાગઢ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ ઢાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

સતસૈયા

ત્રૂઠેગોં, પ્રભુ ! રૂઠિહોં,
તો હૂ કછૂ ન સોષ;
ક્રોધ તિહારોં સુહુ હમેં,
દૈંગો ફલ વર મોષ. (૪)

ટીકા : હે શ્રીપ્રભુ ! તમે મારી ઉપર પ્રસન્ન તો થશો જ, પણ કદાપિ જો કોપશો તો એ પણ મારા માટે કાંઈ શોષ (ચિંતા) નથી. શા માટે કે તમારો ક્રોધ છે તે પણ વરદાન–તુલ્ય છે. કહેશો જે કેમ ? તો જુઓ, મહામોટા દુષ્ટ રાજા તથા અસુરોને પણ તમે ક્રોધ ધરીને માર્યા તોએ મોક્ષ આપ્યો, માટે અમને પણ તમારો ક્રોધ તેઓ પણ શ્રેષ્ઠ ફલ મોક્ષ તે તો આપશે જ. તો એ ચિંતા નથી. (૪)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO.. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૮
K. PARIKH
SOCIETY, NEHRU
ARLA (EAST),
BAY - 400057.

પીન.☐☐☐☐☐☐

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૮૦૨૦.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૭ અંક : ૯ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ડીસેમ્બર, ૧૯૯૮

વચનસુધા

" જો કોઈ શ્રીયમુનાના જળનું પાન કરે તો તેને યમ ના ત્રાસો ભોગવવા પડતા નથી. આ કહેવાનો તાત્પર્ય (મતલબ) એ છે કે પાપ થકી અપવિત્ર દેહ યમના ત્રાસ ભોગવે અને તેમાં ભગવદ્ ભાવ કે ધર્મ પ્રત્યે રૂચી થાય નહીં, પાપથી કષ્ટ થાય છે. આસુરી વૃત્તિવાળા તેવા કષ્ટને સુખ માનીને વાસનામાં પ્રવૃત્તિ કરે છે. તેવા જીવો મનની શાંતિ માટે મથ્યા કરે છે, અનેક પ્રકારના દેહ સુખ માણે છે, છતાં તેમને સુખ અને શાંતિ મળતા નથી. આમ હોવા છતાં તેઓ એનાથી છૂટી શકતા નથી. અસુરો અને દુર્યોધન જેવાની આવી જ સ્થિતિ હતી.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃત. શ્રીપ્રથમેશવાક્સુધા—૧)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દૃઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

માગશર વદ ૬ તા. ૯–૧૨–૯૮ બુધવાર : ગો.ચિ. શ્રીહરિરાયજી બાવાશ્રી દ્વિતીયગૃહ (નાથદ્વારા)નો, તથા ગો. શ્રીનીરજકુમારજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૧૦–૧૨–૯૮ ગુરૂવાર : શ્રીગુસાંઈજીના દ્વિતીયપુત્ર શ્રીગોવિંદરાયજીના લાલજી શ્રીકલ્યાણરાયજી (શ્રીહરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સં. ૧૬૨૫)

માગશર વદ ૮ તા. ૧૧–૧૨–૯૮ શુક્રવાર : હેમંત ઋતુ પુરી થઈ. ગો.ચિ. શ્રીપંકજકુમારબાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૯ તા.૧૨–૧૨–૯૮ શનિવાર : શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી – શ્રીવિઠ્ઠલનાથજીનો પ્રાગટય ઉત્સવ (સં. ૧૫૭૨), જલેબી ઉત્સવ. શિશિર ઋતુની શરૂઆત થઈ મહાવદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૧૩–૧૨–૯૮ રવિવાર : દશમ તથા એકાદશીના રોજ બાલલીલા ગવાય. ગો.શ્રીરસિકરાયજી મહારાજ શ્રી (મથુરા–પોરબંદર–રાજકોટ) નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૧૪–૧૨–૯૮ સોમવાર : સફલા એકાદશી વ્રત. શ્રીપ્રભુને આજે વિશેષતઃ ફલ અવશ્ય ભોગ ધરવા. ફલનું દાન કરવું તથા સ્વયં ભગવત્ પ્રસાદી ફલનું ભક્ષણ કરવું.

માગશર વદ ૧૨ તા. ૧૫–૧૨–૯૮ મંગળવાર : લલિત પંચમની શરૂઆત કરી મહાવદ ૫ ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય. ગો. ચિ. શ્રીવલ્લભલાલજી બાવાશ્રી (જામનગર–ચાંપાસેની) નો જન્મદિન.

માગશર વદ ૩૦ તા. ૧૮–૧૨–૯૮ શુક્રવાર : શ્યામ ઘટા. ગો.ચિ. શ્રીભૂપેશકુમારજી બાવાશ્રી (નાથદ્વારા) નો જન્મદિન.

પોષ સુદ ૪ તા. ૨૩–૧૨–૯૮ બુધવાર : ગો. શ્રીગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. શ્રીસંજીવકુમારશ્રી (મથુરા)નો જન્મદિન. (પંચમીનો ક્ષય હોવાથી આજે)

પોષ સુદ ૮ તા. ૨૬–૧૨–૯૮ શનિવાર : ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ (મથુરા–પોરબંદર) નો જન્મદિન.

પોષ સુદ ૯ તા. ૨૭–૧૨–૯૮ રવિવાર : ગો. શ્રીનવનીતલાલજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર–જુનાગઢ) નો જન્મદિન.

પોષ સુદ ૧૦ તા. ૨૮–૧૨–૯૮ સોમવાર : ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૨૯–૧૨–૯૮ મંગળવાર : પુત્રદા એકાદશી વ્રત.

–અનુસંધાન ટાઈટલ ૩ ઉપર

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૯ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ નવેમ્બર, ૧૯૯૮

॥ શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્પકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

તેરમો અપરાધ : "રાત્રિકો શ્રીઠાકુરજી કે જલ લોટીમેં (ઝારીજીમાં) ભર્યો હોય સો ફેર ધોય કે ભરેં"

શ્રીઠાકોરજીના રાત્રી અનવસરમાં જે ઝારીજી ભર્યા હોય તે સવારે પ્રથમ પ્રસાદીના ઠામમાં તેનું જલ પધરાવી પછી ઝારીજીને સારી રીતે માંજી સ્વચ્છ કરીને નવું–તાજું–ગળેલું જલ ભરીને પછી શ્રીઠાકોરજીને જગાવીને ધરવા જોઈએ. આમ કરવામાં ચૂકે તો અપરાધ પડે.

ચૌદમો અપરાધ : " પાછેં મંગલા ભોગ યથા શકિત ધરીયે "

આગળ બારમા તેરમા અપરાધમાં, શ્રીઠાકોરજીને જગાડવાનો સમય ન ચૂકવો અને ઝારીજી શુદ્ધ કરી ભરવા અંગે જણાવ્યું. પછી શ્રીઠાકોરજીને મંગળભોગમાં જે પ્રમાણે સગવડ હોય તે પ્રમાણે– માખણમીશ્રી, મલાઈ દૂધ, પકવાન–ઠોર વગેરેનો મંગલભોગ અવશ્ય ધરવો. ન ધરે તો અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૃ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન **વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.**

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

પંચપદ્યાનિ – ગ્રંથપરિચય

લેખક– ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ, (પાર્લા – કિશનગઢ)
ભાષાંતર– પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ.

—ગતાંકથી ચાલુ

જિજ્ઞાસુતા : શ્રવણોત્સુકતા બે પ્રકારની હોઈ શકે છે. (૧) પ્રમાણ (શાસ્ત્ર) તથા પ્રમેય (ભગવાનના સ્વરૂપ–ગુણધર્મ તથા લીલા) બંનેની બાબતમાં અથવા (૨) આ પ્રમાણમાં યા પ્રમેયમાંથી કોઈપણ એકની બાબતમાં, આને કેવલ **"શબ્દનિષ્ઠા"** તથા **"અર્થનિષ્ઠા"** પણ કહી શકાય છે.

આ જ રીતે કથારિતીના પણ બે પ્રકાર સંભવિત હોઈ શકે છે. (૧) સામાન્ય રુચિ તથા (૨) ઉત્કટ રતિ. આ બે ના પરસ્પર મિશ્રણમાંથી અનેક પ્રકારના વિકલ્પો બની શકે છે. જેવા કે :– (૧) કથા શ્રવણની ઉત્કટ રતિ તથા કથાના ઉભય પક્ષ–શબ્દ (પ્રમાણ) પક્ષ અને અર્થ (પ્રમેય) પક્ષ– માં જિજ્ઞાસુતા – શ્રવણોત્સુકતા રાખવા (ધરાવવા)વાળા ઉત્તમાધિકારી જ્ઞાની–ભક્ત જેવા મનાવા જોઈએ. (૨) કથા શ્રવણમાં ઉત્કટ રતિ (પ્રેમ) ન હોય તો પણ તેમાં સામાન્ય રુચિ ધરાવનાર તથા કથાના ઉભય પક્ષોમાંથી શબ્દ પર ભાર દેવાવાળા શબ્દનિષ્ઠ જિજ્ઞાસુ પ્રેમના અભાવને કારણે મધ્યમાધિકારી જ્ઞાની જેવા મનાવા ગણાવા જોઈએ. (૩) કથા શ્રવણમાં રતિ (પ્રેમ) રાખવાવાળા તથા કથાના શાબ્દિક પ્રમાણપક્ષની બાબતમાં શ્રવણોત્સુક ન હોવા છતાં પણ અર્થ (પ્રમેય) પક્ષની બાબતમાં જેમને તીવ્ર જિજ્ઞાસા હોય એવા માત્ર અર્થમાં જ નિષ્ઠા ધરાવનાર શ્રવણોત્સુકોને જ્ઞાનના અભાવના કારણે મધ્યમાધિકારી ભક્ત ગણવા જોઈએ. (૪) જેમને ઉત્કટ રતિ ન હોય અને અર્થનિષ્ઠા (કથાના અર્થ–પ્રમેય ભગવાનના સ્વરૂપ–ગુણ અથવા લીલાની બાબતમાં શ્રવણોત્સુકતા) પણ તીવ્ર ન હોય એવા સામાન્ય રુચિવાળા, જ્ઞાન–પ્રેમ ઉભય રહિત શ્રોતાઓને કનિષ્ઠ – નિમ્ન યા અધમ કોટિના ગણવા જોઈએ. **(દ્દષ્ટવ્ય શા.નિ. " એવં સર્વં તતઃ સર્વ સ ઈતિ જ્ઞાનયોગતઃ યઃ સેવતે હરિં પ્રેમ્ણા શ્રવણાદિભિરુત્તમ : પ્રેમાભાવે મધ્યમઃ સ્યાત્ જ્ઞાનાભાવે તથાદિમઃ ઉભયોરપ્યભાવે" કારિ. ૧૦૧–૨)**

છટ્ઠી દષ્ટિ આ પણ સંભવે છે કે આરંભના મુખ્ય–મધ્યમ–અધમ શ્રવણાધિકાર ક્રમશઃ **" રસ વિક્ષિપ્ત માનસ" "રસવિક્લિન્ન માનસ"** તથા કદાચિત્ રસાવેશથી **"રસાવેશવિકલ માનસ"** એવા વિશેષણો દ્વારા, ભક્તિમાર્ગીય શ્રવણાધિકારના વિવક્ષિત છે. પુષ્ટિ ભક્તને આ ભૂતલ ઉપર મળતી પરમ ફલની અનુભૂતિ અલૌકિક સામર્થ્ય યા તનુનવત્વનો લાભ

ડીસે

પ્રપત્તિમાર્ગવ્ય અધિકારીને નથી મળતો. પરંતુ વિદ્યમાન દેહના પડવા પછી તેમને સાયુજ્ય–મોક્ષ મળી શકે છે. આ કારણને લીધે દેશ–કાલ–દ્રવ્ય–કર્તા–મંત્ર, કર્માદિના અન્યાશ્રયના ત્યાગને કારણે એ અધિકારીઓ ઉત્તમ હોવા છતાં વિદ્યમાન દેહાદિથી ભૂતલ ઉપર પરમ ફલની અનુભૂતિથી વંચિત હોવાને કારણે તેમને **"મર્ત્ય"** કહેવામાં આવે છે. કારણ કે શ્રીકૃષ્ણ સાથેના સાયુજ્યનો લાભ તેમને મૃત્યુની બાદ (પછી) જ મળે છે. પંચમજ્ઞાનીના પ્રથમ ચાર શ્લોકોમાં વર્ણવાયેલ અધિકારીઓને **"મર્ત્ય"** નથી કહ્યા. આથી તેમનું ભક્તિમાર્ગીય હોવાપણું ધ્વનિત (સૂચિત) થાય છે.

સર્વ નિબંધમાં – **"સર્વત્યાગેઅનન્યભાવે કૃષ્ણમાત્રૈકમાનસે સાયુજ્યં કૃષ્ણદેવેન શીઘ્રમેવ ધ્રુવ ફલં"** આ કારિકાના પ્રકાશમાં **"એવં દેહપાત પર્યન્તં કૃષ્ણૈક માનસસ્ય સાયુજ્યં શીઘ્રમેવ ભવતિ કાયવાગ્ વિનિયોગાભાવે પિ સ્વસ્નેહાભાવેપિ મનોમાત્ર સ્થિતૌ ફલમેતદ્"** એમ કહીને પ્રપત્તિ માર્ગીય જીવના **"અનન્યમાનસ"** હોવા પર તેને ઉત્તમાધિકારી ગણ્યો છે.

—ક્રમશઃ

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

ગંગાજી હરે પાપને, શશી તાપ હરે ગયે શરણ;
દારિદ્રય ટાળે કલ્પવૃક્ષ, મળી ત્રણે કરે ત્રણ હરણ.
હરણ કરે ત્રણ તે તત્કાળ, મળતામાં હરિજન તે દયાળ;
જ્ઞાને તાપ હણે દર્શને દોષ, દૈન્ય ટાળે ઉપજાવી સંતોષ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૫)

શબ્દાર્થ : શશી–ચંદ્ર, દારીદ્રય– કંગાલીયત, કલ્પવૃક્ષ– ઈચ્છિતફળ આપનારૂં, દૈન્ય–દીનતા.

વિવેચન : ગંગાજી પાપને હરણ કરે, ચંદ્ર તાપને હરે, દારીદ્રય કલ્પવૃક્ષ આમ ત્રણે વસ્તુ એક એક કામ કરે છે. પરંતુ ભગવાનના ભક્ત આ ત્રણેય દુઃખને ટાળવા સમર્થ છે.

ભગવદ્ ભક્ત સંતોષી હોઈ છે. પોતાના હૃદયમાં ભરેલા ભાવોથી સામાવાળાને સમજાવીને સંસારમાંથી આસક્તિ છોડાવીને ભગવદ્ આસક્તિ કરાવે છે. જેણે જાણ્યું, જોયું, અને અનુભવ્યું છે એવો ભગવદ્ ભક્ત પોતાના સાથીને વાણીરૂપી વર્ષા કરીને સંશય મુક્ત કરાવે છે. ભગવદ્ ભક્તની ઓળખાણ– જેને જોતાં લૌકિક સ્ફૂર્તિ દુર થઈને ભગવદ્ સ્મૃતિ

થાય છે. જેમનું મન સદા ભગવદ્ ગુણોના આવેશવાળું હોઈ અહર્નિષ તેમાં જ રચ્યું પચ્યું રાખે છે. ભક્તને તે ચીરકાળ ચતુર ચિંતામણીની ચિંતની ચિત્તે ચાલુ રહે “ તે મુજબ શ્વાસોશ્વાસની ક્રિયા સાથે ભગવત સંબંધ ચાલુ રહે છે. તેની અન્ય જગે રૂચી રહેતી નથી. આવા ભગવદ પ્રેમીને જોતાં જ ભગવાનની જ યાદ આવે માટે જ દર્શને તાપ દોષ હણે. (૧) વાણીરૂપી વર્ષા કરી તાપ, (૨) દર્શનથી દોષ, સંતોપ પ્રગટ કરાવીને ગરીબાઈ દુર કરે છે. ત્યારે ભક્તના સંગીને હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારૂ રહી શકતું નથી.

ગીતા અ—૨ શ્લોક ૪૫—૪૬ નો સાર

ભગવદ્ ભક્ત ભક્તિરૂપી જ્ઞાન સંપાદન કરેલ હોવાથી તે સર્વ વેદો શાસ્ત્રનો જાણકાર છે. કેમ કે શાસ્ત્રનો સાર સમજે છે. શાસ્ત્રો બધા કેવળ ભક્તિ ઉપર જ જોર આપે છે. એટલે તે વિદ્વાન વેદોનાં જાણકાર કરતાં શ્રેષ્ઠ છે. ભગવાને કહ્યું છે કે હે અર્જુન વેદો ત્રિગુણાત્મક વિષયવાળા છે. તું તે ત્રણેય ગુણોથી રહિત થા. તેમજ સુખ અને દુઃખને સમાન જાણ, યોગક્ષેમની ઈચ્છા છોડી દે, આત્મનિષ્ઠ બન્યા પછી વેદો તને ખાબોચિયા જેવા દેખાશે. આત્મરૂપ ઈશ્વરને જાણ્યા પછી કર્મ ફળની ઈચ્છા પૂર્ણ કરવાવાળા વેદોની કોઈ જરૂર રહેતી નથી. સારમાં— આત્મ નિષ્ઠ શબ્દ આવ્યો તે આત્માજ શ્રીકૃષ્ણને સમર્પીને નિશ્ચિત થયું જેથી સ્વયં પ્રભુ અંદર કે ભીતર બિરાજમાન હોઈ ત્યાં બીજી કોઈ વસ્તુ કે કર્મની આવશ્યકતા રહેતી નથી. જેણે હરિને જાણ્યા તેણે સર્વ વેદશાસ્ત્રોનો સાર સમજ્યો. એક હરિને ભજ્યા પછી બીજાને ભજવાપણું રહેતું નથી. તેમ બીજું કોઈ કર્મ કરવાપણું રહેતું નથી. ભક્તિના પ્રતાપે ભક્ત પણ ભગવદ્રૂપ બની જાય છે. તેથી તે સામાને દર્શને તાપ હરે તેમજ પાપ, અને દારિદ્ર બધું દુર કરે છે. તેને સંતોષરૂપી ધન આપી આશા, તૃષ્ણા, જેવા ગુણોને નષ્ટ કરે છે. એટલું જ નહીં શુદ્ધતા પ્રાપ્ત કરી અલૌકિક સામર્થ્ય પણ તેનામાં આવે છે. ભગવદ્ ભક્ત દયાળુ અને પરાક્રમી હોય છે. જુઓ બસો બાવન વૈષ્ણવની વાર્તા ૭ મી. શ્રીગુસાંઈજીના સેવક ચાચા હરિવંશજી તેમની સાનિધ્યમાં જે જાય તેની બુદ્ધિ નિર્મળ બની જતી. તેઓ એકવાર ગુજરાતના એક ગામડામાં જઈ પહોંચ્યા. ત્યાં કુવા ઉપર એક બાઈ તેને મળી. તે પાણીનું બેડું ઉંચકી ઘેર જતી. ત્યાં ચાચાજીને જોયા. જોતાં જ તેને

થયું કે આ કોઈ મહાપુરૂષ છે. તેમ સમજી પોતાના ઘેર તેડી લાવી. “દર્શને પાપ દુર થયા”

ચાચાજી પાસેથી નામ સાંભળી સેવા કરવા લાગી. ચાચાજીએ જાણી લીધું કે ઘરના પુરૂષ વર્ગ ચોરી કરવા ગયા છે. તેથી તેઓ આવે ત્યાં સુધી ચાચાજી રોકાયા. તે પુરૂષવર્ગ પણ ચાચાજીને જોતાં જ વિસ્મયથી સ્તબ્ધ થયા. તેના હૃદયમાં પ્રકાશ થયો. તેથી મહાપુરૂષ જાણી પગે પડયા. ચાચાજીએ તેને સત્સંગનો લાભ આપ્યો. ત્યારે તેઓ પણ સેવક બન્યા. આ બાઈનો દીકરો ગામનો મુખી હતો. તે પણ ચાચાજીને જોતાં જ પગે પડયો. આમ આખું ઘર વૈષ્ણવ બન્યું. ચાચાજીએ તેમને સમજાવ્યા કે ચોરી ન કરવી. પેટ ભરવા ખેતી કરવી. અન્ય કોઈ કામ મજુરી કરવી. પણ આજ પછી ચોરીનો ધંધો બંધ. આ વસ્તુ તેઓએ સમજીને ખેતી કરવી શરૂ કરી પુરા ઘરના મળી સેવા કરવા લાગ્યા.

દર્શને માત્રથી પાપ ગયા પશ્ચાતાપ થયો, શરણે આવી સેવા કરી તેથી કૃતાર્થ બન્યા. આમ ભક્ત દર્શનમાત્રથી સામાનું કલ્યાણ કરવાવાળા છે. હતિત– પતિત બંને પ્રેત હતા તેઓ મહી નદીને કિનારે રહેતા હતા. જે કોઈ રસ્તેથી નીકળે તેનું ભક્ષણ કરી જતા હતા. તેનાં ત્રાસથી કોઈ ત્યાં ખેતી કરવા પણ જતું નહીં. એક દિવસ ચાચાજી ગુજરાતથી ગોકુલ જતા આ રસ્તેથી નીકળ્યા. ત્યારં બંને ભાઈ પ્રેત પહાડનું રૂપ ધારણ કરી રસ્તામાં ઉભા રહ્યાં. એક આગળ અને બીજો પાછળ. આ જોઈ ચાચાજીએ હાથમાં જલ લઈ શ્રીગુસાંઈજીનું ધ્યાન ધરી તેના ઉપર છાંટયું. તેટલામાં જ તે પ્રેતો હાથ જોડી બંને સામા ઉભા રહ્યા અને વિનંતી કરી કે આપ તો કોઈ મહાપુરૂષ છો. અમારો ઉદ્ધાર કરો. અમો તો મહાન પાપીઓ છીએ. ચાચાજીએ આમને નામ(શરણમંત્ર) આપ્યું. તેનાથી તેની પ્રેતયોની છૂટી ગઈ દિવ્ય દેહ પ્રાપ્ત કરી રવાના થયા. આમ ભક્ત દર્શનમાત્રથી અને સંગ કરીને અનેકો ને પાવન કરે છે. પોતે દીનતા રાખે છે. તે દીનતાનું દાન સામાને આપે છે. તેથી ભક્તિ સુદઢ બને છે. ત્યારે જ ઈચ્છિત ફલ, બધું ભક્ત સંગે પ્રાપ્ત થાય છે.

માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૫)

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૫૭

બલિ બલિ ધન્ય સો થલ દેશ;
પરમ પાવન કિયે તે જહાં મંજુ વસહિ હમેશ. ૧
શેષ શિવ બ્રહ્માદિક નારદ વિષ્ણુ મુનિ સનકાદિ;
કિયે તટ વાસી ન હમ ધૃક જન્મ માનત વાદિ. ૨
દરસ મજ્જન પાન કરત હી મિલત શ્રીઘનશ્યામ. ૩
જીવ દૈવીનિ પૈ દયા બડિ કલુષ ટારન હાર;
દીન દાસી 'બલ્લભી' પૈ દ્રવહુ જય શ્રુતિ સાર. ૪

ભાવાર્થ : આ વૃજ દેશની હું વારંવાર બલિહારી જાઉં. આ વૃજદેશમાં શ્રીયમુનાજી પધાર્યા અને પોતાની ચલનગતિ ધીમી કરી અને શાંત ગંભીર રીતે બિરાજ્યા. જ્યારે કલિંદગીરી પર્વત ઉપરથી પધાર્યા ત્યારે તીવ્ર ગતિથી પધારતા નાના મોટા પાષાણ પણ પ્રવાહમાં ઉછળતા રહેતા કેમ કે આપની તીવ્ર ગતિ તે ભાવનું સૂચન કરતું કે જેમ બને તેમ વહેલા વ્રજ પ્રદેશમાં પહોંચવું છે. વ્રજ પ્રદેશ આવતાં જ પુરા વ્રજને જાણે કેમ બાહુપાશમાં જકડી લીધું હોય તેમ આડી અવળી ચાલ ચાલીને પ્રદેશને ઘેરી લીધો. ગોલોક ધામથી આપ ભુતલ ઉપર પધાર્યા તે ગોલોકાધિપતિની ઈચ્છાથી જ તેમની સાથે રમણ કરવા પધાર્યા. ભુતલમાં જે વ્રજભૂમિ ગોલોકનો ભાગ છે ત્યાં જ આવી ધીરકગંભીર બન્યા.

વ્રજધામ પ્રભુને પ્રિય છે. તેથી આપે સર્વ વૈભવ વ્રજમાં જ પ્રગટ કર્યો અને પ્રભુને સમર્પિત કર્યો. આપના તટ પર બિરાજમાન અનેક નિકુંજો યુગલ સ્વરૂપને એકાંતે લીલા વિહાર કરવા અને વ્રજભક્તો સહિત લીલા કરવા યોગ્ય સામગ્રી તે અખૂટ ભંડારરૂપ હોવાથી ભક્તો અને ભગવાન બંનેને પ્રસન્ન કરવા આતુરતાથી સર્વ વૈભવ સાથે વ્રજમાં પધાર્યા. ઉષ્ણકાલમાં યમુનાતટ **નવનિકુંજ દ્રુમ નવદલ પહોપપુંજ તહાં રચી રાવટી** આ પદની ભાવના અનુસાર યુગલસ્વરૂપને સમય સમય ઉપર જોતી સામગ્રી આપની પાસે હોવાથી પ્રિય પ્રિતમ તથા વ્રજભક્તો સર્વને ઉપયોગીરૂપ છે.

ઉષ્ણકાલમાં ગુલાબજળનો છીરકાવ, ફૂલોની ફૂલમંડલી વિગેરે તથા શ્રાવણમાં આપના તટ ઉપર હિંડોળો રચી ઝુલીને યુગલ સ્વરૂપ આનંદ પ્રાપ્ત કરે છે. કોઈવાર સખીજન પોતાના ભાવથી હિંડોળો બાંધે છે. જેની પાસે સર્વ સામગ્રી ભંડાર ભર્યા છે. વળી આપના કિનારે ગોપબાળકો સહિત છાક આરોગે છે. ગ્વાલબાલો સાથે છાક આરોગતા પ્રભુ અતિ પ્રસન્ન રહે છે. હરી હરી ઘાસ, દ્રુમવેલી કદમની છાંહમાં બિરાજી છાક આરોગી શ્રમ નિવારણ કરે છે. આપનો સમસ્ત વૈભવ તો પ્રાણનાથ પ્રાણપ્રિયાને સમર્પિત કરાવેલો છે. પ્રભુની આનંદમય લીલાનું સ્થળ તે આપનાં યુગલ તટ ઉપર જ છે. આવો અઢળક વૈભવ જોઈને શેષજી, બ્રહ્માજી, નારદ, મુનિવર, વિષ્ણુ, સનકાદિક ઋષિઓ વગેરે ચાહના રાખે છે કે અમોને શ્રીયમુનાજીને કિનારે નાની એવી ઝુંપડી મળી હોત તો કેવું સારૂ હતું.

વળી દેવતાઓ પશ્ચાતાપ કરે છે કે અમને વ્રજમાં અહીરને ઘેર અવતાર ન મળ્યો તો આ અલૌકિક આનંદની કણ મને પ્રાપ્તિ ક્યાંથી થાય ? એથી પોતાનાં ભાગ્યને ઓછું તુચ્છ માને છે. ખરૂં તો એ જ હોય કે શ્રીયમુનાજીને કિનારે નિવાસ કરી જીવન વિતાવવું તેવાઓને ધન્ય છે. જેમણે શ્રીયમુનાજી ના આવા વૈભવનું દર્શન કર્યુ. દીનદાસી વલ્લભી ઉપર મહારાણી કૃપા કરો– કૃપા કરો.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદી ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૬૪. નિઃસાધનતા એ જ અબળાપણું છે.

—ગતાંકથી ચાલુ

વળી એક દિવસ કહ્યું કે, શ્રીનંદરાયજીએ અભય એકાદશી કરી, ને બારશે પારણું કરવા નદીએ નહાવા ગયા, ત્યારે વરુણ લઈ ગયા. શ્રીનંદરાયજી એમ જાણતા હતા કે, હું સાધને તરૂં, એક શ્રીકૃષ્ણનો આશ્રય નહોતો, ત્યારે વરુણ લઈ ગયા.

પ્રભુને અનન્ય ભગવદી ગમે છે. માટે અનન્ય થઈને એમની સેવાસ્મરણ કરવું. અનન્ય ભગવદીય વિના પ્રભુ પ્રસન્ન થશે નહીં. અનન્ય ભગવદીયને શ્રીઠાકોરજી ઉપર દોષ આવે નહિ, ગમે તો શ્રીઠાકોરજી હજારો માણસોનો નાશ કરે, પણ, ભક્ત પ્રસન્ન ને પ્રસન્ન રહે, ને પોતાને ગમે એટલું દુઃખ આવે, છતાં જે ભગવદીય અનન્ય હોય તેને કશી વસ્તુનું દુઃખ અડે નહિં, પ્રસન્નનો પ્રસન્ન રહે, જેની નીચ અક્કલ છે, તે તો ખોટા છે. ને જેની સ્થિર બુદ્ધિ છે, ને ભગવાન વિના કોઈ વહાલું છે નહિ તે ભગવદીય. વળી કહ્યું કે શ્રીકૃષ્ણ બ્રહ્મચારી છે. વ્રજ છે તે તો પોતાનું અંગ છે, બુદ્ધિ અંગી છે. પોતે વ્રજ અંગ ને બુદ્ધિ અંગી.

વળી કહ્યું કે, અવતાર અબળાતણો સારમાં સાર છે. ત્યારે કહ્યું કે જેને એક પ્રભુની ભક્તિ વડે તરવું છે તેનું નામ અબળા, જેને સાધનનું બળ નહિં. જેને એમ નથી થતું કે, હું આ સાધનને તરીશ. સાધન બળ એક પ્રભુનું જ. પ્રભુ તારે જ તોજ તરીએ, નહિ તો ન તરાય, એવી જેની દઢ માન્યતા છે, તેના પ્રભુ છે. વળી કહ્યું છે કે હું કર્તા મટે ત્યારે પ્રભુ કર્તા થાય, એટલે તે ભગવદીય છે. કર્તા તો એક પોતે પ્રભુ છે, પ્રભુને નરકમાં કોઈ જીવને નાખવો હોય ત્યારે તે જીવથી હું કર્તા મનાય. પોતે પોતાને કર્તા માને. વળી જીવ મનમાં ધારે છે કે, હું આમ કરીશ, તો આમ થશે, ને આમ કરીશ તો આમ થશે એવા પોતાના મનસુબા કરે છે, પણ તે બધા ખોટા પડે છે. આ બાબતમાં મનનો નિશ્ચય થશે કે હું કર્તા નથી. કર્તા એક પ્રભુ છે ને પ્રભુ કરશે તે ખરૂં છે. વળી બીજી વાત બધી ખોટી છે. જે એણે ધાર્યુ હશે તે થશે, આપણું ધાર્યુ કંઈપણ થવાનું નથી. હું કર્તા માટે પ્રભુની ભક્તિ નિઃસાધન થઈને કરે તો પ્રભુ પ્રસન્ન થાય.

કંઠાભરણમ્

શ્રી કૃષ્ણદ્વાદશનામ સ્તોત્રમ્

શ્રી કૃષ્ણ ઉવાચ

કિં તે નામ સહસ્ત્રેણ વિજ્ઞાતેન તવાર્જુન ।
યાનિ નામાનિ વિજ્ઞાય નરઃ પાપૈઃ પ્રમુચ્યતે ॥

શ્રી કૃષ્ણ બોલ્યા : હે અર્જુન ! તારે મારા હજાર નામ જાણવાનું શું કામ છે? પરંતુ હું તને બીજા નામ કહું છું કે જેને જાણવાથી મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે.

પ્રથમં તુ હરિં વિદ્યાદ્ દ્વિતીય કેશવં તથા ।
તૃતીયં પદ્મનાભં ચ ચતુર્થ વામનં સ્મરેત્ ॥
પંચમં વેદગર્ભં તુ ષષ્ઠં ચ મધુસુદનમ્ ।
સપ્તમં વાસુદેવં ચ વરાહં ચાષ્ટમં તથા ॥
નવમં પુંડરીકાક્ષં દશમં તુ જનાર્દનમ્ ।
કૃષ્ણમેકાદશં વિદ્યાદ્ દ્વાદશં શ્રીધરં તથા ॥

પ્રથમ **હરિ** એ પ્રમાણે નામ જાણવું. તેમ બીજું નામ **કેશવ** એ પ્રમાણે જાણવું. ત્રીજા **પદ્મનાભ** એ પ્રમાણેના નામનું સ્મરણ કરવું અને ચોથા **વામન** નામનું સ્મરણ કરવું. વળી પાંચમું **વેદગર્ભ**, છઠ્ઠું **મધુસુદન**, સાતમું **વાસુદેવ**, આઠમું **વરાહ**, નવમું **પુંડરીકાક્ષ**, દશમું **જનાર્દન**, અગિયારમું **શ્રીકૃષ્ણ** અને બારમું **શ્રીધર** એ પ્રમાણે નામ જાણવા.

એતાનિ દ્વાદશનામાનિ વિષ્ણુપ્રોક્તે વિધીયતે ।
સાયં પ્રાતઃ પઠેન્નિત્યં તસ્ય પુણ્ય ફલં શૃણુ ॥

આ બાર નામ વિષ્ણુના કહેવાથી કહેવામાં આવેલા છે. એને જે મનુષ્ય સાયંકાળે અને પ્રાતઃકાળે નિત્ય ભણે છે તેનું ફળ તું સાંભળ.

ચાન્દ્રાયણ સહસ્ત્રાણિ કન્યાદાન શતાનિ ચ ।
અશ્વમેધ સહસ્ત્રાણિ ફલં પ્રાપ્નોત્ય સંશય : ।।
અમાયાં પૌર્ણમાસ્યાં ચ દ્વાદશ્યાં તુ વિશેષતઃ ।
પ્રાતઃ કાલે પઠેન્નિત્યં સર્વ પાપૈઃ પ્રમુચ્યતે ।।

એનો પાઠ કરનાર મનુષ્ય હજારો ચાન્દ્રાયણનું , સેંકડો કન્યાદાનનું અને હજારો અશ્વમેધ યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત કરે છે. એમાં સંશય નથી. વળી અમાવાસ્યાને દિવસે અથવા પૂર્ણિમાને દિવસે કે દ્વાદશીને દિવસે પણ વિશેષમાં પ્રાતઃકાળે જે એનો નિરંતર પાઠ કરે છે તે સર્વ પાપોમાંથી મુક્ત થાય છે.

" ઈતિ શ્રીમન્મહાભારતે અરણ્યપર્વણિ શ્રીકૃષ્ણદ્વાદશનામસ્તોત્રં સંપૂર્ણમ્ "

સ્વરૂપ પરિચય

શ્રીભગવત્ ચરણચિહ્નો : ઓળખ અને સમજ

— શ્રી એન. કે. પરીખ, મુંબઈ

મારા મનમાં એવો મનોરથ જાગ્યો કે સૂરદાસજીના પદ 'દૃઢ ઈન ચરણન કેરો ભરોસો...' ને અનુરૂપ એક પ્રમાણિત ચિત્ર તૈયાર કરવું. આ મનોરથની પૂર્તિ માટે મેં વિદ્વાનો ને પુસ્તકોનો સહારો લીધો. તપાસના અંતે એવા નિષ્કર્ષ પર આવ્યો કેઃ
(૧) સૂરદાસજીનું સર્વમાન્ય ચિત્ર ઉપલબ્ધ છે, પણ શ્રીભગવત્ ચરતચિહ્નો વિશે એકવાક્યતા નથી. (૨) શ્રીભગવત્ ચરણચિહ્નોની વ્યાખ્યામાં (અ) શ્રીકૃષ્ણના (બ) શ્રીનાથજીનાં (ક) શ્રીમહાપ્રભુજીનાં અને (ડ) શ્રીસ્વામિનીજીનાં ચરણચિહ્નોનો સમાવેશ થાય છે. (૩) (અ) શ્રીકૃષ્ણનાં ચરણચિહ્નોનું ચિત્ર મને માત્ર એક જ પુસ્તકમાંથી મળ્યું. પ્રસંગનું વર્ણન કંઈક આ પ્રમાણે છે. અક્રૂર ગોકુળમાં કૃષ્ણ અને બલરામને તેડવા આવે છે અને નંદબાવાના દરવાજા પાસે રથ ખડો કરી નીચે ઉતરે છે. ત્યાં એ પવિત્ર ભૂમિ પર પ્રભુનાં પગલાંની છાપ જુવે છે. આ પગલાંની છાપનું ચિત્ર કાંગડા શૈલીનું, સન ૧૮૧૦ નું હાલમાં માર્કોપોલો ગેલેરી, પેરિસ, ફ્રાંસમાં મોજુદ છે. પુસ્તકમાં આપેલી પ્રતિકૃતિ પ્રમાણે ચિત્રજીમાં જમણા ચરણમાં ૧૧ ને ડાબા ચરણમાં ૧૦ ચિહ્નો સ્પષ્ટ દેખાય છે. જોકે ત્યાં આ ચિહ્નોની ઓળઅ વિશે કંઈ સમજ આપવામાં આવી નથી. (બ) શ્રીનાથજીના ચરણચિહ્નોનું વર્ણન શ્રીહરિરાયજી રચિત **'ભગવતૃચરણચિહ્નનિરૂપણમ્'** ના ૩૯ શ્લોકોના આધારે કરવામાં આવે છે. આ મુજબ જમણા

ચરણમાં નવ ચિહ્નો– ધ્વજ, અંકુશ, કમળ, વજ્ર, સ્વસ્તિક, અષ્ટકોણ, જવ, ઊર્ધ્વરેખા ને કલશ અને ડાબા ચરણમાં સાત ચિહ્નો– ગાયની ખરી, જાંબુ, મત્સ્ય, ધનુષ, ત્રિકોણ, અર્ધચન્દ્ર, અને આકાશ બતાવવામાં આવે છે.

પુષ્ટિમાર્ગીય પાઠશાળા, પાટણની પુસ્તિકા 'ભગવત્ચરણચિહ્નવર્ણનમ્' માં પ્રથમ પૃષ્ઠ પર આપેલા ચિત્રમાં, ડાબા ચરણમાં સાત ચિહ્નો સ્પષ્ટ દેખાય છે. પણ એમાં જાંબુને બદલે કળશ મુકવામાં આવ્યો છે. જમણા ચરણમાં અષ્ટકોણ દર્શાવવામાં આવ્યો નથી ને એમાં વજ્ર, જવ, કળશની સ્પષ્ટ ઓળખ શક્ય બનતી નથી. વળી ચિત્રમાં ચરણોનાં સ્થાનમાં પણ ફરક છે. જ્યાં જમણું ચરણ દર્શાવવામાં આવ્યું છે એ સ્થાન પર બીજાં ચિત્રોમાં ડાબું ચરણ મૂકવામાં આવે છે ને જ્યાં ડાબું ચરણ બતાવ્યું છે એ સ્થાન પર બીજાં ચિત્રોમાં જમણું ચરણ બતાવવામાં આવે છે. પુસ્તિકામાં જે ઉક્તિઓ ને ધોળપદ આપ્યાં છે, એ પણ ઉપર લખેલા ચિહ્નોના વિભાગ સાથે સુસંગત નથી.

બીજા સાહિત્યમાં જેવા કે વૈષ્ણવ ડાયરી, આં.રા.પુ.વૈ.પરિષદ પ્રકાશિત નિત્ય સ્મરણિકા, **'દેખ્યો'રી મૈં સુંદર શ્યામ સ્વરૂપ'** 'વૈષ્ણવ પરિવાર' અંક એપ્રીલ, ૧૯૯૮માં જમણા ચરણમાં નવ અને ડાબા ચરણમાં સાત ચિહ્નો સ્પષ્ટ દેખાય છે. ત્યાં વજ્ર, જવ અને કળશના ચિહ્નોને ઓળખવામાં મુશ્કેલી અનુભવાય છે.

(ક) શ્રીમહાપ્રભુજીના ચરણચિહ્નોનું વિસ્તૃત વર્ણન ક્યાંય પણ મળતું નથી. ટૂંકી નોંધ પ્રમાણે જમણા ચરણમાં સાત ચિહ્નો કમળ, ગદા, વજ્ર, પતાકા, તોરણ, સુખવલ્લી ને ધનુષ્ય, અને ડાબા ચરણમાં આઠ ચિહ્નો– ધ્વજા, અંકુશ, મીન, સુદર્શન, અષ્ટદલ, પદ્મ, કુંભ ને જવ છે. આનું એક પણ ચિત્ર કોઈના જોવામાં આવ્યું હોય એવો ખ્યાલ નથી. અત્યારે જે ચિત્ર શ્રીમહાપ્રભુજીના કે શ્રીવલ્લભચરણના ચિત્ર તરીકે મૂકવામાં આવે છે, એ વાસ્તવમાં શ્રીનાથજીના ચરણચિહ્નોના ચિત્ર છે ને ઉપર દર્શાવેલા શ્રીમહાપ્રભુજીના ચરણચિહ્નો સાથે સુસંગત નથી.

(ડ) શ્રીસ્વામિનીજીનાં સોળ ચિહ્નો નીચે પ્રમાણે છે.

જમણું ચરણ– અંકુશ, ધ્વજા, કમળ, ચક્ર, છત્ર, કલ્પલતા, વ્રજમણિ, પુષ્પ, ચન્દ્ર.

ડાબું ચરણ– શંખ, પર્વત, યજ્ઞકુંડ, ગદા, તોમર, મંદિર, મત્સ્ય.

આનું ચિત્રજી પુષ્ટિમાર્ગીય પાઠશાળા, પાટણની ઉપર કહેલી પુસ્તિકામાં છે. એમાં પણ ડાબા ચરણમાં આઠ ચિહ્નો દર્શાવ્યા છે.

(૪) ક્યાંય પણ ચિહ્નોનાં સ્થાન જ્યોતિષશાસ્ત્ર મુજબ છે, એમ જણાવાયું નથી.

કોઈ મર્મજ્ઞ બધાં ચિહ્નોની ઓળખ આપે તેમજ શક્ય હોય તો જ્યોતિષશાસ્ત્ર મુજબ ચિહ્નોના સ્થાન દર્શાવે અને કઈ બાજુ જમણું ચરણ અને કઈ બાજુ ડાબું ચરણ હોવું જોઈએ તે પર પ્રકાશ પાડે તો સમજપૂર્વક શ્રીભગવત્ચરણચિહ્નોનું ધ્યાન થાય અને ભાવના દૃઢ બને.

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

૯. સત્ય

સત્યમેવ જયતે નાનૃતમ્

—ગતાંકથી ચાલુ

આ વાત મહર્ષિ યાજ્ઞવલ્કય કહે છે કે :–

સત્યં ભૂતહિતં પ્રોક્તં નાયથાર્થાભિભાષણમ્ ॥

“ પ્રાણીઓનું હિત કરવું અને યથાર્થ બોલવું જ સત્ય છે.”

મનુ મહારાજે તો **‘ન બ્રૂયકાત્સત્યમપ્રિયમ્’** અપ્રિય સત્યની પણ મનાઈ કરી છે. આથી એમ માલૂમ થાય છે કે બીજાના હિતનો પૂરેપૂરો ખ્યાલ રાખીને હૃદયની સરળતાથી બને તેટલું યથાર્થ બોલવાને જ સત્ય સમજવામાં આવ્યું છે.

બે ધર્મ આમને સામને આવી જાય તો શું કરવું ?

હવે એક સવાલ એ ઉઠે છે કે જ્યારે બે ધર્મ આમને સામને આવી જાય ત્યારે શું કરવું જોઈએ ? માની લો કે ગાય દોડતી જઈ રહી છે, તેની પાછળ એક કસાઈ મારવા દોડે છે. ગાય જઈને જંગલમાં છૂપાઈ ગઈ. કોઈએ તેને જોઈ, કસાઈ પાછળથી આવીને તેને પૂછે છે “ બતાવો, ગાય અહીંથી ક્યાં ગઈ ?” હવે જો તે ગાયની ખબર બતાવે તો કસાઈ ગાયને મારી નાખે છે,

જેનાથી હિંસા થાય છે. જોકે હું નથી જાણતો તો અસત્ય થાય છે. આવા ધર્મ સંકટમાં તેણે શું કરવું જોઈએ. આવું જ એક દષ્ટાંત શ્રીમદ્ દેવીભાગવતમાં આવે છે–

● સત્યવ્રતનો ઈતિહાસ ●

એક ઋષિકુમાર ગંગા કિનારે નિર્જન સ્થાનમાં રહીને ભગવાનનું ભજન કર્યા કરતો હતો. બધા લોકો આ વાત જાણતા હતા કે તે હંમેશા સત્ય બોલે છે. તેથી તેનું નામ સત્યવ્રત પડી ગયું હતું અને તેની એવી કિર્તી થઈ ગઈ હતી કે તે ક્યારેય ખોટું નથી બોલતા. એક દિવસ નિશઠ નામનો એક શિકારી શિકાર કરવા માટે આ વનમાં આવ્યો. અને તેણે એક સુવરને બાણ માર્યુ. ભયભીત સુવર દોડતું સત્યવ્રતના આશ્રમમાં જઈ પહોંચ્યું, તેનું શરીર લોહીથી લથપથ હતું અને તે કંપી રહ્યું હતુ. મુનિનું હૃદય દયાથી ભરાઈ આવ્યું. સુવર ધ્રુજતું આશ્રમની એક ઘાટી ઝાડીમાં છુપાઈ ગયું. મુનિ જોતા રહ્યાં. થોડા જ સમય બાદ તે શિકારી પણ ત્યાં આવી પહોંચ્યો અને સત્યવ્રતને કહેવા લાગ્યો, “ દેવ, મારું બાણ લાગેલ સુવર ક્યાં ગયું ? આપ સત્ય બોલો છો એ વાત હું જાણું છું, તેથી આપને પૂછી રહ્યો છું. મારો પરિવાર ભૂખથી વ્યાકુળ છે. અમારું કામ જ પશુઓને મારીને ખાવાનું છે, સારું હોય કે ખરાબ હોય, કોઈપણ રીતે પરિવારનું પાલન કરવું પડે છે. આપ સત્યના વ્રતવાળા છો, મારું કુટુંબ ભૂખે મરી રહ્યું છે, આપ સત્ય કહો કે સુવર ક્યાં ગયું ? ”

શિકારીના વચન સાંભળી સત્યવ્રત ધર્મસંકટમાં પડીને વિચારવા લાગ્યા કે ‘ જો હું જોયું નથી કહું છું તો મારું સત્યવ્રત નષ્ટ થાય છે, જો બતાવી દઉં છું તો આ ભૂખથી આતુર શિકારી તેને મારી જ નાખશે તેથી હિંસા થશે. વળી જે સત્યમાં હિંસા છે તે સત્ય જ નથી, જેમાં દયા છે તે સત્ય છે. જેમાં જીવોનું હિત છે તે સત્ય છે. બાકી બધું મિથ્યા છે.’ અંતમા તેઓએં ભગવતીનું સ્મરણ કર્યું જેથી તેમના હૃદયમાં એક સ્ફૂરણા થઈ અને તે તરત બોલી ઉઠયા.

યા પશ્યતિ ન સા બ્રૂતે યા બ્રૂતે સા ન પશ્યતિ ।
અહો વ્યાધ સ્વકાર્યાર્થિન્ કિં પૃચ્છસિ પુનઃ પુનઃ ॥

(દેવીભાગવત ૩/૧૧/૪૧)

" જે (નેત્ર શક્તિ) જુએ છે, તે બોલી નથી શકતી. જે (વાક્શક્તિ) બોલી શકે છે, તે જોઈ શકતી નથી તેથી હે સ્વાર્થી શિકારી, તું મને વારંવાર શું પુછે છે ?" આમ કહીને સત્યવ્રતે શિકારીને ટાળ્યો. વાસ્તવમાં વાત તો બરોબર છે. આંખ જેવું જુએ છે, વાણી જેવું છે તેવું ક્યારેય કહી શકતી નથી. પરંતુ આજકાલ એવું બોલવાથી કામ નથી ચાલતું.

મરી જવું પણ અસત્ય ન બોલવું

તેથી સારી રીત એ દેખાય છે કે સત્યવાદી અહિંસા પ્રિય પુરૂષ આ પ્રકારના ધર્મસંકટમાં એવું સ્પષ્ટ કહી દે " ગાય ક્યાં ગઈ છે તે હું જાણું છું , પરંતુ બતાવીશ નહીં " તેને બદલે જો તે કસાઈ તે પુરૂષને બળપૂર્વક મારી શકે તો ભલે મારી નાંખે. આ રીતે કોઈ સતી સ્ત્રીનું સતીત્વ લૂંટવા કે કોઈનું ધન લૂંટવા આવનાર આપણાથી બળવાન અત્યાચારી સામે દઢતાથી એ સ્વિકારી લેવું જોઈએ કે " હું જાણું છું, પરંતુ બતાવીશ નહીં" અને આમ કહીને તે જો અત્યાચારીને હાથે મરી જાય તો કોઈ વાંધો નહીં. આવે વખતે ક્યાંય ક્યાંય ખોટું બોલવાની પણ આજ્ઞા મળે છે. પરંતુ સાથે જ શાસ્ત્રની આ આજ્ઞા છે :–

આત્માર્થે વા પરાર્થે વા પુત્રાર્થે વાપિ માનવાઃ ।
અનૃતં યે ન ભાષન્તે તે બુધાઃ સ્વર્ગગામિનઃ ॥

" જે પોતાના, બીજાના અને પુત્રને માટે પણ અસત્ય નથી બોલતા તેઓ જ દેવલોકમાં જાય છે " તેથી ક્યારેય ખોટું ન બોલવું જોઈએ. હકીકતે સત્યવાદી માટે તો ખોટું બોલવા કરતા મૃત્યુને આલિંગન કરવાનું વધારે મહત્વની વાત છે. હાં, જો સત્ય બોલવાથી કે ચૂપ રહેવાથી કોઈ નિર્દોષ જીવનો પ્રાણ જતો હોય અને પોતાનો પ્રાણ દેવા છતાં પણ તેના બચાવની સંભાવના ન હોય તો તુલનાત્મક નજરે એક મોટા પુણ્ય કાર્ય માટે ખોટું બોલવાનું પાપ પણ પોતાને માથે ઉઠાવી શકાય. આ સ્થળે કરેલ મિથ્યાભાષણ પાપ જરૂર છે, પરંતુ બીજાની પ્રાણ રક્ષા માટે આ પાપનો સ્વીકાર કરવો પણ આવશ્યક છે. આ એક પ્રકારનો ત્યાગ છે. બે ધર્મ ટકરાય ત્યારે સ્વાર્થ બુદ્ધિ છોડીને બંનેની સરખામણી કરવી જોઈએ. અને પોતાની બુદ્ધિમાં જે યોગ્ય લાગે તે કરવું જોઈએ. આવી સ્થિતિમાં ભગવત્ સ્મરણથી જ બુદ્ધિમાં સહજ સાચી જ સ્ફુરણા થઈ શકે છે. પોતાની બુદ્ધિ કામ ન આપે તો નજીકના સાધુ (પવિત્ર) પુરૂષને પૂછી લેવું જોઈએ. યાદ રાખો કે વિદ્વાનો કરતા સાધુઓનો અભિપ્રાય વધારે મહત્વ ધરાવે છે.

શ્રી ગોપીગીત એક આસ્વાદ

— લેખક :શ્રીજેઠાલાલ છોટાલાલ શાહ— ''ઉર્મિલ''
સાવલી, જીલ્લો—વડોદરા.

[સંપ્રદાયના ખૂબ અનુભવી વયોવૃદ્ધ લેખક શ્રીજેઠાલાલભાઈ શાહે નાની વયથી જ સ્વમાર્ગીય ગ્રંથો તેમજ શ્રીમદ્ ભાગવત—ગીતાજી—ઉપનીષદો આદિનું ખૂબ ઉંડુ અધ્યયન કર્યુ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી કૃત શ્રી તત્વાર્થ દીપ નિબંધ તથા શ્રીસુબોધિનીજી આદિના આશય સાથે લેખકે લખેલ અપ્રકટ ''શ્રીમદ્ ભાગવત્ સાર'' ગ્રંથમાંથી પ્રસ્તુત છે. શ્રીગોપીગીત—એક આસ્વાદ—સંપાદક]

શ્રીગોપીજનોનો વિશુદ્ધ પ્રેમભાવ જોઈને શ્રીભગવાને તેમની સેવાનો અંગીકાર કર્યો. ભગવાન પ્રત્યેના સુદઢ એવા સર્વ પ્રકારના પ્રેમભાવ પૂર્ણ થાય છે જ. સાધકો – સ્વામી – સખા વિગેરેના ભાવ દ્વારા પણ ભગવત્ કૃપાને પ્રાપ્ત કરે છે, તો મધુર પ્રેમવાળા શ્રીગોપીજનોનો પ્રેમ ભાવપૂર્ણ સફલ બની રહે એમાં શી નવાઈ ?

યોગેશ્વર એવા ભગવાન શ્રીકૃષ્ણે હાસ્યપૂર્વક એ પ્રિયાઓને રમણ કરાવ્યું. પ્રિયતમના સાન્નિધ્યથી પ્રફુલિત મુખવાળા એવા શ્રીગોપીજનોથી વીંટળાયેલા ઉદાર ચરિત્રવાળા અને મધુર મીઠા હાસ્યવાળા, કુન્દ પુષ્પો જેવા દાંતથી શોભતા અચ્યુત ભગવાન— નક્ષત્રોથી વીંટળાયેલા ચંદ્રની જેમ શોભવા લાગ્યા. પછી પ્રભુ શ્રીયમુનાજીના શીતલ રેતીવાળા, મોજા દ્વારા આનંદને પ્રદર્શિત કરતા અને કુમદ પુષ્પના સુગંધી વાયુવાળા તટ પર પધાર્યા અને અનેક પ્રકારના બંધોવાળું રમણ કર્યું. અનેકવિધ વિહારો કર્યા. ષડગુણ તત્વ એટલે ભાગવતમાં પરમ કાષ્ટાપન્ન વસ્તુ ભગવાન કહ્યા છે.

એવા ષડગુણૈશ્વર્યવાળા ભગવાને છ પ્રકારે વિહારો કર્યા છે. રમણમાં જ્યારે જે ગુણનો ઉપયોગ હોય ત્યારે તે ગુણ પ્રકટ કરીને ભગવાન વિહાર કરે છે. વિવિધ પ્રકારોના વિલાસોથી શ્રીગોપીજન જાત સ્મર કેલિ થયા. આરંભાયેલી એ રાસલીલા કામશાસ્ત્ર સિદ્ધ સર્વલીલા થઈ. ગોપીજન રસમગ્ન બની રહ્યા. સેંકડો વ્રજાંગનાઓનાં અનેક યૂથ રચાયા છે. ભગવાન

ગાન કરતા વિચરે છે. ભગવાને નવરત્નથી જડેલી સ્વાભાવિક ઐશ્વર્ય પ્રકટ કરનારી કીર્તિમયી એવી વૈજયંતી માલા ધારણ કરી છે. સમગ્ર વનને મંડિત શોભિત કરીને લીલાથી ધીમે ધીમે ભગવાન વિચરે છે. એમનું આમ વિચરવું એમની આગતિ પોતે પૂર્ણકામ હોવાથી શ્રીગોપીજનોના કામને જાગૃત કરનારી છે. એ પછી શ્રીશુકદેવજી મહારાજ ભગવાનનું રસ વિલાસથી પૂર્ણચરિત્ર વર્ણવતા કહે છે કે :

બાહુપ્રસાર પરિરમ્ભ કરાલ કોરૂ, નીવીસ્તનાલભન નખાગ્ર પાતૈ : ।
ક્ષ્વેલ્યાવલોક હસિતૈર્વ્રજ સુંદરીણાં, મુક્તમ્ભયન્ રતિ મર્તિ રમયાંચકાર ॥ ૪૬ ॥

(શ્રીભા. ૧૦–૨૯–૪૬)

વ્રજાંગનાઓના કામને વધારતા એવા સર્વરસ દાન સમર્થ, ફલરૂપ, સદાનંદ રતિપતિના પણ પતિ એવા ભગવાન શ્રીકૃષ્ણ શ્રીગોપીજનોને રમાડવા લાગ્યા. આ પ્રમાણે ભગવાન દ્વારા ગોપીજનોના મનોરથ પૂર્ણ થયા. ગોપીજનોએ એથી પોતાને પૂર્ણ માન્યા, એમને થયું ઓહો ! અમારા જેવું તો કોઈ નથી. માનિની થયા. ભગવાન વિનવે તો જ હવે રસદાન દઈશું. પ્રાર્થના કરવાથી જ પ્રભુ અનુકુળ થઈશું. ભગવંદ્ ધર્મો ધર્યા, પણ સાથે એમાં તો અભિમાન પણ ભર્યુ હતુ. આ ન ચાલે. ભક્તોના માન અને પૂર્ણતા દોષપ્રદ નથી, પણ એમાં રહેલા શ્રેષ્ઠતાનું ભાન દોષરૂપ છે. કવિ નંદદાસજી એ તો આ માનનો બચાવ કર્યો છે.

ક્યોં ન કરે અભિમાન ? મન મોહન કાન વશ જિન્હે...

શ્રીગોપીજન પ્રભુ પ્રિયાઓ છે. માન ધરે જ પરંતુ એમાંના સૌભાગ્ય મદને તો નષ્ટ કરવો જ પડે. એ મદના પ્રશમન માટે અને કૃપાનું પ્રદાન કરવા માટે ભગવાન કેશવ–બ્રહ્મા નો રજોગુણ અને શિવનો તમોગુણ દૂર કરીને અનુગ્રહ સુખદ એવા એ કેશવ તત્રૈવ ત્યાંજ અદશ્ય થઈ ગયા. ત્યાં જ એટલે શ્રીગોપીજનોના હૃદયમાં લીલાસહિત પધાર્યા. (અલૌકિકપણું) ગોપીકાઓના યૂથમાંજ અંતર્ધાન પામ્યા. (લૌકિકપણું) શ્લોકમાં 'એવ' પદ છે તેનો અર્થ એ છે કે જ્યાંમદ અનેઅભિમાન નથી ત્યાંભગવાન બહાર સ્થિત કરે યોજનાકાર લાલૂભટ્ટજીના મતાનુસાર બહાર એટલે શ્રીભગવાન વ્યાપિ વૈકુંઠમાં ગયા. અને તેટલો સમય તેમણે શ્રીલક્ષ્મીજી સાથે રમણ કર્યું

પ્રકાશકાર ગો. શ્રીપુરૂષોત્તમજી મહારાજશ્રી આ વિષયમાં કહે છે કે ગોપીજનોની

દશા સર્વાત્મ ભાવના આરંભ કાળની હતી એટલે જ તેમને મદ અને માન થયા. આવું તો સર્વાત્મ ભાવની આરંભ દશામાં જ થાય. પૂર્ણ દશામાં નહિં. વાસ્તવમાં ભગવાને બહારથી તિરોહિત થઈને રસાત્મક સ્વરૂપે ગોપીજનોનાં હૃદયમાં જ સ્થિતિ કરી એમ ફલિત થાય છે.

શ્રીશુકદેવજી બોલ્યાઃ રસારક્ત ગોપીજનો ભગવાન આમ અંતર્ધ્યાન થઈ ગયા એ જોઈ હાથણીઓ હાથીના અભાવમાં તાપ પામે એમ તાપ ક્લેશ પામવા લાગ્યા. સર્વજ્ઞ શુકદેવજી અહીં હાથીનું ઉદાહરણ આપે છે. કામશાસ્ત્રકાર વાત્સ્યાયન મુનિ કહે છે કે રમણ તો હાથીનું જ. રતિમાં—વિમર્દમાં હાથી સમર્થ છે. શ્રીકૃષ્ણ પણ રમણમાં એવાજ સમર્થ હોવાથી એમની અનુપસ્થિતિથી ગોપીઓ તાપ ક્લેશ પામે છે.

એ પછી પ્રભુની કામિક ગતિ, સ્નેહભર્યુ સ્મિત, વિલાસપૂર્ણ કટાક્ષો, મનહર આલાપો અને વિહારવિલાસથી જેમનું ચિત્ત આકર્ષાયેલું છે એવા શ્રીગોપીજનો જેમની અંદર ભગવાનની સ્ફૂર્તિ થઈ છે એવા એ ગોપીજનો લક્ષ્મીજીના પતિની વિવિધ લીલાઓનું અનુકરણ કરવા લાગ્યા. પ્રિયતમ ભગવાનની ગતિ, હાસ્ય, પ્રેક્ષણ, ભાષણ વગેરેમાં પોતાના સ્વરૂપનું આરોપણ કરીને તદાત્મક થયેલા એ અબલા પ્રિયાઓ કૃષ્ણની જેમ જ વિહાર અને વિલાસ કરતાં “હું કૃષ્ણ છું” એમ નિવેદન કરવા લાગ્યા. શ્રીગોપીજનોએ પોતાના સ્વરૂપનો આરોપ ભગવાનના બધાય ધર્મોમાં કર્યો. આનું નામ જ ભગવાનના સ્વરૂપનો પરિગ્રહ છે. જો આ પ્રમાણે ન થાય તો એક બીજાના ધર્મોનો અભિનિવેશ ન થાય અને તેથી વિલાસ સારી રીતે સંપન્ન થઈ શકે નહીં. આજ શ્રીશુકદેવજીએ આ શ્લોકમાં “ ગતિસ્મિત ” વગેરે શબ્દોમાં કહી છે. ગતિ એ શરીરની ક્રિયા છે, સ્મિત એ મનની ક્રિયા છે. પ્રેક્ષણ—જોવું એ ચક્ષુ ઈન્દ્રિયની ક્રિયા છે અને ભાષણ—બોલવું એ વાણીની ક્રિયા છે. આ બધા જેટલા બંધુ વગેરે વિભ્રમો છે તે રતિરૂપ જ છે. શ્રીવાત્સ્યાયન મુનિએ કહ્યું છે કે “રસ વધે ત્યારે સ્ત્રીઓ પુરૂષ થાય છે” ભોગાવસ્થા પ્રાપ્ત થઈને વિપરીત થાય છે. તેઓને પોતાનું ભાન રહેતું નથી. તેથી ગોપીજનો ભગવાનની જેમ ક્રિયાઓ કરવા લાગ્યા અને પેલા કૃષ્ણ, ‘હું કૃષ્ણ’ એમ કહી રહ્યા. શુકદેવજી કહે છે કે ‘તદાત્મિકા’ અર્થાત્ ગોપીજનો પોતે જ ભગવદ્રૂપ થયા છે. તેમના ધર્મો પણ ભગવદ્ધર્મ થયા છે. ગોપીજનો તે ‘કૃષ્ણ વિહારવિભ્રમાઃ’ છે. ગોપીજનોને ઘડીકમાં બહારના જગતનું ભાન રહેતું અને ઘડીકમાં

ન રહેતું. ક્ષણે ક્ષણે તેમને સંગમ અને વિરહનો અનુભવ થતો હતો. આ પ્રમાણે તેમનામાં મિશ્ર ભાવ હોવાથી તેઓ એકઠા મળીને સમગ્રપણે ગીત ગાતા ગાતા ઉન્મતકની જેમ એક વનમાંથી બીજા વનમાં પ્રભુને શોધવા લાગ્યા. પોતે જેમ વેણુમાં ભગવાનને કરેલા ગાનથી આવીને ભગવાનને મળ્યા હતા તે રીતે ભગવાન પણ પોતે આવે એટલા માટે ગોપીજનોએ ઊંચા સ્વરમાં ગાન કરવા માંડયુ અને પછી 'વનસ્પતિ ન્ પપ્રચ્છુઃ '– વનસ્પતિઓને ભગવાન વિશે પૂછયું– પીપળો પીપર અને વડને પહેલા પૂછયું " તમે તમારા સંબંધીને–કૃષ્ણ ભગવાનને જોયા છે? " પીપળો વિષ્ણુરૂપ છે, પીપર બ્રહ્મરૂપ છે અને વડલો શીવરૂપ છે. એટલે તેમને તમારા સંબંધીને જોયા છે? એમ પૂછયું. અહીં વિચારવા જેવી વાત તો એ છે કે ભગવાન શ્રીકૃષ્ણ વિષ્ણુ આદિથી પણ ઊંચા છે. ભગવાને પોતે જ ગીતાના ૧૪ મા અધ્યાયના ૨૬–૨૭ મા શ્લોકમાં કહ્યું છે :

માંચયોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।
સગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂષાય કલ્પતે ॥ ૨૬ ॥
બ્રહ્મણોહિપ્રતિષ્ઠાહમઽમૃતસ્યાવ્યયસ્ય ચ ।
શાશ્વતસ્યચધર્મસ્ય સુખસ્યૈકાન્તિ કસ્યચ ॥ ૨૭ ॥

ગીતાના આ શ્લોકોમાં જેમ ગુણત્રય વિભાગના જ્ઞાન દ્વારા ગુણાતીત થવાય છે તેમ સાકાર શ્રીકૃષ્ણની ભક્તિયોગથી સેવા કરનાર પણ ત્રણગુણોથી પર બની રહીને નિરાકાર બ્રહ્મરૂપ થવાને યોગ્ય થાય છે કેમકે નિરાકાર બ્રહ્મરૂપનો આધાર શ્રીકૃષ્ણ પોતે છે એમ કહ્યું છે. શ્લોકોનો આજ સાચો શબ્દાર્થ છે. શ્રીકૃષ્ણના આધારે જ નિરાકાર બ્રહ્મા રહે છે એ રીતે આશ્રય (શ્રીકૃષ્ણ)ની ભક્તિથી આશ્રિત (બ્રહ્મ)ની પ્રાપ્તિ થાય એમાં કશી નવાઈ નથી. શ્રીશંકરાચાર્યજીએ પોતાના ગીતા પરના ભાષ્યમાં 'બ્રહ્મભૂષાયકલ્પતે' નો અર્થ 'બ્રહ્મ ભવનાય મોક્ષાયકલ્પતે ' કર્યો છે પણ પછી 'બ્રહ્મણો હિ પ્રતિષ્ઠા હમ્' નો અર્થ કરવામાં –સાચો અર્થ કરવાથી પોતાના વિવર્તવાદમાં એ બાધકરૂપ થઈ પડે એમ હોવાથી એમને મુસીબત ઉભી થઈ! નિરાકાર બ્રહ્મની પ્રતિષ્ઠા શ્રીકૃષ્ણ છે. એવો શ્લોકોનો શબ્દાર્થ શંકરાચાર્યજીએ કલ્પ્યો નથી. એવો શબ્દાર્થ સંભવિત છે એમ પણ તેમને લાગ્યું નથી. ભગવાને તો સ્પષ્ટ કહ્યું છે કે

અમૃત અને અવ્યય એટલે વિકારરહિત અક્ષરબ્રહ્મની શાશ્વત ધર્મની તથા ઐકાન્તિક સુખની પ્રતિષ્ઠા એટલે મૂળસ્થાન હું છું એ સર્વનો એકજ આશ્રય હું જ હોવાથી એ સર્વથી પર છું અમૃત એ બ્રહ્માનંદરૂપ મોક્ષની તથા અવ્યય અક્ષરબ્રહ્મ જે મારું ધામ છે તેની પ્રતિષ્ઠા હું છું. તેમજ શાશ્વત ધર્મ એટલે ભગવદ્ધર્મની અને ઐકાન્તિક સુખ એટલે અગણિત ભજનાનંદ એ સર્વની પ્રતિષ્ઠા હું છું. આ શ્લોકો દ્વારા બ્રહ્મનો આધાર કહીને તેમ સ્પષ્ટ વિવક્ષા છે કે શ્રીકૃષ્ણ બ્રહ્મ કરતાં ઉચ્ચ તત્ત્વ છે. ૧૮ મા અધ્યાયના ૫૩–૫૫ શ્લોકો પ્રમાણે બ્રહ્મભૂત થયા પછી પણ શ્રીકૃષ્ણની ભક્તિ કરી એ પછીજ શ્રીકૃષ્ણમાં પ્રવેશ કરી શકાય છે. ગીતામાં એકપણ એવું વાક્ય નથી કે નિરાકાર બ્રહ્મમાયા યા અવિદ્યાને લીધે સાકાર બને છે. શ્રીકૃષ્ણ જ સર્વોચ્ચ પરતત્ત્વ છે.

શ્રીગોપીજનોએ પીપળાદિને વળી કહ્યું કે “નંદરાયજીના એ પુત્ર પ્રેમપૂર્વક હાસ્ય કરીને તથા દૃષ્ટિ નાંખીને અમારું મન ચોરીને અદશ્ય થઈ ગયા છે.” પણ એ વૃક્ષો તો જાણે કશું સાભળ્યું જ નથી એમ મૌન બની રહે છે. કશોજ ઉત્તર મળતો નથી. એટલે પછી કામને વધારનારા કુરબક અને અશોકને પૂછે છે. નાગ, પુન્નાગ, ચંપકને પૂછે છેઃ– સ્મિત માત્રથી માનિની સ્ત્રીઓના ગર્વને હરનાર એવા બલભદ્રનાએ નાનાભાઈને તમે જતા જોયા છે? ” એ બધા વૃક્ષો પણ મૌન ! પછી ભગવદીય તરીકે પ્રસિદ્ધ તુલસીજીને પોતાની સખી માનીને પૂછ્યું એ પણ મૌન ! તુલસી ભગવદીય હોવાથી પોતાની શ્રેષ્ઠતાના અભિમાનથી ઉત્તર આપતી નહીં હોય એમ માની ગોપીઓએ માલતી, મલ્લિકા, જુઈ, જાઈને માધવ અંગે પૂછ્યું એ સર્વ પણ મૌન ! પછી આંબો, રાયણ, પનસ, આસન, કોવિદાર, જાંબુડો, નીપ અને યમુનાતટે ઉપસ્થિત અન્ય સર્વ વૃક્ષોને પોતાના ભગવાનનો પત્તો દર્શાવવા વીનવે છે. દીન બની રહીને એ બધાને પૂછે છે. લતાઓને પણ પૂછયું. કોઈજ ઉત્તર આપતું નથી. ગોપીજનો શરીર અને વાણીથી થાકી ગયા. તેમના મનમાં તાપ, લીલા અને ભગવાન ત્રણેય છે. શરીર અને વાણીથી થાકી જતાં રસાસક્તિનું તિરોધાન થયું પણ ભગવલ્લીલાનો પ્રાદુર્ભાવ થયો. ભગવાનની જુદી જુદી લીલાઓનો અનુકરણ કરવા માંડયું. કૃષ્ણના જેવું આચરણ કરતી એક ગોપીએ પૂતના જેવું આચરણ કરતાં બીજી ગોપીના સ્તનનું પાન કર્યુ. બાળકની જેમ આચરણ કરતી અને રૂદન કરતી એક ગોપીએ શકટ લીલાનું આચરણ કરતા બીજી ગોપીને ચરણથી પ્રહાર કર્યો.

—ક્રમશઃ

પુસ્તક પરિચય

૧. સુધા સિન્ધુ

પ્રવકતા : પૂ. પા. ગો. શ્રીગોવિંદરાયજી મહારાજ, પોરબંદર

સંગ્રાહક : કીર્તનિયા શ્રીલાલજીભાઈ ગો. પટેલ, ગણોદ

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય જનકલ્યાણ ટ્રસ્ટ, ગોવિન્દ નિકેતન, ભાટીયા બજાર, પોરબંદર– ૩૬૦૫૭૫.

આઠ પેઈજી ડેમીસાઈઝ પૃષ્ઠ ૧૬૩ + ૧૨ = ૧૭૫ ઓફસેટ પ્રિન્ટીંગ, સેક્સન સિલાઈ, લેમીનેશનવાળું, પાકા પુંઠાનું બાઈન્ડીંગ.

ન્યોછાવર રૂ. ૩૦/– પોસ્ટેજ રૂ. ૧૦/–

નિ.લી.પૂ.પા.ગો. શ્રીગોવિંદરાયજી મહારાજે અવારનવાર સૌરાષ્ટ્રના ગામડા અને શહેરોમાં સિદ્ધાંત શિબિરોનું આયોજન કરી જે વચનામૃતો કરેલા તેના ઉપયોગી અંશોના સંકલનનો સમાવેશ આ પુસ્તકમાં કરવામાં આવેલ છે. વૈષ્ણવી જીવન આગળ વધારવામાં અત્યંત ઉપયોગી થાય તેવા સિદ્ધાંતોને આવરી લેવામાં આવ્યા છે. ગામડાના શુદ્ધભાવવાળા અને અભણ વૈષ્ણવો પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સરળતાથી સમજી શકે તે રીતે યોગ્ય દાખલા સાથે સાદી સરળ ભાષામાં આ વચનામૃતો રજુ કરાયા છે. ભગવદ્‌મંડલી તેમજ ભગવદ્‌ વાર્તામાં દરરોજ વાંચવાલાયક અને પુષ્ટિ પુસ્તકાલયો તેમજ વૈષ્ણવોએ વસાવવા યોગ્ય પુસ્તક.

આ પહેલા પ્રકટ થયેલ "સુધા બિન્દુ" પુસ્તકમાં નિ.લી.ગો. શ્રીગોવિંદરાયજી મહારાજશ્રીના અત્યંત સારગર્ભિત વચનામૃતોનો સંગ્રહ છે. બંને પુસ્તકોનું પ્રાપ્તિસ્થાન "શ્રી ગિરીરાજ ઈન્ડસ્ટ્રીઝ" મુ. બેડી, પોસ્ટ– બેડીપરા, રાજકોટ. ૩૬૦૦૦૩. **સુધા બિન્દુ ન્યોછાવર રૂ. ૨૦ + ૧૦ પોસ્ટેજ. સુધા સિન્ધુ રૂ. ૩૦ + ૧૦ પોસ્ટેજ.**

૨. નૂતન વર્ષાભિનંદન

લેખક : પ.ભ. શ્રીમહેન્દ્રભાઈ મોહનલાલ શાહ

પ્રકાશક : શ્રીમદ્‌ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન, "શ્રીવલ્લભકૃપા" ૪, વિવેક એપાર્ટમેન્ટ,
નવરંગપુરા ટેલીફોન એક્ષ્ચેંજની પાછળ, એલિસબ્રીજ, અમદાવાદ. ૩૮૦૦૦૯.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ. પીન બાઈન્ડીંગ, પ્લાસ્ટીક ટાઈટલ ઉપર શ્રીનાથજી તથા શ્રીયમુનાજીના બહુરંગી ચિત્રજી.

નૂતન વર્ષના શુભદિને પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાંતો, જીવનપ્રણાલી, સેવાપ્રણાલી સંક્ષિપ્તમાં આ પુસ્તિકા દ્વારા યાદ

કરી તે પ્રમાણે વૈષ્ણવી જીવન જીવવાનો શુભ સંકલ્પ કરવામાં સહાયરૂપ પુસ્તિકા, સર્વને ઉપયોગી નીવડશે. નૂતન વર્ષાભિનંદન આ પુસ્તિકા દ્વારા પાઠવવાનું વૈષ્ણવો માટે એક નવો રાહ છે. સર્વેએ વાંચવા અને ભેટ આપવા લાયક પુસ્તિકા.

૩. યુગલગીત

સંપાદક : શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ

પ્રકાશક : શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ, મર્સીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ– ૪૦૦૧૦૧.

આઠ પેઈજી ડેમી સાઈઝ પુષ્ઠ ૩૨, ઓફસેટ પ્રિન્ટીંગ, પીનબાઈન્ડીંગ, કાચું પુંઠુ,

ન્યોછાવર રૂ. ૧૦/– પોસ્ટેજ રૂ. ૩/–

શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા શ્રેણીની આ ૩૧મી પુસ્તિકા છે. જેમાં શ્રીયુગલગીતના મૂળ સંસ્કૃત શ્લોક, અન્વયાર્થ, ગુજરાતી અનુવાદ તથા શ્રીમહાપ્રભુજી વિરચિત સુબોધિનીજીની ટીકા આધારિત સંક્ષિપ્ત વિવરણ સાથે આપવામાં આવેલ છે. વૈષ્ણવો સહેલાઈથી સમજી વધુ આનંદ લઈ શકે તેવી સરલ રજુઆત કરવામાં આવી છે. સર્વે વૈષ્ણવોએ વાંચવા અને વસાવવા લાયક પુસ્તિકા.

૪. શ્રીભાગવત્ દશમ સ્કંધાર્થાનુક્રમણિકા

સંપાદક : પ્રકાશક ઉપર ક્રમાંક ૩ મુજબ

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૮ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, કાચું પુંઠુ,

ન્યોછાવર રૂ. ૧૫/– પોસ્ટેજ રૂ. ૩/–

" શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા " શ્રેણીની આ ૩૨ મી પુસ્તિકા છે. આ પુસ્તિકામાં શ્રીમહાપ્રભુજી વિરચિત " દશમ સ્કંધાર્થાનુક્રમણિકા " જે મૂળ સંસ્કૃત શ્લોક, એનો અર્થ શ્રીદયારામભાઈ કૃત ગુજરાતી પદ્યાનુવાદ અને સંક્ષિપ્ત વિવરણ આપવામાં આવ્યું છે. સરળ ગુજરાતી લોકભોગ્ય ભાષામાં આ પુસ્તિકા વાંચવાથી વૈષ્ણવોને શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પાઠનો આનંદ આવે એવી રીતે વિષયની રજુઆત કરવામાં આવી છે.

નિત્યપાઠ કરતા વૈષ્ણવો માટે મૂળગ્રંથ પુસ્તિકાના અંતે પણ આપવામાં આવેલ છે. દરેક વૈષ્ણવ કુટુંબે વાંચવા અને વસાવવા યોગ્ય પુસ્તિકા.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

સમાચાર

પરિષદની ભક્તિની વર્ધિની કારનું ઉદ્‌ઘાટન

વર્તમાન યંત્રયુગની પરિસ્થિતિમાં સેવાકીય કાર્યો માટે મંડળ ન્યાય આપવા માટે "સાધન" ખાસ જરૂરી બન્યું છે. વૈષ્ણવ પરિષદે છેલ્લા દશ વર્ષમાં અનેકવિધ ક્ષેત્રે "ભક્તિવર્ધિની" ને લઈને ખૂબ સારા–સુંદર કાર્યો કર્યા છે. એ પ્રકારે આં.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશની "ભક્તિવર્ધિની" કારના શ્રીવલ્લભસદન હોલમાં યોજાયેલ ઉદ્‌ઘાટન સમારંભમાં પૂ.પાદ ગો. શ્રીવાગીશકુમારજી મહોદયે અને પૂ.પાદ ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી તથા પૂ.પાદ ગો. શ્રીયદુનાથજી મહોદયે આશિર્વચનમાં જણાવ્યું હતું. વળી સંપ્રદાયની સામે આવી પડતા પડકારોને પડકારવા માટે હવે સમગ્ર વૈષ્ણવસુષ્ટિએ આં.પુ.વૈ.પ.ના નેજા હેઠળ સંગઠીત બનવું જોઈએ. એવી વિસ્તૃત સમજ પૂ.ગો. આચાર્યશ્રીઓએ આપી હતી.

ગાંધી જયંતિના દિવસે વૈષ્ણવ પરિષદ દ્વારા અન્નપેકેટ્‌સનું વિતરણ

પૂરગ્રસ્ત વિસ્તારના ભોગ બનેલા બંધુઓની સેવા કરવાની તક પ્રભુ આપે છે અને જે સહાય છે તે ભગવદ્‌સ્વરૂપ છે અને અમારી આં.પુ.વૈષ્ણવ પરિષદ સમય સમય પર આ પ્રમાણે માનવતાના સેવાકીય કાર્ય કરતી રહી છે. એ પ્રકારે પૂ.પાદ ગો. શ્રી૧૦૮ શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીએ સૂરતના કતાર ગામમાં ગાંધી જયંતિના દિવસે યોજાયેલી સભામાં આશિર્વચનમાં જણાવ્યું હતું. સૂરતમાં જેટલા વેગથી પાણીના પૂર આવ્યાં એટલા જ વેગથી માનવતાની સરિતાના પૂર પણ આવ્યા છે. એ પ્રકારે તેઓશ્રીએ આશિર્વચનમાં જણાવ્યું હતું.

આં.પુ. વૈષ્ણવ પરિષદના અગ્રણિઓ શ્રીપ્રદ્યુમન શાસ્ત્રી પ્રો.ચીમનલાલ શેઠ, ડૉ. વસુબહેન પટેલ વિગેરેએ પ્રાસંગિક પ્રવચનોમાં વૈષ્ણવ પરિષદના સમય પરના માનવતાના કાર્યોની જાણકારી આપી હતી. સુરતને ગણત્રીના દિવસોમાં સ્વચછતા બક્ષનાર મ્યુ. કમિશ્નર શ્રીજગદીશનની સેવાઓને બિરદાવી અભિનંદન આપ્યા. પરિષદના કાર્યકરો પ્રો. ગોપાલભાઈ શાહ, દીપકભાઈ શાહ પ્રવાસમાં સાથે રહ્યા હતા.

વૈષ્ણવ પરિષદ સુરત શાખાના અગ્રણીઓ શ્રીઠાકોરભાઈ શાહ, પ્રજ્ઞાબેન દલાલ, સ્મીતાબહેન શાહ, ગીતાબહેન શાહ, તરૂણાબેન શાહ વિગેરેએ સર્વેક્ષણ કાર્ય કર્યું. તે પછી દિવાળી નિમિત્તે ગાંધી જયંતિના દિવસે સુરતના કતાર ગામમાં ૨૫૦ અન્ન પેકેટ્‌સનું વિતરણ પૂ.પાદ ગો. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના વરદ હસ્તે અને શ્રીગોપાલભાઈને ત્યાં લગભગ પચાસ અન્ન–કીટ પેકેટ્‌સ શ્રીપ્રદ્યુમન શાસ્ત્રી, પ્રો. ચીમનભાઈ શેઠના વરદ્ હસ્તે વિતરણ કરવામાં આવ્યું. શ્રીરમેશભાઈ શ્રોફે સેવાકીય કાર્યમાં સહકાર આપનાર સૌનો આભાર માન્યો હતો.

સુરતઃ "ધર્મ ભૂલ્યા એટલે જ દુષિત પરિસ્થિતિનું સર્જન"

સામાજીક–રાજકીય–શૈક્ષણિક–ઔદ્યોગિક–વેપારી વિગેરે ક્ષેત્રે વિચિત્ર–વિકૃત પરિસ્થિતિનું સર્જન થઈ રહ્યું છે–વિભિન્ન ક્ષેત્રે કૌભાંડો ઉભા થઈ રહ્યા છે–ધાર્મિક ક્ષેત્રે પણ આસ્થા–શ્રદ્ધા ઓસરતી જાય છે અને સમગ્ર માનવ સૃષ્ટિમાં દુષિત વાતાવરણ પ્રસરી રહ્યું છે એ પ્રકારે સૂરતવાળા પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીએ મોટા મંદિરોમાં યોજાયેલી વૈષ્ણવોની સભામાં જણાવીને કહ્યું કે સૌ "ધર્મ" ભૂલી ગયા છે એટલે "ધર્મ"ને સાચા શબ્દોમાં સમજવાની અને સમજાવવાની તાતી જરૂરિયાત છે. ધર્મપરાયણતાની સાથે કર્તવ્ય પરાયણતા જોઈશે જ. હવે સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિએ સંગઠીત બનવું જોઈશે અને નૈતિક મૂલ્યોના સંરક્ષણ માટે સમગ્ર માનવ સૃષ્ટિએ કટીબદ્ધ બનવું જોઈશે તેવી તેઓએ અપીલ કરી હતી.

આં.રા.પુ.વૈ.પ. ૯૨ વર્ષમાં પ્રવેશી ચૂકી છે. ત્યારે તેની શતાબ્દીના વર્ષના વિશિષ્ટ આયોજનોમાં સહભાગી બનવા સંગઠન મંત્રી પ્રા.ચીમનભાઈ શેઠે અપીલ કરી હતી. શ્રીમધુસુદન શાસ્ત્રીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. અને શ્રીરમેશભાઈ શ્રોફે આનંદ વ્યક્ત કરી સૌનો આભાર માન્યો હતો. શ્રીગોપાલભાઈ બુકસેલર, પ્રજ્ઞાબેન દલાલ– સ્મિતાબેન શાહે સારૂં આયોજન ગોઠવ્યું હતું. તેઓ સૌ ૬ ડીસેમ્બરના રોજ સૂરત ખાતે યોજાયેલ સંમેલનને સફળ બનાવવા કટીબદ્ધ બન્યા છે. શ્રીઠાકોરભાઈ શાહ, શ્રીઅશ્વીનભાઈ શાહ, ડૉ. વસુબહેન પટેલ વગેરેએ કાર્યકરોની મીટીંગમાં સંમેલનની કારોબારી માટેની સારી એવી ચર્ચા કરી હતી. આં.પુ.વૈ.પ્ર.ના અગ્રણીઓ પ્રા. ગોપાલભાઈ શાહ, (આણંદ), શ્રીવામનભાઈ પટેલ (વડોદરા), સંગઠન મંત્રી પ્રા. શેઠ સાથે પ્રવાસમાં જોડાયા હતા. મઢી મુકામે યોજાયેલા વૈષ્ણવ વણિક સમાજના સંમેલનમાં પ્રા.ચીમનભાઈ શેઠે દક્ષીણ ગુજરાતના ૬ ડીસેમ્બરમાં સંમેલનમાં સારી સંખ્યામાં વૈષ્ણવોને સહભાગી બનવા અપીલ કરી હતી.

વડોદરા : "સેવા કાર્ય માટે સતત કાર્યરત રહેવાની શીખ"

પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રચાર–પ્રસાર માટે વિભિન્ન સેવાકીય કામો માટે સૌએ સતત કાર્યરત રહેવાની તાતી જરૂરિયાત છે. એ પ્રકારે આં.પૂ.વૈ.પ. વડોદરા રેસકોર્સ શાખાના ઉપક્રમે યોજાયેલ સ્નેહ સંમેલનમાં પૂ.પાદ શ્રીગો. ૧૦૮ દ્વારકેશલાલજી મહોદયે વચનામૃતમાં જણાવ્યું હતુ. વળી મંદિરમાં પ્રભુના દર્શન–સેવા કરવાની રીત પર તેઓશ્રીએ ખૂબ સારી વિસ્તૃત સમજ આપી હતી.

વર્તમાન કળીકાળમાં છીન્નભિન્ન બનેલા વૈષ્ણવોને સાંપ્રદાયિક કામો માટેના નૂતન અભિગમો સંપ્રદાય સામે આવી રહેલા પડકારોને પડકારવા માટે વૈષ્ણવ પરિષદના સંગઠનનો વ્યાપ વધવાની અને તેને મજબૂત બનાવવાની તાતી જરૂરિયાત છે. એ પ્રકારે પ્રો. ભગવતપ્રસાદ પંડયા અને પ્રો.ચીમનભાઈ શેઠ તરસાલી ખાતે વૈષ્ણવ પરિષદના સ્નેહ સંમેલનમાં જણાવ્યું હતું અને "સંઘે શક્તિ કલૌ યુગે"ની ઉક્તિની વિસ્તૃત સમજ આપી હતી.

પ્રમુખ નીલાબહેન પટેલ અને શ્રીદુષ્યંત શાહે પૂ.ગો.આચાર્યશ્રીનું સન્માન કર્યુ અને રેસકોર્સ શાખા તરફથી તેઓ સૌનો આભાર માન્યો. તરસાલી શાખાના શ્રીદીપકભાઈ શાહે સ્વાગત પ્રવચન અને શ્રીહસમુખભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન તથા શ્રીશૈલેશભાઈ શાહે આનંદ વ્યક્ત કરી સૌનો આભાર માન્યો હતો. તરસાલી અને રેસકોર્સ શાખાના સ્નેહ સંમેલન અનેરા આનંદ – ઉત્સાહ – ઉલ્લાસમય સંપન્ન થયા હતા.

શ્રીસુબોધરત્નાકર

શ્રીસુબોધિનીજીમાંથી ચૂંટેલા વચનામૃતો

(૧) એષા હિ સમાધિભાષા. તત્ર હિ પુરૂષપ્રયત્નો ભક્તાવેવ. સુદઢઃ સર્વતોધિકસ્નેહસ્ત્વાત્મત્વેન જ્ઞાતે ભવતિ. માહાત્મજ્ઞાનં તુ સૃષ્ટયાદિભિઃ . તત્ર દ્વયં સાધયિતુમેષા ભાગવતસંહિતા.	(૧) આ સમાધિ ભાષા છે. તેમાં પુરૂષ પ્રયત્ન ભક્તિમાં જ છે..(ભગવાન) આત્મા છે એમ જાણવામાં આવે ત્યારે (ભગવાનમાં) ઘણો દઢ અને સર્વથી અધિક સ્નેહ થાય. સૃષ્ટિ વગેરેથી ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય. આ બંને પ્રાપ્ત કરવા આ ભાગવતસંહિતા (રચી) છે.
(૨) યથા હિ યજ્ઞા બ્રહ્માત્માવગતિશ્ચ, કાણ્ડદ્વયાર્થો—ન્યોન્યહેતુભૂતઃ, તથાત્ર ભક્તિહેતુરિતિ નિરૂપયિતું ગાયત્રી બીજં, વેદો વૃક્ષઃ, ભાગવતં ફલમ્ ઈતિ નિરૂપ્યતે. અતઃ કાણ્ડદ્વયાર્થનિષ્ણાતોપ્યફલવૃક્ષ ઈવ વ્યર્થ ઈતિ ભાગવતારંભઃ .	(૨) જેમ યજ્ઞો અને બ્રહ્મનું આત્મા તરીકે જ્ઞાન એ (વેદના) બંને કાંડોનો અર્થ એક બીજા (કાંડનું જ્ઞાન મેળવવાના) હેતુરૂપ છે તેમ અહિં ભાગવતમાં બંને પણ ભક્તિના હેતુરૂપ છે એમ જણાવવા, ગાયત્રી બીજ (છે), વેદ વૃક્ષ (છે) અને ભાગવત ફલ (છે) એમ નિરૂપણ કરેલું છે. તેથી (વેદ) બંને કાંડના અર્થમાં સંપૂર્ણ હોવા છતાં ફલરહિત વૃક્ષની પેઠે વ્યર્થ હોવાથી ભાગવતનો આરંભ (કરેલો) છે.
(૩) ધર્મો જ્ઞાનં ચ સાધનમ્. ભગવદાવિર્ભાવઃ સાધ્યઃ . તદનુ તત્ર પ્રવેશઃ ફલમ્. એતત્સર્વં ભાગવતાદેવ ભવતીતિ વિશિષ્ટકલ્પદ્રુમત્વમ્ . ૧—૧—૨	(૩) ધર્મ અને જ્ઞાન સાધન છે. ભગવાનનો આવિર્ભાવ સાધ્ય છે. ભગવાનનો આવિર્ભાવ થયા પછી ભગવાનમાં પ્રવેશ એ ફલ છે. આ સર્વ ભાગવતમાંથી જ થાય છે તેથી ભાગવત ઉત્તમ કલ્પવૃક્ષ છે.
(૪) (ઈશ્વરઃ)ભાગવતશ્રવણમાત્રેણ હૃદયારૂઢો ભવતિ વિચારચિન્તનવ્યતિરેકેણાપિ. ૧—૧—૨	(૪) વિચાર અને ચિંતન વિના પણ માત્ર ભાગવતના શ્રવણથી જ ઈશ્વર હૃદયારૂઢ થાય છે.

પોષ સુદ ૧૨ તા. ૩૦–૧૨–૯૮ બુધવાર : ગો. શ્રીવિઠ્ઠલનાથજી મહારાજશ્રી (માંડવી–કચ્છ) નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા. ૩૧–૧૨–૯૮ ગુરૂવાર : ગો. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (બોરીવલી–જામખંભાળીયા– રાજકોટ) નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા. ૨–૧–૯૯ શનિવાર : પોષી પૂનમ. માઘ સ્નાન પ્રારંભ.

પોષ વદ ૩ તા. ૪–૧–૯૯ સોમવાર : ગો. શ્રીમુકુંદરાયજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૫–૧–૯૯ મંગળવાર : ગો. શ્રીમધુસુદનજી બાવાશ્રી (મુંબઈ–મદ્રાસ) નો જન્મદિન.

પોષ વદ ૫ તા. ૬–૧–૯૯ બુધવાર : ગો.શ્રીપ્રભુજીબાવાશ્રી (સુરત–વડોદરા) નો અને ગો.શ્રી વલ્લભદિક્ષિતજી (મુંબઈ–મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૬ તા. ૭–૧–૯૯ ગુરૂવાર : ગો. ચિ. શ્રીપરિતોષકુમારજી (મથુરા)નો જન્મદિન. ગો. શ્રી દિક્ષિતજી શ્રીગોપીનાથજીનો ઉત્સવ. શ્રીમથુરેશજીના ઘરમાં મનાય છે. શ્રીલાલજીનો પાટોત્સવ (કાંદીવલી–મુંબઈ).

ભક્તિ નિકુંજ

રંગાઈ જાને રંગમાં

રંગાઈ જાને રંગમાં શ્રીનાથજીના રંગમાં ને વલ્લભ પ્રભુના રસમાં
સંગ બસો બાવનનો કરજે વાર્તા ચોરાશીની સાંભળજે
તાદશી વૈષ્ણવોનો સંગ કરીને સત્સંગમાં તું રહેજે. રંગાઈ
શિક્ષાપત્ર હરિરાય કેરૂ વાંચજે મનન ષોડસનું તું કરજે
સર્વોત્તમના પાઠ કરીને વલ્લભના શરણમાં રહેજે. રંગાઈ
પદ એકતાલીશ તું કરજે વલ્લભાખ્યાન નિત્ય એક કરજે
વેણુગીત યુગલગીત ભ્રમરગીતનું ગુંજન કાયમ કરજે. રંગાઈ
સ્નાન ગંગામાં તું કરજે પાન યમુનાજીનું કરજે
વિશ્રામ ઘાટે બેસીને તું ગોપીગીતને ગાજે. રંગાઈ
સેવા શ્રીજીની તું કરજે કિર્તન અષ્ટસખાના ગાજે
અષ્ટાક્ષરનો જાપ જપીને જીવન ધન્ય બનાવજે. રંગાઈ
ભાગવત–ગીતાનું જ્ઞાન લેજે સુબોધિનિનું પાન તું કરજે
ગિરિરાજજીને દૂધ ચડાવી પરિક્રમા તું કરજે. રંગાઈ
ચોરાશી બેઠક તું કરજે મિસરી મેવાના ભોગ ધરજે
દાસી લક્ષ્મી જેવી તેવી પ્રભુચરણમાં રાખી લેજે. રંગાઈ

— લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઈ (અમદાવાદ, ઝાલોદ.)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રી.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

અપને અપને સીલકોં,
સબકો કરત નિભાવ;
તુમ કૃપાલ હમ જીઉ તો,
સહજ હિં દુષ્ટ સુભાવ. (૫)

ટીકા : હે નાથ ! પોત પોતાનાં શીલ કહેતા સ્વભાવ અથવા આચરણ તેનો સર્વ કોઈ નિભાવ કરે છે. માટે તમારો તો સહેજે જ કૃપાલુતાનો સ્વભાવ છે તે નિભાવશો, ને અમે દોષવાન છીએં તોયે કૃપા કરશો. કેમ? અમારો જીવનો પણ સ્વાભાવિક દુષ્ટ સ્વભાવ છે. (૫)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી શિવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૮૦૨૦.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૭ અંક : ૧૦ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ જાન્યુઆરી, ૧૯૯૯

વચનસુધા

"નાણાંની પાછળ દોડતા લોકો ધર્મ અને સદાચારમાં આસ્થા રાખવામાં અશક્ત થઈ જાય છે. વાસના અને દેહના અધ્યાસોની બાધા થાય ત્યારે, ધર્મના બંધનો રુચિકર નથી લાગતા. નિયમો આવી ભોગ રુચીમાં પાલવે નહીં માટે લોકો સદાચારની નિંદા કરે છે. પૈસા પાછળ દોડતી મનની વૃત્તિઓ પ્રભુસુખ અને આચારની મહત્તા સમજવામાં અપૂર્ણ છે. તેઓના માટે ધર્મનો ઉપદેશ નકામો છે.

ધર્મની જીજ્ઞાસા પૂર્વ જન્મના સુકૃતથી ઉત્પન્ન થાય છે, અને ધર્મનું આચરણ પ્રભુકૃપાથી જ સંભવે છે.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૧ પૃષ્ઠ ૨૧૭)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

પોષ વદ ૧૧ તા. ૧૩–૧–૧૯૯૯ બુધવાર : ધનુર્માસ સમાપ્તિ, ષટ્તિલા એકાદશી વ્રત. તલનો ભોગ ધરવો, દાન આપવું, પ્રસાદ લેવો, તલનું ભક્ષણ અવશ્ય કરવું. (આ એકાદશી સિવાયની બીજી બધી એકાદશીઓના વ્રતમાં તલભક્ષણ વર્જિત છે.)

પોષ વદ ૧૨ તા. ૧૪–૧–૧૯૯૯ ગુરૂવાર : ભારત માર્તંડ પંડિત શ્રીગટુલાલાજીનો જન્મદિન. (સં.૧૯૦૧). મકરસંક્રાંતિ. પુણ્યકાળ સાંજે ૫–૦૨ થી સૂર્યાસ્ત સુધી તિલવાભોગ ઉત્થાપન અથવા ભોગ સમયે ધરવા.

મહા સુદ ૧ તા. ૧૮–૧–૧૯૯૯ સોમવાર : શ્રીબાલમુકુન્દજીનો પાટોત્સવ. શ્રીલાડુબેટીજી મંદિર, મુંબઈ.

મહા સુદ ૪ તા. ૨૧–૧–૧૯૯૯ ગુરૂવાર : શ્રીમુકુન્દરાયજી (કાશી)નો પાટોત્સવ. મહાનુભાવી શ્રીદામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં.૧૫૩૧) ગો.શ્રી કૃષ્ણકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા ગો. શ્રીયોગેશકુમારજી (કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૨૨–૧–૧૯૯૯ શુક્રવાર : વસંતપંચમી. શ્રીમદનમોહનજી (શેઠ પુરૂષોતમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૨૩–૧–૧૯૯૯ શનિવાર : શ્રીયશોદાજીનો જન્મદિન. શ્રીરાજકુમારજી (અનિરૂદ્ધલાલજી) મહારાજશ્રી (મુંબઈ) તથા ગો. શ્રીઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઈ–મુલુંડ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૨૫–૧–૧૯૯૯ સોમવાર : ગો. શ્રીમાધવરાયજી મહારાજશ્રી (વેરાવળ)નો જન્મદિન.

મહા સુદ ૧૨ તા. ૨૮–૧–૧૯૯૯ ગુરૂવાર : જયા એકાદશી વ્રત. શ્રીલાડિલેશજી (વેરાવળ)નો પાટોત્સવ.

મહા સુદ ૧૩ તા. ૨૯–૧–૧૯૯૯ શુક્રવાર : ગો. શ્રીઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

મહા સુદ ૧૫ તા. ૩૧–૧–૧૯૯૯ રવિવાર : હોળી દંડા રોપણદિન. ધમારનો પ્રારંભ. માઘસ્નાન સમાપ્ત. માઘચંદ્રગ્રહણ (ભારતમાં નહીં દેખાય.)

મહા વદ ૩ તા. ૩–૨–૯૯ બુધવાર : ગો. શ્રીવિઠ્ઠલેશરાયજી (જામનગર–જુનાગઢ)નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૪–૨–૯૯ ગુરૂવાર : ગો. શ્રીનૃત્યગોપાલજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૫–૨–૯૯ શુક્રવાર : શ્રીરણછોડજીનો પાટોત્સવ (ડાકોર). શ્રીકલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત)નો તથા ગો.ચિ. અભિષેકજી (મથુરા–પોરબંદર–મુંબઈ)નો જન્મદિન.

મહાવદ ૬ તા. ૬–૨–૯૯ શનિવાર : ગો. ચિ. શ્રીરઘુનાથજી બાવાશ્રી (મુંબઈ–મુલુંડ)નો તથા ગો.ચિ. શ્રીરસિકપ્રીતમજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

મહાવદ ૭ તા. ૭–૨–૯૯ રવિવાર : શ્રીનાથજીનો પાટોત્સવ (સતઘરા) નાથદ્વારા.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૧૦ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ જાન્યુઆરી, ૧૯૯૯

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

પંદરમો અપરાધ : "શ્રીઠાકોરજીકો તેલ લગાયે વિના ન્હવરાવે નહીં" આગળ, શ્રીઠાકુરજીને જગાવવા, મંગળભોગ ધરવા, ઝારીજી ભરવાની વ્યવસ્થિત રીત બતાવી, હવે શ્રીઠાકોરજીને સ્નાન, શ્રૃંગારની રીત બતાવે છે કે શ્રીઠાકુરજીને બાલભાવથી, સુંદર ફુલેલ (ચમેલીના ફૂલને ઉત્તમ તલના તેલમાં ઉકાળી બનાવેલ તેલ, સામાન્ય રીતે ફુલેલ નામથી કહેવાય છે.) તેલથી કોમળ હાથે ધીરેથી શ્રીઅંગમાં મર્દન (માલીશ)ના ભાવથી લગાડી, પછીજ સ્નાન કરાવવા. આમાં ચૂકે તો અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

|| શ્રી કૃષ્ણાય નમઃ ||
|| શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ||

પંચપદ્યાનિ – ગ્રંથપરિચય

લેખક– ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ, (પાર્લા – કિશનગઢ)
ભાષાંતર– પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ.

—ગતાંકથી ચાલુ

આ વિભિન્ન દષ્ટિકોણથી શ્રવણાધિકારનો વિચાર કરીએ તો 'પંચપદ્યાનિ'ના પાંચ પદ્યોમાં ભિન્નભિન્ન કક્ષાના પાંચ અધિકારીઓની ચર્ચા છે. મુખ્યાધિકારી એકવિધ છે અને અમુખ્યાધિકારી ત્રણ પ્રકારના છે. આમ કુલ ચાર પ્રકારના અધિકારીઓની ચર્ચા છે. 'મુખ્ય' તથા 'ઉત્તમ'ને પર્યાયવાચી (એકજ અર્થવાળા) માનીને તથા ઉપક્રમ અને ઉપસંહારમાં એકજ અધિકારીને વિવક્ષિત માનીને કુલ ત્રિવિધ અધિકારીઓની ચર્ચા છે. આ બધામાંથી ''આ એક જ અધિકારી ચોક્કસપણે આ જ પ્રકારનો છે'' એમ નક્કી કરી કોઈ એક વ્યાખ્યારીતિનું સમર્થન કરવાનું કામ જરા કઠિન છે. તો પણ મુખ્ય તથા અમુખ્ય તથા ભક્તિ અને પ્રપત્તિના ભેદને લક્ષમાં (ધ્યાનમાં)રાખતા આરંભના પ્રથમ શ્લોકમાં મુખ્ય ભક્તિમાર્ગીય શ્રોતાનું નિરુપણ તથા બાકી રહેલા ચાર શ્લોકમાં ભક્તિમાર્ગીય દ્વિવિધ અમુખ્ય શ્રોતા તથા એક પ્રપત્તિમાર્ગીય શ્રોતાનું વર્ણન છે. એમ વિચારવામાં કોઈ અસંગતિ ખડી થતી નથી, કારણ કે જે વાત શ્રીમહાપ્રભુજી પાંચ શ્લોકમાં કહી રહ્યાં છે તે આ પ્રમાણે છે.

(ક) દશમ સ્કંધના સાતમા અધ્યાયની ''યચ્છ્રણ્વતોપેત્યરતિ વિતૃષ્ણા સત્વં ચ શુદ્ધત્યચિરેણ પુસંઃ ભક્તિર્હરૌ તત્પુરુષે ચ સખ્યં તદેવ હારં વદ મન્યસે ચેત્– આ કારિકા ઉપરની સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજીએ ભગવત્કથાના પાંચ પરિણામ ગણાવ્યા છે :–

(૧) ભગવત્ ચરિત્રમાં અરતિ (અપ્રેમ)ની નિવૃત્તિ. (૨) ભક્તિનું પ્રાકટય. (૩) સાંસારિક તૃષ્ણાની નિવૃત્તિ. (૪) સત્ત્વ—અંતઃકરણની શુદ્ધિ. (૫) ભગવદીયોના સત્સંગરૂપ સખ્યની વૃદ્ધિ.

આ પાંચ પરિણામ જે શ્રોતામાં પ્રકટ થઈ રહ્યા હોય તેને ભગવત્ કથાના શ્રવણનો મુખ્યાધિકારી ગણવો જોઈએ. આથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભક્તિરસના આલંબન—વિભાવરૂપ શ્રીકૃષ્ણના નામાત્મક સ્વરૂપની કથાના શ્રવણકાલમાં બાહ્યાનુભૂતિ તથા ભક્તિરસના સ્થાયી ભાવરૂપ (માહાત્મ્ય જ્ઞાનપૂર્વક, સુદઢ, સર્વતોધિક સ્નેહ) રસની આંતર અનુભૂતિના ચક્રના તીવ્ર વેગથી ચાલુ થઈ જવાના કારણે જેમનું માનસ વિક્ષિપ્ત (ડહોળાયેલા જેવું) એટલે અસ્વસ્થ જેવું થઈ જાય છે. તેમને માટે ભગવત્કથા દુસ્ત્યજ (ત્યાગ કરવી મુશ્કેલ) બની જાય છે.

આવા કૃષ્ણરસવિક્ષિપ્ત માનસ શ્રોતાઓની ભગવત્ ચરિત્રોમાંથી અરતિ (અપ્રેમ)ની

નિવૃત્તિ થઈ જાય છે. તેથી તેમને "અરતિ વર્જિતાઃ" કહેવામાં આવે છે. તેમનું ચિત્ત નતો લૌકિક વિષયોની તરફ આકર્ષાઈ જાય છે કે ન તો વૈદિક મોક્ષાદિ ફલોની તરફ પણ આકર્ષાય છે. સાંસારિક વિષયોમાં તૃષ્ણા બંધનના તૂટી જવાને કારણે તેમને આ વિષયોમાં નિર્વૃતિ અર્થાત્ સુખ—સંતોષની અનુભૂતિ થતી નથી.

ભગવત્કથાની પ્રણાલીથી તેમના સત્વ—અંતઃકરણની શુદ્ધિ થઈ ગયેલી હોવાના કારણે કેવલ જ્ઞાની યા વિરક્તો (વૈરાગીઓ)ની જેમ વૈદિક ફલ સ્વર્ગ—મોક્ષ—અપવર્ગની કામના પણ તેમના મનમાં રહી નથી જતી. આ કારણને લીધે તેમને વેદમાં પણ અનિર્વૃત્તિ (વૈરાગ્ય) થઈ જાય છે. એવા શ્રોતા ભગવલ્લીલાના શ્રવણની ઉત્સુકતાને કારણે નિરંતર ભગવદીયોના સખ્ય યા સત્સંગ શોધતા રહે છે. નિરોધની સિદ્ધિના કારણે તેમને ભક્તિમાર્ગીય મુખ્ય શ્રવણાધિકારી ગણવા (સમજવા) જોઈએ.

(ખ) કેટલાક શ્રોતાઓનાં મન શ્રીકૃષ્ણભક્તિના રસથી એટલા આર્દ્ર—ક્લિન્ન થઈ જાય છે કે કથા શ્રવણના સમયમાં તેઓ ભગવત્ સ્મૃતિથી વિહ્વલ બની જાય છે. ભવગત્કથાના શાબ્દિક પ્રમાણ પક્ષમાં તેમની રુચિ તીવ્ર નથી હોતી. પરંતુ અર્થનિષ્ઠા—કથાના પ્રમેય અર્થાત્ ભગવત્સ્વરૂપ—ગુણધર્મ—લીલાના શ્રવણમાં તેમની નિષ્ઠા ઘણી પ્રબલ હોય છે. આ જ અર્થનિષ્ઠાના કારણે તેમનામાં જ્ઞાનની લાલસા ઓછી હોવાથી પણ પ્રેમની સ્પષ્ટ વિદ્યમાનતા (હાજરી)ના કારણે એમને ભક્તિમાર્ગીય મધ્યમ કક્ષાના શ્રવણાધિકારી સમજવા (ગણવા) જોઈએ.

(ગ) કેટલાક અન્ય શ્રોતાઓમાં એની અર્થનિષ્ઠા નથી હોતી. પરંતુ શબ્દનિષ્ઠા તીવ્ર હોય છે. પરિણામે પ્રમાણ વિવેચનની પ્રક્રિયા દ્વારા તેમને નિઃસંદિગ્ધ જ્ઞાનની પ્રાપ્તિની લાલસા રહેતી હોય છે. એવા શ્રોતાઓની આસ્થા તો સ્પષ્ટ હોય છે કે કેવલ શ્રીકૃષ્ણ જ સર્વભાવથી ભજનીય છે. પરંતુ ભાવ નિરંતર જાગેલો રહેતો હોતો નથી. ક્યારેક ક્યારેક કથારસના આવેશના કારણે અથવા પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિની તાત્કાલિક અભિવ્યક્તિના કારણે તેઓ સ્નેહવિકલ (પ્રેમને લીધે અસ્વસ્થ) બની શકે છે; અન્યથા જ્ઞાનિજનોચિત સ્વાસ્થ્ય (!) પ્રેમનું બનેલું (પ્રવર્તનુ) હોય છે.

(ઘ) પ્રપત્તિમાર્ગીય જીવ અન્યમાર્ગીય શ્રોતાઓની સરખામણીમાં ઉત્તમાધિકારી ગણી શકાય, પરંતુ એમાં શરત એટલી જ છે કે દેશ—કાલ—દ્રવ્ય—કર્તા—મન્ત્ર—કર્મ આદિ અનેકવિધ ધાર્મિક સાધનોના અભિમાનને છોડીને શ્રીકૃષ્ણની સ્વરૂપ—ગુણધર્મ—લીલાઓના શ્રવણ—સ્મરણ—કીર્તનમાં જ્યારે મનની અનન્ય રુચિ ડૂબી જાય યા મગ્ન થઈ જાય. (જો આ શરત પૂરી ન થાય તો ઉત્તમાધિકારી ન ગણી શકાય). આ પ્રપત્તિમાર્ગીય શ્રવણાધિકાર અન્ય મર્યાદામાર્ગીય કર્મ જ્ઞાનોપાસનાના અધિકારોથી તો ઉત્તમ જ હોય છે.

આ પ્રકારે વક્તા તથા શ્રોતાના અધિકારોનું વિવેચન અહીં સંપૂર્ણ થાય છે.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

યોગ, યજ્ઞ, જપ, તપ, વ્રતો બહુ કીધે કષ્ટ કર્મ;
જ્ઞાન, ધ્યાન, અતિ દાનથી, તીર્થ આચરતાં ધર્મ.
ધર્માધ્યયન વેદ શાસ્ત્ર પુરાણ, કોટિ સાધનથી ન પરમ કલ્યાણ;
શ્રેય નવ થાય ઉપાય અનેક, વિના મહતપદ—રજ—અભિષેક.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૬)

વિવેચન : પાછળની કડીમાં જોયું કે ભગવદ ભક્તની મહાનતા કેવી છે. એનાજ સમર્થનમાં આ કડીમાં દૃષ્ટાંત આપી સમજાવ્યું છે.

પદ્મપુરાણે : ભગવત મહાત્મ્યમાં અધ્યાય ૧ લો.

યત્ફલં નાસ્તિ તપસા ન યોગો ન સાધિના
તત્ફલં લભતે સમ્યક્ કલૌ કેશવ કીર્તનાત્

બીજા યુગોમાં જે ફલ તપ, યોગ, અને સમાધિથી પણ પ્રાપ્ત કરવું કઠણ હતું તેજ ફળ કળીયુગમાં ભગવાનનાં કીર્તન કરવાથી મળે છે.

શ્રી ભા. ૫ સ્કંધ અ. ૧૨મો

રહુગણૈત તપસા નયાનિ તેન એજ્યયા નિર્વૈષણાદ્ગૃહદ્વા
ન છંદસા નૈવ જલાગ્નિ સૂર્યે ર્વિના મહત્પાદરજોઅભિષેક

હે ! રાજા રહુગુણ, એ સ્વસ્વરૂપનો લાભ પુરૂષને વૈદિક કર્મો કરવાથી મળતો નથી. તેમ પ્રાણીઓને અન્નાદિક આપવાથી થતો નથી તેમજ વેદાભ્યાસ કરવાથી તથા જળ કે અગ્નિ કે સૂર્યની ઉપાસનાથી પણ પ્રાપ્ત થતો નથી. માત્ર મહાપુરૂષોનાં ચરણરજની સેવા કરવાથી જ લાભ પ્રાપ્ત થાય છે.

ઉપર મુજબ રહુગુણ રાજાને ભરતજીએ ઉપદેશ આપેલ છે. રહુગુણ રાજા પાલખીમાં બેસી જ્ઞાન પ્રાપ્ત કરવા જતા ત્યારે એક માણસ ઓછો થયો તે વખતે જડભરતજીને પકડીને પાલખી ઉપાડવા લગાડયા. જડભરતજી નીચે જોઈ ચાલતા ત્યાં કીડી મંકોડીની હાર જોઈને કુદી જતાં. આ જોઈ રહુગુણ રાજાને ગુસ્સો આવ્યો. તે વખતે ભરતજીએ જે વચનો સંભળાવ્યા તે સાંભળી રાજા રહુગુણ પાલખીથી નીચે ઉતરી જડભરતજીને પગે પડયો અને તેમની પાસેથી જ્ઞાન ગ્રહણ કર્યુ હતું.

ભરતજીએ આગળ સમજાવ્યું કે તે પરમાત્મા; તથા ઘણા પુરુષાતન પ્રયત્ન વડે, શ્રવણ કરવાથી પણ પ્રાપ્ત થતા નથી. ઘણાં અભાગી પુરૂષો તો તે સાંભળે છતાં તેને માનતા નથી. અર્થાત્ તેના વક્તા પણ ઐશ્વર્ય રૂપ હોય છે. વક્તાપણ અનેકોમાં કોઈ એક હોય છે. તેમ શ્રવણ કરવાવાળામાં પણ અનેકોમાંથી કોઈ એક હોય છે.

શ્રોતાં સાંભળ્યા પછી તે પ્રભુને પ્રાપ્ત કરવા કોઈ મહાન નિપુણ ભક્ત હોય અગર તો શિષ્ટ આચાર્ય હોય તેમની પાસે રહી તેમની સેવા કરી ભગવદ તાત્પર્યનું શિક્ષણ ગ્રહણ કરે છે, ત્યારે તેનામાં રહેલા દુર્ગુણો જેમકે નાસ્તિકપણું, કુર્તક વિગેરે દુર થાય છે. ત્યાર પછી જ તે પરમાત્મા પરાયણ થાય છે. સંત સમાગમ કરે તે જ મુમુક્ષુઓનું કર્તવ્ય છે.

અતઃ સત્સંગ એવાસ્મિન્માર્ગે સર્વસ્ય સાધનમ્
તદ્ભાવે સર્વશ્ચૈવ ન કિંચિત દિહ સિધ્યતિ

આથી એ સમજમાં આવે છે કે, ઉપરનાં વાક્યોનું મૂળ સત્સંગ કરવાથી જ સમજાય છે. સત્સંગના અભાવમાં સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

શ્રીહરિરાયજી : શિક્ષાપત્ર ૮ શ્લોક ૫

તદીયેષુ સદાસ્થેયં સદ્ભાવે નૈવ સર્વથા
ત એવ ભક્તિમાર્ગસ્ય સહાયત્વે નિરૂપિતાઃ

ભગવદ ભાવનું રક્ષણ કરવું તે માટે સદા ભગવદીયોના સંગમાં રહેવું. જેથી કરીને અન્યાશ્રયથી બચી જવાય, તેમજ બહિર્મુખતા ન થાય ભગવદ ભક્તનાં સંગથી સુંદર ભાવની પ્રાપ્તિ થાય. આ વસ્તુનો સાર સમજીને ભગવદીનો સંગ કરવો. તે ભગવદીમાં કોઈપણ જાતની લૌકિક વૈદિક ચાહના રાખવી નહીં. કેવળ ભગવદ પ્રાપ્તિ કરવા માટે જ સંગ કરવો. ભગવદીયની સેવા કરવી કેમકે તે સહાયક છે. સત્સંગની બરોબરીમાં કોઈ યોગ, કર્મ, દાન, પૂન્ય, તીર્થ આદિ આવી શકતું નથી.

શિક્ષાપત્ર— ૫ શ્લોક—૬

તદીયા દુર્લભા શ્ચેત્સ્યુઃ શ્રીભાગવત સેવનમ્
અથવા દૈન્ય ભાવેન સ્મર્તવ્યઃ સતતં હરિઃ

ઉત્તમ ભગવદીનો સંગ ન મળે તો શ્રીમદ્ ભાગવત્ શ્રીસુબોધિનીજીનું સેવન કરવું તેમજ શ્રીમહાપ્રભુજીના વચનો ઉપર વિશ્વાસ રાખવો. અભ્યાસ ન હોય તો કેવળ ભગવત નામનું સ્મરણ કરવું, દીનતા રાખવી, શરણમંત્ર (શ્રીકૃષ્ણઃ શરણં મમ)નો ઉચ્ચાર કરવો, સ્મરણ ચિંતન કરવું જે બધા વેદ શાસ્ત્રોના સારરૂપ છે. તત્ત્વ આજ સમજાય છે કે પ્રભુનું શરણ સ્વિકારી ભક્તિ કરવી.

શિક્ષાપત્ર ૨૯ શ્લોક—૨

સત્સંગ કૃષ્ણ સ્મરણ શરણાગતિ સાધનૈઃ
તદ્ભાવે કૃતિઃ સર્વા યતો વૈયર્થ્યમેતિ હી

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો સંગ, શ્રીકૃષ્ણનાં સ્વરૂપનું સ્મરણ, આ બંને સાધન કરી શરણ ભાવના રાખી બુદ્ધિની રક્ષા કરવી સત્સંગથીજ ભાવની વૃદ્ધિ થાય છે. તેમજ ભાવ વિના બધું ક્રિયારૂપ બની જાય. વ્યર્થ થાય. આ કલીકાલે બધાની બુદ્ધિનો નાશ કર્યો છે તેમાંથી ફક્ત ભગવદ ભક્ત જ બચી શકે છે. કોટી સાધન હોય પરંતુ સત્સંગ ન હોય તો ક્રીયારૂપ બને છે. સત્સંગથી જ પુષ્ટિફળ પ્રાપ્ત થાય છે.

માટે જ કવિ કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૫૬

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી : ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૫૭

ધનિ ધનિ ધન્ય સો પુર ગ્રામ;
જહાં વિરાજત ધાર રવિજા સકલ પૂરન કામ. ૧
તિનહિ શ્રીયુત દેખિ સકુચિત વિબુધ પુર મન માહિ;
દિયો વાસ ન હમહિ અજ્યોં કહત સબ પછિતાહિ. ૨
કલ્પવૃક્ષ બિલોકિ તટ તરુ કરત મન યહ સાધ;
અહો અતિ આશ્ચર્ય હમ તહાં જન્મ હોંન અગાધ. ૩
પુલિન કૃષ્ણ વિલાસ આકર નિત્ય રસ આનન્દ;
દીન દાસી 'બલ્લભી' કે હરૌ બલિ ભય ફંદ. ૪

ભાવાર્થ : આ પદ ગાતાં કવિશ્રી દાસીભાવનામાં મગ્ન થયા છે. શ્રીયમુનાજીને કિનારે નિવાસ કરી રહેલ હોય તેના ભાગ્યની શી બડાઈ કરવી. ધન્ય વ્રજદેશ, ધન્ય પુર ગામ. જ્યાં શ્રીયમુનાજી સદા નિવાસ કરી રહેલ છે. સમસ્ત જીવો પર કૃપા કરવાવાળા તેમાં પણ પુષ્ટિજીવોને પુરૂષોતમરૂપી ફળ દેવાવાળા.

ધન્ય ગ્રામ. તે શ્રીમદ્ ગોકુલ, ગોવિંદઘાટ, ઠકુરાણી ઘાટ ઉપર બિરાજતા શ્રીયમુનાજી ભક્તોની કામના પૂર્ણ કરે છે. શ્રીમદ્ વલ્લભ પ્રભુ વ્રજમાં પધાર્યા ત્યારે શ્રાવણ સુદ ૧૧ની મધ્યરાત્રિએ યુગલ સ્વરૂપે પ્રગટ થઈ આજ્ઞા કરી લીલાના જીવોને શરણે લઈ લીલામાં પ્રાપ્તિ કરાવો. પુષ્ટિ પ્રાગટયનું સ્થળ ગોવિંદઘાટ છે. તે સ્થળ દર્શન, સ્પર્શ, પાન, સ્નાન કરીને પ્રભુની નીકટતા પ્રાપ્તિ કરાવે છે. દૈવિ જીવોનો ઉદ્ધાર કરવા કલિનાં દોષોથી નિવૃત્તિ કરાવવાવાળા તે સ્થળે બિરાજી ઈચ્છિત ફળ આપો છો.

શ્રીયમુનાજી આપને કિનારે જે જે ગામો વસે છે તેને ધન્યવાદ આપતાં કવિશ્રી કહે છે કે શ્રીયમુનાજી જ્યાં બિરાજે છે તે અલૌકિક સંપત્તિવાન ગામો છે, કેમકે સકલ સિદ્ધિ દાતા જીવને પ્રભુ પ્રાપ્તિ કરાવવાવાળા એવો વૈભવ તેની પાસે છે. મૃત્યુલોકના માનવી આ અલૌકિક રસનો લ્હાવો લઈ શકે છે. આ જોઈને દેવતાઓ પણ વિસ્મય પામે છે તથા પશ્ચાતાપ કરે છે કે આ સ્વર્ગનું સુખ તુચ્છ છે.

શ્રીયમુનાજીનો વૈભવ કોઈથી કળ્યો જાય તેવો નથી, તે કલ્પવૃક્ષ સમાન છે. આ કિનારે ઉભેલા વૃક્ષો પણ આ વૃક્ષયોનિમાં પણ સાધના કરે છે, જેમનું સીંચન યમુનાજળથી થયેલું છે. આશ્ચર્યની વાત છે. અમે કર્મ કરી સ્વર્ગ મેળવ્યું, પરંતુ વ્રજવાસ માગ્યો હોત તો શ્રીયમુનાજીનાં વૈભવની ઝાંખી કરી શકત. પાવન થઈ જાત.

જેમ જળની ધારા એક સરખી રાત દિવસ ચાલુ રહે છે તેમ આપના તટ પર પુરૂષોતમની

લીલા અવિચ્છીન ચાલુ રહે છે. અનેક લીલાઓ વ્રજભક્તો સહિત અત્રેજ કરી છે. નિત્ય નવી લીલા, નિત્ય નવો રસાનંદ, જેનું વર્ણન કવિથી થઈ શકે તેમ નથી, એવા હે મહારાણીમા આપની આ તુચ્છ દાસી વલ્લભીનાં મનનો નિગ્રહ કરો કે જેથી હું નિર્ભયતાને પ્રાપ્ત થાઉં. આપના અગાધ વૈભવનું યશોગાન કરું. દરસ પરસનો આનંદ માણી શકું. હું વારે વારે બલિહારી જાઉં, આપનાં તટ ઉપરની સંપત્તિ ઉપર. ૫૮

શ્રી ગોપીગીત એક આસ્વાદ

– લેખક : શ્રીજેઠાલાલ છોટાલાલ શાહ– ''ઉર્મિલ''

સાવલી, જીલ્લો–વડોદરા.

—ગતાંકથી ચાલુ

એક ગોપી તૃણાવર્ત લીલા અંગે બીજી ગોપીને ઊંચકીને દોડી ગઈ. ભગવાન બાલ્યાવસ્થામાં મૂઢ અને ભયભીતની જેમ પ્રતીત બની રહીને અનેક પ્રકારના ધ્વનિ કરતા ઘૂંટણીઓ ચાલતા તેમ એક ગોપીએ એવું આચરણ કર્યુ. આજ પ્રમાણે ગૌચારણ લીલા વેણુ વગાડી ગાયોને બોલાવી ભેગી કરનારી લીલા. પરસ્પર ખભે હાથ મૂકીને ચાલતી અને બોલતી ''હું કૃષ્ણ છું. મારી ચાલ જુઓ'' એમ બોલવાની તથા '' સુંદર સુંદર'' એમ વખાણવાની લીલા આચરવા લાગી. '' પવન અને વર્ષાથી બ્હીશો નહીં. મેં એનાથી તમારું રક્ષણ કર્યુ છે.'' એમ બોલી એક ગોપી વળી પોતાનું વસ્ત્ર ગોવર્ધન પર્વતની જેમ ઊંચુ કરવા લાગી. વળી એક ગોપી બોલીઃ '' આ ભયંકર દાવાગ્નિ જુઓ. તમે જલ્દી આંખ બંધ કરી દો. હું તમારું તરતજ કલ્યાણ કરીશ.'' એક અતિ સુંદર ગોપીએ વળી દામોદર લીલાનું અનુકરણ કર્યુ. લીલા નિધાન ભગવાને આ બધું જોઈને પછી જરા કૃપા કરી લીલા આચરતાં તેમ લતાવૃક્ષોને પૂછતાં પૂછતાં ગોપીજનોએ વનમાં સહસા ભગવાનના ચરણનાં પગલાં જોયા. ધ્વજા, કમળ, ચક્ર, અંકુશ, અને યવ આદિના ચિહ્નવાળા એ પગલાંને ગોપીઓએ ઓળખ્યાં અને એ પગલે પગલે તે અબલાઓ આગળ વધી. પરંતુ ત્યાં તો એ પગલામાં કોઈ સ્ત્રીનું પગલું પણ ભેળસેળ થયેલું તેમના જોવામાં

આવ્યું. આ જોઈ તેઓ પરસ્પર બોલવા લાગ્યા. હાથી જેમ હાથણીના ખભા પર પોતાનો હસ્તપાદ મૂકે તેમ નંદરાયજીના પુત્રે જેના ખભે પોતાનો હાથ મૂકયો છે એવી એ કઈ સ્ત્રી હશે? એ સ્ત્રી ખરેખર ભગવાનને આરાધના દ્વારા પ્રસન્ન કરીને અધિકાર પ્રાપ્ત બની રહી હશે? એથી જ આપણો ત્યાગ કરીને ભગવાન એને એકાન્તમાં લઈ ગયા હશે. જુઓ જુઓ, અહીં પોતાની એ પ્રિયા માટે પ્રિયતમે વૃક્ષ ઉપરથી પુષ્પો ચુંટેલા હોવાનું જણાય છે. પગના આગલા ભાગ ઉપર ઉભા રહેવાથી આ પગલા અધુરાં પ્રતીત થઈ રહ્યાં છે. જરા આગળ વધીને જોયું તો પ્રતીત થયું કે તહીં કાન્તાની પાસે બેસીને કાન્તે એના કેશ ગૂંથ્યા હોવા જોઈએ. આવું બધું જોતાં એ ગોપીજનો વિક્ષિપ્ત ચિત્તથી વનમાં ફરી રહ્યાં છે. ભગવાન જે ગોપીને લઈને જતા રહ્યા હતા તે ગોપી પણ ભગવાન બધાને ત્યજી મને એકલીને જ ભજે છે એમ સમજી પોતાને સ્ત્રીઓમાં શ્રેષ્ઠ માનવા લાગી. ગર્વવાળી એ ગોપીએ રમણીય વનપ્રદેશ આવતાં કેશવને કહ્યું કે "હવે મારાથી ચલાતું નથી તો મને તેડી લો" ભગવાને તેને પોતાના ખભે ચડી જવાનું કહ્યું. પેલી ગોપી હર્ષભરી ભગવાનના ખભે બેસવા જતી હતી ત્યાં તો શ્રીકૃષ્ણ અંતર્ધ્યાન થઈ ગયા. તે અનન્ય પૂર્વા ગોપી પોતાનો દોષ સમજી ગઈ અને પશ્ચાતાપ પૂર્વક પ્રભુને વિનવી રહી: 'હે નાથ ! હા રમણ ! હા પ્રિયતમ ! તમે ક્યાં છો? હા સખા ! આ કૃપણ દાસીના દોષો સામું ન જોશો અને દર્શન આપો એમ બોલતી મૂર્છિત બની રહી. ભગવન્માર્ગની શોધ કરતાં ગોપીજનોએ પ્રિયવિયોગે એ મૂર્છિત ગોપીને જોઈ. જરા સ્વસ્થ થતાં તે ગોપીએ ગોપીજનોને બધી વાત કહી. ગોપીજનો સમજી ગયા કે લક્ષ્મીજીના પતિ ભગવાનના ગુણથી માન થાય છે. અને દુષ્ટતારૂપી પોતાના અવગુણથી અવમાન થાય છે. ભગવાનનું એવું અલૌકિક સામર્થ્ય અનુભવી ગોપીજનોને સમજાયું કે આમ શોધ કરે ભગવાન મળવાના નથી. ભગવત્પ્રાપ્તિને માટે તો ભગવત્કૃપા જોઈએ. એવી કૃપાની પ્રાપ્તિ માટે સર્વસ્વ નો– દેહનો પણ પરિત્યાગ કરવો પડે.

હરિપ્રિયાઓ પ્રથમ જ્યાં શ્રીયમુનાજીના તટ પર હતા ત્યાંજ પાછા વળીને આવ્યાં અને પ્રભુ પધારશે એવી આકાંક્ષા ધારણ કરી સાથે મળી સર્વ કૃષ્ણનું ગાન કરવા લાગ્યા. શ્રીહરિને ગાન પ્રિય છે. અને આપણા શ્રેય માટે પણ ભગવાનના ગુણોનું ગાન જ આવશ્યક છે.

એમ માનીને ભગવાનની એ પ્રિયાઓ કોના ભાગ્યથી, કોના સ્નેહથી યા કોના ઉપર ભગવાનની કૃપા વધુ છે એ નકકી ન હોવાથી પ્રથમ સર્વે એકઠાં થયા અને સત્વ વગેરે અનેક પ્રકારના ગુણોથી ગાન કર્યું. શ્રીગોપીજનો આલંબન વિભાવ છે. આલંબન વિભાવનો એવો સ્વભાવ છે કે અભિમાનરૂપી અવજ્ઞા પણ સહજ થઈ જાય છે. આવા માનથી પણ જ્યારે પ્રભુ રૂપી રસિકનાયક અપ્રસન્ન થઈ જાય છે ત્યારે રસમાર્ગની રીતે નાયિકાઓ નાયકનું ગુણગાન કરે છે અને તે રીતે તેમને પ્રસન્ન કરે છે. તેથી શ્રીગોપીજનોએ પોતાના ભાવને અનુસરીને રસશાસ્ત્રની રીતે ગોપી ગીતનું ગાન કર્યું. પ્રભુને ગાન પ્રિય લાગે છે. શ્રીગોપીજનોને પ્રભુએ ગાન દ્વારા જ બોલાવ્યા હતાં ને? પોતે પણ પ્રભુને ગાન દ્વારા જ બોલાવશે, પ્રસન્ન કરશે. શ્રીમદ્ ભાગવતમાં અનેક ગીત છે. સ્તુતિગાન છે. સૌ પોતાના અધિકાર પ્રમાણે ગુણગાન કરે. શ્રીગોપીજનનો અધિકાર તો અચિન્ત્ય છે. અદ્વિતીય છે. શ્રીગોપીજનો અન્ય પૂર્વા—શ્રુતિરૂપા અને અનન્ય પૂર્વા—ઋષિરૂપા તથા કુમારિકાઓ એમ બે પ્રકારનાં છે. અને એમના ૧૯ પ્રકાર છે. એ ગોપીજનોએ હરિને પ્રિય એવી ૧૯ પ્રકારની સ્તુતિ અને તે પણ ૧૯ શ્લોકોમાં જ કરી છે. અન્ય પૂર્વા—શ્રુતિરૂપા ગોપીજનો અને એમનાં યુથ નિર્ગુણ અને સાત્ત્વિક વગેરે ભેદથી દશ પ્રકારનાં અને અનન્ય પૂર્વા—કુમારિકાઓ અને ઋષિરૂપા ગોપીજનો અને એમનાં યૂથ એજ ભેદથી નવ પ્રકારનાં છે. અને એમ ૧૯ પ્રકારનાં શ્રીગોપીજનો છે.

શ્રુતિરૂપા અન્ય પૂર્વા ગોપીઓ અને એમનાં યૂથ ગીતનો આરંભ કરે છે.

જયતિતેઽધિકં જન્મના વ્રજઃ શ્રયતઈન્દિરા શશ્વદત્ર હિ।
દયિતદૃશ્યતાં દિક્ષુતાવકા સ્ત્વયિધૃતાસવ સ્ત્વાંવિચિન્વતે ॥ ૧ ॥

હે પ્રિય ! આપના જન્મથી વ્રજનો વૈકુંઠ કરતાં પણ અધિક ઉત્કર્ષ થયો છે. લક્ષ્મીજી પણ હંમેશા અહીંજ આશ્રય લે છે. આપનાં સ્વજન આપને માટે જ પ્રાણ ધારણ કરનારાં આપને દિશાઓમાં શોધી રહ્યાં છે તે જુઓ.

અત્રે લક્ષ્મીજીને પણ હંમેશ આશ્રય કરવો પડે છે એવી વાત કરી છે. વૈકુંઠમાં તો લક્ષ્મીજી ભગવાનનાં નિયત નકકી થયેલાંજ ભાર્યા છે એટલે ત્યાં એ પ્રકારની વાત હોય નહીં

પણ અહીં વ્રજમાં તો ગોપીજનો કહે છે કે અમે લક્ષ્મીજીના જેવાં અનેક છીએ એટલે લક્ષ્મીજીને સ્વસ્થતા રહેતી નથી અને તેથી મારો અવસર કયારે આવશે એ વિચારથી તે વ્રજનું હંમેશા સેવન કરે છે. પ્રથમ શ્લોકમાં દૈન્ય ભાવ દર્શાવી પછી બીજા " શરદુદાશયે " શ્લોકથી કહે છે કે હે સુરતનાથ ! શરદઋતુમાં સરોવરમાં સુંદર રીતે ઉત્પન્ન થયેલાં કમળની અંદર રહેલ લક્ષ્મી અર્થાત્ શ્રીશોભા તેનું પણ હરણ કરનારી અર્થાત્ તેના જેવી સુંદર દષ્ટિથી હે વરદ! આપ અમને શુલ્કરૂપી દાસીઓને—ધર્મદાસીઓને મારો છો તે શું ઘાત ન કહેવાય ? હે ઋષભ ! કાલીય નાગના ઝેરવાળું જલ પીવાથી થયેલા મૃત્યુથી, કાલીય વગેરે સર્પોથી, તૃણાવર્ત વગેરે રાક્ષસોથી, ઈન્દ્રે કરેલી વૃષ્ટિ અને વાવંટોળથી, વીજળી અને અગ્નિથી, વ્યોમાસુરથી અને એવા અનેક પ્રકારના ભયથી આપે અમારું અનેકવાર રક્ષણ કર્યુ છે તો હમણાં પણ રક્ષણ કરો.

હે સખા ! તમે કાંઈ વાસ્તવમાં યશોદા નંદન નથી. પ્રાણીમાત્રના અંતઃકરણના દષ્ટા છો. બ્રહ્માની પ્રાર્થનાથી વિશ્વની રક્ષાને માટે આપ સાત્ત્વતોના યાદવોના કુળમાં પ્રકટ થયા છો. મૂળ ભૂત વૈષ્ણવ ધર્મની અહીં વાત કરી છે. શ્રીભગવાન પોતાની ઈચ્છાથી અહીં આવ્યા નથી એમ **વિખનસાર્થિતઃ** એ શબ્દોમાં શ્રીગોપીજન કહે છે કે **વિખના** એટલે બ્રહ્મા—જે વિશેષ ખનન કરે તે વિખના. અર્થાત્ જે સર્વ રીતે વેદના અર્થનો વિચાર કરનાર છે તે વિખના યા બ્રહ્મા. આ કારણથી જ બ્રહ્માએ સ્થાપેલો ભગવદ્ ભજનનું પ્રતિપાદન કરનારો વૈખાનસ મત પ્રચલિત છે. આ માર્ગ પ્રમાણે ભગવાન પૂજા સ્વિકારે છે અને તેથી જ વેંકટ વગેરે પૂણ્ય સ્થલોમાં તે પ્રકારેજ પૂજા કરવામાં આવે છે. તેથી સર્વની પૂજા પણ ગ્રહણ કરવાને માટે બ્રહ્માએ ભગવાનની પ્રાર્થના કરી. આ પ્રમાણે ભગવાન અંતરાત્મા છે. પ્રાણીમાત્રના સખા છે. જગતમાં સખ્ય પ્રગટ કરવાને માટે સાત્ત્વતોતા કુળમાં—પ્રાચીન વૈષ્ણવ ધર્મ સાત્ત્વતધર્મ પણ કહેવાય છે. એટલે એવા સાત્ત્વતકુળમાં આપ પ્રાદુર્ભાવ પામ્યા છો એમ ભાવાર્થ છે. વિરહવ્યાકુળ શ્રીગોપીજનો પણ કહે છે કે હે વૃષ્ણિકુળમાં શ્રેષ્ઠ! હે કાન્ત! અમારી વ્યાકુળતા નષ્ટ કરવા માટે આપ આપનું હસ્તકમળ અમારા મસ્તક પર મૂકો. અમારા શરીરે એથી જ શાંતિ થશે. આપનો હસ્ત અભય પ્રદાન કરનાર છે તેમ અભિલાષાઓ પૂર્ણ કરનાર છે.

—ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદી ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૬૫. ઈન્દ્રિયો ને તેના દેવતા

—ગતાંકથી ચાલુ

વળી એક દિવસ કહ્યું કે, આ ઈન્દ્રિયોને દેવતા છે. આંખનો દેવતા સૂરજ છે. હાથનો દેવતા ઈન્દ્ર છે. તેમ સર્વે ઈન્દ્રિયોને દેવતા છે. કામ તો રાજા કરે છે, નરસું કામ કરાય છે, ત્યારે ઈન્દ્રિયોને દેવતા નરકમાં નાખે છે.

ત્યારે કહ્યું કે ઈન્દ્રિયોના દેવતા તો સારૂં જ કામ કરાવે છે. જ્યારે યજ્ઞ કરવામાં બુદ્ધિ થાય ત્યારે તો દેવ કરાવે છે, ને જ્યારે કુબુદ્ધિએ ઈન્દ્રિયો ચાલે છે, ત્યારે તે ઈન્દ્રિયોના દેવતા વેગળા રહે છે. સર્વે ઈન્દ્રિયોનો સરદાર ઈન્દ્રિય એક મન છે. તે સર્વોપરિ છે. ત્યારે કહેશે કે મન પિચાશ છે. મનનો સારો મનસુબો તો છે નહિ. ત્યારે એ પિચાશ એને નરકમાં નાખે છે.

જે મન વડે પ્રભુનો વિચાર, પ્રભુની સામગ્રીનો વિચાર, પ્રભુને પામવાનો વિચાર થાય છે તે શ્રેષ્ઠ છે. આપણને મળે ત્યાં સુધી તો શ્રીઠાકોરજીને આરોગાવવું. ન મળે તો સંતોષ રાખી જળ વડે નિર્વાહ કરીએ, પણ પ્રભુ ઉપર પ્રસન્ન રહીએ. ન મળે તો ભાવના કરીએ, કે હું આવા ભોગ ધરું, સોનાની થાળી, રતન જડિત કટોરામાં અનંત પ્રકારના સુંદર ભોગ ધરું, એમ મનોરથ કરીએ, તો પ્રભુ પ્રસન્ન થાય. આવા મનોરથ કરીએ, તો કોઈવાર એ મનોરથ પૂરા થાય. સર્વેના હિત ઉપર, સર્વેના સારા ઉપર જ નજર રાખી ભોગ સર્વેને આપવા, ને આપણે તો દાળ રોટલી લેવી. હંમેશા પ્રભુની ભાવનામાં તરબોળ રહેવું.

આંખનો ધર્મ જોવું છે, તે આંખે જોઈએ છીએ, તે જગતના લોકની પેઠે ન જોઈએ, કાને આ જગતના પદાર્થ સાંભળીએ છીએ, પણ જગત સાંભળે છે, તેવું ન સાંભળીએ એમ જોઈએ. અથવા સાંભળીએ તો નરકમાં પડીએ. જોઈએ ભગવત્સ્વરૂપ. આ જગતથી અવળા ચાલીએ તો કામ થાય. એને આ જગતમાં પદાર્થનો સ્વાર્થ મટે, ત્યારે ભગવત્પ્રસાદનો ભોગી થાય. જ્યાં સુધી લાડુ, પુરી, ખીર એનો સ્વાદ છે, ત્યાં સુધી પ્રસાદ છે નહિ, પ્રસાદ જ્યારે ભાસશે, ત્યારે કડવું એ ખાશે, ત્યારે ભગવત્ પ્રસાદ જાણ્યો કહેવાય. તે તો ભરતજી તથા શુકદેવજી જાણે છે. બીજા જેના પર પ્રભુની કૃપા થશે, તે જાણશે.

જેને ગોળ અને ખોળ, સારૂ અને નરસું, તેમ ખારું, મોળું, દૂધ ને છાશ એ સર્વે બરાબર થશે, ત્યારે એને પ્રસાદ ભોગ પડશે. ખબર પડે ત્યાં સુધી પ્રસાદ જીવ જાણતો નથી, જ્યારે પ્રભુ કૃપા કરશે, ત્યારે સારામાંથીને નરસામાંથી, ભુંડામાંથી ને ભલામાંથી નીકળશે. પારકામાંથી ને પોતાનામાંથી ને મારા તારામાંથી નીકળશે, ત્યાર પછી પોતે પ્રભુ પ્રકટ થશે. જ્યાં સુધી જીવ કર્તા છે, ત્યાં સુધી પ્રભુને શી ચિંતા થાય? જ્યારે પોતે કર્તા મટી જશે, ને મનમાં અનુભવશે, કે મારું તો એક હરિજ સર્વે કરે છે. હું તો કંઈએ કરતો નથી, એવો નિઃસાધન થાય, ને કેડ બાંધીને સેવાસ્મરણ કરે, ને હું પણું મટી જાય, એટલે હું કર્તા મટી જાય ત્યારે પોતે પ્રકટ થાય.

શ્રીગુરૂચરણમલેભ્યો નમઃ

પ્રાતઃ સ્મરણ — રાગ ભૈરવ

ભોર ભયે ભાવસોં, લે શ્રીવલ્લભનામ,
હે! રસના તુ, ઓર વૃથા બકે ક્યોં નિકામ.
સેવારસ સ્વાદ પાવે, ઈનહિકે ગુન ગાવે,
ઓર સબ રસ વિસરાવે, યહ મન આઠોં જામ ।।૧।।
રસિકન કુછ ઓર કરે, ઈનહિસેં ભાવ ધરે,
અતિરસ અનુપાન કરે, ઔર કપટ વામ ।
'હરિવંશ' છિનહિમેં હોત, સ્ફુરત ભક્તિ મારગ,
રૂપ હૃદય બસે, અરૂ રસસમૂહ ધામ ।।૩।।

શબ્દાર્થ : શ્રીહરિવંશરાયજી પોતાની રસના (જીવ્હા)ને ઉદેશીને કહે છે કે હે રસના! તું સવારમાં ઉઠતાની સાથે જ પ્રેમ—ભાવથી શ્રીવલ્લભના નામનું સ્મરણ કર. શ્રીવલ્લભના નામ વિનાની બીજી સાંસારિક વાતો છે તે સર્વથા નકામી છે. તેનાથી તને કોઈ લાભ મળશે નહીં. માટે વૃથા બકવાદ છોડી શ્રીવલ્લભના નામનું જ સ્મરણ કર.

શ્રીવલ્લભના નામનું સ્મરણ કરવાથી શું લાભ થશે? એમ રસના કહે, તો કહે છે કે શ્રીવલ્લભનામ રટવાથી શ્રીઠાકોરજીની સેવામાં રસ ઉત્પન્ન થશે. તેનો સ્વાદ તને મળશે. અને એ રસ મળવાથી બીજા સાંસારિક રસો ફીકા લાગશે. તેથી તેમાંથી મન નીકળી જશે. માટે અષ્ટપ્રહર તું શ્રીવલ્લભના ગુણનું જ ગાન કરતી રહે. —૧.

હવે આગળ કહે છે કે જે રસિકજનો (રસના જાણકાર) છે તે તો છળકપટ તજીને શ્રીવલ્લભ પ્રભુનાં નામમાં અતિશય ભાવ રાખીને તેનાં રસનું સદા—સર્વદા પાન કર્યા જ કરે છે. એ સિવાય બીજું કંઈ કામ તેઓ કરતાં નથી.

છેલ્લે 'શ્રીહરિવંશજી' કહે છે કે શ્રીવલ્લભનામના પ્રતાપે ભક્તિમાર્ગનો સકળ સિદ્ધાંત હૃદયમાં સ્ફુરાયમાન થાય છે. તેથી રસના ભંડાર એવા શ્રીઠાકોરજી તે ભક્તનાં હૃદયમાં બિરાજે છે એટલું જ નહીં પણ તે ભક્તને આધિન બની જાય છે. માટે હે રસના! તું શ્રીવલ્લભનામનું સ્મરણ કર્યા કર.

ઉપરના પદનો ભાવાનુવાદ ધોળમાં

[ઢાળ – હું શું જાણું જે વાલે, મુજમાં શું દીઠું રે]

પ્રભાતે ઉઠીને રસના, લે શ્રીવલ્લભ નામ રે;
વૃથા વાતો કરે શિદને, એથી ન સરસે કામ રે. પ્રભાતે૦ ૧
રાત ને દિવસ રસના, શ્રીવલ્લભ ગુણ ગાજે રે;
યાદ કરજે આઠે પ્હોર તું, રસ પીવા કાજે રે. પ્રભાતે૦ ૨
સ્વાદ મળશે સેવા રસનો, પ્રપંચ દૂર પળાશે રે;
શ્રીવલ્લભનું સ્મરણ કરતા, બીજા સ્વાદ ભૂલાશે રે. પ્રભાતે૦ ૩
છળ–કપટ છોડી રસના, વલ્લભના ગુણ ગાય રે;
શ્રીવલ્લભને ભાવે ભજતા, આનંદ ઉર ઉભરાય રે. પ્રભાતે૦ ૪
રસિકજન શ્રીવલ્લભ વિના, જપે ન બીજું નામ રે;
(શ્રી)વલ્લભ–વલ્લભ જપે મુખથી, કરે ન બીજું કામ રે. પ્રભાતે૦ ૫
રૂપ હરિનું વસે હૃદયે, રસનું જે ધામ રે;
સ્ફુરે ભક્તિ મારગ સઘળો, લેતા શ્રીવલ્લભ નામ રે. પ્રભાતે૦ ૬
કહે 'હરિવંશ' હરિ વશ–થાયે નામ પ્રતાપે રે;
'લાલ' જપો શ્રીવલ્લભનું નામ, ઉઠીને પ્રભાતે રે. પ્રભાતે૦ ૭

– કીર્તનીયા લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ.

આજીવન ગ્રાહકોની યાદી

૭૦૧ લવજીભાઈ અરજણભાઈ સેખડા, જુનાગઢ
૭૦૨ શૈલેષકુમાર મનસુખલાલ લાઠીગરા, જુનાગઢ
૭૦૩ કોટેચા વિઠ્ઠલદાસ જમનાદાસ, જુનાગઢ
૭૦૪ ભરતકુમાર રસિકદાસ પારેખ, જુનાગઢ
૭૦૫ કાંતીલાલ પરસોત્તમદાસ ધોળકીયા, જુનાગઢ
૭૦૬ જમનાદાસ લખમણભાઈ કામાણી, જુનાગઢ
૭૦૭ વલ્લભભાઈ મોહનભાઈ ભાંખર, જુનાગઢ
૭૦૮ મહેશભાઈ જશરાજભાઈ, રાજકોટ
૭૦૯ મનુભાઈ અંબાલાલ શેઠ, મોરા
૭૧૦ જયેન્દ્ર શ્યામલાલ શેઠ, અંકલેશ્વર
૭૧૧ હેમંતકુમાર ચંદ્રવદન તલાટી, અંકલેશ્વર
૭૧૨ દિપકકુમાર રસિકલાલ ગાંધી, ભરૂચ
૭૧૩ વલ્લભભાઈ ભગવાનજીભાઈ ધીંગાણી, રાજકોટ
૭૧૪ મધુવંતી કાંતીલાલ બખાઈ, રાજકોટ
૭૧૫ મી. મેહુલ ભરત રાજપોપટ, સીંગાપોર
૭૧૬ પોપટભાઈ ઉર્ફે ભીખાભાઈ ગોવીંદભાઈ ગજેરા, માખીયાળા
૭૧૭ રાજેન્દ્ર કાનજીભાઈ યાદવ, ધોરાજી
૭૧૮ ભગવાનજી હરિભાઈ ગામી, રાજકોટ
૭૧૯ શાસ્ત્રી જયવલ્લભ ધનેશ્વર, મુંબઈ
૭૨૦ રાકેશ આર. ગાંધી, અમદાવાદ
૭૨૧ રામકૃષ્ણ ગોકુલદાસ મેર, રાજકોટ
૭૨૨ નાનાલાલ જીવરાજ પટેલ, મલાડ
૭૨૩ વેણાબેન મનમોહનદાસ વોરા, કાંદીવલી
૭૨૪ કાશ્મીરા આર. પટેલ, કલ્યાણ
૭૨૫ અરવિંદકુમાર શાંતિલાલ શાહ, રાજકોટ

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

૯. સત્ય

સત્યમેવ જયતે નાનૃતમ્

—ગતાંકથી ચાલુ

સત્ય વિશે ગીતાનો સિદ્ધાંત

વાંગ્મય તપના નામે શ્રીમદ્ ભગવદ્ ગીતા આપણને બોલવાની ઘણી સુંદર કલા શીખવાડે છે. અહીં એક જ શ્લોકમાં બધી વાતો કહી દેવામાં આવી છે.

અનુદ્વેગ કરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ ।
સ્વાધ્યાયાભ્યસનં ચૈ વ વાઙ્મયંતપ ઉચ્યતે ॥

જે (સાંભળનારના મનમાં) ઉદ્વેગ કરનાર ન હોય, પ્રિય હોય, હિતકર હોય. યથાર્થ હોય તથા જે વેદશાસ્ત્રોનો પાઠ અને પરમેશ્વરના નામજપનો અભ્યાસ હોય તે ભાષણ જ વાણીનું તપ કહેવાય છે.

કારણ વગર બોલે નહીં, ઘણું ઓછું બોલે તથા જરૂરત પડતા એટલું અને એવું બોલે જે યથાર્થ અને મધુર હોવાની સાથે કોઈના મનમાં ઉદ્વેગ પેદા કરનાર ન હોય તથા જેનાથી સાંભળનારનું હિત થતું હોય. બાકીનો સમય વાણીથી ભગવાનના ગુણ અને નામનું જ ઉચ્ચારણ કરતો રહે. આ યથાર્થ સત્ય છે.

શું કરવું જોઈએ

આજકાલ મોટે ભાગે ન તો હૃદયની સરળતા છે અને ન વાણીની યથાર્થતા. જેથી

વાણીનું તેજ નષ્ટ થઈ ગયું છે. પૂર્વકાળનો ઈતિહાસ જોવાથી ખબર પડે છે કે શિક્ષિત—અશિક્ષિત, બાળક—વૃદ્ધ જે કંઈ પણ શાપ કે વરદાન આપી દેતા હતા તે સત્ય થતું હતું, આ સત્યનું જ ફળ હતું. પતંજલિજીએ કહ્યું તો છે : *'સત્યપ્રતિષ્ઠાયાં ક્રિયાફલાશ્રયત્વમ્'* સત્યપ્રતિષ્ઠા યોગીની વાણી અમોઘ હોય છે.

સત્યનું મહત્વ ભૂલી જવાને કારણે આજકાલ આપણે લોકો વેપાર વિગેરે કાર્યોમાં તો સ્વાર્થવશ સત્યનો ત્યાગ કરીએ જ છીએ. પરંતુ હંસી, મજાક અને ફાલતું વાતોમાં પણ જુઠ ભરપૂર હોય છે. કારણ વગર જૂઠ બોલવાની આદત પણ ઓછી નથી.

તેથી વાણીમાં ન તો તેજ છે ન પરમાર્થ સાધનની શક્તિ અને ન દુનિયામાં પણ કોઈ આપણો વિશ્વાસ કરે છે. સત્યવાદીના જરા સરખા ઈશારા પર જગત વિશ્વાસ કરે છે અને મિથ્યાવાદીના દસ્તાવેજોમાં પણ જૂઠ હોવાનો ડર રહે છે. અંગ્રેજી કાયદાના પ્રચારથી પણ સત્યને ઘણો ધક્કો લાગ્યો છે. કોઈપણ રીતે કાયદાના ફંદાથી બચીને ગમે તે કરવામાં પણ કદાચ કોઈ ગ્લાનિ નથી રહી. તેથી વકીલોના ધંધાની વિશેષ પ્રગતિ થઈ. ગામડાના ખેડૂત પણ કપટ શીખી ગયા. દસ્તાવેજ સામે જબાનનું મહત્વ જતું રહ્યું. ક્યાં હરિશ્ચન્દ્ર જેવા રાજાના સત્ય માટે સ્ત્રી પુત્ર વેચીને ચાંડાલને ઘેર ગુલામી કરવાનો ઈતિહાસ અને ક્યાં આજ થોડાક સ્વાર્થ માટે ગંગાજળ અને ગીતા હાથમાં લઈ મિથ્યાભાષણની પાપ—પ્રવૃત્તિ.

નીતિકાર કહે છે કે 'સત્યપૂતં વદેદ્ વાક્યમ્' સત્યથી પવિત્ર કરીને વચન કહેવા, બોલતી વખતે 'તોળી તોળી'ને બોલવું. ગમે તેવું લફડ લફડ બકી ન જવું. આશીર્વાદ—શાપ કોઈને ન આપવા જોઈએ. તેમાં વાણીનો દુરૂપયોગ થાય છે. અસત્યની ગુંજાઈશ રહે છે અને શાપ વિગેરેથી વેર—વિરોધ તથા પાપ—તાપ વધે છે. ભવિષ્યના સંબંધમાં કોઈને પ્રતિજ્ઞાત્મક વાત ન કહેવી જોઈએ. જેમ કે હું અમુક કર્મ કરીશ, હું કાલે જઈશ, પરંતુ એ સમયે પોતાના નિશ્ચય અનુસાર એમ કહેવું જોઈએ કે મેં અમુક કાર્ય કરવા નિશ્ચય કર્યો છે. હું કાલ જવા ઈચ્છું છું કે કાલ જવાનો વિચાર કર્યો છે. કહેવાય છે કે એક વખત ધર્મરાજા યુધિષ્ઠિરે એ કહી દીધું હતું કે 'અમુક કાર્યો કાલ કરીશું !' આના પર ભીમે ઉત્સવ મનાવ્યો અને એ કહ્યું કે 'કાલ સુધીનું જીવન નિશ્ચિત થઈ ગયું , કારણ કે સત્યવાદી યુધિષ્ઠિરે કાલ સુધીની ગેરન્ટી આપી દીધી.' તેથી શક્ય હોય ત્યાં સુધી કોઈપણ પ્રતિજ્ઞાત્મક વાત ન કહેવી જોઈએ.

પરંતુ સાથે સાથે એ ખ્યાલ ચોક્કસ રાખવો જોઈએ કે શબ્દોના આડંબરમાં ક્યાંક દંભને સ્થાન ન મળી જાય. 'સત્ય' બાહ્ય દેખાવ નથી, મનના સાચા ભાવને યથાર્થ પ્રકાશિત કરવું એ જ સત્ય છે. ચતુરાઈ કે કપટથી સહેજ ભાવને બદલીને એવાજ શબ્દોથી કહી શકાય છે, પરંતુ તેથી અર્થમાં મોટો ફરક પડી જાય છે. ભાવ ઉચ્ચારનો અવાજ તથા ઈશારાથી એક જ શબ્દનો અલગ અલગ અર્થ થઈ શકે છે. જેના મનમાં કપટ છે, તે શબ્દ એવાજ સજાવીને બોલી દે છે, પરંતુ ભાવથી તેનો અર્થ બદલી દે છે. આનું નામ સત્ય નથી. આતો સત્યને દગો દેવા જેવું છે. આ દંભથી પરમાત્મા ક્યારેય પ્રસન્ન ન થાય. તે સિવાય કેટલાક લોકો સત્યના ખોટી રીતે ઠેકેદાર બનીને જગત માટે દુઃખરૂપ પણ બની જતા હોય છે. તેવા લોકો શોધી શોધીને લોકોને ભારે વાતો સંભળાવીને તેમના હૃદય બળતા રાખી શેખી વધારતા રહે છે કે 'અમે તો ખરું કહેનારા છીએ. અમારાથી ગેંગે—ફેફે ન થાય, પછી ભલે કોઈ દુઃખી થાય કે સુખી. કોઈનું ભલું થાય કે ખરાબ—આપણા રામ તો હોય તેવું ફટકારી દે છે.' મારી સમજ પ્રમાણે આવા ખરાબ દાનતથી ફટકારનાર દંભીઓને અંતમાં યમદૂતોના કઠોર કોરડાના ફટકાર જરૂર સહન કરવા જ પડે છે તેથી સાવધાન થઈ જવું જોઈએ.

— ક્રમશઃ

પુસ્તક પરિચય

૧. ગોસ્વામી આચાર્ય એવમ્ સજાતિય વર્ગકી ઠિકાના માહિતી દર્શિકા

સંકલન : પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદય પ્રકાશક : શ્રી દ્વારકેશ પુષ્ટિમાર્ગીય સેવા ટ્રસ્ટ, શ્રી દ્વારકાધીશજીની હવેલી, એસ. વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ) મુંબઈ. ૪૦૦૦૬૭

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૮૮ પીન બાઈન્ડીંગ આર્ટ પેપર બહુરંગી ચિત્રજીવાળું. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વંશજો તથા બેટીજીના નામ સરનામા આપતી પુસ્તિકા. શુભ પ્રસંગે આમંત્રણ, ભેટ મોકલવા કે પત્ર વ્યવહાર માટે સરનામા આપતી પુસ્તિકા.

૨. ગોપીગીત

લેખન તથા સંકલન અને પ્રકાશક ઉપર ક્રમ ૧ મુજબ.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૦ બાઈન્ડીંગ, ટાઈટલ આર્ટ પેપર. નાની પુસ્તિકામાં ગોપીગીતનો પરિચય તથા તેના મૂળ શ્લોક તથા ગુજરાતી અનુવાદ સરળ રીતે રજુ કરવામાં આવ્યા છે. પુષ્ટિ સંપ્રદાયમાં ગોપીગીતનું મહત્વ અનેરૂં છે. ગોપીગીતના ચાહકો માટે ઉપયોગી પુસ્તિકા.

૩. વિવેક–ધૈર્ય–આશ્રય

સંપાદક : શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ પ્રકાશક : શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ. મર્શી વિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ. ૪૦૦૧૦૧.

શ્રી પુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા શ્રેણીની આ ૩૩મી પુસ્તિકામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિત શ્રીવિવેક ધૈર્યાશ્રય ગ્રંથ–મૂળ સંસ્કૃત શ્લોક, તેનો ગુજરાતીમાં અન્વયાર્થ તથા અનુવાદ તેમજ સરલ વિવરણ રજુ કરવામાં આવ્યું છે. વિવરણમાં અન્ય પદ અને ગ્રંથોનો સંદર્ભ પણ રજુ કરવામાં આવ્યો છે. જે વાંચવામાં મજા આવે છે.

દરેક વૈષ્ણવે વાંચવા, વસાવવા તથા શુભપ્રસંગે ભેટ આપવાલાયક પુસ્તિકા.

૪. ગીતામૃત –ગરબા સાથે

પ્રયોજક : ગો.વા. નગીનલાલ પીતાંબરદાસ સારોદવાળા પ્રકાશકઃ શ્રી રમેશચંદ્ર એમ. શાહ વાયા– ડેરોલ આર. એસ. મુ.પો. જંત્રાલ. ૩૮૯૩૨૫ તા. કાલોલ જિ. પંચમહાલ

૧૬ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૨૬, પીન બાઈન્ડીંગ, કાર્ડબોર્ડ ટાઈટલ. ન્યોછાવર ૧૫ રૂ. તથા નિત્યસ્મરણ.

આ નાની પુસ્તિકામાં ગીતાજી જેવા ગહન ગ્રંથનો સરળ ગુજરાતીમાં કાવ્યમય અનુવાદ રજુ કરવામાં આવેલ છે. જે બધા સમજી શકે તે રીતે વિવિધ છંદોમાં વાંચવામાં આનંદ આવે અને રૂચિકર રીતે રજુ કરવામાં આવેલ છે. સાથે સાથે અમુક અધ્યાય ગરબારૂપે પણ આપેલ છે. ગીતાજીની સુંદર આરતિ પણ આપવામાં આવી છે. દરેક ગીતાપ્રેમીએ વાંચવા, વસાવવા અને દરરોજ ગુજરાતીમાં પાઠ કરવા માટે ઉપયોગી પુસ્તિકા.

૫. વિકાસ દૈનંદિની (સં. ૨૦૫૫)

સંકલન–પ્રકાશક : પ.ભ.ઈન્દ્રવદન દિનમણિશંકર શાસ્ત્રી એમ.એ. (સંસ્કૃત) સાહિત્યાચાર્ય, રૂમ નં. ૩૬, ત્રીજે માળે, ૨૫૦ વી.પી. રોડ, મુંબઈ. ૪૦૦૦૦૪

નૂતન વર્ષાભિનંદન પાઠવતી ટીપ્પણીમાં ઉત્સવો, વ્રતો અને તહેવારોની યાદી પ્રસ્તુત કરેલ છે. તેને ધન્યવાદ સહ આવકારીએ છીએ.

૬. પ્રવેશિકા– (અંગ્રેજી)

લેખક : પૂ.પાદ ગો.શ્રી શરદકુમાર અનિરુદ્ધલાલજી મહારાજ ભાષાંતર : શ્રી એમ. આર. પાલેજા, રાજપીપળા
પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી (કચ્છ) ૩૭૦૪૬૫
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૭૨, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર– નિઃશુલ્ક વિતરણાર્થ

‘શ્રી પુરૂષોત્તમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા’ જુનાગઢ દ્વારા પ્રકાશિત પ્રવેશિકાનું આ અંગ્રેજી ભાષાંતર છે. પુષ્ટિ સંપ્રદાય, તેના સિદ્ધાંતો તેની સરળ સમજ, સરળ અંગ્રેજીમાં આ પુસ્તિકામાં રજુ કરવામાં આવી છે. સંસ્કૃત શ્લોક તથા અઘરા શબ્દોના અર્થ દરેક પાના પર નીચે આપવામાં આવેલ છે. જેથી શુદ્ધ ઉચ્ચાર તથા સાચો અર્થ બરોબર સમજી શકાય. અંગ્રેજીના જાણકાર તથા વિદેશમાં વસતી યુવાપેઢી માટે પુષ્ટિમાર્ગની સાચી અને સરળ સમજ માટે ખુબજ ઉપયોગી પુસ્તિકા.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

"શ્રી વલ્લભસુધા" ના સેવાભાવી–પ્રતિનિધિ–કાર્યકર

[૧.] અનીડા (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

[૨.] અમદાવાદ
શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદાર પટેલ નગર, એલિસબ્રીજ,

[૩.] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫ જી.આઈ.એલ. કોલોની
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,

[૪.] ગોમટા
શ્રી વલ્લભદાસ હરિભાઈ
" વ્યાતિ વૈકુંઠ "

[૫.] કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,

[૬.] ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રી હરિ સ્ટોર્સ, રાજમાર્ગ,

[૭.] કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,

[૮.] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન
૫૬, દિગ્વીજય પ્લોટ, જામનગર

[૯.] જુનાગઢ
– શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોરા
C/O. શ્રીરુગનાથ વશરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ.
– શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
– શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
'કિરણ' ૪, જલારામ સોસાયટી,
લોઢીયા વાડી સામે,

[૧૦.] ડોમ્બીવલી
શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮, શીવલીલા, તિલકનગર,
ગોપાલનગર રોડ–૧.

[૧૧.] જેતપુર
– શ્રી મનસુખલાલ માધવજી બોસમીયા
મતવા શેરી,
– શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ,

[૧૨.] ધોરાજી
શ્રી જાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
વઘાસીયા ચોરા,

[૧૩.] પાંચપીપળા
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

[૧૪.] ઘાટકોપર (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ. જી. રોડ,

[૧૫.] મુંબઈ
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ,
પલ્ટન રોડ, પોલીસ સ્ટેશન સામે,

[૧૬.] મલાડ
શ્રી જયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,

[૧૭.] મોરબી
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪– ખત્રીવાડ

[૧૮.] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

[૧૯.] રાધનપુર
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,
[૨૦.] રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ,
[૨૧.] વડોદરા
– શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડા પોળ,
– શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
C/O. ગોવર્ધન હવેલી,
૬૧, ઉર્મી સોસાયટી, પ્રોડકટીવીટી રોડ,
અલકાપુરી,
[૨૨.] વાપી
શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ,
એન. એચ. નં.૮ પ્લોટ નં. ૮/૧૨,
[૨૩.] વાંકાનેર
– શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
– કાકુભાઈ ગોરધનદાસ દોશી
C/O. ભારત એજન્સી
પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,
[૨૪.] સુરત
શ્રી ભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩, બી.
હરિપુરા, પીરછડી,
[૨૫.] હળવદ
શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/O. શ્રીહસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં શ્રીવલ્લભસુધાનું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા.
૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર.
૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ.
૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન,' ૨૫, ન્યુ જાગનાથ.
૫...શ્રી વસંતભાઈ એન. વોરા
C/O. વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ.
૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિતકુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ.
૭...શ્રીમતિ હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' રોયલ પાર્ક શેરી નં.૫, યુનિ. રોડ.
૮...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ.
૯...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫–ગાયત્રીનગર.
૧૦..શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર.
૧૧..શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ.
૧૨..શ્રી વી. જે. પીઠડીયા
'મોહક' ૭– નીલકંઠનગર.
૧૩..શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, શ્રી સાતસ્વરૂપ હવેલી,
મહાત્મા ગાંધી રોડ, દેનાબેંક પાસે.

ધોરાજીમાં પુષ્ટિમાર્ગીય પુસ્તકો નીચેના સ્થળેથી મળી શકશે
પારેખ પ્રભુદાસ ખોડીદાસ
વઘાસીયા ચોરા સામે,
ધોરાજી. ૩૬૦૪૧૦ ફોન. ૨૨૫૬૧

સમાચાર

શ્રી વાકપતિ ફાઉન્ડેશન પ્રણિત

શ્રી વલ્લભ–વિદ્યાપીઠ, વડોદરા

આ વિદ્યાપીઠ પુષ્ટિમાર્ગ વિષયનો અભ્યાસ કરાવતી આખા વિશ્વની એક માત્ર ઓપન યુનિવર્સીટી છે કે જે ઘેર બેઠા જ્ઞાન સભર પુષ્ટિ ભક્તિની પદ્ધતિ સમજાવે છે. અને કૃષ્ણ મીલનનું ઉત્કૃષ્ટ કાર્ય કરે છે. અનેક મુંઝવણો અને મુશ્કેલીઓ પછી વૈષ્ણવોના સંપૂર્ણ સાથની અપેક્ષા રાખે છે. યુવાન વૈષ્ણવોમાં પુષ્ટિ ધર્મનું સિંચન કરે છે. પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે વિદ્યાપીઠની મુંઝવણો અનેક ઘણી વધી ગઈ છે પરંતુ આ મુંઝવણનો ઉકેલ આપણેજ શોધવો પડે ને? હાલના પોષ્ટના દરો અને સ્ટેશનરીના દરો અને અન્ય ખર્ચાનો પુષ્કળ પ્રમાણમાં વધારો થયો હોવાથી સદર સંસ્થાના ફીના દર વધારવા અંગે ના છુટકે નિર્ણય કરવો પડયો છે. આથી હવે અભ્યાસ માટે એપ્રીલ ૧૯૯૯ના વર્ષની ફી નીચે મુજબ રહેશે જે કાયમ રહેશે. જેની આપ સર્વે અચુક નોંધ લેશો.

(૧) પ્રથમ વર્ષ શુદ્ધાદ્વૈત વિનીત (પાયાગત સ્તર)	૧૫૦–૦૦
(૨) દ્વિતીય વર્ષ શુદ્ધાદ્વૈત કોવીદ (મધ્યમ સ્તર)	૨૦૦–૦૦
(૩) ત્રીજું વર્ષ શુદ્ધાદ્વૈત પ્રવીણ (મધ્યમ સ્તર)	૨૦૦–૦૦
(૪) ચોથું વર્ષ શુદ્ધાદ્વૈત નિપૂણ (મધ્યમ સ્તર)	૨૦૦–૦૦

આપ બધા જ વૈષ્ણવ મીત્રોને વિદ્યાપીઠના તમામ હોદ્દેદારો અતિ આગ્રહ સાથે અને સંપૂર્ણ વિશ્વાસ સાથે આપને જણાવે છે કે જો આપ આપણી વિદ્યાપીઠમાં સતત અભ્યાસ કરતા રહેશો તો હરી, ગુરૂ, વૈષ્ણવની કૃપા અવશ્ય પ્રાપ્ત થશે, થશે ને થશે જ એમાં લેશમાત્ર પણ સંશય રહેતો નથી. પુનઃ આપનો સહકાર અતિ આવશ્યક છે.

નોંધ : (૧) ફીનો ડ્રાફટ અથવા મનીઓર્ડર વડોદરા ઉપરનો શ્રીવાક્પતિ ફાઉન્ડેશનના નામ જોગ મોકલશો.

(૨) વિદ્યાપીઠના કાર્યાલય ઉપર આપ પત્રવ્યવહાર કરો ત્યારે હાલના પોષ્ટના દર ધ્યાનમાં રાખીને જવાબી પત્ર સાથે ટીકીટ લગાડી અવશ્ય મોકલશો. જેથી કાર્યાલયના અને આપણા કાર્યમાં સુગમતા રહેશે.

સુરત : – આં.પુ.વૈષ્ણવ પરિષદનું સંમેલન ભવ્ય રીતે સંપન્ન

સુરતના સંમેલનના ખાસ યાદગાર ઉદ્ગારો

૧. આં.પુ.વૈષ્ણવ પરિષદ–૯૨ વર્ષમાં પ્રવેશી છે. તેની શતાબ્દી નિમિત્તેના નવીન અભિગમના આયોજનો અને તેમાં પરિષદની સિદ્ધિઓની નોંધ ભાવી પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

–પૂ. પાદ ગો. શ્રીવાગીશકુમારજી મહોદય (કાંકરોલી,વડોદરા)

૨. મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ વેદ–ગીતા–બ્રહ્મસૂત્ર વિગેરે ગ્રંથોમાંથી જે તત્ત્વ શોધ્યું છે તે વિચાર છે. તેના માટે પ્રચારનો વિચાર આચરવામાં આવે તે સારો વિચાર કહેવાય. આં.પુ.વૈ.પ. તે દિશામાં આયોજનો ગોઠવતી રહી છે તે પ્રશંસનીય છે. – સોમયાજી પૂ.પાદ ગો. શ્રી૧૦૮ શ્રીવલ્લભરાયજી મહારાજશ્રી (સુરત)

૩. અન્ય સંપ્રદાયો ખુબ કાર્યદક્ષ બનીને સેવાકીય કર્મો કરે છે. પુષ્ટિમાર્ગ સંપ્રદાયના વૈષ્ણવોએ પણ જાગૃત બનવાની ખાસ જરૂરિયાત છે અને તેના સંગઠનને વધુ વ્યાપક અને મજર્બત બનવાની તાતી જરૂરિયાત છે.

– માનનીય કલેકટરશ્રી રમેશભાઈ શાહ (સુરત)

૪. ૬ ડીસેમ્બરનો ઐતિહાસિક દિવસ છે. અયોધ્યા મંદિર માટે પ્રાણની આહુતિ આપનારાઓની યાદ આં.પુ.વૈ.પ.ના

સંમેલનમાં ખાસ કરી અને તે નિમિત્તે ષોડશઃ ગ્રંથનો 'નવરત્નમ્' નો પાઠ કરવામાં આવ્યો.

૫. દેશમાં ચારિત્રના અભાવને લઈને વિકૃત પરિસ્થિતિનું જે સર્જન થઈ રહ્યું છે તેને મિટાવી દેવા સાધુઓ, સંતો, આચાર્યશ્રીઓ, શાસ્ત્રીઓએ સંસ્કારમય વાતાવરણ બનાવીને ચારિત્ર નિર્માણના કાર્ય માટે આગ્રહ રાખી પ્રયાસ કરવો જ રહ્યો.

રાજપીપળા :–

પ.પૂ.ગો. ૧૦૮ શ્રી ઈન્દીરાબેટીજી મહોદયાના ષષ્ઠીપૂર્તિ મહોત્સવ પ્રસંગે સન્માન કાર્યક્રમ

આં.રા.પુ.વૈ.પરિષદ શ્રીયમુના મંડળ, શ્રીવલ્લભ મંડળ તથા શ્રીવિટ્ઠલ મંડળના સંયુક્ત ઉપક્રમે મંગળવાર તા. ૧૦–૧૧–૯૮ના રોજ બપોરે ૩–૩૦ કલાકે દશા ખડાયતાવાડી, રાજપીપળામાં પ.પૂ. ગો. ૧૦૮ શ્રીઈન્દીરાબેટીજી મહોદયા ૬૦માં વર્ષમાં પ્રવેશ્યા. તે પુનીત પ્રસંગને ઉજવવા આપશ્રીને સન્માનવાનો અને સન્માનપત્ર અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ખુબ મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગને દિપાવ્યો હતો.

શ્રીમત્ પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીના પ્રાકટય સ્થળ ચરણાટ ધામના જીર્ણોદ્ધારની સેવામાં સર્વે વૈષ્ણવોને સહયોગ માટે નિવેદન

ષષ્ઠપિઠાધિશ્વર ગો.શ્રી ૧૦૮ શ્રીશ્યામમનોહરજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી શ્રીગુસાંઈજીના પ્રાકટય સ્થળ ચરણાટ ધામના જીર્ણોદ્ધારનું કાર્ય શ્રીમુકુંદગોપાલ સેવા સંસ્થા વારાણસી દ્વારા કરવાનો શુભસંકલ્પ કરેલ છે. શ્રીબેઠકજી સંકુલના સર્વાંગી વિકાસની રૂપીયા સવા બે કરોડની યોજના છે. આ માટે 'અખિલ ભારતીય વૈષ્ણવ પ્રતિનિધિ' સંગઠન બનાવશે. જેમાં વિભિન્ન શહેરોના વૈષ્ણવોને આજીવન સભ્ય બનાવશે. આજીવન સભ્યનું શુલ્ક (સેવા) એક હજાર રૂપીઆ છે. **સેવાની રકમ મોકલવાનું સરનામું :**

શ્રી મુકુન્દગોપાલ સેવા સંસ્થાન શ્રીગોપાલ મંદિર, કે. ૩૭/૮૯ ચોખમ્ભા, વારાણસી. (ઉત્તરપ્રદેશ)

વડોદરા :–

વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ સંગઠિત બનવા અપીલ

સમર્પિત–સંન્નિષ્ઠ–સંલગ્ન સેવકો વૈષ્ણવ પરિષદ વધુ ઉભા કરે.

સંન્નિષ્ઠ–સમર્પિત–સંલગ્ન સેવકોની વર્તમાન પરિસ્થિતિમાં તાતી જરૂરિયાત છે. અને વૈષ્ણવ પરિષદના સંગઠનને વધુ મજબૂત અને વધુ વ્યાપક બનાવવા માટે આં.પુ.વૈ.પરિષદે એવા સમર્પિત વધુ સેવકો ઉભા કરવા જોઈશે. એ પ્રકારે નંદાલયમાં શ્રીમધુભાઈ શાહને ત્યાં વૈષ્ણવ પરિષદ વડોદરા શહેરના કાર્યકરોને પૂ.પાદ શ્રીઈન્દીરાબેટીજી મહોદયા અને પૂ.પાદ ગો.શ્રીવાગેશકુમારજી મહોદયે સાંપ્રદાયિક કાર્યની વિસ્તૃત સમજ આપતા જણાવ્યું હતું અને વૈષ્ણવ પરિષદ જેવી ગતિશીલ સંસ્થાના નેજા હેઠળ સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને સંગઠીત બનવા તેઓએ અપીલ કરી હતી. વૈષ્ણવ પરિષદ દ્વારા યોજાયેલા વિભિન્ન નૂતન આયોજનોની અને આગામી કાર્યક્રમોની જાણકારી સંગઠન મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠે આપી હતી. વળી શ્રીવલ્લભ વકતૃત્વ નિબંધ સ્પર્ધાના આગામી વર્ષના વિષયોની મંત્રીશ્રી સી.પી. તલાટીએ જાણકારી આપી. સૌરાષ્ટ્રના વંટોળ સમયે અને સુરતના પુરગ્રસ્ત વિસ્તારમાં વૈષ્ણવ પરિષદ દ્વારા થયેલા સેવા કાર્યોની જાણકારી પ્રો.ગોપાલભાઈએ આપી હતી.

॥ શ્રી નવનીતપ્રિયો જયતિ ॥ ॥ શ્રી મથુરેશો જયતિ ॥ ॥ શ્રી મદનમોહનપ્રભુ જયતિ ॥ ॥ શ્રી ગોવર્ધન પ્રભુ વિજયતે ॥

નિમંત્રણ

શુભ વધાઈ **શુભ વધાઈ**

શ્રી શુભ વિવાહ પ્રસ્તાવ

શ્રી હરિગુરૂ સેવા પરાયણાંતઃ પરમ વૈષ્ણવૈષુ

પૂ.પા.ગો. શ્રીરત્નપ્રભાવહુજી શ્રીવલ્લભલાલજી મહારાજ (લાલબાવા મંદિર મુંબઈ)ના શુભાશિર્વાદ. વિશેષ શ્રીનવનીતપ્રભુના પરમ અનુગ્રહથી મારાધર્મસુત એવમ્ નિ.લી. પૂ.પા.ગો.શ્રી માધવરાયજી મહારાજ (મથુરા–પોરબંદર)ના દ્વિતીય લાલજી ગો.શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર–કાલોલ–મુંબઈ)ના બેટીજી **ચિ. સૌ. કાં. વૈશાલીરાજા** નો શુભલગ્ન પ્રસ્તાવ નવી મુંબઈ નિવાસી ગો. સૌ. જયમાલાબેટીજી તિમિરકાંતજીના સુપુત્ર **ચિ. સમીરકુમારજી** સાથે સંવત ૨૦૫૫ ના મહાશુદ ૫, વસંતપંચમી બુધવાર તા. ૨૨–૧–૯૯ના પોરબંદર મુકામે નિશ્ચિત થયેલ છે. શુભ વિવાહ પ્રસ્તાવનો શુભારંભ મહાશુદ ૩, તા. ૨૦–૧–૯૯ થી થશે. પ્રસ્તાવ દરમ્યાન શ્રીમદનમોહનપ્રભુના વિવિધ મનોરથો તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવેલ છે. આ વિવાહ પ્રસ્તાવ આપના ઘરનો જ છે. માટે સહપરિવાર પધારી આનંદમાં વૃદ્ધિ કરશોજી.

સેવામાં ચિત્ત છે તેથી અધિક રાખશો

બહારગામના વૈષ્ણવો માટે રહેવા તથા પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

વિશેષ માહિતી માટે : –શુભ વિવાહ પ્રસ્તાવ સમિતિ, 'માધવ ભવન' શીતલાચોક, પોરબંદર. ફોન. ૨૪૫૫૧૨.
શુભ વિવાહ પ્રસ્તાવ સ્થલ, ટુરિસ્ટ બંગલો, ચોપાટી ગ્રાઉન્ડ, એસ.ટી. બસસ્ટેન્ડ પાસે, પોરબંદર. ૩૬૦૫૭૫.

॥ શ્રીમદનમોહન પ્રભુ વિજયતે ॥ ॥ શ્રીગોવર્ધનધર પ્રભુ વિજયતે ॥

શુભ વધાઈ **શુભ વધાઈ**

નિમંત્રણ

શ્રી યજ્ઞોપવિત પ્રસ્તાવ

શ્રી હરિ, ગુરૂ, સેવા પરાયણાંતઃ પરમ વૈષ્ણવે ષુ

સ્વસ્તિ શ્રીમદ્ અખંડભૂમંડલાચાર્ય જગદ્ગુરૂ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશાવતંશ પૂ.પા.ગો. ૧૦૮ શ્રીરસિકરાયજી મહારાજશ્રી (પોરબંદર–મથુરા–ઉપલેટા–રાજકોટ)ના શુભાશિર્વાદ. શ્રીમદનમોહન પ્રભુ તથા શ્રીગોવર્ધનધર પ્રભુના પરમ અનુગ્રહથી નિત્ય લી. પૂ. પા. ગો. ૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીના પ્રપૌત્ર તથા પૂ.પા.ગો. ૧૦૮ શ્રીરસિકરાયજી મહારાજશ્રીના પૌત્ર તેમજ ચિ. પૂ.પા.ગો. શ્રીચંદ્રગોપાલજી મહોદયશ્રીના આત્મજ **ચિ. ગો. શ્રીમિલનકુમારજી** ના શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ સંવત ૨૦૫૫ના મહાવદ ૫ શુક્રવાર તા. ૫–૨–૯૯ ના રોજ ઉપલેટા મુકામે નિશ્ચિત થયેલ છે. યજ્ઞોપવિત પ્રસ્તાવનો શુભારંભ સંવત ૨૦૫૫ ના મહાવદ ૩ બુધવાર તા. ૩–૨–૯૯ થી થશે. પ્રસ્તાવ દરમ્યાન દરરોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવેલ છે. આ યજ્ઞોપવિત પ્રસ્તાવ આપના ઘરનો જ છે. આપ સર્વેને યજ્ઞોપવિત પ્રસ્તાવના અલૌકિક આનંદનો લાભ લેવા સાગ્રહ નિમંત્રણ છે. તમો પ્રસ્તાવમાં સહપરિવાર શિઘ્ર પધારી આનંદમાં વૃદ્ધિ કરશોજી.

સેવામાં ચિત્ત છે તેથી અધિક રાખશો

બહારગામના વૈષ્ણવો માટે મંડાણની વ્યવસ્થા રાખેલ છે.

વિશેષ માહિતી માટે : –ગો.શ્રી રસિકરાયજી મહારાજશ્રી 'માધવ ભવન' શિતલા ચોક, પોરબંદર. ૩૬૦૫૭૫. ફોન. ૪૪૯૮૯
–ગો. શ્રીરસિકરાયજી મહારાજશ્રી 'શ્રી દ્વારકેશ નિકેતન' બાવલા પાસે, રાજમાર્ગ, ઉપલેટા. ૩૬૦૪૯૦ ફોન. ૨૧૫૮૧
–ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી 'મહારાજ નિવાસ' શાસ્ત્રીમેદાન પાસે, મોટી ટાંકી રોડ, રાજકોટ. ૩૬૦૦૦૧. ફોન. ૪૫૯૩૨૪

શ્રીવલ્લભસુધાના આ વર્ષના ભેટપુસ્તક તથા નવા વર્ષના સભ્ય નોંધવા અંગે નમ્ર નિવેદન

‘શ્રીવલ્લભસુધા’ ના ચાલુ વર્ષના સર્વે સભ્યોને, નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ ‘શ્રીપ્રથમેશજી’ના વચનામૃતોનો સંગ્રહ ‘‘શ્રીપ્રથમેશવાક્‌સુધા–૨’’ નું લગભગ ૨૦૦ પુષ્ઠનું પુસ્તક, ભેટ અપાશે. પુસ્તક તૈયાર થઈ જવામાં છે. અને જાન્યુઆરી ૧૯૯૯ ના મધ્યમાંથી; જ્યાં, જ્યાં મોટી સંખ્યામાં શ્રી વ.સુ. ના સભ્યો છે ત્યાંના સેવાભાવી કાર્યકર્તાઓ દ્વારા વિતરણ કરવા રવાના થશે. કાર્યાલયના ટાંચા સાધનો અને થોડા–કાર્યકર્તાઓને ઝાઝી સેવા મલતી હોઈ, બધે સ્થળે એકીસાથે પુસ્તક મોકલવાનું શક્ય બનશે નહીં. તો સર્વે સભ્યોએ ધીરજ રાખવા વિનતી છે. જે જે ગામોમાં થોડા સભ્યો છે તેમને છેલ્લે ટપાલ દ્વારા પુસ્તક મોકલાશે.

‘શ્રીવલ્લભસુધા’ના સેવાભાવી પ્રતિનિધિઓના નામ સરનામા આ અંકમાં અન્યત્ર આપેલ છે. તેમના દ્વારા ‘‘શ્રીવલ્લભસુધા’’ના આગામી વર્ષ (એપ્રીલ’ ૯૯ થી માર્ચ ૨૦૦૦)નું લવાજમ સ્વિકારવામાં આવે છે. ભેટપુસ્તક વિતરણની સાથો–સાથ નવા વર્ષનું લવાજમ લેવાનું શરૂ થશે. તો સર્વે સદસ્યોએ, સેવાભાવી પ્રતિનિધિઓને સહકાર આપી, આ ભગવત્ નામ–સેવાના કાર્યમાં સહભાગી બનવા વિનતી છે.

જ્યાં શ્રી વ.સુ. ના પ્રતિનિધિ નથી ત્યાંના શ્રીવલ્લભસુધાના સભ્યોને વિનતી કે આપનું નવા વર્ષ માટેનું લવાજમ વહેલાસર મ.ઓ. મારફત મોકલાવશોજી. મ.ઓ. ફોર્મની નીચેની કાપલીમાં પોતાનું નામ–સરનામું તથા જુનો ગ્રા.નં. અવશ્ય લખવા વિનતી.

શ્રીવલ્લભસુધાનું વાર્ષિક લવાજમ ફક્ત રૂ.૪૦/– છે. તેમજ આજીવન લવાજમ રૂ.૫૦૧/– છે. જેમાં બાર મહીના ઉચ્ચ–પુષ્ટિમાર્ગીય–સિદ્ધાન્ત સભર વાંચન તથા વિશીષ્ઠ ભેટપુસ્તક પણ, છેલ્લા ઘણા વર્ષોથી અપાય છે. અને આગામી વર્ષમાં પણ ભેટપુસ્તક આપવા અમારો મનોરથ છે. તો શ્રીવલ્લભસુધાનું લવાજમ સમયસર ભરી આ અલૌકિક લાભ અવશ્ય લેવા, તેમજ પોતાના સ્નેહી–સ્વજન–મિત્રોને એ લાભ લેવડાવવા સસ્નેહ વિનતી છે. મ.ઓ. થી રકમ મોકલવા માટે સરનામું **વ્યવસ્થાપક : શ્રીવલ્લભસુધા કાર્યાલય, કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ.** ડ્રાફટથી રકમ મોકલતા ડ્રાફટ ‘વલ્લભવિજ્ઞાન’ એ નામે લખવો.

શ્રીવલ્લભસુધાના સેવાભાવી કાર્યકર્તા–પ્રતિનિધિઓને વિનતી કે આપના વિસ્તારના ભેટપુસ્તકો આપને મલે કે તુરત વિતરણ કરી, નવા વર્ષનું લવાજમ સર્વે સભ્યો પાસેથી લઈ, કાર્યાલયને વહેલી તકે મોકલવા નમ્ર વિનતી.

– તંત્રી, વ્યવસ્થાપક : શ્રીવલ્લભસુધા કાર્યાલય, રાજકોટ.

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રી.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

સાધન સાધિ ન હો સક્યો,
તાકો મોહિ ન તાપ;
મરદી હિય હરિ–બરદકી,
સાધન–સાધ્ય ન આપ. (૬)

ટીકા : હે શ્રીપ્રભો ! હું મારી કાયરતાયેં કરીને સાધન સાધી ન શક્યો, તેનો મને પરિતાપ પણ નથી. શા માટે? કે મને તમારા પતિત પાવન અધમ–ઉદ્ધારણાદિક બર્દનું બળ છે તેણે કરીને, અને વળી તમે કાંઈ સાધન–સાધ્ય તો છો જ નહીં, તમે તો કેવળ પ્રેમલક્ષણા ભક્તિને વશ છો. તે તો તમારી કૃપા વિના મળતી નથી. ત્યારે સાધનનો પરિતાપ હું શીદ કરું ? તમારી કૃપાએ સર્વ સિદ્ધ થશે ને તમે મને દીન જાણીને કૃપા કરશો જ. (૬)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોનઃ ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૮૦૨૦.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૭ અંક : ૧૧ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯

વચનસુધા

ધર્મની મશ્કરી કરનારા પોતેજ પાંગળા હોય છે. તેઓમાં મક્કમ શ્રદ્ધા રહેતી નથી. અભિમાન ડગલેને પગલે આવી જાય છે. અભિમાન થાય તો અધૂરા પાત્રમાં થાય છે. પોતાની ખામીને અભિમાન થકી સંતોષવા કરતાં દીનતાથી સેવાપરાયણ થઈ જીવનની પૂર્ણતા આચાર સાથે પ્રાપ્ત કરવી તે શ્રેષ્ઠ છે.

આચારનું પાલન પોતાની શક્તિ અનુસાર કરવું તેવી આચાર્યશ્રીની આજ્ઞા છે. પણ જે લોકો આચારની નિંદા કે મશ્કરી કરતા હોય છે તેઓને ધાર્મિક બોધ ઉંડાણમાં થતો નથી.

કોઈ કારણથી આપણાથી આચાર ન પાળી શકાય તો પણ તેનું જ્ઞાન રાખવું અને મનમાં તેવા આચારની મર્યાદા પ્રત્યે ઉંચી ભાવના રાખવી જોઈએ. આ આચારથી ઈન્દ્રિયોનો નિરોધ થઈ શકે છે. જો મનનો નિરોધ કરવો હોય તો વાણીનો નિરોધ કરવાનો અભ્યાસ કરવો જોઈએ. મનના નિરોધથી બધી ઈન્દ્રિયોનો નિરોધ શક્ય બને છે. અંતઃકરણ પ્રબોધ ગ્રંથમાં શ્રીવલ્લભાચાર્ય આ સુચના કરે છે.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૧ પૃષ્ઠ ૨૧૭)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દ્રઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

મહા વદ ૯ તા. ૯–૨–૯૯ મંગળવાર : ગો. શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજશ્રી (માંડવી–કચ્છ)નો તથા ગો. શ્રીપ્રશાંતકુમારજી (મુંબઈ)નો તથા શ્રીગોપાલજી (કાંકરોલી–મથુરા)નો જન્મદિન.

મહાવદ ૧૦ તા. ૧૧–૨–૯૯ ગુરૂવાર : ગો. ચિ. શ્રીનૂપુરકુમારજી બાવાશ્રી (બોરીવલી)નો તથા ગો. શ્રીરાજેશબાવાશ્રી (કોટા–કડી)નો જન્મદિન.

મહાવદ ૧૧ તા. ૧૨–૨–૯૯ શુક્રવાર : વિજયા એકાદશી વ્રત.

મહાવદ ૧૨ તા. ૧૩–૨–૯૯ શનિવાર : ગો. શ્રીવસંતકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

મહાવદ ૧૪ તા. ૧૫–૨–૯૯ સોમવાર : ગો. શ્રીવલ્લભલાલજી (ગોકુલ–કામવન)નો જન્મદિન.

મહાવદ ૩૦ તા. ૧૬–૨–૯૯ મંગળવાર : અમાવાસ્યા. દ્વાપર યુગાદિ તિથી. કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં.

ફાગણ સુદ ૨ તા. ૧૮–૨–૯૯ ગુરૂવાર : ગો.ચિ. શ્રીવલ્લભલાલજી (કામવન)નો તથા ગો.ચિ શ્રીદ્વારકેશલાલજી (ચંદ્રેશકુમારજી) (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન. અને ત્રીજનો ક્ષય હોવાથી ગો. ચિ. શ્રીઅનુરુદ્ધલાલજી (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૧૯–૨–૯૯ શુક્રવાર : ગો. શ્રીગોકુલનાથજી મહારાજ (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૨૧–૨–૯૯ રવિવાર : શ્રીલલિત ત્રિભંગીરાયજીનો પાટોત્સવ. (વેરાવળ)

ફાગણ સુદ ૭ તા. ૨૨–૨–૯૯ સોમવાર : શ્રીમથુરેશજીનો પાટોત્સવ (કોટા). ગો. શ્રીરાકેશકુમારજી મહારાજ (શ્રીનાથદ્વારા) તથા શ્રીકૃષ્ણકુમારજી (કોટા–કડી)નો જન્મદિન. ગો. શ્રીતિલકાયત આચાર્યવર્ય પૂ.પા. ૧૦૮ શ્રીદાઉજી (શ્રી રાજીવલોચનજી) મહારાજ શ્રીનાથદ્વારા ગાદીએ બિરાજ્યા તેનો ઉત્સવ.

ફાગણ સુદ ૮ તા. ૨૩–૨–૯૯ મંગળવાર : હોળાષ્ટકનો પ્રારંભ. ગો. શ્રીવલ્લભજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૧ તા. ૨૬–૨–૯૯ શુક્રવાર : આમલકી (કુંજ) એકાદશી વ્રત. ગો. શ્રીકુંજેશકુમારજી (કોટા–કડી)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૩ તા. ૨૮–૨–૯૯ રવિવાર : બગીચાતેરસ. ગો. શ્રીમુરલીમનોહર મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૧–૩–૯૯ સોમવાર : હોલીકા ઉત્સવ. ગો. શ્રીમધુસુદનલાલજી મહારાજ (સૂરત–વડોદરા)નો જન્મઉત્સવ.

ફાગણ સુદ ૧૫ તા. ૨–૩–૯૯ મંગળવાર : હોલીકા પ્રદીપન. મંગળવારે સૂર્યોદય પહેલા. ધૂળેટી. ધુલીવંદન. હોલાષ્ટક સમાપ્ત. ગો. શ્રીમંદારકુમારજી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ વદ ૧ તા. ૩–૩–૯૯ બુધવાર : દોલોત્સવ (ડોલ) ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર આજે હોવાથી.

ફાગણ વદ ૨ તા. ૪–૩–૯૯ ગુરૂવાર : દ્વિતીયા પાટોત્સવ.

ફાગણ વદ ૫ તા. ૭–૩–૯૯ રવિવાર : રંગપંચમી. શ્રીરણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૧૧ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ ફેબ્રુઆરી, ૧૯૯૯

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

સોળમો અપરાધ : "પાત્ર મેં બીછોના—આસન પર બેઠાય કે ન્હવાવે" શ્રીઠાકોરજીને સ્નાન કરાવવા માટે સ્વરૂપના પ્રમાણમાં તથા પોતાને ત્યાંની સગવડતા પ્રમાણમાં પાત્ર—પરાત (મોટો થાળ) અથવા નાની—થાળીમાં વચ્ચે નાનો પાયાવાળો પાટલો મૂકી તેના માથે સ્વચ્છ, કોમલ, સફેદ વસ્ત્ર બિછાવી તેના પર પધરાવી શ્રીઠાકોરજીને સ્નાન કરાવવું. (જન્માષ્ટમી આદી ઉત્સવોમાં લાલ—પાકારંગનું વસ્ત્ર બિછાવાય.) આમ ન કરતાં અપરાધ લાગે.

સત્તરમો અપરાધ : "પાત્ર ચોકી પર ધરકે ન્હવાવે" ઉપરોક્ત રીતે સ્નાન કરાવવાની પરાત (થાળ—ત્રાંસ અથવા નાની થાળી) જે હોય તે જમીન પર ન ધરાય, તેને એક ચોકી ઉપર પધરાવવી જોઈએ. તેમ ન કરતા અપરાધ પડે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

|| શ્રી કૃષ્ણાય નમઃ ||
|| શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ||

પંચપદ્યાનિ

શ્રીહરિરાયજી કૃત વિવરણ

ભાષાંતર– પ.ભ. શ્રીબાબુભાઈ પી. નાયક – કડી.

—ગતાંકથી ચાલુ

શ્રીમહાપ્રભુજીએ જલભેદ ગ્રંથમાં જલના દષ્ટાંતથી ભક્તોના તથા તેમના ભાવોના વીસ પ્રકારનું નિરૂપણ કર્યુ છે. તેનાથી તે ભક્તોના હૃદયની આર્દ્રતા જણાવવા માટે તેમ કર્યુ છે. તે ભક્તો ભગવદ્ પરાયણ હોવાથી અઢાર પ્રકારની વિદ્યાથી તેમણે ભગવાનના ગુણોના અઢાર પ્રકાર પાડયા છે. તેઓ મર્યાદામાર્ગીય છે. એટલે તેઓ ભગવદ્ ગુણોને જ નિરૂપે છે. પુષ્ટિમાર્ગીય ભક્તોના પણ બે પ્રકાર છે. એક શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તો અને બીજા પુષ્ટિમાર્ગીય ભક્તો. ઉપરના અઢાર પ્રકાર અને આ બે પ્રકાર મળી કુલ વીસ ભેદ થયા. અથવા સગુણ અને નિર્ગુણપણાથી તેમના દશ ભેદ થાય છે. તેમાં દશ મર્યાદાના અને દશ નિર્ગુણપણાથી તેમના દશ ભેદ થાય છે. તેમાં દશ મર્યાદાના અને દશ નિર્ગુણના ભેદથી પણ વીસ પ્રકારના ભગવાનના ગુણો થયા. આમ ભાવના ભેદ પણ વીશ પ્રકારના થાય છે.

કીર્તન કરનારાઓની સંખ્યા જલભેદ નામના ગ્રંથમાં બનાવી છે. હવે તે કીર્તન કરનારાઓના વચન દ્વારા તેમના ભાવને ગ્રહણ કરનાર પુષ્ટિ અને મર્યાદા એ ભેદથી બે પ્રકારના શ્રોતાઓ હોય છે. તેમાં પુષ્ટિમાર્ગીય ભાવવાળા હોય છે તે ઉત્તમ શ્રોતા છે. મર્યાદામાર્ગીય શ્રોતાઓના પણ ત્રણ પ્રકાર છે. મધ્યમ, અધમ અને ઉત્તમ. આ રીતે ચાર પ્રકારના શ્રોતા થયા. તેમાં સૌથી પહેલાં પુષ્ટિમાર્ગીય શ્રોતાનું નિરૂપણ કરે છે.

શ્રીકૃષ્ણરસ વિક્ષિપ્ત—માનસા રતિવર્જિતાઃ ||
અનિર્વૃતા લોકવેદે, તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ || ૧ ||

શબ્દાર્થ : શ્રીકૃષ્ણરસ વિક્ષિપ્ત માનસાઃ= શ્રીકૃષ્ણના ભજનાનંદરૂપી રસમાં જેમનું મન ચોંટી ગયું છે તેવા મનવાળા; રતિવર્જિતાઃ= ભગવાનની સાથે જેને બહાર રમણ નથી તેવા; લોકવેદે= લોક તથા વેદમાં; અનિર્વૃતાઃ= અસ્વસ્થ; તે મુખ્યાઃ= તે મુખ્ય છે; શ્રવણોત્સુકતાઃ= સાંભળવામાં ઉત્સાહવાળા.

ભાવાર્થ : શ્રીકૃષ્ણના રસમાં જેનું મન ચોંટી ગયું છે તેવા, ભગવાનની સાથે જેને બહાર રમણ નથી તેવા, લોક—વેદમાં અસ્વસ્થ મનવાળા, પણ કથા સાંભળવામાં ઉત્સાહવાળા ભક્તો મુખ્ય અધિકારીઓ છે.—૧

વિવરણ : પરમ શોભા એટલે કે લક્ષ્મીયુક્ત, સદાનંદ, નિર્દોષ અને નિત્ય એવા ગુણોથી પૂર્ણ, રસિક શિરોમણિ એવા શ્રીકૃષ્ણનો જે ભજનાનંદરૂપ રસ અથવા સ્થાયી ભાવાત્મક વિરહરૂપ રસ એટલે સ્વયં ભગવાન પોતે જ આ સ્વરૂપવાળા છે. આવા સ્વરૂપવાળા ભગવાન જયારે ભક્તના હૃદયમાં પધારે છે, ત્યારે ભક્તનું અંતઃકરણ તેના મૂળ સ્થાનથી ચલિત થાય છે. તેવા ભક્તને શ્રીહરિરાયજી **"શ્રીકૃષ્ણરસ વિક્ષિપ્ત માનસાઃ"** (શ્રીકૃષ્ણના ભજનાનંદરૂપી રસમાં જેમનું મન તલ્લીન થયેલું છે તેવા) કહે છે.

પછી આપશ્રી આજ્ઞા કરે છે કે એવો ભક્ત શ્રીકૃષ્ણના ચરિત્રને શ્રવણ કરવામાં અ—રતિ રહિત એટલે કે પ્રીતિવાળો હોય છે. ભગવાનનું ચરિત્ર સાંભળવા વિશેની અ—રતિ (અપ્રીતિ) મર્યાદા અને પુષ્ટિ એ બે ભેદથી બે પ્રકારે નિવૃત્ત થાય છે. એટલે કે બે રીતે દૂર કરી શકાય છે. તેમાં મર્યાદામાર્ગની બાબતમાં શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં લખ્યું છે કે :

શુશ્રૂષોઃ શ્રધ્ધાનસ્ય વાસુદેવકથારુચિઃ ।
સ્યન્મહત્સેવયા વિપ્રાઃ પુણ્યતીર્થનિવેષણાત્ ॥

હે બ્રાહ્મણો ! શ્રવણની ઈચ્છા રાખનાર શ્રદ્ધાયુક્ત ભક્ત જો મોટા પુરૂષની અને પુણ્યતીર્થરૂપ (ગુરૂ)ની સેવા કરે તેવા ભક્તની રૂચિ ભગવાન વાસુદેવની કથામાં થાય.

અહીં મોટાઓની સેવાથી, પુણ્યકારી તીર્થરૂપ ગુરૂ જેવાની સેવા વગેરે ભક્ત કરે તો કથા શ્રવણમાં ભક્તની રૂચિનો ઉદય થાય છે. એટલે કે તેવા ભક્તની ભગવત્કથા શ્રવણમાં થતી અપ્રીતિ (અ—રતિઃ) દૂર થાય છે. પુષ્ટિમાર્ગમાં તો રસના સ્વભાવથી કથાનો અર્થ છોડી શકાય તેમ નથી. તેથી અપ્રીતિ નિવૃત્ત થાય છે એમ કહ્યું છે. આવું એટલા માટે કહ્યું છે કે જેની અ—રતિ નિવૃત્ત થઈ છે. તે પુષ્ટિમાર્ગીય ભાવવાળો છે એમ જાણવું. આવા ભક્તને શ્રીહરિરાયજી **'રતિવર્જિતાઃ'** (ભગવાનની સાથે જેમને બાહ્યરમણ નથી તેવા) કહે છે. એટલે કે ભગવાનનું ચરિત્ર સાંભળવામાં તેઓને પ્રીતિ છે. કંઈ અપ્રીતિ નથી એમ કહેવાનો ભાવ છે.

એનું નિરૂપણ કરીને હવે આપશ્રી આજ્ઞા કરે છે કે આ ભક્તોને લૌકિકમાં અને વૈદિકમાં અસ્વસ્થતા છે. **(અનિર્વૃતાઃ લોકવેદે)** લૌકિકની પ્રવૃત્તિવાળા ધર્મમાં અને ભગવાન સિવાય બીજાના ભજનની પ્રવૃત્તિ બતાવનાર વેદમાં પુષ્ટિમાર્ગીય ભક્તને સ્વસ્થતા દેખાતી નથી. (ભગવાને ઉદ્ધવજીને કહેલું છે કે) **"મારે માટે જેણે લૌકિક ધર્મ છોડયા છે, તેનું પોષણ હું કરું છું."** એ વાક્યથી લોક અને વેદ બંનેની આસક્તિ છોડવામાં બંનેનું સરખાપણું (તુલ્યતા) બતાવવા સારું 'લોકવેદે' પદ લખેલું છે. તેથી જ લૌકિકમાં પુષ્ટિભક્તોને સ્વસ્થતા થતી નથી.

આ બધું બતાવવા માટે વ્રજભક્તો (ગોપીજનો) "દુઃખ આપનાર પતિપુત્રાદિકથી શું ફલ મળશે?" જેવા વાક્યો પ્રભુ સન્મુખ બોલ્યા છે.

"દુઃખના સમુદ્રમાં ડૂબેલ વ્રજનો આપ ઉદ્ધાર કરો," એ વાક્ય વેદમાં અસ્વસ્થતા

બતાવવા કહેલો છે. એટલે કે "અતિ દુઃખરૂપી સમુદ્રમાં ડૂબેલ વ્રજનો આપ જ સાક્ષાત્ ઉદ્ધાર કરો," એમ કહ્યું. પણ એવું ન કહ્યું કે ઉદ્ધાર કરેલા વેદ વડે અમારો ઉદ્ધાર આપે કરવો જોઈએ." એવી પ્રાર્થના વ્રજભક્તોએ કદી કરી નથી.

આમ પુષ્ટિમાર્ગની દૃષ્ટિએ ભગવત્ ચરિત્ર શ્રવણ કરવામાં અપ્રીતિ વગરના એટલે કે પ્રીતિવાળા જે હોય છે તે પુષ્ટિમાર્ગની દૃષ્ટિથી શ્રેષ્ઠ ભક્તો છે. અથવા તે ભક્તોને મુખારવિંદની ભક્તિ કરનારા માનવા. આમ મુખારવિંદની જે ભક્તિ છે તે પુષ્ટિમાર્ગીય ભક્તિ છે. તેવી ભક્તિ કરનારા માનવા. ભક્તિરૂપી ભગવાનનું મુખારવિંદ છે તેમાં ચોંટેલા કેશ છે. તેવા તે ભક્તો છે. તેમણે પુષ્ટિભક્તિનો આશ્રય લીધો છે. તેથી તે ભક્તો પુષ્ટિમાર્ગમાં મુક્ત જીવો છે. તેથી તેમને મુખ્ય કહ્યાં છે. અહીં શંકા થાય છે કે આવા ભક્તોને લોકવેદમાં સ્વસ્થતા નથી એમ પહેલા તો કહ્યું છે. તેથી તે ભક્તોને ભગવાનમાં પ્રીતિ છે, પણ શ્રવણાદિકમાં પ્રીતિ નથી. તેથી શ્રવણાદિકમાં ગૌણીવૃત્તિથી તેમની પ્રીત છે તેમ સમજાય છે. (કહેવાનો ભાવ એવો છે કે જેમ કોઈ કહે કે સભા બોલે છે એમ કહેવાથી સભાના સભ્યો બોલે છે એમ સમજવું. તે રીતે ભક્તને ભગવાનમાં પ્રીતિ છે તેથી ભક્તને શ્રવણમાં પણ પ્રીતિ છે. એમ સમજવું.) તો શંકા થાય કે આવા શ્રોતાને મુખ્ય શ્રોતા કે ઉત્તમ શ્રોતા કેમ કહ્યાં? શંકાના સમાધાનમાં સમજવાનું કે તેઓ શ્રવણમાં ઉત્સાહવાળા છે.

(શ્રવણોત્સુકતાઃ) એટલે કે તેમને ભગવાનમાં નક્કી પ્રીતિ છે જ; તો પણ વિરહમાં ભગવાનના ગુણગાન શ્રવણ કરવામાં જ ઉત્સાહવાળા છે. તેથી નક્કી થાય છે કે તે પુષ્ટિભક્તોને ભગવાન પ્રિય છે જ. તેથી તેમને ભગવાનમાં પ્રીતિ છે; તોપણ પરોક્ષમાં તેમનો સંદેશ લાવનારમાં પ્રીતિ હોવાથી શ્રવણમાં ઉત્સાહ સ્પષ્ટ દેખાય છે તેથી જ ભ્રમરગીતમાં કહેલું છે કેઃ " ઈતિ સ્મ સર્વાઃ પરિવવ્રુરુત્સુકાસ્તમુત્તમુત્તશ્લોકપદાંબુજાશ્રયમ્ ! " (ઉદ્ધવજી શ્રીગોકુળ આવ્યા ત્યારે સર્વે ગોપીજનો તર્ક કરવા લાગ્યા કે ભગવાનના જેવા વેશ અને આભૂષણવાળો આ કોણ છે?) ઉત્સાહયુક્ત સર્વ વ્રજભક્તો ભગવાનનાં ચરણાવિંદમાં જેમનો આશ્રય છે તે ઉદ્ધવજીને વીંટળાઈ વળ્યાં.

તેથી રસાત્મક ભગવાનનાં આનંદથી જેઓનું મન ચલિત થયેલું છે, ભગવાનનાં ચરિત્રમાં જેનો સહજ ભાવ લાગેલો છે, ભગવાનનાં વિરહથી જેઓ આર્તિયુક્ત છે અને પ્રિય ભગવાનની વાર્તા—શ્રવણ માત્રમાં જ એક **મતિવાળા છે તે પુષ્ટિમાર્ગીય શ્રોતા છે** એમ સિદ્ધ થયું.

આમ શુદ્ધ પુષ્ટિમાર્ગીય મુખ્ય શ્રવણના અધિકારીનું નિરૂપણ કરી હવે શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગીય મધ્યમ અધિકારીનું નિરૂપણ કરે છે. તેમાં ઉત્તમ શ્રોતા દુર્લભ છે તેથી પ્રથમ મધ્યમ શ્રોતાનું નિરૂપણ કરે છે. (૧)

ક્રમશઃ

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

હરિજન તે હરિરૂપ છે, તેને મૂરખ નિજ સમ જાણે;
જેમ શશી સાગરમાં હતો, માન્યો મીને તે મીન પ્રમાણે,
મીન પ્રમાણે થયો ન સોમ, મીન રહ્યું ભોમ ને તે વસ્યો વ્યોમ
તેમ વૈષ્ણવ તે વૈકુંઠે જાશે અધમ તે અહીંના અહીં અથડાશે.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૭)

શબ્દાર્થ : મીન = માછલાં, સોમ, શશિ= ચંદ્ર, વ્યોમ= આકાશ, ભોમ= પૃથ્વી, મકર= મગરમચ્છ, નિજ= પોતાના.

વિવેચન : ભગવત ભક્તિ અને તેનુ સાધન સત્સંગ તે હરિભક્તની સંગે રહી ભક્તિ કરવી આ ઉદેશ્ય રૂપ આ ચંદ્રાવલામાં કવિશ્રી કહે છે કે ભગવદ ભક્ત છે તે ભગવદ રૂપ છે. તેને અજ્ઞાનિ પુરૂષ પોતાનાં જેવો જ જાણે છે તેની તે ભુલ છે. તેવી રીતનાં દષ્ટાંતો આપીને સમજાવ્યું છે કે—

ચંદ્ર એક દિવસ સમુદ્રમાં નિવાસ કરતો ત્યારે પાણીમાં રહેલાં જળચરો માછલાં મગરમચ્છ એમ જાણતા કે આ કોઈ અમારા જેવું જળચર પ્રાણી જ છે. સમુદ્રમંથન થયું પછી ચંદ્ર તો આકાશે ચઢી ગયો અને માછલાં તો પાણીમાંજ રહ્યા. જળમાં ચંદ્રના પ્રતિબિંબને જોઈને તેને પકડવા દોડે તેનાથી ચંદ્ર હાથ આવતો નથી કારણ કે ચંદ્ર હવે જળચર નથી તે તો હવે આકાશે રહી પ્રકાશ આપે છે. તેવીજ રીતે ભગવદ ભક્ત તે ભગવદરૂપ થઈ જાય છે તેની મૂર્ખ માનવીને ખબર હોતી નથી. તે તો પોતાની જેમ ભક્તને માને છે. વૈષ્ણવ તો વૈકુંઠ જાશે અને તેનો સાથી જે ભક્ત નથી તે માનવ વારંવાર અત્રે અથડાયા કરશે. તેમજ ભગવદ ભક્ત તો ભક્તિનાં પ્રભાવે ભગવદરૂપ બની જાય છે.

(૧) ભગવદભક્તો લીલાથી વિખુટા પડેલા તે પાછા ત્યાંજ જઈ મળશે.

(૨) અન્ય મનુષ્યો વિધાતાની સૃષ્ટિનાં કાયદા મુજબ પાપ, પૂન્યનાં કાર્યોથી લોપાયમાન રહેશે આવો માયાને આધીન બનેલ જીવ ભગવદ ભક્તને પોતાના સમાન માને તે તો મૂર્ખામી કહેવાય. હરિજન તે હરિરૂપ છે.

રાજા આશકરણ નરવરગઢ નરેશ હતા. એકવાર તાનસેન ગવૈયા ત્યાં આવ્યા અને એક કીર્તન ગાયું.

‘કુંવર બૈઠે પ્યારી કે સંગ અંગ ભરે રંગ બલબલ ત્રિભંગી યુવતિન સુખદાઈ’

આ કીર્તન ગોવીંદ સ્વામીનું બનાવેલું છે. આ કીર્તન સાંભળતા જ તેનાં હૃદયનાં ભાવો જાગૃત થયા તનમાં તાલાવેલી લાગી. શ્રીગુસાંઈજી પાસે આવીને નામ નિવેદન કરાવ્યું. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. તેઓએ ઘણો સમય સેવા

કરી. પછી શ્રીગુસાંઈજી પાસે બેસીને અનેક ભાવભાવનાં જાણી તેમાં મુખ્ય સ્વરૂપ તાપ ક્લેશ ભાવનાં જાણી તેથી તેમને સાક્ષાત્કાર થયો. તેમણે ગાયું.

મોહન દેખ સિરાને નૈના
રજની મુખ આવત ગાયન સંગ મધુર બજાવત બૈના (૧)
ગ્વાલ મંડલી મધ્ય બિરાજત સુંદરતાકો ઐના ;
આશકરણ પ્રભુ મોહન નાગર વારૂં કોટીક મૈના (૨)

આ પદની ભાવના– સાંજ સમયે ગોચારણ કરી વૃજ પધારતા પ્રભુનું શ્રીમુખ ગોરજ મંડીતથી સુંદરતા પ્રાપ્ત થયેલું જોઈ હૃદય પુલકિત થયું. ગ્વાલમંડલીની વચ્ચે વેણુ વગાડતા એવા સ્વરૂપનાં દર્શનનો અનુભવ થયો. આવી રીતે નિત્ય શ્રીગુંસાઈજી પાસે બેસી ઘણું ઘણું પુષ્ટિરસનું માધ્યમ જાણી તે લીલાને અનુસાર અનેક પદો બનાવીને ગાયા. આમ કરતાં તેમને માનસી સિદ્ધ થઈ. પછી તો સેવા પણ છુટી. વૃજમાં વન ઉપવન લતા પતામાં ફરતા રહેતા કુંજ નિકુંજો શ્રીયમુનાજીની તટસ્થલીમાં આમ ફર્યા કરતાં તેમને પોતાનાં દેહની પણ શુદ્ધિ રહેતી નથી. ખાનપાન આહાર વિહાર ક્યાંય તેમની વૃત્તિ રહી નહીં. આવી સ્થિતિ શ્રીગુંસાઈજીએ રાજા આશકરણજીની જોઈ તેથી ઘરનાં બાળકોને સચેત કર્યા કે રાજા આશકરણ ગમે ત્યારે આવે તો પણ ભૂખ્યા ન જાય તેનું ધ્યાન રાખજો.

એકવાર રાજા આશકરણ ફરતા ફરતા ગોકુલ આવ્યા ત્યારે લક્ષ્મી બેટીજીએ સત્યભામા બેટીજીને કહ્યું કે તમે હવે શ્રીનવનીતપ્રિયાજી માટે બીજીવાર સામગ્રી કરો. આ સજાવેલો થાળ હું આ વૈષ્ણવને ધરી દઉં છું. જો ઢીલ કરશો તો વૈષ્ણવ ચાલ્યા જશે. વળી પાછા તે ક્યારે આવે તેનો ભરોસો નહીં. તેમને પોતાનાં દેહનું પણ ભાન રહ્યું નથી. આમ વિચારીને તે થાળ રાજા આશકરણજીને ધરી દીધો. રાજા આશકરણ ભગવદ રસમાં છકયા રહેતા. સામે થાળ આવતાંજ પુરેપુરો પોતે આરોગીને ચાલ્યા ગયા.

બીજીવાર કરેલી સામગ્રી શ્રીનવનીતપ્રિયાજીને ભોગ ધરી, ત્યારે શ્રીગુંસાઈજી પધાર્યા. તે વખતે શ્રીનવનીતપ્રિયાજીએ જણાવ્યું કે આજ તો હું બમણો રાજભોગ આરોગ્યો. શ્રીગુંસાઈજીએ જોયું તો સામગ્રી તો બધી રોજનાં જેટલી જ છે ત્યારે પ્રભુએ જણાવ્યું કે આ વાત બેટીજી જાણે છે. આ વાત બેટીજીનાં મુખથી સાંભળી શ્રીગુંસાઈજી ઘણાં પ્રસન્ન થયા. ધન્યવાદ દીધા કે વૈષ્ણવનું સ્વરૂપ તમે જાણ્યું. જેમના હૃદયમાં બિરાજમાન પ્રભુ સ્વયં આરોગ્યા છે. આ પ્રસંગ બતાવે છે કે હરિજન તે હરિરૂપ છે.

શ્રીવલ્લભાખ્યાન ૯ મું

શ્રી લક્ષ્મી સત્યભામા બેઉ રે અગ્રજની અનુ હારરે રસનાં
શ્રીનવનીત પ્રિયાજીને રીઝવ્યારે સેવ્યા વિવિધ પ્રકાર રે રસનાં

બંને બેટીજી સેવામાં લાગી રહેતા ઋતુ અનુસાર વાઘા વસ્ત્ર સામગ્રી ઉત્સવોની આરતી સાંજી માંડવી આમ નિત્ય સેવા પ્રકાર ઉત્તમ ભાવપૂર્વક કરતાં, શ્રીનવનીતપ્રિયાજી પ્રસન્ન

રહેતા, પરંતુ રાજા આશકરણને થાળ ધર્યો તેથી વિશેષ પ્રસન્ન થયા. ભગવદ ભક્તો પુષ્ટિમાર્ગમાં અનેકો થયા છે જેને પ્રભુ સિવાય અન્ય રૂચિ ન હતી. પ્રભુ પણ તેવા ભક્તોની ભાવના મુજબ પ્રસન્ન રહેતા.

આ માર્ગમાં જેનો અંગીકાર થયો છે તેને વેદોક્ત કર્મ પણ બાધા કરી શકતા નથી. કર્મ વિધિમાં ક્લેશ વધારે થાય તે પણ સફળ થાય કે અફળ તે નિશ્ચિત નથી. સફળ થાય તો સ્વર્ગાદિ સુખ મળે પરંતુ તે પણ પૂણ્ય પરવારે ત્યારે મૃત્યુલોકે આવે.

ત્યારે ભગવત ભક્ત વેદોક્ત કર્મ કરે તે પણ કરવા પુરતું જ કરે છે. તેમાં આસક્તિ હોતી નથી. તેમજ ફળની ઈચ્છા હોતી નથી. ભગવદ ભક્ત તો ભક્તિ રસમયી બની રસમય આનંદઘન શ્રીકૃષ્ણની સાનિધ્યમાં રહી સેવા કરી અનેક લીલા રસનો અનુભવ કરે છે. તનુજા, વિતજા બંને સાધનરૂપ સેવા કરી માનસી સુધી પહોંચે છે. તે માનસી તદરૂપ સમજો પછી હરિજન હરિ એકરૂપ બની જાય છે. ભગવદ ભક્તનાં હૃદયમાં આઠો પ્રહર લીલારસ લહેરી ચાલુ જ રહે છે. નદીની ધારા જેમ સમુદ્રમાં જઈને મળે છે તેમ ભક્તોનાં મનમાં ઉછળતી લીલારસ લહરી લીલારસ સમુદ્રમાં જઈ મળે છે. સમુદ્રમાં જેમ લહેરો ઉછળતી રહે છે તેમ ભક્ત હૃદયમાં લીલારસ તરંગો ઉછળતાં જ રહે છે. આનો આનંદ અનુભવી લઈ શકે છે.

ભક્તો પણ જુદી જુદી ભાવનાનાં હોય છે. કોઈ કીર્તન રસિક, કોઈ સેવા રસિક, કોઈ સત્સંગ રસિક, આમ જેની જેમાં આસક્તિ તેવીજ ભાવનાનાં સંગી તેને મળે ત્યારે તે ઉભયમાં ઐક્ય બની આનંદની લહેરો ઉછળી રહે છે. પરંતુ આમાંનું કાંઈ ન જાણનારા રસિક પ્રેમિયોને પોતાનાં જેવા માનવાવાળા તે ઉપર મુજબ ચંદ્ર ચઢયો આકાશ મીન રહ્યું જળમાં આ માછલી જેવા સમજવા.

હરિ બડે હરિજન બડે બડે હરિકે દાસ
હરિસે હરિજન યું બડે જો હરિહે તીનકી પાસ

આ સાખીમાં વિશેષતા બતાવી છે કે પ્રભુ જેમ મોટા છે તેમ તેનાં દાસ પણ મોટા છે એટલું જ નહીં જેઓએ પ્રેમભાવ ભક્તિ કરીને પ્રભુને વશમાં કર્યા છે તેને સૌથી મોટા કહ્યા કે પ્રભુ તેની પાસે છે. માટે હરિજન મોટા આ તથ્ય નિકળે છે.

માટે સમજદાર વ્યક્તિએ ભૂલેચૂકે પણ ભગવદીયની સમાનતા ન કરવી. હું ભગવદી છું આવું માનવું નહીં. દીનતા રાખવી. પરંતુ સાવ નહીં જાણનારા થોડુંક જાણ્યું કે હું ભગવદીય છું, ભગવદીય મારા જેવા છે તે ઉપર બતાવેલ દૃષ્ટાંત ચંદ્ર અને માછલા મુજબ જાણવા. જેઓ માયાનાં ગુણોમાં ઓતપ્રોત રહેતા ભગવદ ભક્ત જે કેવળ ભગવદ આસક્તિ કરી રહેલ છે તેની બરોબરી પોતાને માનતા હોય તો તે મગરમચ્છ સમાન જ છે.

ભગવદ ભક્તોની આવી સુંદર ભાવનાનું વર્ણન કરીને દયારામ કહે છે કે

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૫૭

શ્રી યમુનાજીના પદ

રચયિતા—મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ—માધુરી, રાજકોટ

પદ ૫૯

શ્રી યમુને નામ જગતમેં સાર;
પરમ ઉદાર સરલ ચિત સંતત હરન સકલ અઘભાર. ૧
શોભાકર અદ્‌ભુત રસ રૂરી પ્રેમ ભક્તિ દાતાર;
શિવ બ્રહ્માદિક સેવિત તટ—રજ ખિન્ન ભૃત્ય આધાર. ૨
સેવત સુલભ હોત અપબર્ગહૂ રીઝત નન્દકુમાર;
વારક કરત પ્રણામ દીન જો તિહિ સુમિરત બહુ બાર. ૩
જિનિ કે પુલિન યુગલ લીલા લગિ નિત્ય લલિત ભંડાર;
દીન શુલ્ક 'બલ્લભ' દાસી પૈ હેરૌ હરિ હિય હાર. ૪

ભાવાર્થ : સંસારમાં આવી માનવ દેહ મેળવી તેનો સાર તે આપનું નામ સ્મરણ રૂપ જ છે. આપની અગાધ શક્તિથી સરળતાથી જીવોમાં અનેક પાપો દૂર થાય છે. આપ એવું જ ચિતવો છો કે જીવનું ભલું કેમ થાય, તેનાં દુઃખનું નિવારણ કેમ થાય, આ કલિકાલ દોષોથી ભરેલો છે તેનું નિવારણ કેમ કરવું અને પુષ્ટિજીવો માટે પ્રેમભાવ ભક્તિથી લાણી કરી જીવોને કૃતાર્થ કરવા આ અદ્‌ભુત વૈભવ આપ તો લાણી કરો છો.

જે કોઈ આપના તટનું સેવન કરીને સ્થિર થઈ રહે છે તેના ભાગ્યની વડાઈ શિવજી આદિ પ્રશંસા કરે છે કે અમોને જે પદવી મળી છે, તે આની સામે તુચ્છ જ છે. વ્રજરજ, યમુનાતટ રેણુનું જે સેવન કરે છે તે સ્વર્ગ, અપવર્ગ, પણ સેવનથી સુલભ થઈ જાય છે.

પુષ્ટિજીવોને પ્રાણપ્રિય પ્રભુ શ્રીયમુનાતટ વિહાર કરતાં પ્રાપ્ત થાય છે. જે કોઈ જીવ આપને પ્રણામ કરે છે, કોઈ દીનભાવ રાખી વારંવાર પ્રણામ કરીને સ્મરણ કરે છે તે ધન્યવાદને પાત્ર છે. જેનાં યુગલ કિનારા લીલારસ ભંડારથી ભરપૂર છે. જે યુગલ સ્વરૂપની અનેક લીલાઓનો ભંડાર છે એવા હે શ્રીયમુનાજી આ દાન દીનદાસી વલ્લભી તરફ દયાની દૃષ્ટિ કરો. આપ તો પ્રભુના હૃદય કમળથી પ્રકટ થયેલા હૈયાનાં હારરૂપ બિરાજમાન આપને વિનતી કરૂં છું. ૫૯

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદી ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૬૬. પ્રભુ સેવાની ઈન્દ્રિયોના દેવો

—ગતાંકથી ચાલુ

એક દિવસ કહ્યું કે, આ જેટલા યજ્ઞયાગાદિક કરે ત્યારે જાણવું કે ઈન્દ્રિયોના દેવતા કરે છે, ને નરસાં કામ કરાય ત્યારે જાણવું કે ઈન્દ્રિયોના દેવતા તે ઠામેથી ઉઠયાં. **" ભગવત્સેવા તો શ્રીસ્વામિનીજી, શ્રીઆચાર્યજીને શ્રીગુંસાઈજી ઈન્દ્રિયોના દેવ થાય ત્યારે કરાય"** નહિં તો સેવા ના થાય. સેવા તો એમની કૃપા વિના થશે નહિં. પ્રભુ પોતે જ ઈન્દ્રિયોમાં પધારી કરે છે, ને જીવ પોતે કર્તા બને છે, જીવનું શું ગજું કે પૂર્ણ પુરૂષોત્તમની સેવા થાય? એ તો પ્રભુનું જ કામ. જીવે તો સાક્ષી થઈને જોવું કે પ્રભુ શું કરાવે છે ? ને શું કરે છે. તારું કર્તવ્ય અહીંયા નથી.

સપરિકર—વેદ, અઢારે વિદ્યા ભગવાન શ્રીકૃષ્ણનું જ પ્રતિપાદન કરે છે.

ચૌદ અથવા અઢાર વિદ્યા ગણાય છે તે છે— શાસ્ત્ર તે છે, —સપરિકર વેદ. આ અઢારે વિદ્યાનો ઉપયોગ ધર્મમાં છે. અર્થશાસ્ત્રનો અર્થ દ્વારા જ ધર્મમાં ઉપયોગ છે. તે ન્યાયમાં સમાય છે. વાત્સાયનાદિ (કામસૂત્રો)નો (અને પાકશાસ્ત્રાદિનો) ઉપયોગ કામમાં છે. કામ મોક્ષસુખમાં દષ્ટાંત રૂપે છે. તે અઢાર વિદ્યામાં નથી. કામના જ અંગરૂપ કાવ્યાલંકાર—નાટકાદિ છે, તેનો ધર્મમાં ઉપયોગ નથી, ઉત્પ્રેક્ષાદિથી તેમાં અસત્યત્વ છે, સુદૂર—પરંપરાથી દષ્ટાંત—શેષરૂપે ક્યાંક ઉપયોગ છે. તેનું હીનફલ છે.

અન્ય સર્વ મોહાર્થ છે, અનાદરણીય છે. વાસ્તવમાં, મુખ્ય રીતે તો, **"વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ"** (૧૫—૧૫)— "બધા વેદોથી હું જ વૈદ્ય છું— બીજું કોઈ નહીં !" —ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં સ્વયં કહ્યું છે. ગીતાજીતો સૌ આસ્તિકોને પ્રમાણરૂપે સ્વીકાર્ય છે. "બધા વેદો"— કહેવાથી ચારે વેદ તથા તેનો બધો પરિકર પણ (" ચ " કારથી પણ) ગણાઈ જાય. આમ, અઢારે વિદ્યાઓમાં ભગવાન શ્રીકૃષ્ણનું જ પ્રતિપાદન છે, સર્વ—પ્રમાણ— પ્રતિપાદ્ય— પ્રમેય— શ્રીકૃષ્ણ જ છે.

(" પુષ્ટિ—પુલિન" માંથી સાભાર)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

રૂ. ૫૦૧/— ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા, મુંબઈના જય શ્રીકૃષ્ણ

કાવ્ય – કુંજ
ચરણ સેવા દીધી રે

નંદ કિશોરની કૃપા થઈ તો,
ચરણ સેવા દીધી રે. નંદ કિશોરની
સેવા કરતાં નયન મળ્યાં તો,
ભવની ભૂલ સમજાઈ રે. નંદ કિશોરની
ભાલે તિલક કાને કુંડલ નિરખી,
માયા મમતાનાં બંધન જાણ્યાં રે. નંદ કિશોરની
શૃંગાર કરી ભોગ ધરૂં ને,
નામ રટૂ હું તારું રે. નંદ કિશોરની
મહિમા તારો હું જ્યાં ગાઉં,
માન પ્રતિષ્ઠા નડતાં રે. નંદ કિશોરની
હૃદય રહ્યું કરૂણાથી ભરપુર,
ડોળ દેખાવના ભાવે રે. નંદ કિશોરની
ભય રહે છે ભક્તિ કરતાં,
અભિમાન મનમાં તો નથી રહેતું રે. નંદ કિશોરની
ચરણ દાસી ગોપીમાં વહાલા !
તેં સુક્ષ્મ અભિમાન જાણ્યાં રે. નંદ કિશોરની
પોતાનાં જાણી દૂષણ હરવા,
વિરહના દુઃખડા દીધાં રે. નંદ કિશોરની
અભિમાનની મુજ પર છાયા પડે તો,
નિર્બળ જાણી ક્ષમા દેજો રે. નંદ કિશોરની
શ્રીજીચરણ અનુરાગીની ભૂલ થાય તો,
ચરણસેવાથી વંચિત ન રાખશો રે. નંદ કિશોરની

શ્રીજીચરણ અનુરાગી, અમદાવાદ.

પૃષ્ઠ પ્રકાશન સહાયક

રૂ. ૫૧/– પ.ભ. જગદીશચંદ્ર પ્રભાશંકર ભટ્ટના રાજકોટના જયશ્રી કૃષ્ણ

શ્રી ગોપીગીત એક આસ્વાદ

– લેખક : શ્રીજેઠાલાલ છોટાલાલ શાહ– "ઉર્મિલ"

સાવલી, જીલ્લો–વડોદરા.

–ગતાંકથી ચાલુ

આપ યોગી ધ્યેય છો એ સાચું તો છે. પણ આપ ગૃહસ્થ પણ છો. લક્ષ્મીજીનો હસ્તગ્રહણ કર્યો જ છે ને? પણ અમે તો શરણાગત છીએ. શરણાગતનું રક્ષણ કરવું એ તો શાસ્ત્ર પ્રમાણે લગ્ન કરતાં પણ વધારે મહત્વનું છે. સ્વજનોનું રક્ષણ સાધારણ ધર્મ છે પરંતુ શરણાગતનું રક્ષણ સ્વામીધર્મ છે. ઈશ્વરનો ધર્મ છે. દુઃખના કારણરૂપ એવા સંસાર માટે આપનું અભયપદ એવા પતિરૂપ છો.

હવે અનન્ય પૂર્વા ગોપીજન કુમારિકાઓ ધૃષ્ટતાપૂર્વક પ્રાર્થના કરતાં કહે છે કે હે વ્રજજનની આર્તિને દુર કરનારા ! હે વીર ! હે સ્વજનના ગર્વને મંદ હાસ્યથીજ દૂર કરી દેનારા! હે સખા! અમારે એવું બધું કહેવું નથી. અમારે તો સ્પષ્ટ વાતજ કરવી છે. અમે તો કિંકરીઓ છીએ. આપને સાનુકૂળ છીએ તો આપ પણ અમને સાનુકૂળ બનો. ભક્તો જે રીતે મને ભજે છે તે રીતે હું પણ તેમને ભજું છું. એવી તો આપની પ્રતિજ્ઞા છે જ ને? એટલે જ અમે કહીએ છીએ કે અમને ભજો. આનંદથી અમને પૂર્ણ કરી દો. કેટલાંક ગોપીજન પોતાના હૃદયે પાદપદ્મ પધરાવવા પ્રાર્થના કરે છે એથી જ હૃદયમાં સંતાયેલો કામ પ્રભુના ચરણસ્પર્શથી દૂર થઈ જાય. અમારું હૃદય જરા કઠીન તો છે પણ પેલા કાલિયનાગની ફણાઓ જેટલું કઠીન અને ક્રૂર તો નથી જ. ચરણસ્પર્શથી કાલિય દોષમુક્ત થયો તો અમારા દોષ પણ એથી દૂર થશેજ. પદ કમલજ સંતાપ સમાવશે. અમારે બીજો પ્રયાસ કરવો નહીં પડે.

આ પ્રમાણે પ્રથમ હસ્તકમળની પ્રાર્થના કરીને "ભજ સખે ભવત્ કિંકરીઃ" કહીને ભગવાનના સ્વરૂપની પ્રાર્થના કરી અને પછી ચરણકમળની પ્રાર્થના કરી ગોપીજન પછી મુખારવિંદની પ્રાર્થના કરે છે અને કહે છે કે મનોહર વાક્યોવાળી અને વિદ્વાનોને આનંદ આપનારી આપની મધુર વાણીથી મોહ પામતી અમે દાસીઓને અધરામૃતનું પાન કરાવીને જ જીવાડો. સ્વરૂપની જેમ ભગવાનની વાણી પણ સચ્ચિદાનંદરૂપ ત્રણ ગુણવાળી છે. એમાં મધુરતા છે, વલ્ગુવાક્યતા છે તેમ મનોજ્ઞતા છે. સંસારથી તપ્ત અને વિરહાવસ્થાવાળા શ્રીગોપીજન જે

જીવે છે, એમાં તો પરસ્પર કહેવાતી ભગવાનની લીલા કથા જ કારણભૂત છે. ભગવાનની કથા તો "તપ્તજીવનમ્, કવિ ભિરીડિતમ્ કલ્મષાપહમ્ શ્રવણ મંગલમ્ શ્રીમત્" અર્થાત્ લક્ષ્મીયુક્ત અને "આતતમ્" અર્થાત્ સર્વતઃ વ્યાપ્ત છે. આ રીતે છ પ્રકારના ગુણોવાળી છે. ભગવત્કથા તો મરણના ભયનો પણ નાશ કરનારી છે અને એથી તો એને કથામૃત યા અમૃત ભરી કહી છે. આથી જ "ભૂરિદાજનાઃ" ઘણો અર્થ આપનારા શ્રીવ્યાસ જેવા પણ એ ભગવત્રૂપ એવી ભાગવતી કથાનાં ગુણગાન કરે છે અને જન્માદિ દોષથી રહિત થાય છે. અહીં કથાની જ વાત કરી છે પણ ભગવાનની સાથે તેને સરખાવીએ તો કથા અલ્પ છે અને તેથી સાંસારિક સકલ તાપ દૂર કરવામાં જ તેનું સામર્થ્ય છે. કથાથી વિરહમાં જીવન ટકે પણ વિરહ તો રહેજ ને? વિરહના મહાતાપના નિવારણમાં તો તે અસમર્થ છે. આથી ભગવાનના સંયોગની આવશ્યકતા રહે જ છે. આથી જ શ્લોકમાં કથામૃતને જીવન સંપાદક કહ્યું છે. વિરહ તાપનું નિવર્તક કહ્યું નથી. ભગવાન અને ભગવાનની કથામાં આટલો ફેર છે. ભગવાનની જેમ ભગવાનની કથા પણ ઐશ્વર્ય, વીર્ય, યશ, જ્ઞાન, વૈરાગ્ય અને શ્રી એ છ ગુણોથી યુક્ત છે. એથી જ તે અમૃત છે, મોક્ષપ્રદાતા છે, પરમાનંદરૂપ છે, પાપને નષ્ટ કરનાર છે. અને તપ્ત જીવોનું જીવન છે. સ્વરૂપે કરીને તેમ ધર્મે કરીને કથામૃત અને ભગવાનનું સાદશ્ય દર્શાવ્યું. કથાથી જ જીવન ટકી રહ્યું છે. ભગવાન તો વિરહે કરીને કદાચ મરણની સ્થિતિમાં મૂકે છે પણ કથામૃત તો તપેલાંને જીવન અર્પે છે. માટે ભગવાન કરતાં તેમના કથામૃતનો ઉત્કર્ષ પણ સૂચવ્યો છે.

વળી એ ગોપીજનો કહે છે કે હે પ્રિય! આપનું હાસ્ય, પ્રેમ સહિત જોવું, ધ્યાનમાં મંગલકારક વિરાટ અને હૃદયને સ્પર્શી જતી એકાન્તની વાણી. આ સર્વ હે કપટી! અમારા મનને ક્ષોભ પમાડે છે. ભગવાનમાં મોહક ગુણો છે. અને મોહ પમાડવાને માટે માયાની કપટલીલા પ્રભુ આચરે છે. માયાનો સ્વભાવ જ મોહ કરવાનો છે અને તેને લીધે જ ભગવાનમાં ગોપીજનને કાપટય લીલાની સ્ફૂર્તિ દેખાય છે. પ્રભુના દર્શનની અત્યંત ઉત્કંઠાને લીધે ગોપીજન આમ બોલે છે. નામરૂપાત્મક પ્રભુના રૂપ સંબંધી "પ્રહસિતમ્ । પ્રેમવિક્ષણમ્ । વિહરણં અને ધ્યાનમંગલમમ્" એ ચાર મોહકગુણ અને એકાન્તની કથાઓ તેમ હૃદયને સ્પર્શી જતી કથાઓ એ બે નામ સંબંધી મોહક ગુણ પણ હવે ગોપીજનને રુચતા નથી. એ તો હવે વિના વિલંબે ભગવાન દર્શન આપે એજ ઈચ્છે છે.

વિરહ દુઃખમાં ગોપીજનને પ્રિયજનને થતી પીડાના ખ્યાલે દુઃખ થાય છે અને કહે છે કે હે નાથ! હે કાન્ત! પશુઓને ચરાવતા વનમાં પથ્થર તૃણ અને દર્ભ વગેરેથી આપના નલિન કરતાં પણ કોમળ અને સુંદર ચરણકમળ પીડાતા હશે. અમારું મન અત્યંત ખેદપામી કકળી

ઉઠે છે.

ગોપીજનનાં આવા કથનનો ભાવાર્થ એ છે કે કમળ સમાન પ્રભુનાં ચરણ વનમાં નહીં પણ રસયુક્ત પ્રદેશ એવા વ્રજમાં જ સ્થિત થવા જોઈએ. વાસ્તવમાં તો ગોપીજન માને છે કે પ્રભુનાં ચરણકમળ અમારા હૃદયમાંજ રહે છે. તોપણ આપજ એને આમ ગાયો ચરાવવા વનમાં લઈ જાવ છો. આપની આ ગૌચારણ લીલાથી પૃથ્વી પર આપ અનુગ્રહ કરો છો અને પશુના ચર્મવાળી પાદુકા તો પાલકથી ન પહેરાય એટલે ઉઘાડા પગે જ પધારો છો. પૃથ્વી તો ભક્ત છે. આપને શ્રમ ન થવા દેવા સ્નેહના સ્વેદથી કોમલ બને પણ પેલા કંટક, કંકર તો પીડા આપેજ. ગોપી ભગવાનને નાથ સંબોધન કરી એવું સુચિત કરે છે કે સ્વામીની પાસે તો સેવકો ઘણા હોય. આવા કઠિન કાર્યમાં સેવકોને જ પ્રયોજવા જોઈએ પણ એમ ન કરતાં આપ તો સ્વયં જ પધારો છો. ગોપીજન તો મનોમન ઈચ્છે છે કે અમે તમારી નિકટ આવીએ અને પુનઃ આપના શ્રીચરણો અમારા હૃદય પટે પધરાવીએ.

કુમારિકા ગોપીજનનું ભગવાનની સાથે રાત્રિ દિવસ રહીને રમણ થાય છે જ. એથી એમને તો નિત્ય કામ હોવાથી ભગવાન માટે એમને કામનું પ્રદાન કરવાનું રહેતું નથી, પરંતુ કેવલ વ્રજમાં પધારવાના સમયે અન્યપૂર્વા ગોપીજનોને કામનું પ્રદાન કરવું પડે છે. એ ગોપીજનો ઘર બહાર જઈ શકતાં ન હોવાથી સવાર પછી છેક સંધ્યાકાળે જ એમને તો કૃષ્ણનાં દર્શન થાય છે. ભગવાનનાં દર્શન વિનાની એક એક ક્ષણ એમના માટે યુગ સમાન વીતે છે. ભગવાનનો વસમો વિયોગ સંધ્યા કાળે મટે છે. તેથી તો તેનો "દિન પરિક્ષયે" ક્ષય કહે છે. ભગવાન તે સમયે વનની સર્વ લીલાઓનો અનુભવ એમને નિજ મુખદર્શન દ્વારા કરાવે છે. વનમાંથી ગૌધન તેમ ગોપસખાઓ સાથે પધારતા પ્રભુનાં દર્શન કાજે એ ગોપીજનો માર્ગની બંને બાજુએ ઉભાં છે. ભ્રમર જેમ રસ પ્રકટ કરનાર હોય છે એમ એના જેવા ભગવાનના કાળા વાંકડિયા કેશ પણ ગોપીજનને માટે રસપ્રદાતા નીવડે છે. શ્રીપ્રભુચરણ સ્વતંત્ર લેખમાં આજ્ઞા કરે છે કે ગોપીજન ભગવાનના મુખારવિંદના લાવણ્યની એ અવસ્થાનુંજ વર્ણન કરે છે જે રસયુક્ત અવસ્થામાં મુખારવિંદમાં બે પ્રકારની આભા વિલસી રહી હતી. એક તો કાળા કેશોથી આચ્છાદિત હોવાથી એ કાળાકેશોની પ્રભા મુખ પર પ્રત્યક્ષ થતી હતી અને બીજી પ્રભા રાત્રિના સમયના કમળ જેવી પ્રતીત થતી હતી. રાત્રિના સમયે કમળ ખીલે તેમ ભગવાનનું મુખ એ સંધ્યા સમયે પ્રિયાઓના મુખરૂપી ચંદ્રથી અધિકાધિક વિકસિત થઈ રહ્યું હતું. એથી એ ભાવ પણ પ્રકટ થાય છે કે પ્રભુની આસક્તિ સમસ્ત શ્રીગોપીજનમાં હતી. પધારી રહેલા પ્રભુ આગળ પધારતાં પાછા ફરીને વારંવાર પોતાના મુખને ગોપીજનોનાં સુખને માટે બંને બાજુએ ફેરવે છે. અને

દર્શન આપ્યા કરે છે. ગોપીજનના પ્રેમભાવની એથી વૃદ્ધિ થાય છે. ગોરજથી પ્રભુનું મુખારવિંદ આવૃત્ત છે. સ્વચ્છ મુખારવિંદના દર્શનથી તો જ્ઞાન સંભવે, પણ ગોરજથી આવૃત્ત મુખથી જ કામ ઉપલબ્ધ થાય છે. આવો પ્રભુએ આપેલો કામ તો સ્વાનુભવથી જ શાંત થાય.

કુમારિકા ગોપીજનો વળી ચરણલાભની પુનઃ પ્રાર્થના કરે છે. પહેલા આવી પ્રાર્થના કરી હતી પણ અહીં એની પુનરુક્તિ નથી. સાતમા શ્લોકમાં ચરણકમલને સ્તનો પર પધરાવવાની જે પ્રાર્થના કરી હતી તે દોષો દુર કરવા માટેની પ્રાર્થના હતી, જ્યારે આ તેરમા શ્લોકની એવી પ્રાર્થના ગુણોની ઉપલબ્ધિ માટે કરી છે. એ ગોપીજન કહે છે કે હે રમણ! હે રતિ પ્રદાન કરનારા ! બ્રહ્માજીથી પૂજિત, પૃથ્વીના મંડનરૂપ, શરણાગતોના મનોરથો પૂર્ણ કરનાર, વિપત્તિમાં ધ્યાન કરવારૂપ અને કલ્યાણપ્રદ એવાં જે આપનાં ચરણકમલ છે તે અમારા સ્તનો પર પધરાવો. આપ કહેશો કે મારા ચરણ તો તમારા હૃદયમાં જ છે. એ સાચું તો છે, પણ હૃદયમાંના એ ચરણ અમારાથી બહાર કાઢી શકાય એમ નથી તો આપજ અમારો તાપ દુર કરવા એ ચરણો અમારા વક્ષઃસ્થળે પધરાવો. આ શ્લોકમાં શ્રીચરણોના છ ગુણો દર્શાવાયા છે. **પ્રણત કામદં** પદ દ્વારા ઐશ્વર્ય ગુણ દર્શાવાયો છે. **પદ્મજાર્ચિતં** પદ દ્વારા બ્રહ્માજી એ ચરણોની ભાવનાથી પૂજા કરે છે તેમ તેમની પ્રાર્થનાથી જ આપ અહીં પ્રકટ થયા છો એથી એ પદ દ્વારા વીર્ય યા ધર્મગુણ દર્શાવાયા છે. એ શ્રીચરણો પૃથ્વીના આભૂષણરૂપ હોવાથી **ધરણીમંડનમ્** પદ દ્વારા કીર્તિ ગુણ યશ દર્શાવાયો છે. **ધ્યેયમાપદિ** પદ દ્વારા આપત્તિમાં ધ્યાન ધરવાયોગ્ય છે એમ કહ્યું છે. **શન્તમં** શ્રેષ્ઠ કલ્યાણરૂપ છે. જ્ઞાનરૂપ છે. અને **આર્તિહન્** પદ દ્વારા ભગવાનનો સંબંધ હોવાથી ચરણકમળમાં વૈરાગ્ય ગુણ દર્શાવાયો છે. વળી એવો પણ ભાવાર્થ છે કે આપનાં શ્રીચરણ લોકમાં લૌકિક કામનાઓ નષ્ટ કરનાર, ઐશ્વર્ય પ્રદાન કરનાર, શરણાગતની ઈચ્છા પૂર્ણ કરનાર, શોભાપ્રદ અને દુઃખ નિવારક મનાય છે; કિન્તુ અમારા માટે તો આપનાં શ્રીચરણ અમારા હૃદયનો તાપ નષ્ટ કરનાર હોવાથી જ અમારી આ પ્રાર્થના છે.

એ પછી એ ઉત્તમ પ્રકારનાં ગોપીજન અધરામૃતનું દાન કરવા વિનવે છે. પ્રથમ પણ આવી પ્રાર્થના કરી હતી પણ તે દોષો નિવારવા કરી હતી. જ્યારે આ તો ગુણપ્રદાન માટે ફરી એવી પ્રાર્થના કરે છે. ભગવાનનાં અધરામૃતની પ્રાપ્તિ પછી ચાર ગુણની ઉપલબ્ધિ થાય. **સુરતવર્ધનમ્** પદથી ઐશ્વર્યગુણ સિદ્ધ થાય છે. ગોપીજનમાં જે કામ છે તે પરિચ્છિન્ન છે. અને ભગવાનમાં તો અપરિચ્છિન્ન છે. અતઃ સંયોગ સમયે તે ક્લિષ્ટ થાય. આયુર્વેદ વિદ્યાનુસાર રસ ઔષધિ ભૂખ વધારે છે. તે રીતે જ આ અધરામૃત ગોપીજનના કામની પરિચ્છિન્નતા દૂર કરી દઈ એને અસીમ બનાવે જેથી સંયોગ સમયમાં થનારી ક્લિષ્ટતા નષ્ટ બની રહે. આ

સાધન બલ કહ્યું. **શોકનાશનમ્** પદ દ્વારા ધર્મગુણ સિદ્ધ થાય છે. દોષમાત્ર નષ્ટ થાય. શોક નષ્ટ થાય, જ્ઞાન વૈરાગ્યરૂપ છે. આ ફલ બલ કહ્યું **સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્** પદ દ્વારા કીર્તિગુણની સિદ્ધિ થાય છે. નાદયુક્ત વેણુ એ તો એનું કેવલ સુષ્ઠુ ચુંબન જ કર્યુ છે, પાન કર્યુ નથી. નાદજ્ઞો જ યશોનુવાદ કરે. વેણુનાદ વેદાત્મક છે. અહીં પ્રમાણ બલ કહ્યું **ઈતરરાગ વિસ્મારણમ્** પદથી શ્રીગુણ સિદ્ધ થાય છે. તે સર્વ કાંઈ ભૂલાવનાર છે. પોતે જ પુરુષાર્થ હોવાથી પ્રમેય બલ કહ્યું. આમ ભગવાનનું અધરામૃત સ્વયં પુરુષાર્થ હોવાથી ચતુર્વિધ પુરુષાર્થોનું પ્રદાન કરે છે. પ્રમાણ પ્રમેય, સાધન અને ફલ એ ચારેયની પ્રાપ્તિ અધરામૃતમાં થાય છે. **નૃણાં** નિઃસાધન કૃપાપાત્રોને જ એનો દુર્લભ લાભ મળે છે. અન્યને મળતો નથી.

પણ અમે કદાચ અન અધિકારી હોઈએ તો પણ તેનું વિતરણ અમને કરો. વિતરણ ગુણથી આપી શકાય. **વીર** શબ્દથી એમ જણાવે છે કે તે સિવાય આપનામાં શૌર્ય બીજી રીતે સંભવશે નહીં. આમના જેવો બીજો વીર તો કોઈ જ નથી.

શ્રીગોપીજન વળી પાછા વિરહ દુઃખને સંભાળતા કહે છે કે જ્યારે આપ વનમાં પધારો છો ત્યારે આપના દર્શન વિના અમારા માટે એક ક્ષણ પણ યુગ સમાન બની રહે છે. સંધ્યાકાળે જ્યારે પરત પધારો છો ત્યારે વાંકડિયા કેશયુક્ત આપનું મુખારવિંદ જોવા મળે છે. એ દર્શન દરમિયાન અમારી પાંપણ ઉઘાડમીંચ કરતી હોવાથી એટલા પૂરતો દર્શનમાં અંતરાય પડવાથી આપનું મુખ અમને એટલું સુંદર લાગે છે અને તેના દર્શનમાં અમને એટલી બધી આસક્તિ થાય છે કે એ સમયે પાંપણથી થતા અંતરાયને કારણે પાંપણના કર્તા બ્રહ્મા પ્રત્યે અમને ક્રોધ આવે છે અને કહીએ છીએ કે બ્રહ્મા જડ છે. લાગણી વગરના છે, અમારા દુઃખનું તેમને ભાન જ નથી. દેવો અલૌકિક દષ્ટા છે અને એટલે એમને પાંપણો નથી પણ અમે તો એમના કરતા પણ વધુ સર્વોચ્ચ અલૌકિક જોનારા છીએ. અતઃ અમારા નેત્રોની પાંપણ પલકારાવાળી સર્જનાર બ્રહ્માએ પોતાની અયોગ્યતા જ સિદ્ધ કરી છે. કદાચ કહો કે દેવો દીર્ઘાયુ હોવાથી એમની પાંપણ એવી સર્જી છે તો અમે પણ ક્ષણ યુગ જેવી વીતે છે તેથી વધુ દીર્ઘાયુ છીએ. જો કહો કે દર્શન કરવા હોય તો વનમાં જઈને સતત દર્શન કરો પણ અમે તો ઘરની બહાર નીકળી શકતા નથી. ભગવાને અમને દેવો જેવાં જ બનાવ્યા છે. પણ મૂર્ખ બ્રહ્માએ દેવો જેવી પાંપણ ન આપતાં પલકારા મારતી પાંપણ આપી છે. ભગવાનના દર્શનથી જે રસ પ્રાપ્ત થાય છે એ રસનો તો બ્રહ્માને અનુભવ ન હોય તેથીજ એ મૂર્ખ છે.

— ક્રમશઃ

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હે, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

૯. સત્ય

સત્યમેવ જયતે નાનૃતમ્

—ગતાંકથી ચાલુ

સત્ય એ છે જે સરળ હૃદયમાંથી વાક્ચાતુરી વગર યથાર્થ ભાષામાં અને બીજાના હિત માટે ભાવથી કહેવાય. જાણીને છુપાવવા કે વધારવાની ચેષ્ટા બિલકુલ ન હોય અને કંઈપણ ન બની શકે તો વાણીથી સરલ સત્યનો આશ્રય અવશ્ય લેવો જ જોઈએ. એક સત્યથી જ બધું થઈ શકે છે. તેનાથી પરમાત્મા મળી જાય છે.

સત્યવાદી ભક્ત ઘાટમ

જયપુર પાસે ઘોડી નામના ગામમાં ઘાટમ નામનો એમ મીના રહેતો હતો. રજપુતાનામાં આ જાતિ ચોરી માટે પ્રસિદ્ધ છે. ઘાટમ પણ ચોરીનો જ ધંધો કરતો હતો, પરંતુ તે ક્યારેક ક્યારેક એક મહાત્મા પાસે જતો રહેતો. મહાત્મા જાણતા હતા કે આ ચોર છે, પરંતુ તે તેના તરફ ઘૃણા ન રાખતા. ‘‘સંત કોઈ તરફ ઘૃણા નથી કરતા, તે તો બધાને પ્રેમ કરે છે અને પોતાના પ્રેમના બળથી જ પાપીઓને પાપ મુક્ત કરી દે છે’’ એક દિવસ મહાત્માએ ખૂબ પ્રેમથી ઘાટમને કહ્યું, ‘‘બચ્ચા, તું ચોરી કેમ નથી છોડી દેતો?’’ ઘાટમે સરળતાથી કહ્યું, ‘‘બાબા, આ તો મારી આજીવિકા છે. ચોરી છોડી દઉં તો પરિવારનું પાલન કેમ થાય? આપ બીજી જે કંઈ આજ્ઞા કરશો તે કરવા તૈયાર છું.’’

મહાત્માએ કહ્યું, ‘‘સારું બચ્ચા! ચોરી ન છોડી શકે તો કોઈ વાંધો નહીં, મારી વાત માનીને ચાર વાતોનો નિયમ લઈ લે. (૧) સાચું બોલવું (૨) સાધુ–સેવા કરવી (૩) ભગવાનને નિવેદન કર્યા વગર કંઈ પણ ન ખાવું અને (૪) ભગવાનની આરતી જોવી.

શ્રદ્ધાળુ ઘાટમે ચાર વ્રત લઈ લીધા. ચોર ભગવાનના મંગળમય રસ્તે આવી ગયો.

સાધુઓનો મુકામ એક જગ્યાએ રહેતો નથી. ઘાટમના ગુરૂ કોઈ બીજા દેશમાં ચાલ્યા ગયા, ત્યાં ભગવાનનો કોઈ ઉત્સવ હતો. ગુરૂએ ઘાટમને બોલાવ્યો, સમય થોડો હતો. સ્થળ દૂર હતું. ઘાટમ ગુરૂ પાસે સમયસર કેમ પહોંચે ? ચોરીની આદત તો હતી જ. તેણે રાજાના તબેલામાંથી ઘોડો ચોરવાનો નિશ્ચય કર્યો.

ઘાટમ રાજાના તબેલે પહોંચ્યો અને ઘોડાર અંદર ઘૂસવા લાગ્યો. પહેરેદારોએ પૂછ્યું, ‘તું કોણ છો? પૂછયા વગર અંદર કેમ જાય છે?’

ઘાટમે તો સત્ય બોલવાની પ્રતિજ્ઞા કરી ચૂકેલ હતો. તેણે સરળતાથી અચકાયા વગર કહ્યું, “મારું નામ ઘાટમ છે, ચોર છું, ઘોડો ચોરવા જાઉં છું”

પહેરેદારો સમજયા ચોર ક્યારેય આમ ન બોલી શકે. મહારાજનો કોઈ નવો અફસર હશે. તેઓ કાંઈ ન બોલ્યા. ઘાટમ અંદર ગયો અને પસંદ કરીને એક સારામાં સારો ઘોડો લઈ આવ્યો. બીજા પહેરેદારે ફરી પૂછ્યું તો ઘાટમે કહી દીધું, “ઘોડો ચોરીને લઈ જાઉં છું.”

પહેરેદારે મશ્કરી સમજીને તેને જવા દીધો. ઘાટમ પ્રસન્નતાથી ઝડપથી જઈ રહ્યો હતો. એક ગામ પાસે પહોંચ્યો. એટલામાં સાંજ થઈ ગઈ. મંદિરમાં આરતી થઈ રહી હતી. ઘાટમે શંખ–ઘંટનો અવાજ સાંભળી ગુરૂની આજ્ઞાનુસાર બહાર એક ઝાડ સાથે ઘોડો બાંધી દીધો. અને તે ભગવત્ ભજનમાં મસ્ત થઈ મંદિરમાં આરતી જોવા ચાલ્યો ગયો.

અહીં પાછળથી અસલી વાત ખુલી. ખબર પડી કે ઘોડો લઈ જનાર ચોર જ હતો. ચારે તરફ તપાસ થવા લાગી. પગના નિશાન ઓળખનારને દોડાવવામાં આવ્યા. તેમાંથી કેટલાક લોકો શોધતા શોધતા તે મંદિર પાસે આવી પહોંચ્યા. જ્યાં નીચે ઘોડો બાંધેલો હતો. ભક્ત વત્સલ ભગવાને ભક્ત ઘાટમની દશા પર વિચાર કર્યો, ભવબંધન કાપનાર ભગવાન પોતાના એક આશ્રિત ભક્તનું બંધન કેવી રીતે જોઈ શકે? કાળા રંગનો ઘોડો ભગવાનની માયાથી સફેદ થઈ ગયો. આરતિ થયા બાદ ઘાટમ ભગવત્ પ્રેમમાં ઝુમતો નીચે આવી ઘોડા પર સવાર થઈ ગયો. ઘાટમે એ ન જોયું કે ઘોડો પહેલા કયા રંગનો હતો અને હવે કયા રંગનો થઈ ગયો છે. સિપાઈઓએ જોયું કે, આદમી એજ. ત્યાંથી અહીં સુધીની તપાસ એ સાજ સમાન એજ. ઘોડાનું કદ એ, પરંતુ રંગ બીજો. તેઓએ વિચાર્યુ આજ આપણને ખબર નહીં રાજા શું દંડ દેશે. તેમના ચહેરા પર આશ્ચર્ય અને વિષાદ છવાઈ ગયા. અંતે એક સિપાઈએ ખૂબ નમ્રતાથી ઘાટમને બધો વૃતાન્ત કહ્યો. ત્યારે ઘાટમે ઘોડાનો રંગ જોયો અને પ્રભુની અલૌકિક માયા સમજીને તે બોલ્યો કે, “ભાઈ, તમે લોકો ચિંતા ન કરો. હું જ ચોર છું અને આ જ તે ઘોડો છે. તેનો રંગ તો મારા ભગવાને બદલી દીધો છે. તમે ડરો નહીં, હું તમારા રાજા પાસે આવું છું.”

ઘાટમે રાજા પાસે જઈ ગુરૂના પ્રથમ દર્શનથી લઈ અત્યાર સુધીની બધી વાત સરળતા

સાથે રાજાને સંભળાવી દીધી. ઘાટમનું સત્યપૂર્ણ અદ્ભુત વૃતાન્ત સાંભળી રાજાને ઘણું આશ્ચર્ય થયું અને તે ઘાટમને એક સંત સમજી તેના ચરણમાં પડી ગયો. રાજાએ ઘણું ધન આપવા ઈચ્છયું, ઘાટમે કંઈ ન લીધું અને કહ્યું “ રાજન ! મારે કોઈ વસ્તુની આવશ્યકતા નથી, ગુરૂની સેવામાં જવા માટે માત્ર ઘોડો જોઈએ.’’

રાજાએ પ્રસન્નતાથી ઘોડો આપ દીધો. ઘાટમ ગુરૂ પાસે ગયો અને અંતમાં તેને સત્ય અને ભક્તિના પ્રતાપથી બધા પાપોથી મુક્ત થઈ ભગવાનમાં લીન થઈ ગયો. સત્યનાં પ્રતાપથી આ લોક અને પરલોકમાં તેનો મહિમા છવાઈ ગયો.

[આ પ્રસંગના અનુસંધાને શ્રીગુંસાઈજીના સેવક એક ચોરની વાર્તા વાંચવાથી સત્યના પ્રભાવ અને મહિમાની વિશેષ જાણકારી મળી શકશે.]

॥ શ્રી વલ્લભાધીશો જયતિ ॥

શ્રી અખંડ ભૂમંડલાચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યચરણે પ્રગટ કરેલા પુષ્ટિભક્તિ માર્ગના ભાવિક વૈષ્ણવો જોગ નિવેદન

આજના કલિકાલમાં પુષ્ટિમાર્ગનાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી તથા પ્રભુચરણ શ્રીગુંસાઈજીએ સંસ્થાપિત કરેલા દિવ્ય અલૌકિક સિદ્ધાંતોની અણસમજને કારણે ઠેર ઠેર સ્વમાર્ગ વિરોધિ પ્રવૃત્તિઓમાં ભલાભોળા ભાવુક “ ખરા અર્થમાં ભાવિક ન કહેતા....’’ વૈષ્ણવોને પુષ્ટિમાર્ગનાં નામે છેતરવામાં આવી રહ્યા છે. તે ખરા અર્થમાં સમગ્ર પુષ્ટિસૃષ્ટિ માટે ખેદજનક છે.

સ્વમાર્ગને કેવળ અર્થોપાર્જનની હિનકક્ષાએ મુકી કેટલાક ધર્મદ્રોહીઓ—વંચકો ગળામાં તુલશીમાળા અને લલાટે તિલક ધારણ કરી ધોતી બંડીના વૈષ્ણવીવેશને લજવી રહ્યા છે. શ્રીગિરિરાજજી, શ્રીયમુનાજી વગેરે ભગવદ સ્વરૂપોની આડમાં અને ઓથ નીચે ભગવદ ધર્મને વેચી અર્થોપાર્જન કરી રહ્યા છે. આવા લોકોથી ચેતવાની તાતી જરૂરીયાત છે.

સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિએ આવા લોકોને બિલકુલ પ્રોત્સાહન ન આપવું જોઈએ. અને જાકારો આપવો જોઈએ. તાજેતરમાં ત્રણ કિસ્સા બહાર આવ્યા છે. તે સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિની જાણ ખાતર અહીં જણાવી રહ્યો છું.

ઘણાં વર્ષોથી જુથળ ગામમાં કોઈ કહેવાતાં વૃજવાસી શખ્શ શ્રીગિરિરાજનું મંદિર ચલાવે છે. ત્યાં શ્રીગિરિરાજની માનતા થાય છે. કુનવાડા વગેરે આરોગાવાય છે. દુધ ચડાવાય છે. પરિક્રમા થાય છે. વૃજમાં બિરાજતા શ્રીગિરિરાજજીની પ્રણાલિકાની નકલ કરી વૈષ્ણવોના ભાવ સાથે ખિલવાડ કરી શ્રીગિરિરાજનું પણ અપમાન આ શખ્શ કરી રહેલ છે... જતિપુરામાં તથા વૃજનાં અન્ય સ્થળે બિરાજતાં શ્રીગિરિરાજનું મહાત્મ્ય ખંડીત કરી રહેલ છે. સૈદ્ધાંતિક રીતે તો આપણા માર્ગમાં માનતા વગેરેને કોઈ સ્થાન નથી. પણ વૈષ્ણવો અન્યાશ્રય ન કરે તે માટે શ્રીગુંસાઈજીએ શ્રીગિરિરાજજીને દૂધ ચડાવી સામગ્રી ધરી પ્રાર્થના વગેરે કરવાની આજ્ઞા કરેલ છે. પરંતુ, શ્રીગિરિરાજને દુધ વગેરે વૃજમાં બિરાજતાં શ્રીગિરિરાજજી, અથવા વૈષ્ણવના પોતાનાં ઉપર બિરાજતાં શ્રીગિરિરાજજી અથવા શ્રીવલ્લભકુળનાં બાળકો પર બિરાજતાં

શ્રીગિરિરાજજીને જ ધરી શકાય તે સિવાય અન્ય વ્યક્તિ પર બિરાજતાં શ્રીગિરિરાજજીને દુધ ધરાવવું સામગ્રી આપવી આપણા માર્ગના સિદ્ધાંત વિરુદ્ધ છે.

શ્રીગિરિરાજને કુનવાડો આરોગાવવાનો અધિકાર કેવળ શ્રીવલ્લભવંશોને જ છે. તે સિવાય કોઈ કુનવાડો આરોગાવી શકે નહીં. કેવળ થોડી શીલાઓનો ઢગલો કરી વૈષ્ણવોને દર્શનાર્થે રાખી શ્રીગિરિરાજજી છે તેવી વાતો ફેલાવી ભલાભોળા વૈષ્ણવો પરિક્રમા કરે દુધ વગેરે ચડાવે આ બધું કેવળ ધતિંગ છે. શ્રીગિરિરાજજીનું અપમાન છે. શ્રીવલ્લભનાં સિદ્ધાંતોનું પણ ઘોર અપમાન સમાન આ ઘટના છે. તેથી “વૈષ્ણવો ! આવા લોકોથી ચેતો...” તથા આવી લાભપૂજાર્થેયત્ન વાળી પાખંડી પ્રવૃત્તિ તેમજ આવા ધનોપાર્જન કરવાના કિમીયા સ્વમાર્ગનાં દિવ્ય સિદ્ધાંતોની વિરુદ્ધ છે. આથી સત્વરે આવી પ્રવૃત્તિ બંધ થાય તે માટે કાર્યરત થવા અનુરોધ છે. જ્યાં શ્રીગિરિરાજજી પ્રભુ કદી પ્રસન્નતાથી બિરાજે જ નહીં તે પણ એક દિવા જેવી સ્પષ્ટ વાત છે.

આવી જ એક શ્રીગિરિરાજજીનાં નામે ચરી ખાવાની પ્રવૃત્તિ ગોંડલ પાસેના રામોદ ગામે કોઈ બ્રાહ્મણના ઘરે શ્રીગિરિરાજજી પ્રગટ થયા છે...તેવા ગપગોળા ચાલે છે. આ બ્રાહ્મણ જ્યોતિષ વગેરે દ્વારા લોકોને છેતરી રહ્યો છે. આ પણ એક ધતિંગ છે.

માનતા વગેરે માટે શ્રીવલ્લભ પ્રભુનો મત ખુબ સ્પષ્ટ છે.

“ પ્રાર્થિતેવા તતઃ કીં સ્યાત્સ્વામ્યભિપ્રાય સંશયાત્ ” શ્રીવિવેકધૈયાશ્રય સારરૂપે જોઈએ તો વ્યર્થ પ્રાર્થના કરીને પ્રભુને શ્રમ ન આપવો પણ પ્રભુ જે કરે છે તે સારા માટે જ છે તેવો દ્રઢ વિશ્વાસ રાખવો. સુખદુઃખના સમયમાં કેવળ શ્રીહરિના શરણની ભાવના કરવી. દુઃખના સમયમાં આ રીતે વ્યાકુળ થવાથી શ્રીપ્રભુનો આશ્રય રહેતો નથી. અને જ્યાં ત્યાં માનતા કરીએ છીએ. જ્યોતિષીઓ, તાંત્રિકો, બાવા, સાધુ વિગેરે પાસે દોડી જઈ વ્યર્થ અન્યાશ્રય કરીએ છીએ. આ તકનો લાભ આવા તકસાધુઓ ઉપાડી આવી ધતિંગ પ્રવૃત્તિથી પોતાની આજીવિકા ચલાવે છે.

માટે સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ માટે હવે જાગવાની ખાસ આવશ્યકતા છે. જુથળ તથા રામોદના આ શખ્સોને પણ શ્રીપ્રભુ તથા શ્રીમહાપ્રભુ સદ્બુદ્ધિ આપે અને આ સ્વમાર્ગ વિરોધી પ્રવૃત્તિ બંધ કરે અને પોતાના તન–મન–ધનથી પોતાનાં સેવ્ય સ્વરૂપને સેવે અને વૈષ્ણવોને શ્રીગિરિરાજજીના નામે છેતરવાનું બંધ કરે....

તાજેતરમાં એક વર્તમાનપત્રમાં “સુદર્શન કવચ ચક્રાકારે લખી ગળામાં પહેરવાથી સર્વ પ્રકારની આધિ વ્યાધિ તથા ઉપાધિમાંથી મુક્તિ મળી જાય છે. તથા યોગ્ય ન્યોછાવરથી “સુદર્શનકવચ” ચક્રાકારે હાથે લખી મોકલવામાં આવશે” તેવી જાહેરાત છપાયેલી. આવી લોભામણી છેતરામણી જાહેરાતોથી પણ વૈષ્ણવો બચે તેવો અનુરોધ કરવામાં આવે છે.

ખરૂં જોઈએ તો “શ્રી સુદર્શનકવચ” શ્રીવલ્લભાચાર્યચરણ રચિત ગ્રંથ જ નથી. માટે વૈષ્ણવોએ ધારણ કરવુએ પણ શ્રીવલ્લભના સિદ્ધાંતો વિરુદ્ધ છે. આવી છેતરામણી જાહેરાતો તથા ચમત્કારની વાતોથી લલચાવું નહીં. અને બધી પરિસ્થિતિમાં અહર્નિશ શ્રીવલ્લભપ્રભુએ આપેલા અલૌકિક મહામંત્ર “શ્રીકૃષ્ણઃ શરણં મમ” નું સ્મરણ–મનન કરવુંએજ એક આ કલિકાલમાં શ્રીપુષ્ટિ પુરૂષોત્તમ શ્રીગોવર્ધનધર પ્રભુનાં ચરણોના આશ્રયમાં ટકી રહેવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

શ્રી મત્પ્રભુ તથા શ્રીમહાપ્રભુ સર્વને સદબુદ્ધિ પ્રદાન કરે અને સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને આવા ધર્મના નામે થતાં ધતિંગ અને અન્યાશ્રયથી બચાવે એજ નમ્ર વિનંતી.

નોંધ :– આ નિવેદનનો ઉદેશ શ્રીવલ્લભ પ્રભુના દિવ્ય સિદ્ધાંતોથી વિરુદ્ધ થતી પ્રવૃત્તિ અટકાવવાનો તથા ભલાભોળા ભાવુક વૈષ્ણવોની ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનો દુરૂપયોગ કરી છેતરતા લોકોને ખુલ્લા પાડવાનો છે. વ્યક્તિગત રાગદ્વેષથી પર છે...

નિવેદક,
ગો. પુરૂષોત્તમજી દાનીરાયજી મહોદય
બી.કોમ.એલ.એલ.બી.
(જુનાગઢ)

પુસ્તક પરિચય

૧. શ્રીકૃષ્ણ –કથામૃત

રચયિતા – શ્રી જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'
પ્રકાશક – શ્રી પુષ્ટિ પ્રકાશન ગૃહ C/O. આશીર્વાદ પ્રિન્ટીંગ પ્રેસ, કણકીયા પ્લોટ, જેતપુર–૩૬૦૩૭૦
સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પાના ૩૬, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર રૂ.૧૮/–

સંસ્કૃત વિવિધ સ્તોત્રોને વિવિધ છંદોના ગુજરાતીમાં સુંદર રીતે રજુ કરવામાં આવ્યા છે. અનુવાદમાં શબ્દોનું માધુર્ય, ઉચિત અર્થ, મૂળ શ્લોકનું શબ્દ સૌંદર્ય, યોગ્ય અને આકર્ષક અલંકારોથી આ એક લોક ભોગ્ય પુસ્તિકા બની જાય છે. મૌલિક ધાર્મિક કાવ્યો, ગીતો અને સ્તોત્રો જે કંઠસ્થ કરીને ગાઈ શકાય તેવા આ પુસ્તિકામાં સમાયેલ છે.

બહેનોએ તેમજ કાવ્ય સાહિત્યમાં રસ ધરાવનાર દરેકે માણવા જેવી પુસ્તિકા.

૨. અસ્મિતા

રચયિતા – શ્રી જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'
પ્રકાશક – શ્રીમતિ લતાદેવી જ. ગાંધી પ૩– દુર્ગેશનગર, ' ૐ જલનિધિ, જુનાગઢ–૩૬૨૦૦૧.
સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પાના ૩૨, પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂ.૧૮/–

ભારતની સ્વાતંત્ર્યની સુવર્ણ જયંતિ નિમિત્તે કવિશ્રીએ આ પુસ્તિકામાં ભારતની, ગુજરાતની અને તેનું વતન જુનાગઢ નગરની ત્રિવિધ પ્રકારની અસ્મિતાને વિવિધ છંદો અને અન્ય પ્રકારની મૌલિક કાવ્ય રચનાઓ રજુ કરી છે. વાંચતા આનંદવિભોર થઈ જવાય તેવી ગાઈ શકાય તેવી સુંદર રચનાઓ છે.

વિવિધ છંદ અને કાવ્યોમાં દેશનું ગૌરવ ગાતી વિવિધ રચનાઓ કાવ્ય રસિકોએ માણવા લાયક છે.

૩. શ્રીયમુનાષ્ટકમ્ (હિંદી)

વિવેચક – પૂ. પા. ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ, મુંબઈ.
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન – કૈલાશ નારાયણ ખંડેલવાલ. જનકગંજ અસ્પતાલ કે પાસ, લશ્કર (ગ્વાલિયર) (મ.પ્ર.)– ૪૭૪૦૦૧
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૭૨, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર દર્શાવી નથી.

હિંદીમાં લખાયેલ આ વિદ્વતપૂર્ણ પુસ્તિકામાં શ્રીયમુનાષ્ટકના મૂળ શ્લોક, તેનો અર્થ અને વિવેચન રજુ કરવામાં આવેલ છે. યમુનાષ્ટક પર શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીપુરૂષોત્તમજી, શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી મહારાજ લિખીત સંસ્કૃત ટીકાઓનો વિવેચનમાં આધાર લેવામાં આવેલ છે. જરૂરત મુજબ મૂળ સંસ્કૃત ટીકાના અમુક અંશો પણ સંદર્ભ માટે આપેલ છે.

પુષ્ટિ સાહિત્યના ચાહકો અને અભ્યાસી વૈષ્ણવ વર્ગને ઉપયોગી તેમજ સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગી હિંદી પુસ્તિકા.

સમાચાર

ચેન્નાઈ (મદ્રાસ)માં શ્રી ગુંસાઈજીનો ૪૮૪ પ્રાદુર્ભાવ મહોત્સવ

અત્રે શ્રીશુદ્ધાદ્વૈત મહાસભા અને વૈષ્ણવ સમાજના ઉપક્રમે શ્રીવિઠ્ઠલેશ–પ્રભુચરણ શ્રીગુંસાઈજીનો પ્રાદુર્ભાવ મહોત્સવ શ્રીવલ્લભનિકેતનના હોલમાં શનીવાર તા. ૧૨–૧૨–૯૮ ના રોજ ધામધૂમ અને આનંદ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો હતો. સૌ પ્રથમ શ્રીવૈષ્ણવ સ્કૂલના બાળકોને પ્રધાન અધ્યાપકે શ્રીગુંસાઈજી વિશે સંક્ષેપ્તમાં સુંદર માહિતી આપી હતી અને તમામ બાળકોને જલેબી ઉત્સવ હોવાથી જલેબીનો પ્રસાદ વાંટવામાં આવ્યો હતો.

ત્યારબાદ સમાજનો મુખ્ય કાર્યક્રમ પૂ.પા.ગો.શ્રીઅજયકુમાર મહોદય તેમજ આપશ્રીના વહુજીની અધ્યક્ષતામાં સંપન્ન થયો હતો. સુંદર સુસજ્જીત સુખપાલમાં શાળાના શ્રીવલ્લભ બેન્ડવાજા સહીત કીર્તનીયા મંડળી, ભગવન્નામ ધ્વની સહિત શ્રીગુંસાઈજીની શોભાયાત્રા નગરના મુખ્ય માર્ગો ઉપર કાઢવામાં આવી હતી. અને વૈષ્ણવ સ્કૂલના હોલમાં સભાના રૂપમાં પરિવર્તીત થઈ હતી. ત્યારબાદ વધાઈ ગાન, સ્વાગત પ્રવચન અને વૈષ્ણવ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા **શ્રીગોકુલનાથજીની માલા તીલકની રક્ષા અને ચિદ્રુપ ઉપર પ્રાપ્ત કરેલ વિજય એ પ્રસંગ ઉપર સુંદર નાટીકા ભજવવામાં આવી હતી. જે વૈષ્ણવોમાં ઘણી સરાહનીય રહી હતી.**

સુ. શ્રીનીલા દેસાઈએ વાર્તા પ્રસંગ સુંદર ગુજરાતી શૈલીમાં રજુ કરેલ.

રાણી શ્રીનિવાસન, શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવ બાલમંદીર મુખ્ય અધ્યાપિકાએ શ્રીગુંસાઈજી, શ્રીમહાપ્રભુજીના જીવન ચરિત્ર તથા સિદ્ધાંત સુંદર રીતે અંગ્રેજી ભાષામાં વર્ણન કરેલ.

ત્યારબાદ પૂ.પા.ગો.શ્રી અજયકુમારજીના બાળકુમાર શ્રીવિશાલ બાવાશ્રીએ શ્રીગુંસાઈજી વિશે ધારા પ્રવાહ સુંદર માહિતી આપી હતી. જે અતિ સરાહનીય હતી. ત્યારબાદ અંતમાં પૂ.પા. મહારાજશ્રીએ માલાતીલકનું મહાત્મ્ય સમજાવી સર્વે વૈષ્ણવોને નીરંતર માલાતીલક ધારણ કરાવવાનો અનુરોધ કર્યો હતો. આરતી અને આશરાના પદગાન દ્વારા ઉત્સવનું સમાપન કર્યુ હતુ. તમામ વૈષ્ણવને જલેબીનો મહાપ્રસાદ વાંટવામાં આવ્યો હતો.

આંતરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પ્રોત્સાહિત

વૈષ્ણવ યુવા સંગઠન (ગુજરાત પ્રદેશ આયોજીત) યુવા અધિવેશન તથા વૈષ્ણવી રેલી

સંસ્કારી નગરી વડોદરાની સકલ પુષ્ટિમય વૈષ્ણવી સૃષ્ટિને યુવા વૈષ્ણવોના ભાવમય વધામણાં. ગુજરાતમાં ચાલતા વિવિધ યુવા સંગઠનો પ્રતિવર્ષે વાર્ષિક અધિવેશન યોજવામાં આવે છે. તેજ ઉપક્રમે આ વર્ષે " પોલો ગ્રાઉન્ડ " ખાતે યોજાયેલ "માંગલ્ય મહોત્સવ" (પ.પૂ. શ્રીજીજીના સ્વમુખે શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ) સાથે તેના ત્રીજા અધિવેશનમાં વડોદરાના આંગણે ચાલતા પાંચ યુવા સંગઠનો સંયુક્ત રીતે યજમાન બની ગુજરાતના વિવિધ યુવા સંગઠનો ને વડોદરાના આંગણે આ ભવ્ય યુવા અધિવેશનમાં આમંત્રિત કરેલા. જેના ઉપક્રમે નીચેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

વૈષ્ણવ યુવા રેલી : –પ્રસ્થાન – શ્રીગોવર્ધનનાથજીની હવેલી, નિઝામપુરા, વડોદરા. સમય સવારે ૮.૦૦ કલાકે
ગંતવ્ય સ્થાન – 'વૃંદાવન ધામ', માંગલ્ય મહોત્સવના આંગણે, પોલો ગ્રાઉન્ડ, વડોદરા.

યુવા અધિવેશન

અધ્યક્ષ – પ.પૂ. તૃતીય પીઠાધીશ શ્રી૧૦૮ શ્રીવ્રજેશકુમાર મહારાજશ્રી **ઉદ્દ્ઘાટક** – પ.પૂ. શ્રીમથુરેશ્વર મહારાજશ્રી **આશીર્વચન** – પ.પૂ.ગો. શ્રીચંદ્રગોપાલ મહારાજશ્રી, પ.પૂ.ગો. શ્રીગોપાલલાલજી મહોદયશ્રી, પ.પૂ.ગો. શ્રીયોગેશ્વરજી મહોદયશ્રી, પ.પૂ.ગો. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી, પ.પૂ.ગો. શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી અને પ.પૂ.ગો. શ્રીનૈમિષકુમારજી મહોદયશ્રી **પ્રેરક** – પ.પૂ. ષષ્ઠપીઠાધીશ શ્રી૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી **પ્રારંભ** – બપોરના ૧.૦૦ કલાકે **સ્થળ** – પોલો ગ્રાઉન્ડ, રાજમહેલ રોડ, વડોદરા.

યુવા વૈષ્ણવ સંપ્રદાયના નવચેતનાની જાગૃતિ, સંગઠન, એક વિચારમંચ, પરસ્પર મૈત્રીભાવનું ઝરણું અને સેવા સમર્પણના આદર્શભાવોને વધુ સુદૃઢ બનાવવા વડોદરા તથા ગુજરાતની ભાગ્યવાન વૈષ્ણવ સૃષ્ટિને આ સમગ્ર આયોજનમાં પધારી ઉત્સાહવર્ધન કરવા યોજાયેલ છે.

લંડન (યુ. કે.) :– આં.રા.પુ.વૈ.પરિષદ– યુ.કે. શાખાના ઉપક્રમે લંડનમાં શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુંસાઈજીનો પ્રાકટય મહોત્સવ ખુબ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. વેમ્બલી–મીડલ સેકસના વેમ્બલી હાઈસ્કૂલના મુખ્ય ખંડમાં બપોરના ૩.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન થયેલ. જેમાં શ્રીજયંતભાઈ લાખાણી, શ્રીસુરેશભાઈ રાજા તથા શ્રીસુરેશભાઈ કોટેચા વગેરેએ કાર્યક્રમનું સફળ આયોજન કરેલ.

॥ શ્રી શ્યામમનોહરપ્રભૂ: વિજયતે ॥ ॥ શ્રી મદનમોહનપ્રભૂ: વિજયતે ॥ ॥ શ્રી બાલકૃષ્ણ પ્રભૂ: વિજયતે ॥

શુભ વધાઈ **શુભ વધાઈ**

શ્રી શુભ વિવાહ પ્રસ્તાવ

સ્વસ્તિ – શ્રીમદ્ ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી વૃજભૂષણલાલજી મહારાજાનાં
સ્વકિયેષુ – શ્રી હરિગુરૂ સેવા પરાયણાંતઃ કરણેષુ પરમ વૈષ્ણવેષુ
સપરિવારેષુ શુભાશિષઃ શમિહ તત્રાસ્તુ અપરંચ..........

શ્રી મહાપ્રભુજીની કૃપાથી અમારા બેટીજી

ચિ. ગોપીરાજાનો શુભ વિવાહ પ્રસ્તાવ

સંવત્ ૨૦૫૫ ના ફાગણ સુદી ૪ શુક્રવાર તારીખ ૧૯–૨–૯૯ ના ગોધુલીક સમયે નિર્ધારેલ છે. આ શુભ પ્રસંગે

શ્રી મદનમોહન પ્રભુના વિવિધ મનોરથો પણ થશે.

તેથી આ અલૌકિક અવસરનો લાભ લેવા સહકુટુંબ પધારવા આમંત્રણ પાઠવીએ છીએ. વૈષ્ણવોના શુભ આગમનથી પ્રસ્તાવના આનંદમાં અધિક વૃદ્ધિ થશે. સેવા સ્મરણમાં ચિત્તવૃત્તિ રાખી હાજરી આપી પ્રસંગને દિપાવશોજી.

શ્રીવિવાહ પ્રસ્તાવ સ્થળ
એ. જી. સ્કૂલ ગ્રાઉન્ડ,
તળાવ દરવાજા,
જુનાગઢ.
ફોન નં. પી.પી. ૬૫૦૬૧૨

નિવેદક આજ્ઞાશ્રી
પ્રમુખ,
શ્રીવિવાહ પ્રસ્તાવ સમિતિ
C/O. પૂ.પા.ગો. શ્રીવિઠ્ઠલનાથજી મહારાજ
વિઠ્ઠલેશ ભૂવન– વિઠ્ઠલેશ માર્ગ, જુનાગઢ.
ફોન – ૬૨૭૦૨૨ / ૬૨૩૯૪૫

☐ આપ ક્યારે આવો છો તે અગાઉથી જાણ કરશોજી.
☐ બહારગામથી આવતા વૈષ્ણવો માટે ઉતારા તથા પ્રસાદ લેવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
☐ બહારગામના જે વૈષ્ણવોએ **સેવાભેટનો ચેક– ડ્રાફટ** મોકલવાનો હોય તેઓએ શ્રીવિવાહ પ્રસ્તાવ સમિતિ (જુનાગઢ)ના નામનો મોકલવા વિનંતી.

"શ્રી વલ્લભસુધા" ના સેવાભાવી–પ્રતિનિધિ–કાર્યકર

[૧.] અનીડા (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ
[૨.] અમદાવાદ
શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદાર પટેલ નગર, એલિસબ્રીજ,
[૩.] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫ જી.આઈ.એલ. કોલોની
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,
[૪.] ગોમટા
શ્રી વલ્લભદાસ હરિભાઈ
" વ્યાતિ વૈકુંઠ "
[૫.] કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,
[૬.] ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રી હરિ સ્ટોર્સ, રાજમાર્ગ,
[૭.] કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,
[૮.] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન
૫૬, દિગ્વીજય પ્લોટ, જામનગર
[૯.] જુનાગઢ
– શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોરા
C/O. શ્રીરૂગનાથ વશરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ.
– શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
– શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
'કિરણ' ૪, જલારામ સોસાયટી,
લોઢીયા વાડી સામે,
[૧૦.] ડોમ્બીવલી
શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮, શીવલીલા, તિલકનગર,
ગોપાલનગર રોડ–૧.
[૧૧.] જેતપુર
– શ્રી મનસુખલાલ માધવજી બોસમીયા
મતવા શેરી,
– શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ,
[૧૨.] ધોરાજી
શ્રી જાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
વઘાસીયા ચોરા,
[૧૩.] પાંચપીપળા
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા
[૧૪.] ઘાટકોપર (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ. જી. રોડ,
[૧૫.] મુંબઈ
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ,
પલ્ટન રોડ, પોલીસ સ્ટેશન સામે,
[૧૬.] મલાડ
શ્રી જયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,
[૧૭.] મોરબી
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪– ખત્રીવાડ
[૧૮.] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

[૧૯.] રાધનપુર
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,
[૨૦.] રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ,
[૨૧.] વડોદરા
– શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડા પોળ,
– શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
C/O. ગોવર્ધનહવેલી,
૬૧, ઉર્મી સોસાયટી, પ્રોડકટીવીટી રોડ,
અલકાપુરી,
[૨૨.] વાપી
શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ,
એન. એચ. નં.૮ પ્લોટ નં. ૮/૧૨,
[૨૩.] વાંકાનેર
– શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
– કાકુભાઈ ગોરધનદાસ દોશી
C/O. ભારતએજન્સી
પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,
[૨૪.] સુરત
શ્રીભદ્રેશકુમારહિંમતલાલઠકકર
વાસણના વેપારી, ૫/૩૩, બી.
હરિપુરા, પીરછડી,
[૨૫.] હળવદ
શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/O. શ્રીહસમુખ મેટલ કોર્પોરેશન
[૨૬.] ચીખલી
શ્રી ગોરધનભાઈ એમ. પટેલ
C/O. વૃંદાવનટ્રેડર્સ
ખેરગામ રોડ, સિવિલ કોર્ટની બાજુમાં,
ભગવતી ફર્નિચર પાસે,

" વૈષ્ણવ પરિવાર " ના તંત્રી

પ.ભ. શ્રીરમેશભાઈ પરિખને શ્રદ્ધાંજલી

પુષ્ટિમાર્ગીય ગુજરાતી સાહિત્ય લેખન અને સંપાદન ક્ષેત્રે એક મૌલિક શૈલીના સર્જક પ.ભ. **શ્રીરમેશભાઈ પરિખ** ના ગોલોકવાસી થવાથી સંપ્રદાયને અપૂરણીય ખોટ પડી છે.

શ્રીરમેશભાઈ બાલ્યવસ્થાથીજ પાટણ પુષ્ટિમાર્ગીય પાઠશાળાની પ્રવૃત્તિઓમાં અગ્રેસર હતા. પાટણથી પાઠશાળા દ્વારા થતાં પ્રકાશનના મૂખ્ય કાર્યકર પ.ભ. શ્રીવ્રજરત્નદાસ પરિખ તેમના સસરા થાય. તેમની અલૌકિ પ્રેરણાના સિંચનથી શ્રીરમેશભાઈ પુષ્ટિમાર્ગીય સાહિત્યનો ઉંડો અભ્યાસ કરી લેખન તરફ વળ્યા અને દેશ–વિદેશના વૈષ્ણવોમાં ખૂબ આદર પામ્યા.

ભગવદીય વાર્તા સપ્તાહના વકતતા તરીકે પ.ભ. શ્રીવ્રજરત્નદાસજી સાથે જોડાઈને પોતાની અનોખી શૈલીથી વૈષ્ણવોને પ્રેરક પ્રસંગો સમજાવતા. તેજ પ્રમાણે સન ૧૯૮૨ માં' **વૈષ્ણવ પરિવાર** " માસિકનું પ્રકાશન પ્રારંભ કરી તેને મોખરાના સ્થાને મૂકતયું. સાથોસાથ વેગવાન શૈલીમાં અસંખ્ય પુસ્તક પુસ્તિકાઓનું પ્રકાશન ક નામ સેવામાં જીવન સમર્પિત કરેલ.

ગત વર્ષે વાવાઝોડાથી ક્ષતીગ્રસ્ત થયેલ, શ્રીદ્વારિકા પ્રદેશના કેટલાક શ્રીબેઠકજીનો જીર્ણોદ્ધાર કરાવવા મનોરથે વિદેશોથી આવેલ વૈષ્ણવો સાથે તેઓ બરડીયા શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ ગયેલ. ત્યાં તા.૧૮–૧–૯ રાત્રે દશ વાગ્યા સુધી ભગવદ્ વાર્તા– સત્સંગ કર્યો અને સુતા બાદ થોડીવારે હ્દયરોગનો હુમલો આવતાં દ્વારિકા હોસ્પિટલે જતાં રસ્તામાંજ " **શ્રીઠાકોરજી મને બોલાવે છે** " એવા શબ્દો સાથે ભગવદ્ ચરણાર્વિંદને પામ્યા. જીવનની અંતિમ ક્ષણો સુધી ભગવત્કાર્યમાં ઓતપ્રોત રહેનાર શ્રીરમેશભાઈ પોતાનું જીવન ધન્ય કરી ગયા.

લૌકિક દષ્ટિએ તેમના પરિવારંજનો પર આવી પડેલ આ વજ્રાઘાત સમાન દુઃખમાં'**શ્રીવલ્લભસુધા**" સંપાદક વ્યવસ્થાપક મંડલ સમવેદના વ્યકતત કરી. શ્રીરમેશભાઈ પરિખને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી આપે છે.

ધોરાજીમાં શ્રીવલ્લભાખ્યાન સત્સંગ સમારોહ

ધોરાજી : કાંકરોલી–મથુરાસ્થ પૂ.પા.ગો.શ્રી યદુનાથજી મહારાજશ્રી તથા ધોરાજીમાં બિરાજતા આપશ્રીના દ્વિતીય આત્મજ પૂ.પા.ગો. શ્રીપ્રબોધકુમાર બાવાશ્રીના મનોરથ સ્વરૂપે ધોરાજીના આંગણે અલૌકિક અને દિવ્ય " શ્રીવલ્લભાખ્યાન " સત્સંગ સમારોહનું આયોજન તા. ૨૩–૧૨–૯૮ થી તા. ૨–૧–૯૯ સુધી કરવામાં આવ્યું હતું. પ્રવકતા સંપ્રદાયના સુપ્રસિદ્ધ શાસ્ત્રીજી મુંબઈ નિવાસી શ્રીજયવલ્લભ ધનેશ્વર ભટ્ટ હતા.

ત્રીજા વલ્લભાખ્યાનમાં શ્રીગુસાંઈજીના પ્રાગટય પ્રસંગે નંદમહોત્સવ થયો હતો અને પૂર્ણાહુતિના દિવસે શ્રી....ને કુનવારો આરોગવાનો મનોરથ સંપન્ન થયો હતો.

આ અલૌકિક અને દિવ્ય સત્સંગ સમારોહનો લાભ સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોએ બહોળા સમૂહમાં લાભ લીધો હતો. બહારગામથી આવતા વૈષ્ણવો માટે પ્રસાદ– સુવા બેસવાની સુંદર વ્યવસ્થા શ્રીસાતસ્વરૂપ હવેલીમાં રાખવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા આયોજિત
વડોદરામાં "યોગ– એક્યુપ્રેશર હોમીયોપેથીક દ્વારા સ્વસ્થ ભગવદીય જીવન"
યોગ– એક્યુપ્રેશર નિદાન– હોમીયોપેથીક– સારવાર કેન્દ્ર

એક્યુપ્રેશર એટલે દબાણ દ્વારા સારવાર, એક્યુ એટલે ચોક્કસ અને પ્રેશર એટલે દબાણ. એક્યુપ્રેશર એ એક અનેરૂં વિજ્ઞાન છે. જેમાં શરીરરૂપી વિદ્યુતઘરના સંચાલનનું સંપૂર્ણ સ્વીચ બોર્ડ હાથ પગના પંજાઓમાં છે. શરીરના જે અવયવ કે અંતઃસ્ત્રાવી ગ્રંથિ બરાબર કામ ન આપે તેની સાથે સંકળાયેલા પંજા કે પગના તળિયાના બિંદુ અને તેની આજુબાજુ દબાણ આપીને આપણે સ્વસ્થ ભગવદીય જીવન પ્રાપ્ત કરી શકીએ.

પરિષદ સંચાલિત આ નિદાન–સારવાર કેન્દ્રનો આપ અવશ્ય લાભ લો અને રોગ મુક્ત બની, સ્વસ્થ ભગવદીય જીવન પ્રાપ્ત કરો.

–: સ્થળ :–

આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ, કૃષ્ણદાસ ચીમનલાલ પરીખ "પરિષદ ભવન"
ઝવેરચંદ લક્ષ્મીચંદનો ખાંચો, અશોક વૉચ કું. ની બાજુની ગલીમાં,
મહાત્મા ગાંધી રોડ, વડોદરા–૨

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.WP.43
Published on third date of Every Month

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ભક્ત નહી તો સાંચ્ય પરિ,
અધમ પતિત હૂં મૈં ન;
મો સુધિ અજહુ નાં લઈ,
કૈંસેં પંકજ નૈન. (૭)

ટીકા :

હે કમલનયન ! કહેતાં શ્રીકૃષ્ણચંદ્ર ! હું ભક્ત નથી તે તો સાચું, પણ શું કાંઈ અધમ અથવા પતિત પણ હું નથી જે હજુ લગી પતિત પાવન અધમ ઉદ્ધારણ બિરદ વિચારીને પણ મારી સંભાળ ન લીધી તે કેમ ? લેવી ઘટે છે. (૭)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **શ્રી વલ્લભસુધા**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન: ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. ફોન : ૨૩૭૦૭૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

વર્ષ : ૧૭ અંક : ૧૨ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ માર્ચ, ૧૯૯૯

વચનસુધા

" પ્રેમ થકી દુસ્તર કાર્ય પણ સરળ બની જાય આ વાત વિજ્ઞાનથી પણ વિશેષ મનોવિજ્ઞાન સંમત છે. માનસશાસ્ત્રની વિવેચનામાં આવો સદાચાર દેખાતો નથી, ત્યાં તો માનવીય પ્રવૃત્તિનું જ વિવેચન જોવા મળે છે. તેની જડવાદીતા ભોગમૂલક છે માટે તેના રોગથી મુક્ત કરાવતી નથી, તેમના આરોગ્યની પરિભાષા ભોગમાં પ્રવૃત્તિમાત્ર છે. આપણા આરોગ્યની પરિભાષા આનાથી અનેરી છે. માટે **સદાચારને વૈજ્ઞાનિક સમર્થનની જરૂર નથી પણ વિજ્ઞાનને સદાચાર અને ધર્મ થકી વિવેકથી સ્વિકારી શકાય છે.** આમ ન કરવાથી સાધનવાળી બુદ્ધિ જીવને અવળે માર્ગે દોરવી લઈ જાય છે.

ઘણા લોકો આવો પ્રશ્ન કરે છે કે 'જ્યાં આચાર ન નભે તો શું કરવું ?' આ પ્રશ્ન જો આચારમાં નિષ્ઠા હોય તો તેવાઓને વાર્તા સાહિત્યથી પ્રેરણા મલશે કે અપરસમાં જળ અને બીરી લેનાર વ્યક્તિ સેવા માટે અમુક અંશે આચારની શિથિલતા કરે તો ક્ષતિ નથી. **" સ્વધર્માચરણં શક્ત્યા, વિધર્માચ્ચ નિર્વતનમ્ "** આની વ્યાખ્યાથી આ વાતનું સમાધાન થઈ જાય છે, પણ શક્તિ ને ભક્તિમાં દગો આપવો નહીં. આ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે.

(નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૧ પૃષ્ઠ ૨૨૪)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠન દૃઢ બનાવો.

શ્રી વલ્લભસુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૪૦
આજીવન લવાજમ રૂ. ૫૦૧

આ માસના ઉત્સવ

ફાગણ વદ ૯ તા. ૧૧–૩–૯૯ ગુરૂવાર : ચિ.ગો. શ્રીવત્સલરાયજી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૦ તા. ૧૨–૩–૯૯ શુક્રવાર : ગો. શ્રીદેવકીનંદન મહારાજ (ગોકુળ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૧૩–૩–૯૯ શનિવાર : ગો. શ્રીભરતકુમારજી (પુના–મદ્રાસ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૨ તા. ૧૪–૩–૯૯ રવિવાર : પાપમોચની એકાદશી વ્રત.

ફાગણ વદ ૧૩ તા. ૧૫–૩–૯૯ સોમવાર : ગો. શ્રીરઘુનાથજી (કામવન) તથા ગો. શ્રીગોકુલનાથજી (માંડવી–જુનાગઢ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૧૬–૩–૯૯ મંગળવાર : ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજ (ચાંપાનેસી–નડીયાદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૧૮–૩–૯૯ ગુરૂવાર : ચૈત્રી વર્ષ આરંભ. શાકે ૧૯૨૧, ગુડી પડવો, ચૈત્ર નવરાત્ર આરંભ. વ્રજ વિ.સં. ૨૦૫૬નો પ્રારંભ. કલ્પાદિ. શ્રીપ્રભુને આજે રાજભોગમાં કડવા લીમડાની કુંપળો તથા મિશ્રીના ટુક ભોગ ધરવા, પંચાંગવાંચન રાજભોગમાં.

ચૈત્ર સુદ ૩ તા. ૨૦–૩–૯૯ શનિવાર : ગણગૌરી (ગણગોર), મત્સ્ય જયંતિ.

ચૈત્ર સુદ ૪ તા. ૨૧–૩–૯૯ રવિવાર : શ્રીનટવરપ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ, ગો. શ્રીઅજયકુમારજી મહારાજશ્રી (પુના–મદ્રાસ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૨૩–૩–૯૯ મંગળવાર : શ્રીયમુનાજીનો તથા શ્રીગુંસાઈજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજી (વિ.સં. ૧૬૧૫)નો ઉત્સવ. શ્રીયદુનાથજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૨૫–૩–૯૯ ગુરૂવાર : ચૈત્રી નવરાત્રી સમાપ્તિ. શ્રીરામનવમી વ્રત. ગો. શ્રીયદુનાથજી (કાંકરોલી–મથુરા–વડોદરા), ગો. શ્રીઅનિરુદ્ધ બાવાશ્રી (કોટા–મુંબઈ–જતીપુરા) તથા ગો. શ્રીમહેન્દ્રકુમારજી (મુંબઈ–વિલેપાર્લે)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૨૬–૩–૯૯ શુક્રવાર : ગો. શ્રીગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૨૭–૩–૯૯ શનિવાર : કામદા એકાદશી વ્રત. શ્રીમહાપ્રભુજીના ઉત્સવની વધાઈનો પ્રારંભ. ગો. શ્રીમથુરેશ્વરજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૨૮–૩–૯૯ રવિવાર : ગો. શ્રીશરદલાલજી (ચાંપાનેસી)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૩૦–૩–૯૯ મંગળવાર : ગો. શ્રીપુરૂષોત્તમ બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૩૧–૩–૯૯ બુધવાર : ચૈત્રી પુનમ. વૈશાખ સ્નાનારંભ. ગો. શ્રીરઘુનાથલાલજી (કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૪ તા. ૫–૪–૯૯ સોમવાર : ગો. શ્રીયોગેશકુમારજી (કાંદીવલી) તથા ગો. શ્રીયશોદાનંદજી (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૬ તા. ૭–૪–૯૯ બુધવાર : પ્રથમેશ ગો. શ્રીલાલમણીજી મહારાજ (કોટા–જતીપુરા–મુંબઈ) તથા ગો. શ્રીશિશિરકુમારજી મહારાજ (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૧૭ અંક : ૧૨ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૧ ☐ માર્ચ,૧૯૯૯

॥શ્રી હરિઃ ॥

ચોરાશી અપરાધ

[પ્રાચીન હસ્તલિખીત પુસ્તકો તેમજ કેટલેક સ્થળે થી મૂદ્રિત થયેલ પુસ્તકોમાં ચોરાસી અપરાધ શીર્ષકના લેખ મલે છે. જે શ્રીમહાપ્રભુજી સન્મુખ, શ્રી કુંભનદાસજી આદિ વૈષ્ણવવર્યો એ વિનતી કરેલ કે અમોને ધર્મનો સિદ્ધાંત કહો કે જેથી શ્રીઠાકુરજીની સેવા નિર્વિઘ્ને થાય. તેથી શ્રીમહાપ્રભુજીએ આચારક્રિયા, દેશકાલ, લૌકિક વ્યવહાર આદિથી સામાન્ય જીવનમાં થતાં અપરાધથી બચવા ચોરાશી અપરાધ ગણાવી તેમાંથી બચવા જે આજ્ઞાઓ કરેલ તે ક્રમશઃ અત્રે આપેલ છે.]

અઢારમો અપરાધ : "ઉષ્ણ જલ વિના ન્હવાવે નહીં" શ્રીઠાકોરજીને બાલભાવ, કોમલ સ્વરૂપની ભાવનાથી નિત્ય સોહાતા ઉષ્ણ જલથી જ સ્નાન કરાવાય. (માત્ર જેઠ સુદી પુનમે પૂ.ગો. બાલકોને માથે બિરાજતાં સ્વરૂપોને શિતલ જલથી જ્યેષ્ઠાભિષેક મંત્રથી સ્નાન થાય છે.)

ઓગણીસમો અપરાધ : "શિતલ જલસોં ન્હવાવે નહીં" મર્યાદા માર્ગની પૂજાવિધીમાં કડકડતી ઠંડીમાં પણ શિતલ જલથી સ્નાન કરાવવાનો વિધિ છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં સ્નેહભાવથી ભગવત્ સુખના વિચારથી શ્રીઠાકોરજીને નિત્ય સોહાતા ગરમ જલથી સ્નાન કરાવાય.

ઉપરોક્ત બંને પ્રકાર સમજ્યા વિના શ્રીઠાકોરજીને શિતલ જલથી સ્નાન કરાવે તો અપરાધ લાગે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રી વલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

|| શ્રી કૃષ્ણાય નમઃ ||
|| શ્રી મદાચાર્યચરણકમલેભ્યો નમઃ ||

પંચપદ્યાનિ

શ્રીહરિરાયજી કૃત વિવરણ

ભાષાંતર– પ.ભ. શ્રીબાબુભાઈ પી. નાયક – કડી.

–ગતાંકથી ચાલુ

વિક્લિન્નમનસો યે તુ, ભગવત્સ્મૃતિવિહ્વલાઃ ||
અર્થૈકનિષ્ઠાસ્તે ચાડપિ, મધ્યમાઃ શ્રવણોત્સુકાઃ ||૨||

શબ્દાર્થ : વિકિલન્નમનસાઃ = ભગવાનમાં સ્નેહયુક્ત મનવાળા, યે = જે; તુ = છતાં; ભગવત્સ્મૃતિવિહ્વલાઃ = ભગવાનનું સ્મરણ થતાં જે આકુળ–વ્યાકુળ થઈ જાય; અર્થૈકનિષ્ઠાઃ = કોઈ પ્રયોજનમાં નિષ્ઠાવાળા; તે = તેઓ; ચ અપિ = અને; મધ્યમાઃ = મધ્યમ અધિકારવાળા; શ્રવણોત્સુકાઃ ભગવાનનાં ગુણગાન શ્રવણમાં ઉત્સાહવાળા.

ભાવાર્થ : જે ભક્તોનું મન ભગવાનમાં સ્નેહયુક્ત છે, ભગવાનનું સ્મરણ થતાં જેમનું મન આકુળ–વ્યાકુળ થઈ જાય છે અને ભગવાનના ગુણગાન સાંભળવામાં ઉત્સાહવાળા છે, પરંતુ કોઈ હેતુવાળા છે. તેથી તે મધ્યમ અધિકારી છે.– (૨)

વિવરણ : જે ભક્તનું મન ભગવાનમાં જ પરોવાયેલું રહે તે મન કોમળ હોય છે. આવી કોમળતાને કારણે તેવું (મન) ભગવદ્ રસથી આર્દ્ર (ભીનું) હોય છે. જેમ કોઈ ભીનું વસ્ત્ર હોય તેને સૂકાં વસ્ત્ર સાથે રાખવામાં આવે તો તે સૂકું વસ્ત્ર પણ ભીનું થાય, તેમ આર્દ્ર મનવાળા ભક્ત શુષ્ક મનવાળાના સંબંધમાં આવે તો શુષ્ક મનવાળા જીવના મનને પણ તે ભગવદ્ રસથી આર્દ્ર કરે છે. જેમ શુકદેવજી વગેરેનું મન ભક્તિરસથી આર્દ્ર હોવાને કારણે તેમનો જે જીવ સંગ કરે તેનું મન પણ તેમના જેવું થાય. અહીં જે આર્દ્ર હોય તેવું કહ્યું છે. જે પુષ્ટિમર્યાદામાર્ગીય હોય તેમનું મન આવું હોય એ સર્વત્ર પ્રસિદ્ધ છે. મૂળ શ્લોકમાં '**તુ**' શબ્દ લખાયો છે. તેથી સમજાય છે કે પ્રથમના શ્લોકમાં જે પુષ્ટિમાર્ગીય કહ્યા છે તેનાથી આ જુદા છે. ખરેખર! પુષ્ટિમાર્ગીય ભક્તોમાં જ મનનું આવું આર્દ્રપણું હોય છે. તેથી તેમની ભિન્નતા બતાવનારો ધર્મ બતાવ્યો છે કે ભગવાનનું સ્મરણ થતાં જ તેવા પુષ્ટિમાર્ગીય ભક્તોનું મન વિહ્વળ થઈ જાય છે. એટલે કે આકુળ–વ્યાકુળ થઈ જાય છે. **(ભગવત્ સ્મૃતિવિહ્વલાઃ)**

આવા ભક્તોને ભગવાનનું સ્મરણ થાય ત્યારે અથવા ભગવાનનું ચરિત્ર સાંભળે ત્યારે

ભગવાનનાં જે છ ગુણો ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય છે, તેની સ્મૃતિ તેમને થઈ આવે છે. એટલે તેઓ વિહ્વળ થઈ જાય છે. બાકી વિહ્વળ થવાનો સ્થાયીભાવ રસ તેમનામાં નથી હોતો, પણ જ્યારે તેમને ભગવાનની લીલા સાંભળે છે ત્યારે તેઓ લીલાવિશિષ્ટ પ્રભુનાં દર્શન માટે આકુળ વ્યાકુળ થાય છે. ખરેખર ! પૂર્વે કહેલા બે ધર્મોને કારણે તેમને આપવામાં આવેલી આવી ઉત્તમતા તેમનામાં દેખાય છે. વાસ્તવિક રીતે તો તેઓમાં મધ્યમ અધિકારીના જ (ધર્મો) ગુણો છે. તેમ કહ્યું છે.

(અર્થૈકનિષ્ઠાઃ) તેઓ કોઈ પ્રયોજનમાં (અર્થમાં) નિષ્ઠાવાળા હોય છે. (અહીં 'અર્થ' એટલે મોક્ષ વગેરેનું પ્રયોજન સમજવાનું છે. 'અર્થ' એટલે 'ધન' સમજવાનું નથી.

ઉપર કહેલા બે ધર્મોના કારણે તેવા પુષ્ટિમર્યાદા જીવોમાં ઉત્તમતાનો ભાસ થવાથી 'અર્થ' પુરુષાર્થ એટલે મોક્ષ વગેરે અથવા 'અર્થ' એટલે કે એવા જ કોઈ પ્રયોજનમાં જ તેમની ખાસ કરીને નિષ્ઠા હોય છે. તેમનામાં ઉત્તમપણું હોવા છતાં આવા ભક્તોની નિષ્ઠા મોક્ષ વગેરે પુરુષાર્થ સિદ્ધ કરવામાં કે પોતાને કૃતાર્થ થવાની નિષ્ઠા હોય છે. તેમનામાં ઉત્તમપણું હોવા છતાં આવા ભક્તોની નિષ્ઠા મોક્ષ વગેરે પુરુષાર્થ સિદ્ધ કરવામાં કે પોતાને કૃતાર્થ થવાની નિષ્ઠા હોય છે, પણ ભગવાનનાં ચરિત્રમાં કંઈ તેમની નિષ્ઠા હોતી નથી. આથી સિદ્ધ થયું કે તેઓ ફળ મેળવવાની ઈચ્છાવાળા (સકામ) ભક્ત હોવાથી તેઓ મધ્યમ અધિકારી છે. આવા સકામ ભક્તોને શું શ્રવણમાં તાત્પર્ય દેખાતું નહિં હોય? એવી શંકા થાય તો કહે છે કે **(શ્રવણોત્સુકાઃ)** કથા—શ્રવણમાં ઉત્સાહવાળા હોય છે; પણ તેઓ શ્રવણ એ હેતુથી કરે છે કે તેમનો હેતુ કથાશ્રવણ કરીને મોક્ષદિફળ મેળવવાનો છે; તોપણ ભગવાનનું ચરિત્ર શ્રવણ કરવાની ઉત્કંઠાવાળા તો હોય છે. તેથી તેમના શ્રવણમાં મધ્યમ અધિકારીપણું છે. (સકામપણું હોવાથી)

દષ્ટાંત તરીકે રાજા પરીક્ષિત વગેરે બીજાનાં કરતાં પૂર્ણ વૈરાગ્યયુક્ત હોવા છતાં પુષ્ટિમર્યાદા ભક્તોમાં ઉત્તમ શ્રોતા હોવા છતાં, કથા શ્રવણમાં મોક્ષ મેળવવાનો તેમનો હેતુ હતો. વળી તેમને સર્પદંશ થવાનો છે તેની તેમને ખબર હોવાથી, તેઓ કથા—શ્રવણ માટે પ્રવૃત્ત થયા હતા. તેથી વિદુરજી અને ઉદ્ધવજીની સરખામણીમાં તેઓ મધ્યમ પ્રકારના શ્રોતા છે.

રાજા પરીક્ષિતને મોક્ષ મેળવવાનું કારણ હતું અને બીજું કારણ સર્પદંશની તેમને ખબર હતી. તે બે કારણોને લઈને ગંગાજીના તટને તીર્થ સમાન સમજી તીર્થસ્થાને પ્રાયોપવેશ કરીને બેઠા છે. નહિ તો જે ભગવદ્ ભક્ત હોય તે તો તીર્થસ્થાનને પણ પવિત્ર કરે. તેને ગંગાદિતીર્થ વગેરેની અપેક્ષા હોતી નથી. જ્યારે રાજા પરીક્ષિતને તો તીર્થસ્થાન ગંગા તટે જવાની ઈચ્છા થઈ અને ત્યાં જઈને પ્રાયોપવેશ કર્યો. જો મોક્ષાદિની ઈચ્છા તેમને ન હોત તો, તેઓ ગમે તે સ્થાને બેસી ભગવદ્કથા શ્રવણ કરત; કારણ કે જેમ ભગવાન ફલસિદ્ધિ આપનારા છે, તેમ

તેમનું ચરિત્ર પણ ફલસિદ્ધિ આપનારું છે. તેને સ્થાન વગેરેની અપેક્ષા ન હોય, જેને ચરિત્ર–શ્રવણમાં નિષ્ઠા હોય તે તો ગમે તે સ્થળે બેસીને ભગવાનના ચરિત્રનું શ્રવણ કરે તો સિદ્ધિ મળે, પણ પરીક્ષિતે એવું નહીં કરતાં ગંગાજીનો તટ તીર્થસ્થાન છે, માટે ત્યાં બેસીને કથા–શ્રવણ કર્યુ. તેથી તેમને ભગવાનના ચરિત્રમાં નિષ્ઠા ઓછી છે. તેમને તો કૃતાર્થ થવા રૂપ સ્વાર્થમાં નિષ્ઠા છે. તેમનો આવો સ્વાર્થીભાવ છે. તેમને પ્રયોજનમાં નિષ્ઠા છે. તેઓ સકામ ભાવવાળા છે.

જ્યારે વિદુરજીને તો જ્યાં મૈત્રેયજી હતા ત્યાં જઈને કથા શ્રવણ કરવું હતું. કંઈ ગંગાજીના તટ પર જઈને જ કથા–શ્રવણની તેમની ઈચ્છા ન હતી; કારણ કે જ્યાં કથાના વક્તા હોય ત્યાં જઈને જ તેની પાસેથી કથા–શ્રવણ કરવી તે શ્રોતાના ઉત્તમ અધિકારપણાનું અંગ છે. હવે વક્તા મૈત્રેયજી જે સ્થળે કથા કરવા બેઠા છે તે ગંગાકિનારો છે. માટે વિદુરજી મૈત્રેયજી પાસે જવાના હેતુથી ગંગાકિનારે ગયા છે. તેમને કથા–શ્રવણ કરવા ગંગાકિનારે જવાનો કોઈ સ્વાર્થ કે પ્રયોજન નથી. તેમને તો ભગવદ્ ચરિત્ર–શ્રવણમાં જ નિષ્ઠા છે. તેથી તેઓ ઉત્તમ અધિકારી ગણાયા છે.

કથા–શ્રવણથી શુદ્ધિ થાય છે. એટલે ફલની દૃષ્ટિએ તો રાજા પરીક્ષિત અને વિદુરજી બંનેની શુદ્ધિ તો સમાન રીતે થઈ છે તેથી પુષ્ટિમર્યાદામાર્ગીયપણું બંનેને સમાન છે. વિદુરજીને તીર્થાટન અને સત્સંગ વડે કથા–શ્રવણનો અધિકાર સિદ્ધ થયો છે. પરીક્ષિતને તો સકામભાવ સ્પષ્ટ છે. માટે જ શ્રીમહાપ્રભુજી તેવા બીજા ભક્તો માટે પણ ચિત્તની ચંચળતા ન થવા માટે સિદ્ધાંત મુક્તાવલીમાં આજ્ઞા કરે છે કેઃ

મર્યાદાસ્થસ્તુ ગંગાયાં શ્રીભાગવતતત્પરઃ। (સિ.મુ.૧૮)

મર્યાદામાર્ગમાં રહેલો હોય તેણે ગંગાજીના તટ પર શ્રીભાગવત પરાયણ બનીને રહેવું. તેથી મર્યાદામાર્ગમાં પરીક્ષિતને મધ્યમ અધિકારપણું અને વિદુરજીને ઉત્તમ અધિકારપણું પ્રાપ્ત થયું છે. (૨)

હવે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે ઉપરના શ્લોકમાં મધ્યમ અધિકારીનું નિરૂપણ કર્યુ. હવે અધમ અધિકારીને તો કથા–શ્રવણનું કોઈ પ્રયોજન કે હેતુ નહિ હોવાથી તેનું જુદું નિરૂપણ કરવાની જરૂર જણાતી નથી. તેથી ઉત્તમ અધિકારીના મધ્યમાં જ કોઈ ધર્મથી **અધમ અધિકારીનું નિરૂપણ કરવા માટે પ્રથમ ઉત્તમ અધિકારીનું નિરૂપણ કરે છે. (૨)**

ક્રમશઃ

અનુકરણીય

આ.ગ્રા.નં. ૫૯૩ શ્રીવિરજીભાઈ ખોડાભાઈ લીંબાસીયા, રાજકોટ દ્વારા આજીવન લવાજમમાં સ્વૈચ્છિક રૂ.૫૨/– ભેટ મોકલાવી અનુકરણીય સેવા કરેલ છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો.વા. દેવકોરબેન મુળજીભાઈ દાવડા, મુંબઈના જય શ્રીકૃષ્ણ

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

ચાર વર્ણમાં શ્રેષ્ઠ સર્વથી, બ્રાહ્મણ વર્ણ વિખ્યાત;
તે સહુના પણ કહાવે શિરોમણી મોટા મુનિવર સાત.
તે સાતે કરે ધ્રુવની પરિક્રમા, ધ્રુવ સુત ક્ષત્રિને તે સુત બ્રહ્મા
વિબુધ વિચાર કરો તમે એહ, ભક્ત મોટા કે બ્રાહ્મણ દેહ ?
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૫૮)

વિવેચન : આ કડીમાં કવિશ્રી ભક્ત અને વર્ણાશ્રમ ધર્મની સરખામણી કરે છે. તેમાં સર્વશ્રેષ્ઠ ભક્તને જ બતાવ્યા છે. કર્મ બધા ત્યાં ઓછા પડે છે. તેનું યથાર્થ દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે કે બુદ્ધિમાનો વિચાર કરી જુઓ. બ્રાહ્મણ ઉંચ કર્મ કરવાવાળા ઉંચા કે ભક્તિ કરવાવાળા ભક્ત ઉંચા ?
(૧) બ્રહ્માજીના સાત પુત્રો : (૧) મરીચી (૨) અત્રિ (૩) પુલસ્ત્ય (૪) ક્રતુ (૫) અંગીરા (૬) પુલહ (૭) વસિષ્ઠ.
(૨) ધ્રુવજી ક્ષત્રિય વંશ ઉતાનપાદ રાજાના દીકરા.

વર્ણાશ્રમનાં ધર્મ અને કર્મ મુજબ ઉપર બતાવેલા બ્રહ્માનાં પુત્રો શ્રેષ્ઠ છે. તેથી તેમને ગુરૂપદ આપેલ છે. ક્ષત્રિયો તેમનાં શિષ્યો છે. બ્રાહ્મણો ઉંચા છે. ધ્રુવજીએ તપશ્ચર્યા કરી ભગવાનને પ્રસન્ન કર્યા, તેથી તેને અચળ પદ મલ્યું તે ધ્રુવ તારાનાં નામથી આકાશમાં જોવામાં આવે છે. ઉપર બતાવેલ બ્રહ્માજીનાં સાત પુત્રો તે સપ્ત ઋષિઓ જેઓ ધ્રુવની પરિક્રમા કરે છે. હવે બુદ્ધિમાનો વિચાર કરો કે બ્રાહ્મણ વર્ણ ઉંચો કે ક્ષત્રિય.

તેવી જ રીતે રાજા અંબરીષ ક્ષત્રિય હતા અને દુર્વાસા બ્રાહ્મણ હતા. વિના કારણ અંબરીષને દુભાવ્યા, તેથી સુદર્શન ચક્ર તેની પાછળ પડયું. મુનિ ભયનાં માર્યા ભાગીને ભગવાન પાસે આવ્યા. અને બે હાથ જોડીને કહેવા લાગ્યા મને બચાવો! મને બચાવો! ત્યારે ભગવાને કહ્યું કે તમે ભક્તનો અપરાધ કર્યો છે તેથી તેની માફી માગો તેજ તમોને આ સંકટમાંથી બચાવી શકશે. કેમકે તે મારો ભક્ત છે. તેનો તમે અપરાધ કર્યો છે. આ સાંભળીને દુર્વાસા પાછા રાજા અંબરીષ પાસે આવ્યા. તેની માફી માંગી ત્યારે ચક્ર પાછું વળ્યું. ભક્તિમાં વિશેષતા એ રહેલી છે કે તે દૈન્ય રાખી રહે, કોઈનો દોષ ન જુએ. ક્ષમા આપી શકે. અંબરીષને દુર્વાસાને થયેલું દુઃખ જોઈને ઘણું દુઃખ થયું. તેનો અપરાધ ન જોયો અને સુદર્શન ચક્રને વિનંતી કરી દુર્વાસાનાં અપરાધની ચક્ર પાસે માફી માંગી ત્યારે ચક્ર પાછું વળ્યું. આ છે ભક્તની મહાનતા અહંપદમાં હાનિ છે. ભક્ત અહંપદ રાખતો નથી. ભગવાન પણ ભક્તથી સમાન ભાવ રાખી ખેલે છે. ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ગોવિંદ સ્વામીની વાર્તા આવે છે. તેઓ શ્રીનાથજી સાથે સમાન ભાવે ખેલતા.

એકવાર શ્રીનાથજી મોહના ભંગીની કાંધ ઉપર જઈને બેઠા તેથી ગોવિંદ સ્વામીએ

શ્રીનાથજીને પકડીને શ્રીયમુનાજીમાં ડુબકી ખવરાવી. ત્યાં ઉત્થાપનનો સમય થયો તેથી શ્રીજી તુરત મંદિરમાં પધાર્યા. શ્રીગુંસાઈજી કિવાડ ખોલી મંદિર જુએ તો મંદિર બધું ભીનું ભીનું દેખાયું, શ્રીનાથજીનાં વાઘા વસ્ત્ર બધું ભીનું ભીનું જોયું ત્યારે શ્રીજીને પુછયું કે બાબા આ કઈ લીલા છે ત્યારે શ્રીગુંસાઈજીએ કહ્યું કે તમારો સેવક ગોવિંદો તેણે મને શ્રીયમુનાજીમાં ડુબકી ખવરાવી.

આ સાંભળી શ્રીગુસાંઈજીએ ગોવિંદ સ્વામીને કહ્યું કે આ કોઈ ખેલની રીત છે? ત્યારે ગોવિંદ સ્વામીએ કહ્યું કે મોહના ભંગીની કાંધ પર ચઢી બેઠા તેથી મેં શ્રીજમુનાજીમાં સ્નાન કરાવ્યું. ત્યારે શ્રીગુંસાઈજીએ કહ્યું કે બ્રહ્મ છોવાય નહીં. શ્રીજીની ઈચ્છા હોય તેની સાથે ખેલે. આ ઉપરથી સમજાય છે કે શ્રીજીને મોહનો ભંગી પ્યારો હતો ત્યાં જાત, કુળ, ઉંચ, નીચ કાંઈ જોવાતું નથી.

શ્રી.ભા, ૭ સ્કંધ અધ્યાય, ૭ શ્લોક ૫૧

નાલં દ્વિજતા દેવત્વં મુષિત્વં વા સુરાત્મન્નઃ
પ્રાણનાથ મુકુન્દસ્ય ન વૃતં ન બહુદીતા

બ્રાહ્મણપણું, દેવપણું, ઋષિપણું, સદાચાર અથવા અનેક શાસ્ત્રમાં પ્રવીણતા તેમજ દાન, તપ, યજ્ઞ, શૌચ, અને વ્રતો આ સર્વ શ્રીહરિને પ્રસન્ન કરવાને સમર્થ નથી. શ્રીહરિ તો નિર્મળ ભક્તિથીજ પ્રસન્ન થાય છે.

પ્રભુ કેવા ભક્તો પર પ્રસન્ન રહે છે. ૨૫૨ વૈષ્ણવની વાર્તા ૧૧૭ મી.

બંગાળના રહીશ બે ભાઈ ગોડિયા વૈષ્ણવ જેઓ વૃંદાવનમાં રહેતા ને મજુરી કરીને પેટ ભરતા આજીવિકા મેળવવા વૈષ્ણવનું ચિહ્ન બતાવવું તેને યોગ્ય દેખાતું નહીં. ધર્મ બતાવી ધન કમાવું નહીં. આ વિષયમાં શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી સમજાવ્યું છે તે મુજબ મજુરી કરી પેટ ભરતાં તેમાંથી જે કાંઈ પ્રાપ્ત થાય તેવું શ્રીઠાકોરજીને આરોગાવતા રોજ સેવા કરી પ્રસાદ લઈ તિલક ભુંસીને મજુરી કરવા જતા આ પ્રકારની તેમની ભાવના જોઈ પ્રભુ પણ તેનાં ઉપર પ્રસન્ન રહેતા. એકવાર તિલક ભુંસતા ભુલી ગયા ત્યારે શ્રીઠાકુરજીએ જણાવ્યું કે તિલક ભુંસીને જાવ. આવા ભક્તોની વિશુદ્ધ ભાવના જોઈ પ્રભુ તેમની સાથે વાતો કરતા. તાત્પર્ય—ભક્તિ રસ ગુઢ છે. લોકોને પોતાની વૈષ્ણવતા બતાવવાની જરૂર નથી. જેથી ધંધામાં લાભની ખાતર ધર્મનો ઉપયોગ કરવો નહીં. કેમકે તે ધર્મ દેખાવનો અને સ્વાર્થી કહેવાય.

કોઈમાં સંગીતકળા હોય કોઈમાં સત્સંગ કરવા વાક્ચતુરાઈ હોય. આમાં જે જે કળા છે તેનો ઉપયોગ સ્વાર્થમાં થાય તે નિષેધ છે. સંગીત તો પ્રભુને રીઝવવા માટે જ બન્યું છે. નહીં કે લાભાર્થે તેમજ વકતૃત્વ કળા સત્સંગ કરવામાં ઉપયોગ કરી સ્વાર્થ સાધવા માટે નહીં પરંતુ એકથી અનેકોને લાભ પ્રાપ્ત કરાવવા માટે છે. જો ભક્તિ માર્ગમાં સ્થિર ભાવના રાખે તો અવશ્ય સાનુભાવ મળે છે.

અત્યારનું વાતાવરણ જોતાં તો પ્રભુને રીઝવવાનાં સાધનોનો ઉપયોગ લોકોને રીઝવી સ્વાર્થ સાધવામાં જોવામાં આવે છે. જેની મતિ ધન અને પ્રતિષ્ઠામાં લાગેલી હોય તેઓ

પુષ્ટિમાર્ગનાં મુખ્ય ફળથી રહિત રહે છે. પોતાની જાત કમાઈનું દ્રવ્ય હોય તેમાંથી પ્રભુની સેવામાં વિનિયોગ કરી આનંદ માનવો. આડંબરથી તો જગત રીઝશે પ્રભુ નહીં રીઝે. પ્રભુને રીઝવવા તો કેવળ વિશુદ્ધ ભાવની જ જરૂર છે. ભગવત ભક્ત ગમે તે જાતિનો હોય ગમે ત્યાં રહેતો હોય પોતાની સંપત્તિ મુજબ પત્રં, પુષ્પં, ફલં, તોયં – કાંઈપણ પ્રભુ સન્મુખ કરે છે તેનો પ્રભુ અંગીકાર કરે છે.

રામાવતારમાં ભીલડીની ભક્તિ સર્વ વિદિત છે. તેની પાસે શું સાધન હતું? તે જંગલમાં રહેતી. બોર વીણીને લાવી સારૂં બોર જોઈને રામચંદ્રજીને આપતી. પ્રભુ પોતે તે બોર બહુજ આનંદથી આરોગ્યા. તેમની જાત, કુળ, કાંઈ જોયું નહીં. શુદ્ર જાતિ આચાર વિચાર રહિત એઠા જુઠાનું પણ ભાન નહીં. પ્રભુએ તો તેનાં ભાવનોજ અંગીકાર કર્યો. બાકી વસ્તુ ત્યાં ગૌણ બની ગઈ. પ્રભુને આપનો વૈભવ અપાર છે. તે કોઈથી જાણી કે વર્ણવી શકાય તેમ નથી. છતાં ભક્ત પાસેથી અપેક્ષા રાખે છે તે જે કાંઈ આપે તેમાં જ સંતોષ માને છે.

આવા ભક્તોથી કોઈ અપરાધ પણ પડી જાય તોયે તેમનો દોષ જોતા નથી. ભક્તો તો માગે છે કે પ્રભુ આપનાં ભક્તનો મને દાસ બનાવજો. જે ભક્તો આપને પ્રિય છે જેઓ આપનાં સિવાય કોઈની અપેક્ષા રાખતાં નથી જેઓ સંસારથી પોતાની મતિ હટાવી આપનામાંજ સ્થિર કરીને રહે છે. મુક્તિ હું લોનસી ખારી લાગે. તે મુજબ સંસારી સુખની તો ત્યાં ગણના જ નથી પરંતુ મુક્તિ પણ ચાહતા નથી. જેઓ આપની સેવા સ્મરણ ભજન કીર્તનમાં આનંદ માને છે તેને આનંદઘન આપ નિજાનંદનું દાન કરો છો. ભક્તોમાં ઉંચ, નીચ કાંઈ નથી. આવા વિશુદ્ધ હૃદયનાં ભક્તોને પ્રભુ આપ આધિન બનીને રહેવાવાળા છો.

માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

પુષ્ટિ– ભક્તિ– માર્ગના મુખ્ય સિદ્ધાન્ત
આચાર– વિચાર– નિર્દેશ

(૧) વેદાદિશાસ્ત્ર– પ્રતિપાદિત, સર્વોત્કૃષ્ટ, નિર્દોષ, પરમ તત્ત્વ, સર્વ વિરુદ્ધ ધર્માશ્રય, આનંદમય, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે. તે શ્રીમદ્ ભાગવતમાં સંપૂર્ણ ક્રિયા–જ્ઞાન–શક્તિ–યુક્ત " સ્વયં ભગવાન્ " છે. તે આધિ દૈવિક રૂપ છે.

(૨) પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મ ઈષ તિરોહિતાનંદ જેવું, ગણિતાનંદ છે. તે આધ્યાત્મિક રૂપ છે.

(૩) સચ્ચિદાનંદ રૂપ શ્રીકૃષ્ણની શક્તિ માયા છે. માયા ભગવાનનું સર્વભવન–સામર્થ્ય છે. દાસી પણ છે, ભગવાનને વશ છે. ભગવાનના સદંશની ક્રિયારૂપા શક્તિ છે, ચિદંશની વ્યામોહિકા માયા છે. આનંદરૂપની જગત્કારણભૂતા છે, ઈચ્છા પણ ભગવાનની સ્વરૂપ–ભૂત શક્તિ છે.

(૪) જીવ (અક્ષર) બ્રહ્મનો અંશ છે. અણુ છે, સ્વતઃ વ્યાપક નથી.

(૫) અંશી ભગવાન્ શ્રીકૃષ્ણની સેવા જ અંશ–જીવનો સ્વધર્મ છે, બીજો ક્યારેય નહિ, ક્યાંય નહિ. સેવા પોતાના સેવાનુકૂલ ઘરમાં પોતાના તન–ધન અને મનથી થાય. ચિત્ત પ્રભુમાં (પ્રેમથી) પરોવાય તે સેવા. જીવ પ્રભુનો સહજ દાસ છે. કૃષ્ણ સેવા સિવાય બીજી રીતે સુખ મેળવવા મથનારને દુઃખ જ મળે છે. કૃષ્ણ–કૃષ્ણસેવા–કૃષ્ણકથા સ્વતઃ પુરુષાર્થરૂપ છે, ફલાત્મક છે. આ સેવનાર ભક્તો તો અન્ય સાધનો કરતા નથી. રસરૂપ કૃષ્ણની સેવા ગુપ્ત રખાય.

(૬) બ્રહ્મથી અનન્ય હોવાથી જગત્ સત્ય છે, બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે, જગત્ રૂપે પ્રતીતિ મિથ્યા છે. આત્મસૃષ્ટિ હોવાથી સુખ–દુઃખાદિમાં ફલ દેવા છતાં બ્રહ્મમાં વૈષમ્ય–નૈર્ઘૃણ્ય–દોષ નથી.

(૭) જગત્– જીવ–અંતર્યામી– અક્ષર બ્રહ્મ વગેરેનું અભિન્ન નિમિત્તોપાદન કારણ શુદ્ધ નિર્ગુણ સાકાર બ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ જ છે.

(૮) જીવે અવિદ્યાથી કલ્પેલો અહંતા–મમતા–રૂપ સંસાર મિથ્યા છે.

(૯) શ્રીકૃષ્ણની શરણાગતિ અને આત્મનિવેદન પૂર્વક સેવા–કથાથી જ સફલતા છે. પ્રકટ ભગવાન શ્રીકૃષ્ણ જ ફલ–રૂપ છે.

(૧૦) કર્મનિષ્ઠા ચિત્તની પ્રસન્નતાથી સમજાય છે, જ્ઞાનનિષ્ઠા સર્વજ્ઞ થતાં સમજાય છે, ભક્તિનિષ્ઠા કૃષ્ણ પ્રસન્ન થાય ત્યારે સમજાય છે. નિષ્ઠા વગર તો નિષ્ફલતા જ છે. નિષ્ઠા સાધનોથી થાય. વાતોથી નહિં.

(૧૧) અન્યાશ્રય, અસમર્પિત–વસ્તુ, અસદાલાપ, અસત્સંગ તદ્દન છોડી દેવા.

(૧૨) વગર જોઈતા વાત–વ્યવહાર–વિચાર સર્વથા છોડી દેવા.

(૧૩) યથાશક્તિ સ્વધર્માચરણ, અધર્મત્યાગ, ઈન્દ્રિયસંયમ સર્વથા ન છોડવા.

(૧૪) આર્તિ–દીનતા–દઢતા–નિઃસ્પૃહતા રાખવા, અહંકાર દંભ ન કરવા.

(૧૫) પ્રયત્નપૂર્વક શ્રીભાગવતજીનો પાઠ કોઈ હેતુ વગર નિત્ય કરવો. શ્રીભાગવત ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. જેમ જેમ કૃષ્ણ હૃદયમાં પધારે, તેમ તેમ સાધન નિષ્ઠા વધે.

(૧૬) ભગવાનમાં અચલભાવ અને ભક્તિસંગ મળે–કથા પ્રિતીથી ! તેની જ અપેક્ષા કરવી, બીજી અપેક્ષા ન કરવી. પ્રભુ પાસે પધારે તેમ પ્રેમ અતિશય થાય.

(૧૭) અનાયાસે હર્ષથી થતી ચેષ્ટા લીલા છે. દશલીલા વિશિષ્ટ ભગવાન શ્રીકૃષ્ણ સર્વત્ર–સર્વદા વિરાજે છે.

(૧૮) ભગવાનની કૃપામાં કાંઈ કારણ ન હોય, સ્વતંત્ર ભગવદિચ્છા જ હોય. કૃપા (પુષ્ટિભક્તિ) માર્ગ રુચિથી જ સમજાય.

(૧૯) સેવા–કથામાં કે તે દ્વારા ભગવાનમાં જેની આસક્તિ દઢ છે, તે ક્યારેય ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ થતાં નથી.

(૨૦) ભગવાન જેનાથી પ્રસન્ન થાય તે મુખ્ય સેવા છે, અન્ય તો પરંપરા છે. પ્રભુ પોતાના ગણે આત્મીયમાને તેમ સેવા કરવી.

(૨૧) ભગવત્કાર્ય કરે તે ઉત્તમ છે, સેવા કરે તે મધ્યમ છે, સ્વાર્થ માટે સેવા કરે તે અધમ છે.

(૨૨) "હું ભગવાનનો દાસ છું" એવી ભાવના દઢ થતાં ભગવદ ધર્મો સ્વધર્મ છે, વર્ણાશ્રમધર્મો પરધર્મો છે, તે વિના તો વર્ણાશ્રમધર્મો સ્વધર્મ છે, ભગવદધર્મો પરધર્મ છે.

(૨૩) ઘર–ધન–સંગ સંપૂર્ણ રીતે કૃષ્ણ માટે છોડી દેવા, તે છોડવાનું ન બને તો કૃષ્ણ માટે વિનિયોગ કરી દેવો.

(૨૪) “હરિ સર્વ કાંઈ નિજેચ્છાથી કરે છે ” – તે વિવેક છે. “સર્વ તરફથી સર્વ દુઃખો સદા, (મૃત્યુ સુધી) (શાંત–સંમુખ રહીને) સહન કર્યા કરવા, તે ધૈર્ય છે.” “ અશક્ય કે સુશક્યમાં કે સર્વાર્થે પણ હરિ જ સર્વથા શરણ છે ” આવી ભાવના આશ્રય છે. આ આશ્રય સચવાય તેમ વિવેક–ધૈર્યને સતત સાચવવા. બધી કઠોરતા સર્વમાં શ્રીકૃષ્ણ ભાવનાથી (પ્રસન્ન રહીને) સહન કરવી.

(૨૫) અસમર્પિત વસ્તુઓનો સંપૂર્ણ રીતે ત્યાગ કરવો. પ્રસાદી પધરાવીને લેવું ગૌણ છે. (જાતે કરો, જાતે ધરો, ધરો તેમાંથી (સંમુખ રહેવા) પેટ ભરો, આજ્ઞાને અનુસરો.)

(૨૬) શ્રીભાગવતમાં પ્રીતિ થાય તે તો ભગવાને કરેલા અંગીકારનું લક્ષણ છે.

(૨૭) પોતાની મરજી મુજબ જીવે, મન ફાવે તેમ મહાલે, તે પ્રવાહી જીવ છે. તે સુખ–દુઃખ અને જન્મ–મરણ ભોગવે છે, આથડે છે. શાસ્ત્ર મર્યાદા પ્રમાણે મર્યાદાથી જીવે તે મર્યાદાનો જીવ છે. આ લોક પરલોકનાં સુખ–મોક્ષ યથાધિકાર મેળવે છે. ભગવત્સ્વરૂપનાં સુખ (સેવા) માટે જીવે તે પુષ્ટિસૃષ્ટિનો જીવ છે. તે આ જન્મે આ શરીરથી જ ભગવલ્લીલાને જાણે છે, માણે છે, છેવટે નિત્યલીલામાં યથાધિકાર ભગવાનંદને માણે છે. પુષ્ટિ સૃષ્ટિ ભગવત્સ્વરૂપ સેવા માટે જ છે, તે ક્યારેય અન્યથા થતી નથી.

(૨૮) લોકાર્થી જો કૃષ્ણને સેવે તો ક્લેશ જ મળે, ક્લેશવાળો જો કૃષ્ણને ભજે તો લોક સર્વથા નાશ પામે છે. સેવા કરનાર નિવૃત (ભગવાનમાં જ સુખ માનતો) અને નિયતાર્થ (મારે જીવન ફલરૂપે ભગવાન જ જોઈએ છીએ, એવા નિશ્ચયવાળો) ન હોય તો સર્વથા ફલ થતું નથી.

(૨૯) લોક અને વેદમાં ભગવાન જીવની સ્થિરતા (સફલતા) ન થવા દે, તે વરણ લક્ષણ છે.

(૩૦) શ્રીમહાપ્રભુજીએ જેવી કહેલી છે તેવી, સેવામાં ફલ ત્રણ છે, (૧) અલૌકિક સામર્થ્ય (આ જીવનમાં ભગવાનની લીલાના અનુભૂનિની યોગ્યતા) (૨) સાયુજ્ય (૩) વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ પ્રાપ્તિ.

(૩૧) સેવામાં પ્રતિબંધ ત્રણ (૧) (લૌકિક) ઉદ્વેગ (ભય અને ચંચલતા) (૨) (ભગવત્કૃત–જીવકૃત) પ્રતિબંધ, (૩) લૌકિક ભોગ.

(૩૨) ભગવાન ભક્ત દ્વારા જ સર્વ કાંઈ કરે, તે ભક્ત (ભગવદીય–ભાગવત) છે. પોતાના પ્રભુના સ્મરણ માત્રથી હૃદય પીગળે, આંખમાં આંસુ આવે, વાણી ગદ્ગદ્ બને, શરીરે રોમાંચ થાય, ત્યારે વૈષ્ણવતા ગણાય. (૧) લોકત્યાગ (૨) લોકાનુગત– પશુ (સંસારિ ભક્ત) ત્યાગ, (૩) ભગવચ્ચરણ–શરણ, (૪) પરસ્પર ગુણાનુવાદથી દેહ ધર્મ ત્યાગ આ ચારથી મુખ્ય વૈષ્ણવ ગણાય.

(૩૩) જડ (જગત) નિરાનંદ છે. જીવ ગુપ્તાનંદ છે, અક્ષર બ્રહ્મ ગણિતાનંદ છે, ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણાનંદ છે.

(૩૪) સત્ (જડ) અને ચિત્ (ચેતન જીવ)માંથી આનંદ તિરોહિત થયેલો હોવાથી તે આનંદને જ મેળવવા સ્વાભાવિક રીતે મળે છે. આનંદ જ ફલ છે. આનંદમાં અવધિ ન હોય તે પૂર્ણાનંદ જ ફલ છે. તે વગર તો જીવન નિષ્ફલ છે.

(૩૫) (પ્રકટ) ભગવાન ફલ છે, ભગવાનના સ્વરૂપાનંદનો અનુભવ ફલ છે. નિરોધ મહાફલ છે. કૃષ્ણ સેવા કથા સ્વતઃ પુરૂષાર્થરૂપ છે, ફલરૂપ છે.

(૩૬) રુચિ–શ્રવણાદિ–પ્રેમ–આસક્તિ–વ્યસન–ફલ આ ભક્તિવૃદ્ધિ ક્રમ છે. ભક્તિથી ભગવાન વશ થાય છે. લોક–લાલસાવાળી ભક્તિ પ્રવાહભક્તિ છે. મોક્ષાવધિ ફલ દેતી કે તેવી લાલસાવાળી ભક્તિ મર્યાદાભક્તિ છે. ભગવાન અને ભક્તનો પરસ્પરનો સ્વાભાવિક પ્રેમ પુષ્ટિભક્તિ છે. ભગવત્સુખ ફલ છે.

('પુષ્ટિ–પુલિન' માંથી સાભાર)

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–માધુરી, રાજકોટ

પદ ૬૦

શરન શ્રીયમુનાજી કી રહિયે;
નાતર જગત વ્યાધિ વહ્ની મેં પામર કત તનુ દહિયે. ૧
પુલિન વાસ કરિ આસ પ્યાસ તજિ યમુને યમુને ગઈયે;
જિનિ કી કૃપા દયા કે બલતેં તબ ગિરિધર કોં પઈયેં. ૨
કામ સુરભિ જિહિ નામ અમોલિક તાહી મેં ચિત લઈયે;
જો ચાહેં બચિવો કૃતાંતતે રવિજા ચરન મનઈયે; ૩
કાકો દ્વાર ઉદાર ભૂરિ અસ મંગત નહિ સકુચઈયે;
દીન શુલ્ક 'બલ્લભ' દાસી કી પ્રતિપાલક બનિ જઈયે. ૪

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી પોતાનાં મનને ઉદેશીને કહે છે કે :– જગતમાં આવ્યા જીવન સફળ કરવું હોય તો શ્રીયમુનાજીને કિનારે નિવાસ કરવો નહિ તો જગતરૂપી દાવાનળની બળ બળતી અગ્નિમાં જ ઉંમર પૂરી થઈ જશે. આ દાવાનળથી બચવું જરૂરી છે.

શા માટે પામર બનીને અહંતા મમતા રૂપી માયાને વશ થવું ? તે તો દાવાનળમાં દાઝવા જેવું છે. હે મન ઉત્તમ તો એક જ વસ્તુ છે કે સદા શ્રીયમુનાજીનાં તટ પર નિવાસ કરીયે તોજ મનોકામના પૂરી થશે અને દાવાનળથી અગ્નિથી બચી શકાશે. માટે સંસારની મિથ્યા માયાને છોડીને વાણીથી શ્રીયમુનાજીનું યશોગાન કરવું, ધ્યાન ધરવું, મનની ગતિ તેમાં જ પરોવવી તો જ તે કૃપા કરશે અને નંદનંદન યશોદોત્સંગ લાલનની પ્રાપ્તિ કરાવશે.

કામધેનુ સમાન ઈચ્છેલું આપવાવાળું તે શ્રીયમુના નામ છે. તે નામ લઈને ચિત્તમાં ભરી રાખીયે જો કદાચ સંસારની આશા સુખદુઃખરૂપી દ્વંદથી બચવું હોય તો શ્રીયમુનાજીની દીન ભાવે સ્તુતિ કરી દયાની પ્રાપ્તિ કરવી, નહિંતર જન્મ વૃથા જ જશે.

શ્રીયમુનાજી જેવું પરમ ધામ મૂકી બીજાના દ્વારે શા માટે જવું ? માટે જે મહાન ઉદાર છે, અઢળક વૈભવવાળા છે, જેને દ્વારથી કોઈ ખાલી હાથે પાછું વળતું નથી. એનાજ પાસે માંગવામાં સંકોચ શા માટે રાખવો. કદાચ બીજી જગ્યાએ સંકોચ ભલે આવે. અત્રે સંકોચની જરૂર જ નથી. અત્રે તો નિર્ભય બની નિશુલ્ક દાસી બની દાસી ધર્મને પ્રતિપાલક કરવાવાળાનાં બની જઈએ.

શ્રી ગોપીગીત એક આસ્વાદ

— લેખક : શ્રીજેઠાલાલ છોટાલાલ શાહ– ''ઉર્મિલ''

સાવલી, જીલ્લો–વડોદરા.

—ગતાંકથી ચાલુ

વળી કેટલીક ગોપીઓ કહે છે કે હે અચ્યૂત ! હે સદૈવ જાગૃત કામવાળા. અમે પતિ, પુત્ર, ભાઈ, સંબંધી વગેરે જેઓ ઉલ્લંઘન કરવાં યોગ્ય નથી છતાં તેમને તરછોડી આપની નિકટ દોડી આવ્યાં હતા. આપ તો મનની ગતિના જ્ઞાતા છો.તમારા ગીતથી મોહિત થઈને તમારાં બોલાવ્યાં અરણ્યમાં દોડી આવનાર સ્ત્રીઓનો હે ! કિતવ તમારા સિવાય અન્ય કોણ આ રીતે ત્યાગ કરે ? સંબંધીઓને તો છોડયાં અને હવે આમ વનમાં પણ છોડાવી રહ્યા છો. સ્ત્રીઓનો ત્યાગ તો કોઈપણ સંજોગોમાં કરાય જ નહીં. આમ અરણ્યમાં તો નહીં જ જે માટે બોલાવ્યા હતા તે ન આપતાં આમ ત્યાગ કરો છો એથી પ્રમાણિત થાય છે કે આપ કિતવ–કપટી છો. અમારી પરીક્ષા ઘણી થઈ હવે અમારું ધૈર્ય રહેતું નથી.

અપેક્ષાની વૃદ્ધિ કરનાર એકાંતમાં કહેલા વચનો, પ્રેમપૂર્વક ઈક્ષણ અને હાસ્યયૂક્ત મુખારવિંદ તથા લક્ષ્મીજીના સ્થાનરૂપ વિશાલ આપના વક્ષઃસ્થલથી અમારું અત્યંત અપેક્ષાવાળું મન મોહ પામે છે. આમ મોહક એવું ભગવાનનું સ્વરૂપ વસ્તુતઃ છ ગુણોવાળું છે. એથી એમાં તો પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલરૂપતા પણ છે. **રહસિસંવિદં** એકાન્તમાં કહેલા વાક્ય અને એથી ઉત્પન્ન જ્ઞાન પ્રમાણરૂપ છે. **હૃચ્છયોદયં** શૃંગારાત્મક રસવર્ધક વાક્ય હોવાથી તે પ્રમેયરૂપ છે. **પ્રહસિતાનનં** ભગવાનનું હાસ્યયુક્ત મુખારવિંદ સર્વ પ્રકારનાં કાર્ય સિદ્ધ કરનાર હોવાથી ભગવાનમાં તેથી ગોપીજન સાધનરૂપતા પણ અનુભવે છે. અને **પ્રેમવીક્ષણમ્** ભગવાનનું કટાક્ષપૂર્વક પ્રેમથી જોવું એ ફલ હોવાથી પ્રભુ ફલરૂપ પણ છે. સઘળા મનોરથો પૂર્ણ થશે એવી અતિશય સ્પૃહાથી લોલુપ બની જાય અને મોહ વધે પણ મનોરથો મળે નહીં તો મૂર્છા જ પ્રાપ્ત થાય. એવી સ્થિતિવાળા વિરહવ્યાકુળ શ્રીગોપીજન તો હવે માને છે કે અમે વ્યર્થ જીવી રહ્યાં છીએ. અમારા આવા જીવનને ધિક્કાર છે.

પ્રત્યેક ગોપીના ભાવ પૃથક પૃથક છે. પોતે પોતાના અધિકાર પ્રમાણે વાક્ય કહ્યાં છે. શ્રીગોપીજનોના અધિકારને કારણેજ **કિતવ, કુહક** જેવા શબ્દોને પણ ભગવાને પોતાની નિંદા

નહીં પણ સ્તુતિરૂપ માન્યા છે. ગોપીગીત સામાન્ય સ્તુતિઓ સમાન નથી વસ્તુતઃ ભાવભરિત છે. એમાં અનેકતા આવે એવા ઉપાલંભ પણ છે. આવી સ્તુતિ તો બ્રહ્મા પણ કરી શકે નહીં.

અંતમાં શ્રીગોપીજન પ્રાર્થના કરે છે :

વ્રજવનૌકસાં વ્યક્તિરંગ તે વૃજિનહંત્ર્યલં વિશ્વમંગલં ।
ત્યજમનાકચ નસ્ત્યત્સ્પૃહાત્મનાં સ્વજનહૃદ્રુજાં યન્નિષૂદનમ્ ॥ ૧૮ ॥

હે ભગવાન ! આપનું સ્વરૂપ જગત માટે મંગલપ્રદ છે, વ્રજવાસીઓ માટે પાપ નાશક રૂપ છે. અમારા માટે તો વિશેષરૂપે સર્વ દોષોનું નિવારણ કરનારું છે. અમારા હૃદયના રોગનો નાશ કરે એવું કાંઈક અમને આપો. સર્વના ગુણના આશ્રયરૂપ જ આપનું આ પ્રાકટય છે. આપનામાં જ સ્પૃહાયુક્ત અંતઃકરણવાળા અમે ગોપીજન હૃદયના વ્યાધિથી પીડિત છીએ તો તે દૂર કરવા જે યોગ્ય ઔષધ હોય તે આપો. પ્રકટ બની રહો અને આપનું સ્વરૂપ અમારા અંતઃકરણમાં સ્થાપિત કરો. આપનાં સ્વજન હોવાથીજ પ્રાર્થના છે કે અમારા હૃદયના કામરૂપ એવા હૃદય રોગને સંપૂર્ણ રીતે આપના સ્વરૂપદાન દ્વારા નષ્ટ કરવાની કૃપા કરો. છેવટે કહે છે કેઃ—

યત્તેસુજાતચરણાંબુરુહંસ્તનેષુ ભીતાશનૈઃ પ્રિય દધિમહિકર્કશેષુ ।
તેનાટવીમટસિ તદ્વ્યથેનકિંસ્વિત્ કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવદાયુષાં ન ॥ ૧૯ ॥

હે પ્રિય ! વસ્તુતઃ હૃદય કોમલ હોય છે અને ચરણ કઠોર હોય છે. પણ આપનાં ચરણતો અમારા હૃદયથી પણ વધુ કોમલ છે. એથી અમારા કઠિન વક્ષઃસ્થલે આપનાં **સુજાત** સુકુમાર ચરણ કમલને અમે અતિ મૃદુતાથી, કોમલતા પૂર્વક સ્નેહથી પધરાવીએ છીએ. આ અમારું ધૃષ્ટતાપણું છે. પણ ચરણને અમારા સ્તનો પર પધરાવતાં અમને લજ્જા પણ આવતી નથી. કેમ કે આપ તો અમારા પરમ પ્રિય છો. પરંતુ આપ તો એવાં અતિ કોમલ ચરણો દ્વારા વિકટ વનમાં પધારો છો. ધૃષ્ટતા અમે કરી અપરાધ જ કર્યો પણ આપે તો સજા અમને ન કરી સજા પોતે જ સહી લીધી. વનપ્રદેશમાં વિચરતાં પીડા થાય જ. પૃથ્વીતો ભક્ત છે. સુકોમળ બની રહે. પણ પેલાં કંકર કંટક તો આપના સુકુમાર ચરણો માટે કષ્ટપ્રદ બનશે જ. પણ આપ તો પુનઃ પુનઃ દરરોજ વનમાં પધારી વિચરો છો. શું સમજવું ? આપને શું એથી પીડા થતી નથી ? અમે તો અબુધ છીએ. આપની આવી લીલા સમજી શકતા નથી.

સમગ્ર ગોપીગીતમાં આ રીતે શ્રીગોપીજનના તાપનું સાધનનું અને પરીક્ષાના અંત સુધીનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ભગવાનની પ્રાપ્તિને માટે જ સાધન ભક્ત પ્રયોજે એની પરકાષ્ઠા તથા ભક્તોનાં સ્નેહની પરીક્ષાનું એમાં વર્ણન કરવામાં આવ્યું છે. પરંતુ સાધનોની સંપત્તિથી ભગવાન પ્રસન્ન થતા નથી. ભગવાનની પ્રસન્નતા માટે તો દીનતાની આવશ્યકતા

છે. દીનતાનો આવિર્ભાવ રુદનમાં પર્યવસાન પામે છે. અન્ય સાધનોમાં ઓછાવત્તા પ્રમાણમાં ગર્વના અંશો હોય છે પણ દીનતામાં એ નથી. અન્ય સાધનો બહિરંગ સાધન છે જ્યારે દીનતા અંતરંગ સાધન છે અને એથી જ તો તે નિઃસાધનની દશા સત્વર સિદ્ધ કરી લે છે.

શ્રીશુકદેવજી કહે છે કે હે રાજન્ ! આ પ્રકારે શ્રીગોપીજન ગાન અને પ્રલાપ કરવા લાગી. છતાં ભગવાન પ્રકટ થયા નહીં. એમનાં એ ગાન અને પ્રલાપ ભગવાનની પ્રાપ્તિને માટે અસમર્થ બની રહ્યાં ત્યારે અંતે અત્યંત દીનતા અને પ્રેમભક્તિથી મુક્ત કંઠે ગીત ગાતાં ગાતાં તેમના હૈયા ભરાઈ ગયા. હૈયા હાથમાં ન રહ્યાં અને સર્વ રૂદન કરવા લાગ્યાં. પ્રભુએ જાણ્યું કે હવે ગોપીજન તન્મયતાની છેલ્લી દશામાં છે. ગોપીજનનું એ રૂદન પોતાના દેહની રક્ષા માટે નહીં પણ કેવલ ભગવાનનાં દર્શનની લાલસા માટે જ થયું હતું. સાધનોની ચરમ સીમાથી પણ સફલતા પ્રાપ્ત ન થઈ ત્યારે શ્રીગોપીજનમાં નિઃસાધનતા—પ્રપતિ આવી. અન્ય કશું જ સાધન પ્રતીત ન થયું. નિઃસાધનતા જ સ્વતઃ સાધન બની ગઈ. રૂદનને પ્રભુ પ્રાપ્તિનું સાધન માનીને ગોપીજન રડયાં નથી. સ્વાભાવિક રીતે જ રડી પડાયું છે. ભગવાનને જ્ઞાત થયું કે હવે દર્શન નહીં આપું તો જરૂર તેઓ પ્રાણ ત્યાગ કરશે. આથી ભગવાન પોતે સાક્ષાત પ્રકટ થયા. મંદમંદ હાસ્ય કરતા મન્મથ ના પણ મન્મથ નિઃસાધન ફલના આત્મા એવા ભગવાન પ્રકટ થયા. શ્રીશુકદેવજી મહારાજ કહે છે કે :

તાસામાવિરભૂત્ શૌરિઃ સ્મયમાન મુખામ્બુજઃ ।
પીતાંબરધરઃ સ્રગ્વી સાક્ષાન્મન્મથ મન્મથઃ ॥ ૨ ॥

જ્યારે પ્રિયાઓ દીન બનીને ઊંચા સ્વરે રુદન કરવા લાગી ત્યારે મંદ હાસ્ય સહિત મુખારવિંદવાળા કામદેવના મનનું પણ મંથન કરનારા, વનમાલા જેમણે ધારણ કરી છે. પીતાંબર ધારણ કર્યુ છે એવા શૂરવંશમાં ઉત્પન્ન થયેલા ભગવાન શ્રીકૃષ્ણ તેમના મધ્યમાં પ્રકટ થયા. પ્રાણપ્રિયને પધારેલા જોઈને પ્રીતિથી વિકસિત ચક્ષુઓવાળી સર્વ ગોપીજન—પ્રાણને આવેલા જોઈને ઈન્દ્રિયો સચેત થાય તેમ સહસા એકદમ ઉઠયાં તેમના વિરહનો તાપ શાંત થયો. અતિશય આનંદમાં આવી ગયો. એક ગોપીએ પ્રિય પ્રભુના લંબાવેલા કરકમલને હર્ષથી અંજલિમાં લીધો. બીજીએ લક્ષ્મીજી દ્વારા ચંદન ચર્ચિત બાહુને પોતાને ખભે પધરાવ્યો. વધુ નિકટતા દર્શાવી જાણે ભગવાન સાથે આલિંગન થયું. ભગવાને પણ કૃપા દૃષ્ટિ કરી. આગળ ભ્રમરગીતમાં યાદ કરવાનાં છે. **ભુજમગરુ સુગન્ધં** — અગરૂ સુગંધ તો સ્વરૂપનો સ્વાભાવિક ધર્મ પણ છે. એમ **તન્વી** એ ચર્વિત તામ્બૂલ ગ્રહણ કર્યુ. તન્વી તો કોમલાંગિની હોય એના કંઠમાં તાંબૂલ રસ પણ ઉતરતાં દેખાય. કોઈ એકે પ્રભુના ચરણને પોતાના સ્તન પર ધર્યો. એક ગોપી ભ્રકુટી ચઢાવી

પ્રણય કોપના આવેશથી વિહ્વળ બની રહીને હોઠને દાંતથી દબાવતી ભગવાન સામે કટાક્ષપૂર્વક જોવા લાગી. નિર્ગુણ ગોપી નિમિષ રહિત નેત્રોથી ભગવાનના મુખકમલનું પાન કરવા લાગી. સર્વ પ્રિયાઓ ભગવાનનાં પ્રાકટયરૂપ મહાન ઉત્સવના આનંદથી મગ્ન બની રહી. ભગવત્દર્શનથી વિરહ દુઃખ તેમ શોકથી રહિત બની રહીને સર્વાંગે પુલકિત થઈ ગઈ. પ્રભુ તો એ દરેક માટે પ્રકટ થયા છે. સર્વત્ર પ્રકટ થઈને દુરસ્થને પણ નિકટ લાગ્યા છે અને એથી એ સર્વને સ્પર્શાદિ સુલભ છે. શ્રુતિ પણ છે કે **સ નૈવરેમે તસ્માદેકાકિ ન રમતે** – ભગવાન એકલા રમતા નથી શોકરહિત પ્રફુલ્લિત ગોપીઓથી વીંટાયેલા અચ્યૂત ભગવાન જેમ પુરૂષ શક્તિઓથી શોભે તેમ અધિક શોભવા લાગ્યા.

એ પછી ભગવાન એ સર્વ પ્રિયાઓને લઈને જ્યાં કુન્દ મન્દાર વગેરે મંદ–તીવ્ર સુગંધીવાળા પુષ્પો વિકસી રહ્યાં હતાં એવા શ્રીયમુનાજીના પુલિનમાં પધાર્યા ધવલ ચંદ્ર કિરણોથી નિર્દોષ કલ્યાણપ્રદએ પુલિનતો છે. કૃષ્ણ સેવામાં તત્પર કૃષ્ણ તુર્ય પ્રિયા શ્રીયમુનાજીએ હસ્તરૂપ તરલ તરંગો દ્વારા સમાન રીતે કોમલ વાલુકા બિછાવી દીધી. સર્વત્ર પ્રકૃત્તિ ઉત્તમ બની રહી છે. ભગવાને ત્યાં બિરાજવાનું કહ્યું. ગોપીજનોએ પોતાનાં ઉત્તરીય વસ્ત્રોનું આસન રચ્યું. વચમાં ભગવાન શ્રીકૃષ્ણને પધરાવ્યા અને સર્વશ્રી ગોપીજન તેમની આજુબાજુએ બિરાજ્યાં. હું તો તમારો જ છું. તમારાથી દૂર ગયો જ નથી. તમારા પ્રેમ ઉપકારનો બદલો તો હું બ્રહ્મા આયુષથી પણ વાળી શકું એમ નથી. કહીને ભગવાને પ્રિયાઓને પૂર્ણ તૃપ્તિ પ્રદાન કરી.

–: સંપૂર્ણ :–

શ્રીવલ્લભસુધાનું લવાજમ તુરત મોકલાવો

શ્રીવલ્લભસુધાના સર્વે વાર્ષિક સદસ્યોનું લવાજમ આ અંક સાથે પૂર્ણ થાય છે. નવા વર્ષનું તા.૧–૪–૯૯ થી ૩૧–૩–૨૦૦૦ માટેનું લવાજમ આપના ગામના સેવાભાવી કાર્યકરને ત્યાં તુરત જમા કરાવશો. અથવા સીધા મ.ઓ. થી કાર્યાલયને મોકલવું. મ.ઓ.ની નીચેની કાપલીમાં આપનું પુરૂ નામ તથા સરનામું અવશ્ય લખવું જરૂરી છે.

તા. ૧૫–૩–૯૯ સુધીમાં વાર્ષિક લવાજમ રૂ.૪૦/– અથવા આજીવન લવાજમ રૂ.૫૦૧/– ભરી સહકાર આપવા નમ્ર વિનંતી.

સેવાભાવી કાર્યકર્તાઓને વિનંતી, આપને ત્યાં જમા લવાજમ તા. ૧૫ માર્ચ પહેલા કાર્યાલયને મોકલી આપવા વિનંતી.

માનવધર્મ

વૈષ્ણવતા કા ઘર દૂર હૈ, મનુષ્ય ધર્મ ભી હોય; યાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય; વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રીવ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક – શ્રીહનુમાનપ્રસાદ પોદાર

ભાષાંતર– ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

૧૦. અક્રોધ

માનવ ધર્મનું દશમું લક્ષણ છે અક્રોધ. એટલે કે ક્રોધ ન કરવો. ઈચ્છા વિરુદ્ધ કાર્ય થવાથી જે એક જ્વાળામય વૃત્તિ ઉત્પન્ન થાય છે તેને ક્રોધ કહે છે. ક્રોધ ઉત્પન્ન થતાં જ મનુષ્યની બુદ્ધિ મારી જાય છે. તેના કર્તવ્ય અકર્તવ્યનું જ્ઞાન લુપ્ત થઈ જાય છે અને ગમે તે કરી બેસે છે. ભગવાને શ્રીગીતાજીમાં કહ્યું છે :–

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યેજત્ ॥

(ગી. ૧૬–૨૧)

"કામ, ક્રોધ અને લાભ આત્માનું પતન કરનાર આ ત્રણ નરકના દરવાજા છે, તેથી આ ત્રણેનો ત્યાગ કરવો જોઈએ."

ધર્મ રાજાએ કહ્યું છે કે– 'ક્રોધ મનુષ્યનો નાશ કરી દે છે. ક્રોધને વશ થઈને જ મનુષ્ય પાપ કરે છે અને ગુરુજનોનું અપમાન, શ્રેષ્ઠ પુરુષોના કઠોર વાણીથી તિરસ્કાર તથા બધાનો અનાદર કરે છે. ક્રોધી મનુષ્ય એ નથી જાણી શકતો કે ક્યાં કેમ બોલવું જોઈએ અને કયુ કાર્ય કરવું જોઈએ. ક્રોધમાં મનુષ્ય ન મારવા યોગ્ય પુરુષને પણ મારી નાખે છે. આત્મહત્યા કરી બેસે છે, તેથી ક્રોધનો પરિત્યાગ કરવો જોઈએ.'

વાસ્તવમાં ક્રોધ ઘણા બધા પાપોનું મૂળ છે. ક્રોધ જેટલો બીજાને દુઃખદાયી હોય છે તેથી વધારે આપણને હોય છે. ક્રોધનો આવેશ થતાં જ આંખો લાલ થઈ જાય છે, શરીર કંપવા લાગે છે, રોમાંચ થઈ જાય છે, હૃદય બળવા લાગે છે, જીભ બેકાબુ થઈ જાય છે અને તેનાથી અપશબ્દ કે સારા માણસોમાં ન બોલવા યોગ્ય શબ્દ નીકળવા લાગે છે. બીજાનું અહિત કરતાં પહેલાં જ આપણા મનમાં જલન અને દુઃખ શરૂ થઈ જાય છે. ક્રોધ સમજે છે હું બીજાનું ખરાબ

કરીશ પરંતુ પહેલા તે પોતાનું જ કરે છે. તેમાંથી જો બીજો નિર્બળ હોય તો તેને મારવા દોડે છે. જો સબળ હોય તો પોતે પોતાની જાતને મારવા લાગે છે. કુવામાં પડવા દોડે છે, ફાંસી લગાવી લે છે. તેથી સારા સમર્થ પુરુષ નિર્મળ મનુષ્ય દ્વારા દુઃખ મળવા છતાં તેને પાપથી બચાવવા માટે તેના પર ક્રોધ નથી કરતા, કારણ કે નિર્બળના મનમાં ક્રોધ ઉત્પન્ન થવાથી આત્મહત્યાની પ્રવૃત્તિ જાગૃત થઈ જાય છે, કોઈ કોઈ તો આત્મહત્યા કરી પણ બેસે છે જેથી તે મહાપાપી થાય છે.

ઈચ્છા વિરુદ્ધ વાતોને સહન કરવાનો અભ્યાસ કરવાથી ક્રોધનો નાશ થાય છે. મનુષ્યે એ ઈચ્છા શા માટે કરવી જોઈએ કે બધા લોકો મારી ઈચ્છાને અનુકુળ જ ચાલે. જ્યારે તે પોતે બીજાને અનુકૂળ ન ચાલી શકે ત્યારે તેને બીજાઓને સર્વથા પોતાને અનુકૂળ ચલાવવાનો કયો અધિકાર રહી જાય છે? જ્યારે અધિકાર નથી ત્યારે અવરોધમાં ક્રોધ શા માટે હોવો જોઈએ ?

આનો એ અર્થ નથી કે કોઈ કોઈને સારી વાત પણ ન કરે, જે વિચારીને આપણે ઈમાનદારીથી ઉત્તમ સમજીએ છીએ અને જે બધા લોકોની દૃષ્ટિમાં અત્યારે અનુકુળ નથી, પરંતુ એ વિચારો અનુસાર કાર્ય થવાથી આપણી સમજ પ્રમાણે બધા લોકોનું કલ્યાણ થઈ શકે છે. આવા વિચારોનો પ્રચાર પ્રતિકુળ અવસ્થામાં પણ આપણે અવશ્ય કરવો જોઈએ. પરંતુ લોકો પાસે પ્રેમનું સાધન રહે છે તે પ્રતિકૂળ ભાવ રાખનારને પણ ધીરે ધીરે અનુકૂળ બનાવી શકે છે. પરંતુ જે કડક ટીકાને નામે કડવાશનો ઉપયોગ કરી બેસે છે. તેઓ પોતાની વાત બીજાને સંભળાવવાનો પણ અવસર ખોઈ દે છે. તેમની સારી વાત પણ લોકો સાંભળવા નથી ઈચ્છતા અને કોઈ સાંભળે તો પણ દોષ દૃષ્ટિ સાથે, જેથી તેના પર કોઈ સારો પ્રભાવ ન પડી શકે.

— ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદી ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૬૬. (૧) ત્રિગુણાત્મક જીવો પર ગુણની અસર
(૨) જપ ફળીભૂત કેમ થતા નથી ?
(૩) વસુદેવ નંદન ને નંદનંદનમાં તારતમ્ય.

—ગતાંકથી ચાલુ

વળી એક દિવસે કહ્યું, કે આ જીવમાં રજોગુણ છે. તમોગુણ છે, ને સત્વગુણ છે. જે રજોગુણી હોય, તે આસુરી હોય, તે કેવળ અહંકારી હોય. તમોગુણી હોય તે આસુરી હોય, ને સત્વગુણી હોય તો ભગવદ્ ભજન કરે, તે મોટો ભાગ્યશાળી. સત્વગુણમાં તમોગુણ ભેળો હોય, ત્યારે સેવા સ્મરણ કરે, ને છેવટે વઢે, ને ગાળો દે, તથા જીવ બાળે.

સત્વગુણમાં રજોગુણ ભેળો હોય ત્યારે શું કરે? અહંકાર કરતો જાય. જે ગુણ વધતો હોય, તે એની મેળે જલદી જણાઈ આવે. રજોગુણ હોય ને સાત્વિક થોડો હોય ત્યારે પ્રાધાન્ય રજોગુણનું હોય, પેલો થોડો હોય, તે દબાઈ જાય, સાત્વિક બહુ હોય ને રજોગુણ, તમોગુણ

થોડા હોય તો સત્વગુણ બીજા બેઉને દબાવી દે. સર્વમાં ગુણની પ્રધાનતા છે. જેમ ગુણ ચલાવે, તેમ આ જીવ ચાલે. જીવ ગુણોનો ગુલામ છે.

જીવ તો એમ ધારે કે, હું સાત્વિક થાઉં, કોઈની સાથે બોલું નહિં, કોઈને કાંઈ કહું નહિં, પણ પેલા ગુણ વડે કંઈ બોલ્યા ચાલ્યા વિના રહેવાય નહિં.

વળી કહ્યું કે આ જીવ અષ્ટાક્ષર મંત્ર જપે છે, એને ફળ કેમ થતું નથી ? મંત્ર તો કેવળ ફળરૂપ છે. જે મંત્ર ચાચાજીને શ્રીજમનાજીએ માર્ગ દીધો. તે મંત્ર વડે ધારે તે થાય. ધ્રુવજીએ દ્વાદશાક્ષર મંત્ર જપ્યો, ત્યારે પોતે આવીને ઉભા રહ્યા. જુવોને આગલા વખતમાં જપે અને જે માગે તે પામે. મંત્ર એવા છે.

હવે આ જીવ મંત્ર જપે છે, પણ મન વગર જપે છે. સેવા કરે છે, તે પણ મન વિના કરે છે. જે મંત્રમાં એમ જાણે કે આ અષ્ટાક્ષર મંત્ર જપુ છું, તેજ પ્રભુ મારા મંદિરમાં બેઠા છે, એ વિના કોઈ છે નહિં.

“ શ્રીકૃષ્ણઃ શરણં મમ ” કહેતા જઈએ, ને સ્વરૂપની ભાવના કરતા જઈએ, ત્યારે તે મંત્ર જપ્યો કહેવાય, વળી કહ્યું કે જુવો, શ્રીઆચાર્યજીના સેવકે પેલો બ્રાહ્મણ મૂર્ખ હતો, તેને એક માળાનો જાપ કરાવ્યો, ત્યારે તેણે તેજ વખતે શ્રીભાગવત વાંચવા માંડયુ, અને અર્થ કરવા લાગ્યો. તેના ભાઈને પૂછયું કે, બીજી માળા જપાવું ?

ત્યારે તેણે કહ્યું કે એટલું જ પાત્ર છે. તે તો મૂર્ખ હતો, પણ તે તેજ વેળા પંડિત થયો, ને કથા કહેવા લાગ્યો. એવો નામનો પ્રતાપ છે.

આ જીવ અવતરે, ત્યારથી મરતા સુધી જપે છે, પણ કોરાને કોરા રહે છે. એ નામના અક્ષર માત્રને મીંડુ એ સર્વે સ્વરૂપ છે. એ અક્ષરમાં, માત્રામાં તથા મીંડા શુદ્ધામાં સ્વરૂપ ભાવના રાખીને જપે, તો તેજ વેળા ફળરૂપ થાય. મન વગર જપવાથી તો કોઈ કાળે ફળશે નહિં.

વળી કહ્યું કે વેદ તો એમ કહે છે કે, શ્રીકૃષ્ણ વિના કંઈ જોવું નહિં. શ્રીભાગવત પદે પદે એમ કહે છે કે, શ્રીકૃષ્ણ વિના કોઈ છે નહિ. આ જે દેખીએ છીએ, તે જોવું નહિં. સાપને સાપ ન જુવો, કીડીને કીડી ન જોવી, બ્રહ્માથી તે કીડી સુધી બધું બ્રહ્મરૂપ છે. શ્રીઠાકોરજી છે તે જોવા. સર્વે શ્રીકૃષ્ણનું રૂપ છે. શ્રીકૃષ્ણ વિના કોઈ છે નહિં. શ્રી વિના કોઈ છે નહિ, તો તે શ્રીકૃષ્ણ કયા ?

ત્યારે કહ્યું કે આ જગત પ્રભુરૂપ છે, કયા પ્રભુ નંદનંદન અને શ્રીવાસુદેવનંદન કયા? રસાત્મક છે, લીલાત્મક છે, તે નંદનંદન છે. તે તો એક રસરૂપ છે, તે રસની તો કંઈપણ વસ્તુ નથી, મૂળરૂપ છે, એ ધર્મી છે. વસુદેવનંદન તે ધર્મ ને નંદનંદન તે ધર્મી. તે એક રસની પૂતળી છે. અષ્ટાક્ષર તે વસુદેવનંદનંદનનો ને પંચાક્ષર તે નંદનંદનનો છે. અષ્ટાક્ષર લીલાત્મક છે, ને પંચાક્ષર મૂળ રસની પૂતળી છે, માટે આ જગતરૂપ બ્રહ્મ છે, તે તો વસુદેવનંદનની લીલા છે, એમ જાણવું.

મૂળરૂપના જે ભગવદીય, તે તો દીવાની સગ છે, ગમે એટલો વા આવે, પણ હાલે નહિં.

તેના અંતઃકરણ ડગાવ્યાં ડગે નહિં. કોઈ ઉઠાડીને બેસાડે, ત્યારે બેસે. તે ભગવદીયને એક ભગવાન ખવડાવે, તો ખાય, નહિ તો પડી રહે. એવા નિશ્ચિત થઈને જુએ છે, તેની બરાબર બ્રહ્માએ નથી, ને શિવ પણ નથી. તે ભગવદીયનું શું કહેવું ? તેવા તો કોઈએ આજ ભગવદીય છે નહિં. નંદનંદન કયા ઠાકોર?

શ્રી આચાર્યજીએ, શ્રીગુંસાઈજીએ સેવીને વૈષ્ણવના ઘરમાં પધરાવ્યા છે. તે જુઓ, આ શ્રીઠાકોરજી કેવા છે? આપણે પોઢાડીએ તો પોઢે, આરોગાવીએ તો આરોગે, ઉઠાડે તો ઉઠે, એ તો ભક્તવશ એક પુતળી છે. ગમે એટલા દોષ કરીએ, પણ આ ઠાકોરજી કોપતા નથી. ભક્તને આધીન થઈને બેઠા છે. ત્યારે કોઈ કહેશે કયા ઠાકોરજી કોપે ? ત્યારે કહે છે કે વસુદેવનંદન કોપે છે, મારે એનો સંહાર કરે છે (બીજાને મારે) એ બાબત નંદનંદન તો કંઈએ જાણતા નથી, એ તો એક રસરૂપની પુતળી છે. છ મહિના ભોગ ન ધરો તો પણ બોલે નહિ, ન નવરાવીએ, તો પણ બોલે નહિ. એ તો બીજી વાત જાણતા જ નથી, એક રસ જ છે, મૂળરૂપ છે. એમાંથી કરોડ અવતાર લીલા કરવાને ધરે છે. એ પ્રભુ આપણા ઘરમાં બિરાજે છે. શાંતિ લઈને આપણું ભાગ્ય હશે, તો એમને જાણીશું, એને આપણે શું જાણીએ, એને કોઈ જાણે નહિ. સૌ છેતરાય છે, ને હાથ ઘસે છે.

કાવ્ય – કુંજ

શ્યામ શરણ ગ્રહી સેવો દિનરાત

(રાગ : બિહાગ)

રાધાવર સિવાય શરણ અપરાધ,
પુષ્ટિ પથ પર કર શરૂઆત;
નામ નિવેદનમાં એક જ વાત,
શ્યામ શરણ ગ્રહી સેવો દિન રાત. રાધાવર.
દીન જન કાજ શ્રીવલ્લભ પ્રગટી,
ભૂતલ ભેટ ધરી પુષ્ટિ ભક્તિ;
સરળ કીધી શ્રીકૃષ્ણ સેવા યુક્તિ,
રહી ગૃહે સેવા કરતાં મળે મુક્તિ. રાધાવર.
સ્નેહ ભાવે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ,
ભાલ તિલક કંઠ તુલશી માળ;
વૈષ્ણવ થઈ સુધારો આયુ કાળ,
શિખ દે ગુરુ શ્રીવલ્લભ કુળ બાળ. રાધાવર.
વ્રજ ગોપી વિદ્યાની કાચી,
શ્રીકૃષ્ણે માની ભક્તિ સાચી;
પ્રેમ ભાવ શ્રીકૃષ્ણની રૂચી,

ઉદ્ધવે માની પ્રેમ–ભક્તિ જ્ઞાનથી ઉંચી. રાધાવર.
કૃપા બળે શ્યામ સેવા મળે,
સેવા કરતાં જગ કામ રખળે;
'શ્રીજીચરણઅનુરાગી 'શ્રીવલ્લભચરણ કૃપા બળે,
શ્રીકૃષ્ણ સેવામાં સૌ સુખ મળે. રાધાવર.

શ્રીજીચરણઅનુરાગી, અમદાવાદ

પુસ્તક પરિચય

૧. વ્રજ મેરે મન ભાયી (વ્રજનું સચિત્ર દર્શન)

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક – શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, હરસાનીજી હાઉસ, ૪૧–૪૪, ઉર્મિ શોપીંગ સેન્ટર, બી. કે. સીનેમા સામે, મહેસાણા – ૩૮૪૦૦૨.

ચાર પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૦૦ + ૨૬= ૩૨૬. આર્ટ પેપર, ઓફસેટ પ્રિન્ટીંગ, સેક્શન સિલાઈ, પાકું પુંઠુ,

પુષ્ટિ સંપ્રદાયમાં વ્રજ અને વ્રજયાત્રાનું માહાત્મ્ય અને સ્થાન અનેરૂ છે. વ્રજયાત્રાનું સ્વપ્ન દરેક વૈષ્ણવનું હોય પરંતુ તે સાકાર કેટલાનું થાય ?

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા વ્રજનું માહિતી સભર સચિત્ર પુસ્તક વૈષ્ણવ સૃષ્ટિને ધર્યુ છે. વાંચતા જ ભાવવિભોર થવાય. માનસિક વ્રજયાત્રાનો અલૌકિક આનંદ પ્રાપ્ત થાય.

વ્રજનું સાહિત્યની દષ્ટિએ વર્ણન તથા પુષ્ટિ દષ્ટિએ વર્ણન આ બંનેનો સુંદર સમન્વય આ પુસ્તકમાં સમાયેલ છે.

દરેક વૈષ્ણવ પરિવાર, પુસ્તકાલયે, ભગવદ્ મંડલી તથા પુષ્ટિ સાહિત્યના ચાહકો અને સંશોધકોએ વાંચવા તથા વસાવવા લાયક અમૂલ્ય પુસ્તક.

(૨) વ્રજદેશ ગિરિરાજ રાજે (સચિત્ર)

શબ્દ સંકલન – પ્રા. રમેશભાઈ વિ. પરીખ

છબી કલા – નવનીતભાઈ સી. શાહ (અમેરીકા)

પ્રકાશક – ઉપર ક્રમ એક મુજબ

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૮૦, આર્ટ પેપર, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, પુંઠુ આર્ટ કાર્ડ લેમીનેશનવાળું, પુસ્તક પ્રકાશન સહાય રૂ. ૨૦/–

આ સચિત્ર પુસ્તિકામાં શ્રીગિરિરાજની પરિક્રમા દરમ્યાન આવતા વિવિધ સ્થળોના ચિત્ર સાથે તેમનો સંક્ષિપ્ત પરિચય તથા માહાત્મ્ય વર્ણવવામાં આવેલા છે.

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા દરેક સ્થળનો પરિચય સરળ લોકભોગ્ય શૈલીમાં આપવામાં આવેલ છે.

શ્રીગિરિરાજજીની માનસિક પરિક્રમા કરવા આ સચિત્ર પુસ્તિકા ઘણી જ ઉપયોગી નીવડશે.

(૩) તુલસી ક્યારો ભાગ– ૯ (ભગવદીયોનાં ચરિત્રો)

તંત્રી અને લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક – ઉપર ક્રમ ૧ મુજબ

પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખક દ્વારા તુલસી ક્યારો ભાગ ૧ થી ૮ માં ૮૪–૨૫૨ ભગવદીયોના ચરિત્રો

સુંદર રીતે રજુ કર્યા બાદ વૈષ્ણવ પરિવારના સને ૧૯૯૮–૯૯ ના વર્ષના વાર્ષિક વિશેષાંક ભેટપુસ્તક તરીકે આ તુલસી ક્યારો ભાગ– ૯ પ્રસિદ્ધ કરેલ છે. તેમાં લેખકે શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને શ્રીગોકુલેશ પ્રભુચરણના ૭૮ ભગવદીયો, એમના નામોની જાણકારી પણ બહુ ઓછાને છે, એ ભગવદીયોની જે ગાથાઓ મળી તે રજુ કરી છે.

સુંદર, સરળ લોકભોગ્ય ગુજરાતીમાં રસાળ શૈલીમાં લખાયેલ આ ભગવદીય ચરિત્રો માણવા જેવા છે. દરેક વૈષ્ણવ પરિવારે વાંચવા અને ભેટ આપવા લાયક પુસ્તક.

(૪) આઈ ઋતુ બસંતકી

સંપાદક – રમેશચંદ્ર નાથાલાલ શાહ

પ્રકાશક – શ્રીપુષ્ટિ પ્રકાશન, કાંદીવલી (પ.) મુંબઈ– ૪૦૦૦૬૭

પ્રાપ્તિસ્થાન – શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ, મર્શી વિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ– ૪૦૦૧૦૧

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨, ઓફસેટ પ્રિન્ટીંગ, પીનબાઈન્ડીંગ, મલ્ટીકલર ચિત્રજીવાળું લેમીનેશન ટાઈટલ. ન્યોછાવર રૂ.૧૦/– પોસ્ટેજ પેકીંગ રૂ. ૩/–

શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા ૬ ની આવૃત્તિ ચોથી પ્રસિદ્ધ થયેલ છે જેમાં વસંતપંચમીથી શરૂ થતાં વસંતોત્સવના ચાલીસ દિવસ દરમ્યાન ગવાતા વસંત–ધમારના મંગલાથી શયન સુધીના પદો તેમજ ડોલના પદોનો આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવેલ છે.

ઘર સેવામાં તથા ધોળ– પદ– સાહિત્યમાં રસ ધરાવનાર માટે ખૂબજ ઉપયોગી પુસ્તિકા.

(૫) આજ બિરજમેં હોરી રે રસીયા

સંપાદક– પ્રકાશક– પ્રાપ્તિસ્થાન– ન્યોછાવર ઉપર ક્રમ ૫ મુજબ.

શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા ૨૧ ની આવૃત્તિ ત્રીજી પ્રસિદ્ધ થયેલ છે. જેમાં ઉત્તર પ્રદેશના પારંપારિક લોકગીતો ''રસીયા'' જે ડફ અને ઝાંઝના તાલ સાથે ગવાય છે. આ લોકગીતોને પુષ્ટિ સંપ્રદાયમાં વસંત–ધમારની પ્રણાલિકાના એક અંતર્ગત ભાગ બની ગયા છે.

આ રસીયા– લોકગીતો છલોછલ શુંગાર રસ.છે. ખુલંખુલા શૃંગાર રસ છે. આ અલૌકિક શૃંગારરસ છે. અલૌકિક શૃંગારરસની ભાવના સમજનાર માટે આ રસીયા છે.

ભેટ પુસ્તક અંગે સુચના

''શ્રીવલ્લભસુધા'' નું આ વર્ષનું ભેટપુસ્તક ''શ્રીપ્રથમેશ વાક્સુધા–૨'' નું વિતરણ રાજકોટ, મોરબી, જુનાગઢ, ધોરાજી (તથા પાસેના ગામો), ઉપલેટા (તથા પાસેના ગામો) ભાદરા, વાંકાનેર તથા વઢવાણ, સુરેન્દ્રનગર–જોરાવરનગર– ધ્રાંગધ્રા આ ગામોમાં સેવાભાવી કાર્યકર્તા દ્વારા મોકલાયા છે. બાકી બધાં જ ગામો, શહેરોમાં સાદી ટપાલથી રવાના કરેલ છે. જે શ્રી વ.સુ.નો આ અંક આપને મલતા સુધીમાં બધે સ્થળે પહોંચી ગયેલ હશે.

જેઓને ભેટપુસ્તક ન મલ્યું હોય તેમણે, જ્યાં સેવાભાવી કાર્યકર દ્વારા મોકલાયા છે ત્યાં તે તે કાર્યકરોને પૂછી લેવું. જ્યાં ટપાલથી મોકલાયેલ છે ત્યાં પોતાના વિસ્તારના પોષ્ટમેન– પોતાની પોસ્ટઓફિસમાં પ્રથમ તપાસ કરવી. ત્યારબાદ તા. ૧૫–૩–૯૯ સુધીમાં **શ્રીવલ્લભસુધા કાર્યાલય કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા , રાજકોટ.** એ સરનામે પત્રથી જાણ કરવી.

વૈષ્ણવ પરિવારના તંત્રી પ.ભ. શ્રીરમેશભાઈ પરીખને સ્મરણાંજલી

પૂજ્ય પાદ ગો. શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રીનાં અધ્યક્ષસ્થાને જુનાગઢ મુકામે સ્મરણાંજલી સભા રાખવામાં આવેલ.

પરમ આદરણીય એવં શ્રીવલ્લભીય સૃષ્ટિનાં વ્હાલસોયા એવા મહેસાણા નિવાસી પ.ભ. શ્રીરમેશભાઈ પરીખનું ગોલોક ગમન થવાથી વૈષ્ણવ સૃષ્ટિ તેના સાહિત્ય સત્સંગથી વંચીત બની છે. તેમણે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત સહમત "શ્રી હરસાનીજી ચેરીટેબલ ટ્રસ્ટ"ના નેજા હેઠળ પુષ્ટિમાર્ગીય દરેક પ્રકાશન સરળ શૈલીમાં રજુ કરી વિશાળ વાંચક વર્ગના મન જીતી લીધેલા છે. વૈષ્ણવ સંપ્રદાયને આજના કરાલ કલીકાલમાં મહાન ખોટ પડી છે. છતાં ભગવદ્ ભક્તો અને મહાપુરૂષો તેના સાહિત્યથી વિદ્યમાન ગણાશે.

પૂ.પા. કિશોરચંદ્રજી મહારાજશ્રી પોતાના વક્તવ્યમાં વચનામૃત કરેલ કે શ્રીમહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને પોતાના જીવનમાં વણી લઈ કોઈપણ પ્રકારના વાદ—વિવાદમાં પડયા વગર દૈન્ય ભાવથી સિદ્ધાંતોને અડગ રીતે નિભાવી પોતાનું જીવન વ્યતીત કરનાર શ્રીરમેશભાઈ પરીખ વિરલ વ્યક્તિત્વ ધરાવતાં વૈષ્ણવ હતા.

સ્થાનીક આગેવાન વૈષ્ણવોએ પણ પ્રાસંગિક વક્તવ્ય આપેલ. અંતમાં શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ કરી બે મિનિટનું મૌન પાળી શ્રીવલ્લભના ચરણાવીંદમાં સ્મરણાંજલી સમર્પીત કરેલ.

મદ્રાસ : પૂ.ગો. શ્રીઅજયકુમારજી મહોદય તેમજ પૂ.ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદય કડી—અમદાવાદની નિશ્રામાં રમેશભાઈ પરીખને શ્રદ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ મદ્રાસ ખાતે યોજવામાં આવેલ અને પ.ભ. શ્રીરમેશભાઈ પરીખનાં જીવનનાં સદકાર્યોનું સ્મરણ કરી સ્થાનીક વૈષ્ણવ સમાજ— શુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા, મદ્રાસ, શ્રીવૈષ્ણવ યુવક મંડળ— શ્રીવલ્લભ સ્ત્રી મંડળ— શ્રીસાતસ્વરૂપ હવેલી ટ્રસ્ટ તથા પુષ્ટિમાર્ગીય વિવિધ સંસ્થાઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલ.

વડોદરા : વૈષ્ણવ પરિષદ વડોદરા શાખાનાં ઉપક્રમે વૈષ્ણવ પરિષદ ભવનમાં પ્રૉ. ડૉ. એસ. જી. કાંટાવાલાના અધ્યક્ષસ્થાને મળેલ સભામાં સ્થાનિક અન્ય વૈષ્ણવ અગ્રણીઓ સહિત "રમેશભાઈ પરીખ" ને સ્મરણાંજલી સભા મળેલ.

અમદાવાદ : વૈષ્ણવ પરિષદ આંબાવાડી શાખા દ્વારા પૂ.પા.ગો. શ્રીવૃજેશકુમારજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ સભામાં રમેશભાઈ પરીખને શ્રદ્ધાંજલી આપવામાં આવેલ.

"વૈષ્ણવ પરિવાર"ના તંત્રીનું નિધન

વૈષ્ણવ પરિષદની ભાવભીની શ્રદ્ધાંજલિ

ગુજરાતના વૈષ્ણવ સમાજના અગ્રણિ, આં.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા આપનાર, પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રચાર—પ્રસાર માટેના, "વૈષ્ણવ પરિવાર" ના સંપાદક તરીકે વૈષ્ણવોને સેવા માર્ગની અને સંપ્રદાયની દિશા બતાવનાર, મહેસાણા બી.એડ. કોલેજના નિવૃત્ત પ્રોફેસર, સાંપ્રદાયિક ક્ષેત્રે જેઓનું નામ છે અને કામ છે એવા પ્રા. રમેશભાઈ વિ. પરીખ દ્વારકા યાત્રાધામમાં સેવાકાર્ય માટે ગયા હતા. ત્યાંજ હાર્ટ એટેક આવવાથી હરિશરણ થયાના સમાચારથી આં.પુ.વૈ.પરિષદ—ગુજરાત પ્રદેશ ભારે આઘાત—ઉંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી અનુભવે છે. અને સમગ્ર વૈષ્ણવ સમાજનો મોભનો અગ્રણિ અને સંપ્રદાયનો એક અદનો સૈનિક ગુમાવ્યો છે એ પ્રકારે આં.પુ.વૈ.પ.ગુજરાત પ્રદેશ તરફથી શ્રીઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ, શ્રીપ્રદ્યુમન શાસ્ત્રી, શ્રીયોગેશભાઈ શાસ્ત્રી, શ્રીપ્રહલાદભાઈ ખમાર, પ્રા. ચીમનભાઈ શેઠ, પ્રિ. વી.પી.પરીખ, સી.પી. તલાટી વિગેરેએ હાર્દિક ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

સમાચાર

તાલાલા (ગીર)માં ધર્મ સભા

ગીર પ્રાન્તમાં ''તાલાલા'' માં એક લાંબા સમય પછી ભવ્ય ધર્મસભાનું આયોજન પ.ભ. શ્રીમથુરભાઈ અભાણી તથા સમસ્ત તાલાલા વૈષ્ણવ સમાજ દ્વારા તા. ૩૦–૧–૯૯ થી તા. ૨–૧–૯૯ ના ચાર દિવસનું થયું હતું. તેમાં અધ્યક્ષ અને પ્રવકતા સ્થાને કડી–મુંબઈ–અમદાવાદના પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રીવિજયકુમારજી (શ્રીદામોદરલાલજી) મહારાજશ્રી બિરાજમાન હતા. આ ચાર દિવસ દરમ્યાન આ ધર્મસભામાં અનેક વિષયો પર વિસ્તૃત સમજ આપશ્રી દ્વારા આપવામાં આવી હતી. તેમાં (૧) આજના સમયમાં આવશ્યકતા શેની? (૨) ચરણ–શરણ–સ્મરણ (૩) સેવા અને (૪) સત્સંગ. આમ ચાર વિષયો પર ઉપસ્થિત વૈષ્ણવ સમુદાયને ખૂબજ મૌલિકસાર ગર્ભિત અને સરલ શૈલીમાં આપશ્રીએ વચનામૃત દ્વારા સમજાવ્યું હતું.

આપશ્રીના અ.સૌ. શ્રીરશ્મિ 'કુમુદિની' વહુજીએ તથા આપશ્રીનાં બેટીજી શ્રીપ્રીતિરાજાએ પણ બિરાજી, પ્રસંગાનુસાર ધોળ–પદ–ધુન–ગીત આદિનું ગાન કરીને ઉપસ્થિત વૈષ્ણવોને ભાવવિભોર બનાવ્યા હતા.

'' વૈષ્ણવ–જાગૃતિ ''નો આ ભવ્ય કાર્યક્રમ ગીરની સમસ્ત વૈષ્ણવ પ્રજાજનોનાં મન પર છવાઈ જવાથી વૈષ્ણવજનો અત્યંત પ્રભાવિત થયા છે.

જૂનાગઢ : અત્રેની મોટી હવેલીનાં ભવ્ય સભાખંડમાં એક મનભાવન સાહિત્યક સમારોહ યોજાયેલ. પૂ.પા.ગો. શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રીના વરદ હસ્તે પુષ્ટિમાર્ગીય કવિ જયંત જી. ગાંધી (કુસુમાયુધ) રચિત પુષ્ટિમાર્ગીય કાવ્યોના પુસ્તક ''શ્રીકૃષ્ણ કથામૃત'' નો લોકાર્પણ વિધિ સંપન્ન થયેલ. આ પ્રસંગે સાહિત્ય સર્જકો– પત્રકારો તેમજ વૈષ્ણવ અગ્રણીઓ સહિત વૈષ્ણવ સૃષ્ટિ ઉપસ્થિત રહેલ.

જામનગર : મોટી હવેલી ટ્રસ્ટ વૈષ્ણવ સમાજ, અનિરુદ્ધ પુષ્ટિમાર્ગીય પાઠશાળા, વૃજવલ્લભ સોશ્યલ ગૃપ તેમજ વૈષ્ણવ મંડાણના સંયુક્ત ઉપક્રમે મોટી હવેલીમાં નિ.લી.પૂ.ગો. શ્રીવૃજભૂષણલાલજી મહારાજ શ્રી ના પ્રાકટય મહોત્સવ સતત ચાર દિવસ ઉજવવામાં આવેલ. પૂ. પા.ગો. શ્રીવિઠ્ઠલનાથજી મહારાજ તથા પૂ.પા.ગો. શ્રીહરિરાયજી મહારાજશ્રીના વરદ હસ્તે પૂ.ગો. શ્રીનવનીતલાલજી મહારાજ લિખીત પૂ.ગો. શ્રીવૃજભૂષણલાલજી મહારાજના જીવનચરિત્રનું પુસ્તક વિમોચન કરવામાં આવેલ તેમજ પૂ.શ્રી મુગટબાવા તથા શ્રીવલ્લભલાલ બાવા દ્વારા તૈયાર થયેલ પુષ્ટિ કેલેન્ડરનું પણ વિમોચન કરવામાં આવેલ.

આ પ્રસંગો ઉપર ઉપસ્થિત દરેક ગોસ્વામી બાલકોનાં વચનામૃત તેમજ અગ્રણી વૈષ્ણવોનાં વક્તવ્ય થયેલ તેમજ ''કવીઝ''નો કાર્યક્રમ રાખેલ તેના વિજેતાઓને રનીંગ શિલ્ડ અર્પણ કરવામાં આવેલ. સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

મુંબઈ : આથી સર્વે વૈષ્ણવ સૃષ્ટિને જણાવતા ઘણો આનંદ થાય છે કે શ્રીવલ્લભપીઠાધિશ્વર પૂ.પા.ગો. ૧૦૮ શ્રીરમેશકુમારજી (શ્રી રેવતી રમણજી) મહારાજશ્રી તે તથા દ્વિતિય પૌત્રનું પ્રાકટય માગસર સુદ ૨ સં.૨૦૫૫ શુક્રવાર તા. ૨૦ નવેમ્બર ૧૯૯૮ ના શુભદિને થયેલ છે.

શ્રીવલ્લભપીઠમાં આ. ચિ.ગો. શ્રીરઘુનાથજી બાવાશ્રીને મંગલસ્નાન, શ્રીમદનમોહન પ્રભુને પલનામાં ઝુલાવી નંદમહોત્સવ બહુજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. તેમજ લાલનનું છઠ્ઠી પૂજન તથા નામકરણ વિધિ આનંદથી પાર પડયું હતું. મુલૂંડ તથા મુંબઈ અને આસપાસના પરાના વૈષ્ણવોએ આ અલૌકિક પ્રસંગમાં આનંદ ઉત્સાહથી ભાગ લઈ કૃતાર્થતા અનુભવી હતી.

“શ્રી વલ્લભસુધા” ના સેવાભાવી–પ્રતિનિધિ–કાર્યકર

[૧.] અનીડા (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

[૨.] અમદાવાદ
શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદાર પટેલ નગર, એલિસબ્રીજ,

[૩.] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫ જી.આઈ.એલ. કોલોની
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,

[૪.] ગોમટા
શ્રી વલ્લભદાસ હરિભાઈ
“ વ્યાતિ વૈકુંઠ ”

[૫.] કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,

[૬.] ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રી હરિ સ્ટોર્સ, રાજમાર્ગ,

[૭.] કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,

[૮.] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન
૫૬, દિગ્વીજય પ્લોટ, જામનગર

[૯.] જુનાગઢ
– શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોરા
C/O. શ્રીરૂગનાથ વશરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ.
– શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
– શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
‘કિરણ’ ૪, જલારામ સોસાયટી,
લોઢીયા વાડી સામે,

[૧૦.] ડોમ્બીવલી
શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮, શીવલીલા, તિલકનગર,
ગોપાલનગર રોડ–૧.

[૧૧.] જેતપુર
– શ્રી મનસુખલાલ માધવજી બોસમીયા
મતવા શેરી,
– શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ,

[૧૨.] ધોરાજી
શ્રી જાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
વઘાસીયા ચોરા,

[૧૩.] પાંચપીપળા
શ્રી.ગોકળભાઈ જાદવભાઈ પોલરા

[૧૪.] ઘાટકોપર (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ. જી. રોડ,

[૧૫.] મુંબઈ
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
– આં.રા.પુ.વૈષ્ણવ પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ,
પલ્ટન રોડ, પોલીસ સ્ટેશન સામે,

[૧૬.] મલાડ
શ્રી જયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,

[૧૭.] મોરબી
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪– ખત્રીવાડ

[૧૮.] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

[૧૯.] રાધનપુર
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,

[૨૦.] રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ,

[૨૧.] વડોદરા
– શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડા પોળ,
– શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
C/O. ગોવર્ધનહવેલી,
૬૧, ઉર્મી સોસાયટી, પ્રોડકટીવીટી રોડ,
અલકાપુરી,

[૨૨.] વાપી
શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ,
એન. એચ. નં.૮ પ્લોટ નં. ૮/૧૨,

[૨૩.] વાંકાનેર
– શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
– કાકુભાઈ ગોરધનદાસ દોશી
C/O. ભારતએજન્સી
પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,

[૨૪.] સુરત
શ્રી ભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩, બી.
હરિપુરા, પીરછડી,

[૨૫.] હળવદ
શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/O. શ્રીહસમુખ મેટલ કોર્પોરેશન

[૨૬.] ચીખલી
શ્રી ગોરધનભાઈ એમ. પટેલ
C/O. વૃંદાવનટ્રેડર્સ
ખેરગામ રોડ, સિવિલ કોર્ટની બાજુમાં,
ભગવતી ફર્નિચર પાસે,

[૨૭.]દાહોદ
શ્રીમતી કાનનબેન દેસાઈ
''હરીકૃપા'' કલ્યાણ સોસાયટી,
સ્ટેશન રોડ,

રાજકોટમાં શ્રીવલ્લભસુધાનું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધાં કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા.
૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર.
૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ.
૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન,' ૨૫, ન્યુ જાગનાથ.
૫...શ્રી વસંતભાઈ એન. વોરા
C/O. વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ.
૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિતકુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ.
૭...શ્રીમતિ હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' રોયલ પાર્ક શેરી નં.૫, યુનિ. રોડ.
૮...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ.
૯...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫–ગાયત્રીનગર.
૧૦..શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર.
૧૧..શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ.
૧૨..શ્રી વી. જે. પીઠડીયા
'મોહક' ૭– નીલકંઠનગર.
૧૩..શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, શ્રી સાતસ્વરૂપ હવેલી,
મહાત્મા ગાંધી રોડ, દેનાબેંક પાસે.

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે "શ્રીવલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

(૧) પ્રકાશન સ્થળ :	રાજકોટ
(૨) પ્રકાશનની સામાયિકતા :	માસિક
(૩) મુદ્રકનું નામ :	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા :	ભારતીય
સરનામુ :	'અમૃત' જલારામ—૧, માર્ગ—૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ— ૩૬૦૦૦૫
(૪) પ્રકાશકનું નામ :	ઉપર મુજબ
રાષ્ટ્રીયતા :	ઉપર મુજબ
સરનામું :	ઉપર મુજબ
(૫) સંપાદકનું નામ :	ઉપર મુજબ
રાષ્ટ્રીયતા :	ઉપર મુજબ
સરનામું :	ઉપર મુજબ
(૬) જે વ્યક્તિ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું સરનામું	આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી—૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ— ૪૦૦૦૦૧

હું રવજી પરસોતમ પટેલ જાહેર કરું છું કે ઉપર પ્રમાણે માહિતી મારી વધુમાં વધુ જાણ માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦—૨—૧૯૯૯

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

પુસ્તક પરિચય : શ્રીપુષ્ટિમાર્ગીય ધોળ— પદ સંગ્રહ

પ્રકાશક — પ્લસ કોર્પોરેશન, ૧— કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્ય પાછળ, રાજકોટ— ૩૬૦૦૦૧. ફોન. ૨૩૫૬૧૧

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૯૪ + ૧૪ = ૨૦૮. ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, મલ્ટી કલર લેમીનેશન ટાઈટલ. ન્યોછાવર રૂ. ૨૦/— પોસ્ટેજ અલગ.

આ પુસ્તકમાં શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી અને વલ્લભવંશના ધોળ—પદ—કીર્તન વધાઈ તેમજ વિવધ ઉત્સવો જેવા કે પલના, હીંડોળા, વસંત, દાણલીલા વિગેરેને અનુરૂપ કુલ ૨૭૯ પદોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પહેલા પુષ્ટિમાર્ગીય નિત્ય સ્મરણ સ્તોત્ર પાઠાવલી, પુષ્ટિ સ્મરણાંજલિ, પુષ્ટિ પરાગ વૈષ્ણવોપયોગી સંપાદિત સાહિત્ય પ્રકાશનની શૃંખલાના અનુસંધાને આ પુસ્તક પ્રકાશિત થયું છે. તેને વૈષ્ણવ સમાજ અપનાવી સાહિત્ય પ્રચારકાર્યને પ્રોત્સાહિત કરવા જેવું તેમજ આપણે ઘેર કથા—કિર્તન કે અન્ય ઉત્સવ પ્રસંગે ધોળ—પદ ગાવા માટે તેમજ ભેટ આપવા માટે ઉપયોગી પુસ્તક.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન ☐☐☐☐☐☐

સતસૈયા

૧. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

બિસરીયોં બરદ કીધોં, હરિ !
એક બિસરીયો મોહિ;
દુહુ મૈં–તૈં કછુ તોં ભયો,
નાંતર મમ ગતિ હોહિ. (૮)

ટીકા :

" તમારું બિરદ વિસર્યું કે એક મુને જ વિસાર્યો "–હે શ્રી હરિ ! તમને એ બેમાંથી કાંઈ એક તો થયું જ, નહિં તો મારી ગતિ થાય, વાર લાગે નહિ. (૮)

(સાત્વિક ઉપાલંભ)

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા શ્રી વલ્લભસુધા
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : શ્રી રવજીભાઈ પ. પટેલ 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : શ્રી વસંતભાઈ ન. વોરા. દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન: ૩૬૨૧૩૮
કોમ્પયુટરાઈઝડ ટાઈપ સેટીંગ : એનેરા કોમ્પ્યુસ્કેચ રાજકોટ. ફોન : ૨૩૭૦૭૧.